શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
નમો નમઃ શ્રી ગુરુધર્મસૂરયે।

શ્રી ભગવતી સૂત્ર સારસંગ્રહ

ભાગ ૧, (આવૃત્તિ ત્રીજી)

: લેખક :

સ્વ. પૂજ્યપાદ શાસનદીપક મુનિરાજશ્રી
વિદ્યાવિજયજી મહારાજ

: સંપાદક અને વિવેચક :

ન્યા. વ્યા. કાવ્યતીર્થ પં. શ્રી પૂર્ણાનંદવિજયજી
મહારાજ (કુમારશ્રમણ)

श्री शंखेश्वर पार्श्वनाथाय नमः
नमो नमः श्री गुरुधर्मसूरये ।

श्री भगवती सूत्र सारसंग्रह

भाग १, शतक १ थी
आवृत्ति त्रीजी

: लेखक :

स्व. पूज्यपाद शासनदीपक मुनिराजश्री
विद्याविजयजी महाराज

: संपादक अने विवेचक :

न्या. व्या. काव्यतीर्थ पं. श्री पूर्णानंदविजयजी
महाराज (कुमारश्रमण)

પ્રકાશક :
જગજીવનદાસ કસ્તૂરચંદ શાહ
C/o. શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રંથમાલા
પોસ્ટ : સાઠંબા (સાબરકાંઠા)
(એ. પી. રેલ્વે) પીન-૩૮૩૩૪૦

પ્રથમાવૃત્તિ ૨૦૩૧ * દ્વિતીયાવૃત્તિ ૨૦૩૩
ત્રીજી આવૃત્તિ :
ઈ. સ. ૧૯૮૭
સંવત ૨૦૪૩
વીર સંવત ૨૫૧૩
ધર્મ સંવત ૬૫

મૂલ્ય રૂપિયા ૫૦૬૨

મુદ્રક :
ચીનુભાઈ મોહનલાલ શાહ
૩૨૨૯, મંગળપારેખનો ખાંચો,
શાહપુર, અમદાવાદ-૧.

जैनी वाणी स्तुति ।

जीयात् जीयात् सदा जीयात्, जैनी वाणी जगत्त्रये ।
संसारतापदग्धानां जीवानां सौख्यदायिनी ॥१॥

अर्हद्वक्त्रप्रसूता या कर्मौघदाहने क्षमा ।
मोहक्रोधशमे मुख्या मोक्षमार्ग विधायिका ॥२॥

मन्मतिज्ञानलाभार्थं, भाषानुवादगुम्फिता ।
व्याख्याप्रज्ञप्ति पूज्या सा पूर्णानन्दं ददातु मे ॥३॥

जैनीवाणी प्रथयतु सुखं मादृशेभ्यो जनेभ्यः,
'पूर्णानन्दा' जिनवरमुखे शोभमाना सदैव ।

पापासक्तैर्विनयरहितैः क्रोधमायासुबद्धैः,
सेव्या पूज्या नहि भवति या दुर्जनैः सा सतीव ॥४॥

—पं. पूर्णानन्दविजय (कुमारश्रमण)

શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરાય નમઃ

પ્રકાશકીય નિવેદન

પરમપૂજ્ય પંન્યાસજી શ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમાર શ્રમણ) તથા વયોવૃદ્ધ મુનિરાજશ્રી દેવવિજયજી મ. ના વરદ્ હસ્તે સ્થાપિત 'શ્રી વિદ્યાવિજયજી સ્મારક ગ્રન્થમાળા' નામની સંસ્થા અમારા સાઠંબાના સંઘને ગૌરવ લેવા જેવી છે.

શાસનદીપક, અજોડવક્તા, પૂજ્યપાદ મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબ એટલે પ્રભાવશાલી મુખ-મંડળ, હાસ્યયુકત મુખાકૃતિ, મસ્તક પર વિરલ ધવલ કેશ રાશિ, મહાવીરસ્વામીની અહિંસાને સૂચવનાર શુદ્ધ પવિત્ર અને સફેદ ખાદીના વસ્ત્રોથી આવૃત્તશરીર, મન્દ અને વિનમ્ર ચાલ, શાન્ત અને કયારેક સમાજની વિષમતાઓથી વ્યથિત થઈ પ્રલયંકર તોફાન, પ્રતિવાદી માટે અજેય વ્યક્તિત્વના માલિક હતા.

आंखों में हो तेज, तेज में सत्य, सत्यमें ऋजुता।
वाणी में हो ओज, ओज में विनय, विनय में मुदुता॥

પૂજ્યગુરૂદેવની આંખોમાં તેજ હતું. તેજમાં પણ સત્ય હતું. અને સત્યમાં પણ ઋજુતા (સરળતા) હતી. તેમની વાણીમાં ઓજ હતું. ઓજ પણ વિનય ધર્મમય હતું અને વિનય પણ માર્દવગુણ યુક્ત હતો.

તેમની શાસન અને સમાજની સેવા, અહિંસા અને સત્યધર્મનો પ્રચાર સર્વથા અજોડ હતા આવા ગુરુની સ્મૃતિ અમારા સંઘને કાયમ રહે તે માટે સ્થાપન કરેલી આ સંસ્થા જેને હજી પાંચ વર્ષ પણ પૂરા થયા નથી. આ સંસ્થા ફંડ તથા પ્રચાર વિનાની છે. કેવળ મૂકભાવે સમાજની સેવા કરવી અને જ્ઞાનપ્રચાર દ્વારા સમાજને સારા વિચારો દેવા એજ અમારી સંસ્થાનો મુદ્રાલેખ છે ફળસ્વરૂપે પૂ. ગુરૂદેવના હાથે સંક્ષેપથી લખાયેલું અને તેમના શિષ્ય પૂ. પંન્યાસજીના હસ્તે વિસ્તૃત થયેલો 'ભગવતીસૂત્ર સાર સંગ્રહ' નામનો સર્વશ્રેષ્ઠ આગમ સાહિત્ય ગ્રંથ સમાજને અર્પણ કરતા અમને ઘણો જ આનંદ થાય છે.

પૂ. પન્યાસજી મહારાજ ભગવતી સૂત્રના અધિકારી છે. ઘણા સ્થળોમાં ભગવતીસૂત્રનો પ્રસાદ ચતુર્વિધ સંઘને આપ્યો છે માટે તેમના હાથે સંપાદિત, વિવેચિત અને પરિવર્દ્ધિત થયેલા આ ગ્રન્થ માટે અમારે કંઇ પણ કહેવાપણું રહેતું નથી. સૌને માટે પ્રત્યક્ષ આ ગ્રન્થ જ અમારી સંસ્થાની અને અમારા સાઠંબાના સંઘની કદર કરશે.

બીજી આવૃત્તિ પ્રસંગે

સવિનય જણાવતા અમને ઘણોજ આનન્દ થાય છે કે– પૂજ્ય, પંન્યાસજીશ્રી પૂર્ણાનન્દવિજયજી (કુમારશ્રમણ) ના હસ્તે લખાયેલ ભગવતી સૂત્ર સાર સંગ્રહનો પહેલો ભાગ આજે બીજી આવૃત્તિમાં પ્રકાશિત થઈ રહ્યો છે.

બે વર્ષ પહેલા બોરીવલી જામલી ગલીના જૈન ઉપાશ્રયમાં તેનું પ્રકાશન થયું હતું, પરંતુ આંખના પલકારેજ, હજાર નકલો સમાપ્ત થઈ ગઇ હતી આ કારણે આવેલી માંગણીઓ અમે પૂર્ણ કરી શકયા નથી. આજે બીજી આવૃત્તિમાં પ્રકાશિત કરતાં અમને ઘણોજ આનન્દ છે. આનાથી આ ગ્રન્થની ઉપાદેયતાનો નિર્ણય થઈ જાય છે. ચારે બાજુથી ભૌતિકવાદ સાથે અર્થ પ્રધાનતાના જમાનામાં પણ ભવ્યાત્માઓ આગમ ગ્રન્થનું વાંચન–મનન કરી ઉત્તમમાં ઉત્તમ આગમ ગ્રન્થોનો સ્વાધ્યાય કરવા પ્રેરાય તે માટે જ પૂ. પંન્યાસજીનો આ પરિશ્રમ છે.

મરકરીરૂપે સ્થાપન કરેલી અમારી આ સંસ્થા પાસે ફંડ નથી. પ્રચાર નથી. અને તેની અમને ચાહના પણ નથી. કેવળ આગમ સાહિત્યનો પ્રચાર કરવો.

એજ અમારા સાઠંબા સંઘની ભાવના છે.

પૂ. પંન્યાસજી મ.ના અમે ફરી ફરી ઋણી છીએ. કે અમારા ગામડાના સંઘને આવો અપૂર્વ અવસર આપ્યો છે. શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે તેમના હાથે ભગવતી સૂત્ર પૂર્ણ થાય અને અમે વાચકોના હાથમાં આપીને રાજી રાજી થઈએ. જય મહાવીર.

ત્રીજી આવૃત્તિ પ્રસંગે

પ્રસ્તુત આગમીય ગ્રન્થ આજે ત્રીજી આવૃત્તિમાં પ્રકાશિત થઈ રહ્યો છે બીજો ભાગ પણ બીજી આવૃત્તિમાં પ્રકાશિત કરવાની તૈયારીમાં છે આ રીતે ભગવતી સૂત્ર સાર સંગ્રહના ચાર ભાગોમાં ભગવતી સૂત્રની અથથી ઈતિ સુધી પૂર્ણાહુતિ કરી લીધા પછી–દશમાંગ શ્રી પ્રશ્ન વ્યાકરણ ગ્રન્થને અમે પ્રકાશિત કરી શકયા છીએ. બારવ્રત, જીવન સુખી કેમ બને? ભગવાન મહાવીર સ્વામીનું દિવ્ય જીવન ઉપરાંત બીજા પણ નાના મોટા ગ્રન્થોનું પ્રકાશન કરીને અમને ઘણો જ આનન્દ થાય છે.

ભિવંડી નવીચાલ સુપાર્શ્વનાથ દેરાસરના ટ્રસ્ટીઓની ઉદારતાથી તેમનાં જ્ઞાન ખાતામાંથી સમ્પૂર્ણ ખર્ચની જોગવાઈ કરેલી હોવાથી અમારૂં કાર્ય સફળ બન્યું છે. તે માટે ટ્રસ્ટીઓને ધન્યવાદ આપીએ છીએ.

અમદાવાદ નિવાસી ચીનુભાઇ મોહનલાલ શાહે ઝડપથી આ પુસ્તકનું મુદ્રણ કરી આપ્યું છે. તે માટે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

૨૦૪૩ ફાગણ સુદિ ૧૪ પ્રકાશક

સમર્પણ

મોહરાજાના સૈનિકોથી જકડાયેલો,
માયાના અન્ધકારમાં તરફડીયા મારનારો,
માટેજ સર્વથા અનાથ બની ગયેલો.
હું કરાંચી મુકામે આપશ્રીના ચરણોમાં
શિક્ષિત થવા માટે દીક્ષિત થયો.
અને સારા કારીગર પાસે ઘડાયેલી મૂર્તિની જેમ
કંઈક બનવા પામ્યો છું.
તે મહાન લેખક, પ્રખરવક્તા શાસનદીપક તથા
સમાજ સુધારક સ્વ. ગુરુદેવ ૧૦૦૮

શ્રી વિદ્યાવિજયજી મ. ના

કરકમળોમાં
આ ગ્રન્થ સમર્પિત કરીને ધન્ય બનું છું
આપશ્રીનો સદૈવ ઋણી

——પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)
ની વન્દના



लेखक के गुरुवर्य शासनदीपक, स्व. मुनिश्री १००८ श्रीमद्विद्याविजयजी महाराज साहेब
स्वर्गगमन सं. २०११ मागसर वदि १२ शिवपुरी (म. प्र.)

જગત્પૂજ્ય શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ. શ્રી

૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

A.M.A.S.B H.M A S.I H.M.G.O S.

જન્મ : સં. ૧૯૨૪ દીક્ષા : સં. ૧૯૪૩ સ્વર્ગ : સં. ૧૯૭૮

મહુવા (ગુજ.) ભાવનગર (ગુજ.) શિવપુરી (મ.પ્ર.)

श्री विजयधर्मसूरी गुरुवन्दना ।

ख्याता ये वसुधातले यतिगुणैः सत्संयमाराधकाः,
विद्वद्वृन्द सुपूजितांघ्रि कमलाः काश्यां पुरि सर्वदा ।
कृत्वाहर्निशमुद्यमं जिनवृषं येऽस्थापयन् सर्वत,
स्ते पूज्या गुरुवर्य्य धर्म विजयाः कुर्व्वन्तुनो मंगलम् ॥१॥

ये जैनागमवार्धिपारगमिनश्चारित्ररत्नाकरा,
ये कारुण्यसुधाप्रपूर्णहृदया लोकोपकारोद्यताः ।
सद्विद्याः सकला मुदा प्रतिदिनं येऽध्याययन् सेवकां,
स्ते पूज्या गुरुसूरिधर्मविजया जीयासुरुर्वीतले ॥२॥

वारणसीं विबुधसेवितपादपद्माः
सज्ज्ञानदानपरितोषितशिष्यसंघाः ।
यज्जीवितं सततमेव परोपकृत्यै,
तत्सूरिधर्मविजयांघ्रियुगं नमामः ॥३॥

संस्थाप्य काश्यां शुभज्ञानशाला,
मध्यापयन् शिष्यगणान् सुविद्याः ।
परोपकाराय यदीयजीवितं,
तद्धर्मपादाब्जयुगं स्मरामः ॥४॥

—पं. पूर्णानन्दविजय (कुमारश्रमण)

સંપાદકીય નિવેદન

મારા હસ્તે સંપાદિત અને પરિવર્દ્ધિત થઈ 'ભગવતી સૂત્ર સાર સંગ્રહ' નામનો તાત્ત્વિક ગ્રન્થ આજે પ્રકાશિત થઈ રહ્યો છે, જે મારા માટે પરમ સૌભાગ્યની વાત છે. પરમોપકારી, વિદ્યાવ્યાસંગી, શત્રુવત્સલ, અહિંસા અને સંયમના મહાન પ્રચારક, સિન્ધ, યુ. પી., સી. પી., બંગાળા, બીહાર આદિ દેશોમાં હજારો કુટુંબોને માંસાહાર તથા શરાબ પાનનો ત્યાગ કરાવનાર, નિડર વકતા અને લેખક મારા પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી ૧૦૦૮ શ્રી શાસન દીપક, સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મ. સા. ના હાથે ભગવતી સૂત્ર જેવા અર્થ ગંભીર સૂત્ર ઉપર સંક્ષેપથી પણ સારભૂત વિવેચન આજથી લગભગ ૩૫-૩૬ વર્ષ પહેલા લખાયેલું હતું.

પૂજ્ય ગુરુદેવના સ્વર્ગવાસ પછી પણ લગભગ ૧૬-૧૭ વર્ષ સુધી એ નોટબુકો મારી પાસે પડી રહી હતી. પરંતુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અનુકૂલના ન હોવાથી તે લખાયેલું અમૂલ્ય સાહિત્ય સંસ્કાર પામ્યા વિનાનું તેમને તેમ પડી રહ્યું હતું.

છતાં પણ આ અર્થ ગંભીર વિવેચનને પરિમાર્જન અને સંસ્કારિત કરી તથા પ્રશ્નોત્તરોને અત્યન્ત વિશદ રૂપે આલેખીને એક સુંદરમાં સુંદર વાંચન જૈન સમાજને ભેટ આપવાનો મારો વિચાર હતો જ. પૂના સંઘનો ઉપાશ્રય, ત્યાંના

સંપાદક અને વિવેચક

પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજી મહારાજ

(કુમારશ્રમણ)

ટ્રસ્ટીઓની સજ્જનતા સાથે છાપકામ માટે દ્રવ્યની પણ અનુકૂલતા મળતાં લખાણનો પ્રારંભ થયો જે આજે પ્રકાશિત થઈને સમાજના કરકમળોમાં પહોંચી રહ્યો છે. આમ તો ભગવતી સૂત્રો ઉપરના વ્યાખ્યાનો ઘણા છપાયા છે, પણ બધાએ મંગળા ચરણમાં રહેલા શ્લોકોની મર્યાદાને ઉલ્લંઘી શકયા નથી તો પછી પ્રશ્નોત્તરો સુધી પહોંચવાની વાત જ કયાં રહી ?

સંભવ છે કે, આ બધી વાતો ધ્યાનમાં રાખીને જ પૂજ્ય ગુરૂદેવે આ ગ્રન્થનો પ્રશ્નોત્તરથી જ પ્રારંભ કર્યો છે. જે સમાજને અમૂલ્ય અને અદ્વિતીય ભેટ રૂપે પૂરવાર થશે.

ઉત્કૃષ્ટતમ સાહિત્ય

જેને વાંચવાથી, જાણવાથી, જોવાથી કે લખવાથી માનવના કામ, ક્રોધ, લોભ, મદ, માયા આદિ વૈકારિક તત્ત્વો શાન્ત થાય અને જીવન, સરળ, શાન્ત તેમજ નિર્વિકારી બને તેજ ઉત્કૃષ્ટતમ સાહિત્ય છે. सहितस्य भावः साहित्यं આવ્યુત્પત્તિથી જે સાહિત્ય આશ્રવ માર્ગનો ત્યાગ કરાવીને સંવર ભાવ પ્રત્યે પ્રસ્થાન કરાવે તે જ સાહિત્ય છે. અનાદિ કાળથી આપણે સૌ એક બીજાથી આશ્રવના કારણે જ જૂદા પડયા છીએ. ઝઘડયા છીએ, વૈર વિરોધની ગાંઠે બંધાયેલા છીએ અને હજી પણ આશ્રવ માર્ગ છોડવા માંગતા નથી, આથીજ આપણે સમજી શકીએ કે ' જીવ–અજીવ , કેવળજ્ઞાન કે કેવળ જ્ઞાનીની ચર્ચા કરવી ઘણીજ સરળ છે પણ જીવનમાંથી આશ્રવ માર્ગનો ત્યાગ કરવો સુદુઃસાધ્ય છે. ''

આવી પરિસ્થિતિમાં સંત સમાગમ અને સત્સાહિત્યનું વાંચન–મનન અને નિદિધ્યાસન જ આપણા ભાવરોગોને નાબૂદ કરાવી કંઈક અંશે સંવરમાર્ગે સ્થાન કરાવવા માટે સમર્થ છે.

ભગવતી સૂત્ર

આવા પ્રકારના સાહિત્યમાં ભગવતી સૂત્ર ઉત્કૃષ્ટતમ આગમીય સાહિત્ય છે, જેમાં હેય–ઉપાદેય અને જ્ઞેય તત્ત્વોની ભરમાર છે, ખૂબ યાદ રાખવાનું કે કોઈપણ તત્ત્વની ચર્ચા કે વિતંડાવાદ આપણને ઉદ્ધારી શકે તેમ નથી. પણ—

હેયં હાનોચિતં સર્વં; કર્ત્તવ્યં કરણોચિતમ્ ।
શ્લાઘ્યં શ્લાઘોચિતં વસ્તુ, શ્રોતવ્યં શ્રવણોચિતમ્ ॥

ત્યાગ કરવા યોગ્ય અઢારે પાપસ્થાનક, ઇન્દ્રિયોની ચંચલતા, મનની વક્રતા, અને વિષયોની લોલુપતા ત્રણે કાળમાં અવશ્યમેવ ત્યાગ કરવા યોગ્ય છે.

સમિતિ–ગુપ્તિધર્મ, મન અને ઇન્દ્રિયોની સ્વસ્થતા, તથા શ્રાવક ધર્મ જીવનમાં સ્વીકારવા યોગ્ય છે.

મહાવ્રતોના ગુણગાન, અરિહંતોની પ્રશંસા મુનિરાજોનું જીવન અને અહિંસા સંયમ તથા તપોધર્મ પ્રશંસાને જ યોગ્ય છે. તેવી રીતે સાંભળવા યોગ્ય જૈની વાણી છે.

ઉપર પ્રમાણે ચારે વસ્તુઓનું યથાયોગ્ય વર્ણન, તલસ્પર્શી વ્યાખ્યાઓ, હેતુઓ, ઉદાહરણો, ભગવતીસૂત્રમાં સંગ્રહાયેલા છે. માટેજ સંસારભરના સમ્પૂર્ણ સાહિત્યમાં દ્વાદશાંગી સર્વ શ્રેષ્ઠ છે. અને તેમાં પણ ભગવતી સૂત્ર સર્વોપરિ છે.

ટીકાકાર

આ સૂત્ર ઉપર પૂજ્યપાદ અભયદેવસૂરિજીની ટીકા અત્યન્ત વિશદ, સ્પષ્ટ અને વિષયસ્પર્શિની છે.

મૂળસૂત્ર અને ટીકા પર પંડિતરાજ બેચરદાસભાઇનો પરિશ્રમ સર્વશ્રેષ્ઠ, સર્વગ્રાહ્ય અને સર્વાંગી સુંદર છે. આટલો બધો પરિશ્રમ પંડિતજીને છોડીને બીજાને માટે લગભગ અશકય છે. આપણી બુદ્ધિ ઉપર યદિ સમ્યગ્શ્રુતનો પડછાયો પડયો હશે તો તેમની આગમ ભક્તિ ઉપર આપણે ફીદા થયા વિના ન રહી શકીએ.

પંડિતરત્નોના સર્જનહાર

આ બધાએ સર્વશ્રેષ્ઠ પંડિતોને મૂળમાંથી જ તૈયાર કરવામાં શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય, નવયુગ પ્રવર્તક શ્રી ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.સા.ની માનસિકી, વાચિકી અને કાયિકી વૃત્તિ તથા પ્રવૃત્તિ મુખ્ય કારણ રૂપે છે.

ભારતદેશનો જગજૂનો જમાનો જ્યારે અસ્તાચલ પર હતો ત્યારે સંસારભરમાં પાશ્ચાત્યદેશોના પંડિતો વિદ્વાનો અને સ્કોલરોનો ઉદયકાળ હતો. તે સમયે જ જૈનશાસનની તથા જૈન વાઙ્મયની સેવા કરવાનો અપૂર્વ સંકલ્પ, પુરુષાર્થ પૂ. દાદા ગુરૂજીએ આદર્યો હતો. જેમાં બનારસમાં સ્થાપિત સંસ્કૃત પાઠશાળા પ્રધાન હતી. દેશ, સમાજ અને ધાર્મિક જીવનના ઉત્થાનમાં સુયોગ્ય પંડિતો અને શ્રેષ્ઠતમ સાહિત્યની રચનાજ શ્રેષ્ઠ છે અને મુખ્ય છે. આ બંને ભગીરથ કાર્યો માટે પૂજ્યપાદ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.નું પુણ્ય, પવિત્ર શરીર, મન અને આત્માની ત્રિપુટી પૂરેપૂરી કામે લાગીને સમાજને સારામાં સારા પંડિતરત્નો આપ્યા છે જેમાંના એક બેચરદાસ પંડિત છે.

આ પ્રમાણે જૈનશાસન, જૈનાગમ અને જૈનસમાજની અપૂર્વ સેવા કરનાર વિજયધર્મસૂરીશ્વરજી મ.ને જૈનસમાજનો કોઈ પણ સમ્યક્ત્વધારી ભાગ્યશાલી ભૂલી શકે તેમ નથી તે

પૂજ્યશ્રીના દિગ્ગજ વિદ્વાન સાધુશિષ્યોમાં મારા ગુરૂદેવ, શાસનદીપક, સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મ. એક હતા. તેઓશ્રી સામાજિક જીવનના અન્ડેડ રસિયા હતાં તેવી રીતે આગમજ્ઞાનમાં પણ પૂરેપૂરા મસ્ત હતાં. જ્યારે એકાકી બેસતાં ત્યારે મોતીઓની જેમ આગમીય સૂકતો જ તેમની જીભ ઉપર ચમકતા રહેતા હતાં. શુદ્ધ, સાત્વિક તથા ખુલ્લી કિતાબ જેવું તેમનું નિર્મળ જીવન હતું, તેમજ આડંબર વિનાના ક્રિયા-કાંડમાં તેઓ પૂર્ણ મસ્ત હતા. તેથીજ ભગવતી સૂત્ર પર પોતાની કલમ ચલાવી શકયા છે.

પૂજ્ય ગુરૂદેવના ચરણોમાં મારૂં બાહ્ય અને આભ્યન્તર જીવન ઘડાયું છે. મારા પઠન–પાઠનમાં તેઓશ્રી પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે પણ સહકારી હતા. તેથી જ ગુરુચરણોમાં રહીને મારા જેવો સર્વથા અબુધ માણસ પણ જૈન વાઙ્મયને થોડે ઘણે અંશે પણ સ્પર્શી શકયો છે. ફળસ્વરૂપે ગુરુજીની હૈયા-તીમાં જ ચાતુર્માસના વ્યાખ્યાનોમાં ભગવતીસૂત્ર વાંચવા માટે ભાગ્યશાલી બની શકયો હતો. પછી તો ભોપાલ, દહેગામ, મહુધા, સાદડી, બાલી અને પૂનાના ચાતુર્માસોમાં પણ ચતુ-વિધ સંઘ સમક્ષ ભગવતી સૂત્ર પર બોલવા માટે અવસર મળતો રહ્યો છે.

આવી સ્થિતિમાં પણ મારા અન્તહૃદયમાં ભગવતીસૂત્રના યોગોદ્વહન કરવાની ઉત્કટ ભાવના હતીજ અને છેવટે મુંબઈ પાયધુની નમિનાથના ઉપાશ્રયે પરમપૂજ્ય શાન્તસ્વભાવી જૈનાચાર્ય ૧૦૦૮ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મ. અને જૈનાચાર્ય શ્રી વિજયસુબોધ્યચંદ્રસૂરીશ્વરજી મ. (તે સમયે પંન્યાસ હતાં)ની ચરણ નિશ્રામાં યોગોદ્વહન નિર્વિઘ્ને પૂરા થયા અને તા. ૨૪ –૧૧–૭૧ના દિવસે પંન્યાસ પદની પ્રાપ્તિ થઇ.

મોડે મોડે પણ થઇ ગયેલા યોગોદ્વહન માટે મને અપૂર્વ આનન્દ હતો. દ્રવ્ય અને ભાવથી મારા જેવા પ્રમાદીને યોગોદ્વહન કરાવનાર બંને આચાર્ય ભગવંતોનો ઉપકાર મારા પર અમિટ છે.

કાળગ્રહણ લેવામાં મારા પ્રાણસમા લઘુબંધુ, ન્યાયપાઠી મુનિરાજશ્રી અરૂણવિજયજી મ. અને મહાતપસ્વી શ્રી શાન્તિચન્દ્રવિજયજીનો મળેલો સહકાર જીવનના છેલ્લા શ્વાસ સુધી પણ ભૂલાય તેમ નથી. ભગવતી સૂત્ર ઉપર કંઈક લખવું અને ગુરુદેવના કાર્યનું ચિરસ્મરણ રહે એવી ભાવના થતાં મારા મનમાં નીચે મુજબના સંકલ્પો ઠેઠ સુધી રહ્યાં હતા આજે પણ વિદ્યમાન છે.

(૧) અનધિકારી ચેષ્ટા થવા ન પામે તે માટે હું પૂરેપૂરો જાગૃત હતો માટે જ એક વિષયને સ્પષ્ટ કરતાં બીજા આગમોને પણ મારે જોવા પડતાં હતાં. માત્ર તે ઉદ્ધરણ ઘણા સ્થાને આપી શકયો નથી તેનો મને રંજ છે.

(૨) અર્થગંભીર આ સૂત્ર ઉપર કંઈક લખવાનો પ્રયાસ કેવળ મારા મતિજ્ઞાનની તાજગી, શ્રુતજ્ઞાનની સ્ફુરણાપૂર્વક સારા સ્વાધ્યાયનો હું યત્કિંચિત અંશે માલિક બનું તેમજ મારા બાહ્ય અને આભ્યંતર દોષોનું શમન થાય, ઇન્દ્રિયોનું દમન થાય, મિથ્યાત્વનું જોર ઘટે. કામ ક્રોધ આદિ દોષો શાન્ત થાય, તેમજ લોભ, પરિગ્રહ અને મૂર્ચ્છામાંથી મુક્ત થવા ભાગ્યશાળી બનું; આ પ્રમાણે મારા જ દોષો ખ્યાલમાં રાખીને તે તે ભાવોને મેં આ વિવેચનમાં ઉપસાવ્યા છે.

(૩) કોઇપણ વિષય, ચર્ચામાં ઉતરવા ન પામે તેવી પૂરેપૂરી તકેદારી હોવા છતાં પણ કયાંક હકીકત દોષ

આદિ દેખાય તો વાચક વર્ગ ભાવદયાપૂર્વક મને જણાવશે તો મારા મતિજ્ઞાનનો વિકાસ થશે અને શ્રુતજ્ઞાનમાં રહેલી મારી ભૂલો સુધરવા પામશે. ઈત્યાદિક સંકલ્પો ધ્યાનમાં લઈને પ્રારંભ કરેલું મારૂં કામ આગળ વધતું ગયું અને છેવટે મારા કલ્યાણમિત્ર ઉદારમના મનસુખલાલભાઈ તારાચંદ મહેતાની સલાહ લઈને છાપકામની શરૂઆત કરી. અથ થી ઇતિ સુધીની તેમની સહાયતા, પ્રેસકામ માટે કરી આપેલી અનુકુળતા અને સમયે સમયે પોતાની નાદુરસ્ત તબીયત હોવા છતાં પણ લીધેલો જાતપરિશ્રમ મારા જેવા ટૂંકપુંજીયા માટે તો મહાન અમૂલ્ય નિધિ સમાન છે. પંડિત અમૃતલાલભાઈ તારાચંદ દોશી જે મારા પ્રાથમિક વિદ્યાગુરુ છે અને લઘુવૃત્તિ-દ્વયાશ્રયકાવ્ય જેવા વ્યાકરણ અને સાહિત્યના પાઠક છે. તેમણે પ્રારંભથી જ પરિશ્રમ લીધેલ છે. તે માટે તેમનો આભાર માનું છું.

આ ગ્રન્થમાં મોટા અક્ષરોમાં છપાયેલો ભાગ પૂ. ગુરુદેવનો લખેલો છે જ્યારે સ્વસ્તિક નિશાનથી નાના અક્ષરોમાં જે લખાણ છે તે મારું છે. જેની નંબર સંખ્યા પણ સાથે આપેલી છે–

છટ્ઠું શતક અપ્રકાશિત રાખવામાં ભવિષ્યમાં પણ ફરીથી લખવાની પ્રેરણા જાગે તેટલા પૂરતો જ આશય હોવાના કારણે તે શતક આ ગ્રન્થમાં શમાવી શકયા નથી. આખાએ ગ્રન્થનો પ્રારંભ અને અંત ઝડપથી થયેલ છે તેથી બીજી ત્રીજીવાર ફરીથી જોઈ શકવાનો સમય હતો નહી. આ કારણે કયાંક વાકય દોષો, ભાષા દોષો, સ્પેલીંગ દોષો, અને કયાંક અનુક્રમ દોષો પણ સ્થળે સ્થળે રહી ગયા છે તેવી જ રીતે પ્રેસ દોષની પણ ભરમાર છે; જે ક્ષન્તવ્ય નથી.

છતાં મારી લાચારી છે. સુજ્ઞ વાચકો આ બધું દરગુજર કરે. સુજ્ઞોને મારી એટલીજ વિનંતી છે કે દોષો તરફ જોયા વિના આ ગ્રન્થનું પરિશીલન, મનન અને વાંચન કરી ઘેર બેઠા પણ ભગવતી સૂત્રના મર્મનો સ્પર્શ કરે, જેથી આપણા આત્માને લાભ થશે.

પૂ ગુરુદેવની અસીમ કૃપાનું આ ફળ છે. તે માટે મને આનન્દ છે મારા કાર્યમાં જે પુણ્યશાલીઓએ ભાગ લીધો છે અને સહાયરૂપ બન્યા છે તેઓ સૌને મારા ધર્મલાભ હોજો.

ગોડી ટેંપલ ટ્રસ્ટ પૂના સંઘના આગેવાન ભાગ્યશાલી ઓનો, તેમજ પૂના પોરવાલ મંદિર તથા ગોઠી દેરાસરના ટ્રસ્ટીઓને મારા ધન્યવાદ.

અંતે શાસનમાતા પદ્માવતીને મારી એજ પ્રાર્થના છે હું કંઈને કંઈ શુભ પ્રવૃત્તિ કરતો રહું તેમાં સહાયક બનજો. મારી એજ પ્રાર્થના છે.

इतिशम्

ન્યા. વ્યા. કા. તીર્થ પંન્યાસ પૂર્ણાનન્દવિજય (કુમારશ્રમણ)
C/o. સંભવનાથ જૈન દેરાસર વિ. સં. ૨૦૩૧ વીર સં. ૨૫૦૧
ઓરીવલી વેસ્ટ જામલી ગલી ધર્મ સં. ૫૪
મુંબઈ નં. ૯૨ મહાવીરસ્વામી જન્મકલ્યાણક દિવસ

शासनदीपक श्री विद्याविजयगुरु वन्दना ।

आबाल्यं ब्रह्मचर्यं जिनवचनबलात् पालयन्त स्त्रिधाये,
निष्णाता आगमाब्धौ जनिमृतिभयदं मोहशत्रुं जयन्तः ।
त्यक्त्वा स्वार्थं परार्थं सुविमलहृदये धर्मध्यानं दधाना,
जीयासुस्ते हि विद्याविजयगुरुवराः भूतले ज्ञानपूर्णाः ॥१॥

यद्वाचामृतपानलुब्धमनसः प्राज्ञाः सदोपासते,
ये भव्यान् प्रतिबोधन्ति वचनैः सद्धर्मतत्त्वं मुदा ।
तत्त्वातत्त्वविचारणैकपटवो विद्याब्धिपारं गता,
स्ते विद्याविजया जयन्तु भुवने चारित्ररत्नाकराः ॥२॥

येऽजस्रं परित्यज्य स्वार्थमखिलं लोकोपकारोद्यताः,
येषां नो हृदये सदा स्वपरता येषां कुटुम्ब जगत् ।
हेयादेय समस्त वस्तु निवहं ये बोधयन्तो जनान्,
तद्विद्याविजयांघ्रि पद्मयुगलं ध्यायामि मे मानसे ॥३॥

—पं. पूर्णानन्दविजय (कुमारश्रमण)

સ્વ. શાસનદીપક મુનિ શ્રી વિદ્યાવિજયજી મહારાજનો

..... સંક્ષિપ્ત પરિચય .....

પૂજ્યપાદ સ્વ. શાસનદીપક મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબે ઘણા વર્ષો પહેલા શ્રી ભગવતી સૂત્રોનો (શાબ્દિક) અનુવાદ કરેલો જે અત્યાર સુધી અપ્રકાશિત અવસ્થામાં હતો. તેમને પ્રકાશિત કરવાનો વિચાર તેઓશ્રીના વિદ્વાન્ સુશિષ્ય પં. પૂર્ણાનંદવિજયજી મહારાજને થયો અને તેથી મને પુના બોલાવી તેની પ્રેસ કોપી અને પ્રુફ સંશોધનનું કામ સોંપ્યું. અહિં એટલું લખી દઉં કે પૂજ્યપાદ મુનિરાજ શ્રી વિદ્યાવિજયદાસજી મહારાજ સાહેબ સાથે મારો ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે અને તેમના શિષ્ય પંન્યાસજી શ્રી પૂર્ણાનંદ-વિજયજી મહારાજ સાથે પણ આત્મીય બંધુ જેવોજ સંબંધ રહ્યો છે. પુસ્તક પૂરૂં થવા આવ્યું ત્યારે પંન્યાસજી મહારાજે પૂજ્ય વિદ્યાવિજયદાસજી મહારાજના આંતર જીવન સંબધી બે અક્ષર હું લખું એમ પત્ર દ્વારા ઇચ્છા વ્યક્ત કરી અને તે મેં સહર્ષ સ્વીકારી લીધી. અનુવાદ ઉપર પંન્યાસજી પૂર્ણાનંદ-વિજયજી મહારાજે ભવ્ય જીવોના હિતને લક્ષમાં રાખી વિસ્તૃત વિવેચન કરી વિષયને સરળ બનાવ્યો છે અને પોતાના પાંડિત્યની પણ ઝાંખી કરાવી છે. પુસ્તકનું નામ રાખવામાં આવેલું છે—'ભગવતીસૂત્ર સારસંગ્રહ'

કોઈ પણ મહાપુરુષના આંતરજીવન વિષે લખવું ઘણું જ કઠણ છે. સામાન્ય માણસ મહાપુરુષના મનના ભાવો કે આંતરવૃત્તિઓનું માપ શી રીતે કાઢી શકે? સામાન્ય રીતે સ્વ–પર હિતના માટે માણસ સાધુ થાય છે અને એ રીતે

તેઓ જીવ્યા ત્યાં સુધી જૈન સમાજના કલ્યાણમાં જ રત રહ્યા તેઓ બહુ જ અપ્રમત્ત સાધુ હતા. તેમના જીવનમાં જન-કલ્યાણની પ્રવૃત્તિઓનો પ્રવાહ નિરંતર જોવાતો. ગીતાના શબ્દોમાં કહીએ તો તેઓ કર્મઠ સાધુ હતા. ઉદારતાનો ગુણ તેમનામાં ખૂબજ વિકસિત થયેલો. સંકુચિતતાની ભાવનાથી તેઓ હંમેશા પર જ રહેતા. તેઓ પોતાને તેમના ગુરુદેવની માફક જૈન સાધુ નહીં પરન્તુ જન સાધુ માનતા વસુધૈવ કુટુમ્બકમ્ આ તેમનો મુદ્રાલેખ હતો. જગતના બધા જીવો સુખી થાય આવી તેમની હૃદયની ભાવના હતી. તેઓશ્રીના વ્યાખ્યાનો માત્ર ઉપાશ્રયમાં જ નહિં પરન્તુ જાહેર મેદાનમાં કે ચોકમાં થતા. કરાંચીની તેમની ધર્મ પ્રવૃત્તિઓ જેમણે નિહાળી છે તેઓ કહેતા કે કરાંચીના બધા સંપ્રદાયવાળા તેમને પોતાના સાધુ માનતા. કરાંચીના પિતા પવિત્ર પુરુષ શ્રી જમશેદજી મહેતા જેવા પણ અવાર-નવાર તેમના દર્શનાર્થે આવતા. એક પારસી સદ્‌ગૃહસ્થ ભાઈ ખરાસે તો તેમનો ઉપદેશ સાંભળી પોતાના જીવનભરના પાપોનો તેમની સામે એકરાર કરી-પ્રાયશ્ચિત લઈ તેમના ભક્ત બની ગયા હતા. આટલો તેમના વ્યાખ્યાનોનો કે તેમના આંતર જીવનનો પ્રભાવ હતો.

પૂજ્ય વિદ્યાવિજયજી મહારાજ સાહેબના આંતર જીવન વિષે સુપ્રસિદ્ધ સાક્ષર સ્વ. ડુંગરશી ધરમશી સંપટે મારી કચ્છ યાત્રામાં જે અભિપ્રાય લખ્યો તે અહીં ટાંકું છું.

"....પરન્તુ એમનું માનસિક સ્વાસ્થ્ય હંમેશા સતેજ, સજાગૃત અને સુંદર રહ્યું છે. એઓ નવા નવા અનુભવો મહાલી શકે છે. પોતે તેમાં અલિપ્ત રહીને પણ વિનોદ વૃત્તિથી બીજાઓને કુતુહલ વૃત્તિ ઉત્પન્ન કરાવી શકે છે.

એમની ઇન્દ્રિયરૂપી દેવતાઓને અવલોકવા, વિચારવા અને વર્ણવવાની સહજ નૈસર્ગિક શક્તિ છે ! પૂજ્ય મહારાજશ્રી બળવાન આત્મા છે. नायमात्मा बलहीनेन लभ्यः મહારાજશ્રી પોતાના મજબૂત હૃદયબળથી બીજાઓની નબળાઈ પારખી શકે છે. પરન્તુ એમનામાં ઉદાર ચરિત્રોની वसुधैव कुटुम्बकम्‌ની મહાન્‌ દિવ્ય ભાવના છે. એઓ ક્ષમા કરી શકે છે, મીઠા શબ્દોમાં વિનોદ કરતી એમની કલમ કયારેક કટાક્ષમયતા તરફ ઝોંક લઈને ફરી પાછી 'क्षमा तेजस्विनां गुणः' તરફ વહે છે....''

આ છે તેઓના આંતર જીવનનું તાદૃશ્ય ચિત્ર. જો કે તેઓ પ્રવૃત્તિ માર્ગમા જ વધારે લીન હતા. છતાં તેઓ અન્તર્મુખી પણ હતા. કોઈ પણ પ્રવૃત્તિ તેમની રાગ–દ્વેષાત્મક ન હતી. તેથી જ તેઓ તેમાં સફળ થયા. તેમના હૃદયની ભાવના જૈનોની નબળાઈઓ દૂર કરી જૈન ધર્મને સાચા સ્વરૂપે જગત સમક્ષ મૂકવાની હતી.

જીવન રેખા

નવયુગ પ્રવર્તક સ્વ. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના પ્રસિદ્ધ શિષ્યોમાંના મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ એક અને લગભગ અગુઆ શિષ્ય રત્ન હતા.

તેઓ મહાન્‌ સુધારક, પ્રખર વક્તા, સિદ્ધહસ્ત લેખક, નિર્ભીક વિચારક, મહાન્‌ સંચાલક અને પોતાના પ્રભાવશાલી વક્તવ્યથી સામાને આંજી નાખનાર દૃઢ મનોબળ ધારણ કરનાર મહાન્‌ આત્મા હતા.

તેમનો જન્મ સાઠંબા (સાબરકાંઠા) જેવા નાના ગામમાં થયો હતો. તેમનું મૂળનામ બેચરદાસ હતું. માત-પિતાનો સ્વર્ગવાસ બાલ્યાવસ્થામાં જ થઈ જવાથી તેઓ પોતાના મોસાળમાં-દેહગામમાં મોટા થયા હતા. મામાનું નામ હતું શ્રી બુલાખિદાસ અનોપચંદ. બહુ જ હસમુખા અને વિનોદવૃત્તિના. કેરીનો એમનો મુખ્ય વેપાર હતો અને કેરી જેવા જ મીઠા અને એ જ મીઠાસ પૂ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજમાં પણ ઉતરી આવેલી.

પ્રાથમિક અભ્યાસ દેહગામમાં પૂરો કર્યા પછી તેમણે સાંભળ્યું કે-બનારસમાં આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે 'યશોવિજયજી જૈન પાઠશાળા' નામની એક સંસ્થા ખોલી છે અને તેમાં ભણવાની તથા રહેવાની નિઃશુલ્ક વ્યવસ્થા છે. ભાઈ બેચરદાસ પણ બનારસ પહોંચી ગયા અને સાત-આઠ વર્ષ સુધી સંસ્કૃત-પ્રાકૃત-ધાર્મિક-હિન્દી વગેરે ભાષાનો અભ્યાસ કર્યો અને તેમાં નિપુણતા મેળવી. વકતા બનવાની એમની પ્રબળ ભાવના. પં માલવીયાજી કે સુરેન્દ્ર-નાથ બેનરજી જેવો વક્તા બનુ, એવી ભાઈ બેચરદાસની ઉંડે ઉંડે મનમાં તમન્ના હતી. પ્રબલ ઈચ્છા શું નથી કરી શકતી તેઓ પ્રખર વક્તા બન્યા. વ્યવસ્થા શક્તિ કે કાર્ય શક્તિ પણ તેમનામાં પહેલેથી સારી. આચાર્ય વિજય ધર્મસૂરીશ્વરજીના કાર્યોમાં તેઓ વિદ્યાર્થી અવસ્થામાં જ સહયોગ દેવા લાગ્યા. આચાર્યશ્રીની પણ તેમના પ્રત્યે મમતા. પરિણામે કલકત્તામાં બીજા ચાર સહાધ્યાયો સાથે બેચરદાસભાઈએ દીક્ષા લીધી અને તેમનું નામ 'વિદ્યાવિજયજી' પાડવામાં આવ્યું. જેમાંના એક ન્યાય વિશારદ ન્યાયવિજયજી મહારાજ પણ હતા. સાધુ અવસ્થામાં હંમેશા વ્યાખ્યાન આપવાનું હોય છે તેથી તેમની

વકતૃત્વ શક્તિ ધીરે ધીરે સોળે કળાએ ખીલી ઉઠી. વ્યાખ્યાન આપવાની તેમની શૈલી સર્વત્ર પ્રશંસા પામી. અને તેમના વ્યાખ્યાનોની ધૂમ મચવા લાગી. 'ઇન્દોર વ્યાખ્યાનમાળા' અને કરાંચીના તેમના વ્યાખ્યાનો તો પુસ્તકરૂપે પણ પ્રગટ થઈ ચૂકયા છે. જેને લોકો ખૂબ પ્રેમથી વાંચે છે.

આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજનો શિવપુરીમાં સ્વર્ગવાસ થતાં તેમના મહાન્ કાર્યોની જવાબદારી મુખ્યરૂપે વિદ્યાવિજયજી મહારાજ ઉપર આવી પડી. શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ શિવપુરી, શ્રીવિજયધર્મ લક્ષ્મી જ્ઞાનમંદિર આગ્રા અને શ્રી યશોવિજયજી જૈન ગ્રંથમાળા ભાવનગર, આ મુખ્ય સંસ્થાઓનું કુશળતા ભરી રીતે તેઓ સંચાલન કરવા લાગ્યા, સાથે સાથે લેખન કાર્ય અને ધર્મપ્રચાર કાર્ય પણ ચાલુ જ હતું. "ધર્મ ધ્વજ" નામના એક પત્રનું પણ તેઓ સંચાલન કરતા. જેમના અગ્રલેખોના 'સમયને ઓળખો' નામના બે ભાગ બહાર પાડયા છે. જે સારી પ્રસિદ્ધિને પામ્યા છે અને જેણે રૂઢિચુસ્તોમાં ખળભળાટ મચાવ્યો હતો. વડોદરા સ્ટેટનાં સંન્યાસ પ્રતિબંધક કાયદામાં આ પુસ્તકો આધારભૂત માનવામાં આવ્યા હતા. 'સૂરીશ્વર અને સમ્રાટ્' નામનું ઐતિહાસિક પુસ્તક પણ મહારાજશ્રીએ લખ્યું છે, જેમાં શ્રી હીરવિજયસૂરીશ્વર અને અકબર બાદશાહનો પ્રમાણિક ઈતિહાસ લખવામાં આવ્યો છે.

શ્રી વીરતત્ત્વપ્રકાશ મંડળના સંચાલન વખતે પૂ. મહારાજશ્રી સવારમાં બાળકો જ્યારે તેમને પ્રતિદિન વંદન કરવા જતા તે વખતનું તેમનું પ્રવચન બાળકોમાં ઉત્તમ ભાવનાઓ અને ધાર્મિક સંસ્કારો રેડનારુ થતું. જેથી શિવપુરીમાંથી ઘણા

તેજસ્વી વિદ્યાર્થીઓ નિકળ્યા. જેઓ ધાર્મિક શિક્ષણ અને સાહિત્ય ક્ષેત્રે સારામાં સારું કાર્ય કરી રહ્યા છે. મને યાદ છે એક વખત છોટીસાદડી નિવાસી શ્રીયુત ચંદનમલજી નાગોરી શિવપુરી પધાર્યા હતા અને સવારમાં વંદનની ક્રિયા પતી ગયા પછી તેઓ પણ પ્રવચન સાંભળવા બેસી ગયા. પ્રવચન પુરું થયા પછી શ્રીયુત ચંદનમલજીએ બોલતા કહ્યું કે–" આજે આ આશ્રમની રમણીયતા, પવિત્રતા અને જ્ઞાનયજ્ઞમયતા જોઈ હું તો ધન્ય બની ગયો છું.' અને પૂ. મહારાજશ્રીને જોતાં અને સાંભળતા તેઓ જાણે બીજા સ્વામી વિવેકાનંદ ન હોય તેવું મને તો થાય છે વગેરે."

શિવપુરીમાં આચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજનું એક ભવ્ય સમાધિમંદિર બનાવવામાં આવ્યું છે અને તેની જ છત્રછાયામાં આ વીરતત્ત્વ પ્રકાશક મંડળ નામની સંસ્થા પણ ચાલે છે, આ સમાધિમંદિરના દર્શનાર્થે યુરોપના મોટામોટા વિદ્વાનો આવતા. ડો.હર્મન જેકોબી, સ્ટીનકોનો, અને શુબ્રીંગ વગેરે મુખ્ય હતા. એક વખત ઇગરટન (?) કરીને એક મોટા વિદ્વાન તે સમાધિ મંદિરના દર્શનાર્થે આવેલા અને રાજ્યના ગેસ્ટ થઇને હોટલમાં ઉતરેલા. મહારાજશ્રીએ તેમનું વ્યાખ્યાન ગ્વાલિયર નરેશ મહારાજાધિરાજ માધવરાવ સિંધિયાના પ્રમુખપણા નીચે ત્યાંના ટાઉનહોલમાં રાખેલું, તે વિદ્વાને વિજયધર્મસૂરીશ્વરજી મહારાજની વિદ્વત્તા અને તેમની પાસેથી જૈનધર્મ સંબંધી મેળવેલ જ્ઞાનનું લંબાણથી વિવેચન કરી રહ્યા પછી મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજે પ્રાચીન ઋષિઓ અને રાજાઓ વચ્ચેના સંબંધ ઉપર લગભગ પોણો કલાક સુધી વિવેચન કર્યું જેથી માધવરાવ સિંધિયા ખૂબજ પ્રભાવિત થયા અને સંસ્થાને પ્રતિવર્ષ પાંચ હજારની ગ્રાન્ટ

આપવાનું વચન આપવા સાથે રાજ્ય સાથે ઘણો જ સારો સંબંધ બંધાયો જે ઉત્તરોત્તર વિકસિત થતો ગયો.

ડો. બ્રાઉન, મીસ જોન્સન અને ડો. કાઉઝો (સુભદ્રાદેવી) જેવા વિદ્વાનો તો ત્યાં અભ્યાસ કરવા આવેલા, ડો. કાઉઝોએ સાત–આઠ વર્ષ સુધી આગમોનો અભ્યાસ કરવા સાથે જૈનોના વ્રતો પણ ગ્રહણ કરેલા. અને તેથી સંસ્થાની ખ્યાતિ ખૂબ જ વધી ગઈ હતી.

સંસ્થાનો વાર્ષિક મેળાવડો પણ પૂ. મહારાજશ્રીના પ્રયત્નથી બહુ જ ઉચ્ચ કોટિનો અને ભવ્ય રીતે થતો. પ્રમુખ તરીકે બહારથી કોઈ શિક્ષણપ્રેમી પ્રસિદ્ધ પુરુષને બોલાવવામાં આવતા અને ગ્વાલિયર સ્ટેટની કાઉન્સીલના પણ લગભગ બધા મેમ્બરો હાજર રહેતા. સંસ્થાના સ્થાનિક બાહોશ સેક્રેટરી શેઠ ટોડરમલજી ભાંડાવત શેઠ કાનમલજી સાંકલા પણ પૂર્ણ જેહમત ઉઠાવતા. જેમાં સંસ્થાની પ્રગતિના વિવેચન સાથે ઉત્તીર્ણ વિદ્યાર્થીઓને પદવી પણ આપવામાં આવતી.

હિંદુના રખેવાલ દયાનંદ સરસ્વતી પછી જેમ સ્વામી શ્રદ્ધાનંદ થયા. તેવી જ રીતે જૈનધર્મના રખેવાલ આચાર્ય વિજયધર્મસૂરીજી પછી પ્રખર વક્તા મુનિરાજશ્રી વિદ્યાવિજયજી થયા, એમ મને લાગે છે.

ઈ. સ. ૧૯૩૨ની વાત છે. અમદાવાદમાં સંવેગી સાધુઓનું એક મોટું સમ્મેલન ભરાવાયું હતું. મોટા ભાગના સાધુઓ તેમાં સમ્મિલિત થવા અમદાવાદ ભણી પ્રસ્થાન કરી ચૂકયા હતા. તે વખતે સમાજમાં ચર્ચાના વિષય બનેલા અયોગ્ય બાળ દીક્ષા, દેવદ્રવ્ય, એકલવિહારી સાધુઓ વિગેરે સંબંધી ઐતિહાસિક નિર્ણયો લેવાના હતા.

તે વખતે જૈન સમાજમાં બે મોટા પક્ષો પડી ગયા હતા. એક સુધારક વર્ગ અને બીજો રૂઢિચુસ્ત વર્ગ. સુધારક વર્ગના સાધુઓએ પોતાનો પક્ષ દૃઢ કરવા માટે દેહગામમાં મુનિ-રાજશ્રી વિદ્યાવિજયજી મહારાજની દોરવણી પ્રમાણે તે વખતના યુગદૃષ્ટા આચાર્યશ્રી વિજય વલ્લભસૂરીશ્વરજીની અધ્યક્ષતામાં એક સંમેલન ભર્યું અને તેમાં મુનિ સમ્મેલનમાં આપણે સૌએ એકમત લઈને કેમ કામ કરવું તે બાબતનો નિર્ણય લેવામાં આવ્યો. જેમાં કહેવાય છે કે ૨૫૦ થી ૩૦૦ સાધુ-ઓએ ભાગ લીધેલો. અને પછી સૌએ ત્યાંથી વિહાર કરી એક સાથે અમદાવાદમાં પ્રવેશ કર્યો. તે વખતે જૈન જ્યોતિના તંત્રી શતાવધાની ધીરજલાલ ટોકરશી શાહે પોતાના પત્રના આગળના પેજમાં મોટા હેડીંગથી લખેલું કે-'જૈન સમાજનો માર્ટીન લ્યુથર રાજનગરમાં પ્રવેશ કરે છે.' આ માર્ટીન લ્યુથર તે બીજા કોઈ નહીં પરન્તુ મુનિરાજશ્રી વિદ્યાવિજયજી હતાં. જેમની કુનેહભરી ચાતુરતાથી સમ્મેલનની આખી કાયા પલટ થઈ ગઈ. સૂરિસમ્રાટ્ આચાર્યશ્રી વિજય નેમિ-સૂરીશ્વરજી મહારાજ પણ વિદ્યાવિજયજી મહારાજની આ ચાણક્ય બુદ્ધિથી ચકિત થઈ ગયા હતા. અને તેથી દરેક વિષયનો નિર્ણય બહુમતિથી જ કરવામાં આવ્યો હતો. અને સુધારકો પોતાના કાર્યમાં ફલીભૂત થયા હતા.

જૈનધર્મ ઉપર થતા આક્ષેપોના પ્રતિકાર માટે જે સમિતિ નિમાણી હતી તેમાં પણ તેઓશ્રીનું નામ હતું.

ગવરમેન્ટના ગેઝેટમાં ભારત વર્ષના ઉચ્ચ કોટિના વિદ્વાનોની નામાવલિમાં પણ તેમનું નામ લેવામાં આવ્યું છે. એમ મને યાદ છે.

પૂ. ગુરૂદેવ ધર્મના ચૂસ્ત હિમાયતી હતાં. ક્રિડાકાંડના પૂર્ણરાગી હતાં તેમ છતાં કર્મની નિર્જરા માટે કરાતાં ક્રિયાકાંડો આદિ અનુષ્ઠાનોમાં માયામૃષાવાદ, દંભ, ખોટા આડંબર, અહંપોષણ, સ્વાર્થપોષણ આદિના દૂષણો પ્રવેશ કરવા ન પામે તે માટે તેઓશ્રી તેટલા જ જાગૃત હતાં.

આગમીય સૂકતોની આવૃત્તિ જે તેમનું ખરૂં ધન હતું સદ્ગતગૃત મનના સ્વામી પૂ. ગુરૂદેને મારા ભાવવન્દન કરી વિરામ લઉં છું.

शिवमस्तु सर्व जगतः

લેખક : અમૃતલાલ તારાચંદ દોશી
હાલ ભાંડુપ–૪૦૦૦૭૮
(વ્યાકરણતીર્થ)

પ્રસ્તાવના

'શ્રી ભગવતીસૂત્ર સારસંગ્રહ'ના આ ગ્રંથમાં જગત્પ્રસિદ્ધ, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય સ્વ. વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના સુપ્રસિદ્ધ અને પ્રખર વક્તા શિષ્ય સ્વ. મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબે, ભગવતી સૂત્રના શતકો પર જે વિવેચન કર્યું છે, તે પૈકીના પાંચ શતકોનું વિવેચન આપવામાં આવ્યું છે. આ વિવેચન પર વિસ્તૃત નોંધ તેમના સુશિષ્ય પંન્યાસ શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે કરેલ છે. બાળ, યુવાન અને વૃદ્ધ સૌ કોઈ સહેલાઇથી સમજી શકે, એ દૃષ્ટિ પૂર્વક આ નોંધો કરવામાં આવી છે, જે ખરેખર પ્રશંસાને પાત્ર છે. આ રીતે સોનામાં સુગંધ મળે એવો સુભગ યોગ પ્રસ્તુત ગ્રન્થમાં થયેલો છે. પૂ. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે, આ રીતે પોતાના ગુરુદેવનું અધૂરું કાર્ય પૂર્ણ કર્યું છે અને આજ સાચી ગુરુ ભક્તિ કહેવાય. પૂ. મહારાજ શ્રી વિદ્યાવિજયજીનું વિવેચન મૂળમાં આપવામાં આવ્યું છે અને ફૂટનોટમાં નીચે પૂ. પં. શ્રી પૂર્ણાનન્દવિજયજીની વિસ્તૃત નોંધ આપવામાં આવી છે. લખાણની નીચે વિસ્તૃત નોંધ આપવામાં આવેલી હોયતો, વાચક વર્ગને વિવેચન સમજવું સહેલું થઈ પડે છે. પ્રસ્તુત ગ્રંથમાં ભગવતી સૂત્રના પ્રથમ પાંચ શતકો પર વિવેચન અને વિસ્તૃત નોંધ આપવામાં આવેલ છે. છઠ્ઠા શતકનું લખાણ તૈયાર હોવા છતાં, ગ્રંથ બહુ મોટો થઇ જાય એ દૃષ્ટિએ પ્રસ્તુત ગ્રંથમાં સામેલ નથી કર્યું, પણ ટૂંક સમયમાં તે બહાર પાડવામાં આવશે. મહારાજશ્રીની વિસ્તૃત નોંધ વાંચતા તેઓશ્રીએ સાગરને ગાગરમાં સમાવવા જેવું ભગીરથ કાર્ય કર્યું છે, એમ સ્પષ્ટ સમજી શકાય છે. મુશ્કેલ અને કઠિન બાબતોને એમણે સરળ અને સહેલી બનાવવા સ્તુત્ય પ્રયાસો કર્યા છે, જે માટે ખરેખર તેઓ ધન્યવાદને પાત્ર છે.

આપણે ત્યાં પિસ્તાલીસ આગમ છે, જેમાં ૧૧ અંગ, ૧૨ ઉપાંગ, ૪ મૂલ સૂત્ર, ૬ છેદ સૂત્ર, ૧૦ પ્રકીર્ણક અને ૨ ચૂલિકા સૂત્રનો સમાવેશ થાય છે. અંગ, ઉપાંગ, મૂલ, છેદ, પ્રકીર્ણક અને ચૂલિકા એ આગમોના પડાયેલા છ વર્ગના નામ છે. અંગો અસલ તો બાર હતાં, પણ બારમું અંગ હાલ ઉપલબ્ધ નથી, એટલે કે અગિયાર અંગો જ મળે છે. આ બધાં પણ પૂરાં મળતાં નથી. આ અગિયાર અંગો પૈકી પાંચમું અંગ તે 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર.' નામ ઉપરથી જ સૂચિત થાય છે, તેમ આ આખું સૂત્ર પ્રશ્નો અને તેની વ્યાખ્યાઓ એટલે વિસ્તૃત ઉત્તરો રૂપ છે. 'વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ સૂત્ર' નામ હોવા છતાં, તેની મહત્તા દર્શાવનારું વિશેષણ 'ભગવતી સૂત્ર' નામે તે અંગ પ્રસિદ્ધ છે.

ભગવતી સૂત્રમાં કેવળજ્ઞાનીને ગણધરે પૂછેલા પ્રશ્નોનો સીધો સમાવેશ થાય છે. મુખ્ય પ્રશ્નકારો છે—ઇન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી), અગ્નિભૂતિ, વાયુભૂતિ, મંડિત પુત્ર, માકંદી પુત્ર, રોહક, જયંતી શ્રાવિકા તેમજ અન્ય તીર્થિકો અર્થાત્ અન્ય સંપ્રદાયીઓ. આમ છતાં આ સૂત્ર મુખ્યત્વે શ્રીગૌતમ અને ભ. મહાવીરના સવાલ જવાબ રૂપ જ છે. પ્રશ્નોની રજૂઆતમાં વિષયનો કે દલીલનો કોઈ ખાસ ક્રમ જોવામાં આવતો નથી. કોઈ કોઈવાર એક જ ઉદ્દેશકમાં ભિન્નભિન્ન વિષયને લગતા પ્રશ્નો પણ જોવામાં આવે છે.

આપણે ત્યાં ભગવતી સૂત્રનું માહાત્મ્ય અનેરું છે. ચોમાસાના ચાર માસ દરમિયાન પર્યુષણના દિવસો સિવાય શ્રી ભગવતીસૂત્રનું પારાયણ થાય છે. કેવળજ્ઞાનીના એક એક બોલની કિંમત અમૂલ્ય હોય, એ બોલને ભારોભાર સુવર્ણ

જેવો કીંમતી ગણી, ધનવાન અને શ્રદ્ધાળુ જૈન વર્ગ સોના-નાણું કે ચાંદી નાણું મૂકે છે. ભગવતી સૂત્ર બહુ મોટું છે. શ્રી ભગવતી સૂત્રના હાલ એકતાલીશ વિભાગો છે. આ દરેક વિભાગને શતક કહેવાય છે અને તેના પેટા વિભાગને ઉદ્દેશક કહેવાય છે. આ અંગમાં એકસો કરતાં વધારે અધ્યયનો, દશ હજાર ઉદ્દેશકો, છત્રીસ હજાર વ્યાકરણીય પ્રશ્નો અને બે લાખ અઠયાસી હજાર પદો હતાં. વીર સંવત ૯૮૦ કે ૯૯૩માં શ્રી દેવર્દ્ધિગણિ ક્ષમાશ્રમણના પ્રમુખ પદે, આગમોને લિપિબદ્ધ કરવાનું મહાભગીરથ કાર્ય કરવા આવ્યું હતું, તે વખતે વિવિધ આગમોની જે સંકલના કરાઇ, તેને અનુરૂપ વર્તમાન ભગવતીસૂત્ર છે. એટલે વર્તમાન ઉદ્દેશકો તથા પદોની સંખ્યા પહેલાંની માફક જોવામાં આવતા નથી.

દરેક ધર્મગ્રંથોના મુખ્ય બે વિભાગો પડી શકે છે. એક વિભાગ ઉપદેશ ગ્રંથોનો અને બીજો વિભાગ સિદ્ધાંત ગ્રંથોનો. ઉપદેશ ગ્રંથોમાં સામાન્ય રીતે માણસને વૈરાગ્યાદિ ભાવ ઉપજે તે રીતે બાબતો ચર્ચવામાં આવે છે, જેથી કોઈ પણ વાંચે તો સહેલાઈથી તે સમજી શકે છે. આપણા આગમ ગ્રંથોમાં ઉત્તરાધ્યયન સૂત્ર આવા ઉપદેશથી ભરેલુ છે. જ્ઞાનના સાગર રૂપી ભગવતી સૂત્રમાં જો કે ગણિતાનુયોગની પ્રધાનતા છે, છતાં પણ તેમાં દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ અને કથાનુયોગના પાઠ મૌક્તિકો પણ પૂર્ણ માત્રામાં જોવા મળે છે. આ રીતે, ભગવતીસૂત્રમાં ઉપદેશ અને સિદ્ધાંતનો સુભગ સંયોગ છે, જે આ સૂત્રની વિશેષ વિશિષ્ઠતા છે.

અસંવૃત્ત–સંવૃત્ત અણગાર (પા. ૨૪)ની વાત બહુ સમજવા જેવી છે. અનાદિ કાળથી રઝળતા આપણા જીવનનો અનંતા ભવો થયા છતાં–અંત કેમ નથી આવતો ? રઝળપાટ

બંધ કેમ નથી થતો ? આ આ પ્રશ્ન દરેક વિચારક માણસને આવ્યા વિના ન રહે. આનું કારણ વિસ્તૃત નોંધમાં સમજાવવામાં આવ્યું છે, જે જન્મ મરણના અંત માટે બહુ ધ્યાનમાં રાખવા જેવું છે. आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम् આશ્રવ અને સંવર આ બે તત્વો વડે જ જીવાત્મા સંસાર સાથે બંધાય છે અને સંસારથી મુક્ત થાય છે. આત્માની સાથે કર્મનો સંબંધ થવાના કારણોને આશ્રવ કહેવાય છે. 'સંવર' શબ્દ सम् પૂર્વક वृ ધાતુથી બનેલો છે. सम् પૂર્વક वृ ધાતુનો અર્થ રોકવું—અટકાવવું થાય છે. કર્મ બંધાતું અટકે તે સંવર, સંવર એટલે ઈંદ્રિયો તથા મનની વાસના ઉપરનો સંપૂર્ણ જય. મુક્તિ પથનો સાચો અને સચોટ માર્ગ સંવર છે. જ્યાં સંયમ છે ત્યાં સંવર છે. જ્યાં સંવર છે ત્યાં આશ્રવ માર્ગ બંધ થવાથી કર્મ બંધન પણ નથી અને જ્યાં આવતા કર્મોને રોકી લીધાં ત્યાં જૂનાં કર્મોની નિર્જરા થતા વાર લાગતી નથી. જ્યાં નિર્જરા છે ત્યાં અવશ્ય મોક્ષ છે. અને મોક્ષમાં અવ્યાબાધ અનંત સુખ જ છે. જૈન ધર્મમાં પ્રધાનતા પુરુષાર્થની છે. કર્મ બાંધવું કે છોડવું એમાં માણસ માત્ર સ્વતંત્ર છે એટલે જુદી જુદી યોનિઓમાં ભટકવું અગર ભટકવામાંથી કાયમ માટે કેમ મુક્ત થવું, એ આપણા પોતાના હાથની વાત છે.

લેશ્યાનું સ્વરૂપ અને સમજણ (પાન ૩૩ અને ૨૯૬) પણ આ ગ્રંથમાં સરસ રીતે સમજાવવામાં આવ્યા છે. આત્માની સાથે કર્મ પુદ્ગલોને ચોંટાડનાર જે વસ્તુ, તેનું નામ લેશ્યા, થર્મોમીટર વડે જેમ શરીરની ઉષ્ણતાનું માપ સમજી શકાય છે એમ લેશ્યાની સમજણથી માણસ પોતાના મનનાં અધ્યવસાયો સમજી તેનું સ્વરૂપ પણ સમજી શકે.

* * *

આપણે ત્યાં લેશ્યાના છ પ્રકારો છે. કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા, કાપોત લેશ્યા, તેજો લેશ્યા, પદ્મ લેશ્યા અને શુકલ લેશ્યા, મનુષ્યની ક્રુરમાં ક્રુર વૃત્તિને કૃષ્ણ લેશ્યા કહેવાય છે. જેમ જેમ એ ક્રુરતા ઓછી થતી જાય અને તેમાં સાત્વિક વૃત્તિનો ભાવ મળતો જાય, તેમ તેમ માનવતાનો વિકાસ થતો જાય છે અને લેશ્યા ઉત્તરોત્તર શુભ બનતી હોય છે. કૃષ્ણ લેશ્યા કરતાં જેમાં થોડો વધારે વિકાસ છે તે વૃત્તિને નીલ લેશ્યા, તેથી વધારે વિકાસ તે કાપોત લેશ્યા એમ ઉત્તરોત્તર સમજવાનું છે. સાંખ્ય દર્શનની પરિભાષામાં કહીએ તો, તામસીવૃત્તિ એ કૃષ્ણ અને નીલ લેશ્યા, રાજસીવૃત્તિ એ કાપોત અને તેજોલેશ્યાનું સ્વરૂપ છે, જ્યારે પદ્મ અને શુકલ લેશ્યા એ સાત્વિક વૃત્તિનું સ્વરૂપ છે.

બીજા શતકમાં મુખ્યત્વે જીવોની ભિન્નભિન્ન જાતિઓની વાતો આવે છે આ શતકમાં દેવ અને નરકનું વિસ્તૃત વર્ણન આવે છે. દેવોના મુખ્ય ચાર ભેદો છે. વૈમાનિક–વિમાનમાં રહેનારા, ભવનપતિ ભવનમાં રહેનારા, વાણવ્યંતર–પહાડ, ગુફા અને વનના આંતરાઓમાં રહેનારા અને જ્યોતિષ્ક દેવોમાં સૂર્ય–ચંદ્ર–ગ્રહ–નક્ષત્ર–તારાનો સમાવેશ થાય છે. ત્રીજા શતકમાં (પાન ૨૨૮) ચમરેન્દ્ર અને શક્રેન્દ્ર વચ્ચેના યુદ્ધની વાત આવે છે. શકની વધારે ઋદ્ધિ, સમૃદ્ધિ અને સત્તા જોઈ ચમરેન્દ્રને ઈર્ષ્યા આવી અને યુદ્ધ કર્યું, શકની ઈન્દ્રાણીઓ પ્રત્યે તેની કુદૃષ્ટિ થઈ અને તેને તાબે કરવા પ્રયત્નો થયા. ભગવાનની અપાર કરુણાથી ચમરેન્દ્રનો બચાવ થયો આ બધી વાતો વાંચતા વિચાર આવે છે કે દેવો અને અસુરો પણ, લોભ અને વિષયવાસનાને આધીન થઇ યુદ્ધો કરે છે. આમાં શાંતિ–સમતા કે સમભાવ જોવા કયાં મળે છે ! દેવો

માટે પચ્ચખાણ કે તપ માટે કોઈ શકયતા નથી. આ દૃષ્ટિએ દેવ કરતા માનવ જન્મ ઉચ્ચ અને શ્રેષ્ઠ ગણાય છે. તેથી જ કહેવાયું કે न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित् માનવીથી કોઇ વધારે ચડિયાતું નથી. બહુ ઊંડું મંથન કરીએ તો આપણને ખાતરી થશે કે, માનવે મૃત્યુ પછી મુક્તિ અને તે શકય ન હોય તો ફરી માનવજન્મ પ્રાપ્ત કરવા પોતાનું લક્ષ કેન્દ્રિત કરવું જોઈએ, મૃત્યુ પછી દેવગતિમાં જવાની ઇચ્છા રાખવી એ તો માણસ માટે નીચલી કક્ષામાં જવા જેવું– માનવ જન્મનું અપમાન કરવા જેવું હીન કાર્ય છે ત્યાગ– તપ–સંયમની પાછળ આવી ઉચ્ચતમ દૃષ્ટિ અને ભાવના કેળવવી જોઇએ. આ દૃષ્ટિએ માનવચેાનિ પ્રાપ્ત કર્યા પછી પણ આપણે જો રાગ–દ્વેષ અને વિષયકષાયેામાં ફસાયેલાં રહીએ. તો આપણાથી વધુ મૂર્ખ કોને કહેવા એ એક કોયડો છે.

માનવને વેદના, આઘાત અને વ્યથા શા માટે ભોગવવા પડે છે, તેની ચર્ચા બહુ સુંદર રીતે ત્રીજા શતકના સાતમા ઉદ્દેશકમાં કરતાં, પૂ. પ. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે સ્પષ્ટ શબ્દોમાં સાચું જ કહી દીધું છે કે: "ક્રિયા જન્ય કર્મ અને કર્મજન્ય વેદના હોય છે. મુનિવેષને ધારણ કર્યા પછી પ્રમાદને વશ થઈને મુનિરાજે પણ ઉપયોગ શૂન્ય બનીને આવાપીવાની, ગમનાગમન કરવાની, સૂવા ઉઠવાની ક્રિયાઓ કરશે, તો ચોક્કસ રીતે ભગવતીસૂત્ર સાક્ષી આપે છે કે, તે મુનિરાજે પણ કર્મને બાંધશે અને તેમને માટે પણ સંસારનું ચક્કર સહેવ તૈયાર જ છે" (પાન ૨૫૪) 'ચારિત્ર યોગનું સ્પષ્ટીકરણ' શીર્ષક નીચેની વિસ્તૃત નોંધમાં (પાન ૩૩૫) પૂ. મહારાજશ્રીએ અનાસક્ત ભાવે જીવન જીવવાની વાત પર ખૂબ જ ભાર મૂકતાં સાચું જ કહ્યું છે કે "પુદ્ગલો,

છોડવાના નથી પણ તેમના પ્રત્યેનો દુરાચાર છોડવાનો છે. શ્રીમંતાઈ કે સત્તા છોડવાની નથી, પણ તેના પ્રત્યેની સાધ્ય ભાવના ને ત્યાગી સાધનભાવ પેદા કરવાનો છે. જનક રાજા પાસે વૈભવ અને રિદ્ધીસિદ્ધીનો કોઈ પાર ન હતો, પણ તેમ છતાં તેઓ વિદેહી કહેવાયા છે, તેનું કારણ આ જ છે. કમળ, જળની વચ્ચે રહ્યાં છતાં પાણીથી જેમ અલિપ્ત રહે છે, તેમ સંસારમાં રહીને પણ અલિપ્ત ભાવે રહી શકે, તો તે એક ઉચ્ચ કોટીની સાધના છે.

ઈન્દ્રલોકની ત્રણ સભાનું વર્ણન (પાન ૩૩૬) કરતાં જણાવ્યું છે કે, દેવલોકમાં દેવતાઓની માફક દેવીઓ પણ સભાસદ પદને શોભાવે છે અને ત્યાં દેવીઓનું પણ દેવોની માફક બહુમાન કરવામાં આવે છે. આ અંગેની નોંધમાં પૂ. પ. શ્રી પૂર્ણાનન્દવિજયજી મહારાજ સાહેબે સાચું જ લખ્યું છે કે, "માતૃસ્વરૂપ, સ્ત્રીઓને હલકી ગણવાનું પ્રયોજન શું છે ? શું પુરૂષો કરતા સ્ત્રીઓ બુદ્ધિબળમાં ઓછી છે ? આ બધી અને આના જેવી બીજી પણ કલ્પનાઓમાં પુરુષજાતની જોહુકમી સિવાય બીજું કંઇ પણ તત્ત્વ નથી." (પાન ૩૩૯) સ્ત્રી અને પુરુષ વચ્ચે કોઈ મૂળભૂત ફરક નથી. સ્ત્રીપણું અને પુરુષપણું એ તો માત્ર દેહદૃષ્ટિએ છે. આત્મ તત્ત્વની દૃષ્ટિએ તો સ્ત્રીનો આત્મા અને પુરુષનો આત્મા બંને એકસમાન છે.

"શ્રી ભગવતી સૂત્ર સાર સંગ્રહ"ની પ્રસ્તાવના લખવાનો મને મુદ્દલ અધિકાર નથી. એ વાત હું સારી રીતે સમજું છું. આ એક પ્રકારની અનધિકાર ચેષ્ટા કરવાનો હું કેમ ખુલાસો પણ કરી દઉં. આજથી પચીસ વર્ષ પહેલાં ઈ. સ. ૧૯૫૦માં શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડની 'આગમ વિભાગ'ની પરીક્ષામાં હું બેઠેલો અને પાસ થયેલો. એ વખતે

આ વિભાગના અભ્યાસક્રમમાં પાઠય પુસ્તક તરીકે (૧) શ્રી ભગવતી સાર (૨) ઉત્તરાધ્યન સૂત્ર (૩) કલ્પસૂત્ર એમ ત્રણ ગ્રંથો હતા. ભગવતી સાર. એ તો ભગવતી સૂત્રનો માત્ર છાયાનુંવાદ હતો, એટલે એ બળ વડે આ ગ્રંથની પ્રસ્તાવના લખવી, એ તો સૂંઠના ગાંડીયે ગાંધી થઈ જવા જેવી બાલિશતા છે, હકીકત એ છે કે, આઠ વર્ષની વયે જીવનમાં પ્રથમવાર હું શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય સ્વ.આચાર્ય વિજયધર્મસૂરીશ્વરજી, જેમણે વિશ્વમાં જ્ઞાનની ગંગા વહાવી અનેક શ્રેષ્ઠ કોટિના સાધુ ભગવંતો અને પંડિત રત્નો જૈન સમાજને આપ્યા, તેમના તથા એ સંઘાડાના સાધુઓના પરિચયમાં આવ્યો. ઈ. સ. ૧૯૧૬માં તેઓ સૌ અમરેલીમાં ચોમાસું હતાં તે પછી તેમના શિષ્ય રત્નો આ. ઇન્દ્રસૂરીજી તથા શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાથે મારો સતત સંપર્ક રહ્યો. પચીસેક વર્ષ પહેલાં પૂ. વિદ્યાવિજયજી મહારાજને વાંદવા શિવપુરી ગયેલો, ત્યાંયે તેમના પ્રશાંત શિષ્ય પૂ. પં. શ્રી પૂર્ણાનન્દ વિજયજી મહારાજ સાહેબ સાથે પરિચય થયો. તેઓ એ વખતે ન્યાય, વ્યાકરણ અને કાવ્યતીર્થની પરીક્ષા માટે તૈયારી કરી રહ્યા હતા. તે પછી દિનપ્રતિદિન અમારો સંબંધ વધતો ગયો અને સંપર્ક ચાલુ જ રહ્યો. પ્રસ્તુત ગ્રંથની પ્રસ્તાવના લખવા પ્રેમભાવે તેમણે મને આજ્ઞા કરી અને તેનું ઉલ્લંઘન ન કરી શકવાના કારણે, પ્રસ્તાવના લખવાની આ અનધિકાર ચેષ્ટા મારાથી થઈ ગઈ છે. સંભવ છે કે આ પ્રસ્તાવના લખવામાં શાસ્ત્રવિરુદ્ધ કે અન્ય કોઈ દોષો મારાથી થઈ જવા પામ્યા હોય, તો તે માટે વાચકો મોટું દિલ રાખી મને ક્ષમા કરે એવી નમ્ર પ્રાર્થના સાથે વિરમું છું.

—મનસુખલાલ તારાચંદ મહેતા

વિષયાનુક્રમણિકા

પ્રકાશકીય નિવેદન
સંપાદકીય નિવેદન
પૂ. મુનિશ્રી વિદ્યાવિજયજી મ. નો સંક્ષિપ્ત પરિચય
પ્રસ્તાવના

વિષય	પૃષ્ઠ
પરિચય	૧
પ્રશ્નોત્થાન	૬
શતક પહેલું	
મોક્ષ તત્ત્વ	૮
જીવોના ચોવીસ ભેદ	૧૮
આત્મારંભાદિ	૨૦
જ્ઞાનાદિના ભેદ	૨૨
અસંવૃત સંવૃત અણગાર	૨૪
અસંયતભાવ	૨૫
કર્મભોગ	૨૭
નૈરયિકોના ભેદો	૨૮
લેશ્યા સ્વરૂપ	૩૪
સંસાર સંસ્થાનકાળ	૩૪
કાંક્ષા મોહનીય	૩૫
અસ્તિત્વ–નાસ્તિત્વ	૩૭
કાંક્ષા મોહનીયના હેતુઓ	૩૯
અવધિ–મનઃ પર્યવ જ્ઞાન	૪૧
દર્શન	૪૨

વિષય	પૃષ્ઠ
ચારિત્ર	૪૩
સમાચારી	૪૩
કર્મ પ્રકૃતિ	૪૪
પ્રદેશ અને અનુભાગનો અર્થ	૫૮
પુદ્ગલ	૫૮
છદ્મસ્થ	૫૯
અવધિજ્ઞાનના ભેદો	૬૦
નરકાવાસો	૬૧
પૃથ્વી કાયિકાદિકાના આવાસો	૬૨
દશ સ્થાનો	૬૨
લેશ્યાદિ	૬૪
સૂર્યનું દેખાવું	૬૮
પહેલા કોણ અને પછી કોણ	૭૦
લોક સ્થિતિ	૭૧
સૂક્ષ્મ સ્નેહકાય	૭૪
નૈરયિકોની ઉત્પત્તિ	૭૬
ગર્ભ વિચાર	૭૭
બાલાદિનું આયુષ્ય	૮૬
ક્રિયા વિચાર	૯૨
વીર્ય વિચાર	૯૪
ગુરુત્વાદિ વિચાર	૯૬
જીવ અને આયુષ્ય	૧૦૭
કાલાસ્યવેષિ પુત્ર	૧૦૮
પરમાણુ સ્વભાવ	૧૧૧
ભાષા વિચાર	૧૧૫
ક્રિયા	૧૧૬

વિષય પૃષ્ઠ

શતક બીજું

પૃથ્વીકાયાદિના શ્વાસોચ્છ્વાસ ૧૧૮
વાયુકાયના શ્વાસોચ્છ્વાસ ૧૧૯
પ્રાસુકભોજી અણગારનું શું ? ૧૨૦
સ્કંદક તાપસ ૧૨૧
૧ લોક સંબંધી ૧૨૫
૨ જીવ સંબંધી ૧૨૫
૩ સિદ્ધિ સંબંધી ૧૨૬
૪ સિદ્ધો સંબંધી ૧૨૬
૫ જીવ સંબંધી ૧૨૭
૬ પંડિત મરણ ૧૨૮
સમુદ્‌ઘાત ૧૩૪
નરકભૂમિ સંબંધી ૧૪૦
ઇન્દ્રિયો ૧૪૨
દેવ અને વેદ ૧૪૬
ઉદક ગર્ભ વિચાર ૧૫૦
પાર્શ્વનાથના શિષ્યો ૧૫૩
ગરમ પાણીના કુંડ ૧૫૮
ચાર પ્રકારની ભાષા ૧૬૩
દેવો ૧૬૪
ચમરની સભા ૧૬૯
સમયક્ષેત્ર ૧૭૧
પાંચ દ્રવ્ય ૧૭૨

શતક ત્રીજું

ભગવતી સૂત્રની કુંજર હાથી સરખામણી ૧૯૪
મનુષ્ય જીવનની સાર્થકતા ૧૯૭

વિષય	પૃષ્ઠ
શ્રી મહાવીર સ્વામીના વિશેષણો	૧૯૮
દેવનિર્મિત સમવસરણ	૨૧૨
ગૌતમસ્વામીનું વર્ણન	૨૧૫
દેવેન્દ્રો સંબંધી પ્રશ્ન	૨૧૬
ઇશાનેન્દ્રની ઉત્પત્તિ	૨૧૯
તામલી તાપસ અને પ્રાણામા દીક્ષા	૨૨૩
શક્ર અને ઈશાનની તુલના	૨૨૬
અસુર કુમારોની ગતિ	૨૨૮
પૂરણ તપસ્વી	૨૩૩
ચમર અને ઈન્દ્ર	૨૩૫
ક્રિયાના ભેદો	૨૪૧
અનાદિકાલના કરેલા કર્મોની વિચિત્રતા	૨૪૪
ક્રિયાઓની વિશદ વ્યાખ્યા	૨૪૫
દ્રવ્યાધિકરણના દશ ભેદરૂપે દશ શસ્ત્રો	૨૪૮
ભાવાધિકરણના ૧૦૮ પ્રકાર	૨૪૯
૧૦૮ પ્રકારના આશ્રવનો કોષ્ટક	૨૫૨
અજીવાધિકરણના ભેદો	૨૫૩
નિક્ષેપાધિકરણના ચાર ભેદ	૨૫૪
સંયોજનાધિકરણના બે ભેદ	૨૫૫
નિસર્ગાધિકરણના ત્રણ ભેદ	૨૫૬
કર્મ પહેલા કે વેદના પહેલી	૨૫૭
કર્મોનાં અબધાકાળ	૨૬૧
જીવાત્માની એજનાદિ ક્રિયા	૨૬૭
અનંતાનુબંધી કષાય	૨૬૯
મોક્ષમાં જવાની બે શ્રેણિ	૨૭૧

વિષય	પૃષ્ઠ
કર્મોની દુર્ભેદ્ય ગ્રન્થિ	૨૭૬
માનસિક વિચિત્રતા	૨૭૮
અસંખ્ય દ્વીપો અને સમુદ્રો	૨૮૨
ભાવિતાત્મા અનગારની શક્તિ	૨૮૮
અહિંસા સંયમ અને તપનું સ્પષ્ટીકરણ	૨૯૦
સંયમની વિશાલ સમજુતિ	૨૯૨
પુદ્ગલોની શક્તિ	૨૯૮
નપુંસકોનું વર્ણન	૩૦૦
સંસારવર્તી આત્માઓના બે વિભાગ	૩૦૩
સ્ત્રીવેદનું કારણ	૩૦૩
મેઘમાં થતા આકારો	૩૦૬
લેશ્યા પરત્વે પ્રશ્નોત્તર	૩૦૭
લેશ્યાઓનો સ્વભાવ	૩૧૦
આગમમાં લેશ્યાઓનો સ્વભાવ	૩૧૧
માનવ જીવનની સાર્થકતા	૩૧૨
૧ જૈન શાસનની અજોડતા	૩૧૭
૨ ચતુર્વિંશતિ જિનસ્તવન	૩૨૦
૩ ગુરૂવંદન	૩૨૧
૪ પ્રતિક્રમણ	૩૨૨
૫ કાયોત્સર્ગ	૩૨૪
ભાવિતાત્મા અણગારનું વિકુર્વણ	૩૨૫
મંત્રાદિ પ્રયોગ માયાવીને હોય	૩૨૬
ગામ–નગરનું વિકુર્વણ	૩૨૭
ચમરના આત્મરક્ષક દેવો	૩૨૯
શક્રના લોકપાલ	૩૩૦

વિષય	પૃષ્ઠ
સોમ લોકપાલની આજ્ઞામાં નવે ગ્રહો	૩૩૨
યમનું વર્ણન	૩૩૩
૧૫ પરમાધામીઓ	૩૩૩
વરુણનું વર્ણન	૩૩૫
વરુણનું આધિપત્ય	૩૩૬
આધિપત્ય ભોગવનારા દેવો	૩૩૭
કુબેરનું વર્ણન	૩૩૮
ઈન્દ્રિયોનો વિષય	૩૪૦
પાંચે ઈન્દ્રિયોની વિશદ વ્યાખ્યા	૩૪૦
ચારિત્રયોગનું સ્પષ્ટીકરણ	૩૪૩
પુદ્ગલોનો ચમત્કાર	૩૪૭
ઈન્દ્રલોકની ત્રણ સભા	૩૫૦
માતૃ સ્વરૂપા સ્ત્રીનું અપમાન પાપ છે	૩૫૩
માતાના ત્રણ ગુણો	૩૫૫
શતક ચોથું	
ઇશાનનો પરિવાર	૩૬૧
ઈન્દ્રલોકનું વર્ણન	૩૬૧
ઈન્દ્રની અગાધશક્તિ	૩૬૨
નૈરયિક નરકમાં જાય ?	૩૬૪
ચારે ગતિમાં જન્મ મરણ અનિવાર્ય છે	૩૬૫
ભવાન્તર શા માટે ? અને તેના કારણો	૩૬૬
ચારે ગતિના કારણો	૩૭૧
ઋજુસૂત્ર નયનો ભાષા વ્યવહાર	૩૭૩
છઠે ગુણઠાણે પણ ચાર જ્ઞાન	૩૭૬
લેશ્યા વિચાર	૩૭૮
લેશ્યાઓના પરિણમન માટે સ્પષ્ટીકરણ	૩૭૯

વિષય પૃષ્ઠ

શતક પમું

ચંપા નગરી ૩૮૫
સૂર્ય વિચાર ૩૯૦
વાયુ વિચાર ૩૯૨
ઓદનાદિની કાર્ય ૩૯૪
પરિગ્રહ પાપ શા માટે ? ૩૯૫
ગૃહસ્થાશ્રમીને ૩૯૯
જીવતા ઢોરનું ચામડું ૪૦૦
રેશમી વસ્ત્ર ત્યાજ્ય છે ૪૦૧
લવણ સમુદ્રનો વિષ્કંભ ૪૦૩
અરિહંતોનો પ્રભાવ ૪૦૩
જીવોનાં આયુષ્ય ૪૦૫
આયુષ્ય કર્મ જ ભવાન્તરનું કારણ છે ૪૦૬
ચારે ગતિનાં કારણ ૪૦૯
મનુષ્ય અને તિર્યંચના જન્મના બે પ્રકાર ૪૧૦
ગર્ભજ જીવોના ત્રણ પ્રકાર ૪૧૧
શબ્દ ૪૧૩
હાસ્ય મોહનીય કર્મ ૪૧૫
હાસ્ય મોહનીય કર્મની તીવ્રતા ૪૧૭
હસવું સારું છે કે ખોટું ? ૪૧૯
ગર્ભાપહરણ–ક્રિયા ૪૨૪
અતિ મુક્તક ૪૨૭
દેવના મૌન પ્રશ્નોત્તર ૪૨૯
ગુરૂ શિષ્યનો સંબંધ ૪૩૧
ધાર્મિકતા અને સાંપ્રદાયિકતા ૪૩૨
દેવોની ભાષા અને છદ્મસ્થનું જ્ઞાન ૪૩૪

વિષય	પૃષ્ઠ
વૈમાનિકોનું જ્ઞાન	૪૪૭
અનુત્તર વિમાનના દેવોનું જ્ઞાન	૪૪૭
કર્મ, વેદના અને કુલકર	૪૫૦
શ્રેષ્ઠ દશમ ચતુર્થ	૪૬૬
અલ્પ લાંબા આયુષ્યનું કારણ	૪૭૭
ક્રિયા	૪૮૯
ભાવ અગ્નિ	૪૯૨
પાંચે ક્રિયાને ફરસે	૪૯૪
આધાકર્માદિ	૫૦૨
આચાર્ય પદની યોગ્યતા	૫૦૬
મૃષાવાદના પ્રકારો	૫૦૮
આત્માના અદ્‌ભૂત વિશેષણો	૫૧૧
પરમાણુ પુદ્‌ગલ	૫૧૬
જીવોનો આરંભ પરિગ્રહ	૫૨૩
પરિગ્રહનો ચમત્કાર	૫૨૪
પાંચ હેતુઓ	૫૨૪
પુદ્‌ગલ	૫૩૦
જીવોની વધઘટને અવસ્થિતતા	૫૩૩
ક્ષાયોપશમિક જ્ઞાન ચાર પ્રકારે	૫૩૮
દ્રવ્યમાં રહેલા અનંત પર્યાયો	૫૪૧
નિગોદ કાય	૫૫૦
ઉદ્યોત ને અંધકાર	૫૫૩
સમયાદિનું જ્ઞાન તેમજ રાત્રિ–દિવસ અનંત કે નિયત પરિમાણ	૫૫૫

卐

શુદ્ધિપત્રક

પા.નં.	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૧૫	૧૮	કષ્ટ સમૂહ	કાષ્ઠ કમૂહ
૩૨	૨૩	આહારમાં	આહારમાં
૩૭	૩	અંતે	અને
૪૬	૬	ગતિ	જાતિ
૬૧	૫	સંઘર્ષણ	સંઘયણ
૬૩	૧૯	જાડાઈવાળા	જાડાઈવાળા
૭૧	૧૪	શૂત્રન્	શત્રુન્
૭૨	૧૫	હોય	હોઈ
૮૧	૨	ઉદશા	ઉદ્દેશા
૯૮	૧૬	મૃષાવાદ નો	મૃષાવાદ
૧૧૨	૯	અધાકર્મ	આધાકર્મ
૧૧૨	૨૨	અધા	આધા
૧૧૭	૮	બારક	બાર
૧૩૪	૪	પ્રક્ષાપના	પ્રજ્ઞાપના
૧૪૧	૨૪	પાપ્ત	પ્રાપ્ત
૧૮૮	૮	આઠો	આઠે
૧૮૯	૧	બોલતો	બોલાતો

પા.નં.	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૧૯૬	૪	અપ્રાપ્ત જે	જે પ્રાપ્ત
૧૯૬	૧૧	તને	અને
૧૯૯	૬	મહાંશ્વાસૌ	મહાંશ્વસૌ
૧૯૯	૧૭	તે મને	તેમને
૨૦૨	૨૨	કમણમાં	કમળમાં
૨૦૭	૨૦	દ્રેષ	દ્વેષ
૨૧૭	૭	ભગવાન	ભગવાન ઇન્દ્ર ભૂતિ
૨૩૦	૧૨	ચેાથ	ચેાથા
૨૪૨	૪	એટલા જ	એટલા માટેજ
૨૫૬	૧૯	નિસર્ગા ધિરધણ	નિસર્ગાધિકરણ
૨૮૧	૧	નાશમાં	નશામાં
૨૮૪	૮	વાતવલી	વાતાવલ!
૩૦૪	૧૫	પચ્ચીસ	– ૦
૩૨૭	૭	ને જુએ	ન જુએ
૩૨૭	૮	ન જુએ	ને જુએ
૩૩૫	૨	પ્રમાણ	પ્રમાણે
૩૫૭	૨૨	સંસ્થાનેાનમાં	અને સંસ્થાનેામાં
૩૬૧	૨૨	અભવેાનું	અનુભવેા
૩૬૨	૨૦	૧૦	૧

પા.નં.	લાઈન	અશુદ્ધ	શુદ્ધ
૩૬૫	૨૦	પદાંથ	પદાર્થ
૩૭૦	૨૪	નરગતિને	નરક ગતિને
૩૭૯	૧૪	ચેાગય	ચેાગ્ય
૩૮૧	૪	મારનારેા	મારનારા
૪૦૪	૧૨	સૌપ્ર	સૌને
૪૧૨	૨૨	વીર્યસ્ત્રાવ	વીર્યસ્રાવ
૪૧૪	૪	વાદ્યૌ	વાદ્ય
૪૨૮	૧૯	મૂત્ર	સૂત્ર
૪૩૦	૨૩	તાત્કાલીત	તાત્કાલીન
૪૩૧	૧૦	પરસ્પરિક	પારસ્પરિક
૪૪૩	૧૫	ચક્ષુસ્સયુક્તો	ચક્ષુસંયુક્તો
૪૪૧	૯	ચાક્ષુપ	ચાક્ષુષ
૪૫૦	૯	એવંભૂતં	અનેવંભૂતં
૫૦૨	૯	ભેાગવવા	ભેાગવવી
૫૨૮	૧૩	શૈલી	શૈલેા

卐

શ્રી ભગવતીસૂત્ર સારસંગ્રહ

ભાગ ૧ લો

શતક : ૧ થી ૫

नमोत्थुणं समणस्स भगवओ महावीरस्स
नमो नमः श्री गुरुधर्मसूरये
ॐ ह्रीँ अर्हँ नमः

પરિચય

णमो अरहन्ताणं
णमो सिद्धाणं
णमो आयरियाणं
णमो उवज्झायाणं
णमो सव्वसाहूणं
णमो बंभीए लिवीए
णमो सुअस्स

ટીકાકારના મંગલાચરણ પછી સૂત્રકાર શ્રી સુધર્માસ્વામીએ ભગવતીસૂત્રના પ્રારંભમાં પંચપરમેષ્ઠીને નમસ્કાર કરવારૂપે મંગલાચરણ કર્યું છે, તેનો ભાવાર્થ આ છે :—

અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સર્વ સાધુ મહારાજાઓને દ્રવ્ય અને ભાવથી હું નમસ્કાર કરું છું.

પહેલા પદમાં અરહંત, અરુહંત અને અરિહંત આ ત્રણે શબ્દો વ્યાકરણના સૂત્રોથી સિદ્ધ થાય છે.

(૧) અરહંત એટલે જેઓ જન્મથી ઈન્દ્રો, અસુરો અને નરપતિઓથી પૂજ્ય છે. અને નિશ્ચયથી જેઓ સંપૂર્ણ કર્મોનો નાશ કરીને સિદ્ધિ (મોક્ષ) પદને મેળવશે અથવા 'सर्वं जानातीति सर्वज्ञः' આ વ્યુત્પત્તિથી ત્રણે લોકના તથા ત્રણે કાળના કોઈપણ પદાર્થને યથાર્થરૂપે જાણવા માટે જેમનાં જ્ઞાનમાં કોઈપણ જાતનો અંતરાય નથી તે અરહંત કહેવાય છે;

(૨) અરુહંત એટલે કે જેમના કર્મબીજો સર્વથા ક્ષય પામી ગયા હોવાથી સંસારમાં ફરીથી જન્મ લેવાનો નથી તે અરુહંત કહેવાય છે.

(૩) અરિહંત એટલે અત્યન્ત દુર્જેય ભાવશત્રુઓને જીતીને જેમણે કેવળજ્ઞાન મેળવ્યું છે તે અરિહંત દેવ કહેવાય છે.

સાકાર અરિહંત દેવોને નમસ્કાર કરવાનું કારણ બતાવતાં ટીકાકાર કહે છે કે—અનંત દુઃખોથી ભરેલા આ સંસારમાં ભયભીત બનેલા જીવોને અનંત સુખોના સ્થાનરૂપ સિદ્ધિ ગમનનો માર્ગ બતાવતા હોવાથી તે અરિહંતો—અરહંતો તથા અરુહંતો નમસ્કાર—વંદન કરવા યોગ્ય છે.

સંપૂર્ણ કર્મોનો નાશ કરી કૃતકૃત્ય થઈ જેઓ સિદ્ધ શિલામાં વિરાજમાન છે તથા અનંતજ્ઞાનાદિ ચતુષ્ટયના સ્વામી બનેલા હોવાથી સર્વે જીવોનો *નામાકૃતિદ્રવ્યભાવૈઃ દ્વારા* અનુપમ ઉપકાર કરવાવાળા હોય છે. માટે નિરાકાર સિદ્ધ ભગવંતો નમસ્કારને યોગ્ય છે.

આગમોના સૂત્રાર્થને જાણનારા, સલ્લક્ષણયુક્ત, ગચ્છના નાયક, એવા આચાર્ય ભગવંતો સ્વયં જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર અને વીર્યાચારના પાલક છે અને સંઘને પણ પળાવવાવાળા છે, તેથી સંઘ ઉપર તેમનો મહાન ઉપકાર સદૈવ સ્મરણીય છે. માટે આચાર્યો વંદનીય અને પૂજનીય છે.

જેઓ શિષ્યોને જ્ઞાન—સંપાદન કરાવનાર છે. જેમની પાસેથી મનુષ્યોને સાચા જૈનત્વનું ભાન થાય છે, અને જૈન શાસનમાં સ્થિર થાય છે, પત્થર સમ જડ પ્રાણીઓને પણ પીગળાવવાની જેમનામાં શક્તિ છે તેવા ઉપાધ્યાય ભગવંતો વંદનીય છે.

જેઓ નિર્વાણપદની પ્રાપ્તિ માટે પોતાના મન—વચન—કાયાને સમાધિયુક્ત બનાવે છે, સંપૂર્ણ જીવો ઉપર સમતા

યોગવાલા છે, તે ભાવમુનિઓ કહેવાય છે, તેવા સર્વ સાધુ મહારાજોને મારા નમસ્કાર હોજો.

સર્વ શબ્દથી અઢીદ્વીપમાં રહેલા, જૈન શાસનની આરાધનામાં સમાહિત બનેલા, સામાયિકાદિ વિશેષણ યુક્ત પ્રમત્તાદિક,પુલાકાદિક-જિનકલ્પિક-સ્થવિરકલ્પિક-પ્રતિમાધારી વગેરે બધાએ મુનિવરો જેઓ ભરતક્ષેત્રમાં–મારવાડમાં–ગુજરાતમાં-સૌરાષ્ટ્રમાં–મહારાષ્ટ્રમાં–પંજાબમાં–ઐરાવતક્ષેત્રમાં –મહાવિદેહક્ષેત્રમાં જ્યાં કયાંય પણ વિચરતા હો તેમને સૌને મારી ભાવ વંદના હોજો.

આ સર્વ શબ્દનો વિશાળ અર્થ છે, જે ભગવતીસૂત્રને માન્ય છે. સારાંશ કે પોતાના જ ગચ્છમાં અને પોતાના જ સંઘાડામાં રહેલા સાધુઓ તથા સાધ્વીઓ વંદનીય છે. આવો ટૂંકો અર્થ ભગવતીસૂત્રને માન્ય છે જ નહીં પણ પ્રત્યેક આચાર્યો પાસે ઉપાધ્યાયો પાસે (जावंत केवि साहू...) જે કોઇપણ સાધુઓ છે, તે બધાને મારૂં વંદન હોજો.

જીવમાત્રને મોક્ષમાર્ગ માટેનાં સહકાર અને ઉત્કટ પ્રેરણા દેવાવાલા હોવાથી મુનિરાજો અવશ્યમેવ વંદનીય છે.

આ પ્રમાણે પરમેષ્ઠિઓને કરેલું વન્દન જ સર્વશ્રેષ્ઠ ભાવમંગલ છે. પાપોને નાશ કરાવનાર છે, માટે જ પંચ પરમેષ્ઠી નમસ્કાર જૈનશાસનનો સાર છે.

બ્રાહ્મીલિપિ યદ્યપિ દ્રવ્યશ્રુત છે તો પણ ભાવશ્રુતને પ્રાપ્ત કરાવવા માટે સમર્થ સાધન છે. માટે દ્રવ્યશ્રુતને વંદન કરવું યોગ્ય છે.

દ્રવ્યક્રિયાને કરતાં કરતાં જ ભાવક્રિયામાં અવાય છે, માટે દ્રવ્યક્રિયા, દ્રવ્યપૂજા આદિ વિધાનોનું બહુમાન કરવું આવશ્યક છે.

દ્રવ્ય વેષધારી મુનિને જોઈને પણ જેમ આપણા મનમાં જૈનત્વનો પ્રકાશ થાય છે. તેમ દ્રવ્યશ્રુત પણ અત્યંત ઉપકારી હોવાથી વંદનીય છે.

પૂરા સૂત્રને માટે મંગલાચરણ કર્યા પછી પ્રથમ શતકના પ્રારંભમાં પુનઃ દ્વાદશાંગીરૂપ શ્રુતજ્ઞાનને નમસ્કાર કરે છે. કેમકે શ્રુતજ્ઞાન અર્હંત પ્રવચનરૂપ હોવાના કારણે માંગલિક છે.

સમવસરણમાં વિરાજમાન થતાં તીર્થંકરો પણ 'नमो तित्थस्स' આ પ્રમાણે તીર્થ (શ્રુત)ને નમસ્કાર કરે છે. તેથી આપણે માટે પણ શ્રુતજ્ઞાન વંદનીય અને બહુમાનનીય છે. અરિહંતો આપણે માટે પૂજ્યતમ છે, તો શ્રુતજ્ઞાન પણ પૂજ્યતમ જ છે.

तारयतीति तीर्थः—જે સંસાર સમુદ્રથી તારે તે તીર્થ. સંસાર સમુદ્રથી પાર પમાડવા માટે તીર્થસ્વરૂપ શ્રુતજ્ઞાન જ સર્વપ્રથમ અને સર્વશ્રેષ્ઠ કારણ છે, તે માટે જ કહ્યું છે કેઃ— 'જ્ઞાનને વંદો, જ્ઞાની મ નિંદો, જ્ઞાનીએ શિવસુખ ચાખીયું રે'....

પ્રભુ મહાવીરે આ પ્રથમ શતક, કે જેમાં દશ ઉદ્દેશા છે, એનો અર્થ કયાં પ્રકાશ્યો ? અને એ દશે ઉદ્દેશામાં મુખ્ય વિષય કયો છે, એનું કથન જે ગાથામાં કરવામાં આવ્યું છે તે નીચે મુજબ છેઃ—

रायगिहचलणदुक्खे कंखपओसे य पगइपुढवीओ ।
जाव ते नेरइए बाले गुरुए च चलणाओ ॥

અર્થાત્—રાજગૃહ નગરીમાં, ૧ ચલન, ૨ દુઃખ, ૩ કાંક્ષાપ્રદોષ, ૪ પ્રકૃતિ, ૫ પૃથ્વી, ૬ યાવત્, ૭ નૈરયિક, ૮ બાલ, ૯ ગુરુક, અને ૧૦ ચલનાદિ—એ દશવિષયોનો અર્થ પ્રકાશ્યો છે.

卐

પ્રશ્નોત્થાન

ભગવતીસૂત્રના પહેલા સૂત્રમાં મંગલાચરણ અને બીજામાં અભિધેય–કથનીય વસ્તુનો નામોલ્લેખ કર્યા પછી ત્રીજા સૂત્રમાં ભગવાને કયાં રહીને દેશના આપી ? શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરો આપ્યા ? તે બતાવ્યું છે અને તે પછી ગૌતમસ્વામીએ કેવા વિવેકપૂર્વક એ પ્રશ્નો પૂછેલા છે, એ જણાવવામાં આવ્યું છે. આ ઉપરથી સમજી શકાય છે કે—

રાજગૃહ નગરીની બહાર, ઉત્તર–પૂર્વ અર્થાત્ ઈશાન ખુણામાં આવેલા ગુણશીલચૈત્યમાં સમવસરણની રચના થઈ, અને ભગવાને તેમાં વિરાજમાન થઈને ઈન્દ્રભૂતિ ગૌતમના પ્રશ્નોના ઉત્તરો આપ્યા છે. મૂળસૂત્રમાં આ વખતે રાજગૃહ નગરીમાં રાજ્ય કરતા રાજાનું નામ શ્રેણિક અને તેની રાણીનું નામ ચિલ્લણાદેવી આપ્યું છે. 'सेणिए राया चिल्लणादेवी'

પક્ષકાર ગૌતમસ્વામીનો પરિચય આમ આપવામાં આવ્યો છે. ભગવાન મહાવીર દેવના મ્હોટા શિષ્ય ગૌતમ ગોત્રવાળા, સાત હાથ ઊંચા, સમચોરસસંસ્થાનવાળા, વજ્રઋષભનારાચ સંઘયણવાળા, ઉગ્રતપસ્વી, ઉદાર, ઘોર બ્રહ્મચર્યમાં રહેવાના સ્વભાવવાળા, ચૌદપૂર્વના જ્ઞાતા, અને ચાર જ્ઞાનને પ્રાપ્ત વગેરે.

શ્રી ગૌતમસ્વામી ભગવાનને પ્રશ્નો પૂછવાની શરૂઆત કરે છે, એ વખતના તેમના દિલના ભાવોનું અને વિનયનું જે વર્ણન સૂત્રમાં કરવામાં આવ્યું છે, તેનો સંક્ષેપાર્થ આ છે :–

શ્રદ્ધાપૂર્વક ગૌતમસ્વામી ઉભા થાય છે, ભગવાન મહાવીરસ્વામીની નજદીક આવે છે. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દે છે, વાંદે છે, નમે છે. બહુ પાસે નહિં બહુ દૂર નહિં, એમ

વિનય વડે લલાટે હાથ જોડી, વિનમ્ર થઈ પ્રશ્ન કરે છે.卐[૧]

卐 ૧. અનંતજ્ઞાનના સ્વામી, દેવાધિદેવ, ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાન થયા પછી ત્રણ ભવ પૂર્વે ઉપાર્જિત કરેલ તીર્થંકર નામકર્મનો ઉદય થાય છે. અદ્વિતીય–અતિશયોની મહાસંપત્તિથી પરિપૂર્ણ ભગવાન સમવસરણમાં વિરાજમાન થઈને ભૂત, ભવિષ્ય અને વર્તમાનકાળ સંબંધી મર્ત્યલોક, અધોલોક તથા ઊર્ધ્વલોકમાં રહેલા નવતત્ત્વ સંબંધી કોઈક સમયે પૂછાયેલા અને કોઈક સમયે નહિ પૂછાયેલા તત્ત્વોનું સ્પષ્ટીકરણ કરે છે. ચાર જ્ઞાનનાં સ્વામી અને ભગવંતચરણોપાસક ભગવાન ગૌતમસ્વામી આદિ પોતાના જ્ઞાનની વૃદ્ધિ અર્થે તથા પર્ષદામાં વિરાજમાન ભવ્યજીવોના કલ્યાણ માટે પ્રશ્નો પૂછે છે.

ગણધર ભગવાન શ્રીસુધર્માસ્વામી જેઓ દેવાધિદેવ મહાવીર સ્વામીના શાસનની પાટ પરંપરાના આદ્ય પટ્ટધર મહાપુરૂષ છે. ૧૪ પૂર્વના જ્ઞાતા અને રચયિતા હોવાના કારણે ભગવાન મહાવીર સ્વામીના શ્રીમુખેથી પ્રસારિત દિવ્યજ્ઞાનને સ્વયં કર્ણગોચર કરેલું અને વૈરાગ્યથી પરિપૂર્ણ પોતાના મુખ્ય શિષ્ય શ્રીજંબૂસ્વામીને આપેલું છે, માટે આ ચારે મહાપુરુષો અત્યન્ત પૂજનીય છે, શ્રદ્ધેય છે. અને તેમના વચનો મન–વચન તથા કાયાથી આદરણીય છે, કેમકે અનંત પર્યાયોથી પરિપૂર્ણ દૃશ્યમાન તથા અદૃશ્યમાન પદાર્થોનું વ્યાકરણ (સ્પષ્ટીકરણ) કેવળી ભગવાન વિના બીજો કોણ કરવા સમર્થ છે? કેવળજ્ઞાન પામ્યા વિનાનો મહાપંડિત, મહાવૈરાગી, અને મહાતપસ્વી ગમે તે હોય તો પણ પદાર્થોનું સમ્યગ્જ્ઞાન મેળવી શકે તેમ નથી.

જે એક પદાર્થને પણ સમ્યક્ પ્રકારે ન જાણી શકે, તે

પ્રથમ શતકના પ્રારંભમાં આ મુખ્ય બાબતો છે. હવે પ્રથમ શતકના પહેલા ઉદ્દેશકની શરૂઆતમાં અભિધેય પ્રમાણે ચલન સંબંધી પ્રશ્નોત્તરો શરૂ થાય છે.

મોક્ષતત્ત્વ

આ ઉદ્દેશાના પ્રારંભના બે પ્રશ્નોત્તરોમાં મોક્ષતત્ત્વનું નિરુપણ કરવામાં આવ્યું છે. જો કે ખુલ્લી રીતે એમાં મોક્ષતત્ત્વ નથી દેખાતું, પરંતુ તેનું ઊંડું રહસ્ય મોક્ષતત્ત્વ તરફ લઈ જાય છે.

થતી ક્રિયા એ 'થઈ કહેવાય કે કેમ? એ આ પ્રશ્નનો ઉદ્દેશ છે. આ સંબંધી નવપદો પ્રશ્નમાં પૂછવામાં આવ્યા છે.

૧ ચાલતું હોય તે 'ચાલ્યું' કહેવાય?

૨ ઉદીરાતું હોય તે 'ઉદીરાયું' કહેવાય?

અનંત પદાર્થોને કેવી રીતે જાણશે? કેમકે આ સંસારમાં અનંતાનંત જીવો છે. અનંતાનંત પુદ્ગલ સ્કંધો છે. અસંખ્યાત દ્વીપો છે. અને અસંખ્યાત સમુદ્રો છે. અને એક એક દ્રવ્યમાં અનંત અનંત પર્યાયો છે. તે બધાઓનું સમ્યગ્જ્ઞાન તીર્થંકર પરમાત્માઓને જ હોય છે.

માટે જ ગૌતમસ્વામી, બીજા ગણધરો, પરિવ્રાજકો તથા વિશિષ્ટ જ્ઞાનીઓથી પૂછાયેલા પ્રશ્નોના જવાબો દ્વાદશાંગીમાં સર્વશ્રેષ્ટ દેવદેવેન્દ્રોથી પૂજ્ય શ્રી ભગવતી સૂત્રમાં ગૂંથાયેલા હોવાથી આ સૂત્ર આપણે સૌને માટે વંદનીય છે. જ્ઞાનના સાગરસમા આ સૂત્રમાં દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરિતાનુયોગ અને કથાનુયોગના પાઠમૌક્તિકો પૂર્ણમાત્રામાં જોવા મળશે.

આમાં ઘણા શતકો છે. એક એક શતકમાં અમુક ઉદ્દેશાઓ છે અને પ્રત્યેક ઉદ્દેશામાં ઘણા ઘણા પ્રશ્નો છે.

૩ વેદાતું હોય તે 'વેદાયું' કહેવાય ?
૪ પડતું હોય તે 'પડયું' કહેવાય ?
૫ છેદાતું હોય તે 'છેદાયું' કહેવાય ?
૬ ભેદાતું હોય તે 'ભેદાયું' કહેવાય ?
૭ બળતું હોય તે 'બળ્યું' કહેવાય ?
૮ મરતું હોય તે 'મર્યું' કહેવાય ?
૯ નિર્જરાતું હોય તે 'નિર્જરાયું' કહેવાય ?

આ બધાનો ઉત્તર ભગવાન મહાવીર સ્વામી 'હા' માં આપે છે. અર્થાત્ ચાલતું 'ચાલ્યું' કહેવાય અને ઉદીરાતું 'ઉદીરાયું' કહેવાય, વગેરે.

એ કહેવાની જરૂર નથી કે–ભગવાન મહાવીરનો સિદ્ધાન્ત-જૈન સિદ્ધાન્ત અનેકાન્તવાદ પૂર્ણ છે. કોઈ પણ એક પદાર્થ અનેક પ્રકારની દૃષ્ટિઓથી ભિન્ન ભિન્ન રૂપે જોઈ શકાય છે. અને તે તે દૃષ્ટિએ તે સત્ય હોય છે. ચાલતું હોય તે 'ચાલ્યું' અને ઉદીરાતું હોય તે 'ઉદીરાયું' વગેરે જે કહેવાય છે, એ નિશ્ચયનયની અપેક્ષાએ છે. એશક વ્યવહારનયને અવલંબીને કહેવામાં આવે તો, જ્યાં સુધી તે કાર્ય પૂરું ન થાય ત્યાં સુધી 'ચાલ્યું' 'ઉદીરાયું' વગેરે ન કહેવાય.

ભગવાન મહાવીર સ્વામીના ભાણેજ જમાલીના સિદ્ધાન્તનો આમાં પ્રતિવાદ છે. જમાલીનો સિદ્ધાન્ત એક દૃષ્ટિ માત્રથી જોઈને નિશ્ચય કરાવનારો હતો. બીજી દૃષ્ટિએ જોતાં તે જ વસ્તુ સાચી હોય છે, એ વાતનું ભાન જમાલીએ ન રાખ્યું. એનું પરિણામ એ આવ્યું કે તેણે-મહાવીર દેવના સિદ્ધાન્તથી પૃથક સિદ્ધાન્ત ચલાવ્યો.

એક વખત બિમારીના પ્રસંગે જમાલીએ સાધુઓને સંથારો–પથારી કરવા કહ્યું. થોડીવારમાં સાધુઓને પૂછયું : ‘કેમ સંથારો થયો?’ જો કે સંથારો પૂરો ન્હોતો થયો. છતાં સાધુઓએ કહ્યું કે ‘હા, થયો. જમાલીએ જઈને જોયું તો તે પૂરો થયો ન્હોતો. આથી ક્રુદ્ધ થઈ, ‘કરાતું હોય તે કર્યું કહેવાય,’ એ જિનવચનો ખોટાં છે, એમ પ્રરૂપણા કરી ઘણાઓને પોતાના પંથમાં ભેળવ્યા.

જ્યારે બુદ્ધિમાં વૈપરીત્ય આવે છે, ત્યારે ગમે તેવી સાદામાં સાદી વાત પણ સમજવામાં આવતી નથી. જમાલી જેવા બહુશ્રુતને પણ ન સમજાયું કે–કપડાનો એક છેડો સળગતો હોય છતાં કહી શકાય છે કે–‘અરે, કપડું સળગ્યું.’ કપડું વણાતું હોય, થોડું વણ્યું હોય અને વણનાર કહી શકે છે કે ‘જુઓ કેવું સુંદર કપડું વણ્યું.’ યદ્યપિ અહિં કપડું આખું નથી બળી ગયું, તેમ કપડું આખું નથી વણાઈ ગયું, છતાં એમ ‘બળ્યું’ ‘વણાયું’ જરૂર કહેવાય છે. આ નિશ્ચયનયની અપેક્ષાએ કહેવાય છે. વ્યવહારનયની અપેક્ષાએ તો કાર્ય પૂરું થાય, ત્યારે જ પુરું થયું કહેવાય. પણ આ વાત જમાલીને ન સૂઝી.卐[૨]

卐 ૨. તેને જોવા માટે બે દૃષ્ટિઓ છે. પદાર્થનો સ્વભાવ જ તથાપ્રકારનો હોવાથી જ્ઞાતાનો અભિપ્રાય કોઈક સમયે નિશ્ચયનયથી પદાર્થનો નિશ્ચય કરવાનો હોય છે. જ્યારે બીજા સમયે તે જ પદાર્થનો નિશ્ચય વ્યવહારનયથી કરે છે. માટે જનપદોમાં કરાતો ભાષા વ્યવહાર પ્રાયઃ કરીને અસત્ય નથી હોતો. સાડીનો એક છેડો જ બળી રહ્યો હોય છે, છતાંએ શિક્ષિત કે અશિક્ષિત એકજ અવાજે કહે છે કે–‘સાડી બળી ગઈ,’ અથવા ‘તેં મારી સાડી બાળી નાખી,’ રસોઈ કરવાની

આ પ્રથમ પ્રશ્નોત્તર યદ્યપિ બાહ્યદૃષ્ટિએ જમાલીના મતનું નિરાકરણ કરનાર દેખાય છે. પરન્તુ તાત્ત્વિક દૃષ્ટિએ તે મોક્ષતત્ત્વનું સૂચક પણ છે. કારણ કે શ્રી અભયદેવસૂરિની વૃત્તિમાં કહેવા પ્રમાણે—

શરૂઆત જ થઈ છે, છતાં પણ ધર્મપત્ની પોતાના પુત્ર સાથે કહેવડાવે કે રસોઈ તૈયાર થઈ ગઈ છે. જમીને જજો.'

આ પ્રમાણે તથા આના જેવા બીજા ભાષા વ્યવહારોને આપણે (જેમાં તાર્કિકો, વિતંડાવાદિઓ તથા જલ્પ હેત્વાભાસ છળ, જાતિ અને નિગ્રહસ્થાન દ્વારા મોક્ષની કલ્પના કરનારાઓ) બધાએ સત્ય સ્વરૂપે માનીએ છીએ અને તે પ્રમાણે વ્યવહાર કરીએ છીએ.

મૂળ વાત આ છે કે કોઈપણ ઉત્પાદ્ય કાર્યને માટે નિમિત્ત કારણો બરાબર ગોઠવાઈ ગયા હોય, તથા તે કાર્ય માટેનું ઉપાદાન કારણ પણ યથાયોગ્ય તૈયાર હોય તો કાર્યના પ્રારંભકાળમાં જ પ્રત્યેકને વિશ્વાસ રહે છે કે "કાર્ય થઈ ગયું" માટે કરતું 'કરાયું,' બળતું 'બળાયું'. આ પ્રમાણે જ સર્વત્ર બોલાય છે. અને આવા પ્રકારનો ભાષાવ્યવહાર નિશ્ચયનયથી સત્ય મનાય છે. જ્યારે આ જ વાતને વ્યવહાર-નય બીજા પ્રકારે કહે છે. કાર્યની પૂર્ણતાને પામેલો ઘડો જ્યારે પાણી ભરવાના કામમાં આવે. વણાઇ ગયેલું કપડું દરજીને ત્યાં દેવા માટે કામમાં આવે અને સરસ રીતે સીવાઈ ગયેલું કપડું પહેરવા માટે કામમાં આવે ત્યારે જ કામ થયું એમ કહેવાય છે.

આ પ્રમાણે ઉત્પાદ્ય કાર્યમાં બન્ને દૃષ્ટિઓ સત્ય સ્વરૂપે સમાયેલી હોવાથી સ્થુલ બુદ્ધિના માલિકને તથા પૂર્વ ગ્રહથી ગ્રસ્ત આત્માને ધ્યાનમાં ન આવે તેથી કરીને પદાર્થોના સ્વરૂપોનો અને તેમને જોવાની અલૌકિક દૃષ્ટિઓનો દોષ નથી.

ચાર પુરુષાર્થમાં 'મોક્ષ' નામનો પુરુષાર્થ મુખ્ય છે, અને એ મોક્ષનાં સાધનો સમ્યગ્દર્શનાદિ છે મોક્ષના વિપક્ષનો વિરુદ્ધ પક્ષનો ક્ષય થવાથી મોક્ષ થાય આ વિપક્ષ તે કર્મોનો બંધ છે તે કર્મોના ક્ષય નિમિત્તો 'चलमाणे चलिये' 'ઈત્યાદિ પદ કહ્યા છે. અર્થાત્ આ આદિનું સૂત્ર કર્મક્ષયનું સૂચક છે, અને તેથી જ તેને પ્રથમ મૂકવામાં આવ્યું છે. 'ચલમાણે' એમાં ચલત્-સ્થિતિના ક્ષયથી ઉદયમાં આવતું, વિપાકરૂપ (ફલનું દેવું) પરિણામ માટે અભિમુખ થતું જે કર્મ, તે કર્મ 'चलितम्' એટલે 'ઉદયમાં આવ્યું,' એ પ્રમાણે વ્યપદેશ થાય છે. કર્મ પુદ્ગલોના પણ અનંત સ્કન્ધો, અનંત પ્રદેશો છે, તેથી તે અનુક્રમે-પ્રતિ સમયે જ ઉદયમાં આવ્યા કરે છે, અર્થાત્ ચાલ્યા કરે છે. એમાં જે પ્રારંભનો 'ચલન' સમય છે. તે સમયમાં ચાલતાં કર્મને 'ચાલ્યું' એમ કહેવાય.

આ દૃષ્ટિએ આ પ્રશ્નોત્તરમાં 'મોક્ષતત્ત્વ' રહેલું છે. એમ કહી શકાય છે. 卐[3]

卐[3]. मिथ्यादर्शनाविरतिप्रमादकषाययोगाः बन्धहेतवः । ઉપરના પાંચે કારણો અથવા પાંચમાંથી એક એક કારણ પણ કર્મોનું બંધન કરાવનાર છે. મિથ્યાદર્શનનાં ક્ષયોપશમ તથા ઉપશમ કરવાની શક્તિ (કરણ-લબ્ધિ) જ્યાંસુધી આત્માને પ્રાપ્ત નથી થતી ત્યાંસુધી કોઈ પણ જીવાત્માને આત્મદર્શનનો લાભ મળતો નથી. આવી સ્થિતિમાં—

૧. અવિરતિ—(પાપસ્થાનકોના ત્યાગનો અભાવ.)

૨. પ્રમાદ—(વૈષયિકી ભાવના, વિકથા કરવાનું કુતૂહલ, આહાર સંજ્ઞાની લાલસા, સ્વપ્નશીલતા તથા માદક પદાર્થોનું સેવન.)

૩. કષાય—(અનંતાનુબંધી ક્રોધ, માન. માયા તથા લોભનો ઉદય અથવા ઉદીરણા કરવા માટેની તૈયારી).

૪. યોગ—(મન વચન, કાયાની વક્રતા) ઉપરના ચારે ભાવો મિથ્યાત્વમોહનીય કર્મના સદ્‌ભાવમાં નિયમા વિદ્યમાન હોય જ છે. જેનાથી પ્રતિસમયે કર્મબંધન ચાલુ જ રહે છે.

માનસિક જીવન ઉપર સુસંસ્કારો જ્યારે દૃઢીભૂત નથી થતા ત્યારે બાહ્યજીવન સભ્ય દેખાવા છતાં પણ આન્તરિક જીવનમાં કૃષ્ણલેશ્યા, નીલ લેશ્યા અને કાપોતલેશ્યાનું જોર ઘટતું નથી. આવી પરિસ્થિતિમાં જેમ જુદા જુદા નિમિત્તોને લઈને જુદા જુદા કર્મોનો પ્રવાહ આત્મામાં અવિરત ચાલુ જ હોય છે. તેવી રીતે બંધાયેલા કર્મો પોતાની સ્થિતિ (મર્યાદા)નો ક્ષય થયે છતે ઉદયા વલિકામાં પ્રવિષ્ટ થયા છતાં પ્રથમ સમયથી જ ચાલવા માંડે છે અને ચાલવા માંડેલા કર્મો 'ચાલ્યા.' આમ નિશ્ચયનયનો આશ્રમ લઈને કહી શકાય છે.

ઉદીરણાનો અર્થ આ પ્રમાણે છે. ભવિષ્યના લાંબા કાળે ઉદયમાં આવનારા કર્મદલિકોને સદ્‌ધ્યાન, સ્વાધ્યાય, તથા સાત્ત્વિક તપશ્ચર્યાના બળે આત્માના વિશિષ્ટ અધ્યવસાયોથી ખીંચીને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવવા. જૈન શાસનમાં આત્માની તેવી વિશેષ શક્તિને ઉદીરણાના નામે સંબોધાય છે.

સત્યાર્થ આ છે કે જેમ એક માણસ અશુભ અને અશુદ્ધ વિચારધારાઓથી પ્રતિસમયે કર્મદલિકોને પોતાના આત્માના પ્રદેશોમાં ભેગા કરતો જાય છે. જ્યારે બીજો માણસ સમ્યગ્દર્શનની શુદ્ધિ દ્વારા, અષ્ટ પ્રવચન માતાના પાલન દ્વારા તથા રાગ, દ્વેષ, કષાય વિકથા આદિ પ્રમાદથી દૂર રહેનારો તથા મન, વચન, કાયાને પ્રતિક્ષણે પરમાત્માના ધ્યાનમાં લીન કરનારો ભાગ્યશાળી પોતાની શુભ અને શુદ્ધ

આત્માની વિચારધારાઓ વડે પ્રતિસમયે બાંધેલા કર્મોને જે લાંબાકાળે ઉદયમાં આવનાર હતા તેમને ખપાવતો જ જાય છે. આત્માથી અસંયમિત માનસિક બળ કર્મોને ઉપાર્જન કરવામાં કારણ બને છે. જ્યારે જ્ઞાન, દર્શન, ચારિત્ર સંપન્ન આત્માથી સંયમિત બનેલું મન કર્મોના નાશ માટે હોય છે. માટે જ કહ્યું છે કે–'मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः' માણસોનું મન જ બંધ અને મોક્ષનું કારણ છે.

બાંધેલા કર્મોનો ઉદય બે પ્રકારે થાય છે.

૧. અમુક સમયની મર્યાદા સુધીનાં કર્મો પોતાનો સમય પૂરો થતાં પોતાની મેળે ઉદયમાં આવે છે.

૨. વૈરાગ્ય પૂર્ણ જીવન જીવનારો અને ઈશ્વરના ધ્યાનમાં તથા તેમની આજ્ઞામાં મસ્ત બનનારો ભાગ્યશાળી આત્મા પોતાના સદ્ધ્યાન દ્વારા ઉદીરણાકરણથી મર્યાદા પહેલા પણ ઘણા અનિકાચિત કર્મોને ઉદયમાં લાવીને અર્થાત્ કર્મોના ફળોને ભોગવ્યા વિના જ કર્મોના પ્રદેશોને ખપાવી શકે છે. આ બન્ને પ્રકારે વેદાતા કર્મોને 'વેદાયા' કહેવામાં નિશ્ચયદૃષ્ટિએ વાંધો નથી.

દૂધ અને સાકરની માફક એકાકાર થયેલાં કર્મો પોતાની મેળે અથવા ઉદીરણાને લઈને આત્મપ્રદેશોથી ખરી પડવાની–છૂટાં થવાની શરૂઆત જ્યારે કરે ત્યારે કર્મો છૂટાં થયા કહી શકાય છે.

'छेदातुं होय ते छेदायुं' એટલે દીર્ઘકાળ સુધીની મર્યાદાવાળા કર્મોને 'અપવર્તના' નામની કરણશક્તિવડે ઓછી સ્થિતિ (સમય મર્યાદા) વાળા કરવા તેને છેદન ક્રિયા કહેવાય છે.

અપ્રમત્ત અવસ્થાને લઈને આત્મામાં એક એવી અજોડ શક્તિ આવે છે, જેને લઈને દીર્ઘકાળના કર્મોને ઓછા કાળની મર્યાદામાં લાવી શકાય છે. તે પ્રમાણે અશુભ કર્મોમાં

જે તીવ્ર રસ (કર્મોની ફળ દેવાની તીવ્રતા) હતો. તેને પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત દુષ્કૃત્યોની વારંવાર આલોચનાથી તીવ્ર-રસવાળાં કર્મો પણ 'અપવર્તના' કરણથી મન્દરસવાળા કરાય છે. અને મન્દરસવાળાં કર્મો 'ઉદ્વર્તના' કરણથી તીવ્રરસવાલા પણ બની જાય છે.

તાત્પર્ય એ છે કે–શુભ અને શુદ્ધ ભાવનામાં રહેવાવાળો આત્મા પ્રતિ સમયે શુભ કર્મો તો બાંધે જ છે. સાથે સાથે શુભ ભાવનાને લઈને પહેલાના બાંધેલા અશુભ કર્મોનો રસ પણ મન્દ કરતો જાય છે. અને ભાવનાનો રંગ જો તીવ્ર બની જાય તો અશુભ કર્મોના મૂળીયા પણ કાપતો જાય છે. તેનાથી વિપરીત હિંસા, જૂઠ, પ્રપંચ, વ્યભિચાર, પરિગ્રહ આદિ અશુભ ભાવનામાં રાત–દિન મસ્ત રહેનારો આત્મા પ્રતિ સમયે અશુભ (પાપ) કર્મોનો સંગ્રહ કરતો રહે છે. સાથે સાથે પહેલાના બાંધેલા શુભ (પુણ્ય) કર્મોને પણ અશુભ કરે છે.

'બળતું બળાયું' એટલે અગ્નિવડે દગ્ધ થયેલા લાકડા કાષ્ટરૂપને છોડીને જેમ ભસ્મરૂપે થાય છે, તેમ શુભ ધ્યાન તથા શુદ્ધ ધ્યાનરૂપી અગ્નિવડે કર્મરૂપી ઢગલાબંધ કષ્ટસમૂહ પણ ખાખ થઈ જાય છે.

'મરતું મરાયું' એટલે આવીચિક મરણવડે આ જીવાત્મા જન્મના પ્રથમ સમયથી પોતાના આયુષ્યકર્મનાં દલિકોને ભોગવી રહ્યો છે. અને ૭૦ વર્ષની ઉમરે કર્મનો છેલ્લો અંશ ભોગવીને તે માણસ મરણ પામે છે.

વ્યવહારનયે ભલે આપણે કહીએ કે આ માણસ ૭૦ મા વર્ષે મર્યો, પરન્તુ આ કર્મના દલિકો બધા એકી સાથે ૭૦ મા વર્ષે જ નથી ભોગવાતા, પણ જન્મથી લઈને પ્રતિ સમય ભોગવાતાં કર્મદલિકો ૭૦ મા વર્ષે પૂરા થાય છે. આ પ્રમાણે બાંધેલું આયુષ્ય કર્મ પ્રતિક્ષણ ક્ષય પામતું હોય છે.

પરવશતાને લઈને ઈચ્છા વિના ભૂખ, તરસ, સહન કરવાં પડે છે, બ્રહ્મચર્ય પાળવાની મુદ્દલ ઇચ્છા નથી, છતાં સંજોગો નહિ મલવાથી બ્રહ્મચર્ય ફરજીયાત પાળવું પડે છે, ઈત્યાદિ વગર ઈચ્છાએ જે હાડમારીઓ ભોગવવી પડે છે, તે કારણોથી પણ કર્મો ક્ષય પામતાં જાય છે. તે અકામ નિર્જરા કહેવાય છે.

જ્યારે ગુરુ–ઉપાસના ધર્મ–શ્રવણ, જ્ઞાન, વિરતિ તથા પ્રત્યાખ્યાન આદિ ધાર્મિક કૃત્યો પ્રત્યે અત્યંત શ્રદ્ધાળુ માણસ પોતે પરવશ કે દરિદ્ર હોવા છતાં પણ જ્ઞાન અને વિવેક પૂર્વક ભૂખ પ્યાસ વગેરે બધી હાડમારીઓ સમતાથી સહન કરશે. અકૃત્યોને સમજીને છોડી દેશે. અને પોતાના આત્મધર્મમાં સ્થિર થઈને પૂર્વ ભવના પાપો અને અંતરાયોને હસ્તે મુખે ભોગવશે, તે સકામનિર્જરા કહેવાય છે. તથા પૈસે ટકે સુખી માણસો પણ ભોગ્ય તથા ઉપભોગ્ય પદાર્થોમાં જાણી બુઝીને મર્યાદા કરશે. તથા ઢગલાબંધ બંધાતા નિરર્થક પાપોને અનર્થદંડ વિરમણવ્રત દ્વારા રોકવાનો ભાવ રાખશે, અને તેમ કરીને હિંસક ભાવમાંથી અહિંસક ભાવમાં દુષ્કૃત્યોને છોડી સંયમ ભાવમાં તથા ભોગ વિલાસોને મર્યાદિત કરીને ત્યાગ તથા તપો ધર્મ પ્રત્યે અનુરાગી બનશે તે ભાગ્યશાળીઓ પણ સકામ નિર્જરાના સ્વામી બનીને પોતાનું આત્મકલ્યાણ સાધવા માટે સમર્થ બનશે.

ઉપર પ્રમાણેના નવે પદોમાં ભિન્ન ભિન્ન વ્યંજનો અને સ્વરો હોવા છતાં તે સમાનાર્થ છે? કે ભિન્નાર્થ છે? આના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે—

૧. ચાલતું હોય તે ચાલ્યું.
૨. ઉદીરાતું હોય તે ઉદીરાયું.
૩. વેદાતું હોય તે વેદાયું.
૪. પડતું હોય તે પડ્યું.

ઉત્પાદ નામના પદાર્થને કહેવાવાળા ઉપરના ચારે પદો સમાન અર્થવાલા છે અને તે ઉત્પાદ પર્યાય પણ કેવળજ્ઞાન જ હોઈ શકે કેમકે :–

અનંત સંસારમાં ભટકતાં જીવાત્માએ કોઈ કાળે પણ કેવળજ્ઞાન નામનો પદાર્થ મેળવ્યો નથી. માટે જ કર્મોનો નાશ થયે કેવળજ્ઞાન અને મોક્ષપ્રાપ્તિ આ બે ફળો પ્રાપ્ત થાય છે. અને તે કર્મોનાં નાશમાં આ ચારે પદો સમાનાર્થ આ પ્રમાણે છે. પોતાની સ્થિતિ ક્ષય થયે કર્મો પોતાના સ્થાનથી ચાલે છે, એટલે ઉદયમાં આવે છે. ઉદયમાં આવલા કર્મો ભોગવાય છે, અને ભોગવાયેલા કર્મો આત્મપ્રદેશથી સર્વથા છૂટા પડે છે.

જ્યારે પાછળના પાંચે પદો ભિન્નાર્થ આ પ્રમાણે છે, 'छेदातु छेदायु' આ પદમાં સ્થિતિબંધની વિચારણા છે, કેમકે સયોગી કેળવી પોતાના અંતકાળે યોગનિરોધ કરવાની ઇચ્છાથી વેદનીય, નામ અને ગોત્ર કર્મની દીર્ઘ સ્થિતિને અપવર્તના કરણથી અન્તર્મુહૂર્તની કરી લે છે. 'भेदातु भेदायु' આમાં રસબંધની વિચારણા છે. જે સમયે સ્થિતિઘાત કરાય છે, તે જ સમયે રસઘાત પણ કરે છે. 'બળતું બળાયું' આમાં પ્રદેશબંધની વિચારણા છે. 'मरतु मरायु' આમાં આયુષ્કર્મની વિચારણા છે. અને છેલ્લા પદથી બધાએ કર્મોની નિર્જરાની વિચારણા છે.

આ પ્રમાણે પાંચે પદોમાં ભિન્ન ભિન્ન અર્થ રહેલો હોવાથી ભિન્નાર્થ કહેવાય છે.

卐

મોક્ષતત્ત્વનું નિરુપણ કર્યા પછી ત્રીજા પ્રશ્નથી જીવોના સંબંધમાં વર્ણન કરવામાં આવ્યું છે, હવે જીવોના ચોવીસ ભેદ ગણાવવામાં આવે છે :—

૧ નૈરયિક	૧ પંચેન્દ્રિય તિર્યંચ
૧૦ અસુરકુમારાદિ	૧ મનુષ્ય
૫ પૃથ્વીકાયાદિ	૧ વ્યન્તર
૩ ત્રીન્દ્રિયાદિ	૧ જ્યોતિષ્ક
	૧ વૈમાનિક

એ પ્રમાણે જીવો ૨૪ ભેદો હોઈ, આ દરેક માટે પ્રશ્નોત્તરો આપવામાં આવ્યા છે. દાખલા તરીકે નૈરયિક.

નૈરયિકની સ્થિતિ કેટલા કાળની છે ? નૈરયિકો કેટલા કાળે શ્વાસ લે છે? શું નૈરયિકો આહારાર્થી છે ? નૈરયિકો વડે કેટલા પ્રકારના પુદ્ગલો લેવાય ? નૈરયિકો કેટલા પ્રકારના પુદ્ગલોનો ચય કરે ? કેટલા પ્રકારના પુદ્ગલોની ઉદીરણા કરે ? વગેરે અનેક પ્રશ્નોત્તરો નૈરયિકો સંબંધી છે. 卐[૪]

卐[૪]. સૂક્ષ્મ નિગોદથી લઈને ઇન્દ્રપદ સુધીનાં અનંતાનંત જીવો ૨૪ દંડકમાં પ્રવેશ પામેલા છે. दण्डयते जीवोऽस्मिन्ननेन वा इति दण्डकः । આમાં સૌથી પ્રથમ નરકસ્થાનીય નારકી જીવોને માટેના પ્રશ્નો છે, અને જવાબો છે, આ અને આવા પ્રકારના પ્રશ્નોત્તરોથી એ નિષ્કર્ષ નીકળે છે કે નરકાદિ ભૂમિઓ અનાદિકાળથી છે અને તેમાં જવાવાળા જીવો પણ અનાદિકાળથી અનંતકાળ સુધી છે. ગમે તે ક્ષેત્રથી ચારે ગતિઓમાં જવાવાલા અને ચાર ગતિઓમાંથી નિકળીને પાછા ચારે ગતિઓમાં રખડપટ્ટી કરનાર જીવો પણ છે. કોઈ કાળે પણ

આવીજ રીતે અસુરકુમાર અને નાગકુમાર સંબંધી, આવી રીતે પૃથ્વીકાયિકાદિ સંબંધી–પૃથ્વીકાયિક જીવોની સ્થિતિ, શ્વાસ, આહાર, આહારનો સમય વગેરે સંબંધી બાબતો છે. આમ બે ઈન્દ્રિય, ત્રીન્દ્રિયાદિ, મનુષ્યાદિ વાણવ્યન્તરાદિના ધર્મોસંબંધી પ્રશ્નોત્તર થયા પછી 'આત્માર્ંભાદિ' નું નિરુપણ કરવામાં આવ્યું છે.

સંસારનો સર્વથા નાશ જૈનશાસનને માન્ય નથી. તેમજ આ સંસારને કોઈ ઉત્પન્ન કરનાર છે એ માન્યતા પણ જૈન શાસનની નથી.

નરક શબ્દનો અર્થ ટીકાકાર આમ કરે છે, "ચાલ્યું ગયું છે ઈષ્ટફળ દેવાવાલું કર્મ જે સ્થાનમાંથી" તે નરકભૂમિ કહેવાય છે. આ ભૂમિમાં ઉત્પન્ન થવા વાલા જીવો 'નારક' અથવા 'નૈરયિક' કહેવાય છે.

અસંખ્યાતા જીવો સાથે વૈર, ઝેર, પાપકર્મ ચૌર્યકર્મ મૈથુનકર્મ તથા રૌદ્ર ધ્યાનથી કરેલી હિંસા વગેરે નિકૃષ્ટતમ પાપોને ભોગવવા માટેનું આ સ્થાન છે. આવા પ્રકારના પાપકર્મી આત્માને સુખ કયાંથી હોય ? નારક જીવ નરકમાં કેટલા કાળ સુધી રહે ? તેનો જવાબ.

ઉત્કૃષ્ટ સ્થિતિ			જઘન્ય સ્થિતિ	
૧	સાગરોપમ	— પહેલી નરક ભૂમિમાં	૧૦ હજાર	વર્ષ
૩	,,	— બીજી નરક ભૂમિમાં	૧	સાગરોપમ
૭	,,	— ત્રીજી નરક ભૂમિમાં	૩	,,
૧૦	,,	— ચોથી નરક ભૂમિમાં	૭	,,
૧૭	,,	— પાંચમી નરક ભૂમિમાં	૧૦	,,
૨૨	,,	— છઠ્ઠી નરક ભૂમિમાં	૧૭	,,
૩૩	,,	— સાતમી નરક ભૂમિમાં	૨૨	,,

આત્મારંભાદિ

આત્મારંભ એ વસ્તુ છે કે-જીવોની આશ્રવ દ્વારે પ્રવૃત્તિ થવી તે. તેમાં આત્માને જે આરંભે-(જીવને ઉપઘાત-ઉપદ્રવ થાય તે.) અથવા આત્મા વડે સ્વયં આરંભ કરે તે આત્મારંભી કહેવાય. અને પરને અથવા પરવડે જે આરંભ કરે તે પરારંભી કહેવાય.

અહિં, શું જીવો આત્મારંભ છે? પરારંભ છે? તદુભયારંભ છે કે અનારંભ છે? આ સંબંધી ઘણોજ સુંદર વિચાર કરવામાં આવ્યો છે. તે પછી નૈરયિકોના આત્મારંભાદિ ભેદો વર્ણવવામાં આવ્યા છે. 卐[૫]

આંખના પલકારાના સમય જેટલું પણ જેમને સુખ નથી તેવા નારકો અત્યન્ત દુઃખી હોવાના કારણે સતત શ્વાસ, નિશ્વાસ લે છે અને મૂકે છે. અતિતીવ્ર ક્ષુધા વેદનીય કર્મના કારણે પ્રતિસમયે નારક જીવો જે આહાર લે છે, તે અનાભોગિક આહાર કહેવાય છે. અને ઇચ્છાપૂર્વક 'હું આહાર કરું' તે આહાર અન્તર્મુહૂર્તે લે છે, જે આભોગિક આહાર કહેવાય છે.

આ બધી બાબતો વિસ્તારપૂર્વક જાણવા માટે પ્રજ્ઞાપના સૂત્રથી જાણવી. એમ ટીકાકાર કહે છે. નારક જીવોની જેમ અસુરકુમાર, નાગકુમાર, તથા પૃથ્વીકાયાદિ જીવોની આયુષ્યમર્યાદા, આહારાભિલાષા વગેરે પ્રકરણ ગ્રન્થોથી જાણી લેવી.

卐 ૫. અનાદિકાળથી આશ્રવતત્ત્વને સેવનારા જીવાત્માના માનસિક વાચિક અને કાયિક વ્યાપારમાં સંરંભ, સમારંભ તથા આરંભ નામનો આશ્રવ ઉદયકાળે પ્રવર્તતો જ હોય છે.

મનમાં સદૈવ ક્રોધ, માન, માયા અને લોભ સંબંધી કાષાયિક વિચારોની વર્તનાને સંરંભ કહેવાય છે. મનની કાષાયિક ભાવનાઓથી પ્રેરાઈને બીજા જીવના ઘાત માટે તથા પોતાના અધઃપતન અને આત્મહનન માટે તેવા પ્રકારના શસ્ત્રાદિ તથા કુસંગ–અસદાચાર વગેરેની સામગ્રી ભેગી કરવી તે સમારંભ છે. અને જીવ હત્યા કરવી તે આરંભ છે. આ ત્રણે આશ્રવો કૃત, કારિત અને અનુમોદિત રૂપે ૩×૩=૯ પ્રકારે થયા. મન–વચન–કાયાના ૩ ભેદ વડે ગુણતાં ૯×૩=૨૭ પ્રકારો થયા. તેને ક્રોધ, માન, માયા અને લોભવશ સેવવાં તેથી ૨૭ ને ૪ ગુણતાં ૨૭×૪=૧૦૮ ભાગે આશ્રવતત્વ જૈનશાસનને માન્ય છે. માળાના ૧૦૮ મણકાનો આશય એ જ કે એક એક મણકે આપણને સૌને ૧૦૮ પ્રકારે આશ્રવ-તત્વ સ્મૃતિમાં રહી શકે જેથી આશ્રવ હેય જ હોય છે. આ વાત યાદ રૂપે બની શકે કેમકે :– આશ્રવો ભવહેતુઃ સ્યાત્ આશ્રવ સંસાર વૃદ્ધિનું કારણ છે.

'બુદ્ધિઃ કર્માનુસારિણી' આ ન્યાયે દુર્બુદ્ધિના વશવર્તી આત્માનો સશક્ત બનેલો માનસિક વ્યાપાર આ જીવાત્માને બળજબરીથી આરંભમાં જોડે છે, તથા દુર્ભવ્ય અથવા આવતાં ભવનો નરકગતિનો અધિકારી આત્મા પોતે જ જાણીબુઝીને આરંભ કાર્યોમાં સપડાય છે. ત્યારે જ 'હું તો નરકમાં જઈશ પણ તને તો જીવતો નહિ જ રહેવા દઉં' 'હું ભલે ભિખારી બની જાઉં પણ તને તો સૌથી પહેલા પાયમાલ કરીને છોડીશ.' આવા પ્રકારની હિંસક અને રૌદ્રીભાવના ઉદયકાળે પ્રાયઃકરીને પ્રવર્તતી જ હોય છે.

પ્રશ્નના જવાબનો સારાંશ આ છે કે—મુક્તિગત જીવોને

જ્ઞાનાદિના ભેદ

આ પછી જ્ઞાનાદિ સંબંધી પ્રશ્નોત્તરો પણ વિચારવા લાયક છે. જ્ઞાન, દર્શન (સમ્યક્ત્વ) અને ચારિત્ર એ ત્રણરત્નો ઐહભવિક, પારભવિક, તદુભયભવિક છે ? આ પ્રશ્ન છે. તેમાં *જ્ઞાન અને દર્શનને ઐહભવિક, પારભવિક અને તદુભયભવિક* બતાવવામાં આવ્યા છે. જ્યારે ચારિત્રને ઐહભવિક બતાવવામાં આવ્યું છે. પારભવિક કે તદુભયભવિક નહિ. અને ચારિત્રની માફક તપ અને સંયમ પણ બતાવ્યાં છે.

કર્મોનો વ્યાપાર નહિ હોવાથી તેઓ અનારંભી છે. જ્યારે સંસારવર્તી જીવાત્માઓ–જેઓએ અપ્રમત્ત અવસ્થા સ્વીકારી છે, એટલે કે પોતાની આત્મિક વિચારધારાઓમાંથી રાગ–દ્વેષ, વિષય–વાસના, રાજકથા, દેશકથા, ભોજન કથા, સ્ત્રી-કથા તથા કાષાયિક ભાવોનો જેમણે ક્ષયોપશમ કરી નાખ્યો છે, અથવા ઉદયમાં આવતાં તે ભાવોને ઉત્કૃષ્ટ સ્વાધ્યાયબળ, ધ્યાનબળ, તથા તપોબળથી દબાવી દીધા છે, તેઓ પણ અનારંભી છે. અને પ્રમત્ત હોવા છતાં પણ જેઓ ગુરુકુલ-વાસમાં રહીને શુભ ભાવ દ્વારા ઉપયોગવંત થઈને શુદ્ધ અનુષ્ઠાનોમાં સદા રત રહે છે. તેઓ પણ અનારંભી છે.

જ્યારે સંયમધારી હોવા છતાં પણ જેમનાં મન, વચન અને કાયા રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવના માલિક બનીને અશુભવૃત્તિઓ તથા પ્રવૃત્તિઓ આદરે છે, ત્યારે તેઓ આત્મારંભી, પરારંભી અને ઉભયારંભી જ બને છે, પણ અનારંભી બની શકતા નથી. દ્રવ્યવિરતિનો સ્વામી બન્યા પછી પણ જ્યાં સુધી સાધક ભાવવિરતિ (ભાવસંયમ) તરફ પ્રયાણ કરતો નથી, ત્યાં સુધી સરંભ સમારંભ અને

ઐહભવિક, પારભવિક અને તદુભયભવિક–એ શું છે, એ જરા જાણી લેવું જોઈએ.

ઐહભવિક—જે જ્ઞાન માત્ર આ ભવની અંદરજ રહી શકે તે.

પારભવિક—જે જ્ઞાન, ચાલુભવ પછી થવાવાળા બીજા ભવમાં પણ સંહચરપણે રહી શકે તે.

તદુભયભવિક—તદુભયભવિક જ્ઞાનનો અર્થ જો, આ ભવ અને આગામી ભવ–એ બન્ને ભવમાં સહચરપણે રહે તે, એમ કરવામાં આવે તો, તદુભયભવિક જ્ઞાન પરભવમાં વર્તવાવાળા જ્ઞાનથી જૂદું નથી થતું, અને તેટલા માટે અહિં તદુભયભવિકજ્ઞાન કહેવામાં આવે છે.

આમાં જ્ઞાન અને દર્શન (સમ્યક્ત્વ)ને ઐહભવિક, પારભવિક અને તદુભયભવિક બતાવવામાં આવ્યા છે. કારણ કે તે બન્ને વસ્તુઓ આ ભવમાં પ્રાપ્ત કરેલી, તે આગામી-ભવોમાં આત્માની સાથે જઈ શકે છે. પરંતુ ચારિત્ર સાથે જતું નથી. કારણ કે જે ચારિત્ર આ ભવમાં સ્વીકારવામાં આવે છે, તેજ ચારિત્રવડે બીજા ભવમાં ચારિત્રવાળા થવાતું નથી. આ ભવમાં સ્વીકારેલું ચારિત્ર યાવજ્જીવ સુધીને જ માટે

આરંભના વિચારોથી તથા પ્રવૃત્તિઓથી મુક્ત બની શકતો નથી. સંપૂર્ણ આરંભોને કરાવનાર અવિરતિ હોય છે. માટે જ એકેન્દ્રિયાદિ જીવોથી લઈને બધાએ જીવો તારતમ્ય જોગે આરંભવાલા હોય છે.

કૃષ્ણ. નીલ અને અપોત લેશ્યાવાલા જીવો ભાવસંયત અર્થાત્ ભાવનિક્ષેપે વિરતિધર નહિ હોવાના કારણે આત્મારંભી, પરારંભી અને તદુભયારંભી જ હોય છે, પણ અનારંભી નથી હોતા.

હોય છે. બીજું એ પણ વિચારણીય છે કે–સર્વવિરતિ કે દેશવિરતિ ચારિત્રવાળાની ગતિ 'દેવલોક' કહી છે, જ્યારે દેવલોકમાં તો 'વિરતિ'નો–ચારિત્રનો અભાવ છે. કદાચ કોઈ ચારિત્રધારી મોક્ષમાં જાય, તો ત્યાં પણ ચારિત્રનું કંઈ પ્રયોજન નથી. કારણ કે સિદ્ધે નો વિરત્તી અર્થાત્ ચારિત્ર ક્રિયારૂપ હોવાથી અને મોક્ષમાં શરીરનો અભાવ હોવાથી ત્યાં અનુષ્ઠાનરૂપ ચારિત્રનો યોગ જ નથી.卐[૬]

卐

અસંવૃત સંવૃત અણગાર

આ પછી અસંવૃત અને સંવૃત અણગારના સંબંધમાં કેટલાક પ્રશ્નોત્તરો છે.

અસંવૃત અણગાર એટલે કર્મને આવવાનાં દ્વારો. આશ્રવદ્વારોને ન રોકે, તે અસંવૃતસાધુ કહેવાય. અને જે આશ્રવદ્વારોને રોકે છે–તે સાધુ સંવૃતસાધુ કહેવાય. આ અસંવૃત અને સંવૃતસાધુ સિદ્ધ થાય, બોધ પામે, સંસારથી

卐 ૬. આ ભવમાં પ્રાપ્ત કરેલું સમ્યગ્જ્ઞાન આવતાં ભવમાં સાથે ન જાય તે ઐહભવિક કહેવાય છે. ભવાન્તરમાં પણ સાથે જાય તે પારભવિક કહેવાય છે. અને ત્રણ ચાર ભવો સુધી જ્ઞાન–સંસ્કારો બન્યા રહે તે ઉભયભવિક કહેવાય છે. આ પ્રમાણે સમ્યગ્દર્શન પણ જાણવું. જ્યારે દેશવિરતિ અને સર્વવિરતિ ચારિત્ર આ વર્તમાન ભવ પૂરતું જ હોય છે. કેમકે બન્ને પ્રકારની વિરતિમાં રહેનાર ભાગ્યશાલી દેવગતિમાં જ જાય છે. જ્યાં વિરતિ (વ્રત–નિયમ–પચ્ચક્ખાણ) હોતી નથી. તેમ જ અશરીરી–સિદ્ધાત્માને પણ ચારિત્ર હોતું નથી. આ પ્રમાણે તપશ્ચર્યા પણ ઐહભવિક હોય છે.

મૂકાય, નિર્વાણ પામે, સર્વ દુઃખોનો અંત કરે ? એ પ્રશ્ન છે. ભગવાન્ અસંવૃત સાધુને માટે નિષેધ કરે છે, જ્યારે સંવૃત સાધુને માટે હા ભણે છે.

અસંયતભાવ

છેવટે અસંયત જીવના સંબંધમાં પ્રશ્નોત્તર છે. અસંયત એટલે અસાધુ અથવા સંયમ રહિત પ્રાણાતિપાતાદિની વિરતિથી રહિત આવો અસંયત જીવ અહિંથી ચ્યવીને દેવ થાય ? આ મુખ્ય પ્રશ્ન છે.

ભગવાન્ આના ઉત્તરમાં કેટલાક દેવ થાય, અને કેટલાક ન થાય, એમ કહે છે. અને તેમાં કારણ એ બતાવે છે કે– જે જીવો ગામ, નગર, આકર આદિમાં અકામ તૃષ્ણા, અકામ ક્ષુધા, અકામ બ્રહ્મચર્ય અકામ ટાઢ–તડકો, ડાંસ–મચ્છર વગેરેના દુઃખોને સહન કરે છે, આત્માને કલુશિત કરે છે, તેઓ મરીને વાણવ્યન્તરાદિ દેવલોકના કોઈ પણ દેવલોકમાં ઉત્પન્ન થાય અર્થાત્ સાધુ નહિ હોવા છતાં સંયમ રહિત જીવન ગાળવા છતાં પણ જો એવાં અકામ કષ્ટોને સહન કરે, તો તે વાણવ્યન્તર દેવ થઈ શકે છે. જ્યાં જઘન્યથી દશ હજાર, અને ઉત્કૃષ્ટથી પલ્યોપમની આયુ મર્યાદા છે. 卐[૭]

---

૭. સારાંશ કે આશ્રવ અને સંવર આ બે તત્વો વડે જ જીવાત્મા સંસાર સાથે બંધાય છે. અને સંસારથી મુક્ત થાય છે. માટે જ "आश्रवो भवहेतुः स्यात् संवरो मोक्षकारणम्" આ ટંકશાળી વચન જ આપણને જાગૃતિ આપે છે.

તોફાની ઘોડાની ઉપમા વાલી સ્પર્શેન્દ્રિય, રસેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય અને શ્રોત્રેન્દ્રિય આ પાંચે ઇન્દ્રિયો જો આત્માથી સંયમિત નહીં હોય તો આ જીવાત્મા પ્રતિ-

સમયે નવા નવા પાપો ઉપાર્જન કરશે. ચારે કષાયો અને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, તથા પરિગ્રહ જે મોટામાં મોટાં પાપો કહેવાયા છે. તેમની અવિરતિ તથા જેમની ઉપર સમ્યગ્જ્ઞાન તથા સમ્યક્ચારિત્રનો પડછાયો પડ્યો નથી તેવા મન, વચન અને કાયાના યોગે પણ આપણો આત્મા પ્રતિ-સમયે જે પાપસ્થાનકો સેવે છે. સેવરાવે છે અને સેવનારને અનુમોદે છે, તે આશ્રવ કહેવાય છે. ચારિત્ર ગ્રહણ કર્યા પછી પણ સાધક જો આશ્રવતત્વનો ત્યાગ નથી કરી શકતો તથા આર્યદેશ, આર્યખાનદાનીમાં જન્મીને જે મહાવીર-સ્વામીના શાસનની મર્યાદામાં નથી આવતા તેવા શ્રીમન્તો, સત્તાધારીઓ, પણ ભયંકરમાં ભયંકર પાપકર્મો ઉપાર્જન કરે છે. અને ભવ-ભવાન્તરમાં અત્યંત દુઃખદાયી અસાતા-વેદનીય કર્મને વારંવાર બાંધે છે, જેને લઈને તેમનો સંસાર અત્યન્ત દુઃખદાયી બનવા ઉપરાંત પ્રત્યેક ભવોમાં ભયંકર અસાતા, ભૂખ, તરસ, દરિદ્રતા, માતાપિતાનો વિયોગ, પરણેતર જીવન પછી અત્યન્ત હાડમારીઓ વગેરે દુઃખો ભોગવવાની લાયકાત મેળવે છે. જ્યારે ગૃહસ્થાશ્રમીઓના સંસર્ગથી દૂર રહીને આત્મસાધનામાં મસ્ત રહેનારો મુનિ તથા ગૃહસ્થા-શ્રમમાં રહીને સમ્યક્ત્વ તથા દેશવિરતિને સ્વીકાર કરી, વ્રત પચ્ચક્ખાણમાં શ્રદ્ધાલુ બનેલો ગૃહસ્થ નવાં પાપોના દ્વાર બંધ કરીને જૂના પાપોને છોડતો જાય છે. તે ખૂબ ખૂબ શાતા વેદનીય કર્મને બાંધતો ભવ-ભવાન્તરમાં સુખી બને છે.

આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીની અમૃત દેશ-નાને સાંભળીને ગૌતમસ્વામી તથા પર્ષદા પૂર્ણ આનંદને પામતી પુનઃ પુનઃ દેવાધિદેવને વંદન નમન કરતી પોત પોતાના સ્થાને ગઈ.

卐

કર્મભોગ

પહેલા ઉદ્દેશામાં ચલનાદિ ધર્મવાલા કર્મનું નિરુપણ કરવામાં આવ્યું છે. આ બીજા ઉદ્દેશામાં 'દુઃખ'નું વર્ણન કરવાનું છે. એમ ગ્રંથની આદિમાં અભિધેય ગાથાથી આપણે જાણીએ છીએ. 'દુઃખ' શી વસ્તુ છે? 'દુઃખ'એ કર્મનું જ પરિણામ છે. સાંસારિક સુખ એ પણ ખરી રીતે તો દુઃખરૂપજ છે. અત એવ દુઃખ' શબ્દથી 'કર્મ'નું ગ્રહણ કરીને આ ઉદ્દેશામાં કર્મ ભોગવવા સંબંધી જ વર્ણન કરવામાં આવ્યું છે.

આ ઉદ્દેશાના પ્રારંભમાં જીવો સ્વયંકૃત (પોતે કરેલાં) કર્મને વેદે છે? અને સ્વયંકૃત આયુષ્યને વેદે છે? આ બે પ્રશ્નોનું નિરાકરણ કર્યા પછી નૈરયિક, અસુર કુમારાદિ પૃથ્વીકાયિક, બે ઇન્દ્રિયાદિ, મનુષ્ય, દેવ, લેશ્યાવાલા જીવો, લેશ્યા, સંસાર, સંસ્થાનકાળ, અંતક્રિયા, ઉપપાત, અસંજ્ઞિ આયુષ્ય, આટલા વિષયો સંબંધી પ્રશ્નોત્તરો છે.

આમાં નૈરયિકોના આહાર, કર્મ, વર્ણ, લેશ્યા, વેદના, ક્રિયા, ઉંમર સંબંધી પ્રશ્નોત્તરો છે અને લગભગ તેજ બાબતના પ્રશ્નો આગળ અસુરકુમારાદિને માટે છે. તેમાં જ્યાં જ્યાં વિશેષતા છે, તે તે વિશેષતાઓ બતાવવામાં આવી છે.

આ બધા પ્રશ્નોત્તરો ઉપરથી જે બાબતો ખાસ ધ્યાન ખેંચનારી છે તેમાંની મુખ્ય આ છે:—

卐

નૈરયિકોના ભેદો

નૈરયિકો બે પ્રકારના બતાવવામાં આવ્યા છે. મોટા શરીરવાળા અને નહાના શરીરવાળા, બીજી રીતે નૈરયિકોના બે ભેદ બતાવવામાં આવ્યા છે પૂર્વોપપન્નક (પહેલાં ઉત્પન્ન થયેલ) અને પશ્ચાદુપપન્નક (પછીથી ઉત્પન્ન થયેલ) ત્રીજી રીતે પણ બે ભેદ બતાવવામાં આવ્યા છે. સંજ્ઞિભૂત અને અસંજ્ઞિભૂત. વળી એક રીતે નૈરયિકોના ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ. એક રીતે નૈરયિકના ચાર ભેદ પણ બતાવવામાં આવ્યા છે સરખી ઉંમરવાળા અને સાથે ઉત્પન્ન થયેલા. સરખી ઉંમરવાળા અને આગળ–પાછળ ઉત્પન્ન થયેલ, વિષમ ઉંમરવાળાને સાથે ઉત્પન્ન થયેલ, તેમ વિષમ ઉંમરવાળા અને વિષમપણે ઉત્પન્ન થયેલ.

જુદી જુદી દૃષ્ટિથી પડેલા આ ભેદોના કારણે જ આહાર, કર્મ, વર્ણ લેશ્યા, વેદના, ક્રિયા અને ઉંમર આદિમાં ભેદોની ન્યૂનાધિકતા હોય, એ સ્વાભાવિક છે.

પૃથ્વીકાયિકો બધા માયી અને મિથ્યાદૃષ્ટિ બતાવવામાં આવ્યા છે. પૃથ્વીકાયિક જીવો માયી અને અનંતાનુબંધી કષાયના ઉદયવાળા હોય છે, અને તેથી જ મિથ્યાદૃષ્ટિવાળા અર્થાત્ મિથ્યાત્વના ઉદયની વૃત્તિવાળા હોય છે.

આમ બે ઇન્દ્રિયાદિઓની અંદર પંચેન્દ્રિયતિર્યંચ યોનિવાળાઓના ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. સમ્યગ્દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને સમ્યગમિથ્યાદૃષ્ટિ. પછી સમ્યગદૃષ્ટિના બે ભેદ છે અસંયત અને સંયતા–સંયત.

આવી રીતે મનુષ્યના પણ ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે. સમ્યગદૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ, અને સમ્યગમિથ્યાદૃષ્ટિ. સમ્યગદૃષ્ટિના ત્રણ ભેદ, સંયત, સંયતાસંયત, અને અસંયત. સંયતોના બે ભેદ સરાગ સંયત અને વીતરાગ સંયત. સરાગ સંયતના બે ભેદ પ્રમતસંયત અને અપ્રમતસંયત. 卐૮

---

૧. જેમના કષાયો ક્ષીણ કે ઉપશાંત થયા નથી.

૨. જેમના કષાયો ઉપશાંત કે ક્ષીણ થયા છે.

卐 ૮. રાજગૃહી નગરીમાં સ્થપાયેલ સમવસરણમાં વિરાજમાન થયેલા ભગવાન મહાવીર સ્વામીએ બીજે ઉદ્દેશો આ પ્રમાણે પ્રરૂપિત કર્યો :—જીવો પોતાના જ કરેલા કર્મોને વેદે છે. (ભોગવે છે) આમાં એટલું વધારે સમજવું કે સત્તામાં પડેલા બધાએ કર્મો વેદાતા નથી પણ જે ઉદિત છે તે જ વેદાય છે. પણ અનુદિત (અનુદીર્ણ-ઉદયમાં નહીં આવેલા) વેદાતા નથી. આયુષ્યકર્મ પણ ઉદયમાં આવેલું વેદાય છે પણ જે હજુ અનુદિત છે તે વેદાતું નથી. કૃષ્ણ મહારાજાએ પણ મિથ્યાત્વના જોરે પ્રથમની ત્રણ નરકોનું આયુષ્ય નિકાચિત અને છેલ્લી ચાર નરકોનું આયુષ્ય અનિકાચિત બાંધ્યું હતું. પણ તે કર્મ ઉદયમાં આવે તે પહેલા જ સમ્યકત્વની શુભ ધારા વડે અધ્યવસાયોની શુદ્ધતાને કારણે બાંધેલું અનિકાચિત આયુષ્યકર્મ તોડી નાખવા સમર્થ બન્યા અને નિકાચિત રૂપે બાંધેલ કર્મ ઉદયમાં આવવાથી તે ભોગવવા માટે ત્રીજી નરકે ગયા. તેથી કહેવાય છે કે ઉદયમાં આવેલા કર્મો ભોગવાય છે. નારકના જીવો જે મોટા શરીરવાલા છે તેઓને આહાર વધારે હોય છે. શ્વાસ નિઃશ્વાસ પણ વધારે હોય છે. વ્યવહારનાં પણ પ્રાયઃ કરીને જોવામ છે કે સ્થૂલ

શરીરવાળો માનવી વધારે બાય છે. શ્વાસોચ્છવાસ પણ વધારે લે છે. જે પૂર્વોત્પન્નક નારક છે, તેઓના ઘણા કર્મો નિર્જરિત થઈ ગયેલા હોવાથી અલ્પ કર્મવાલા કહેવાય છે. અને પછીથી ઉત્પન્ન થયેલા નારકોને હજુ ઘણા કર્મો ભોગવવાનાં હોવાથી તેઓ મહાકર્મવાળા હોય છે.

આ પ્રમાણે પૂર્વોત્પન્નક નારક તદ્ભવીય કર્મોના ભારથી અતિશય મુક્ત થયેલા હોવાથી વિશુદ્ધવર્ણવાળા અને ભાવ-લેશ્યાની પણ વિશુદ્ધતા હોય છે. માટે કહેવાય છે કે—નારક જીવોના આહાર, વર્ણ, લેશ્યા તથા શ્વાસ—નિશ્વાસ સરખા હોતા નથી.

જે સંજ્ઞીભૂત નારક છે. અર્થાત્ સમ્યગદર્શનની પ્રાપ્તિ જે નારકને થઈ છે અથવા સમ્યગદર્શનને સાથે લઈને જે નરકમાં ગયા છે, તેઓ નરકભૂમિમાં ક્ષેત્રજન્ય પરસ્પરોદિત, અને પરમાધામી અસૂરો દ્વારા કરાતી વેદનાઓને ભોગવતાં પોતાના જ કરેલા અશુભ કર્મોનો આ વિપાક છે, આ પ્રમાણે સ્મરતાં 'અરે આ ભયંકર દુઃખ માથા ઉપર આવી પડ્યું છે, ગયા મનુષ્યભવમાં સંપૂર્ણ દુઃખોના ક્ષય કરાવનાર અરિહંત દેવોનો ધર્મ શુદ્ધમને આરાધ્યો નથી, આના જ પરિણામે લીધેલા વ્રતોમાં સ્ખલનાઓ થઈ અને અતિચારો વધતાં ગયા માટે જ નરકગતિના મહેમાન બન્યા. આ પ્રમાણે માનસિક વેદના સંજ્ઞીભૂત નારકોને વધારે હોય છે. જ્યારે અસંજ્ઞીભૂત નારકોને માનસિક વેદના ઓછી હોય છે.

જે જે ક્રિયાઓમાં સાંપરાયિકતા (કષાયભાવ) હોય છે ત્યાં કર્મોનું આવાગમન પણ છે જ. આ હિસાબે નારકી જીવોને કઈ અને કેટલી ક્રિયાઓ છે? આના જવાબમાં

ભગવાને ફરમાવ્યું કે નારક જીવો ત્રણ પ્રકારના છે. સમ્યગ્-દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિ અને મિશ્રદૃષ્ટિ આમાં સમ્યગદૃષ્ટિ નારકને આરંભિકી, પારિગ્રાહિકી, માયાપ્રત્યયિકી અને અપ્રત્યાખ્યાન ક્રિયા હોય છે. જ્યારે પાછળના બન્ને નારકોને મિથ્યાદૃષ્ટિ પ્રત્યયા નામની ક્રિયા વધવાથી પાંચે ક્રિયાઓ હોય છે.

તે ક્રિયાઓનું સ્વરૂપ આ પ્રમાણે છે :

(૧) આરંભિકી–જે ક્રિયામાં પાંચે સ્થાવર, વિકલેન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોનો ઘાત થાય તે ક્રિયા.

(૨) પારિગ્રાહિકી–પરિગ્રહ વધારવાની લાલસાથી થતો માનસિક, વાચિક કાયિક વ્યાપાર.

(૩) માયા પ્રત્યયિકી–ત્રણે યોગમાં વક્રતા, વંચકતા કપટયુક્ત જે વ્યાપાર થાય તે.

(૪) અપ્રત્યાખાનિકી પાપના દ્વારોને બંદ નહિ કરેલા હોવાથી જે પાપયુક્ત ક્રિયા થાય તે.

(૫) મિથ્યાદર્શન પ્રત્યયા જૈન–આગમોમાં, જૈનત્વમાં, અરિહંત દેવ, પંચમહાવ્રતધારી ગુરુ, અને ધાર્મિક અનુષ્ઠાનોરૂપ અહિંસા મૂલક ધર્મમાં શંકા–સંશય–અશ્રદ્ધા કરવાથી જે ક્રિયા લાગે તે મિથ્યાદર્શનપ્રત્યયા ક્રિયા કહેવાય છે, આના પરિણામે જીવમાત્ર પોતાના આત્માની ઓળખાણમાં અને તેની શુદ્ધિમાં બેધ્યાન રહેવાથી એની (જીવાત્માની) બધીએ ક્રિયાઓ ચારે ગતિમાં રખડાવનારી જ હોય છે.

અસુરકુમારો ભવધારણીય શરીરની અપેક્ષાએ જઘન્યથી અંગુલના અસંખ્યેય ભાગે અને ઉત્કૃષ્ટથી સાત હાથ પ્રમાણના શરીરવાળા હોય છે. જ્યારે ઉત્તરવૈક્રિય શરીરની અપેક્ષાએ

જઘન્યથી અંગુલના સંખ્યેયભાગે અને ઉત્કૃષ્ટથી એક લાખ યોજનવાળા હોય છે. આમાં જે મોટા શરીરવાળા હોય છે. તે મનોભક્ષણ લક્ષણ આહારની અપેક્ષાએ ઘણા પુદ્ગલોનો આહાર કરે છે. વારંવાર ખાય છે. નિરંતર શ્વાસ–નિશ્વાસ લે છે. આ વાત ચતુર્થભક્ત (ઉપવાસ) પહેલા આહાર કરનારા અને સાત–સ્તોક પહેલા શ્વાસ લેનારા અસુરકુમારોની અપેક્ષાએ જાણવી. શેષ નૈરયિકોની સમાન છે. પણ કર્મ, વર્ણ અને લેશ્યાઓ અસુર કુમારો ને નારકોથી વિપરીત છે.

જેમકે પૂર્વોત્પન્નક અસુરકુમારો નારક જીવોને અનેક પ્રકારે યાતના આપે છે. પીડા આપે છે. ઇત્યાદિક કારણોને લઈને ભયંકર કર્મોને બાંધનારા હોવાથી અશુભ કર્મો, અશુભવર્ણ, અને અશુભ લેશ્યાઓ તેમની વધતી જ જાય છે.

સંજ્ઞીભૂત અસુરકુમારોને પૂર્વભવની ચારિત્રવિરાધના તથા દર્શન વિરાધના યાદ આવવાનાં કારણે માનસિક પીડા વધારે હોય છે.

પૃથ્વીકાયિક જીવો આહાર–વર્ણ કર્મ અને લેશ્યાથી નારક જેવા જ હોય છે. માત્ર નહાના મોટા શરીરની અપેક્ષાએ આહારમાં તફાવત છે. આમ તો પૃથ્વીકાયિક જીવોનું અંગુલના અસંખ્યેય ભાગ પ્રમાણ શરીર હોય છે. છતાંએ કોઈક જીવો બીજા પૃથ્વીકાયિક જીવો કરતાં સંખ્યાત ભાગહીન, અસંખ્યાત ભાગહીન સંખ્યાતગુણ વૃદ્ધિ અને અસંખ્યાત ગુણવૃદ્ધિવાલા હોવાથી શરીર નહાના મોટા હોય છે. માટે આહારમાં પણ તારતમ્ય હોઈ શકે છે.

"ઉન્માર્ગની દેશના કરનાર, સન્માર્ગનો નાશક, અત્યન્ત ગૂઢ હૃદયવાળો, માયા–પ્રપંચમાં રચ્યો–પચ્યો અને ધૂર્ત

તથા ત્રણ (માયા-મિથ્યાત્વ અને નિદાન) શલ્યવાળો જીવ તિર્યંચગતિનું આયુષ્ય બાંધે છે. મોટા શરીરવાળા, દેવકુરુ આદિ ક્ષેત્રોમાં ઉત્પન્ન થયેલા યુગલિયાઓ ત્રણ દિવસ પછી કવલાહાર રૂપે આહાર લે છે. અને અલ્પ શરીરવાળા સંમૂર્ચ્છિમ મનુષ્યોને નિરંતર આહાર હોય છે.

ક્ષીણ અને ઉપશાંત કષાયના માલિક હોવાથી વીતરાગ સંયમી ક્રિયા વિનાના છે. અને અપ્રમત્ત સંયમીને કદાચ શાસનની રક્ષા માટે કંઈક કરવું પડે તે માટે માયાપ્રત્યયા ક્રિયા હોય છે. જ્યારે પ્રમત્ત સંયમીને આરંભી અને માયા પ્રત્યયા ક્રિયા હોય છે.

લેશ્યા–સ્વરૂપ

આ પછી લેશ્યા પ્રકરણ આવે છે. 'પ્રજ્ઞાપના સૂત્ર'માંનું 'લેશ્યાપદ' લેશ્યાના સંબંધમાં વધુ સારો પ્રકાશ પાડે છે. અહીં તો માત્ર લેશ્યાની સંખ્યા માત્ર જ કહી છે.

લેશ્યા એ વસ્તુ શી છે ? ટૂંકમાં કહીએ તો આત્માની સાથે કર્મપુદ્ગલોને ચોંટાડનાર જે વસ્તુ, તેનું નામ લેશ્યા. આ લેશ્યા, એ મન, વચન, કાયાના વ્યાપારના–અર્થાત્ યોગના પરિણામ રૂપ જ છે. કારણ કે જ્યાં યોગનો નિરોધ હોય છે,–મન વચન–કાયાના યોગોનો અભાવ હોય છે, ત્યાં લેશ્યાઓ હોતી નથી.

લેશ્યાઓ છ ગણાવી છે. કૃષ્ણલેશ્યા, નીલલેશ્યા, કાપોતલેશ્યા, તેજોલેશ્યા, પદ્મલેશ્યા અને શુકલલેશ્યા.

સંસાર–સંસ્થાન કાળ

આ પછી સંસ્થાનકાળ સંબંધી વર્ણન આવે છે. સંસારમાં કેટલાક લોકો એવું માનનારા હોય છે કે અનાદિ સંસારમાં આ જીવની સ્થિતિ એક જ પ્રકારની રહે છે. પરંતુ ખરી રીતે તેમ નથી. સંસારથી ચાર ગતિ લેવાની છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. આ ગતિમાંનું જે સંસ્થાન–અવસ્થાન અર્થાત્ સ્થિર રહેવા રૂપ ક્રિયા અને તેનો જે સમય, તેનું નામ છે સંસ્થાનકાળ. આ સંસ્થાનકાળના શૂન્યકાળ, અશૂન્યકાળ અને મિશ્રકાળ એમ ત્રણ ભેદો છે. એમાં નારકને સંસાર અવસ્થાનકાળ ત્રણ પ્રકારનો છે.

તિર્યંચોને બે પ્રકારનો છે. તેમાં શૂન્યકાળ નથી, મનુષ્ય અને દેવોને ત્રણે પ્રકારનો બતાવવામાં આવ્યો છે.

આવી રીતે અંતક્રિયા, ઉપપાત અને અસંજ્ઞિઆયુષ્ય સંબંધી પ્રશ્નોત્તરો પછી આ ઉદ્દેશો સમાપ્ત થાય છે.

કાંક્ષામોહનીય

આ ઉદ્દેશકમાં અનેક વિષયો અતિમહત્વના છે. કાંક્ષા-મોહનીય, અસ્તિત્વ–નાસ્તિત્વ, કાંક્ષામોહ, બંધાદિ, નૈરયિકાદિ અને શ્રમણોનો કાંક્ષામોહ, એ આ ઉદ્દેશકની ખાસ બાબતો છે.

કાંક્ષામોહનીય કર્મ જીવકૃત છે કે ? એ પ્રશ્નથી શરૂઆત થાય છે. ધ્યાનમાં રાખવું જોઈએ કે–કાંક્ષા મોહનીય એ પણ એક પ્રકારનું કર્મ છે, જે કરાય છે, તે કર્મ કહેવાય છે. 'કાંક્ષા મોહનીય' પણ જીવ કરે છે, અતએવ તે પણ એક કર્મ છે! મોહનીય કર્મને તો સૌ કોઈ જાણે જ છે કે–જે મોહ પમાડે છે. મુંઝવે છે, એ મોહનીય છે. આ મોહનીય કર્મના બે ભેદ શાસ્ત્રોમાં વર્ણવેલા છે. એક ચારિત્રમોહનીય અને બીજું દર્શનમોહનીય. 'કાંક્ષા' એનું નામ છે કે–જુદા જુદા મતો–દર્શનોની ઇચ્છા કરવી. એ મતોનું પણ ગ્રહણ કરવું. આ 'કાંક્ષા મોહનીય' એ મિથ્યાત્વ મોહનીય છે. એક મત ઉપર શ્રદ્ધા ન રાખતાં જુદા જુદા મતોનું અવલંબન લેવું, એનું નામ છે મિથ્યાત્વ. 'શ્રદ્ધા' તો એકમાં જ હોઈ શકે. આ 'કાંક્ષા–મોહનીય' પણ કરાય જ છે. માટે જ તે કર્મ છે. એને [કરવાની ક્રિયા જુદી જુદી રીતે થાય છે. એ અનુલક્ષીને વિવરણકારે એના ભેદો પણ બતાવ્યા છે :—

તેમાં—

૧ અવયવથી અવયવની ક્રિયા
૨ અવયવથી આખાની ક્રિયા
૩ આખાથી અવયવની ક્રિયા
૪ આખાથી આખાની ક્રિયા

એમ ભેદો બતાવવામાં આવ્યા છે.卐[૯]

卐 ૯. આ ચારે ભાગાઓમાંથી પ્રસ્તુત વિષયમાં ચતુર્થ ભાગો જ માન્ય કરવાનો છે કેમકે–મોહનીય કર્મની ઉદયાવસ્થા અથવા અજ્ઞાનવશ મોહનીય કર્મની ઉદીરણા કરનાર જીવાત્માના સંપૂર્ણ પ્રદેશો (આઠ રૂચક પ્રદેશ સિવાય) મોહનીય કર્મના નશામાં પૂરેપૂરા બેભાન બનીને આઠે કર્મોની અનંત વર્ગણાઓ ઉપાર્જન કરે છે. સારાંશ કે આત્માના બધાએ પ્રદેશો વડે આઠે પ્રકારનાં કર્મો બંધાય છે. આમાના અમુક પ્રદેશો અમુક કર્મને બાંધે છે, જ્યારે બીજા અમુક પ્રદેશો વડે બીજા કર્મો બંધાય છે, આમ માનવાની ભુલ કદાપિ કરવી નહિ. કારણ કે જૈન શાસનનાં અમુક પ્રદેશો અમુક કર્મને માટે નિયત નથી. પરંતુ બધાએ કર્મો બધાએ પ્રદેશોથી જ બંધાય છે.

આત્માના એક પ્રદેશ ઉપર જ્ઞાનવરણીય પણ હોય, દર્શનાવરણીય પણ હોય, યાવત્ અંતરાયકર્મ પણ હોય છે. આમ બધા પ્રદેશોમાં બધાએ કર્મો હોય છે. માટે જ કહેવાય છે કે–આત્માના એક એક પ્રદેશ પર અનંત અનંત કર્મોની વર્ગણા ચોંટેલી છે. જેને લઈને અનંત શક્તિનો સ્વામી આ આત્મા પોતાનું મૂળ સ્વરૂપ સમજી શકતો નથી. તથા પોતાની સત્તા માનવા માટે પણ બેધ્યાન છે.

અસ્તિત્વ–નાસ્તિત્વ

તે પછી અસ્તિત્વ–નાસ્તિત્વ સંબંધી પ્રશ્નોત્તરો છે. અસ્તિત્વ, અસ્તિત્વમાં પરિણમે છે અને નાસ્તિત્વ, નાસ્તિત્વમાં પરિણમે છે? એ પ્રશ્નનો ઉઠાવ છે. ભગવાન 'હા'માં ઉત્તર આપે છે. પછી તેમ શાથી થાય છે? જીવની ક્રિયાથી કે સ્વભાવથી? ભગવાન બંને રીતે પરિણમવાનું જણાવે છે.

આ પ્રસંગે આપણે 'અસ્તિત્વ' 'નાસ્તિત્વ' એ શું છે? એનો સંક્ષેપમાં વિચાર કરી લઈએ.

કહેવામાં આવ્યું છે કે 'જે પદાર્થ જે રૂપે હોય. તે પદાર્થનું તેજ રૂપે રહેવાપણું એનું નામ છે અસ્તિત્વ. અને અન્યરૂપે તે 'નાસ્તિત્વ' છે. દાખલા તરીકે—મનુષ્ય મનુષ્યરૂપે

આવા પ્રકારનો કાંક્ષા મોહનીય કર્મનો ઉદયકાળ–વેદનકાળ થતા જીવ માત્રને જિનેશ્વર ભગવંતોના વચનો પ્રત્યે દેશથી અથવા સર્વથી શંકાઓ થાય છે. બીજા બીજા દર્શનોનું ગ્રહણ કરવાની ઈચ્છા થાય છે. ધાર્મિક અનુષ્ઠાનોના ફળોમાં પણ સંશય રહે છે. આ જૈન શાસન છે? અથવા આ? 'આ પ્રમાણે' જૈન શાસનની માન્યતા પ્રત્યે મતિ–બુદ્ધિમાં દુવિધા પ્રાપ્ત થાય છે, તેમ થતાં મતિભ્રમ નામનો દોષ પણ થાય છે.

ઉપરના પાંચે કારણો કાંક્ષામોહનીય કર્મના કારણો છે. માટે ગુરૂઓના સમાગમમાં આવીને શંકા આદિ દૂષણો ટાળવા જોઈએ તથા આપણી આત્મિક અને માનસિક વિચારણામાં "જે જિનેશ્વર દેવોએ કહ્યું છે તે જ સત્ય છે." આવી શ્રદ્ધાને સ્થિર કરવી જોઈએ. જેથી આત્મદર્શનનો લાભ થતાં જ અરિહંત દેવની ઓળખાણ પણ સત્ય સ્વરૂપે થશે.

સર્વકાળે સત્ છે–વિદ્યમાન છે. અસ્તિત્વરૂપે છે, જ્યારે મનુષ્ય અશ્વરૂપે સર્વકાળે અસત્ છે.

વળી જે વસ્તુ અસત્ રૂપે હોય છે, તે કોઈ કાળે સત્ રૂપ થતી નથી. જેમકે શશશૃંગ. આવી જ રીતે જે સત્ રૂપ છે તે અસત્ રૂપ ન થાય. જેમકે અપટ એ અપટપણામાં જ રહે, પટમાં નહિ.卐[૧૦]

卐 ૧૦. આનો સારાંશ આ છે કે––અમુક અપેક્ષાને લઈને દ્રવ્યમાં અસ્તિત્વ (વિદ્યમાનતા) અને નાસ્તિત્વ (અવિદ્યમાનતા)ના પર્યાયોની વિચારણા અનુભવ સિદ્ધ છે. અથવા તો દ્રવ્ય માત્રનો સ્વભાવ જ આવો છે. જેથી તે પદાર્થોમાં અમુક પર્યાયોનું અસ્તિત્વ અને અમુક પર્યાયોનું નાસ્તિત્વ અપેક્ષાએ સ્વતઃ સિદ્ધ છે. જ્ઞાતા પોતે પણ એક દ્રવ્યનાં અનંત પર્યાયો એક સમયે જાણવા માંગતો નથી. તેથી કોઈ પણ પદાર્થના યથાર્થ જ્ઞાનમાં અપેક્ષાદૃષ્ટિ–સાપેક્ષવાદ જ સહાયક બને છે.

ઘડો ખરીદનાર માણસ દુકાનદાર પાસે જઈને આ પ્રમાણે કહે છે–મારે અમદાવાદની માટીનો લાલ રંગનો માગસર મહિનામાં ઘડાયેલો ઘડો ખરીદવો છે. ત્યારે ખરીદનારના મસ્તિષ્કમાં અસંખ્યાતા ગામોના કાળા, પીળા તથા ધોળા રંગના, પોષ મહિનાથી લઈને કાર્તિક મહિના સુધીમાં ઘડાએલા ઘડાઓ જે જુદા જુદા દ્રવ્યોના બનેલા હોય છે, છતાં પણ ખરીદનાર જ્ઞાતા પોતે જાણવા માગતો નથી અને પોતાની ઈચ્છિત વસ્તુની જ માગણી કરે છે. ત્યારે આપણે માનવું પડે છે કે એક ઘડામાં દ્રવ્યને લઈને માટી દ્રવ્યની વિદ્યમાનતા છે અને સુવર્ણ, ચાંદી આદિ દ્રવ્યની અવિદ્યમાનતા છે. ક્ષેત્રથી અમદાવાદી ઘડો છે, પાટણ–ખંભાત આદિ

કાંક્ષા મોહનીયના હેતુઓ

આ પછીના પ્રશ્નોત્તરમાં કાંક્ષામોહનીય કર્મ બાંધવાના હેતુઓનું વર્ણન છે. તેનો સાર એ છે કે–કાંક્ષામોહનીય કર્મ પ્રમાદ–મન–વચન–કાયાના વ્યાપારથી–યોગથી ઉત્પન્ન થાય છે. તે યોગ વીર્યથી ઉત્પન્ન થાય છે. વીર્ય શરીરથી પેદા થાય છે. અને શરીર જીવથી ઉત્પન્ન થાય છે. અને જ્યારે

ક્ષેત્રોની વિદ્યમાનતા નથી. કાળથી માગસર મહિનાની બનાવટ છે, બીજા માસની બનાવટ નથી. અને ભાવથી લાલ રંગનો છે, કારણ કે બીજા રંગનો અભાવ પ્રત્યક્ષ જોવાય છે. આ પ્રમાણે પ્રત્યેક પદાર્થ (દ્રવ્ય)માં સ્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ અને ભાવને લઈને વિદ્યમાનતા છે જ અને પરદ્રવ્યાદિની અવિદ્યમાનતા છે, એ પણ સત્યહકીકત છે. સારાંશ કે એક જ દ્રવ્યમાં અમુક પર્યાયોને લઈને અસ્તિત્વ છે જ્યારે અમુક પર્યાયોને લઈને નાસ્તિત્વ પણ સ્વતઃ સિદ્ધ છે.

આ જ પ્રમાણે આંગળી એ દ્રવ્ય છે. પણ જ્ઞાતાને અમુક કારણવશાત્ સીધી આંગળીથી મતલબ છે, માટે આંગળીરૂપી દ્રવ્યમાં સીધાપણું અને વાંકાપણું પર્યાયોની વિદ્યમાનતા હોવાથી કહેવાય છે કે 'આ આંગલી સીધી છે, અથવા 'આ આંગળી વાંકી છે.'

જે સમયે આંગલી સીધી હોય છે ત્યારે 'સરળતા' પર્યાયનું અસ્તિત્વ અને 'વક્રતા' પર્યાયનું નાસ્તિત્વ પણ આપણને સાફ દેખાઈ આવે છે. એ જ પ્રમાણે જ્યારે આંગળી વાંકી હોય જે. ત્યારે વક્રતા પર્યાયનું અસ્તિત્વ અને 'સરળતા' પર્યાયનું નાસ્તિત્વ પણ હેતુ સિદ્ધ જ છે. છતાં પણ આ બન્ને પર્યાયોમાં આંગળી દ્રવ્ય તો એક જ છે.

તેમ છે તો પછી ઉત્થાન, કર્મ, બલ, વીર્ય અને પરાક્રમ (પુરુષાર્થ)ની જરૂર છે.

અહિં વિવરણકારે પ્રમાદ અને યોગ ઉપર સુંદર વિવેચન કર્યું છે.

કાંક્ષામોહનીય કર્મ બાંધવાનું મુખ્ય કારણ પ્રમાદ છે. આ પ્રમાદ એટલે મિથ્યાત્વ, અવિરતિ અને કષાય. ખરી રીતે તો પ્રમાદના આઠ પ્રકાર બતાવવામાં આવ્યા છે. ૧ અજ્ઞાન, ૨ સંશય, ૩ મિથ્યાજ્ઞાન, ૪ રાગ, ૫ દ્વેષ, ૬ મતિ-ભ્રંશ, ૭ ધર્મમાં અનાદર, ૮ યોગો અને દુર્ધ્યાન. આમાં ઉપરના ત્રણનો મિથ્યાત્વ, અવિરતિ અને કષાયનો સમાવેશ થઈ જાય છે. આ પ્રમાદનો ઉત્પાદક યોગ છે. મન-વચન-કાયાનો વ્યાપાર છે. આ ત્રણની ક્રિયા વિના મદ્યાદિ પ્રમાદ સંભવી શકે નહિ. આ યોગની ઉત્પત્તિ વીર્યથી બતાવવામાં આવે છે. આ વીર્ય શું છે? લેશ્યાવાળા જીવનો મન-વચન-કાયારૂપ સાધનવાળાનાં આત્મપ્રદેશના પરિસ્પંદરૂપ જે વ્યાપાર તેનું નામ છે વીર્ય, આ વીર્યનું ઉત્પાદક શરીર છે. કારણ કે શરીર વિના વીર્ય થઈ શકતું નથી. અને શરીરનો ઉત્પાદક જીવ છે. જો કે જીવની સાથે કર્મ પણ કારણ જરૂર છે. પરંતુ એ કર્મનું કારણ પણ જીવ હોઈ મુખ્ય જીવ જ બતાવેલ છે.卐[૧૧]

卐 ૧૧. અર્થ અને કામની ઉપાર્જનાથી લઈને ધર્મ તથા મોક્ષ પુરુષાર્થની આરાધના માટે ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષાર્થની અત્યંત અને અનિવાર્ય આવશ્યકતા જૈન-શાસનને માન્ય છે. "ભાગ્યથી જ બધું મળે છે, તથા મોક્ષ પણ ભાગ્ય વિના નથી મળવાનો." આ માન્યતા જૈન ધર્મની નથી.

વ્યવહાર માર્ગમાં એટલે કે અર્થ તથા કામની ઉપાર્જ-

તે પછી નૈરયિકાદિ અને શ્રમણો કાંક્ષામોહનીયકર્મને વેદે છે કે કેમ? એ સંબંધી પ્રશ્નો છે. જેમાં ભગવાન 'હા' કારથી જવાબ આપે છે.

અવધિમનઃપર્યવજ્ઞાન

આ પ્રશ્નોત્તરના વિવરણમાં અવધિજ્ઞાન મનઃપર્યવજ્ઞાન

નામાં, ભોગવટામાં અને તે ભોગવટાથી થતા ક્ષણિક આનંદમાં પણ કોરા ભાગ્યના ભરોંસે કોઈ રહ્યો નથી. રહેતો નથી અને રહેશે પણ નહિ. જીવમાત્ર બંને વસ્તુઓને મેળવવા માટે બગાસા ખાઈને બેસી રહેતો નથી. પણ કંઈને કંઈ પ્રયત્ન કરતો જ જોવામાં આવે છે. સંસારનો વ્યવહાર ભાગ્યના ભરોંસે, ઈશ્વરના વિશ્વાસે કે મંત્ર જાપ તથા જ્યોતિષના આધારે પણ નથી ચાલતો. આત્મા પોતેજ જ્યારે તે તે વસ્તુઓને મેળવવા માટે કંઈક ઉત્થાન કરે છે. તે માટેની અમુક શારીરિકાદિ ક્રિયાઓ કરે છે, થોડું બળ પણ વાપરે છે તથા પોતાની સ્ફૂર્તિરૂપ પરાક્રમ પણ કરે છે અને છેવટે તે પદાર્થો મેળવવા માટેનો યોગ્ય પુરૂષાર્થ પણ આદરે છે. ત્યારે જ વસ્તુની સિદ્ધિ થાય છે. ભાગ્યવાદ (નિયતિવાદ)નો પ્રરૂપક ગોશાળો પણ પોતાના ભોજન, સ્નાન, વિહાર, ઉપદેશ તથા બીજાઓને પોતાના મતમાં મેળવવા માટે ઉત્થાન, કર્મ (ક્રિયા) બળ (શારીરિક બળ) વીર્ય (આત્માની સ્ફૂર્તિ) તથા મન–વચન અને કાયાથી પુરૂષાર્થ કરતો જ હતો.

કોઈપણ વાદ–વિવાદ–ચર્ચા અથવા સિદ્ધાંતનો અભિનિવેશ જ્યાં સુધી માણસ માત્રનાં જીવનવ્યવહારમાં ઉતરવા લાયક ન બને ત્યાં સુધી કપોળકલ્પિત સિદ્ધાંતોથી દેશને, સમાજને તથા વ્યક્તિને આધ્યાત્મિક નુકશાન સિવાય બીજું કંઈ પણ પ્રાપ્ત થતું નથી.

જુદુ શા માટે ? તેમજ દર્શન અને ચારિત્ર સંબંધીનું વિવરણ પણ ખાસ સમજવા લાયક છે. તેનો સાર એ છે કે–અવધિ જ્ઞાનથી જો કે મનોદ્રવ્યો પણ ઉપલબ્ધ થઈ શકે છે, છતાં મનઃપર્યાયજ્ઞાન અવધિજ્ઞાનના ભેદોમાં ગણી શકાતું નથી. કારણ કે એ બન્ને (અવધિ અને મનઃપર્યવ) જ્ઞાનનો સ્વભાવ જુદો જુદો છેઃ એટલે કે–મનઃપર્યાયજ્ઞાન માત્ર મનોદ્રવ્યોને જ ગ્રહણ કરે છે, અને આ જ્ઞાનમાં પ્રથમ દર્શન (સામાન્ય જ્ઞાન) હોતું નથી. જ્યારે અવધિજ્ઞાનમાં કેટલુંક મનઃ સિવાયના દ્રવ્યોનું ગ્રાહકત્વ છે. કેટલુંક મનને અને બીજાં દ્રવ્યોને પણ ગ્રહણ કરે છે. વળી અવધિજ્ઞાનમાં સૌથી પહેલાં દર્શન હોય છે. પણ કોઈ એવું અવધિજ્ઞાન નથી કે જે કેવળ મનોદ્રવ્યોને જ ગ્રહણ કરતું હોય.

દર્શન

'દર્શન' સંબંધી વિવેચનમાં 'દર્શન'ના જુદા જુદા અર્થો કરવામાં આવ્યા છે.

એક 'દર્શન'નો અર્થ કર્યો છે 'સામાન્ય જ્ઞાન,' એના ચક્ષુદર્શન અચક્ષુદર્શન એમ બે ભેદો બતાવ્યા છે. એમાં કારણરૂપ ઇન્દ્રિયોને 'પ્રાપ્યકારિ' અને અપ્રાપ્યકારિ' રૂપે વર્ણવી છે.

બીજો 'દર્શનનો અર્થ 'સમ્યક્ત્વ' કરેલ છે. આના બે ભેદ 'ક્ષાયોપશમિક' અને 'ઔપશમિક' બતાવીને તે ઉપર શંકા સમાધાન છે.

ચારિત્ર

આવી જ રીતે ચારિત્રના બે ભેદો : 'સામાયિક' અને 'છેદોપસ્થાપનીય' ઉપર શંકા સમાધાન છે. ચારિત્રના આમ બે ભેદો બતાવવાનું કારણ સાધુઓનું ઋજુ જડત્વ અને વક્ર જડત્વ કહેવામાં આવ્યું છે. જો પહેલું એક જ પ્રકારનું ચારિત્ર બતાવવામાં આવે તો એમ બનવાનો સંભવ છે કે– કોઈએ ચારિત્ર લીધું અને કંઇક જરા દોષ લાગી ગયો, જરા ભૂલ થઈ ગઈ, એટલે એ એમ સમજે કે મારું ચારિત્ર નષ્ટ થઈ ગયું અને તેમ સમજીને તે ગભરાઈ જાય, આકુળ–વ્યાકુળ થઈ જાય, પણ બીજી વાર ચારિત્ર લેવાનું હોય તો તે ગભરાય નહિ. અને પોતાની થોડી ભૂલથી એમ ન સમજે કે 'હું ચારિત્રથી ભ્રષ્ટ થઈ ગયો.' તેથી જ પહેલા અને અંતિમ તીર્થંકરના સાધુઓ અનુક્રમે ઋજુ જડ અને વક્ર જડ હોવાથી તેમના માટે પહેલાં સામાયિક અને પછી વ્રતનો આરોપ કહ્યો છે. કારણ કે જો સામાયિક કંઈક અશુદ્ધ થયું હોય, તો પણ વ્રતોનો બાધ આવતો નથી. મતલબ કે સામાયિક સંબંધી થોડી ભૂલ થાય તો પણ વ્રતો રહે છે.

સમાચારી

આવી જ રીતે ભિન્ન ભિન્ન સમાચારીઓ–પદ્ધતિઓ જોઈને કેટલાકો ભડકી જાય છે. તેના માટે પણ આ જ પ્રકરણમાં વિવરણકારે ખુલાસો કર્યો છે કે–ભલે સમાચારી ભિન્ન હોય, પરન્તુ તે વિરુદ્ધ ન કહેવાય. કારણ કે તેનું આચરણ કરનારા–તેના પ્રવર્તક 'ગીતાર્થ' અને 'અશઠ' હોય.

છે અર્થાત્ એવી સમાચારી, કે જેના પ્રવર્તક ગીતાર્થ હોય–અશઠ હોય, અને જે સમાચારી અસાવદ્ય–નિષ્પાપ હોય, તેમજ જેનો કોઈએ નિષેધ કર્યો ન હોય, અને જે બહુમત હોય, એવી સમાચારીઓ–પદ્ધતિઓ કંઈ સાધ્ય નથી હોતી પણ સાધન છે, અને સાધન માટે વિરોધ કરવો એ તો અજ્ઞાનતા જ કહેવાય.卐[૧૨]

કર્મ પ્રકૃતિ

આ ઉદ્દેશકમાં મુખ્ય વિષય કર્મ પ્રકૃતિ સંબંધી છે. અર્થાત્ કર્મ પ્રકૃતિ કેટલી? મોહનીયકર્મ જ્યારે ઉદયમાં આવેલું હોય, ત્યારે જીવ પરલોકગમન કરે કે કેમ? કરે તો શાથી? આવી જ રીતે પુદ્ગલની ભૂત–વર્તમાન અને ભવિષ્ય-કાળની વિદ્યમાનતા સંબંધી તેમજ છદ્મસ્થ મનુષ્ય સિદ્ધબુદ્ધ થાય કે કેમ? તે સંબંધી વર્ણન છે. તેનો સાર આ છે.

કર્મ પ્રકૃતિઓ આઠ છે–જેનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રમાં છે.卐[૧૩] મોહનીય કર્મ જ્યારે ઉદયમાં આવેલું હોય, ત્યારે જીવ

卐 ૧૨. આ પ્રશ્નોત્તરમાં નિર્ગ્રન્થ શબ્દની સાથે શ્રમણ શબ્દ હોવાના કારણે શ્રમણનો અર્થ જૈન સાધુ જ લેવાનો છે.

ત્યાગ અને વૈરાગ્યથી દીક્ષિત થયેલ સાધુ પણ ગુરુકુળ વાસ અને સ્વાધ્યાય–બળ પ્રત્યે જો બેદરકાર રહેશે તો તેમને પણ શંકાઓ ઉત્પન્ન થશે અને ક્રમશઃ વધશે. અને વધતી શંકાઓ સાધકને પુનઃ મિથ્યાત્વ મોહનીય પ્રત્યે ઘસડી જશે.

卐 ૧૩. કર્મો કેટલા પ્રકારનાં છે? તે શાથી બંધાય? કયા કારણે કર્મો બંધાય? તેની કેટલી પ્રકૃતિઓ વેદાય?

વીર્યતાથી ઉપસ્થાન કરે. ઉપસ્થાન એટલે પરલોક પ્રતિ ગમન, અહિં વીર્યતાના ત્રણ ભેદ બતાવવામાં આવ્યા છે.

વગેરે પ્રશ્નો છે. તેના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે તીવ્ર, તીવ્રતર અને તીવ્રતમ આત્મિક અધ્યવસાયોને લઈને બંધાતા કર્મો આઠ પ્રકારના હોય છે. તેના સ્વભાવો આ પ્રમાણે:—

(૧) જ્ઞાનાવરણીય કર્મ—પદાર્થમાત્રમાં વિશેષ અને સામાન્ય-ધર્મ સમવાયને લઈને ભાડુતી રૂપે નહિ પણ સ્થાયીરૂપે રહેવાવાલા સ્વતઃ સિદ્ધ ધર્મો છે. જેમકે આ ઘડો સોનાનો છે, આ માટીનો છે, આ અમદાવાદનો છે, આ લાલ રંગનો ઘડો છે, આ વ્યક્તિ વિદ્વાન્ છે, આ અતિશય જ્ઞાની છે. આ પ્રમાણે પ્રત્યેક પદાર્થનું જાતિ, ગુણ, નામ વગેરેને લઈને જે જ્ઞાન થાય છે, તે વિશેષ જ્ઞાન કહેવાય છે, પંડિતોના–મહાપંડિતોના મત–મતાન્તરરૂપ વિષચક્રને જવા દઈએ, તો એ અનંત વિચિત્રતાથી ભરેલો આ સંસાર સૌને માટે પ્રત્યક્ષ છે. જેમાં કેટલાક જીવો ઘણા જ અલ્પ જ્ઞાનવાળા, કેટલાક અસ્પષ્ટ જ્ઞાનવાળા, કેટલાક મિથ્યાજ્ઞાનવાળા, બુદ્ધિ-ભ્રમવાળા, પૂર્વગ્રાહિત જ્ઞાનવાળા અને કેટલાક યથાર્થ-જ્ઞાનવાળા હોય છે. જેમને આપણે સૌ પ્રત્યક્ષરૂપે અનુભવીએ છીએ.

આકાશમાં રહેલા ઓછા–વધતા વાદળોને લઈને સૂર્યનો પ્રકાશ જેમ મન્દ મન્દતર અને મન્દતમ બને છે, તેમ આત્માનાં સહજ સિદ્ધ જ્ઞાનગુણને ઢાંકનાર જ્ઞાનાવરણીય કર્મ છે. આંખ ઉપર પાટો બાંધેલો માણસ જેમ કંઈપણ જોઇ શકતો નથી, તેમ આ કર્મને લઈને જ આત્માને વિશેષ જ્ઞાન થવામાં અવરોધ ઊભો થાય છે.

બાલવીર્યતા, પંડિતવીર્યતા અને બાલપંડિતવીર્યતા. આ ત્રણ પૈકી બાલવીર્યતાથી ઉપસ્થાન થાય, એમ સમજવું.

(૨) દર્શનાવરણીયકર્મ—જેનાથી આત્માને સામાન્યજ્ઞાન થાય છે.

જેમકે—આ ઘડો છે, આ માણસ છે, આ પશુ છે, આ બધા જીવો છે. આમ નામ, ઠામ, ગતિ વગેરેથી રહિત સામાન્ય જ્ઞાનને જૈન શાસનમાં 'દર્શન' કહેવાય છે. આવા દર્શનને આવરણ કરનારૂં—રોકનારૂં કર્મ દર્શનાવરણીય કહેવાય છે.

(૩) વેદનીય કર્મ—સુખ—દુઃખ—સંજોગ અને વિયોગ આદિ દ્વન્દ્વોને લઈને માનસિક પરિણામોમાં સાતા (સુખ) અસાતા (દુઃખ—પીડા) અનુભવાય તે વેદનીય કર્મ છે. યદ્યપિ ઉદયમાં આવતાં બધાએ કર્મોનું વેદન તો થાય જ છે. તો પણ કાદવમાં જેમ દેડકા, મચ્છર, માખી અને કમળ પણ ઉત્પન્ન થાય છે, છતાં પણ "पंके जायते इति पंकजः" આ ઉક્તિને અનુસારે પંકજ શબ્દથી 'કમળ' જ લેવાય છે, તેવી રીતે રૂઢ અર્થમાં વેદનીય શબ્દ હોવાથી સુખ—દુઃખરૂપે ભોગવાય છે તે વેદનીય શબ્દનો અર્થ અહિં ઇષ્ટ છે.

(૪) મોહનીય કર્મ—જે કારણથી સત્—અસત્, સત્ય—અસત્યના વિવેક વિનાનો આ આત્મા થાય છે. અર્થાત્ કોઇપણ માનસિક, વાચિક અને કાયિક પ્રવૃત્તિમાં સત્ય—અસત્યનો જે કારણથી નિર્ણય ન થાય તે મોહનીય કર્મ કહેવાય છે.

(૫) આયુષ્ય કર્મ—પૂર્વભવમાં પોતાના કરેલા કર્મોને લઈને પ્રાપ્ત કરેલી નરકગતિમાંથી બહાર આવવા માટેની

આવી જ રીતે અપક્રમણ સંબંધી વિચાર છે. અપક્રમણ-
એને કહેવામાં આવે છે કે–ઉત્તમ ગુણસ્થાનકથી હીનતર ગુણ

ઈચ્છા રાખનાર જીવોને બહાર આવવા માટે રોકે તે આયુષ્ય કર્મ કહેવાય છે. જેમકે જેલમાં રહેલો માણસ જેલરની આજ્ઞા વિના જેલમાંથી મુક્ત થઈ શકતો નથી તેમ બેડી જેવા આ કર્મને લઈને નરક ગતિનો આત્મા તથા મનુષ્યાદિ ગતિઓમાં ભયંકર યાતનાઓને ભોગવતો જીવાત્મા બહાર આવી શકતો નથી, અથવા એક ભવમાંથી બીજા ભવમાં જવા માટે ઉદયમાં આવનારું કર્મ આયુષ્ય કર્મ કહેવાય છે. આ કર્મરાજાની બેડીમાં સપડાયેલો જીવ એક ભવને સમાપ્ત કરીને જ ભવાન્તરમાં જાય છે.

(૬) નામકર્મ—શુભ કે અશુભ યોગથી બાંધેલા કર્મો સદ્ગતિ દુર્ગતિ, સારી જાતિ–ખરાબ જાતિ, સારૂં કે કદરૂપ શરીર, સારુ કે નબળું સંઘયણ આદિ શુભાશુભ પર્યાયોને જે પ્રાપ્ત કરાવે તે નામકર્મ કહેવાય છે.

(૭) ગોત્રકર્મ—આ માણસ હલકા કુલનો છે, આ ઉંચા કુલનો છે, આ આર્ય છે, આ અનાર્ય છે, આવા પ્રકારના શબ્દોવડે શરીરધારી આત્મા જે સંબોધાય છે–બોલાવાય છે તે આ ગોત્રકર્મને આભારી છે.

(૮) અંતરાયકર્મ—દાન, લાભ, ભોગ, ઉપભોગ અને વીર્ય (પરાક્રમ) લબ્ધિઓનો ઉપયોગ કરવાની ઈચ્છા રાખનારા જીવને જે કર્મોને લઈને અન્તરાયો નડે વચ્ચે વિઘ્નો આવે તે આ અંતરાયકર્મને આભારી છે.

આ પ્રમાણે આઠે કર્મોના નિયત થયેલા સ્વભાવોને લઈને અનંત શક્તિઓનો સ્વામી આ જીવાત્મા પોતાના મૂળ અજાનાને અનંતશક્તિને મેળવી શકતો નથી.

સ્થાનકમાં જવું. મોહનીયકર્મ જ્યારે ઉદયમાં આવેલું હોય ત્યારે જીવ અપક્રમણ પણ કરે. અને તે બાલવીર્યતાથી અને

હવે પ્રશ્ન આ છે કે–ઉપર પ્રમાણે આઠે કર્મોનો અનુક્રમ કયા કારણે રાખ્યો છે ?

જવાબમાં જાણવાનું કે–'ગુણ અને ગુણી' કથંચિત્ એકજ હોય છે. આ ન્યાયે ગુણી એવા આત્માનાં જ્ઞાન દર્શન ગુણો હોવાથી આત્મા અને જ્ઞાન અપેક્ષાએ એક જ છે.

"यत्र यत्र ज्ञानं (चेतन्यं) तत्र तत्र जीवः । यत्र चैतन्यं नास्ति स जीवो न भवति परन्तु अजीवोऽस्ति यथा घटपटादि पौद्गलिकपदार्थाः ।"

આ કથનને અનુસારે જીવ જ્યારે ચેતના લક્ષણથી લક્ષિત છે. ત્યારે જીવને જ્ઞાન–દર્શનનો અભાવ હોય છે. આમ મનાય જ કેવી રીતે ? આ બંનેમાં પણ જ્ઞાન પ્રધાન છે. જેના પ્રભાવથી સંપૂર્ણ શાસ્ત્રોના વિષયની વિચાર પરંપરાની પ્રવૃત્તિ સુલભ બને છે.

અનાદિકાળથી પરિભ્રમણ કરતા જીવાત્માને જે ઉચ્ચ–આનદાન આર્યજાતિ, આર્યસંસ્કૃતિ, પંચેન્દ્રિયપટુતા અને ધાર્મિક–સંસ્કારો વગેરેની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, તે સમ્યગ્જ્ઞાનને આભારી છે.

સંપૂર્ણ કર્મોથી મુક્ત થયેલા કેવલી ભગવંતને પણ સર્વ પ્રથમ જ્ઞાનોપયોગ જ હોય છે, અને બીજી ક્ષણે દર્શનોપયોગ હોય છે. માટે જે કર્મોના કારણે આ જ્ઞાનશક્તિ આવૃત થાય છે તે જ્ઞાનાવરણીય કર્મને સૌથી પ્રથમ મૂકયું છે. જ્ઞાનોપયોગથી ચ્યુત થયેલો જીવ દર્શનોપયોગમાં સ્થિર થાય છે. આ શક્તિ જેનાથી ઢંકાય તે દર્શનાવરણીય કર્મ બીજા નંબરે જ હોઈ શકે. આ બંને કર્મોનો ઉદયકાળ જ્યારે વર્તતો

કદાચિત્ બાલપંડિતવીર્યતાથી પણ થાય છે, પંડિત વીર્યતાથી નથી થતું વળી આ પ્રકરણમાં એ પણ કહેવામાં આવ્યું છે

હોય છે ત્યારે તારતમ્યભાવે જીવાત્માને સુખ–દુઃખરૂપ વેદનાનો અનુભવ થાય છે. જેમકે જ્ઞાનાવરણીયકર્મનો પ્રબળ ઉદય વર્તતો હોય છે ત્યારે અરેરે, હું કંઇ પણ જાણતો નથી, મને કંઇ પણ આવડતું નથી, આમ આ જીવાત્મા બીજા જ્ઞાની પુરુષોને જોઈને દુઃખનો જ અનુભવ કરતો હોય છે. જ્યારે પ્રકૃષ્ટ જ્ઞાનનો ઉદય હોય છે, ત્યારે જીવને સુખશાંતિનો અનુભવ થાય છે.

તથા દર્શનાવરણીય કર્મના પ્રબળ ઉદયે જાત્યન્ધતા, બધિરતા, તથા આંખ, કાન નાક, અને સ્પર્શેન્દ્રિયોની ક્રમ-જોરીનો જ્યારે આ જીવ અનુભવ કરે છે ત્યારે પણ બહુ જ દુઃખનો અનુભવ થાય છે. અને તેનાથી વિપરીત પાંચે ઈન્દ્રિયોની પટુતાને લઇને આ જીવને સુખની પ્રાપ્તિ પણ સ્પષ્ટ દેખાય છે. માટે જ આ બંને કર્મોની પછી આ વેદ-નીયકર્મ મૂકવામાં આવ્યું છે.

ઈન્દ્રિયોને ગમતાં અને નહિ ગમતાં પદાર્થોની પ્રાપ્તિ અને અપ્રાપ્તિમાં સંસારી જીવને રાગ–દ્વેષાદિ થયાં વિના રહેતાં નથી, અને જ્યાં રાગ–દ્વેષ હોય છે, ત્યાં મોહનીય-કર્મની સત્તા અવશ્યમેવ હોય જ છે. તે કારણે આ કર્મને ચોથા સ્થાને મૂકવામાં આવ્યું છે.

શરાબપાન જેવા આ કર્મને લઇને અત્યંત મૂઢ બનેલા જીવોને આરંભ–સમારંભ તથા પરિગ્રહ વધારવામાં જ અને તેના ભોગવટામાં જ સંપૂર્ણ રસ હોય છે. તેથી તેમને નરકાદિ ગતિઓનું આયુષ્ય કર્મ બંધાવવું અનિવાર્ય છે. માટે જ આયુષ્ય કર્મને પાંચમા સ્થાને મૂકયું છે અને ત્યાર

કે–કરેલા પાપકર્મને વેદ્યા વિના–અનુભવ્યા વિના નારક,

પછી ગતિ આદિ નામકર્મ પણ આયુષ્ય કર્મને આધીન હોવાથી નામ કર્મને છઠ્ઠે સ્થાને મૂકવામાં આવ્યું છે. નામ કર્મના ઉદયમાં જ ઊંચ–નીચ ગોત્રથી બોલાતો જીવ ગોત્ર કર્મને વેદતો હોવાથી સાતમે સ્થાને આનું સ્થાન યુક્તિ યુક્ત છે. અને ત્યાર પછી અંતરાય કર્મને મૂકવાનો આશય એ છે કે—ઉચ્ચકુલમાં જન્મેલા જીવને દાનાદિ લબ્ધિઓ સુલભ હોય છે, જ્યારે નીચ ખાનદાનમાં તે લબ્ધિઓનો પ્રાયઃ કરીને અભાવ હોય છે. તે કારણે આ કર્મને છેલ્લું મૂકયું છે.

આ જીવ આઠ પ્રકારે કર્મબંધન કેવી રીતે કરે છે ? આના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે–જ્યારે જ્ઞાનવરણીય કર્મનો ઉદયકાળ વર્તતો હોય છે, ત્યારે દર્શનાવરણીય કર્મનો અનુભાવ પણ નિયમા હોય છે; અને આના વિપાકે દર્શન મોહનીય કર્મ પણ હોય છે. ત્યારે આ જીવાત્મા આઠ પ્રકારે કર્મ બાંધે છે.

અતત્ત્વોને તત્ત્વ તરીકે માનવું અને તત્ત્વોને અતત્ત્વ તરીકે માનવું મિથ્યાત્વ જ છે. માટે શાસ્ત્રીય વચન છે કે મોહનીય કર્મના ઉદયકાળમાં તથા ઉદીરણા કાળમાં ઉત્તર કર્મો એટલે કે નવા કર્મો બંધાતા જ હોય છે. જેમ બીજ તત્ત્વ નાશ પામેલું ન હોય તો અંકુરાદિની ઉત્પત્તિ દેખાય છે. તેવી રીતે મિથ્યાત્વની હાજરીમાં જીવાત્માને અવિરતિ કષાય, પ્રમાદ અને યોગવક્રતા હોવાથી કર્મોનાં અંકુરો પ્રતિ સમયે ઉત્પન્ન થતાં જ રહે છે. "જીવોના જેવા અધ્યવસાયો હોય છે તેવા જ પુદ્ગલો કર્મરૂપે પરિણમે છે. અને પુદ્ગલોનો જેવો ઉદય હોય છે, જીવાત્માઓની પરિણતિ પણ તેવી જ હોય છે."

તિર્યંચ, મનુષ્ય અને દેવના જીવનો મોક્ષ થતો નથી. અહિં

કેટલા સ્થાનોવડે જ્ઞાનાવરણીયાદિ કર્મો બંધાય છે? આના જવાબમાં ભગવાને ફરમાવ્યું છે કે–હે ગૌતમ! રાગ અને દ્વેષ આ બે કારણોથી કર્મ બંધાય છે. પ્રીત્યાત્મક રાગ અને અપ્રીત્યાત્મક દ્વેષ યદ્યપિ ક્રોધ, માન, માયા, લોભથી જુદા નથી. માટે આ ચાર કષાયોમાં રાગ–દ્વેષનો સમાવેશ થઇ જાય છે. તથાપિ નયવાદને લઈને આ સમાવેશ કેવા વિચિત્ર પ્રકારે થાય છે, તે જરા જોઇ લઇએ.

સંગ્રહનયની માન્યતા આવા પ્રકારે છે કે—કોઈને પણ ગમતો નહિં હોવાના કારણે ક્રોધ અપ્રીત્યાત્મક છે અને પારકાના ગુણો સહન નહી થવાના કારણે માન કષાય પણ અપ્રીત્યાત્મક હોય છે. માટે આ બન્ને ક્રોધ અને માન દ્વેષરૂપે જ છે. જ્યારે આત્માને ગમતો હોવાથી લોભ કષાય અને પારકાને ઠગવારૂપે આત્માને અભિલષિત હોવાથી માયા કષાય, આ પ્રમાણે લોભ અને માયાનો સમાવેશ રાગમાં થાય છે.

આજ વાતને વ્યવહારનય આમ કહે છે કે—પર ઉપઘાતને માટે માયા કષાયનો પ્રયોગ થાય છે, અને તે દ્વેષ વૃત્તિના અભાવમાં બનતો નથી. માટે 'માયા'નો દ્વેષમાં અંતર્ભાવ થાય છે. ક્રોધ અને માનતો અપ્રીત્યાત્મક હોવાથી દ્વેષ જ છે, જ્યારે લોભ કષાય ન્યાય–નીતિના સ્વીકાર પૂર્વક અર્થ પ્રત્યેની મૂર્છા પરોપઘાત વિનાની હોવાથી 'રાગ'માં સમાવિષ્ટ થશે. આ પ્રમાણે આ નયના મતે ક્રોધ, માન, માયા, દ્વેષરૂપે છે અને લોભ રાગરૂપે છે.

જ્યારે ઋજુસૂત્રનય આમ કહે છે કે—'ક્રોધ' કષાય અપ્રીત્યાત્મક હોવાથી પરોપઘાતી છે, માટે તેનો દ્વેષમાં

કર્મના બે ભેદ બતાવવામાં આવ્યા છે. પ્રદેશકર્મ અને

સમાવેશ થશે, પણ શેષ જે માનમાયા અને લોભ છે તેમનાં બે બે ભેદ પડે છે જેમકે-પોતાના ગુણોનું બહુમાન સૌને ગમતું હોવાથી અહંકારના ઉપયોગ સમયે માન કષાય પ્રીત્યાત્મક હોવાથી રાગરૂપે બને છે, પણ માત્સર્ય વગેરેના કારણે પારકાના ગુણો પ્રત્યે દ્વેષનો ઉપયોગ હોવાથી માન કષાય અપ્રીત્યાત્મક બને છે.

પારકાના દ્રવ્યનું ગ્રહણ કરવાની ચિંતા સમયે માયા પણ પ્રીત્યાત્મક હોય છે. અને પારકાને ઠગવા સમયે આત્માના પરિણામો પરોપઘાતકારક હોવાથી અપ્રીત્યાત્મક બનવાનાં કારણે માયા દ્વેષરૂપે પણ બનશે

ક્ષત્રિય આદિ વીર જાતિને લઈને લોભ કષાયનો વિચાર કરવામાં આવે તો તે આવી રીતે પ્રીત્યાત્મક પણ બનશે— ક્ષત્રિયોની માન્યતા છે કે 'વીર ભોગ્યા વસુંધરા' આ વસુંધરા પૃથ્વી વીરોને માટે છે અને તે બીજા દેશોનું અપહરણ અમારા માટે ન્યાય્ય છે.' આ ઉક્તિને માન્ય રાખીને સ્વાર્થ સાધિકા પ્રવૃત્તિ કરવી તેમને ગમે છે, માટે પ્રીત્યાત્મક હોવાથી લોભ 'રાગ'માં સમાવિષ્ટ થશે અને શત્રુઓના દેશોનો સ્વીકાર કરવા માટે અભિયોગ થાય ત્યારે લોભ અપ્રીત્યાત્મક થવાથી દ્વેષના આકારને ધારણ કરશે કેમકે તે અભિયોગ—લડાઇ પરોપઘાત હોય છે. આ પ્રમાણે આ ત્રણે કષાયો રાગ અને દ્વેષ રૂપે બની શકશે.

જ્યારે પાછળના શબ્દનયો આમ કહે છે-ક્રોધ અને લોભનો સમાવેશ માન અને માયામાંજ થઈ જાય છે, તે આ પ્રમાણે

અનુભાગકર્મ એમાં પ્રદેશકર્મ અવશ્ય વેદવું પડે છે, અને

માન અને માયા કષાયમાં પારકાને હાનિ કરનારા આત્માના જે અધ્યવસાયો હોય છે, તે અપ્રીત્યાત્મક હોવાથી ક્રોધ છે અને સ્વગુણોના ઉત્કર્ષરૂપ પરદ્રવ્ય પ્રત્યેની મૂર્છા આત્માને ગમતી હોવાથી લોભ છે. લોક પ્રસિદ્ધ લોભ પણ પારકાનો ઉપઘાત કરનાર હોય ત્યારે અને મૂર્ચ્છાત્મકરૂપે હોય ત્યારે આમાં પરોપઘાત લોભ ક્રોધ કહેવાય છે અને ક્રોધ દ્વેષ જ છે. જ્યારે મૂર્ચ્છારૂપ લોભનો સમાવેશ રાગમાં થશે. આ પ્રમાણે રાગ અને દ્વેષને લઈને જ્ઞાન વરણીયાદિ કર્મો સતત બંધાય છે.

યદ્યપિ કર્મોનું બંધન રાગ–દ્વેષ નથી કરતાં, પરંતુ આત્મા જ્યારે રાગ–દ્વેષને લઈને પોતાનું ભાન ભૂલી જાય છે, ત્યારે આત્મા પોતેજ કર્મોનો કર્તા બને છે.

જીવાત્માના પ્રતિપ્રદેશે ચારે ઘાતી કર્મોની જે રજ ચોંટેલી છે, તે ક્ષીણઘાતી કેવળીને છોડીને બધાય જીવોને તે કર્મો વેદવા જ પડે છે, જ્યારે આયુષ્ય કર્મ, નામ કર્મ, ગોત્ર કર્મ અને વેદનીય કર્મ સંસારના ચરમ સમય સુધી કેવળી ભગવંતોને પણ વેદવા પડે છે.

રાગ–દ્વેષ વશ જીવાત્માએ બાંધેલા અર્થાત્ કર્મરૂપે પરિણમેલા આત્માના પ્રદેશો સાથે એકાકાર થયેલા, વધારે ગાઢતર એકાકાર થયેલા, અબાધાકાળને છોડીને ઉત્તર સમયે વેદનને યોગ્ય નિષિકત થયેલા, આગળ આગળ પ્રદેશ હાનિ અને રસવૃદ્ધિ, દ્વારા સ્થાપિત થયેલા, સમાન જાતીય પ્રકૃતિઓમાં સંક્રમણ થયેલા, કંઈક વિપાક અવસ્થાને પામેલા, વિશેષ વિપાક સન્મુખી થયેલા, ફળ દેવા માટે તૈયાર થયેલા, સામગ્રીવશ ઉદયમાં આવેલા (જેમ કેરી પહેલાં કંઈક પાકે છે પછી સામગ્રીવશ વિશેષ પકવવામાં આવે છે અને પાકી

અનુભાગકર્મમાં કેટલું કેટલું વેદાય છે અને કેટલું નથી વેદાતું.

થયા પછી ખાનારને તૃપ્તિ અને આનંદ આપે છે.) આ પ્રમાણે કર્મ બંધનથી બંધાયેલા જીવો પણ મિથ્યાત્વ આદિને લઈને ફરી ફરી કર્મોની ઉપાર્જના કરે છે.

યદ્યપિ જીવાત્મા પ્રતિસમય જ્ઞાન દર્શનના ઉપયોગવાળા હોવા છતાં પણ જ્યારે સામગ્રીવશાત્ રાગ તથા દ્વેષની લેશ્યાઓ વૃધ્ધિ પામે છે ત્યારે કર્મોનું બંધન થાય છે.

જે સમયે કર્મો બંધાય છે, તે જ સમયે બંધાતા કર્મવર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરતો આ જીવ અનાભોગિક વીર્ય (આત્મિક પરિણામો) વડે જ્ઞાનાવરણીય આદિ કર્મોને જુદા જુદા સ્થાપન કરે છે, જે પ્રમાણે આહાર કરતા હોઈએ છીએ ત્યારે જ, તે ખાધેલા આહારમાંથી જ અમુક પુદ્ગલો લોહી માટે, માંસ માટે, હાડકા માટે, મજ્જા માટે અને શુક્ર ધાતુ માટે નિર્ણીત થઈ જાય છે. ખાધેલા બધાએ આહારનું લોહી બનતું નથી. યાવત્ શુક્ર બનતું નથી. પરન્તુ લોહીને યોગ્ય પુદ્ગલોનું લોહી બને છે અને બાકીનો ખાધેલો આહાર જે રસરૂપે બનેલો છે, તે વિષ્ઠા, મૂત્ર, પરસેવો, નખ, બાલ તથા નાક, કાન અને આંખના મેલ દ્વારા બહાર નીકળી જાય છે.

તે જ પ્રમાણે બંધાયેલા કર્મોનું ફળ આપવા માટેનો સ્વભાવ પણ ત્યારે જ (કર્મ બાંધતા સમયે જ) નિશ્ચિત થઈ જાય છે.

ત્યારપછી આત્માના વિશેષ પ્રકારે એટલે સમ્યગ્જ્ઞાન પ્રત્યે દ્વેષ પ્રદ્વેષ, જ્ઞાન અને જ્ઞાનીની નિંદા–તિરસ્કાર, ગુરુનો અપલાપ, જ્ઞાનના ઉપકરણોની આશાતના વગેરે કારણોથી બાંધેલા કર્મોનું ઉત્તરોત્તર પરિણામ વધતું જ જાય છે.

ઉપર જે બાલવીર્યતાદિ ભેદો બતાવવામાં આવ્યા છે.

આ પ્રમાણે સામાન્ય અને વિશેષ અધ્યવસાયોથી બાંધેલા કર્મોના વિપાક (ફળ)ની પ્રાપ્તિ સમયે ઉદયમાં આવેલા, પારકાથી ઉદયમાં લાવેલા, અને સ્વપર નિમિત્તને લઈને ઉદયમાં આવે છે.

કેટલાક કર્મો અમુક ગતિને આશ્રીને વિશેષ પ્રકારે ઉદયમાં આવે છે. જેમકે નરકગતિને આશ્રીને અસાતાવેદનીય કર્મ ઉદયમાં આવે છે કેમકે તે જીવોને અસાતકર્મ (અસાતાવેદનીય) જેટલો તીવ્ર હોય છે, તેટલો તિર્યંચોને હોતો નથી. ઉત્કૃષ્ટ સ્થિતિથી બાંધેલા કર્મોમાં રસ પણ તીવ્ર હોય છે. જેમ અમુક ભવને આશ્રીને મિથ્યાત્વની તીવ્રતા હોય છે.

મનુષ્ય અને તિર્યંચ અવતારમાં નિદ્રા નામનું દર્શનાવરણીયકર્મ વિશેષ પ્રકારે ઉદયમાં હોય છે. યદ્યપિ દેવોને તથા નારકોને પણ દર્શનાવરણીયકર્મ સત્તામાં તો હોય જ છે. પણ સુખમાં મસ્ત બનેલા દેવોને તથા દુઃખમાં નિમગ્ન બનેલા નારકોને નિદ્રાનો ઉદય મનુષ્યો તથા તિર્યંચોની અપેક્ષાએ થોડો હોય છે.

હવે પરને લઈને કર્મો આ પ્રમાણે ઉદયમાં આવે છે. જેમકે :– કોઈ માણસ આપણા ઉપર પત્થર કે લાકડું ફેંકે અથવા તલવાર કે લાકડી લઈને આપણા ઉપર હુમલો કરે ત્યારે આપણને અસાતા અને ક્રોધનો ઉદય થઈ આવે છે.

હવે કેટલાક કર્મો પુદ્ગલોના પરિણામથી ઉદયમાં આવે છે. જેમ ભોજન કરવાના સમયે બાંધેલું અન્ન નહીં પચવાના કારણે અજીર્ણ થઈ જવાથી તાવ, ઉધરસ, વમન તથા ઝાડા આદિ થવારૂપ અસાતા વેદનીય કર્મ ઉદયમાં આવે છે.

તેમાં વિવરણકારે વીર્યનો અર્થ પ્રાણી કર્યો છે. અર્થાત્—

કયા કર્મનો કેવા પ્રકારે રસોદય હોય છે? આના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે—જ્ઞાનાવરણીય કર્મનો દશ પ્રકારે રસોદય હોય છે. એટલે કે આ કર્મનો ઉદયકાળ વર્તતો હોય છે ત્યારે દશ પ્રકારે ફળ ભોગવવા પડે છે તે આ પ્રમાણે :—

૧ શ્રોત્રાવરણ	શ્રોત્રેન્દ્રિય જ્ઞાનાવરણીય
૨ ચક્ષુરાવરણ	ચક્ષુરિન્દ્રિય જ્ઞાનાવરણીય
૩ ઘ્રાણાવરણ	ઘ્રાણેન્દ્રિય જ્ઞાનાવરણીય
૪ રસનાવરણ	રસનેન્દ્રિય જ્ઞાનવરણીય
૫ સ્પર્શાવરણ	સ્પર્શેન્દ્રિય જ્ઞાનાવરણીય

અહીં શ્રોત્રાવરણ, ચક્ષુરાવરણ, ઘ્રાણાવરણ, રસનાંવરણ અને સ્પર્શાવરણ આ પાંચે દ્રવ્યેન્દ્રિયો જાણવી અને બાકીની શ્રોત્રેન્દ્રિય જ્ઞાનાવરણીય, ચક્ષુરિન્દ્રિય જ્ઞાનાવરણીય, ઘ્રાણેન્દ્રિય જ્ઞાનાવરણીય, રસનેન્દ્રિય જ્ઞાનાવરણીય અને સ્પર્શેન્દ્રિય જ્ઞાનાવરણીય આ પાંચે ભાવેન્દ્રિય જાણવી.

કેમકે એકેન્દ્રિય જીવોને જીભ, નાક ચક્ષુ અને કાન આ ચારે દ્રવ્યેન્દ્રિયો નહીં હોવાથી જેમ દ્રવ્યેન્દ્રિય કર્મોનું આવરણ કર્મ ઉદયમાં છે, તેમ લબ્ધિ અને ઉપયોગ રૂપ ભાવેન્દ્રિયોનું પણ આવરણ પ્રાયઃ કરીને હોય છે. યદ્યપિ બકુલ આદિ વૃક્ષોમાં ભાવેન્દ્રિયોનો અસ્પષ્ટરૂપે પણ અનુભવ જણાય છે તો પણ દ્રવ્યેન્દ્રિયોનો અભાવ હોવાથી તે વનસ્પતિઓ પંચેન્દ્રિય તરીકે સંબોધાતી નથી. આ પ્રમાણે બે ઇન્દ્રિય જીવોને ઘ્રાણ ચક્ષુ અને કાનનો અભાવ હોવાથી તદ્વિષયક જ્ઞાનનું પણ આવરણ સ્પષ્ટ છે.

પ્રાણીપણું એટલે વીર્યતા. હવે 'બાલ'નો અર્થ એ કરવામાં આવ્યો છે કે-"જે જીવને સમ્યગઅર્થનો બોધ ન હોય, અને સદ્બોધકારક વિરતિ ન હોય. તે જીવ 'બાલ' કહેવાય છે. 'બાલ' અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ. જે જીવ સર્વપાપનો ત્યાગી હોય, તે 'પંડિત' એટલે સર્વ વિરતિ હોય તે પંડિત. તેવીજ રીતે અમુક અંશે વિરતિ હોવાથી પંડિત અને અમુક અંશે વિરતિ ન હોવાથી બાળ માટે તે બાલપંડિત. અર્થાત્ દેશવિરતિવાળો કહેવાય છે.

હવે ઉપર જે પ્રદેશકર્મ અને અનુભાગ કર્મ કહેવામાં આવ્યાં છે, તેનો અર્થ આ છેઃ-

---

તેઇન્દ્રિય જીવોને ચક્ષુ અને કાન તથા ચતુરિન્દ્રિય જીવોને કાનનો અભાવ હોવાથી તદ્વિષયક જ્ઞાનનું પણ આવરણ છે.

દ્રવ્યેન્દ્રિયો પ્રાપ્ત થયે છતે પણ તે તે ઇન્દ્રિયોનો તેવા પ્રકારે રોગ પ્રાપ્ત થતાં પણ ઇન્દ્રિયાવરણીય કર્મનો પ્રાયઃ કરીને તારતમ્ય જોગે આવરણ આવી જાય છે. જેમકે કુષ્ઠ આદિ ચામડીના વ્યાધિના કારણે સ્પર્શેન્દ્રિય જ્ઞાનાવરણીય પ્રાયઃ ઉદયમાં આવે છે. આ પ્રમાણે બધી ઇન્દ્રિયોમાં જાણી લેવું,

પંચેન્દ્રિય હોવા છતાં પણ જાત્યંધ અથવા અમુક ઉમ્ર થયે છતે આવેલ અંધત્વ કે બધિરત્વ પણ તે તે ઇન્દ્રિયોના આવરણને સૂચવે છે.

આ પ્રમાણે જેમ આપણે જ્ઞાનવરણીય કર્મનો રસોદય જાણી શકયા છીએ તેમ બીજા કર્મોનો રસોદય પ્રજ્ઞાપના સૂત્રના ૨૩ મા પદથી જાણી લેવો.

પ્રદેશ અને અનુભાગનો અર્થ

પ્રદેશ એટલે કર્મનાં પુદ્ગલો. જીવના પ્રદેશોમાં જે કર્મ પુદ્ગલો ઓતપ્રોત છે, તે પ્રદેશ-કર્મ કહેવાય છે. અને તેજ કર્મપ્રદેશોનો અનુભવાતો રસ અને તદ્રૂપ જે કર્મ તેનું નામ અનુભાગ કર્મ છે આ બેમાં પ્રદેશકર્મનું વેદવું નિશ્ચિત છે. કહેવામાં આવ્યું છે કે આ કર્મપ્રદેશનો વિપાક નથી અનુભવાતો છતાં કર્મપ્રદેશોનો નાશ તો નિયમે થાય જ છે. અનુભાગ કર્મ વેદાય પણ છે, અને નથી પણ વેદાતું.

પુદ્ગલ

આગળ પુદ્ગલના સંબંધમાં કહેતાં પુદ્ગલ ભૂતકાળમાં હતાં, વર્તમાનકાળમાં છે અને ભવિષ્યકાળમાં જરૂર રહેશે. 'અહિં પુદ્ગલનો અર્થ પરમાણું કરવામાં આવ્યો છે.卐[૧૪]

卐૧૪ ભગવાને ફરમાવ્યું કે—ગૌતમ! પુદ્ગલ પરમાણુઓ ત્રણે કાળે શાશ્વત છે, કેમકે જે 'સત' હોય છે, તે ક્ષેત્ર અને કાળને લઈને તિરોભાવ રૂપે અર્થાત્ રૂપાન્તર અવસ્થાને પામી શકે છે પરન્તુ સર્વથા નાશ અવસ્થાને પામતું નથી.

જે પ્રલયકાળે સંસારનો સર્વથા નાશ માને છે. તેમને હિતશિક્ષા આપતા દેવાધિદેવ ભગવાને કહ્યું કે—પરમાણુંઓ ભૂતકાળમાં હતાં, અત્યારે છે અને ભવિષ્યકાળે પણ રહેશે. બેશક, સામગ્રીવશથી તેઓનું રૂપાન્તર થયા કરે છે, જેમ માટીના પીંડમાંથી કુંભારના પ્રયત્ન વિશેષથી માટલું બને છે અને પાછું ફૂટે ત્યારે ઠીકરા રૂપ થઈને પાછું સમય જતાં માટી દ્રવ્ય રૂપે પરિણમે છે. કેમકે માટી દ્રવ્ય 'સત્' છે, ગમે તેવા પ્રલયકાળમાં પણ રૂપાંતરને પામતું તે 'સત્' સર્વથા નાશ પામતું નથી.

છદ્મસ્થ

હવે છદ્મસ્થાદિના સંબંધમાં વાત એમ છે કે છદ્મસ્થ મનુષ્ય કેવળ સંયમથી, કેવળ સંવરથી, કેવળ બ્રહ્મચર્યથી અને કેવળ પ્રવચન માતાથી સિદ્ધ–બુદ્ધ યાવત્ સર્વ દુઃખોનો નાશ કરનાર થયો નથી, થતો નથી. કારણ કે સિદ્ધ, બુધ્ધ, મુક્ત તો તે જ થઇ શકે છે કે–જે અંતકર છે, અંતિમ શરીરવાળા છે, તેઓ ઉત્પન્ન જ્ઞાન–દર્શનધર, અરિહંત. જિન કેવલી થયા પછી જ સિધ્ધ થાય છે. અને તેજ પૂર્ણ કહેવાય છે.

પ્રજ્વલિત દીપક પદાર્થના સહવાસથી તમામ પુદ્ગલો (અંધકારના પુદ્ગલો) પણ પ્રકાશિત થઈને સૌને પ્રકાશ આપે છે. અને પાછા પ્રકાશિત થયેલા પુદ્ગલોનું અમુક પ્રયત્નથી દીપક ઓલવાઈ જતાં અંધકાર રૂપે પરિણમન થઈ જાય છે. જે તામસ પુદ્ગલો છે તે તૈજસ પણ બને છે અને જે તૈજસ પુદ્ગલો અત્યારે દેખાય છે, તે તામસ રૂપે પણ પરિણમે છે.

એક જ જાતના પરમાણુઓ જ્યારે રૂપાંતરને પામે છે, ત્યારે જાણે નવા ઉદ્ભવેલા ન હોય તેમ આપણને ભાસે છે અને તિરોભાવને પામતાં જાણે નાશ થઈ ગયા છે એમ આપણને લાગે છે.

જૈન દર્શન દીપકના પ્રકાશની જેમ અંધકારને પણ પુદ્ગલ–દ્રવ્ય રૂપે માને છે. ગર્દભ શ્રુંગની જેમ તે અંધકાર પ્રકાશના અભાવ રૂપે નથી. પણ અંધકારમાં શ્યામ–શીતત્ત્વાદિ ગુણો હોવાથી–દ્રવ્ય રૂપે છે. માટે સંસાર, દ્રવ્યો, પુદ્ગલો, પરમાણુઓ શાશ્વત જ છે. કોઈ કાળે પણ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તથા જીવો સર્વથા નાશ પામવાના નથી.

અવધિજ્ઞાનના ભેદો

એક વાત અહિં ધ્યાનમાં રાખવાની છે કે–અહિં "છદ્મસ્થ"નો અર્થ 'અવધિજ્ઞાન' વિનાનો જીવ સમજવાનો છે. 'માત્ર કેવળજ્ઞાન વિનાનો હોય છે તે છદ્મસ્થ.' એમ સમજવાનું નથી. આ અવધિજ્ઞાન દેવોને અને નૈરાયકોને જન્મથી જ હોય છે. અને મનુષ્ય તથા તિર્યંચોને તેનું પ્રતિબંધક કર્મ નાશ પામે અને ઠંડુ પડે ત્યારે થાય છે. આ અવધિજ્ઞાનના છ ભેદ બતાવવામાં આવ્યા છે :– અનાનુગામિક, આનુગામિક, હીયમાનક, વર્ધમાનક, અનવસ્થિત અને અવસ્થિત.卐૧૫

આ પ્રમાણે 'સત્' કદાપિ 'અસત્' થતું નથી, તેમ "અસત્' પણ 'સત્' રૂપે નથી થતું. આ સનાતન સત્ય છે.

ગધેડાને શીંગડાનો અભાવ છે, તેમ કોઈ કાળે પણ તેને શીંગડાની વિદ્યમાનતા કોઈએ જોઈ પણ નથી અનુભવી પણ નથી. તેવી જ રીતે જીવો તથા પુદ્ગલો વિનાનો સંસાર પણ નથી. અને સંસાર પણ જીવ અને પુદ્ગલથી ખાલી નથી.

卐 ૧૫. આનો સાર એટલો જ છે કે–સંયમ, સવર, બ્રહ્મચર્ય અને અષ્ટ પ્રવચન માતાની આચરણા કેવળજ્ઞાન મેળવવા માટે કારણભૂત બની શકે છે. પણ મોક્ષગતિ આપી શકતાં નથી. કેમકે અનંત સંસારરૂપી કારાવાસમાંથી તો કેવળજ્ઞાન થયા પછી જ મોક્ષ મેળવવા માટે જીવ ભાગ્યશાળી બનશે, અને તેને માટે ચરમાવર્તની છેલ્લી ભૂમિકામાં જીવાત્માને પ્રવેશ કરવાની આવશ્યકતા છે. મહાવીર સ્વામી ભગવાન પણ તપશ્ચર્યા, સાધના અને ધ્યાનરૂપી ભઠ્ઠીમાં કર્મોને ભસ્મીભૂત કરી કેવળજ્ઞાન મેળવીને મોક્ષ પામ્યા છે.

નરકાવાસો

આ ઉદ્દેશકમાં પૃથ્વીઓ, તે પૃથ્વીઓની નીચે આવેલા અસુરકુમારોના આવાસો, પૃથ્વીકાયિકોનો આવાસો, પૃથ્વી વગેરે જીવાવાસોમાં દશ સ્થાન, અવગાહના, સંસ્થાનો, શરીર–સંઘર્ષણ, લેશ્યા, જ્ઞાન વગેરે અસુરકુમારાવાસોમાંના સ્થિતિ સ્થાનો, પૃથ્વીકાયિકોનાં સ્થિતિસ્થાનો, બે ઈન્દ્રિયાદિ પંચેન્દ્રિય તિર્યંચ અને મનુષ્યના સ્થાનોવડે ભાંગા વગેરેનું વર્ણન છે.

સાર એ છે કે–પૃથ્વીઓ સાત છે, રત્નપ્રભા, શર્કરા-પ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા, અને તમસ્તમપ્રભા. 'રત્નપ્રભા' શાથી કહેવાય છે ? રત્નપ્રભા પૃથ્વીમાં ત્રણ કાંડ છે, રત્નકાંડ, જલકાંડ અને પંકકાંડ. એમાં રત્નકાંડમાં નરકાવાસવાળા સ્થાનને છોડી બીજા સ્થાનો માં ઇન્દ્રનીલાદિ રત્નો છે. તે રત્નોની પ્રભા જ્યાં જ્યાં પડે છે, તેનું નામ છે રત્નપ્રભા. બાકીની પૃથ્વીઓમાં પણ નામ પ્રમાણે એમજ સમજવું.

આ સાતે પૃથ્વીઓમાં નરકાવાસો છે. તેની સંખ્યા જુદી જુદી છે, તે આ પ્રમાણે :

રત્નપ્રભામાં ૩૦ લાખ, વાલુકાપ્રભામાં ૧૫ લાખ, ધૂમપ્રભામાં ૩ લાખ, શર્કરાપ્રભામાં ૨૫ લાખ, પંકપ્રભામાં ૧૦ લાખ, તમઃ–પ્રભામાં ૯૯૯૯૫ હજાર અને તમસ્તમઃ પ્રભામાં ૫.

આવી રીતે અસુરકુમારોના આવાસો–

અસુરકુમારોના ૬૪ લાખ, નાગકુમારોના ૮૪ લાખ, સુવર્ણકુમારોના ૭૨ લાખ, વાયુકુમારોના ૯૬ લાખ અને

દ્વીપકુમાર, દિક્કુમાર, ઉદધિકુમાર, વિદ્યુતકુમાર, સ્તનિત કુમાર અને અગ્નિકુમાર આ છએ યુગલકના ૭૬ લાખ આવાસો છે.

પૃથ્વીકાયિકાદિના આવાસો

પૃથ્વીકાયિકોનાં અસંખેય લાખ આવાસો કહ્યાં છે અને એજ પ્રમાણે જ્યોતિષિકોનાં પણ અસંખેય લાખ વિમાનવાસો છે.

સૌધર્માદિ કલ્પોમાં અનુક્રમે ૩૨ લાખ, ૨૮ લાખ, ૧૨ લાખ, ૮ લાખ, ૪ લાખ, ૫૦ હજાર, ૪૦ હજાર વિમાનવાસો છે. સહસ્રાર દેવલોકમાં ૬ હજાર, આનત–પ્રાણતમાં ૪ સો, આરણ–અચ્યુત્તમાં ૩ સો. ૧૧૧ વિમાનવાસો અધસ્તનમાં ૧૦૭ વચલામાં અને ૧૦ ઉપરનામાં છે. અનુત્તર વિમાનો પાંચ જ છે.

દશ સ્થાનો

પૃથ્વી વગેરે જીવાવાસોમાં દશ પ્રકારનાં સ્થાનો કહેવામાં આવ્યા છે. સ્થિતિ, અવગાહના શરીર, સંહનન, સંસ્થાન, લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, યોગ અને ઉપયોગ.

આ દશ પ્રકારનાં સ્થિતિ સ્થાનો પૃથ્વી આદિ આવાસોમાં કેટકેટલાં છે, એ બતાવ્યું છે. આ સંક્ષેપમાં તે આ પ્રમાણે છે.

એક એક નિરયાવાસમાં રહેનારા નૈરયિકોની ઉંમર ઓછામાં ઓછી દશ હજાર વર્ષની છે.

એ નિરયાવાસમાં રહેનારા નૈરયિકો ક્રોધોપયુક્ત, માનોપયુક્ત, માયોપયુક્ત, અને લોભોપયુક્ત છે કે કેમ? આના ઉત્તરમાં બહુ વિસ્તારથી ભાંગા બતાવવામાં આવ્યા છે, તે ત્યાંથી જોઇ લેવા.

આ પછી અવગાહના સ્થાન બતાવવામાં આવેલ છે, અર્થાત્ એ નૈરયિકોનાં અવગાહના સ્થાનો અસંખ્ય છે. ઓછામાં ઓછી અંગુલના અસંખ્યેય ભાગ જેટલી અવગાહના, તે એક પ્રદેશાધિક, બે પ્રાદેશાધિક-એમ યાવત્ અસંખેય પ્રદેશાધિક જાણવી.

નૈરયિકોને ત્રણ શરીરો બતાવવામાં આવ્યા છે-વૈક્રિય તૈજસ અને કાર્મણ.

નૈરયિકોને શરીર-સંઘયણ નથી હોતું. તેમનાં શરીરમાં હાડકાં, નસો અને સ્નાયુ નથી હોતા. અને શરીર-સંઘાતનપણે જે પુદ્ગલો પરિણમે છે, તે અનિષ્ઠ, અકાંત, અપ્રિય, અશુભ અને અમનોજ્ઞ હોય છે.

નૈરયિકોનાં શરીરના સંસ્થાનનાં સંબંધમાં કહેવાયું છે. કે-નૈરયિકોનાં શરીરો બે પ્રકારનાં છે. ભવધારણીય અને ઉત્તર વૈક્રિય. ભવ ધારણીય એટલે જીવે ત્યાંસુધી રહેનારૂં શરીર, ભવધારણીય શરીર અને ઉત્તર વૈક્રિય શરીર બન્ને હુંડક સંસ્થાનવાળાં કહ્યાં છે.卐[૧૬]

卐 ૧૬. નરભૂમિઓ એક બીજાની નીચે નીચે એમ સાત જ છે. જે સ્થળે આપણે બેઠા છીએ ત્યાંથી એક લાખ એંશી હજાર યોજન જાડાઈવાળા પહેલી નરકભૂમિ છે. ઉપર અને નીચેથી એક એક હજાર યોજન છોડીને બાકીના ૧૭૮૦૦૦ યોજનવાલી નરકભૂમિમાં એક મહેલના માળાની જેમ ૧૩ પડલ (પ્રસ્તર-માળા) છે અને તેમાં ૩૦ લાખ નરકાવાસો છે. એટલે કે પહેલી નરકભૂમિમાં ઉત્પન્ન થનારા નારકી જીવોને પ્રાયઃ કરીને ૩૦ લાખ સ્થાન (આવાસો) છે. આમ સાતે ભૂમિઓમાં પ્રાયઃ કરીને ૮૪ લાખ આવાસો છે.

લેશ્યાદ્વિ

રત્નપ્રભાદિક સાત પૃથ્વીઓમાં છ લેશ્યાઓ પૈકી કઇ કઇ લેશ્યા છે? તેના ઉત્તરમાં કહ્યુ છે કે–પહેલી અને બીજીમાં કાપોત લેશ્યા, ત્રીજીમાં કાપોત અને નીલ લેશ્યા. ચોથીમાં નીલ લેશ્યા, પાંચમીમાં નીલ અને કૃષ્ણ લેશ્યા. છઠ્ઠીમાં કૃષ્ણ લેશ્યા, અને સાતમીમાં પરમ કૃષ્ણ લેશ્યા છે.

આ રત્નપ્રભાદિ પૃથ્વીઓમાં રહેનારા નૈરયિકો સમ્યગ્દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ–અને સમ્યગ્મિથ્યાદૃષ્ટિ–એમ ત્રણે પ્રકારના છે. વળી તે જીવો જ્ઞાની અને અજ્ઞાની બન્ને પ્રકારના છે.

જઘન્યથી પહેલા નારકજીવોની જે દશ હજાર વર્ષની આયુષ્ય=મર્યાદા છે, તે ૧૩ પ્રસ્તરમાંથી પહેલા પ્રસ્તરને અનુલક્ષીને છે તેમની ઓછામાં ઓછી ૧૦ હજાર વર્ષની ઉમ્ર હોય છે, તેમાં કોઇની ૧૦ હજાર વર્ષ ઉપર એક બે–ત્રણ યાવત્ અસંખ્ય સમય સુધીની વધારે પણ ઉમ્ર હોય છે, તે બધા ખાસ કરીને ક્રોધોપયુક્ત જ હોય છે, એટલે કે નારક જીવોને ક્રોધસંજ્ઞા વધારે હોય છે. પાપ કર્મી હોવાથી નારકજીવો અનિષ્ટ અકાંત, અપ્રિય, અશુભ અને અમનોજ્ઞ પુદ્ગલોના શરીર સંઘાતવાલાજ હોય છે. એટલે કે તે જીવોનાં શરીર ઈષ્ટ નથી હોતાં, મનોહર નથી હોતાં, પ્રિય નથી હોતાં શુભ હોતાં નથી અને મનોજ્ઞ હોતાં નથી.

સમ્યગદર્શનને સાથે લઈને જે જીવો નરકમાં ગયા છે. તેમને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન હોય છે, અને સંજ્ઞી અથવા અસંજ્ઞી અવસ્થામાંથી મિથ્યાત્વને લઇને જે નારક બન્યા છે, તેમને મતિઅજ્ઞાન, શ્રુતઅજ્ઞાન અને વિભંગજ્ઞાન હોય છે.

જેઓ જ્ઞાની છે, એમને ત્રણ જ્ઞાન નિયમપૂર્વક હોય છે, અને જેઓ અજ્ઞાની છે, તેઓને ત્રણ અજ્ઞાન ભજનાપૂર્વક હોય છે. નૈરયિક જીવો મનોયોગી, વચનયોગી અને કાયયોગી એમ ત્રણ પ્રકારના છે. વળી તે જીવો સાકારોપયુક્ત અને અનાકારોપયુક્ત પણ છે.

અસુરકુમારાદિના સંહનન, સંસ્થાન અને લેશ્યામાં નારકો કરતાં ભેદ હોય છે. તેઓનાં શરીર સંઘયણ વિનાનાં હોય છે. પરંન્તુ તેમનાં શરીર સંઘાતપણે તે જ પુદ્ગલો પરિણમે છે, જે ઇષ્ટ અને સુંદર હોય છે.

તેમનું જે ભવધારણીય કાયમનું શરીર છે, તે સમચોરસ સંસ્થાને સ્થિત છે. અને જે શરીર ઉત્તર વૈક્રિય રૂપ છે, તે કોઈ એક સંસ્થાને રહેલું હોય છે. તેમને લેશ્યાઓ ચાર હોય છે. કૃષ્ણ, નીલ, કાપોત અને તેજો લેશ્યા.

પૃથ્વી કાયિકોને ત્રણ શરીર કહ્યાં છે;–ઔદારિક, તૈજસ અને કાર્મણ.

પૃથ્વીકાયિકોનાં શરીરસંઘાતરૂપે સારાં અને ખરાબ બન્ને પ્રકારનાં પુદ્ગલો પરિણમે છે વળી તેઓ હુંડક સંસ્થાનવાળ છે, એ વિશેષતા છે, તેમને લેશ્યાઓ પણ ચાર છે. તેઓ નક્કી મિથ્યાદૃષ્ટિ છે. તેઓ જ્ઞાની નથી પણ અજ્ઞાની છે. બે અજ્ઞાન જ હોય છે તેઓ કેવળ કાયયોગી છે. આવી જ રીતે અપૂકાયિક જીવોનું પણ જાણવાનું છે.

વાયુકાયિકનાં ચાર શરીર કહ્યા છે–ઔદારિક વૈક્રિય, તૈજસ અને કાર્મણ.

વનસ્પતિકાયિકો પૃથ્વીકાયિકોની માફક જાણવા. વિકલેન્દ્રિય (બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરિન્દ્રિય)ની સ્થિતિ પૃથ્વી–

કાયિકાદિનાં જેવી જાણવી. વિશેષ એ કે તેમનામાં તેજોલેશ્યા હોતી નથી. તેઓ સમ્યગ્દૃષ્ટિ અને મિથ્યાદૃષ્ટિવાળા હોય છે. તેઓ જ્ઞાની અને અજ્ઞાની પણ છે.

જેઓ જ્ઞાની છે, એમને બે જ્ઞાન હોય છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન, જે અજ્ઞાની છે. તેમને બે અજ્ઞાન હોય છે. મતિ અજ્ઞાન અને શ્રુત અજ્ઞાન. તેઓ વચન યોગી અને કાય યોગી હોય છે, પરન્તુ મનો યોગી નથી.

પંચેન્દ્રિય તિર્યંચોની સ્થિતિ નારક સુત્રો (જીવો)ની માફક સમજવી. વિશેષતા એ છે કે—એકને ચાર શરીરો હોય છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ, તેમને છ'એ સંઘયણો હોય છે. અને સંસ્થાનો તથા લેશ્યાઓ પણ છ'એ હોય છે.

મનુષ્યોની સ્થિતિમાં—

મનુષ્યોને પાંચ શરીર હોય છે. ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણ મનુષ્યોને છ એ સંઘયણ, છ એ સંસ્થાન અને છ'એ લેશ્યાઓ હોય છે.

મનુષ્યોને જ્ઞાન પાંચ હોય છે : આભિનિબોધક મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન. 卐[૧૭]

卐 ૧૭. પાંચ શરીરમાંથી છેલ્લા બે શરીરો સૂક્ષ્મ હોય છે અને જીવાત્માની સાથે અનાદિકાળથી સંબંધવાળા છે, લોઢાના ગોળામાં અગ્નિ જેમ પ્રતિ અણુ પ્રવેશ કરે છે. તેમ પ્રતિ સમયે કરાતાં કર્મો પણ આત્માના પ્રત્યેક પ્રદેશમાં ચોંટેલા છે. તે અનંતાનંત કર્મોનો સમૂહ જ કાર્મણ શરીર કહેવાય છે. જે અત્યન્ત સૂક્ષ્મ અને અદૃશ્ય છે. છતાં પણ

વાણ વ્યંતરાદિ સંબંધી—

ભવનવાસીઓનું અને વ્યંતરોનું સમાનપણું છે, પણ જ્યોતિષ્કાદિનું તેમ નથી. જ્યોતિષ્કાદિના ૧૦ ભેદો છે,

જ્યોતિષ્કોને એક જ તેજોલેશ્યા હોય છે. તેમને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

વૈમાનિકોને તેજોલેશ્યાદિ ત્રણ લેશ્યાઓ હોય છે. અને ત્રણ જ્ઞાન અને ત્રણ અજ્ઞાન હોય છે.

તેમાં અનંત શક્તિ રહેલી હોવાથી જીવાત્માને એક ભવમાંથી બીજા ભવમાં રખડાવે છે, જે સમયે પહેલાનો ભવ છોડીને આ જીવ બીજો ભવ લેવાને માટે માતાની કુક્ષિમાં આવે છે. તે જ સમયે શુક્ર અને રજને, 'આહારપર્યાપ્તિ' દ્વારા આહાર રૂપે ગ્રહણ કરે છે અને એજ શક્તિ વડે ગ્રહણ કરાયેલા આહારને તૈજસ શરીર દ્વારા પચાવે છે. માટે આ બન્ને શરીરો સૂક્ષ્મ અને અનાદિકાલીન છે.

જ્યારે ઔદારિક શરીર જેમાં હાડ, માંસ, ચરબી, મળ, મૂત્ર, તથા પરસેવો વગેરે હોવાના કારણે ભોગ્ય છે. કેમકે કરેલાં કર્મો ને ભોગવવાં માટે શરીર ધારણ કરવું પડે છે. આ શરીર ઉદારતત્ત્વોથી સભર છે. તેથી કોઈ સમયે ઘટે છે, વધે છે. તંદુરસ્ત તથા રોગિષ્ટ બને છે. કર્મોને બાંધતા પણ આવડે છે અને તેનાં મૂળીયાંને, સર્વથા બાળીને ખાખ કરતાં પણ આવડે છે. માટે મોક્ષ મેળવવા માટે આ ઔદારિક શરીર જ આપણા માટે ઉપકારક છે.

વૈક્રિય શરીર કે જેમાં હાડ, માંસ નથી હોતા તે પુણ્યકર્મી દેવતાઓને પુણ્યકર્મ ભોગવવા માટે અને પાપકર્મી નારકોને પાપ ભોગવવા માટે હોય છે. વૈક્રિયશરીર-

સૂર્યનું દેખાવું

આ ઉદ્દેશકમાં સૂર્યના દેખાવાની, સૂર્યના પ્રકાશક્ષેત્રની અને આથમવાની લંબાઈ, લોકાન્ત–અલોકાન્તની સ્પર્શના, જીવો દ્વારા કરાતી ક્રિયાઓનો વિચાર અને અલોકાદિમાં પહેલું કોણ ને પછી કોણ? લોકસ્થિતિના પ્રકારો અને સૂક્ષ્મ અપ્કાયનો વિચાર.

આમ જુદા જુદા વિષયો સંબંધી પ્રશ્નો છે. આમાંની કેટલીક બાબતો– બલ્કે આખાય પ્રકરણની બાબતો વૈજ્ઞાનિક છે. સારાંશ એ છે કે:–

ઊગતો સૂર્ય જેટલે દૂરથી જોવાય છે. તેટલે જ દૂરથી આથમતો સૂર્ય પણ જોવાય છે. કહેવાયું છે કે–સૂર્ય સૌથી અંદરના માંડલામાં ૪૭૨૬૩ થી કંઈક વધારે યોજન જેટલે દૂરથી ઉદયાવસ્થામાં દેખાય છે. અને આથમતાં પણ એટલે જ દૂરથી દેખાય છે. આવી જ રીતે ઊગતો સૂર્ય જેટલા ક્ષેત્રને પ્રકાશે છે–તપાવે છે, તેટલા જ ક્ષેત્રને આથમતો સૂર્ય પણ પ્રકાશે છે. અહિં સૂર્યના તાપથી સ્પર્શાયેલી દિશાઓ ૬ કહેવામાં આવી છે.

ધારી દેવતાઓ પાસે ઘણી મોટી શક્તિઓ હોય છે. પણ તે એકકે શક્તિ મોક્ષ અપાવવા માટે સમર્થ નથી.

આહારક શરીર જે ઔદારિક અને વૈક્રિયની અપેક્ષાએ સૂક્ષ્મ હોય છે, તે ઉપયોગવંત, અપ્રમત્ત એવા સંયમધારી ચતુર્દશ પૂર્વધારીને જ હોય છે. તેઓ સંશય નિવારણાર્થે આ શરીર ધારણ કરે છે.

સંઘયણ એટલે હાડકાઓની રચના. અને સંસ્થાન એટલે શરીરની સુંદરતા; કેવળજ્ઞાન મેળવવા માટે પ્રાયઃ કરીને વજ્રઋષભનારાચ સંઘયણની આવશ્યકતા હોય છે.

સંસારમાં લોક અને અલોક એમ બે પદાર્થો માનેલા છે. આ લોક અને અલોક, એ બે એક બીજાથી કેટલા દૂર–કેવી રીતે રહેલા છે, એ સંબંધીના પ્રશ્નોથી સ્પષ્ટ થાય છે કે–

લોકનો અંત એ અલોકનાં અંતને અને અલોકનો અંત એ લોકના અંતને સ્પર્શે છે. અને તે છએ દિશાઓમાં સ્પર્શાય છે આમ બેટનો છેડો સમુદ્રના છેડાને, સમુદ્રનો છેડો બેટના છેડાને, પાણી નો છેડો વહાણના છેડાને અને વહાણનો છેડો પાણીના છેડાને સ્પર્શે.

આ વિષય આ પ્રશ્નોની વૃત્તિમાં સારી રીતે સમજાવ્યો છે, ત્યાંથી જોવાની ભલામણ છે.

હવે ક્રિયા વિચારમાં જણાવવામાં આવ્યું છે કે–જીવો દ્વારા પ્રાણાતિપાતાદિ ક્રિયા કરાય છે, તે ક્રિયા નિર્વ્યાઘાતવડે છ દિશાને અને વ્યાઘાતને આશ્રીને કદાચ ત્રણ–ચાર કે પાંચ દિશાને સ્પર્શે છે. જે ક્રિયા કરાય છે તે કૃત છે, અને તે આત્મકૃત છે, નહિ કે પરકૃત યા તદુભયકૃત, તે ક્રિયા અનુક્રમપૂર્વક કૃત છે, વળી જે કૃત ક્રિયા કરાય છે અને કરાશે તે બધીયે અનુક્રમપૂર્વક કૃત છે, પણ અનુક્રમ સિવાય કૃત નથી.

નૈરયિકો દ્વારા પણ ક્રિયા કરાય છે અને તે નિયમે છ'એ દિશાઓમાં કરાય છે. આ નૈરયિકોની માફક વૈમાનિક સુધીના બધા જીવોનું જાણવું. માત્ર એકેન્દ્રિયને છોડીને.

આમ પ્રાણાતિપાતની માફેક મૃષાવાદ વગેરે અઢારે પાપસ્થાનક વિષે ચોવીસ દંડક કહેવાના છે 卐[૧૮]

卐 ૧૮. પ્રાણાતિપાતાદિક ક્રિયાઓ દ્વારા બંધાતા કર્મો આત્મ–કૃત જ હોય છે. સંસાર માં આપણે સૌ પ્રત્યક્ષરૂપે જોઈ શકી એ છીએ કે અનંતાનંત શરીરોમાં રહેલો જીવાત્મા પણ એક બીજા આત્માથી સર્વથા જુદો છે. પોતાના જ કરેલા

પહેલા કોણ અને પછી કોણ ?

આ બધા પ્રશ્નોત્તરો શ્રી ગૌતમસ્વામીને સંબોધીને થયા પછી અહિં ભગવાન મહાવીર દેવના રોહ નામના શિષ્ય પ્રશ્નો કરે છે અને ભગવાન તેનો ઉત્તર આપે છે,

સંસારમાં લોક અને અલોક, જીવ અને અજીવ, લોકાન્ત અને અલોકાન્ત એમ બબ્બે વસ્તુઓ છે. આ બેમાં પહેલું કોણ અને પછી કોણ ? એ મુખ્ય પ્રશ્ન છે. ભગવાને ઉત્તર આપતાં જણાવ્યું છે કે—

લોક અને અલોક, જીવ અને અજીવ, ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક, સંસાર અને મોક્ષ, લોકાન્ત અને અલોકાન્ત એ જોડલાં એક બીજાથી પહેલાં પણ છે ને પછી પણ છે. કારણ કે એ બન્ને વસ્તુઓ શાશ્વત છે—અનાદિ છે. એટલે અમુક પહેલાં ને અમુક પછી, એમ ન કહી શકાય. જેવી રીતે કુકડી અને ઇંડું. એમાં પહેલાં કોણ ને પછી કોણ ? કુકડી વિના ઇંડું નહિ ને ઇંડા વિના કુકડી નહિ. એવી જ રીતે બધે સમજવું.

આવી જ રીતે અવકાશાન્તર, વાત, ઘનોદધિ, પૃથ્વી, દ્વીપ, સાગર, ક્ષેત્ર નૈરયિકાદિ જીવ, અસ્તિકાય, સમય, કર્મ

કર્મોને જીવ ભોગવી રહ્યો છે. આ અનુભવ જુઠો કેવી રીતે હોઈ શકશે? 'બધા શરીરમાં એક જ આત્મા છે' આ મત ગમે તે પથનો હોય ! પરન્તુ વ્યવહારે અસત્ય ઠરતો મત કોઈને પણ સ્વીકાર્ય હોઈ શકે નહિ. માટે હિંસા, જૂઠ, ચૌર્ય, અને મૈથુનકર્મોને જે જીવ કરશે તેના પરિણામો-ફળો તેજ જીવને ભોગવ્યા વિના છૂટકો નથી.

લેશ્યા, દૃષ્ટિ, જ્ઞાન, દર્શન, સંજ્ઞા, શરીર, યોગ, ઉપયોગ, દ્રવ્યપ્રદેશો, પર્યવો, કામ વગેરે માટે પહેલા અને પછીનો પ્રશ્ન સ્પષ્ટ થઈ જાય છે. અર્થાત્ જે વસ્તુઓ અનાદિ છે, એના માટે પહેલા અને પછીનો ક્રમ કહી શકાય જ નહિં.卐[૧૯]

લોકસ્થિતિ

રોહ અણગારના આ પ્રશ્નો પછી પાછા ગૌતમસ્વામીના પ્રશ્નો લોકસ્થિતિ સંબંધી આવે છે.

ગૌતમસ્વામી ભગવાનને પૂછે છે કે–લોકસ્થિતિ કેટલા પ્રકારની છે ? એના ઉત્તરમાં ભગવાન આઠ પ્રકારની બતાવે છે અને તે આ પ્રમાણે:—

卐 ૧૯ ભગવાન મહાવીર સ્વામીનો 'રોહ' નામનો અણગાર તેમનો અંતેવાસી હતો. તે પરોપકારશીલ, ભાવમાર્દવનો સ્વામી, વિનયવાન્, (વિશેષેણ નયતિ–દૂરીકરોતિ રાગાદિ શૂત્રન્ સ વિનયઃ) કષાયોથી મુક્ત, તથા શુદ્ધોપયોગથી કષાયોને પાતલા કરનારો ગુરૂકુલવાસી અને આઠે પ્રકારના મદોથી રહિત તે 'રોહ' નામનો અણગાર એકદા ભગવાન મહાવીરના ચરણોમાં સમુપસ્થિત થયો અને પોતાના મનમાં રહેલી શંકાઓનું સમાધાન કર્યું. આ બધી વાતો આ પ્રશ્નોત્તરોમાં અત્યન્ત સ્પષ્ટ છે.

તે સમયે ભગવાન મહાવીર સ્વામી વિચારતા હતા ત્યારે જે બીજા એકાન્તવાદી દાર્શનિકો હતા. તેમનાં વિભિન્ન મત–મતાંતરોને લઈને 'રોહા' નામના અણગારના મનમાં નીચે પ્રમાણે શંકાઓ રહેતી હતી કે:—

(૧) પ્રત્યક્ષ દેખાતો અને ત્રણે કાળમાં અનુભવાતો આ લોક (સંસાર) ક્ષણસ્થાયી શી રીતે હોઇ શકે ?

વાયુ આકાશને આધારે રહેલો છે.
ઉદધિ (સમુદ્ર) વાયુને આધારે રહેલ છે.
પૃથ્વી ઉદધિને આધારે રહેલ છે.
જીવો (ત્રસ–સ્થાવર) પૃથ્વીને આધારે રહેલા છે.
અજીવો (જડ પદાર્થો) જીવને આધારે રહેલા છે.
અજીવોને જીવોએ સંધરેલા છે અને
જીવોને કર્મોએ સંધરેલા છે.

અહિં હેતુમાં ઉદાહરણ આપવામાં આવ્યું છે કે— ચામડાની મશકને પવનવડે ફુલાવવામાં આવે. પછી તે મશકનું મુખ બંધ કરીને વચ્ચે ગાંઠ બાંધવામાં આવે અને તે ભાગમાં પાણી ભરવામાં આવે. પછી મશકનું મુખ બંધ કરે અને વચલી ગાંઠ છોડી દે, તો તે ભરેલું પાણી નીચે રહેલા વાયુની

---

(૨) ज्ञानादन्योऽर्थ परः—જ્ઞાનથી ભિન્ન પદાર્થો પણ જેમને આપણે સૌ પ્રત્યક્ષ જોઈ રહ્યા છીએ, તે બધા 'असत्' કેવી રીતે હોય શકે? જ્ઞાનાદ્વૈતવાદિઓનું આ કથન 'ज्ञानमेव तत्त्वम्' એ સત્યરૂપે શી રીતે બનશે? માટે જ્ઞાનને છોડીને પર પદાર્થો પણ સત્યસ્વરૂપે જે દેખાય છે, તેનો અપલાપ કરવો, એ ન્યાય સંગત નથી.

(૩) બીજાઓના રચેલા શાસ્ત્રો અને વચનો સાચા છે? કે આ પ્રત્યક્ષ દેખાતો સંસાર અને વ્યવહાર સત્ય સ્વરૂપે છે?

(૪) સંસાર પહેલા ન હતો અને પછીથી બ્રહ્માએ બનાવ્યો, આ વાત શ્રુતિ, યુક્તિ અને અનુભૂતિને યોગ્ય કેવી રીતે બનશે?

ઉપર જ રહેશે. આવી જ રીતે ઉપર પ્રમાણે એકબીજાનો સંબંધ રહેલો છે.卐[૨૦]

---

(૫) નિરાકાર પરમાત્મા કયા સાધનોથી સંસારને બનાવશે. અને બનાવ્યા પછી પ્રલયકાળમાં નાશ શા માટે કરતો હશે ?

(૬) ત્યારે શું સંસાર અનાદિ નિધન હશે ? શાશ્વત હશે ? લોક પહેલા હશે કે અલોક પહેલા હશે ? ઈત્યાદિ અનેક શંકાઓને લઈને વિક્ષુબ્ધ માનસવાળા, ભગવાનના ચરણકમળમાં આવેલા રોહ અણગારને ભગવાને શંકા વગરનો કર્યો.

શંકાઓનું સમાધાન અહિં ગુરુઓ પાસે ન કરવામાં આવે તો માણસ એકાન્તપક્ષી બનીને પોતાનું નુકશાન કરશે માટે રોહની જેમ શ્રદ્ધાલુ બનીને ગુરુઓ પાસે સમાધાન મેળવવા માટે પ્રયત્નશીલ રહેવું. પ્રશ્નો અને જવાબો સર્વથા સ્પષ્ટ છે.

卐 ૨૦. લોકસ્થિતિ (સંસાર મર્યાદા) આઠ પ્રકારની બતાવવામાં આવી છે. ઈષત્પ્રાગ્ભારા પૃથ્વીને છોડી બાકીની સાત પૃથ્વીઓ, જીવો, પુદ્ગલો કયા આધારે રહેલા છે ? તે વાતનો ખુલાસો કરતાં ભગવાને ફરમાવ્યું કે—પૃથ્વી ઉદધિના આધારે છે. ઉદધિ વાયુના આધારે છે અને વાયુ આકાશના આધારે છે. અને આકાશ સર્વ વસ્તુઓનો આધાર હોવાથી આધાર વિનાનો છે. જે જમીન ઉપર આપણે બેઠા છીએ તે ૧૮૦૦૦૦ યોજન જાડાઈવાલી પહેલી પૃથ્વી છે. તેના ખરભાગ, પંકભાગ અને જળભાગ આમ ત્રણ ભાગ પડે છે.

સૂક્ષ્મ સ્નેહ કાય

આ પ્રકરણની—ઉદ્દેશાની અંતમાં સૂક્ષ્મ સ્નેહકાય એક જાતનું પાણી, એ સંબંધી પ્રશ્ન છે. આવું પાણી માપ પૂર્વક પડે છે કે કેમ? ભગવાન કહે છે કે—હા પડે છે. ઊંચે પડે છે, નીચે પડે છે ને તિરછે પડે છે. આ સૂક્ષ્મ અપકાય, સ્થૂલ અપૂકાય (પાણી)ની માફક પરસ્પર સમાયુક્ત થઈને રહેતું

તેમાં ૧૬૦૦૦ હજાર યોજનની જાડાઈવાળો ખરભાગ છે. તેના નીચે ૮૪ હજાર યોજનની જાડાઈવાલો પંક ભાગ છે અને તેની નીચે ૮૦ હજાર યોજનની જાડાઈવાલો જળ-ભાગ છે. એની નીચે ઘનોદધિ વલય છે. પછી ઘનવાત વલય અને તેના નીચે તનવાત વલય છે. અને ત્યારપછી અસંખ્યાત કોટાકોટી યોજન પ્રમાણ આકાશ છે. ત્યારપછી બીજી પૃથ્વી છે. તેના નીચે ઘનોદધિ, ઘનવાત તનવાત, આકાશ યાવત્ સાતે પૃથ્વીઓનો આ ક્રમે શાશ્વત છે. જે અધોલોક તરીકે કહેવાય છે. જેમાં ભવનપતિના દેવો અને નારક જીવો રહે છે.

ખરભાગની ઉપર તિરછાલોક કહેવાય છે. જ્યાં ત્રસ અને સ્થાવર જીવો રહે છે.

અજીવો (જડપદાર્થો) જીવાશ્રિત છે. જેમકે આપણું શરીર જે જડ છે, તે જીવના આધારે રહ્યું છે. આ પ્રમાણે જેટલાં શરીરો છે તે બધા જીવાધીન છે, અને જીવો કર્મોના આધારે છે. કેમકે કર્મ વિનાનો જીવ કોઈ કાળે પણ હતો જ નહિ. અત્યારે પણ નથી અને જ્યાં સુધી સિદ્ધશિલા (ઈષત્પ્રાગ્ભારા)ને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી કર્મ વિનાનો જીવ રહી શકશે નહિ.

નથી. એ શીઘ્ર જ નાશ પામે છે. 卐[૨૧]

અનંત દુઃખોથી ભરેલા આ ભયંકર સંસારમાં રખડનારા જીવોને કર્મરાજાએ આધીન કર્યા છે અને કર્મોને જીવ સંગ્રહી બેઠો છે.

આ પ્રમાણે શાશ્વતી લોકસ્થિતિમાં કંઈ પણ ફેરફાર કરવાની તાકાત કોઈનામાં પણ નથી. ચક્રવર્તી, વાસુદેવો, બળદેવો અને તીર્થંકરો પણ લોકસ્થિતિને આધીન છે.

કેવળજ્ઞાનના સ્વામી ભગવાન મહાવીર સ્વામીની વાણીની યથાર્થતા નિર્ણીત થઈ ગયા પછી શેષનાગના આધારે પૃથ્વી છે અથવા કાચબાના આધારે પૃથ્વી છે. આ બાલચેષ્ટિત વાણી આપણને શી રીતે રંજન કરી શકશે ? પૃથ્વીના નીચે જે જળ છે તે દ્રવરૂપ જળ નથી પણ ઘનરૂપ છે. માટે પૃથ્વીના નીચે જે સમુદ્ર છે તે ઘનોદધિ કહેવાય છે, જ્યારે ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી આકાશના આધારે છે. જીવો જેમ પૃથ્વીના આધારે રહે છે, તેમ આકાશ પર્વત અને વિમાનોના આધારે પણ રહે છે.

卐 ૨૧. સૂક્ષ્મસ્નેહકાય (અપૂકાય)ના રક્ષણ માટે જ સંયમ ધારિઓને તથા પૌષધ અને સામાયિક વ્રતવાળાઓને કાળના સમયે જતાં આવતાં માથા ઉપર કામળી નાખવાની આજ્ઞા છે. કેમકે જીવમાત્રની રક્ષા કરવી એજ સંયમધર્મ છે.

તેમજ કાળના સમયમાં રોગાન કરેલા પાત્રા વગેરે પણ બહાર રાખવા નહિં. કારણ કે ચિક્કાસ હોવાના કારણે જીવહત્યાનો સંભવ છે.

નૈરયિકોની ઉત્પત્તિ

આ ઉદ્દેશકમાં પ્રારંભમાં નારકીના જીવોની ઉત્પત્તિ, આહાર તેનું ઉદ્વર્ત્તન અને પછી વિગ્રહગતિ અને દેવચ્યવન સંબંધી થોડાક પ્રશ્નોત્તરો આપી ગર્ભ વિચાર કરવામાં આવ્યો છે. ગર્ભવિચાર અત્યન્ત વિચારણીય અને વિજ્ઞાનની સાથે તેનું મળતાપણું કેટલું છે, એ તે વિષયના વિદ્વાનોએ વિચારવા જેવું છે. આખા ઉદ્દેશકનો સાર આ છે :—

નારકીમાં ઉપજતો જીવ સર્વભાગવડે સર્વભાગને આશ્રયીને ઉત્પન્ન થાય છે. સર્વભાગવડે એક ભાગને આશ્રીને આહાર કરે છે. અથવા સર્વભાગ વડે સર્વ ભાગને આશ્રીને આહાર કરે છે. આવી રીતે એ જીવોના ઉદ્વર્ત્તમાન વિષે પણ જાણવાનું છે.

તે પછી જીવોની ગતિના સંબંધમાં કહેવામાં આવ્યું છે. કે—જીવ કે જીવો કદાચિત્ વિગ્રહ ગતિને પ્રાપ્ત છે, તો કદાચ અવિગ્રહ ગતિને પ્રાપ્ત છે. આમાં નૈરયિકોના સંબંધમાં કહ્યું છે કે—તે બધા અવિગ્રહગતિને પ્રાપ્ત છે, અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત ને એકાદ વિગ્રહગતિને પાપ્ત અથવા ઘણા અવિગ્રહગતિને પ્રાપ્ત અને ઘણા વિગ્રહગતિને પ્રાપ્ત—એ પ્રમાણે ત્રણ ભાગો જીવ અને એકેન્દ્રિયને છોડીને બધે કહેવા. 卐[૨૨]

卐 ૨૨. સ્થૂલ બુદ્ધિના માલિકો આ પ્રમાણે કહે છે કે—સંસારનું સ્વરૂપ સ્વપ્ન જેવું છે અને જીવ પાણીમાં ઉત્પન્ન થતાં પરપોટા જેવો છે, તેઓને દયાના સાગર મહાવીર સ્વામી ઉપદેશ આપતાં કહે છે કે જાગ્યા પછી સ્વપ્નના દૃશ્યો ભલે ભોગવટામાં ન આવે તો એ સંસાર તો પ્રત્યક્ષ ભોગ્ય છે. જેનો પ્રત્યેક પદાર્થ આપણા ભોગને માટે છે,

ગર્ભ વિચાર

આ પછીનો ગર્ભ વિચાર અગત્યનો હોઈ પૂરેપૂરો આપવામાં આવે છે. ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ ઈન્દ્રિયવાળો ઉત્પન્ન થાય છે, ને ઇન્દ્રિયવિનાનો ઉત્પન્ન થાય છે. આ અપેક્ષાકૃત વચન છે. ગર્ભમાં ઉત્પન્ન થતા જીવને સ્પર્શ રસનાદિ દ્રવ્યેન્દ્રિયો નથી. એટલે ઈન્દ્રિયો વિનાનો, અને ભાવેન્દ્રિય ચૈતન્ય હોય છે, એટલે ઈન્દ્રિયોવાળો કહેવાય.

અને તેનો ભોગવટો આ જીવાત્માને અનેરો આનંદ આપે છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવાતો સંસાર સ્વપ્નની જેમ શી રીતે હોઈ શકશે ? માટે સંસાર અને સંસારી તથા ચારે ગતિ અને ચારે ગતિઓમાં રમત-ગમતના મેદાનના દડાની જેમ આ જીવાત્માઓ પણ શાશ્વત જ છે.

જૈન શાસનમાં એક ભવમાંથી બીજા ભવમાં જવા માટે આ પદ્ધતિ છે :

(૧) વિગ્રહગતૌ કર્મયોગઃ ।
(૨) અનુશ્રેણિ ગતિઃ ।
(૩) અવિગ્રહા જીવસ્ય ।
(૪) વિગ્રહવતી ચ સંસારિણઃ પ્રાક્ ચતુર્ભ્યઃ ।
(૫) એકસમયોઽવિગ્રહઃ ।
(૬) એકં દ્વૌ યાઽનાહારકઃ ।

ત્રિકાળાબાધિત આ જૈન સૂત્રોથી પુનર્જન્મ સિદ્ધ થાય છે.

એક શરીરને છોડતાં પહેલા જીવમાત્રને આવતા ભવ માટેનું આયુષ્યકર્મ ગતિનામકર્મ તથા તે ગતિમાં લઈ જનાર

આવી જ રીતે ગર્ભમાં ઉત્પન્ન થતો જીવ શરીર વિનાનો અને શરીરવાળો ઉત્પન્ન થાય તે. ઔદારિક વૈક્રિય અને આહારક એ ત્રણ સ્થૂલ શરીરો નથી. તે અપેક્ષાએ શરીર વિનાનો છે અને તૈજસ તથા કાર્મણ-એ બે સૂક્ષ્મ શરીર હોવાથી શરીરવાળો ઉત્પન્ન થાય છે. ગર્ભમાં ઉત્પન્ન થતાં વેંત જ પરસ્પર એકબીજામાં મળેલું માતાનું આર્તવ અને પિતાનું વીર્ય—જે કલુષિત અને કલ્મિષ છે—તેનો આહાર કરે છે. ગર્ભમાં ગયેલો જીવ માતાએ ખાધેલા અનેક પ્રકારના રસના વિકારોનાં એક ભાગ સાથે માતાનાં આર્તવને ખાય છે.

આનુપૂર્વી નામકર્મની ઉપાર્જના અવશ્યમેવ કરવાની હોય છે. ત્યાર પછી જ આપણું આ વર્તમાન શરીર જીવાત્માથી છૂટું થાય છે. અને જીવાત્મા પોતાના કરેલા પાપ તથા પુણ્યને લઈને બીજો અવતાર ધારણ કરે છે.

અનંત દુઃખોથી ભરેલા આ સંસારનો સમૂળ ઉચ્છેદ કરનાર સિદ્ધાત્માને આનુપૂર્વી નામકર્મ બાંધવાની આવશ્યકતા હોતી નથી, તેથી તેઓ ઋજુ (અવિગ્રહા) ગતિથી તેજ સમયે સિદ્ધશિલામાં વાસ કરી લે છે. પરંતુ નરક ગતિમાં જનારા જીવો તો સકર્મક હોય છે. માટે સ્વયં કરેલા પાપકર્મોથી વિહ્વલ બનેલા ઋજુગતિથી મોક્ષ તરફ ચાલ્યા ન જાય, તે માટે આનુપૂર્વી નામકર્મ તેમને નરક તરફ લઈ જાય છે.

ગતિનો અધિકાર હોવાથી કપૂરની ગોટી જેવો, મોટી ઋદ્ધિવાળો મહેશ્વરદેવ પોતાનું ચ્યવન અને જે સ્થાને ઉત્પન્ન થવાનું છે તે સ્થાન પોતાના અવધિજ્ઞાનથી જાણીને અત્યન્ત લજ્જાલુ થયો છતાં આહાર નથી કરતો કેમકે-

આ આહાર એ જીવના ચામડી, હાડકાં, મજ્જા, વાળ, દાઢી, રૂંવાટા અને નખરૂપે પરિણમે છે, એનું જ કારણ છે કે–એ ગર્ભના જીવને વિષ્ટા, મૂત્ર, શ્લેષ્મા, નાકનો મેલ, વમન કે પિત્તાદિ હોતાં નથી. ગર્ભમાં ગએલો જીવ સર્વ આત્મવડે આહાર કરે છે ને આત્માવડે જ પરિણમાવે છે, તે આત્મા વડે જ ઉચ્છવાસ–નિઃશ્વાસ લે છે. ગર્ભના જીવને આહાર લેવામાં અને તેનો ચય–અપચય કરવામાં બે નાડીઓ કામ કરી રહી છે. એક 'માતૃજીવરસહરણી' નામની નાડી છે, તે માતાના જીવ સાથે સંબદ્ધ છે અને પુત્રના જીવને અડકેલી છે. આનાથી પુત્રનો જીવ આહાર લે છે અને આહારને

દેવગતિને છોડીને મનુષ્ય સ્ત્રીની કુક્ષિમાં અવતરનારો આ દેવ પોતાના ઉત્પત્તિ સ્થાનને આ પ્રમાણે જુએ છે. "અત્યન્ત મોહકર્મી પુરુષથી ઘૃણિતરૂપે ભોગવાયેલી સ્ત્રીનો ગર્ભાશય અત્યન્ત દુર્ગંધયુક્ત છે, માટેજ ન ગમે તેવો નઠારો છે. મૈથુનકર્મમાં આસક્ત બનેલા પુરુષ અને સ્ત્રીનું અત્યન્ત ઘૃણિત, ક્લિષ્ટ અને આંખોને કોઈ કાળે પણ ન ગમે તેવું વીર્ય અને રજનું ભક્ષણ મારે કરવાનું રહેશે. જ્યાં મળ, મૂત્ર, ચરબી, લોહી વગેરે ગંધાતા પદાર્થોની ભરમાર છે, જ્યાં હવા, પ્રકાશ, પલંગ વગેરે સુખદાયી પદાર્થો મુદ્દલ નથી, તેવા સ્થાને મારે નવ માસ સુધી ઊંધા શરીરે રહેવું પડશે." આ બધું જોઈને તે દેવ અરતિ પરિષહને વશ બનીને આ પ્રમાણે મુંઝવણ અનુભવે છે. આ દિવ્ય અને સુગંધી શરીર મારે છોડવું પડશે, અને ગંધાતા સ્થાનમાં નવ મહિનાની સખ્ત કેદમાં રહેવું પડશે. અમૃત ભોજન છોડીને ગંધાતા પુદ્ગલોનો આહાર કરવો પડશે. આમ લજ્જાશીલ બનેલા આ દેવને આહાર પ્રત્યે અરુચિ થાય છે.

પરિણમાવે છે. એક બીજી પણ નાડી છે. જે પુત્રના જીવ સાથે સંબંધ છે અને માતાના જીવને અડકેલી છે. એનાથી પુત્રનો જીવ આહારનો ચય અને અપચય કરે છે, આ જ કારણ છે કે પુત્રનો જીવ મુખદ્વારા–કોળીયારૂપ આહાર લેવાને શકતા નથી.

માતાનાં અંગો ત્રણ છે : માંસ, શોણિત–લોહી અને માથાનું ભેજું. પિતાનાં અંગો ત્રણ છે: હાડકાં, મજ્જા અને કેશ–દાઢી, રોમ, નખ. આ માતા–પિતાના અંગો સંતાનના શરીરમાં જીવતાં સુધી રહેનારું શરીર. જેટલા કાળ સુધી, ટકે, તેટલા કાળ સુધી તે રહે છે, જ્યારે તે શરીર સમયે સમયે હીન થતું અને છેવટે જ્યારે નષ્ટ થાય છે, ત્યારે પહેલાં માતા–પિતાના અંગો પણ નાશ પામે છે.

ગર્ભમાં ગએલા જીવ, માતા દુઃખી હોય તો દુઃખી અને સુખી હોય તો સુખી હોય છે. જે ગર્ભ પ્રસવ સમયે માથા દ્વારા કે પગદ્વારા આવે તો સરખી રીતે આવે છે'જો આડો થઈને બહાર આવે તો મરણ પામે, કદાચિત્ જીવતો આવે તો અને જીવનાં કર્મો જો અશુભ રીતે બદ્ધ, સ્પૃષ્ટ, નિધત્ત, કૃત, સ્થાપિત, અભિનિવિષ્ટ, અભિસમન્વાગત. સમન્વાગત, ઉદીર્ણ હોય અને ઉપશાંત ન હોય તો તે જીવ કદરૂપો દુવર્ણવાળો દુર્ગંધવાળો, ખરાબ રસવાળો ખરાબ સ્પર્શવાળો. અનિષ્ટ અકાંત, અપ્રિય, અમનોજ્ઞ, ખરાબ સ્વરવાળો અને અનાદેય વચનવાળો થાય છે અને કદાચિત્ તે શુભ કર્મોવાળો જીવ હોય તો બધું શુભ પણ હોય. પરન્તુ બનતા સુધી આડો થઈને જીવ જીવતો ન નીકળે, (જો કે અત્યારે ઓપરેશનથી જીવતો નીકળે છે.

ગર્ભસંબંધી આ પ્રમાણેનું વર્ણન ભગવતી સૂત્રમાં આ ઉદ્દેશામાં છે. (આ સંબંધી થોડું ક વર્ણન બીજા શતકના પાંચમા ઉદ્દેશાસાં પણ આવે છે.)

આવી જ રીતે તંદુલ વેઆલિય પયન્નામાં પણ આ સંબંધી વિસ્તારથી વર્ણન આવે છે. ભગવતીનાં સંપાદક અને અનુવાદકે તે પણ આપ્યું છે. અહિં પણ તે વર્ણન ઉપયોગી હોવાથી આપવામાં આવે છે.

જીવ ગર્ભની અંદર ૨૭૭૫૫ દિવસ અર્થાત્ નવ માસ સાડા સાત દિવસ સુધી રહે છે. આટલી સ્થિતિ તો હોવી જ જોઈએ. આથી ઓછા વધારે દિવસ રહે તો સમજવું જોઈએ કે જીવને કંઈ ઉપઘાત થયો છે.

સ્ત્રીની નાભિની નીચે કુલના નાળના જેવા ઘાટવાળી બે નાડીઓ હોય છે. તેની નીચે નીચા મુખવાળી અને કુલના ડોડા જેવી યોની હોય છે. તેની નીચે આંબાના માંજર જેવા ઘાટવાળી માંસની માંજર હોય છે. તે માંજર ઋતુ સમયે ફુટે છે અને તેમાંથી લોહીનાં બિંદુ ઝરે છે. હવે તે ઝરતા લોહીના બિંદુઓમાંથી જેટલા બિંદુઓ પુરુષના વીર્યથી મિશ્રિત થઈ, તે ડોડાના જેવા આકારવાળી યોનિમાં જાય છે, તેટલા બિંદુઓ જીવની ઉત્પત્તિને યોગ્ય કહ્યા છે. બાર મુહૂર્ત પછી તે યોનિ–એટલે કે યોનિમાં આવેલા પૂર્વોક્ત પ્રકારના લોહીના બિંદુઓમાં રહેલી જીવની ઉત્પત્તિની યોગ્યતા નાશ પામે છે અને તેની અંદર વધારેમાં વધારે બેથી નવલાખ જીવો ઉપજે છે.

પંચાવન વર્ષ પછી સ્ત્રીની યોનિ ગ્લાન થાય છે, અર્થાત્ તે ગર્ભોત્પત્તિને માટે યોગ્ય નથી રહેતી. તથા પંચોતેર વર્ષ

પછી પુરુષ ઘણા ભાગે નિર્બીજ થઈ જાય છે. સો વર્ષના આયુષ્યવાળા માટે આ મર્યાદા સમજવી જોઇએ. તેથી વધારે આયુષ્ય–ઠેઠ પૂર્વકોટી સુધી જીવનારા મનુષ્યો માટે આ નિયમ નથી. તેવી રીતે સ્ત્રીઓની યોનિ જ્યારે તેનું આયુષ્ય અર્ધું બાકી રહે છે, ત્યારે ગર્ભોત્પત્તિને અયોગ્ય થાય છે અને પુરૂષો આયુષ્યનો ૨૦ મો ભાગ બાકી રહે, ત્યારે નિર્બીજ બને છે.

ઋતુકાળે પ્રાપ્ત થયેલી સ્ત્રીની યોનિમાં બાર મુહૂર્ત જેટલા સમયે એથી નવલાખ જીવો ઉત્પન્ન થાય છે. તથા વધારેમાં વધારે એક જીવને બસોથી નવસો સુધીના જનક (પિતા) હોઇ શકે છે.

જીવ વધારેમાં વધારે ગર્ભાવાસમાં બાર વર્ષ સુધી રહે છે. સ્ત્રીની જમણી કુખે પુત્ર ઉત્પન્ન થાય છે. ડાબી કુખે પુત્રી ઉત્પન્ન થાય છે. ડાબુ અને જમણું–એ બન્નેની વચ્ચે નપુંસક પેદા થાય છે. તિર્યંચોમાં વધારેમાં વધારે જીવ ગર્ભાવાસમાં આઠ વર્ષ સુધી રહે છે.

જ્યારે માતા–પિતાનો સંયોગ થાય છે, ત્યારે પહેલી વખતે જીવ માતાનું લોહી અને પિતાનું વીર્ય– તે બેથી મિશ્રિત થએલ ઘૃણા ઉપજે તેવો મલીન પદાર્થ બાય છે. તેને બાઈને ગર્ભપણે ઉત્પન્ન થાય છે. ત્યારબાદ સાત દિવસે તે ગર્ભ કલલરૂપે થાય છે. બીજા સાત દિવસે તે ગર્ભ પરપોટા જેવો થાય છે. પછી તે પરપોટાની પેશી બને છે. પછી તે કઠણ પેશી જેવો થાય છે. પહેલે મહીને ગર્ભનું વજન એક કર્ષ ઉણું એક પલ થાય છે. (સોળ માસનો એક કર્ષ અને ચાર કર્ષનો એક પલ થાય છે.) બીજે માસે કઠણ પેશી જેવો થાય છે. ત્રીજે માસે માતાને દોહદ (દોહલા)

ઉત્પન્ન કરે છે. ચોથે માસે માતાનાં અંગોને પુષ્ટ કરે છે. પાંચમે માસે તે પેશીમાંથી પાંચ અંકુરા ફૂટે છે. બે પગના બે બે હાથના બે અને માથાનો એક, છઠ્ઠે મહિને પિત્ત અને શોણિત ઉપજે છે. સાતમે મહિને સાતસો નસો, પાંચસો માંસ પેશીઓ, મોટી નવ ધમણીઓ, નાડીઓ અને દાઢી તથા માંસ સિવાય નવાણું લાખ રોમકૂપોને ઉપજાવે છે. આઠમે માસે તે પૂરેપૂરાં અંગવાળો બને છે.

× × ×

આ ગર્ભને ફળના ડીટિયા જેવી, કમળના નાળ જેવી ઘાટવાળી નાભિ ઉપર રસ હરણી નામની નાડી હોય છે અને તે નાડીનો માતાની નાભિ સાથે સંબંધ હોય છે. તેથી તે વાટે ગર્ભનો જીવ ઓજને ગ્રહણ કરે છે અને તેનાથી જ જ્યાંસુધી જન્મે ત્યાં સુધી વૃદ્ધિ પામે છે. નવ માસ વીત્યા પછી કે નવ માસ પૂરા થયા પહેલાં તે ગર્ભવતી સ્ત્રી ચાર જાતમાના એક જાતના જીવને પ્રસવે છે. પુત્રીરૂપે પુત્રીને પ્રસવે છે, પુત્રરૂપે પુત્રને પ્રસવે છે, નપુંસકરૂપે નપુંસકને પ્રસવે છે અને બિંબ રૂપે બિંબને પ્રસવે છે.

વીર્ય ઓછું હોય ને ઓજ વધારે હોય ત્યારે પુત્રી ઉત્પન્ન થાય છે, વીર્ય વધારે ને ઓજ ઓછું હોય, તો પુત્ર ઉત્પન્ન થાય છે. ઓજ અને વીર્ય બંને સરખા હોય ત્યારે નપુંસક થાય છે અને જ્યારે સ્ત્રીના ઓજનો (ઋતુવતી સ્ત્રીનો) સંયોગ થાય, ત્યારે માત્ર કોઈપણ જાતના આકાર વિનાનો માંસપિંડ (બિંબ)ઉત્પન્ન થાય છે.

કોઇ મહાપાપી જીવ વધારેમાં વધારે બાર વર્ષ સુધી ગર્ભાવાસમાં રહે છે.

આ શરીરમાં અનુક્રમે અઢાર પીઠકરંડિકાની સંધિઓ છે બાર પાંસળીયોનો કરંડ છે. છ છ પાંસળીનો એક એક કડાહ છે. એક તરફ છ પાંસળીયો ને બીજી તરફ છ. એક વેંતની કુખ છે. ચાર આંગળીની ગ્રીવા–ડોક છે. વજનમાં ચાર પલની જીભ છે. બે પલની આંખો છે. ચાર પલના કપાળવાળું માથું છે. બત્રીસ દાંત છે. સાત આંગળીની જીભ છે, સાડાત્રણ પલનું હૃદય છે. પચ્ચીસ પલનું કાળજું છે.

આ શરીરમાં બે અંત્ર (આંતરડા) અને પાંચ વામો છે. તે આ પ્રમાણે એક સ્થૂલ અંત્ર અને બીજો સૂક્ષ્મ અંત્ર. સ્થૂલ અંત્ર વડે નિહારનો પરિણામ થાય છે અને સૂક્ષ્મ અંત્ર વડે મૂત્રનો પરિણામ છે.

બે પાસાં છે. ડાબુ અને જમણું, ડાબુ સુખના પરિણામવાળું છે અને જમણું દુઃખના પરિણામવાળુ છે.

આ શરીરમાં ૧૦૮ સાંધા છે. ૧૭૭ મર્મસ્થાનો છે. ૩૦૦ હાડમાળાઓ છે, ૯૦૦ નાડિઓ છે, સાતસો નસો છે. પાંચસો પેશીઓ છે. નવ ધમણીઓ–મોટી નાડીઓ છે.

ડૂંટીથી નિકળેલી એકસોઆઠ નસો છે. જે ઉપર ઠેઠ માથા સુધી પહોંચેલી છે. તે રસહરણી કહેવાય છે. જ્યાંસુધી તે નસો બરાબર છે, ત્યાં સુધી આંખ, કાન, નાક અને જીભનું સામર્થ્ય બરાબર હોય છે.

નાભિથી નિકળેલી બીજી એકસોસાઠ નસો છે, તે નીચે પગના તળીયા સુધી પહોંચેલી છે. જ્યાં સુધી તે નસો બરાબર હોય છે, ત્યાંસુધી જાંઘનું સામર્થ્ય ઠીક હોય છે.

નાભીથી નિકળેલી બીજી પણ એકસોસાઠ નસો છે. તે તિરછી ઠેઠ હથેળી સુધી પહોંચેલી છે. જ્યાં સુધી તે બરાબર હોય છે, ત્યાંસુધી હાથનું સામર્થ્ય ટકે છે.

નાભિથી એકસોસાઠ બીજી નસો નિકળી છે, તે ઠેઠ ગુદા સુધી ગઈ છે. જ્યાંસુધી તે બરાબર છે, ત્યાંસુધી મૂત્ર અને નિહાર સંબંધી વાયુ ઠીક રીતે પ્રવર્તે છે.

પચીસ નસો શ્લેષ્મને ધરનારી. પચીસ પિત્તને અને દસ નસો વીર્યને ધરનારી છે.

પુરૂષને કુલ સાતસો નાડીઓ હોય છે. સ્ત્રીને છસો સીત્તેર, નપુંસકને છસોને એંસી હોય છે.

આ શરીરમાં એક આઢક (આઠ શેર) રૂધિર હોય છે. ચાર શેર ચરબી, બે શેર ભેજુ, આઠ શેર મૂત્ર, બે શેર વિષ્ટા. અર્ધોસેર પિત્ત. અર્ધો શેર શ્લેષ્મ અને પાશેર વીર્ય હોય છે. એ બધી ધાતુઓમાં જ્યારે વિકાર થાય ત્યારે તેનું વજન વધે યા ઘટે છે. પુરૂષને પાંચ કોઠા, ને સ્ત્રીને છ કોઠા હોય છે, પુરુષને મલ નિકલવાનાં નવદ્વાર અને સ્ત્રીને બાર હોય છે. પુરૂષને પાંચસો, સ્ત્રીને ચારસોને સીત્તેર અને નપુંસકને ચારસોએંશી માંસપેશી હોય છે. માંસના પિંડો ઉપર સાથળ રહેલા છે અને તે ઉપર કેડનો પાછળનો ભાગ છે. પીઠનાં અઢાર હાડકાં કેડના હાડકાંથી વીંટાએલા છે. આંખના બે હાડકાં છે. ગરદનનાં સોળ હાડકાં છે અને પીઠમાં બાર પાંસળીઓ છે.卐[૨૩]

卐[૨૩]. ગર્ભમાં આવતાં જીવને દ્રવ્યેન્દ્રિયો (સ્થૂલેન્દ્રિયો) અને સ્થૂળ શરીર હોતું નથી. કેમકે જે જીવે પૂર્વ ભવને છોડીને

બાલાદિનું આયુષ્ય

આ ઉદ્દેશકમાં જુદા જુદા પ્રકારના મનુષ્યો કેવા કેવા પ્રકારનાં આયુષ્ય બાંધે, તેમ એક ક્રિયા કરતાં તેમાં કેવા કર્મ ઉપાર્જન થાય, એ સંબંધી વર્ણન છે.

જીવોની આંતર શ્રદ્ધા, અશ્રદ્ધા વગેરેને અનુલક્ષીને મનુષ્યોના જુદા જુદા ભેદો ગણવામાં આવ્યા છે. જેમ—

આ વર્તમાન ગર્ભ સ્વીકાર્યો છે માટે તે ભવનું શરીર અને ઇન્દ્રિયો તે જ ભવના છેલ્લા સમય સુધી જ સાથે રહે છે. શરીર અને ઇન્દ્રિય પર્યાપ્તિ દ્વારા પ્રાપ્ત કરેલ શરીર અને ઇન્દ્રિયોની મર્યાદા તેજ ભવના છેલ્લા શ્વાસ સુધી મર્યાદિત હોય છે. વર્તમાન ભવને સ્વીકારનારો આ જીવ જે ક્ષણે કુક્ષિમાં આવે છે. તે જ સમયે આહાર પર્યાપ્તિ નામકર્મનો ઉદય થતાં આહાર ગ્રહણ કરે છે. ત્યાર પછી શરીર પર્યાપ્તિ અને ઇન્દ્રિય નામ પર્યાપ્તિ ઉદયમાં આવે છે અને શરીરની તથા ઇન્દ્રિયોની રચના થાય.

અનંત શક્તિને ધારનાર કર્મસત્તા પોતાના વિપાક કાળે હાજર થાય છે અને ગર્ભમાં આવતો જીવ પોતાના શુભાશુભ કર્મોને ભોગવવા માટે જ શરીરાદિની રચનામાં પોતે સ્વયં પર્યાપ્તિ નામ કર્મને લઈને કાર્યાન્વિત થાય છે. કેમકે :— જીવ અને કર્મસત્તા બન્ને પોતપોતાના કાર્યમાં સશક્ત છે. એક શરીરને છોડીને બીજા શરીરને ધારણ કરતાં આ જીવને વધારેમાં વધારે ચાર સમય અને ઓછામાં ઓછો એક સમય લાગે છે તે સમયે યદ્યપિ સ્થૂલ શરીરાદિ નથી હોતું તો પણ સૂક્ષ્મ શરીર (તૈજસ અને કાર્મણ) તથા ભાવેન્દ્રિયો (લબ્ધિ અને ઉપયોગ) તો અવશ્યમેવ હોય છે.

એકાન્તબાલ, પંડિત અને બાલપંડિત.

અહિં પ્રશ્નો એ પૂછવામાં આવેલા છે કે—એકાન્ત બાલ, એકાન્ત પંડિત અને બાલ પંડિત કેવું આયુષ્ય બાંધે ને કયાં જાય ?

અહિં એકાન્ત વિશેષણ મૂકવામાં આવ્યું છે, એનું કારણ એ છે કે—એકાન્ત બાલથી મિથ્યાદૃષ્ટિ જ મનુષ્ય લેવો. જો એકાન્ત 'બાલ' કહેવામાં આવ્યું ન હોત તો મિશ્રદૃષ્ટિ જીવ પણ આવી જાત.

ગર્ભમાં આવેલા જીવના શરીરમાં માંસ, લોહી અને માથાનું ભેજું આ ત્રણે માતાના અંગો કહેવાય છે અને હાડકા, મજ્જા અને દાઢી-મૂછના વાળો પિતાના અંગો કહેવાય છે સારાંશ આ છે કે—સંસારની માયાના રંગમાં રંગાયેલા, વ્યભિચાર કર્મમાં પૂર્ણ મસ્ત, તામસિક અને રાજસિક આહારને ખાનારા, તથા ધાર્મિક વાતાવરણ વિનાના માતા—પિતાઓના શરીરમાં રહેલા લોહી—માંસ—હાડકા—મજ્જા—મેદ શુક્ર અને રજ આદિ સાતે ધાતુઓ અત્યન્ત અશુદ્ધ તામસિક હોવાના કારણે જન્મ લેનારા બાલકના અંગો પણ નિર્બલ બોડબાપણવાલા હોય છે.

માટે જ સદાચારમય જીવન, ધાર્મિક વાતાવરણ, વૃદ્ધોની ઉપાસના તથા પરમદયાળુ પરમાત્મા સાથેનું તાદાત્મય આ ચાર પ્રકારે પોતાનું જીવન જીવનાર ભાગ્યશાલી પુણ્યવાન કહેવાય છે અહિંસા ધર્મની આરાધના કરનારા પુણ્યશાલીઓએ સૌથી પહેલા પોતાના સંતાનો જે ગર્ભમાં

આવી જ રીતે એકાન્ત પંડિતથી સાધુ જ લેવાનો છે. સર્વથા પ્રાણાતિપાતાદિનો ત્યાગી, સર્વ વિરત સાધુ, તે એકાંત પંડિત છે. અને બાલ પંડિત એટલે શ્રાવક. જેણે સ્થૂલથી હિંસાદિ પાપારંભોનો ત્યાગ કર્યો છે તે.

આવા એકાન્તબાલ, એકાન્ત પંડિત અને બાલપંડિતના આયુષ્ય સંબંધી જણાવવામાં આવ્યું છે કે—

એકાન્ત બાલ મનુષ્ય નૈરયિક, તિર્યંચ, મનુષ્ય અને દેવ નામે તે આયુષ્ય બાંધી શકે અને તે તે આયુષ્ય બાંધીને તે તે ગતિમાં જાય છે.

આવ્યા છે અને ભવિષ્યમાં આવશે, તેમના ઉપર જ અહિંસા ભાવનો પ્રયોગ અજમાવવો જોઈએ, જેથી, તેમનું અહિંસક જીવન છેલ્લા શ્વાસ સુધી અમરફળ આપી શકે.

સંતાનોને દેવતાઈ સંસ્કાર આપવા હોય, ઘરમાં અને પોતાના હૈયાના મંદિરમાં જિનેશ્વરદેવોના ધર્મની સ્થાપના કરવી હોય, તથા પોતાની સાતે પેઢીઓને ઉજ્જવલ કરવાની ભાવના હોય તો પોતાની સ્ત્રી ગર્ભવતી થયા પછી તેની સાથે અર્થાત્ જે દિવસે ગર્ભાધાન થાય તે દિવસથી લઈને મૈથુનકર્મ, મલિન વિચારો, કામુકી ચેષ્ટાઓ અને ખાનપાનની અશુદ્ધિને ટાલવી જોઈએ. બસ ! એ જ અહિંસા છે અને પોતાની ખાનદાનીમાં મહાવીર સ્વામીના અહિંસા ધર્મને સ્થાપના કરવા માટે આ જ એક પવિત્ર અને ઉત્તમ માર્ગ છે.

જે માતાપિતાઓ પોતાનો સંયમભાવ ન ટકાવી શકે.

એકાન્ત પંડિત મનુષ્ય આયુષ્ય બાંધે યે ખરો ને ન પણ બાંધે. જો આયુષ્ય બાંધે તો દેવનું આયુષ્ય બાંધીને દેવલોકમાં જ જાય અને જો આયુષ્ય ન બાંધે તો મોક્ષમાં જ જાય કારણ કે એકાન્ત પંડિતની બે ગતિઓ કહી છે. અંતક્રિયા અને કલ્પોપપાતિકા, ચાર અનંતાનુબંધિ, અને ત્રણ મોહનીય કર્મોનું સપ્તક ખપી ગયા પછી તે સાધુ આયુષ્ય બાંધતો નથી. અને કર્મ ખપાવવાનાં કંઈક બાકી રહ્યાં હોય તે આયુષ્ય બાંધે તો દેવલોકનું જ.

એટલે પોતાના કુકર્મો-ચેષ્ટાઓ આદિ ઉપર અંકુશ ન મૂકી શકે, તેઓ કોઈ કાળે પોતાના સંતાનો પ્રત્યે અહિંસક બની શકે તેમ નથી. તો શું સંસારના જીવો પ્રત્યે અહિંસકભાવ મૈત્રીભાવ કે સંયમભાવ રાખી શકશે ? એ પણ એક પ્રકારની આત્મવંચના જ છે.

પૂર્વભવમાં મહાપાપકર્મી જીવાત્માઓ જેમણે અત્યન્ત ક્લિષ્ટભાવે તીવ્ર રસવાલા કર્મો બાંધ્યા છે, તેવાઓ ગર્ભમાંથી અહાર આવતાં વેદનાને ભોગવતાં જ આવે છે તેમને પાપ-કર્મોનો વધારે પડતો ઉદય હોવાથી તે જીવો કદરૂપા, બરાબ વર્ણવાળો, દુર્ગંધ શરીરવાળા, બરાબ રસવાળા, બરાબ સ્પર્શવાળા, અનિષ્ટ એકાંત, અપ્રિય અશુભ, અમનોજ્ઞ, હીન સ્વરવાળા, દીનસ્વરવાળા, અનિષ્ટ અને અકાંત સ્વરવાળા તથા અનાદેય નામકર્મના સ્વામી હોવાથી તેમનો મનુષ્ય અવતાર અત્યન્ત હાડમારિઓને ભોગવવા માટે જ હોય છે.

પૂર્વભવમાં આચરેલી અનેક જીવો પ્રત્યેની હિંસા વૈર વિરોધ- ચોરી-મૈથુન અને પરિગ્રહ આદિ પાપોથી ભારી બનેલો આ જીવ જ્યારે ગર્ભાવાસમા આવે છે, ત્યારે ગર્ભમાં

બાલ પંડિત મનુષ્ય દેવનું આયુષ્ય બાંધી દેવગતિમાં જ જાય. કારણ કે–બાળ પંડિત મનુષ્ય–કોઇ ઉત્તમ શ્રમણ પાસેથી આર્ય વચન સાંભળી, અવધારી કેટલીક પ્રવૃત્તિથી અટકે છે ને કેટલીકથી નથી અટકતો. કેટલાકનાં પચ્ચક્ખાણ કરે છે ને કેટલાંકનાં નથી કરતો. એમ કેટલીક પ્રવૃત્તિથી

રહ્યો છતો ગતભવના વૈર–વિરોધ યાદ આવતાં જ પોતાની વીર્યલબ્ધિ અને વૈક્રિય લબ્ધિ વડે માનસિક યુદ્ધની તૈયારી કરે છે. અને તેમાં મસ્ત બનીને કદાચ તેજ સમયે અર્થાત્ ગર્ભમાં રહ્યો છતાં મરણ પામે તો નરક અને તિર્યંચ અવતારને જ પામશે.

જ્યારે ગતભવમાં કરેલી અરિહંતના ધર્મની આરાધના દયા–દાન–પ્રેમ આદિ ભાવોને લઇને ગર્ભગત જીવ તે તે પૂર્વભવના સુકૃતને યાદ કરતો, અને તે સત્કર્મોની આરાધનામાં મનને પરોવતો જો તે ક્ષણેજ આયુષ્યકર્મ સમાપ્ત કરે તો દેવગતિને મેળવવા માટે જ સમર્થ બનશે. સારાંશ કે ગર્ભમાં રહેલો જીવ નરક અને દેવગતિને પણ મેળવી શકે છે. આ બન્ને વાતોમાં માતપિતાના ગૃહસ્થાશ્રમનાં કુસંસ્કારો અને સુસંસ્કરો પણ અવશ્યમેવ કામ કરતા હોય છે. માટેજ ઘરનાં વાતાવરણને સુસંસ્કારી રાખવા માટેનો પ્રયાસ સૌથી પ્રથમ કરવો. અને ઘરમાં સુસંસ્કારો ત્યારેજ આવશે જ્યારે માતા-પિતા અને વડીલો પોતાના જીવનમાં બ્રહ્મચર્યધર્મ, સદાચારધર્મ, સત્યધર્મ અને પ્રમાણિકતા લાવશે. આનાથી અતિરિકત બીજો કોઈ હિતાવહ માર્ગ નથી.

અટકયાના અને કેટલાંક પચ્ચકખાણ કરવાના કારણે તે નૈરયિકનું આયુષ્ય બાંધતો નથી. દેવનું આયુષ્ય બાંધી દેવ લોકમાં જાય છે. 卐[૨૪]

卐 ૨૪ એકાન્ત બાળ જીવો મિથ્યાદૃષ્ટિ અને અવિરત હોય છે. તેઓ ચારે ગતિના કર્મ બાંધે છે. યદ્યપિ તેમને મિથ્યાત્વનો ઉદય છે તો પણ આયુષ્ય બાંધવાનાં પરિણામો જુદા જુદા હોવાથી કોઈ જીવને વધારે પડતો મિથ્યાત્વનો ઉદય હોય છે ત્યારે મોટા પ્રકારે આરંભ સમારંભ પરિગ્રહ તથા સદ્‌બુદ્ધિ અને સદ્‌વિવેકથી વિરુદ્ધ ઉપદેશ આપવાવાળો હોવાથી તે જીવ નરક અને તિર્યંચનું આયુષ્ય બાંધે છે. જ્યારે મિથ્યાત્વી હોવા છતાં પણ કંઈક ભદ્રિક પરિણામી હોવાથી કષાયોથી દૂર રહેનારો તથા અકામ નિર્જરા, બાળ તપ આદિ સત્કર્મોને આચારનારો હોવાથી તે જીવ દેવગતિ અને મનુષ્યગતિનું આયુષ્ય બાંધે છે. માટે એકાન્ત બાળજીવો ચારે ગતિનું આયુષ્ય બાંધી શકે છે એમ શાસ્ત્ર-વચન છે.

તેવી જ રીતે બાળ પંડિતો એટલે શ્રાવક–શ્રાવિકાના સમ્યક્ત્વ ધર્મમાં હોવાથી તથા જૈન શાસનના રાગી હોવાથી અને પાપકર્મો ત્યાગ કરવા લાયક છે. એવી ભાવના હોવાના કારણે પોતાની શક્તિ અને પરિસ્થિતિને લઇ અમુક વસ્તુ ઓનો ત્યાગ–પચ્ચકખાણ કરે છે. અને બે ઘડી માટે પણ મન–વચન–કાયાથી પાપો કરવાં નહિં, કરાવવાં નહિં, આવા અહિંસક ભાવે સામાયિક ધર્મની આચરણા સેવે છે. માટે તેઓ દેવગતિના જ માલિકો બને છે.

ક્રિયા-વિચાર

જૈન શાસ્ત્રોમાં પાંચ પ્રકારની ક્રિયાઓ કહેવામાં આવી છેઃ—૧ કાયિકી, ૨ અધિકરણિકી, ૩ પ્રાદ્વેષિકી, ૪ પારિતાપનિકી અને ૫ પ્રાણાતિપાતિકી.

મૃગઘાતકાદિ પુરુષોને શિકારાદિ ક્રિયા કરતી વખતે કેટલા કેટલા પ્રકારની ક્રિયા લાગે છે, તે વર્ણન અહિં કરવામાં આવ્યું છે. તેનો સાર આ પ્રમાણે છે :—

કોઈ એક શિકારને યોગ્ય એવા પ્રદેશમાં કોઈ શિકારી મૃગના વધ માટે ખાડા ખોદે અને જાળ રચે, તો તે માણસ ત્રણ ક્રિયાવાળો ચાર ક્રિયાવાળો કે કદાચ પાંચ ક્રિયાવાળો પણ કહેવાય.

એનું કારણ એ છે કે—જ્યાં સુધી તે માણસ જાળને પકડે છે પણ મૃગોને બાંધતો કે મારતો નથી, ત્યાં સુધી કાયિકી, અધિકરણિકી અને પ્રાદ્વેષિકી—એ ત્રણ ક્રિયાથી સ્પર્શાએલ છે. એ ત્રણ ક્રિયાવાળો કહેવાય. હવે તે જાળને ધરીને મૃગોને બાંધે છે, પણ મારતો નથી, ત્યાંસુધી તે ચારે ક્રિયાવાળો કહેવાય અર્થાત્ પારિતાપનિકી વધારે અને મૃગોને બાંધીને મારે એટલે પાંચ ક્રિયાવાળો—અર્થાત્ પ્રાણાતિપાતિકી ક્રિયા પણ લાગે.

હવે કોઈ પુરુષ એવા કોઈ જંગલમાં તરણાંને ભેગા કરી આગ મૂકે તો તે પણ ત્રણ—ચાર કે પાંચ ક્રિયાવાળો થાય. એમાં બતાવવામાં આવ્યું છે કે—જ્યાં સુધી તે તરણાને ભેગાં કરે છે, ત્યાં સુધી ત્રણ ક્રિયાવાળો, આગ મૂકે પણ બાળે

નહિ, ત્યાં સુધી ચાર ક્રિયાવાળો અને બાળે છે, ત્યાં સુધી પાંચ ક્રિયાવાળો કહેવાય.

કોઈ હરણેાને મારનાર શિકારી એવા કોઇ જંગલમાં હરણને મારવા બાણને ફેંકે, તો તે પણ ત્રણ, ચાર કે પાંચ ક્રિયાવાળો કહેવાય અર્થાત બાણને ફેંકે છે પણ વિંધતો નથી, ત્યાં સુધી તે ત્રણ ક્રિયાવાળો બાણને ફેંકે છે ને મૃગને વીંધે છે, ત્યાં સુધી તે ચારક્રિયાવાળો, અને મૃગને મારે છે, ત્યા સુધી તે પાંચ ક્રિયાવાળો કહેવાય.

અહિં એક વિચિત્ર પ્રશ્ન પૂછાય છે.

કોઈ એક પુરુષ મૃગ ના વધને માટે કાન સુધી લાંબા કરેલા બાણ ને પ્રયત્ન પૂર્વક ખેંચીને ઉભો છે, હજુ બાણ છૂટયું નથી. એટલામાં બીજો કોઇ પુરુષ પાછળથી આવીને તે ઉભેલા પુરૂષનું માથુ તલવારથી ઉડાલી દે છે. આ વખતે તે બાણ પૂર્વ ના ખેંચાણના કારણે છૂટે છે, ને મૃગને વીંધે છે. આ વખતે તે પુરૂષ શું મૃગ ના વૈરથી સ્પૃષ્ટ છે કે પુરૂષના વૈરથી સ્પૃષ્ટ છે ?

ભગવાન આનો ઉત્તર આપતા કહે છે કે–જે પુરૂષ મૃગને મારે છે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ છે અને જે પુરુષને મારે છે, તે પુરૂષ વૈરથી સ્પૃષ્ટ છે કારણ કે—

એ સિદ્ધાન્ત પહેલા જ પ્રતિપાદન કરવામાં આવ્યો છે કે 'કરાતું હોય તે કરાયું,' 'સંધાતું હોય તે સંધાયું કહેવાય.' ફેંકાતું હોય તે ફેંકાયું કહેવાય' વગેરે. આ હેતુથી મૃગને મારે તે મૃગના વૈરથી સ્પૃષ્ટ અને પુરૂષને મારે તે પુરૂષના વૈરથી સ્પૃષ્ટ કહેવાય.

વીર્ય વિચાર

અહિં એક બીજો પ્રશ્ન પણ વિચારવા જેવો છે. બે પુરુષો છે. સરખી ચામડી, સરખી ઉમર, સરખું દ્રવ્ય, અને સરખા ઉપકરણ-હથિયાર વગેરે. આ બે પુરૂષોમાં લડાઈ થાય એમાં એક જીતે છે ને એક હારે છે, એનું શું કારણ? જવાબ એ છે કે–વીર્યવાળો હોય તે જીતે છે. અને વીર્ય વિનાનો હોય તે હારે છે. અર્થાત–જે પુરૂષે વીર્ય રહિત કર્મો નથી બાંધ્યા, નથી સ્પર્શ્યા–નથી પ્રાપ્ત કર્યા, અને તે કર્મો ઉદીર્ણ નથી; પણ ઉપશાંત છે, તે પુરૂષ જીતે છે. અને જે પુરુષ વીર્ય રહિત કર્મો બાંધ્યા છે, સ્પર્શ્યા છે, તે કર્મો ઉદયમાં આવેલા છે. પણ ઉપશાંત નથી, તે પુરૂષ પરાજય પામે છે.

જીવો વીર્યવાળા પણ છે ને વીર્ય વિનાના પણ છે, કારણ કે જીવો બે પ્રકારના કહ્યા છેઃ સંસાર સમાપન્નક અને અસંસાર સમાપન્નક. જેઓ અસંસાર સમાપન્નક છે, તે સિદ્ધો છે અને તેઓ વીર્ય રહિત છે. જે જીવો સંસાર સમાપન્નક છે, તે બે પ્રકારના છે. શૈલેશી પ્રતિપ્રન્ન અને અશૈલેશી પ્રતિપન્ન, તેમાં જે શૈલેશી પ્રતિપત્ર છે; તે લબ્ધિ–વીર્યવડે સવીર્ય છે અને કરણ વીર્યવડે અવીર્ય છે. અશૈલેશી પ્રતિપન્ન જીવો લબ્ધિવીર્યવડે સવીર્ય હોય છે અને કરણવીર્ય વડે સવીર્ય અને અવીર્ય પણ હોય છે.

નૈરયિકો લબ્ધિવીર્યવડે સવીર્ય અને કરણવીર્યવડે સવીર્ય પણ છે અને અવીર્ય પણ છે. એનું કારણ છે કે જે નૈરયિકોને ઉત્થાન; કર્મ, બલ, વીર્ય અને પુરુષાકાર પરાક્રમ છે. તે નૈરયિકો લબ્ધિવીર્યવડે અને કરણવીર્યવડે પણ

સવીર્ય છે. તથા જે નૈરયિકોને ઉત્થાનાદિ નથી તે લબ્ધિ-વીર્ય વડે સવીર્ય છે, પણ કરણવીર્યવડે અવીર્ય છે.

એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ સુધીના જીવોને માટે જાણવું અને સામાન્ય જીવોની માફક મનુષ્યો માટે જાણવું. 卐૨૫

卐 ૨૫. જે કરાય તે ક્રિયા પાંચ પ્રકારે છે. તે આ પ્રમાણે:–

(૧) કાયિકી–જીવ વધ કરવા માટે શરીર સંબંધી હલન–ચલન–ગમન–આગમન વગેરે કાયિકી ક્રિયા કહેવાય છે. જીવનમાં અત્યુત્કટ રાગ દ્વેષ–મોહ–કુતૂહલ–અનંતાનુબંધી ક્રોધ–માન–માયા–લોભ અને અજ્ઞાનનું જોર હોય છે ત્યારે એ જીવના શરીરનો વ્યાપાર પ્રાય કરીને પર ઘાત રૂપે જ હોય છે.

(૧) અધિકરણિકી–'अधिक्रियन्ते घाताय प्राणिनोऽस्मिन्निति त्वधिकरणम् । अथवा अधःक्रियते जीवोऽनेनेत्य धिकरणम् ।

જેના વડે જીવ નીચ સ્થાને એટલે કે દુર્ગતિ તરફ લઈ જવાજ તે અધિકરણ કહેવાય છે. પરઘાત માટે તલવાર ,તીર, બરછી, ગોફણ, લાકડી, છરી અને જીવોને ફસાવવા માટે ખાડા ખોદવા તથા પકડવા માટે જાલ પાથરવી તે કૂટપાશ પણ શસ્ત્ર કહેવાય છે. આના વડે થતી ક્રિયા અધિકરણિકી ક્રિયા તરીકે સંબોધાય છે.

(૩) પ્રાદ્વેષિકી–જીવોને મારવા માટેના દુષ્ટભાવ–દ્વેષભાવ–ઘૃણાભાવ વગેરેથી થતીક્રિયાને પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે

(૪) પારિતાપનિકી—જીવોને જાળમાં ફસાવવા, ખાડામાં નાખવા, પિંજરામાં કે જેલમાં નાખવા અને નખાવવા જેથી તે જીવોને પરિતાપ થાય તે પારિતાપનિકી ક્રિયા કહેવાય.

ગુરુત્વાદિ વિચાર

આત્માનું મુખ્ય ધ્યેય મુક્તિ છે. આત્મા પોતાના સ્વભાવથી અચ્છેદ્દી, અભેદ્દી, અણાહારી વગેરે ગુણ–વિશિષ્ટ છે. પરંતુ આત્માને લાગેલા કર્મના કારણે આ આત્મા સંસારમાં

---

(૫) પ્રાણાતિપાતિકી—જીવોના પ્રાણો હણાય તે પ્રાણાતિપાતિકી ક્રિયા પ્રસિદ્ધ છે. મૃગોને મારવાની ભાવનાથી તીર–કામઠા લઈને વનમાં ગયેલા શિકારીનું શરીર મૃગના વધ માટે પ્રયત્નશીલ છે, શસ્ત્રો પાસે છે, અને ધનુષ્યની દોરી કાન સુધી ખેંચીને ઉભો છે. મૃગોને મારવા માટેનો દ્વેષ પણ ઉત્કટ છે. આવી પરિસ્થિતિમાં તે શિકારીને પહેલાની ત્રણ ક્રિયાઓ લાગશે. પાથરેલી જાળમાં મૃગો જ્યારે ફસાય છે તડફડે છે ત્યારે ચોથી ક્રિયા લાગશે. અને મૃગો મરે ત્યારે પાંચમી ક્રિયા લાગશે, આવી રીતે બીજા પ્રશ્નોમાં પણ ઘટાવી લેવું.

અહીં તો મૃગઘાતને લઈનેજ પ્રશ્ન અને જવાબ છે. બાકી તો આપણા જીવનની પ્રત્યેક ક્રિયાઓમાં ઉપરની ક્રિયાઓ ઘટાવી શકીએ છીએ.

નવતત્વપ્રકરણમાં ક્રિયાઓની સંખ્યા 'પચ્ચીશ' ની છે. તે બધી ત્યાજ્ય છે એમ સમજી ને આપણું જીવન સંયમિત–મર્યાદિત અને નિષ્પરિગ્રહી રાખવું જેથી આશ્રવતત્ત્વથી છૂટકારો મેળવવા માટે આપણે ભાગ્યશાલી થઈએ

પ્રસન્નચંદ્ર રાજર્ષિના દૃષ્ટાંતથી પણ આ ક્રિયાઓનું રહસ્ય જાણી શકાય છે. તે મુનિ હતા, મહામુનિ હતા. મહા–તપસ્વી અને મહાધ્યાની હતા. રજોહરણ સિવાય તેમની પાસે કંઇ પણ હતું જ નહિં. છતાં પણ દુર્મુખ નામના દૂતમુખેથી

પરિભ્રમણ કરે છે. માટે આત્માને હળવાપણું, સંસારને ઓછો કરવો–ટૂંકો કરવો અને ઓળંગવો, એ ચાર વસ્તુઓ પ્રશસ્ત છે, તેથી ઉલટું ભારેપણું, સંસારને પ્રચુર કરવો, લાંબો કરવો, અને તેમાં રખડવું. એ ચાર અપ્રશસ્ત છે.

સાંભળેલી વાતથી એક ક્ષણ પહેલા જેમનું શરીર મોક્ષમાર્ગે જોડાએલું હતું, તેજ શરીર પુત્ર મોહને લીધે ચંચલ બન્યું, હોઠ ફફડવા લાગ્યા આંખોમાં લાલાશ આવી ભ્રુકુટિ ઉપર ચઢી, હાથની આંગળીઓ મુઠીના રૂપમાં પરિણિત થઈ ગઈ. માટે આ કાયિકી ક્રિયા થઈ.

પુત્ર પ્રત્યેના મોહને લીધે ઉત્પન્ન થયેલો રાગ અને શત્રુઓ પ્રત્યેનો દ્વેષ આ પ્રમાણે રાગ દ્વેષ નામના ભાવ–શસ્ત્રો આ મુનિનાં હાથમાં આવી ચઢયાં અને મહામુનિ રાગ–દ્વેષમાં ગળાડૂબ ડૂબી ગયા તેથી આધિકરણિકી ક્રિયા લાગી. પોતાના પુત્રના દ્રવ્ય શત્રુઓપ્રત્યે આ મુનિરાજ અત્યન્ત દ્વેષ માં લય પામીને માનસિક યુદ્ધ રમવા લાગ્યા. તે પ્રાદ્વેષિકી ક્રિયાના કારણેજ.

પોતાના પુત્ર ઉપર બરાબ ભાવ રાખનારાઓ પ્રત્યે આ મહાતપસ્વી મુનિરાજની માનસિક વિચારધારાઓ બીજાઓને પરિતાપ ઉત્પાવનારી હોવાથી પારિતાપનિકી ક્રિયા થઈ અને છેવટે જાણે એક એક શસ્ત્ર એક એક રાજાને મારવા માટે ફેંકતા ગયા અને તેમની માનસિક કલ્પનામાં એક એક રાજા હણાતો ગયો.

માટે પ્રાણાતિપાતિકી ક્રિયાના માલિક પણ થયા બસ! આ ભાવ ક્રિયાઓને લઈને મુનિરાજશ્રી પ્રસન્નચંદ્રજી સાતમી

આપણે જોયું છે અને એ સ્વભાવિક છે કે–ગુરુત્વ એ અપ્રશસ્ત છે, અને લઘુત્વ એ પ્રશસ્ત છે. સંસારમાં અનંત પદાર્થો છે. તેમાં ઘણા ગુરુ છે અને ઘણા લઘુ છે, બલકે કેટલાક પદાર્થો ગુરુલઘુ અને અગુરુલઘુ પણ છે. ઉદાહરણ તરીકે આપણે જોઈએ કે––

પત્થર એ ગુરુ છે, કારણ કે તેનો નીચે જવાનો સ્વભાવ છે, ધૂમાડો એ લઘુ છે, કારણ કે તેનો ઊંચે જવાનો સ્વભાવ છે. વાયુ એ ગુરુ–લઘુ પદાર્થ છે, કારણ કે તેનો તીરછા જવાનો સ્વભાવ છે અને આકાશ એ અગુરૂલઘુ દ્રવ્ય છે કારણ કે તેનો તેવો સ્વભાવ છે.

આપ્રકરણ માં લગભગ આ સંબંધી પ્રશ્નોત્તર છે. ઉપરાંત નિર્ગ્રંથોને માટે શું પ્રશસ્ત છે, એ અને તેની સાથે બીજો મતવાળા તથા છેવટે પાર્શ્વનાથના વંશમાં થયેલ કાલાસ્યવેષ્ટિ–પુત્રનો, સ્થવિર અનગારો સાથેનો સંવાદ આપવામાં આવ્યો છે. જેનો સાર આ પ્રમાણે છેઃ—

કોઈ પણ જીવ પ્રાણાતિપાત, મૃષાવાદ,ના અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન માયા, લોભ, પ્રેમ, દ્વેષ, કલહ કલંક આપવું, ચાડી ખાવી, અરતિરતિ, બીજાની નિંદા, કપટ પૂર્વક જૂઠું બોલવું અને અવિવેક-મિથ્યાદર્શનશલ્ય એના વડે ભારેપણું પામે છે, અને તેથી ઉલટું પ્રાણાતિપાતાદિનો અટકાવ કરવાથી યાવત્ વિવેકથી હલકાપણું પામે છે અને આજ કારણોથી એટલે પ્રાણાતિપાતાદિથી જીવ સંસારને વધારે છે. લાંબો કરે છે. અને સંસારમાં ભમ્યા કરે છે અને આ કારણોથી નિવૃત થવાથી જીવ સંસારને ઘટાડે છે, ટૂંકો કરે છે

અને પાર કરી જાય છે ! 卐૨૬

આવી રીતે સાતમો અવકાશાન્તર, સાતમો તનુવાત, સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ. સાતમી પૃથ્વી વગેરે માટે પ્રશ્નો છે.

જવાબમાં સાતમો અવકાશાન્તર અગુરૂલઘુ–એટલે ભારે હળવા સિવાયનો છે. સાતમો તનુવાત ભારે હળવો છે. આની

નારકી સુધી પહોંચી ગયા અને છેલ્લું શસ્ત્ર પકડવા માટે માથા ઉપર હાથ જતાં પાછા ભાનમાં આવી ગયા અને પાંચે ક્રિયાઓથી જેવા મુકત બન્યા કે તત્કાલ કેવલજ્ઞાનના માલિક બની મોક્ષમાં પહોંચી ગયા.

卐૨૬. અકામ નિર્જરાથી ઘણાં ઘણાં કર્મો ખપાવ્યા પછી દેવદુર્લભ મનુષ્ય અવતારને પામેલો જીવ કયા કર્મો–પાપો કરે છે જેને લઇને તે ભારે (વજનદાર) થાય છે ? આ પ્રશ્નનો જવાબ આપતાં સંસારાતીત, દયાના સાગર, ભગવાને ફરમાવ્યું કે અઢાર પ્રકારે કરાતાં પાપોથી આત્મા ભારી બને છે. જેના સેવનથી પાપજ લાગે તે પાપ–સ્થાનક કહેવાય છે. **સ્થીયતેઽસ્મિન્નિતિ સ્થાનકમ્, પાપાનાં સ્થાનકમિતિ પાપસ્થાનકમ્**" આ વ્યુત્પત્તિથી પાપોનો જ સંગ્રહ કરાવનારા આ પાપસ્થાનકોનું વર્ણન સંક્ષેપથી આ પ્રમાણે છે.

૧ પ્રાણાતિપાત–એટલે સ્પર્શેન્દ્રિય, રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, ચક્ષુરિન્દ્રિય, શ્રવણેન્દ્રિય, મનબળ, વચનબળ, કાયબળ, શ્વાસોચ્છ્વાસ અને આયુષ્ય રૂપી દશે પ્રાણોને તારતમ્યરૂપે ધારણ કરનારા જીવો પ્રાણી કહેવાય છે. એ પ્રાણીમાત્રના કોઈ પણ પ્રાણને હાનિ કરવી, આઘાત લગાડવો. છેદન–ભેદન

માફક સાતમો ઘનવાત, સાતમો ઘનોદધિ, સાતમી પૃથ્વી, અને બધાં અવકાશાન્તરો જાણવા.

આ પ્રમાણે નૈરયિકોને માટે કહેવામાં આવ્યું છે કે, તે ભારે હળવા છે અને અગુરુલઘુ–ભારે હળવા સિવાયના પણ છે. કારણ કે વૈક્રિય અને તૈજસ્ શરીરની અપેક્ષાથી ભારે નથી, હળવા નથી અને ભારે હળવા સિવાયના પણ નથી. પણ

કરવો, લાત મારવી, ધૂળથી ઢાંકવો, પરસ્પર વિરોધી જીવોને ભેગા કરવા, અને પોતાના પુણ્યકર્મના જોરે બીજાઓના મન–વચન–તથા કાયાના બળને દબાવી દેવા જેનાથી તે તથા તેના સંતાનો દુઃખી બને તે હિંસા છે. सव्वे जीवावि इच्छन्ति जीविउं.....અર્થાત્ પ્રાણીમાત્ર જીવવાને જ ઈચ્છે છે. પણ પોતાના પ્રાણોથી વિમુક્ત થવા કોઇ પણ ઈચ્છતા નથી. પરંતુ ઈન્દ્રિયોનો ગુલામ–કષાયયુક્ત આત્મા અજ્ઞાન અને પ્રમાદના વશ થઈને અન્ય જીવોનો ઘાત કરે છે, અર્થાત્ પ્રાણીઓને તેમનાં પ્રાણોથી વિમુક્ત કરે છે. તે પ્રાણાતિપાત નામનું પહેલું પાપ–સ્થાનક કહેવાય છે. प्राणानामतिपातः वा प्राणाः अतिपात्यन्ते येन दुष्प्रयुक्तेन मनसा वचसा–कायेन इति प्राणातिपातः ।

૨ મૃષાવાદ–મૃષા એટલે અસત્ય અને વાદ એટલે બોલવુ, અર્થાત્ પદાર્થ જે સ્વરૂપે છે તેનાથી વિપરીત બોલવુ, તે અસત્ય ભાષણ ત્રણ પ્રકારે છેઃ—

૧ સદ્ભાવ પ્રતિષેધ, ૨ અર્થાન્તર, ૩ ગર્હાવચન.

આત્મા નથી, પરલોક નથી, પુણ્ય–પાપ નથી, મોક્ષ નથી અથવા અંગૂઠા કે ચોખાના પ્રમાણ જેટલો આત્મા છે.

ભારે હળવા ગુરુલઘુ છે. અને જીવ તથા કર્મની અપેક્ષાએ ભારે નથી, હળવા નથી, ભારે હળવા નથી પણ ભારેહળવા સિવાયના છે, એ પ્રમાણે યાવત્ વૈમાનિકો સુધી જાણવું.

ધર્માસ્તિકાયાદિ પદાર્થો યાવત્ જીવાસ્તિકાય અગુરુલઘુ છે. અને પુદ્ગલાસ્તિકાય ગુરુલઘુ અને અગુરુલઘુ પણ છે.

સમયો અને કર્મો અગુરુલઘુ છે.

આ પ્રમાણે અર્થાન્તર વચન બોલવાં તે સદ્ભાવપ્રતિષેધ અને અભૂતોદ્ભાવન કહેવાય છે. પદાર્થોના વાસ્તવિક સ્વરૂપનો તથા તેના અર્થનો નિષેધ કરવો તે અર્થાન્તર નામે મિથ્યા વચન છે. હિંસક, કઠોર, મર્મભેદક, પ્રાણઘાતક, પૈશૂન્યાત્મક આદિ વચનોનો પ્રયોગ ગર્હાવચન છે. એટલે કે હિંસક ભાષાદિ કોઈ કાળે પણ સત્યવચન હોઈ શકે નહિ.

૩ અદત્તાદાન-રાગદ્વેષને વશ થઈને ચોરી કરવાનાં ઈરાદાથી પારકી વસ્તુ લેવી છુપાવવી તે ત્રીજું પાપસ્થાનક કહેવાય છે.

૪ મૈથુન-રાગ વશ બનીને મિથુન ભાવનું સેવન કરવું તે મૈથુન કહેવાય છે. પાપના ઈરાદાથી પુરૂષ-સ્ત્રીનું યુગલ, બે પુરુષોનું યુગલ અથવા બે સ્ત્રીયોનું યુગલ જે વ્યભિચાર કર્મ કરે તે મૈથુન કર્મ કહેવાય છે. અથવા રાગ-મોહના ક્લિષ્ટ અધ્યવસાયોને લઈને એકાકી જીવ પણ મૈથુનભાવનું ચિંતવન કરે, ભોગવેલા ભોગોને યાદ કરે, ભવિષ્યમાં પણ વિષય ભોગની ચાહના કરે, આ પ્રમાણે ગંદા વિચારો, ગંદુ સાહિત્ય, અને ગંદા ચિત્રો વડે માનસિક પરિણામોમાં ઉત્તેજના લાવીને પુરૂષ પોતાના વીર્યનું અથવા સ્ત્રી કૃત્રિમ

કૃષ્ણલેશ્યા ગુરુલઘુ અને અગુરુલઘુ પણ છે. અર્થાત્ દ્રવ્યલેશ્યાની અપેક્ષાએ ગુરુલઘુ છે અને ભાવલેશ્યાની અપેક્ષાએ અગુરુલઘુ છે. એ પ્રમાણે બધી લેશ્યાઓ સમજવી.

સાધનો દ્વારા પોતાના રજનું પતન કરે તે પણ મૈથુન કહેવાય છે.

૫ પરિગ્રહ–"परि समन्तात्–आत्मानं गृहणातीति परिग्रह अथवाऽऽत्मा परिगृह्यतेऽनेनेति परिग्रहः ।

મર્યાદાતીત ધન-ધાન્ય, પશુ, વસ્ત્ર, આભૂષણ, આદિનો સંગ્રહ કરવો તે પરિગ્રહ નામે પાપ છે.

૬ ક્રોધ–સકારણ અથવા નિષ્કારણ આત્માના ક્રૂર અધ્યવસાયોને ક્રોધ કહેવાય છે. આત્માનો ઉપઘાત કરનાર અને બીજાને અપ્રીતિ ઉપજાવનાર ક્રોધને ચંડાળની ઉપમા આપેલી છે.

૭ માન–ધર્મગુરુ–વિદ્યાગુરુ–દીક્ષાગુરુ–માતા–પિતા તથા વડીલોની સમીપે અક્કડ થઈને ઉભા રહેવું, તથા પોતાની પ્રકૃતિ (સ્વભાવ)ને ઉદ્ધત બનાવવી, તે માન નામનું પાપ છે.

૮ માયા–આત્માના વિચારોમાં અશુદ્ધતા લાવવી તથા જીવનને વિસંવાદી બનાવવું તે માયા નામના આઠમા પાપને આભારી છે.

૯ લોભ આત્મા જેનાથી અશુચિ એટલે અપવિત્ર–મલિન બને, આત્માના પરિણામો ચંચલ બને, પરદ્રોહાત્મક બને, તે લોભ કહેવાય છે.

દૃષ્ટિ, દર્શન, જ્ઞાન, અજ્ઞાન અને સંજ્ઞા–એ અગુરુલઘુ છે. મનયોગ, વચનયોગ, સાકાર–ઉપયોગ, નિરાકાર ઉપયોગ, એ

---

૧૦ રાગ–મન, પાંચે ઈન્દ્રિયો, તથા શરીરને પસંદ પડે તેવા ભોજન, પાન, વસ્ત્ર, સુગંધ, સ્પર્શન, દર્શન, શ્રવણ પ્રત્યે અત્યન્ત આસક્તિ તથા મોહ રાખવો તે રાગ કહેવાય છે.

"दोषाः स्मरप्रभृतयो रागस्य परिचारकाः"

અર્થાત્–કામોપાસના એટલે બાનદાની તથા જ્ઞાનોપાસના વગેરેથી વિરુદ્ધ ચેષ્ટાઓ કરવી અને સ્ત્રી પુરુષે પરસ્પર અધમવૃત્તિઓ રાખવી તે બધું રાગ નામના પાપને આભારી છે.

૧૧ દ્વેષ રાગ–દ્વેષ બન્ને લંગોટિયા મિત્ર છે. જ્યાં એક વસ્તુ ઉપર રાગ થશે ત્યારે બીજા પદાર્થ પ્રત્યે દ્વેષ થયા વિના રહેશે નહિં. રાગ પ્રીત્યાત્મક છે ત્યારે દ્વેષ અપ્રીત્યાત્મક છે. આને લઇને આત્મા તથા મન ઘણા જ મલિન થાય છે. દ્રવ્ય રોગની દવા હોય છે ત્યારે આત્માના ભાવ રોગ જેવા રાગ–દ્વેષની દવા હોતી નથી. હાથ, પગ, મુખ અને નેત્રની મલિનાત્મક ચેષ્ટાઓ આનાથી ઉદ્ભવે છે. તથા વિશુદ્ધતર બનેલા આત્માને પણ અશુદ્ધ–અશુદ્ધતર તથા અશુદ્ધતમ બનાવનાર દ્વેષ છે. માત્સર્યવશ થઇને અન્યથા સ્થિત વસ્તુને અન્યથારૂપે કહેવી એ દ્વેષ છે.–ગુણી માનવ પ્રત્યે પણ દોષારોપણ કરવું તે દ્વેષનું ફળ છે. જેનાથી પરલોક બગડ્યા વિના રહેતો નથી.

૧૨ કલહ–બીજા સાથે કલેશ કરવા માટે રાડો પાડવી, બીજાને ભાંડવાની આદત રાખવી, વાક્યુદ્ધ કરવું, પ્રેમ

બધા અગુરુલઘુ છે. કાયયોગ ગુરુલઘુ છે. કાળ–ભૂત, ભવિષ્ય અને વર્તમાન–સર્વકાળ અગુરુ લઘુ છે.

અને હાંસી (મશ્કરી)થી ઉદ્ભવેલાં યુદ્ધ વૈર-કંકાસ અને જોર જોરથી બરાડા પાડીને અસમંજસ ભાષા બોલવી. વિરોધને ભડકાવવા માટે શબ્દોમાં આક્રોશતા લાવવી અને જેની તેની સાથે વિવાદ કરવો. આ બધા બારમા કલહ નામના પાપના કારણે થાય છે.

૧૩ અભ્યાખ્યાન–પારકાના અસદ્ દોષોને ઉઘાડા કરવા. બીજાઓને દૂષણ દેવું, સામાવાલાનો દોષ નથી છતાં, પણ તેને દોષી જાહેર કરવા માટે હજારો પ્રકારે પ્રયત્ન કરવો, તે અભ્યાખ્યાન પાપના કારણે થાય છે.

૧૪ પૈશુન્ય–અર્થાત્ બીજાની ચાડી ખાવી, પારકાના પ્રત્યક્ષ કે પરોક્ષ દોષો પણ બીજાની આગળ જાહેર કરવા. પીઠ પાછળ બીજાના અવગુણો બોલવા, છેદન-ભેદન અર્થાત્ તોડવા ફોડવાની પ્રવૃત્તિ કરવી, આત્મિક જીવનમાં લુચ્ચાઈ (શઠતા) રાખવી તે બધા પૈશૂન્ય પાપના કારણે છે. જેથી આપણો પ્રીત્યાત્મક સ્વભાવ પણ હ્રાસ પામે છે તથા પારકા સાથે મૈત્રીભાવ ઓછો થતો જાય છે.

૧૫ રતિ અરતિ–રાગ–દ્વેષને વશ થઈને એક પદાર્થ પ્રત્યે પ્રેમ રાખવો અને બીજાનો તિરસ્કાર કરવો. જેમ એક શાક ભાવે, બીજુ ન ભાવે, એક વસ્ત્ર ગમે ત્યારે બીજું વસ્ત્ર ન ગમે. આ બધું આ પાપની લેશ્યાઓનું પરિણામ છે.

ઉપર જે ગુરુ લઘુ આદિ બતાવેલ છે, તે બરી રીતે તો નિશ્ચય-નયની અપેક્ષાએ સૌથી ભારે ને સૌથી હળવું

---

૧૬ પરપરિવાદ-જ્યાં ને ત્યાં પારકાના ગુણ-દોષ બોલવા, ઘણા માણસોની સમક્ષ બીજાના દોષોનું ઉદ્‌ઘાટન કરવું. તેમના માટે બીભત્સ, ગંદા તથા અસભ્ય વચન બોલવા વગેરે આ પાપને લીધે થાય છે.

૧૭ માયામૃષાવાદ-આ પાપસ્થાનકમાં માયા અને વચનનું મિશ્રણ હોવાથી અત્યન્ત બતરનાક તેમજ દુસ્ત્યાજ્ય આ પાપ છે. માયા-કપટ-ધૂર્તતા-શઠતા-પરવંચકતા-આદિ માનસિક પાપોને વશ થઈને સફાઈપૂર્વક-લુચ્ચાઈપૂર્વક વ્યંગમાં-મશ્કરીમાં બોલવું તથા તેવા પ્રકારનો વ્યવહાર કરવો, તે આ પાપના કારણે જ થાય છે. જ્યારે સાવ સીધી સાદી વાત હોય. કામ સરળતાથી પતી જાય તેવું હોય ત્યાં કૂટનીતિજ્ઞ (Political) બનવું અથવા દાંભિકતાથી ભાષા-વ્યવહાર કરવો, આ પણ માયા-મૃષાવાદ જ છે.

૧૮ મિથ્યાત્વ-ઉપરનાં બધાએ પાપોને ભડકાવનાર-વધારનાર આ પાપ છે, જેને લઈને અહિંસામાં હિંસાનું આરોપણ, સત્યમાં અસત્યનું સ્થાપન, અરિહંત દેવમાં અદેવ, બુદ્ધિ, ધર્મમાં અધર્મ-બુદ્ધિ, તેમજ પંચ મહાવ્રતધારી ગુરુમાં મલિન બુદ્ધિ આદિ માનસિક વિકારો આ પાપને લઈને થાય છે જેને લઈને માણસ માત્ર પાપો તરફ પ્રયાણ કરે છે. તે માટે જગત ગુરુ ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું છે કે-આ અઢાર પાપોથી આત્મા ભારી બને છે. સંસારમાં રખડે છે અને ઘણા ભવો સુધી યમદૂતોનો માર બાય છે.

માટે આત્મ-કલ્યાણના અભિલાષુકોએ સૌ પ્રથમ આ પાપોમાંથી મુક્તિ મેળવવા જ પ્રયત્ન કરવો.

કોઈ દ્રવ્ય નથી. વ્યવહારનયની અપેક્ષાએ સ્થૂલ–સ્કંધોમાં સૌથી ભારેપણું ને સૌથી હળવાપણું રહે છે. પણ બીજામાં તે નથી, અગુરુલઘુ અને ગુરુલઘુના સંબંધમાં નિશ્ચય–નય કહે છે કે–જે દ્રવ્યો ચાર સ્પર્શવાળા હોય છે, અને જે દ્રવ્યો અરૂપી હોય છે, તે બધા અગુરુલઘુ છે. બાકીનાં આઠ સ્પર્શવાળા દ્રવ્યો ગુરુલઘુ છે.

હવે નિર્ગ્રન્થોને માટે પ્રશસ્ત શું અને અપ્રશસ્ત શું ? તે સંબંધી કહે છે કે—

લાઘવ, ઓછી ઈચ્છા, અમૂર્ચ્છા, અનાસક્તિ અને અપ્રતિબદ્ધતા–તેમજ અક્રોધપણું, અમાનપણું, અકપટપણું, અલોભપણું, એ બધું નિર્ગ્રંથોને–શ્રમણોને પ્રશસ્ત છે. વળી કાંક્ષા મોહનીય ક્ષીણ થયા પછી શ્રમણ નિર્ગ્રંથ સિદ્ધ થાય, સર્વ દુઃખોનો નાશ કરે.卐૨૭

卐 ૨૭. મહાપુણ્યોદયે મળેલું અને મેળવેલું ચારિત્ર પ્રતિ સમયે શુદ્ધ થતું રહે તે માટે આ પ્રશ્નોત્તરો અત્યન્ત સ્પષ્ટ છે. ભાવસંયમ કેળવવાને માટે આત્મામાં શુદ્ધ લેશ્યા, સ્વાધ્યાયબળ તથા તપોબળની પૂર્ણ આવશ્યકતા છે. જેને લઇને આંતરજીવનમાં—

લાઘવિક—એટલે સંયમની રક્ષા માટે સ્વીકારેલા વસ્ત્ર, પાત્ર, કામળી, રજોહરણ આદિ ઉપકરણોમાં અલ્પતા લાવવાનો આગ્રહ રાખવો અથાત્ ઉપાધિ જેટલી ઓછી હશે, તેટલી સંયમની માત્રા પણ શુદ્ધ બનશે, કષાયોની નિવૃત્તિ થશે અને ભાવ મન શુદ્ધ થશે.

જીવ અને આયુષ્ય

કોઈ મતાન્તરવાળા એમ માને છે કે–એક જીવ એક સમયે બે આયુષ્ય કરે છે. આ ભવનું આયુષ્ય કરે છે અને પરભવનું આયુષ્ય કરે છે.

ભગવાન મહાવીર ના પાડે છે. ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં તેઓ કહે છે કે–હે ગૌતમ! એક જીવ એક સમયે

અલ્પેચ્છા–એટલે આહાર પાણીના વિષયની અભિલાષા ઓછી રાખવી, જેથી સ્વાધ્યાય અને આભ્યન્તર તપની પ્રાપ્તિ સુલભ બનશે. તેમજ અનાદિકાળની આહાર સંજ્ઞા મર્યાદામાં આવશે. અન્યથા આના સદ્ભાવમાં મૈથુન સંજ્ઞા માટે દ્વાર ઉઘાડા જ રહેવાના, અને એની હાજરીમાં પરિગ્રહ સંજ્ઞા જીવતી ડાકણની માફક તૈયાર છે. પછી તો ભય સંજ્ઞાથી તમારૂં આખુંએ જીવન આર્ત્તધ્યાન–રૌદ્રધ્યાનમાં પૂર્ણ થશે.

અમૂર્ચ્છા–એટલે કે ધર્મધ્યાન માટે સંગ્રહેલાં અને બીજાઓને ધર્મધ્યાનમાં જોડવા માટે રાખેલા ધર્મોપકરણમાં આત્મિક જીવનને બરબાદ કરાવનારી મૂર્ચ્છા રાખવી નહીં.

અગૃદ્ધિ–એટલે કે આહાર પાણી કરતી વખતે રસ–ગારવામાં મસ્ત બનીને લંપટતા રાખવી નહીં.

અપ્રતિબદ્ધતા–દીક્ષા લીધા પછી આપણા સ્વજનો પ્રત્યે કોઈ પણ જાતનો રાગ–સંબંધ રાખવો નહીં.

ઉપર પ્રમાણેની પાંચે વસ્તુઓ સંયમને માટે તથા સંયમીને માટે પ્રશસ્ત છે. આનાથી જ ક્રોધ–માન–માયા–લોભ ઓછાં થતાં જશે અને આપણો સંયમ શુક્રના તારાની જેમ પ્રતિસમયે દેદીપ્યમાન થશે.

એક આયુષ્ય કરે છે. આ ભવનું આયુષ્ય કરે છે. તે સમયે પરભવનું આયુષ્ય નથી કરતો. અને જે સમયે પરભવનું આયુષ્ય કરે છે, તે સમયે આ ભવનું આયુષ્ય નથી કરતો.

આમાં વાત એ છે કે–એકજ જીવ એકજ સમયમાં બે આયુષ્ય ન કરે. બાકી બે જીવ બે આયુષ્ય કરે, અથવા એક જીવ જુદા જુદા સમયમાં આયુષ્ય કરે. એમાં તો સંદેહ હોઈ જ ન શકે.

કાલાસ્યવેષિપુત્ર

શ્રીકાલાસ્ય વેષિપુત્ર એ શ્રી પાર્શ્વનાથ ભગવાનના વંશમાં થયેલા અણગાર હતા. તેઓ એક વખત વિચરતા વિચરતા ભગવાન મહાવીરના સ્થવિરો જ્યાં વિચરતા હતા ત્યાં આવ્યા બન્ને મળ્યા, કાલાસ્યવેષિપુત્રે આ સ્થવિરોને કહ્યું. " તમે સામાયિક જાણતા નથી, સામાયિકનો અર્થ જાણતા નથી. આવીજ રીતે સંયમ, સંવર, વિવેક અને વ્યુત્સર્ગને જાણતા નથી. કે તેના અર્થોને પણ જાણતા નથી.

સ્થવિરોએ કહ્યું કે-' અમે બરાબર જાણીએ છીએ ' કાલાસ્યવેષિપુત્ર–જો તમે સામાયિકાદિ અને તેના અર્થો તેને જાણો છો, તો બતાવો કે- સામાયિકાદિ શું છે ? અને તેના અર્થો શા છે ?

જવાબમાં સ્થવિરોએ જણાવ્યું કે–અમારો આત્મા એ સામાયિક છે. એજ સામાયિકનો અર્થ છે. એજ પચ્ચકખાણ છે. તે પચ્ચકખાણનો અર્થ છે, યાવત્ એજ સંયમ, એજ સંવર, એજ વિવેક અને એજ વ્યુત્સર્ગ અને તેના અર્થો છે.

કાલાસ્યવેષિપુત્ર–જો એમજ છે તો પછી તમે ક્રોધાદિનો ત્યાગ કરી શા માટે એ ક્રોધાદિની નિંદા કરો છો ?

સ્થવિરો–સંયમને માટેજ ક્રોધાદિની નિંદા કરીએ છીએ.

કાલાસ્યવેષિપુત્ર–નિંદા. ગર્હા એ સંયમ છે કે અસંયમ ?

સ્થવિરો–નિંદા–ગર્હા એ સંયમ છે. ગર્હા બધા દોષોનો નાશ કરે છે. આત્મા સર્વ મિથ્યાત્વને જાણીને ગર્હાદ્વારા બધા દોષોનો નાશ કરે છે. એ પ્રમાણે અમારો આત્મા સંયમમાં સ્થાપિત છે.

એ પછી કાલાસ્યવેષિપુત્ર એ સ્થવિરોની વાતનો સ્વીકાર કરે છે, એટલુંજ નહિં પરન્તુ પોતાનો મત જે ચાર મહાવ્રતવાળો હતો તેને મૂકી ભગવાન મહાવીરનું ચરિત્ર જે પાંચ મહાવ્રત અને પ્રતિક્રમણ સહિત (કારણ હોય કે ન હોય પણ પ્રતિક્રમણ કરવું જ) ધર્મનો સ્વીકાર કરે છે.

આ પછી શ્રીગૌતમસ્વામીએ પ્રત્યાખ્યાન અને આધાકર્માદિ સંબંધી પૂછેલા પ્રશ્નોના ઉત્તરમાં ભગવાને સ્પષ્ટ કર્યું છે કે–એક શેઠ, એક દરિદ્ર, એક લોભીઓ અને એક ક્ષત્રિય (રાજા) એ બધા એક સાથે અપ્રત્યાખ્યાન ક્રિયા કરી શકે છે. આ વચન અવિરતિને આશ્રીને છે.

આધાકર્મ દોષવાળા આહારને ખાતો શ્રમણ આયુષ્ય સિવાયની અને પોચે બંધને બંધાએલી સાત પ્રકૃતિઓને મજબૂત બંધને બાંધેલી કરે છે, અને સંસારમાં વારંવાર ભમે છે. કારણકે તેમ કરવાવાળો શ્રમણ પોતાના ધર્મને ઓળંગી જાય છે, તે પૃથ્વીકાય કે યાવત્ ત્રસકાયની પણ દરકાર કરતો નથી.

આથી ઉલટું પ્રાસુક અને નિર્દોષ આહારને ખાતો શ્રમણ નિર્ગ્રંથ આયુષ્ય સિવાયની મજબૂત બંધાએલી સાત કર્મ-પ્રકૃતિઓને પોચી કરે છે. (આયુષ્ય કર્મને કદાચિત્ બાંધે છે ને કદાચિત્ નથી બાંધતો) અને તે સંસારને ઓળંગી જાય છે કારણકે તે પોતાના ધર્મોને ઓળંગતો નથી. પૃથ્વીકાયથી લઈને ત્રસકાય સુધીના જીવોની દરકાર કરે છે.

પદાર્થોના સ્વભાવના સંબંધમાં કહે છે કે–અસ્થિર પદાર્થો નથી બદલાતા, અસ્થિર પદાર્થ ભાંગે છે, સ્થિર પદાર્થ નથી ભાંગતા, બાળક શાશ્વત છે. બાળકપણું અશાશ્વત છે, પંડિત શાશ્વત છે, પંડિતપણું અશાશ્વત છે.卐૨૮

卐 ૨૮. પાર્શ્વનાથ ભગવાનનો શિષ્ય કાલાસ્યવેષિ પુત્ર નામના અણગારે મહાવીરસ્વામીના શિષ્યોને પ્રશ્નો પૂછયા કે તમે નીચે મુજબના પદો અને પદાર્થો જાણતા નથી. તેના જવાબમાં મહાવીરના શ્રમણોએ આ પ્રમાણે કહ્યું કે–અમે એ પદાર્થોને આ પ્રમાણે જાણીએ છીએ.

સામાયિક–દીક્ષા લીધી તે ક્ષણથી આયુષ્યના છેલ્લા ક્ષણ સુધી સમભાવે રહેવું અને નવાં કર્મોને ઉપાર્જન કરવાં નહીં; તે સામાયિકનો અર્થ છે.

પ્રત્યાખ્યાન–નવકારશી–પૌરુષી (પોરસી) સાઢપોરસી, ચઉવિહાર, ગંઠસી, મુઠસી આદિ પચ્ચકખાણોના નિયમ રાખવા. જેથી આશ્રવદ્વાર બંધ થાય. સર્વથા નિયમ વિનાનો ગમે તેવો જ્ઞાની હશે તો એ આશ્રવદ્વાર બંધ કરી શકે તેમ નથી.

સંયમ—પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને ત્રસકાયના જીવોનું રક્ષણ કરવું, તેને સંયમ કહેવાય છે.

પરમાણુ સ્વભાવ

આ પ્રકરણમાં 'ચલમાન ચલિઅ' ના સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યા પછી અન્ય મતાવલંબીએ બતાવેલ પરમાણુનું સ્વરૂપ આપી મહાવીરના સિદ્ધાંત પ્રમાણે પરમાણુનું સ્વરૂપ આપવામાં આવ્યું છે. વળી ભાષા કઈ ? બોલ્યા પહેલાની, બોલાતી કે બોલ્યા પછીની ? તે બતાવવામાં આવ્યું છે. તેમજ એક જીવ એક સમયે બે ક્રિયા કરે કે કેમ ? કેટલા કાળ સુધી નરકમાં જીવ ઉત્પન્નજ ન થાય, એ વગેરે આપી આ ઉદ્દેશાની સાથે આ શતકની પૂર્ણાહુતિ કરવામાં આવી છે. સાર આ છેઃ

સંવર—પાંચે ઈન્દ્રિયોને તથા મનને સમિતિ તથા ગુપ્તિ નામના સંવર ધર્મમાં જોડવા માટે પ્રયત્નશીલ રહેવું.

વિવેક—વિશેષ પ્રકારે જીવ-અજીવ-પુણ્ય-પાપ-આશ્રવ-સંવર-બંધ-નિર્જરા અને મોક્ષ, આ નવે તત્ત્વોને જાણવા, શ્રદ્ધામાં સ્થાપિત કરવાં અને આચરણમાં લાવવા માટે જ પ્રયત્નકરવો તે વિવેક કહેવાય છે. આનાથી ત્યાગ કરવા યોગ્ય-પદાર્થોનો તથા ક્રિયાઓનો ત્યાગ કરશે. અને મન-વચન-કાયા અરિહંતદેવના ધર્મ પ્રત્યે સંયુક્ત થશે.

વ્યુત્સર્ગ—શરીર અને ઈન્દ્રિયોનો વ્યુત્સર્ગ કરવો એટલે કે કાયાની માયા છોડીને મન-વચન તથા શરીરને ઘડી અડધી ઘડી માટે ધ્યાન તથા જાપમાં જોડવા, જેનાથી અનાદિકાલીન શરીર ઉપરનો મોહ ઓછો થશે.

નિંદા અને ગર્હા "तं निंदे तं च गरिहामि" શું સંભય હોઈ શકશે ? આના જવાબમાં કહ્યું કે-થયેલા પાપોની નિંદા કરવી,

અન્ય : ચાલતું તે ચાલ્યું ન કહેવાય, યાવત્ નિર્જરાતું તે નિર્જરેલું ન કહેવાય.

મહાવીર : ચાલતું તે ચાલ્યું કહેવાય, નિર્જરાતું તે નિર્જરાયું કહેવાય.

અન્ય : બે પરમાણુ પુદ્ગલો એક એક ને ચોટી શકતા નથી કારણ કે તેમા ચીકાશ નથી.

વિશેષ પ્રકારે નિંદા કરવી, ગુરૂ સાક્ષિએ એ પાપોની નિંદા અને ગર્હા કરનાર સાધક પાપોથી પાપ કર્મોથી મુકત બનશે.

અધાકર્મથી એકલી ગોચરી જ લેવાની નથી. પણ સાધુને આશ્રીને ગમે તે ફળ–શાક આદિ નિર્જીવ કરાય–અચિત્ત કરાય, સચિત્ત વસ્તુને પકાવાય, સાધુ મહારાજને માટે જ મકાન નિર્માણ કરવું તથા અમુક સાઈઝનું–પનાનું કાપડ બનાવવું તે બધા આધા કર્મ છે. અર્થાત્ સાધુને માટે જ ગમે તે વસ્તુ તૈયાર કરવી, જેમાં આરંભ રહેલો હોય છે તે બધા આધાકર્મ કહેવાય છે. આવા પ્રકારના પોતાના માટે જ આસ તૈયાર કરેલા અથવા કરાવેલા પદાર્થોમાં મસ્ત બનેલો સાધુ ધીમે ધીમે સમિતિ મથા ગુપ્તિ ધર્મને ભૂલી જાય છે. તથા પૃથ્વીકાયિકાદિ અને આગળ વધીને ત્રસકાયની રક્ષામાં પણ બે-ધ્યાન રહે છે આમ થતાં દ્રવ્ય સંયમી વારંવાર સાતે પ્રકારનાં કર્મોને બાંધે છે. તીવ્ર બાંધે છે અને ભાવસંયમથી ભ્રષ્ટ થઇને અનંત સંસાર વધારી મૂકે છે.

જ્યારે અધા કર્મનો ત્યાગ કરનારો સાધક બાંધેલા કર્મોને પણ ઢીલા કરતો જાય છે. યાવત્ મોક્ષ ભણી આગળ વધે છે. કેમકે આત્મ કલ્યાણમાં તત્પર સાધક પોતાના જીવનમાં કોઈ પણ જાતનાં શાક માટે,ફળ માટે સ્પેશીયલ 'ચા' માટે ઓસામણ

મહાવીર : બે પરમાણુ પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે; કારણકે તે બન્નેમાં ચિકાશ છે. જો આના ભાગ કરવામાં આવેતો બન્ને તરફ એક એક પરમાણુ પુદ્ગલ આવે.

અન્ય : ત્રણ પરમાણુ પુદ્ગલ એક એકને પરસ્પર ચોંટે છે કારણ કે ત્રણ પરમાણુ પુદ્ગલમાં ચીકાશ છે તેના બેબે ભાગ કરવામાં આવે તો ૧॥–૧॥ પરમાણુ પુદ્ગલ આવે. ત્રણ ભાગ કરવામાં આવે તો એક એક આવે.

માટે, ખમણ ઢોકળા માટે, અમુક પ્રકારની રોટલી માટે;અમુક જ મીલની બનાવટનાં અમુક જ માર્કાના ચોલપટ્ટા, મલમલ અથવા કામલી માટે યાવત્ શરીર માટે પણ મોહ રાખતોનથી.

જ્યારે લોકૈષણા, ભોગૈષણા અને વિતૈષણાનો ચાહક અસંયમી અથવા 'દ્રવ્ય' સંયમી સાધક આસકિત નથી ત્યાગી શકતો માટે ગમે ત્યારે પણ તેનામાં હિસંકવૃત્તિ, પરિગ્રહ વૃદ્ધિની માત્રા પોતાનું નાટક ભજવી શકે છે. માટીના ઢેફાની માફક કર્મો પણ અસ્થિર એટલા માટે છે કે જીવના પ્રદેશોથી પ્રતિસમયે કર્મ વર્ગણા ચલાયમાન બને છે અર્થાત્ ચાલતી જ હોય છે. આત્માના પરિણામોથી બંધ, ઉદય અને નિર્જરણા પણ બદલાતી રહે છે. પત્થરની શિલાની માફક કર્મો ક્ષય થવા છતાં પણ જીવસ્થિર જ રહે છે અને પોતાના ઉપયોગ સ્વભાવથી કદિ પણ બદલાતો નથી. લોઢાની સળી ની જેમ શાશ્વત જીવ કોઈ કાળે પણ ક્ષય થતો નથી, નાશ પામતો નથી.

વ્યવહાર કાળે બાળક એટલે છોકરૂં (અજ્ઞાની) અને બાળક એટલે અસંયત જીવ લેવાનો છે. જીવ એટલા માટે શાશ્વત છે કે તે 'દ્રવ્ય' છે દ્રવ્યરૂપથી કોઈ પણ પદાર્થ નાશ

મહાવીર : ત્રણ પરમાણુ પુદ્ગલો ચોંટી જાય છે. કારણ ત્રણ પરમાણુ પુદ્ગલમાં ચિકાશ છે. તેના બે ભાગ કરીએ તો એક તરફ એક અને એક તરફ બે પ્રદેશવાળો સ્કંધ આવે. ત્રણ ભાગ કરીએ તો એક એક આવે ત્રણ પરમાણુના બે ભાગ કરતાં દોઢ દોઢ પરમાણુ આવે. એમ જ્યારે સ્વીકારવામાં આવ્યું તો પછી એ દોઢ પરમાણુ ચિકાશ વિના કેમ રહી શકયા ? અને જો દોઢ પરમાણુ એક બીજાને મળીને રહી શકે છે— ચોંટી શકે છે તો પછી બે કેમ ન મળી શકે ? વળી એ પણ સમજવાનું છે કે પરમાણું એક એવી સૂક્ષ્મ ચીજ છે કે—એક પરમાણુના ભાગ થઈ શકેજ નહી.

અન્ય : પાંચ પરમાણું પુદ્ગલો પરસ્પર ચોંટી જાય છે. ચોટયા પછી સ્કંધ રૂપે બની જાય છે, તે સ્કંધ શાશ્વત છે. હમેંશા સારી રીતે ઉપચય અપચય પામે છે.

મહાવીર : અન્ય મતના કહેવા પ્રમાંણે જો તે પાંચ પરમાણુનો સ્કંધ શાશ્વત છે; તો પછી ઉપચય—અપચય કેમ થઇ શકે ? ત્યારે કહેવું જોઈએ તે અશાશ્વત છે.

પામતો નથી. જ્યારે પર્યાપરૂપે તેમા ઉત્પાદ અને નાશ બનતો જ રહે છે. વ્યવહાર નયે જેમ બાલકનું બાલત્વ અશાશ્વત છે. તેમ નિશ્ચય નયે બાલત્વ (અસંયમી જીવન) પણ અશાશ્વત છે. જે પરિસ્થિતિ વશ બદલતા રહે છે.

વ્યવહારનયે પંડિત એટલે શસ્ત્રોનો જ્ઞાતા છે અને નિશ્ચયનયે સંયમી જીવ પંડિત છે. સંયમી સાધુ ભલે અષ્ટ પ્રવચન માતાનો જાણકાર હશે. તેથી એ પંડીત છે. પણ યમ—નિયમ અને પ્રત્યાખ્યાન વિનાનો ગમે તેવો મોટો શાસ્ત્રજ્ઞાતા પણ પંડિત નથી.

ભાષા વિચાર

અન્ય : બોલવાના સમય પૂર્વની ભાષા તે ભાષા છે બોલવા સમયની ભાષા તે અભાષા છે. અને બોલવાના સમય પછીની ભાષા બોલાયેલી છે–તે ભાષા છે.

મહાવીર : બોલવા પૂર્વની ભાષા અભાષા છે. બોલાતી ભાષા તે ભાષા છે. બોલ્યા પછીની બોલાયેલી ભાષા તે અભાષા છે

અન્ય : બોલ્યા પૂર્વની ભાષા તે ભાષા, બોલાતી ભાષા તે અભાષા, અને બોલવા પછીની–બોલાયેલી ભાષા તે ભાષા છે, તો શું તે બોલતા પુરુષની ભાષા છે કે અણબોલતા પુરુષની ?

ઉત્તરઃ– અણબોલતા પુરુષની તે ભાષા છે. બોલતા પુરુષની નથી

મહાવીર : પૂર્વની ભાષા તે અભાષા છે.બોલાતી ભાષા તે ભાષા છે. અને બોલ્યા પછીની–બોલાયેલી ભાષા અભાષા છે. તો શું તે બોલતા પુરુષની ભાષા છે કે અણબોલતા પુરૂષની ?

ઉત્તર–બોલતા પુરુષની ભાષા છે અણબોલતા પુરૂષની નહીં.

અન્ય : અકૃત્ય દુઃખ છે, અસ્પૃશ્ય દુઃખ છે અને અક્રિયમાણ કૃત દુઃખ છે, તેને નહિં કરીને પ્રાણો, ભૂતો જીવો અને સત્વો વેદનાને વેદે છે–અનુભવે છે.

મહાવીર : કૃત્ય દુઃખ છે' સ્પૃશ્ય દુઃખ છે, ક્રિયામાણ કૃત દુઃખ છે. તેને નહી કરીને, પ્રાણો, ભૂતો, જીવો અને સત્વો વેદનાને વેદે છે, અનુભવે છે.

નોટ–ટીકાકારે પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વના ભેદો આમ બતાવ્યા છે :—

બે, ત્રણ ચાર ઇન્દ્રિયવાળા જીવો પ્રાણ કહેવાય છે.
વૃક્ષો–ભૂતો કહેવાય.
પાંચ ઇન્દ્રિયવાળા જીવો કહેવાય.
પૃથ્વી વગેરેના જીવો સત્ત્વો કહેવાય.

ક્રિયા

હવે બીજા મતવાળાએ માનેલ ક્રિયા સંબંધી પ્રશ્ન છે–અર્થાત્ એક જીવ એક સમયે બે ક્રિયા કરે છે:–ઐર્યાપથિકી અને સાંપરાયિકી. ભગવાન આ વાતનો ઇન્કાર કરે છે. એક જીવ ઐર્યાપથિકી અને સાંપરાયિકી એમ બે ક્રિયા ન કરે. બેમાંથી કોઈ પણ એક ક્રિયા કરે.

અહિં ઈર્યાપથિકી અને સાંપરાયિકી ક્રિયા શી છે, તે જોઈએ ઈર્યા એટલે જવું અને પથ એટલે માર્ગ. અર્થાત્ જે જવાનો માર્ગ તે ઈર્યાપથ કહેવાય. તેમાં થયેલી જે ક્રિયા તે ઈર્યાપથિકી ક્રિયા અર્થાત્–'માત્ર શરીરના વ્યાપારથી થતો કર્મબંધ.'

હવે જેનાવડે પ્રાણી સંસારમાં ભમે તે સંપરાય-અર્થાત્ કષાય કહેવાય. તે કષાયોથી જે ક્રિયા થાય.તે સાંપરાયિકી અર્થાત્ કષાયોથી થતો કર્મબંધ.

હવે વિચારવાનું તો એ છે કે–ઈરિયાપથિકી ક્રિયાનું કારણ અકષાય છે. કષાય વિનાની સ્થિતિ છે. અને સાંપરાયિકી ક્રિયાનું કારણ કષાયવાળી સ્થિતિ છે. માટે આ બન્ને પરસ્પર વિરુદ્ધક્રિયાની ઉત્પત્તિ એક જ કાળે એક જીવમાં કેમ હોઈ શકે? કારણ કે તે બન્ને ક્રિયા પરસ્પર વિરુદ્ધ છે (એક

સમયમાં બે ક્રિયાનો અનુભવ થાય એવા મતની ઉત્પત્તિ કરનાર ધનગુપ્તના શિષ્ય આર્યગંગહતા. તેનો ઈતિહાસ જુઓ ભગવતી પૃ. ૨૨૦ (મહાવીર સ્વામી સિદ્ધ થયા પછી ૨૨૮ વર્ષે થયાનું લખ્યું છે. વિશેષાવશ્યકનો તે ઉતારો છે.)

આ પ્રકરણની અંતે એક પ્રશ્ન છે કે-નારકી જીવ કેટલા કાળ સુધી ઉપપાત વિનાનો રહે ?

જવાબમાં ભગવાને કહ્યું કે-જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે બારકમુહૂર્ત્ત સુધી ઉપપાત વિનાની કહી છે.

પ્રથમ શતક સમાપ્ત

શાસ્ત્ર વિશારદ, જૈનાચાર્ય, નવયુગ પ્રવર્તક, શાસન તથા સમાજના હિતચિંતક, બંગાલ, બિહાર ઉત્તર પ્રદેશ આદિ દેશોના મહા પંડિતોને અહિંસક બનાવનાર તથા ભ. મહાવીર સ્વામીના અહિંસા તથા સ્યાદ્વાદ સિદ્ધાંતનો પ્રબળ પ્રચાર કરનાર જગત્ પૂજ્ય શાસ્ત્ર વિશારદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મ.ના શિષ્ય શાસનદીપક સતત સદ્ધર્મ અને જૈન તત્ત્વજ્ઞાનના મહાન્ પ્રચારક, સત્ય અને સદાચારના નિર્ભીક ઉપદેષ્ટા, પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી વિદ્યા-વિજયજી મહારાજ સાહેબે 'ભગવતી' જેવા ગંભીર સૂત્ર ઉપર જે વિવરણ લખ્યું હતું, તેના ઉપર વિસ્તૃત નોંધ(ટીકા) લખીને મેં યથામતિએ સંપાદન કર્યું છે.

શુભં ભૂયાત્ સર્વેષાં પ્રાણિનામ્

卐

નમોનમઃ શ્રી ગુરુધર્મસૂરયે ।

પૃથ્વીકાયાદિના શ્વાસોચ્છ્વાસ

આ ઉદ્દેશકમાં પૃથ્વીકાયાદિ જીવોના શ્વાસોચ્છ્વાસ, એ શ્વાસોચ્છ્વાસમાં લેવાતા દ્રવ્યો, નૈરયિકોના શ્વાસોચ્છ્વાસ, વાયુકાયના જીવોના શ્વાસોચ્છ્વાસ, મૃતાદી અર્થાત્ પ્રાસુક-ભોજી નિર્ગ્રંથ–અણગાર પુનઃ મનુષ્યપણું કેમ પામે એ વગેરે બાબતો આપવા સાથે સ્કંદક નામના પરિવ્રાજકનું આખું જીવનવૃત્તાન્ત આપવામાં આવ્યું છે. સારાંશ આ છેઃ–

બે ઇન્દ્રિય, ત્રીન્દ્રિય, ચૌરિન્દ્રિય, અને પંચેન્દ્રિય જીવોને તો શ્વાસોચ્છવાસ લેતા જોવાય છે, પરન્તુ પૃથ્વી કાયાદિ એકેન્દ્રિય જીવો શ્વાસોચ્છ્વાસ લે છે અને મૂકે છે કે કેમ? આ મુખ્ય બાબત છે. ભગવાન મહાવીર કહે છે કે– પૃથ્વીકાયાદિ એકેન્દ્રિય જીવો પણ બહારના અને અંદરના ઉચ્છ્વાસને લે છે અને અંદરના તથા બહારના નિઃશ્વાસને મૂકે છે. તે જીવો દ્રવ્યથી અનંત પ્રદેશવાળા, ક્ષેત્રથી અસંખ્ય પ્રદેશમાં રહેલા, કાળથી કોઈપણ જાતની સ્થિતિવાળાં (એક પળ કે બે પળ રહેનારાં વગેરે) અને ભાવથી વર્ણ–ગંધ–રસ સ્પર્શવાળાં દ્રવ્યોને બહારના ને અંદરના શ્વાસમાં લે છે. અને તેવાંજ દ્રવ્યોને બહારના ને અંદરના નિઃશ્વાસમાં મૂકે છે. આ જીવો યાવત્ પાંચ દિશાઓથી શ્વાસ અને નિઃશ્વાસનાં અણુઓ મેળવે છે.

આવી જ રીતે નારકીના જીવોનું પણ સમજવું. તેઓ યાવત્ છએ દિશાઓમાંથી બહારના ને અંદરના શ્વાસ અને નિઃશ્વાસનાં અણુઓને મેળવે છે.

જીવો અને એકેન્દ્રિયો, જો તેઓને કંઈ બાધક અડચણ ન હોય, તો તેઓ બધી-છએ દિશાઓથી શ્વાસ અને નિઃશ્વાસમાં અણુંઓ મેળવે છે. અને જો કંઈ અડચણ હોય તો કોઈવાર ત્રણ દિશાથી, કોઈવાર ચાર, અને કોઇવાર પાંચ દિશાઓમાંથી અણુઓ મેળવે છે.

જે એકેન્દ્રિયાદિ જીવો લોકાકાશના અંતમાં રહેલા છે, માટે અલોકાકાશ નો વ્યાઘાત હોવાથી ત્રણ દિશાના શ્વાસ પરમાણુઓ તેઓ મેળવી શકતા નથી.

વાયુકાયના શ્વાસોચ્છ્વાસ

વાયુકાયના જીવો વાયુકાયોને જ અંદરના ને બહારના શ્વાસમાં લે છે ને મૂકે છે. એ વાયુકાય અનેક લાખ વાર મરીને બીજે જઇને પાછો ત્યાં જ ઉત્પન્ન થાય છે. આ વાયુકાયના જીવો પોતાની જાતિ કે પરજાતિના જીવો સાથે અથડાયાથી મરણ પામે છે. પણ અથડાયા વિના મરે નહીં. વાયુકાયના જીવો મરીને કંથચિત્ શરીરવાળા થઈને કંથચિત્ શરીર વિનાના થઈને જાય છે, અર્થાત્ વાયુકાયને ચાર શરીર કહ્યાં છે. ઔદારિક, વૈક્રિય, તૈજસ અને કાર્મણ. તેમાં ઔદારિક અને વૈક્રિય શરીરને છોડીને જાય છે. તે શરીર વિનાનો અને તૈજસ અને કાર્મણ શરીર લઈને જાય છે. માટે શરીરવાળો કહેવાય.

અહિં એક વાત ધ્યાનમાં રાખવાની છે–વાયુકાય, જે વાયુને શ્વાસ અને નિઃશ્વાસ રૂપે લે છે, મૂકે છે, તે નિર્જીવ છે, જડ છે. જો તે શ્વાસ–નિઃશ્વાસરૂપે લેવાતો અને મૂકાતો વાયુ પણ સચેતન હોત તો એને પણ બીજા વાયુની જરૂર રહત. અને તેમ થતાં તો અનવસ્થા આવી જાય, પણ ખરી વાત એ છે કે તે વાયુકાયના જીવો જે વાયુને લે છે–મૂકે છે, તે જડ છે.

જેમ વાયુકાયનાજીવોનું કહ્યું તેમ–પૃથ્વીકાયિકાદ્વિકો પણ તેમની કાયસ્થિતિના અસંખ્યપણાને તથા અનંતપણાને લીધે મરણ પામીને પાછા પોતાની કાયામાં જન્મ લે છે.

એકેન્દ્રિયાદિ ચાર પ્રકારના જીવોની કાયસ્થિતિ અસંખ્ય ઉત્સર્પિણી અને અવસર્પિણીની છે. જ્યારે વનસ્પતિની કાયસ્થિત અનંત ઉત્સર્પિણી અને અવસર્પિણીની છે. અર્થાત્ વિષય વાસનાને વશ થયેલો જીવ જો વનસ્પતિમાં જન્મે તો અનંતકાળ સુધી પાછો ઉપર આવી શકે તેમ નથી.

પ્રાસુકભોજી અણગારનું શું ?

અહિં એવા પ્રકારના અણગારને માટે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે—જેણે સંસારને રોકયો નથી. સંસારના પ્રપંચોને નિરોધ્યા નથી. જેનો સંસાર ક્ષીણ થયો નથી. જેનું સંસાર–વેદનીયકર્મ ક્ષીણ થયું નથી, જેનો સંસાર છેદાયેલો નથી, જેનું સંસાર–વેદનીયકર્મ વ્યુચ્છિન્ન થયું નથી, જે કૃતાર્થ નથી, અને જેનું કામ પૂર્ણ નથી, એવો મૃતાદ્વી (પ્રાસુકભોજી) અણગાર શું ફરી પણ શીઘ્ર મનુષ્યપણું વગેરે પામે ?

ભગવાને ઉત્તરમાં ફરમાવ્યું છે કે–હા, પામે.

આ નિર્ગ્રંથના જીવને કદાચ પ્રાણ, ભૂત, જીવ, સત્ત્વ, વિજ્ઞ, કે કદાચ વેદ કહેવાય.

આમ જુદાં જુદાં નામો લેવામાં હેતુ છે. તે બહાર અને અંદર શ્વાસ–નિઃશ્વાસ લે છે. માટે 'પ્રાણ'. તે થવાના સ્વભાવ વાળો છે. થાય છે ને થશે, માટે 'ભૂત' જીવે છે ને, જીવપણાને તથા આયુષ્યકર્મને અનુભવે છે. માટે 'જીવ, શુભ અશુભ કર્મોવડે સંબંદ્ધ છે, માટે 'સત્વ,' કટુ કષાય, ખારા અને મીઠા રસોને જાણે છે, માટે 'વિજ્ઞ' અને સુખ–દુઃખને ભોગવે છે માટે 'વેદ' કહેવાય. આમ જુદી જુદી અપેક્ષાએ જુદા જુદા નામ કહેવાય.

આથી ઉલટું જેણે સંસારને રોકયો છે, યાવત્ જેનું કાર્ય સમાપ્ત થયેલ છે. એવો મૃતાદ્દી (પ્રાસુકભોજી) મનુષ્ય વગેરે ભાવોને પામતો નથી. અને તે સિદ્ધ, બુદ્ધ મુક્ત, પરિનિર્વૃત, અને સર્વ દુઃખ પ્રહીણ કહેવાય.

આ પછી બહુ વિસ્તારથી શ્રી સ્કંદક તાપસનું ચરિત્ર આપ્યું છે, તેનો સાર આ છેઃ—

સ્કંદક તાપસ

ભગવાન મહાવીર સ્વામી રાજગૃહ નગરીની પાસે ગુણશીલ ચૈત્યથી નિકળીને કૃતંગલા નામની નગરી, તેની ઉત્તર પૂર્વદિશાના ભાગમાં છત્રપલાશક નામનું ચૈત્ય હતું, ત્યાં પધાર્યા છે. આ કૃતંગલા નગરીની પાસે શ્રાવસ્તી નામની નગરી હતી. આ નગરીમાં કાત્યાયન ગોત્રનો ગર્દભાલ નામના

પરિવ્રાજકનો શિષ્ય સ્કંદક નામનો પરિવ્રાજક તાપસ રહેતો હતો. જે સ્કંદક ઋગવેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વણવેદ, ઇતિહાસ અને પુરાણ, તેમ નિર્ઘંટુનો પણ સંપૂર્ણ જાણકાર હતો. કાપિલીય શાસ્ત્રોનો વિશારદ હતો. ગણિત, શિક્ષા, આચાર, વ્યાકરણ, છંદઃ, વ્યુત્પત્તિ અને જ્યોતિષ વગેરે બીજાં ઘણાં બ્રાહ્મણ તેમજ પરિવ્રાજક સંબંધી નીતિ અને દર્શન શાસ્ત્રોમાં નિપુણ હતો.

આ શ્રાવસ્તી નગરીમાં પિંગલ નામનો નિર્ગ્રંથ હતો, આ પિંગલે એક વખત સ્કંદકની પાસે જઈને આક્ષેપપૂર્વક કહ્યું કે–"હે સ્કંદક બોલ (૧) લોક, જીવ, સિદ્ધિ, સિદ્ધો, એ અંતવાળા છે કે અંત વિનાના ?

(૨) જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે અને ઘટે ?" સ્કંદક આ પ્રશ્નો સાંભળી વિચારમાં પડી ગયો. તે મનમાં ને મનમાં શંકા, કાંક્ષા યુક્ત થઈને અવિશ્વાસુ બન્યો. કાંઈ ઉત્તર ન આપી શકયો. એટલે પિંગલક સાધુએ ફરીથી પૂછયું–એમ બે–ત્રણવાર પૂછયું. પણ સ્કંદક કંઈપણ જવાબ આપી શકયો નહીં. 'હું જે ઉત્તર આપું તે ઠીક હશે કે કેમ ? આનો જવાબ મને કેમ આવડે ? હું જવાબ આપીશ. તેથી સ્હામાને પ્રતીતિ થશે કે કેમ ? એમ મનમાં ને મનમાં શંકા, કાંક્ષા ને અવિશ્વાસ કરતો જ રહ્યો.

આ વખતે સ્કંદક તાપસ અનેક લોકોના મુખથી સાંભળે છે. કે–કૃતંગલા નગરીની બહાર, છત્રપલાશક ચૈત્યમાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે. તેને થયું કે–'હું તેમની પાસે

જાઉં, વાંદુ, નમસ્કાર કરું અને સત્કાર; સમ્માનપૂર્વકની એમની પર્યુપાસના કરીને આ બધા પ્રશ્નોના ખુલાસા મેળવું.

તે પરિવ્રાજકોના મઠમાં ગયો અને ત્યાંથી ત્રિદંડ, કુંડી રુદ્રાક્ષની માળા, માટીનું વાસણ, આસન, વાસણોને સાફસૂફી રાખવાનો કપડાનો ટુકડો, ત્રિગડી, અંકુશક વીંટી, ગણેત્રિકા (એક પ્રકારનું કલાઈનું ઘરેણું). છત્ર, પગરખાં પાવડી અને ગેરુથી રંગેલાં વસ્ત્ર–આટલી વસ્તુઓ લઇને નીકળ્યો. તે શ્રાવસ્તીની વચ્ચે થઈને નીકળ્યો અને કૃતગંલા નગરીની જે તરફ છત્ર પલાશક ચૈત્ય છે, કે જ્યાં ભગવાન મહાવીર સ્વામી પધાર્યા છે, ત્યાં જવા નિકળ્યો.

બીજી તરફ ભગવાન મહાવીરે ગૌતમને સંબોધી કહ્યું:– "ગૌતમ ! તું આજ તારા પૂર્વના સંબંધીને જોઈશ."

ગૌતમ–કોને જોઇશ !

મહાવીર–સ્કંદક નામના તાપસને જોઈશ.

ગૌતમ–કયારે, કેવી રીતે, અને કેટલા સમયે જોઈશ ?

મહાવીર–તે પરિવ્રાજકે આ તરફ આવવા સંકલ્પ કર્યો છે. અને લગભગ નજીક જ આવી પહોંચ્યો છે. તેમને તું આજેજ જોઈશ.

ગૌતમ–ભગવન્ ! શું તે કાત્યાયન ગોત્રીય સ્કંદક તાપસ આપની પાસે મુંડ થઈને અણગારપણું લેવાને શક્ત છે ?

મહાવીર–હા, તે અણગારપણું લેવાને શક્ત છે. આ વાત થતી હતી, એટલામાં તો તે સ્કંદક તાપસ તે ઠેકાણે આવી પહોંચે છે.

સ્કંદક–તાપસને નજીક આવેલા જાણી, ગૌતમ આસનથી ઉભા થાય છે. તેની સ્હામે જાય છે, અને સ્કંદકની પાસે આવી ગૌતમ સ્કંદક પારિવ્રાજકને કહે છે.

'હે સ્કંદક ! તમારૂં સ્વાગત કરૂં છું. તમને સુસ્વાગત છે. પધારો, ભલે પધાર્યા.

એ પ્રમાણે સન્માન કરી ગૌતમે કહ્યું.

"શું પિંગલક નામના નિર્ગ્રંથે તમને લોક વગેરે સંબંધી પ્રશ્નો પૂછયા હતા ને? (અહિં જેવી રીતે પ્રશ્નો પૂછયા હતા. તેવી જ રીતે ગૌતમે પૂછયું છે.) અને તે પ્રશ્નોથી મુંઝાઈ ને તમે અહિં શીઘ્ર આવ્યા. સ્કંદક ! કહો વારું આ વાત સાચી છે કે કેમ?"

સ્કંદકે 'હા' કહી. અને ગૌતમને પૂછયું કે–"ગૌતમ, એવા પ્રકારના જ્ઞાની અને તપસ્વી કોણ છે, કે જેમણે મારી આ ગુપ્ત વાત તમને શીઘ્ર કહી દીધી?"

ગૌતમ–સ્કંદક ! એ મારા ધર્મગુરુ, ધર્મોપદેશ શ્રમણ ભગવાન મહાવીર સ્વામી છે.

સ્કંદકે તે પછી ભગવાન મહાવીર સ્વામી પાસે જવાની ઈચ્છા પ્રકટ કરી. સ્કંદક મહાવીર સ્વામી પાસે આવ્યો, તે ભગવાન મહાવીર સ્વામીના અકૃત્રિમ મનોહર શરીરને જોઈ હર્ષ પામ્યો. તેમણે ભગવાનને ત્રણ વાર પ્રદક્ષિણા કરી અને તેમની પર્યુપાસના કરવા લાગ્યો.

ભગવાન મહાવીર 'સ્કંદક'? એમ સંબોધન કરીને શ્રાવસ્તી નગરીમાં પિંગલક નિર્ગ્રંથે પૂછેલા પ્રશ્નો સંબંધીની

બધી હકીકત કહી. અને એનાથી મુંઝાઈને તું મારી પાસે શીઘ્ર આવ્યો છે ? કેમ એ વાત સાચી છે ? સ્કંદકે તે વાતની હા પાડી.

આ પછી ભગવાન મહાવીર સ્વામીએ તે બધા પ્રશ્નોના ખુલાસા કર્યા. જેનો સાર આ છે :—

૧. લોક સંબંધી

લોક ચાર પ્રકારનો છે. ૧ દ્રવ્યથી દ્રવ્યલોક ૨ ક્ષેત્રથી ક્ષેત્રલોક, ૩ કાળથી કાળલોક અને ૪ ભાવથી ભાવલોક. દ્રવ્યલોક–એક છે અને અનંત છે.

ક્ષેત્રલોક–અસંખ્ય કોડાકોડી યોજન સુધી લંબાઈ અને પહોળાઈવાળો છે. તેના પરિધિ અસંખ્ય યોજન કોડા કોડીનો કહ્યો છે. તેનો છેડો છે.

કાળલોક–કોઈ વખત ન્હોતો. નથી ને નહિ હશે, એમ નથી. તે હતો, છે અને હંમેશા રહેશે. તે ધ્રુવ, નિયત, શાશ્વત, અક્ષત અને અવ્યય છે, તેનો અંત નથી.

ભાવલોક–તે અનંત વર્ણપર્યવરૂપ છે. અનંત ગંધ, રસ અને સ્પર્શપર્યવરૂપ છે. અનંત આકારપર્યવરૂપ છે. અનંત ગુરુલઘુપર્યવરૂપ છે. તથા અનંત અગુરુ લઘુ પર્યવરૂપ છે. એનો અંત નથી.

૨ જીવ સંબંધી

દ્રવ્યથી જીવ–એક છે ને અંતવાળો છે.

ક્ષેત્રથી જીવ–અસંખ્ય પ્રદેશવાળો છે, અસંખ્ય પ્રદેશમાં

અવગાઢ છે, તેનો અંત પણ છે.

કાળથી જીવ–કોઇ દિવસ ન્હોતો, નથી ને નહીં હશે એમ નહીં, પણ છે જ, નિત્ય છે, તેનો અંત નથી.

ભાવથી જીવ–અનંતજ્ઞાન પર્યાયરૂપ, અનંત દર્શન પર્યાયરૂપ, અનંત અગુરુલઘુ પર્યાયરૂપ છે. તેનો અંત નથી.

૩ સિદ્ધિ સંબંધી

દ્રવ્યથી સિદ્ધિ–એક છે, અંતવાળી છે.

ક્ષેત્રથી સિદ્ધિ–લંબાઇ–પહોળાઈ પીસ્તાલીસ લાખ યોજનની તેનો પરિધિ એક કોડ, બેંતાલીસ લાખ, ત્રીસ હજાર અસોને ઓગણપચાસ યોજન કરતા કંઇક વિશેષ છે. તેનો અંત છેડો છે.

કાળથી સિદ્ધિ–ન્હોતી, નથી કે નહિં હશે એમ નહિં હતી છે ને રહેશે જ. અંત વિનાની છે.

ભાવથી સિદ્ધિ–ભાવલોકની માફક છે.

૪ સિદ્ધો સંબંધી

દ્રવ્યથી–એક છે, અંતવાળા છે.

ક્ષેત્રથી–અસંખ્ય પ્રદેશવાળા છે. અસંખ્ય પ્રદેશમાં અવગાઢ છે. તેનો અંત પણ છે.

કાળથી–આદિવાળા છે ને અંત વિનાના છે.

ભાવથી–અનંતજ્ઞાન પર્યવરૂપ, અનંતદર્શન પર્યવરૂપ છે,

અનંત અગુરુ લઘુપર્યવરૂપ છે. તેનો અંત નથી.

૫ જીવ સંબંધી

અર્થાત્ જીવ કેવી રીતે મરે તો તેનો સંસાર વધે ને ઘટે ?

મરણના બે પ્રકાર છે. ૧ બાલમરણ ૨ પંડિત મરણ બાલમરણના બાર ભેદ છેઃ—

૧ બલા-મરણ–તરફડતા તરફડતા મરવું.

૨ વશાર્તમરણ–પરાધીનતા પૂર્વક રીબાઇને મરવું.

૩ અંતઃ શલ્યમરણ–શરીરમાં કંઈ શસ્ત્રાદિના પ્રવેશથી મરવું અથવા સન્માર્ગથી ભ્રષ્ટ થઇને મરવું.

૪ તદ્ભવમરણ–મનુષ્યમાંથી મરીને ફરી પણ મનુષ્ય થવું

૫ પહાડથી પડીને મરવું.

૬ ઝાડથી પડીને મરવું.

૭ પાણીમાં ડૂબીને મરવું.

૮ અગ્નિમાં પેસીને મરવું.

૯ ઝેર ખાઈને મરવું.

૧૦ શસ્ત્રવડે મરવું.

૧૧ ગળે ફાંસો ખાઇને મરવું.

૧૨ ગિધ વગેરે જંગલી જાનવરોના ખાવાથી મરવું.

આ બાર પ્રકારના બાલ મરણથી મરતો જીવ અનંતવાર

નૈરયિક ભવોને પામે છે. નરક, તિર્યંચ, મનુષ્ય ને દેવગતિ-રૂપ–ચાર ગતિવાળા સંસારમાં રખડે છે, સંસારને વધારે છે.

૬ પંડિત મરણ––

પંડિત મરણ બે પ્રકારનું છે. (૧) પાદપોપગમન (ઝાડની માફક સ્થિર રહીને મરવું.) (૨) ભક્ત પ્રત્યાખ્યાન. (ખાન–પાનના ત્યાગપૂર્વક મરવું.)

૧ પાદપોપગમન બે પ્રકારનું છેઃ (૧) નિર્હારિમ (જે મરનારનું મડદું બહાર કાઢી સંસ્કારવામાં આવે, તે મરણ નિર્હારિમ કહેવાય) (૨) અનિર્હારિમ (તેનાથી ઉલટું.)

આ બન્ને પ્રકારનું પાદપોપગમન મરણ પ્રતિકર્મ વિનાનું જ છે.

૨ ભક્ત પ્રત્યાખ્યાન–તે પણ બે પ્રકારનું છે. નિર્હારિમ અને અનિર્હારિમ. આ બન્ને પ્રકારનું ભક્ત પ્રત્યાખ્યાન મરણ પ્રતિકર્મવાળું છે.

આ બન્ને પ્રકારનાં પંડિત મરણે મરતો જીવ નૈરયિકના અનંત ભવને પામતો નથી. યાવત્ સંસારને ઘટાડે છે.

મહાવીર સ્વામીનું આ વર્ણન સાંભળી કાત્યાયન ગોત્રીય સ્કંદક પરિવ્રાજક બોધ પામ્યો અને તેણે ભગવાનને વાંદી, વિશેષ ધર્મ સાંભળવાની જિજ્ઞાસા પ્રકટ કરી, ભગવાને તેને અને સભાને ધર્મ સંભળાવ્યો.

ભગવાનનો ઉપદેશ સાંભળી એ વધારે પ્રતિબોધ પામ્યો. તેણે પ્રાર્થના કરી કે–'ભગવન્! નિર્ગ્રન્થ પ્રવચનમાં હું

શ્રદ્ધા રાખું છું, પ્રીતિ રાખું છું, નિર્ગ્રન્થ પ્રવચનનો હું સ્વીકાર કરૂં છું. આપે જે કહ્યું તે સત્ય છે, સંદેહ વિનાનું છે.

પછી ભગવાનને વંદન કરી તે ત્યાંથી ઈશાન ખૂણામાં ગયો. ત્યાં જઈ પોતાના ત્રિદંડ, કુંડિકા અને વસ્ત્રો વગેરે તમામ વસ્તુઓ એકાન્તમાં મૂકી. પછી ભગવાન પાસે આવી ત્રણ પ્રદક્ષિણા દઈ ભગવાનને નિવેદન કર્યું કે—

"ભગવન્, ઘડપણ અને મૃત્યુના દુઃખથી આ સંસાર સળગેલો લાગે છે. બળતા ઘરમાંથી હલકો કે ભારે–જેવો હાથ આવ્યો તેવો સામાન ભવિષ્યના હિતને માટે માણસ બહાર કાઢે છે. તેમ મારો આત્મા પરલોકમાં હિતકર થાય, એટલા માટે આ સંસારના અનેક પ્રકારના રોગો, જીવલેણ દરદો, અને પરિષહ ઉપસર્ગોના નુકસાનથી બચાવી લેવા ચાહું છું. માટે હું ચાહું છુ કે– આપની પાસે હું પ્રવ્રજિત થાઉં, મુંડિત થાઉં, ક્રિયાઓને શીખું, સૂત્ર અને તેના અર્થો ભણું, આપ કૃપા કરીને આચાર, વિનય, વિનયનું ફળ ચારિત્ર, પિંડવિશુદ્ધયાદિ કરણ, સંયમયાત્રા અને સંયમના નિર્વાહક આહારના નિરૂપણને પ્રકાશો, એવા ધર્મને કહો."

મહાવીરે પોતે સ્કંદકને દીક્ષિત કર્યા, અને ધર્મ પ્રકાશ્યો પછી સ્કંદક ભગવાન્ મહાવીરની આજ્ઞા પ્રમાણે–ઉત્તમચારિત્ર પાળવા લાગ્યો. અને સ્થવિરોની સાથે વિચરવા લાગ્યો. અને એ સ્થવિરો પાસે તેમણે અગ્યાર અંગોનો અભ્યાસ કર્યો.

આ પછી સ્કંદક અણગારે પોતાનું જીવન એક પછી એક જુદી જુદી તપસ્યાઓ કરવામાં વ્યતીત કર્યું છે. ભગવતી સૂત્રમાં આ તપસ્યાઓનું વિસ્તારથી વર્ણન છે. અહિં સંક્ષેપથી કહીએ.

૧ માસિક ભિક્ષુપ્રતિમા
૨ દ્વિમાસિક ,,
૩ ત્રિમાસિક ,,
૪ ચતુર્માસિક ,,
૫ પંચમાસિક ,,
૬ છ માસિક ,,
૭ સપ્તમાસિક ભિક્ષુપ્રતિમા
૮ પ્રથમ સાત રાત્રિ દિવસની ભિક્ષુપ્રતિમા
૯ બીજી સાત રાત્રિ દિવસની ,,
૧૦ ત્રીજી સાત રાત્રિ દિવસની ,,
૧૧ ચોથી સાત રાત્રિ દિવસની ,,
૧૨ પાંચમી સાત રાત્રિ દિવસની ,,

એ પ્રમાણે બાર ઉપરાંત—એક રાત્રિ દિવસને આરાધી આ પછી તેમણે ગુણરત્ન સંવત્સર નામનો તપ કર્યો. આ તપ આમ કર્યો :

પહેલે મહિને નિરંતર ઉપવાસ, દિવસે સૂર્યની સામે નજર માંડી જ્યાં તડકો આવતો હોય, એવી જગ્યામાં ઉભ. ડક બેસી રહેવું અને રાત્રે કંઈ પણ વસ્ત્ર ઓઢયા કે પહેર્યા વિના વીરાસને બેસી રહેવું.

બીજા મહિને બબ્બે ઉપવાસ ને ઉપર પ્રમાણે વિધિ
ત્રીજા મહિને ત્રણ ત્રણ ઉપવાસ ને ,,
ચોથા મહિને ચાર ચાર ઉપવાસ ને ,,

પાંચમે મહીને પાંચ પાંચ ઉપવાસ ને ઉપર પ્રમાણે વિધિ
છઠે મહિને છ છ ઉપવાસ ને ,,
સાતમે મહિને સાત સાત ઉપવાસ ને ,,
આઠમે મહિને આઠ આઠ ઉપવાસ ને ,,
નવમે મહિને નવ નવ ઉપવાસ ને ,,
દશમે મહિને દસ દસ ઉપવાસને ,,
અગ્યારમે મહિને અગિયાર અગિયાર ઉપવાસને ,,
બારમે મહિને બાર બાર ઉપવાસ ને ,,
તેરમે મહિને તેર તેર ઉપવાસ ને ,,
ચૌદમે મહિને ચૌદ ચૌદ ઉપવાસ ને ,,
પંદરમા મહિને પંદર પંદર ઉપવાસ ને ,,
સોળમા મહિને સોળ સોળ ઉપવાસ ને ,,

આ પ્રમાણે તે તપ થઈ ગયા પછી બીજા છૂટા છઠ, અઠ્ઠમ, દશમ, દ્વાદશાદિ તપ તેમજ માસખમણ અર્ધમાસખમણ વગેરે તપસ્યા કરી.

સ્કંદક અણગારનું શરીર ઘોર તપસ્યાઓના કારણે ખૂબ ક્ષીણ થઇ ગયું. માત્ર હાડકાં અને ચામડાથી જ એ ઢંકાએલા રહ્યા. ચાલે ત્યારે હાડકાં ખડખડે. શરીર ઉપર નાડીઓ તરી આવી. તેઓ માત્ર પોતાના આત્મબળથી જ ગતિ અને સ્થિતિ કરવા લાગ્યા. બોલતાં કે બોલ્યા પછી પણ એમને શ્રમ પડવા લાગ્યો. શરીરથી કૃશ હોવા છતા તપસ્તેજથી તેઓ શોભી રહયા હતા.

એક વખત તેમને વિચાર થયો કે—"શરીર કૃશ થવા

છતાં પણ હજુ મને ઉત્થાન, કર્મ, બળ, વીર્ય અને પુરુષો-કાર-પુરુષાર્થ છે. માટે ભગવાનની આજ્ઞા લઈ હું અનશન કરું, શરીરને વોસિરાવું.”

ત્યારે તેઓ ભગવાન પાસે જાય છે. ભગવાન પોતેજ તેમનો સંકલ્પ કહી દે છે, ને અનશનની આજ્ઞા આપે છે. તેઓ વિપુલ પર્વત ઉપર ગયાં. અને એક શિલાપટ્ટક ઉપર ડાભનો સંથારો પાથરી, પૂર્વ દિશા તરફ મુખ રાખી, પર્યંકાસને બેસી, દશે નખ સહિત બન્ને હાથને ભેગા કરી માથા સાથે અડાડી, ભગવાનને નમસ્કાર કર્યો. એમ વાંદી નમી, મહાવ્રતોનો પુનરુચ્ચારણ કરી-ચારે આહારનો ત્યાગ કર્યો. તેઓ ઝાડની માફક સ્થિર થયા.

તેઓએ એક મહિનાની સંલેખના કરી, આલોચના અને પ્રતિક્રમણ કરી, સમાધિપૂર્વક કાલધર્મને પામ્યા.

તેમની પાસે વિપુલપર્વત ઉપર રહેલા સ્થવિરોએ સ્કંદક અણગારને કાલધર્મ પામેલા જોઈ કાયોત્સર્ગ કર્યો એમના વસ્ત્રો અને પાત્રો લઈ લીધા અને વિપુલ પર્વતથી નીચે ઉતરી શ્રમણ ભગવાન મહાવીર પાસે આવ્યા. ત્યાં આવીને ભગવાનને સ્કંદક અણગારના કાલધર્મ પામ્યાના સમાચાર આપ્યા અને તેમના ઉપકરણો, વસ્ત્રો તથા પાત્રો આપ્યા,

ગૌતમ સ્વામીએ ભગવાનને વાંદીને પૂછયું કે-ભગવાન્! આપના શિષ્ય સ્કંદક અણગાર કાલ કરી કયાં ગયા?

ભગવાને કહ્યું “તેઓ અચ્યુતકલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા છે.” ત્યાં બાવીશ સાગરોપમનું આયુષ્ય ભોગવી ભવનો

ક્ષય થયા પછી ત્યાંથી ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં થઈ સિદ્ધ થશે. બુદ્ધ થશે, મુક્ત થશે પરિનિર્વાણ પામશે અને સર્વ દુઃખોનો વિનાશ કરશે.卐[૨૯]

卐 ૨૯. ભગવાન મહાવીર તીર્થંકરને ઉત્પન્નદર્શન–જ્ઞાનધર જિન, કેવલી–સર્વજ્ઞ–સર્વદર્શી અને આકાશમાં અદ્ધર રહેલા છત્રયુક્ત ઈત્યાદિ સમવસરણ સુધીના વિશેષણો આપવામાં આવ્યા છે. જેની યથાર્થતા આ પ્રમાણે છેઃ—

ઉત્કૃષ્ટતમ જ્ઞાન અને વૈરાગ્યપૂર્વક ગૃહસ્થાશ્રમનો એટલે કે—ધન-ધાન્ય—પુત્ર પરિવારાદિ બાહ્ય પરિગ્રહ અને મિથ્યાત્વ પુરુષવેદ; સ્ત્રીવેદ, નપુંસકવેદ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, જુગુપ્સા, ક્રોધ, માન, માયા અને લોભરૂપ આભ્યન્તર પરિગ્રહનો સમૂલ ત્યાગ કરીને દીક્ષા લીધા પછી અતિ ઉત્કટ તપશ્ચર્યારૂપી અગ્નિમાં ભવ–ભવાન્તરના ઉપાર્જિત કર્મોરૂપી કાષ્ટને બાળી જેમણે પોતાના આત્માની અનંત શક્તિને ઉદ્‌ઘાટિત કરી છે. અને કેવળજ્ઞાન તથા કેવલદર્શનના માલિક બન્યા છે, તે દેવાધિદેવ ભગવાન કહેવાય છે. આ વિશેષણથી જેઓ સંસારી આત્મા, મુક્ત આત્મા અને નિત્ય આત્માને માનનારા છે, તેમનું ખંડન થાય છે. કેમકે સમયે સમયે અવતાર ગ્રહણ કરીને બત્રીશ હજાર સ્ત્રીઓને પરણવા છતાં રાજ્યપાટને ભોગવવા માટે રણમેદાન ખેલનારા, પુત્ર–પુત્રીઓનાપિતા બનનારા અર્થાત્ સંસારની માયામાં પૂર્ણ મસ્ત બનેલા અને ઠેઠ છેલ્લા શ્વાસ સુધી પણ જેઓ માયા છોડી શકયા નથી; તે જીવાત્માઓ નિત્ય ઈશ્વર હોઈ શકતા નથી.

કર્મ બંધનની વ્યવસ્થા સર્વ જીવોને માટે એક સરખી છે. સંસારી જીવને કર્મનું બંધન થતું હોય તો નિત્ય ઈશ્વર જેઓ સમયે સમયે અવતાર લે છે અને સંસારના ભોગ–

સમુદ્‌ઘાત

આ પ્રકરણમાં કેવલ સમુદ્‌ઘાત સંબંધી જ હકીકત છે. અને તે મૂળમાં તો માત્ર સંક્ષેપમાં જ છે. પરંતુ વિવેચનમાં અને નીચે નોટમાં 'પ્રજ્ઞાપના' સૂત્રનો ઉતારો આપીને ઠીક સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. સાર આ છેઃ—

વિલાસમાં અને રાજ્ય ખટપટમાં મસ્ત બને છે તેમને પણ કર્મ બંધન થશે જ અને કર્મથી ભારી બનેલો આત્મા ભગવાન શી રીતે કહેવાશે ? માટે મનુષ્ય જીવન ધારણ કરીને સમૂલ કર્મોનો સંપૂર્ણ નાશ કર્યા પછી જેમને કેવલ જ્ઞાન અને કેવલ દર્શન ઉત્પન્ન થયા છે તે દેવાધિદેવ ભગવાન કહેવાય છે.

કેવલજ્ઞાન એટલે ઉદીયમાન સૂર્યની હાજરીમાં ગ્રહ, નક્ષત્ર; તારા અને ચંદ્ર જેમ અસ્ત થાય છે. તેમ કેવલજ્ઞાન થતાં બીજા છદ્મસ્થ એટલે આવરણવાળા જ્ઞાનો પણ અસ્ત થાય છે.

જ્યારે કેવલ જ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે એકી સાથે સંપૂર્ણપણે ઉત્પન્ન થાય છે. તમામ જ્ઞેયોને—પદાર્થોને હસ્તામલકવત્ જાણે છે. જે સર્વથા અદ્વિતીયજ્ઞાન કહેવાય છે. સૂર્યની જેમ સ્વયં પ્રકાશિત હોવાથી બીજા છાદ્મસ્થિક જ્ઞાનોની તથા ઇન્દ્રિયોની મદદ હોતી નથી. આ જ્ઞાનને એક પણ કર્મ પરમાણુ આવરી શકતો નથી. કેમકે તમામનો ક્ષય થયા પછી જ કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. માટે ત્રિલોકવર્તી ત્રિકાલવર્તી તમામ સૂક્ષ્મ અને બાદર પદાર્થોને જાણવામાં કેવલજ્ઞાન સ્વતઃ સમર્થ હોય છે. જ્ઞેય અનંત હોવાથી કેવલ જ્ઞાનના પર્યાયો પણ અનંત છે.

'સમુદ્‌ઘાત' સાત કહ્યા છે. વેદના સમુદ્‌ઘાંત, કષાય–સમુદ્‌ઘાત, મારણાન્તિક સમુદ્‌ઘાત વૈક્રિયસમુદ્‌ઘાત, તૈજસૂ સમુદ્‌ઘાત, આહારક સમુદ્‌ઘાત અને કેવલિ સમુદ્‌ઘાત.

જયતિ રાગાદીન્ શત્રુન્ ઇતિ જિનઃ આ વ્યુત્પત્તિથી અનાદિકાળના આંતરિક શત્રુઓને જીતનારા "જિનદેવ" કહેવાય છે. પણ જેઓ રાગ, દ્વેષ, મોહવાસનાથી જીતાએલા હોવાથી ૩૨ હજાર સ્ત્રીઓનાં શૃંગારસમાં લીન બનેલા અને તેમનાં સંભોગશૃંગારમાં મરણ પામનારા જીવો તથા જેમની પાસે છેલ્લા શ્વાસ સુધી ગદા, ધનુષ્ય, કમંડલું, જપમાળા અને સ્ત્રીઓ હોય તેઓ કોઈ કાળે પણ ભગવાન શબ્દથી વાચ્ય બનતા નથી. કારણકે સ્ત્રી, ગદા આદિ રાગને તથા દ્વેષ સૂચવનારા છે અને તે સંસારી આત્મા પાસે જ હોઈ શકે. જો પરમાત્મા પાસે પણ એ પદાર્થોની કલ્પના કરીએ તો તેમનામાં અને સંસારી આત્મામાં કંઈ ભેદ રહેતો નથી. માટેજ રાગદ્વેષનો સમૂળ નાશ કરનારા અને તેમને સૂચવનાર પદાર્થોથી સર્વથા અળગા રહીને આંતરિક શત્રુઓને જિતનારા જ ભગવાન કહેવાય છે.

ખાણમાંથી નીકળેલો હીરો જેમ કાપકુપ કરાઇને છેદાઈ–ઘસાઈને જ્યારે પાણીદાર અને ચમકદાર બને છે, તેવી રીતે આત્મા પણ અનાદિકાળના કર્મમેલને લઈને ઘોરાતિઘોર પરિષહો અને ઉપસર્ગો સહન કરીને જ્યારે સંપૂર્ણ કર્મરૂપી મેલને ધોઇ નાખે છે ત્યારે જ તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તી થાય છે. આવા કેવળજ્ઞાનીજ ભગવાન હોય શકે છે.

સર્વં જાનાતીતિ સર્વજ્ઞઃ આ વ્યુત્પત્તિથી જેઓ કેવળ જ્ઞાનના માધ્યમથી ત્રણે લોકમાં રહેનારા સંપૂર્ણ જીવોનાં તથા

સમુદ્ઘાતનો ટૂંકો અર્થ આ છેઃ—
એકમેક થવા પૂર્વક પ્રબળતા વડે હનન તે સમુદ્ઘાત
આત્મામાં બે શક્તિઓ માનવામાં આવી છે. સંકોચ—

અનંતાનંત પુદ્ગલોનાં ત્રણે કાળમાં થનારા, થતા અને થયેલા પરિવર્તનોને જાણી શકે છે અને પદાર્થ માત્રના યથાર્થ સ્વરૂપ જાણીને તેમને તેજ પ્રમાણે પ્રરૂપતિ કરનારા સર્વજ્ઞ ભગવાન કહેવાય છે, અને તેઓ જ સર્વદર્શી બને છે. અથાત્ ત્રિલોકવર્તી સંપૂર્ણ પદાર્થો—જેવા કે—નરકો—નારકો, તેમનાં દુઃખો આયુષ્યો દેવો તેમનાં સ્થાનો, તિર્યંચો; મનુષ્યો, તેમનાં પાપપુણ્ય કર્મો, સમુદ્રો, દ્વીપો, પૃથ્વીઓ આદિ ચરાચર સૃષ્ટિને પોતાના જ્ઞાન વડે પ્રત્યક્ષ કરનારા હોય છે. દર્શન વડે સ્પષ્ટ જોનારાં હોય છે.

આવા લોકોત્તર મહાપુરૂષો તીર્થંકરો પણ પોતાના પહેલાના ભવોમાં તીર્થંકર નામકર્મની નિકાચના કરે છે, સામાન્યરૂપે સંસારવર્તી અન્ય આત્માઓની અપેક્ષાએ તે મહાપુરૂષોનો આત્મા અત્યુત્કૃષ્ટ સંયમની આરાધનાથી ઘણો જ શુદ્ધ હોય છે. અને જેમ આ શુદ્ધતા વધતી જાય છે, તેમ તેમ સંસારી આત્માઓના મોહજન્ય જન્મ, મરણ, શોક, જરા, આધિ, વ્યાધિ, અને ઉપાધિના દુઃખોને જોઈને તેઓ અત્યંત ભાવદયાના માલિક બને છે ત્યારે જ—

"एवं च चिन्तयित्वा स महात्मा सदैव परार्थव्यसनी करुणादिगुणोपेतः प्रतिक्षणं परार्थकरणप्रवर्धमानमहाशयो यथा यथा परेषामुपकारो भवति तथा तथा चेष्टते, तत इत्थं सत्त्वानां तत्कल्याणसंपादनेनोपकारं कुर्वस्तीर्थकरनामकर्म समुपार्ज्य परं सर्वार्थसाधनं तीर्थकरत्वमाप्नोति ।

(આર્હતદર્શનદીપિકા પેજ ૮૩૦)

શકિત અને વિકાસ શકિત. આ બે શકિતઓના પ્રતાપે જ આત્મા એક નહાનામાં નહાના કુંથુંઆના શરીરમાં રહી શકે છે અને મોટામાં મોટા હાથીના શરીરમાં રહે છે. બલ્કે

અર્થાત તીર્થંકર થવાના પહેલા ભવોમાં તે મહાપુરુષો અન્ય જીવો પ્રત્યે દુઃખની લાગણીવાળા, કરુણા, પ્રમોદ મૈત્રીઅને માધ્યસ્થ ભાવોથી પરિપૂર્ણ; પ્રતિક્ષણે પારકાનું હિત સધાય તેવા પ્રયત્નોમાં સજાગ રહેનારા અને હિંસા, જૂઠ, ચૌર્ય, મૈથુન તથા પરિગ્રહના કારણે દુઃખી બનેલા જગતને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને સંતોષ–ધર્મને આપીને તેમનું જે પ્રમાણે હિત સધાય તેવી જ ભાવનાવાલા હોય છે. તેથી જ મહાવીર સ્વામી પોતાની માતાને દુઃખ ન થાય તે માટે કુક્ષિમાં સ્થિર થઇ ગયા હતા. મોટાભાઈનું સ્વમાન ન ઘવાય તે માટે દીક્ષા લેતા પહેલાં તેમની આજ્ઞા શિરોધાર્ય કરી. અને દીક્ષા લીધા પછી પણ તે દરિદ્ર બ્રાહ્મણનું દુઃખ ન જોઈ શકવાના કારણે પોતાનું અર્ધ વસ્ત્ર તેને આપી દીધું. પંચમ નરક ભૂમીને યોગ્ય ચંડકૌશિક પણ દુઃખી ન બને અને દેવલોક પામે તે માટે ડંખની વેદના સહન કરી.

રાજા–મહારાજા અને શ્રીમંતોનાં હૈયામાં પ્રવેશેલા વ્યભિચાર, દુરાચાર, મદ્યપાન, માંસભક્ષણ અને ગુલામીની પ્રથા ને નાબુદ કરવાના ઈરાદાથી જ જાણે ! ભાવદયાના સાગર ભગવાને ૧૭૫ દિવસોના સાભિગ્રહ ઉપવાસો કર્યાં. અરેરે ! મારા નિમિતે આ બિચારો સંગમદેવ નરક જશે ? આમ કરૂણાભાવથી જ જાણે મહાવીર સ્વામીની આંખો આંસુઓથી આર્દ્ર બની ગઈ હતી.

આત્મા પોતાના પ્રદેશોને આખા બ્રહ્માણ્ડમાં ફેલાવી શકે છે. આત્મા અમુક કારણોથી પોતાના પ્રદેશોને શરીરથી બહાર ફેલાવી શકે છે. ને સંકોચી શકે છે આજ ક્રિયાને સમુદ્‌ઘાત કહેવામાં આવે છે.

જેવા સમુદ્‌ઘાતમાં આત્મા વર્તતો હોય, તેના અનુભવ–જ્ઞાન સાથે એકમેક થઈને તે સંબંધી કર્મોને આત્માથી સર્વથા જુદા કરે છે. આ સ્વરૂપ એ સમુદ્‌ઘાતનું છે. દાખલા તરીકે—

જેમ કોઈ જીવ વેદના સમુદ્‌ઘાતવાળો હોય, તો તે વેદનાના અનુભવજ્ઞાનની સાથે એકમેક થઇ જાય છે. પછી

હવે મુનિસુવ્રત સ્વામીની ભાવ દયા જોઈ લઈએ.

एकस्यापि तुरङ्गमस्य कमपि ज्ञात्वोपकारं सुर–
श्रेणिभिः सह षष्टियोजनमितामाक्रम्य यः काश्यपीम् ॥
आरामे समवासरद् भृगुपुरस्यैशानदिङ्मण्डने,
सः श्रीमान् मयि सुव्रतः प्रकुरूतां कारूण्यसान्द्रे दृशौ ॥

વીશમા તીર્થંકર શ્રી મુનિસુવ્રતસ્વામી સાઠ યોજનનો લાંબો વિહાર કરીને પણ કેવળ એકજ ઘોડાને ઉપદેશ દેવાને માટે ભૃગુપુર નગરમાં પધાર્યા હતાં, આ પ્રમાણે ભાવદયા નસેનસમાં ઉતરી ગઈ હોય તેઓ જ તીર્થંકર નામકર્મની નિકાચના કરી શકે છે. અને તેના પ્રતાપે જ તેઓ જન્મતાં જ અતિશય સંપન્ન હોય છે. કુલ ૩૪ અતિશયો હોય છે તેમાં ૪ અતિશયો જન્મ લેતાં જ ઉત્પન્ન થાય છે. ઘાતિકર્મોનો ક્ષય

આત્મા સાથે સંબધિત થએલા વેદનીય કર્મના પુદ્ગલો ઉપર તે જીવ પ્રબળતા પૂર્વક પ્રહાર કરે છે. પરિણામ એ આવે છે કે– જે વેદનીય કર્મો કાળાન્તરે વેદવા યોગ્ય છે, તેને ઉદીરણા દ્વારા ઉદયમાં લાવી આત્માથી સર્વથા જુદા કરી નાખે છે. આ સ્વરૂપ છે વેદનીય સમુદ્‌ઘાતનું.

આજ પ્રમાણે બીજા સમુદ્‌ઘાતોનું પણ સમજવું.卐૩૦

થતાં અદ્વિતીય એવા ૧૧ અતિશયો પ્રાપ્ત થાય છે. અને દેવો તથા દાનવેન્દ્રો દ્વારા કરાએલા ૧૯ અતિશયો પણ તેમને વરેલા હોય છે.

આ અતિશયોના કારણે જ જગતમાં રહેલા પ્રાણીઓ તેમને જોતાં, તેમની વાણી સાંભળતાં, ધર્મને પામે છે. અને મોક્ષમાર્ગની આરાધના કરીને સંસારથી મુક્ત બને છે. સ્કન્દક પરિવ્રાજક પોતાનું પરિવ્રાજકત્વ છોડીને મહાવીર સ્વામીના ચરણે આવ્યો અને સમ્યગ્ બોધથી વાસિત થઈને મુક્તિનો સાચો માર્ગ જાણી શકયો અને આરાધી શકયો.

卐૩૦. સમુદ્‌ઘાતનું સ્વરૂપ સમજવા માટે કબૂતરનું ઉદાહરણ સારી સમજ આપશે, કબૂતરની પાંખો અને શરીર જ્યારે ધૂલના ભારથી ભારી બને છે, ત્યારે તે પોતાની પાંખો પહોળી કરીને ધૂલને એકદમ ખંખેરી નાખે છે અને તેના ભારથી મુક્ત બને છે ઠીક તે જ પ્રમાણે આ જીવાત્મા કર્મો ના ભારથી જ્યારે વધારે પડતો દબાઈ જાય છે અને તે કર્મોનો ભાર જ્યારે અસહ્ય બને છે તે સમયે ઉદયમાં આવેલા અસાતા વેદનીય કર્મોને લઇને અત્યંત મુંઝાયેલો આત્મા સમુદ્‌ઘાત કરણ વડે લાંબા કાળે ભોગ્ય કર્મોને ઉદયાવલિકામાં પ્રવેશ કરાવીને ખંખેરી નાખે છે.

નરકભૂમિ સંબંધી

આ ઉદ્દેશકમાં માત્ર પૃથ્વીઓ એટલે નરકભૂમિ સંબંધી વર્ણન છે. તે આ પ્રમાણે :—

મરનાર મનુષ્યનું મૃત્યુ જ્યારે આપણે જોઇએ. છીએ ત્યારે આપણે પણ એજ અનુભવ કરીએ છીએ કે—તે મૃત્યુ શય્યામાં પડેલો આત્મા પોતાના સંપૂર્ણ પ્રદેશોવડે અસાતા-વેદનીય કર્મ ભોગવવામાં અત્યંત દુઃખી, ન બોલી શકાય, ન ભોગવી શકાય. તેવી અવસ્થાને વેદતો (ભોગવતો) હોય છે. આવી અવસ્થામાં પણ તે આત્માએ જો જ્ઞાનનો અનુભવ કરેલો હશે ? અને આન્તર જીવનમાં " આત્મા અને શરીર સર્વથા ભિન્ન ભિન્ન છે " તેવાં અનુભવ જ્ઞાનને તે સમયે પોતાના પ્રબલ પુરુષાર્થ દ્વારા ઉદયમાં લાવી શકવા સમર્થ બન્યો હશે ? તો વેદનીય સમુદ્‌ઘાતમાં વર્તતો જીવ નવા કર્મોનું બંધન કર્યા વિના જ જૂના કર્મોની અસંખ્ય રાશીને ખપાવી નાખવા સમર્થ બનશે. અન્યથા આંતર જ્ઞાનના અનુભવ વિનાનો જીવ માત્ર અસાતાવેદનીયના ઉદય સમયે હાથ પગને પછાડતો મોઢામાંથી ચટ્ટવા તટ્ટવા બોલતો અને સંસારની અનંત માયાને ભોગવેલી હોવાથી તે સમયે આંખો બોલીને પોતાની ભેગી ભરેલી માયાને ટગર—મગર જોતો અને આંખોમાંથી આંસુઓને ટપકાવતો ભયંકરમાં ભયંકર અસાતા-વેદનીય કર્મને ભોગવતો તે જીવાત્મા તે સમયે ઘણાં ઘણાં નવા કર્મોને ઉપાર્જન કરીને પાછો કર્મોના ભારથી ભારી બને છે. આ પ્રમાણે કષાય સમુદ્‌ઘાતમા પણ સમજવું.

કષાયોનું પ્રાબલ્ય એટલું બધું જોરદાર હોય છે કે તે સમયે સમયે અર્થાત કષાયોના ઉદય સમયે અથવા તેમની

પૃથ્વીઓ સાત કહી છે. રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકા-પ્રભા, પંકપ્રભા. ધૂમપ્રભા, તમઃપ્રભા અને તમસ્તમઃ પ્રભા.

સંસારમાં બધા જીવો અનેકવાર–અનંતવાર નારકીમાં આવી ગયા છે.

ઉદીર્ણાના સમયે જીવાત્માની જ્ઞાનસંજ્ઞા–વિવેકસંજ્ઞા પ્રાયઃ કરીને અદૃશ્ય થઇ જાય છે. આવી સ્થિતિમાં કષાય સમુદ્‌ઘાત પણ જીવાત્માને નવાં કર્મો ઉપાર્જન કરાવનાર સાબીત થશે. માટે જ જૈન શાસ્ત્રકારો કહે છે કે–"સર્વતોમુખી બાહ્યજ્ઞાન કરતાં પણ જીવનમાં ઉતારેલું એકજ જ્ઞાન-કિરણ ગમે ત્યારે પણ કેવળ જ્ઞાનની જ્યોત પ્રાપ્ત કરાવશે."

વેદનીય–સમુદ્‌ઘાત–બધાએ છદ્મસ્થ જીવોને અશાતાવેદ-નીય કર્મના ઉદયથી ઉત્પન્ન થાય છે. અને એ કર્મનો નાશ થાય છે.

કષાય–સમુદ્‌ઘાત–બધાય છદ્મસ્થ જીવોને ચરિત્રમોહનીય કર્મને લઈને ઉદ્‌ભવે છે. અને કષાયકર્મો નાશ પામે છે.

મરણ–સમુદ્‌ઘાત–બધાય છદ્મસ્થ જીવોને આયુષ્ય કર્મના અંત સમયે હોય છે. અને કર્મો નાશ થાય છે.

વૈક્રિય–સમુદ્‌ઘાત–નારક જીવોને, વ્યંતરોને, જ્યોતિષ્કોને વૈમાનિકોને, પંચેન્દ્રિય તિર્યંચોને, વાયુકાયને તથા છદ્મસ્થ મનુષ્યોને, વૈક્રિય શરીર નામકર્મથી ઉદ્‌ભવે છે. અને તે શરીર ના જૂના પુદ્‌ગલો નાશ પામીને નવા પુદ્‌ગલો ગ્રહણ કરાય છે.

તૈજસ–સમુદ્‌ઘાત–વ્યંતરોને, જ્યોતિષ્કોને, વૈમાનિકોને પંચેન્દ્રિયતિર્યંચ તથા છદ્મસ્થ મનુષ્યોને તૈજસ શરીર નામ-કર્મથી પ્રાપ્ત થાય છે અને તે કર્મો નાશ પામે છે.

આ અધિકાર જીવાભિગસૂત્રમાં વિશેષ પ્રકારે છે, એમ ટીકાકારે જણાવ્યું છે.卐[૩૧]

ઇન્દ્રિયો

આમાં ઈન્દ્રિયો સંબંધી વર્ણન છે.

આહારક–સમુદ્‌ઘાત–ચતુર્દશ પૂર્વધારીને આહારક શરીરનામ કર્મથી થાય છે અને તે શરીરનાં પુગદ્‌લો નાશ પામે છે.

કેવલિ–સમુદ્‌ઘાત–કેવલજ્ઞાનના માલિકોને શેષ રહેલા નામ કર્મ, ગોત્રકર્મ, વેદનીય કર્મને લઇને અર્થાત્ તેમને ખપાવવા માટે થાય છે અને તે ત્રણે કર્મો આયુષ્યકર્મની સાથે સમાપ્ત થાય છે.

આ સમુદ્‌ઘાતનો સમય આઠ સમયનો હોય છે. જ્યારે ઉપરના સમુદ્‌ઘાતો અંતર્મુહૂર્ત સમય સુધીના જ હોય છે.

卐 ૩૧.અનાદિકાળથી કર્મવશ ભ્રમણ કરતો આ જીવ અનંતવાર નરક ભૂમિમાં ગયેલો છે, જ્યાં નિરંતર અશુભતરલેશ્યા, પરિણામ; દેહ, વેદના અને વિક્રિયાનો અનુભવ થાય છે.

ગતિનામકર્મ; જાતિનામકર્મ, શરીરનામકર્મ અને અંગોપાંગ–નામકર્મને લઈને નરકગતિના નારક જીવોમાં લેશ્યા આદિ ભાવો કોઇ કાળે પણ શુભ નથી હોતા.

રત્નપ્રભામાં કાપોત લેશ્યા હોય છે.

શર્કરાપ્રભામાં અત્યન્ત તીવ્રતર કાપોત લેશ્યા હોય છે. વાલુકાપ્રભામાં કાપોતલેશ્યા વધારે અને નીલલેશ્યા થોડી હોય છે.

પંક પ્રભામાં નીલલેશ્યા હોય છે.

ઈન્દ્રિયો પાંચ કહી છે. સ્પર્શ, રસ, ઘ્રાણ, શ્રોત્ર અને ચક્ષુ, આ અધિકાર પ્રજ્ઞાપના સૂત્રમાં છે.

ધૂમ પ્રભામાં અત્યન્ત તીવ્રતર નીલલેશ્યા વધારે હોય છે અને કૃષ્ણલેશ્યા હોય છે.

તમઃપ્રભામાં કૃષ્ણલેશ્યા તીવ્રતર હોય છે.

તમસ્તમઃ પ્રભામાં અત્યન્ત તીવ્ર કૃષ્ણલેશ્યા હોય છે. પરિણામ પણ અશુભતરજ હોય છે.

શરીર, ગતિ, સંસ્થાન, ભેદ, વર્ણ, ગંધ. રસ અને સ્પર્શ પરિણામો અત્યન્ત અશુભ હોય છે.

નરક ભૂમિમાં હંમેશાં અંધકાર હોય છે. શ્લેષ્મ, મૂત્ર, વિષ્ટા; મળ, લોહી, ચરબી, પરૂ આદિ ગંધાતા પુદ્ગલોથી તે ભૂમિઓ લીંપાએલી હોય છે. જેમાં કૂતરો, શિયાળ, બીલાડા, નોળીયા, સર્પ, ઉંદર, હાથી, ગાય અને મનુષ્ય આદિનાં મડદાઓની દુર્ગંધ અસહ્ય હોય છે.

અત્યન્ત અસહ્ય વેદનાઓને ભોગવતાં તે નારક જીવો કરુણ વિલાપ કરે છે. પરમાધામીઓ પાસે દયાની દીનતા પૂર્વક યાચના કરે છે. હાથાજોડી કરે છે. આ પ્રમાણે પોતાના આયુષ્ય પર્યન્ત રુદન, આક્રન્દ અને ચીસો પાડે છે. તેમનાં શરીરો અત્યન્ત અશુભ હોય છે, ભયાનક હોય છે અને બીભત્સ હોય છે.

પહેલી ભૂમિમાં તીવ્ર ઉષ્ણ વેદના હોય છે, બીજીમાં તીવ્રતમ ઉષ્ણવેદના ભોગવવાની હોય છે. ચોથીમાં ઘણાઓને ઉષ્ણ અને થોડાઓને શીતવેદના હોય છે. પાંચમીમાં ઘણાઓને શીત અને થોડાઓને ઉષ્ણવેદના હોય છે. છઠ્ઠીમાં શીતવેદના અને સાતમીમાં અત્યન્ત શીતવેદના હોય છે.

બીજી રીતે ઈન્દ્રિયના બે ભેદ બતાવ્યા છે. ૧ દ્રવ્યેન્દ્રિય અને ૨ ભાવેન્દ્રિય દ્રવ્યેન્દ્રિયના બે ભેદ છે. નિર્વૃત્તિ અને ઉપકરણ ભાવેન્દ્રિયના બે ભેદ છે. લબ્ધિ અને ઉપયોગ.

વૈક્રિય શરીર હોવાથી તેમની વિક્રિયાઓ પણ અશુભ જ હોય છે. સુખને માટે કરાતી વિક્રિયા ઘોરાતિઘોર દુઃખદાયી બની જાય છે.

મનુષ્ય અવતારમાં દુર્બુદ્ધિવશ, સ્વાર્થવશ, પુત્ર પરિવાર પ્રત્યે મોહવશ ઘણી જાતના આરંભો–સમારંભો કર્યા છે. પરિગ્રહની માયાજાળમાં હજારો લાખો પ્રકારે ખોટા વ્યાપાર, ખોટા તોલ માપા, વ્યાજના ગોટાળા, ભાવના વધારા, સેળભેળના પાપો, તથા ઘણા જીવોની હત્યા, જૂઠ, પ્રપંચ, પરસ્ત્રીગમન આદિ અનેક પ્રકારના દુષ્કૃત્યો કરીને અસંખ્ય જીવો સાથે વૈર વિરોધ, મારપીટ ઝઘડા આદિ કર્યા છે. એ બધા પાપના પોટલા લઈને નરકભૂમિમાં ઉત્પન્ન થયેલો જીવ વિભંગજ્ઞાનદ્વારા ચારે બાજુના નારકજીવોને વૈરી તરીકે જ જુએ છે. અને પોતાના વૈરને યાદ કરીને એ નારકજીવો આપસમાં પોતાના આયુષ્યકર્મ પર્યન્ત ભાલા, તલવાર, બરછી, મુદ્ગલ, સાંબેલું, બાણ, શક્તિ, લાકડી, ગોફણ વગેરે શસ્ત્રોથી લડતાં જ રહે છે. લોહીલુહાણ થાય છે. માંસ, હાડકા બહાર નીકળે. ત્યાં સુધી લડતા જ રહે છે, ત્યાં તેમને કોઈ છોડાવનાર નથી.

મનુષ્ય જીવનમાં પુત્રો, સ્ત્રીઓ, માતાઓ અને પુત્રીઓ માટે જે પાપ કર્યા હતા, તે પાપો એકલાને જ ભોગવવા સિવાય બીજો કોઈ માર્ગ નથી. પૂર્વભવમાં અત્યન્ત ક્લિષ્ટ કર્મોને લઈને અસુર ગતિને પામેલા પરમાધામિઓ જેઓ

અહીં પાંચ ઇન્દ્રિયોનું એક યંત્ર આપવામાં આવ્યું છે. તે જાણવાલાયક છે.卐[૩૨]

સ્વભાવે જ પાપકર્મમાં રત હોય છે, અત્યન્ત રૌદ્રસ્વભાવી હોય છે, તેઓ નારકજીવોને ભયંકરમાં ભયંકર નીચે પ્રમાણેની વેદનાઓ આપે છે.

પીગળેલા લોઢાના રસ પીવરાવે છે.

લાલઘૂમ લોઢાની પુતલીઓથી આલિંગન કરાવે છે.

લોઢાના ઘનથી ટીપે છે.

અસ્ત્રાથી અવયવોને છેદે છે.

ધગધગતા ઉકાળેલા તેલથી સ્નાન કરાવે છે.

કુંભીપાકમાં પકાવે છે.

લોઢાના સળીયાથી મારે છે.

કરવતથી કાપે છે.

શરીરને કડાઈમાં નાખીને તળે છે.

ભઠ્ઠીમાં નાખીને શેકે છે.

સિંહ, વાઘ, દ્વીપડા, કૂતરા, શિયાળ, સર્પ, નોલિયા આદિ જનાવરો પાસે ખવરાવે છે.

ઉપર પ્રમાણેની નારકીય વેદનાઓને આ જીવે અનેકવાર અને અનંતીવાર ભોગવી છે.

卐 ૩૨. ઈન્દ્રિયો પાંચ જ હોય છે. બીજા મતવાળાઓ પાંચ કર્મે ઈન્દ્રિયોને જે પૃથક્ માને છે. તે બધાઓનો સમાવેશ

દેવ અને વેદ

આ પ્રકરણમાં એક જીવ એક કાળે બે વેદો (સ્ત્રીવેદ અને પુરુષ વેદ) ને વેદે કે કેમ ? તે પછી ગર્ભ વિચાર, તે પછી પાર્શ્વનાથના શિષ્યો સાથે તુંગિકાના શ્રાવકોના પ્રશ્નોત્તર,

---

સ્પર્શેન્દ્રિયમાં થઈ જતો હોવાથી આ પાંચ ઈન્દ્રિયો જ્ઞાનેન્દ્રિય કહેવાય છે.

ઇન્દ્ર એટલે આત્મા. જે સર્વ પદાર્થોમાં ઉત્કૃષ્ટ ઐશ્વર્યનો માલિક હોવાથી સર્વથા સ્વતંત્ર છે. માટે જ ભોક્તા છે.

પોતાના શુભાશુભ કર્મોને ભોગવનારો આત્મા છે. શરીર અને ઈન્દ્રિયો સાધન છે. એના માધ્યમથી જીવમાત્ર પોતાના કર્મોને ભોગવે છે.

આ આત્માની ખાત્રી કરાવનાર, બતાવનાર. સૂચિત કરાવનાર અને જ્ઞાન પ્રાપ્ત કરાવનાર ઈન્દ્રિયો છે.

આ ઈન્દ્રિયો કરણ હોવાથી સ્વતઃ જડ છે. માટે આત્માથી આજ્ઞપ્ત થઈને–પ્રેરણા પામીને પોત પોતાના ઈષ્ટ વિષયોને ગ્રહણ કરે છે. જીવની વિદ્યમાનતામાં જ ઈન્દ્રિયો સક્રિય રહે છે. સકર્મક જીવને ઈન્દ્રિયો વિના ચાલી શકે તેમ નથી. માટેજ તેમની ઉત્પત્તિ જીવાધીન છે.

દ્રવ્ય અને ભાવરૂપે આ ઇન્દ્રિયો બે પ્રકારની છે. આત્માના અસંખ્યાત પ્રદેશોની અપેક્ષાએ અનંત પુદ્ગલ પ્રદેશો દ્વારા તે તે ઈન્દ્રિયોના આકારરૂપે જે બને છે તે દ્રવ્યેન્દ્રિય કહેવાય છે. અને કર્મોના ક્ષયોપશમની અપેક્ષાથી તે તે વિષયોને ગ્રહણ કરવાની પરિણતિ વિશેષને ભાવેન્દ્રિય કહેવાય છે. દ્રવ્યેન્દ્રિય પણ બે પ્રકારની છે. નિવૃત્તિ અને ઉપકરણ.

રાજગૃહમાં શ્રી ગૌતમસ્વામીનું ભિક્ષાટન, ગૌતમસ્વામીએ ભગવાનને પૂછીને કરેલો નિર્ણય અને છેવટે રાજગૃહના ઉના પાણીના કુંડોનું વર્ણન છે.

કાનપટ્ટી, આંખના ડોળા, નાક, જીભ વગેરે જે બાહ્ય રૂપે ઇન્દ્રિયોના આકાર દેખાય છે તે બાહ્ય નિવૃત્તિ કહેવાય છે. અને આભ્યન્તરરૂપે સ્પર્શેન્દ્રિયનો આકાર અનિયમિત છે કેમકે દરેક જીવોના શરીર ભિન્ન ભિન્ન હોય છે. જિહ્વેન્દ્રિયનો આકાર ક્ષુરપ્ર (અસ્ત્રા) જેવો છે. ઘ્રાણેન્દ્રિયનો આભ્યન્તર આકાર અતિમુક્તક ચંદ્ર જેવો છે, ચક્ષુરિન્દ્રિયનો આકાર મસૂરની દાલ જેવો અને કર્ણેન્દ્રિયનો આકાર કંદબના પુષ્પ જેવો છે. આ આભ્યન્તર નિવૃત્તિ કહેવાય.

આભ્યન્તર નિવૃત્તિ ઇન્દ્રિયમાં રહેલ પોત પોતાના વિષયને ગ્રહણ કરવાની શક્તિ વિશેષ તે ઉપકરણેન્દ્રિય કહેવાય છે. જેના સદ્‌ભાવમાં જ નિવૃત્તિઇન્દ્રિય કામ આપી શકે છે. અન્યથા બહેરા માણસને કાનપટ્ટી અને આંધળા માણસને આંખનો ડોળો હોવા છતાં પણ ઉપકરણેન્દ્રિયની શક્તિ કોઈ કારણે આઘાત પામેલી હોય તો બાહ્ય અને આભ્યન્તર નિવૃત્તિ ઇન્દ્રિયો પોતાના વિષયને ગ્રહણ કરી શકતી નથી.

આ બન્ને દ્રવ્યેન્દ્રિયો પૌદ્‌ગલિક છે.

જ્યારે ભાવેન્દ્રિયનો સંબંધ આત્મા સાથે છે. તે તે કર્મોના આવરણોનો ક્ષયોપશમ થવાથી આત્માને વિષય ગ્રહણ કરવાની જે શક્તિ પ્રાપ્ત થાય છે તે લબ્ધિ ભાવેન્દ્રિય કહેવાય છે. અને આત્મા પોતે ઉપયોગવાલો થઈને જે વિષયોને ગ્રહણ કરે છે તે ઉપયોગેન્દ્રિય કહેવાય છે.

સીમાતીત વિષયવાસના, ભોગવિલાસ, પરિગ્રહની મમતા તથા અત્યુત્કટ પાપોના કારણે એકેન્દ્રિય અવતારને પામેલા અનંતાનંત જીવોને રસનેન્દ્રિય, ઘ્રાણેન્દ્રિય, નેત્રેન્દ્રિય અને શ્રવણેન્દ્રિયના આવરણીય કર્મોનો ઉદય હોવાથી તેમને જીભ, નાક, આંખ અને કાન ઇન્દ્રિયોથી સર્વથા વંચિત રહેવાનું હોય છે. તેથી તેમને સ્પર્શેન્દ્રિય નામની એક જ ઇન્દ્રિય હોવાથી અત્યન્ત અસ્પષ્ટ વેદનાઓને ભોગવતાં છેદન-ભેદન સહન કરતાં, શરદી-ગરમી તથા હિમપાતની તીવ્ર વેદનાને વેદતાં એકેન્દ્રિય જીવો અસંખ્યાત અને અનંતકાળ સુધી ત્યાં જ રહે છે.

આમાં પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય અને વનસ્પતિ કાયના જીવોનો સમાવેશ થાય છે. જે સ્થાવર નામકર્મના કારણે સ્થાવર કહેવાય છે. બેઇન્દ્રિયના જીવોને સ્પર્શ અને જીભ ઇન્દ્રિય હોય છે. જ્યારે નાક, આંખ અને કાન ઇન્દ્રિયોના આવરણ કર્મોનો પ્રબલ ઉદય હોવાથી તેમને નાક, આંખ અને કાન નથી હોતા, માટે જ આ ત્રણે ઇન્દ્રિયોના જ્ઞાનથી તેઓ હંમેશાને માટે વંચિત રહે છે.

બે ઇન્દ્રિય જીવોમાં બધી જાતના નાના મોટાં શંખ, કોડા, કોડી, પેટમાં થનારા કરમીયાં ખરાબ લોહીને ચૂસનાર જળો, અળસીયાં, વાસી રોટલી, રોટલા, ભાત, નરમ પુરી વગેરેમાં ઉત્પન્ન થનારા કીડા, લાકડાના કીડા, પેટમાં, ફોડલામાં, મસામાં, એઠવાડમાં થનારા નાના કરમીયા, વાસી પાણીમાં ઉત્પન્ન થનારા પોરા, નાની મોટી સીપ તથા વાળાના જીવો વગેરે આવી જાય છે.

કેટલાક લોકો એમ માને છે કે-નિર્ગ્રંથ મરીને દેવ થયા પછી તે દેવ, ત્યાં બીજા દેવો કે બીજા દેવીઓ સાથે વિષય સેવન કરતો નથી, પરંતુ પોતાના જ બે રૂપ કરે છે. એક દેવનું ને બીજું દેવીનું. એમ કરીને તે કૃત્રિમ દેવી સાથે વિષય-સેવન કરે છે. એમ કરવાથી એક જીવ એક કાળે બે વેદને અનુભવે છે, એ પણ સિદ્ધ થાય છે. (પુરુષવેદ અને સ્ત્રી વેદ) પરંતુ તે વાત ઠીક નથી. અહીંથી મરીને ત્યાં ઉત્પન્ન

તેઇન્દ્રિય જીવોને ચક્ષુરિન્દ્રિય અને શ્રવણેન્દ્રિયનું આવરણ હોવાથી તેમને તે વિષયોનું જ્ઞાન હોતું નથી. આમાં ન્હાના-મ્હોટા કાન ખજૂરા, માંકડ, જૂ, લીખ, કીડી, ઉધઈ, મંકોડા, અનાજમાં થનારા ધનેડા, વાળના મૂળમાં તથા કૂતરાના કાનમાં થનારા કીડા, અવાવરૂ જમીનમાં થનારા જુઆ, છાણ અને વિષ્ટાના કીડાઓ, કીડાઓ, કુંથુઆ, ખાંડ-ગોળ તથા ચોખામાં થનારી ઈયળો તથા ચોમાસાની શરૂઆતમાં થનારા લાલ રંગના કીડા આ બધા તેઇન્દ્રિય કહેવાય છે.

ચાર ઇન્દ્રિયવાળા જીવોને કર્ણેન્દ્રિય નથી હોતી. આમાં પીળા, કાળા રંગના વિંછી, બગાઈ, ભમરા, ભમરી, તીડ, માંખી, ડાંસ (दंशा वर्षोद्भवाः ડાંસલા વરસાદમાં ઉત્પન્ન થાય છે), મચ્છર કંસારી, ખડમાકડી વગેરે જીવો હોય છે.

પંચેન્દ્રિય જીવોને પાંચે ઇન્દ્રિયોના આવરણ નહીં હોવાના કારણે પાંચે ઇન્દ્રિયોના વિષયોને ગ્રહણ કરવાની લબ્ધિઓ પ્રાપ્ત થયેલી હોય છે. પંચેન્દ્રિય જીવો ચાર પ્રકારના છે. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ. તિર્યંચ પંચેન્દ્રિયમાં પશુ, પક્ષી અને માંછલા વગેરે જલચર જીવો

થયેલો દેવ બીજા દેવો સાથે તથા બીજા દેવની દેવીઓ સાથે તેઓને વશ કરીને તથા પોતાની દેવીઓ સાથે પણ પરિચારણા–વિષય સેવન કરે છે. પોતે પોતાના બે રૂપ બનાવીને પરિચારણા કરતો નથી. આથી એ પણ સિદ્ધ થાય છે કે– એક જીવ એક સમયે એક વેદને જ અનુભવે છે. સ્ત્રીવેદે કે પુરુષ વેદે. જે સમયે સ્ત્રીવેદને વેદે છે, તે સમયે પુરુષવેદને વેદતો નથી. અને જે સમયે પુરુષવેદને વેદે છે, તે સમયે સ્ત્રીવેદને નથી વેદતો.

ઉદકગર્ભ વિચાર

હવે ઉદકગર્ભ સંબંધી વિચાર છે. જેમ મનુષ્યને ઉત્પન્ન થવામાં પહેલા ગર્ભ ધારણ થાય છે, તેવી રીતે વરસાદ વરસવામાં પણ પહેલાં ગર્ભ બંધાય છે. જેને 'ઉદકગર્ભ' કહેલ છે. અર્થાત્ કાળાન્તરે પાણી વરસવામાં હેતુરૂપ જે પુદ્ગલનો પરિણામ તેનું નામ છે 'ઉદકગર્ભ'.

આ 'ઉદકગર્ભ' ઉદકગર્ભરૂપે ઓછામાં ઓછું એક સમય અને વધારેમાં વધારે છ મહિના સુધી રહે છે.

તિર્યંગ્ યોનિગર્ભ તિર્યંગ્ યોનિ ગર્ભરૂપે ઓછામાં

આવે છે. મહાપુણ્યોદયે અથવા દુર્ગતિના ભયંકર દુઃખોને ભોગવ્યા પછી મેળવેલી ઇન્દ્રિય પટુતા જો સંયમની આરાધનામાં, અહિંસા ધર્મના પાલનમાં, તથા પ્રચારમાં ઉપયોગવાલી થઈ જાય તો આ જીવનો બેડો પાર થતાં વાર લાગતી નથી. અર્થાત્ તે આત્મા પોતાના સાધ્ય મોક્ષને જલ્દી મેળવે છે અને સર્વ દુઃખોથી મુક્ત બને છે.

ઓછું અંતર્મુહૂર્ત અને વધારામાં વધારે આઠ વર્ષ સુધી રહે છે.

મનુષીગર્ભ મનુષીગર્ભરૂપે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે બાર વર્ષ સુધી રહે છે.

કાયભવસ્થ કાયભવસ્થરૂપે ઓછામાં ઓછું અંતર્મુહૂર્ત અને વધારેમાં વધારે ચોવીસ વર્ષ સુધી રહે.

માતાની પેટની વચ્ચે રહેલ ગર્ભનું શરીર તે 'કાય' કહેવાય. તે શરીરમાં જે ઉત્પન્ન થવું તે 'કાયભવ' કહેવાય અને તેમાં જે જન્મ્યો હોય તે 'કાયભવસ્થ' કહેવાય. તે કાયભવસ્થરૂપે ચોવીસ વર્ષ સુધી રહે. તે એવી રીતે તે કોઈ જીવનું શરીર ગર્ભમાં રચાઈ ગયું હોય પછી તે જીવ તે શરીરમાં માતાના ઉદરમાં બાર વર્ષ સુધી રહી મરણ પામી પાછો પોતે રચેલ તેના તે શરીરમાં ઉત્પન્ન થઈ ફરીને બાર વર્ષ સુધી રહે. એ પ્રકારે ચોવીસ વર્ષ સુધી કાયભવસ્થરૂપે રહે. અથવા એમ પણ કહે છે કે–બાર વર્ષ સુધી રહીને ફરીને બીજા વીર્ય વડે ત્યાંજ તેજ શરીરમાં બાર વર્ષની સ્થિતિયુક્ત થઈને જન્મે. એ રીતે ચોવીસ વર્ષ ગણાય卐[૩૩]

卐 ૩૩. ઉદક ગર્ભ માટે સારામાં સારી જાણકારી ભગવતી સૂત્રના વિવેચન પરથી જાણી લેવી.

ગર્ભગત જીવ ઓછામાં ઓછું અને વધુમાં વધુ કયાં સુધી ગર્ભમાં રહે છે, તેની ચર્ચા કર્યા પછી એક જીવને એક સાથે કેટલા બાપ (પિતા) હોઈ શકે છે, તેના જવાબમાં નરદેવ અને ભાવદેવથી પૂજાએલા દેવાધિદેવ ભગવાન મહાવીર સ્વામીએ ફરમાવ્યું કે–બસોની સંખ્યાથી લઈને

મનુષી અને પંચેન્દ્રિય તિર્યંચી સંબંધી યોનિગત વીર્ય ઓછામાં ઓછું અન્તર્મુહૂર્ત અને વધારેમાં વધારે બાર મુહૂર્ત સુધી યોનિભૂતરૂપે રહે છે.

મૈથુનને સેવનારા મનુષ્યનો અસંયમ કેટલો ઘોર હોય છે, તે સૂત્રકાર ઉદાહરણ આપીને સમજાવે છે કે–એક વાંસની નળીમાં ઠાંસી ઠાંસીને રૂ ભર્યું હોય, પછી તપાવેલો સોનાનો

નવસોની સંખ્યા સુધી એક જીવના બાપ હોઈ શકે છે. અનંત સંસારની માયા પણ અત્યંત અગોચર હોય છે. તેથી કોઈક ક્ષેત્રની અપેક્ષાએ આ વાત હશે જેમ કે એક ગાયની યોનિમાં એક સાંઢનું વીર્ય પડયું અને ત્યાર પછી બીજા બીજા બસોથી નવસો સુધી સાંઢોનું વીર્ય તેમાં જો પડશે તો તે ગાયથી જન્મ લેનારા એક વાછરડાના બાપ પણ તેટલા જ હોઈ શકશે. કેમ કે બધાઓના વીર્યથી એક વાછરડું જન્મ્યું છે.

સંસારચક્રમાં કોઇ પણ વાત ન બની શકે એવું છે જ નહિ પણ આ બધી અગમ–નિગમની વાતો કેવળજ્ઞાની સિવાય બીજો કોઇ પણ જાણી શકે તેમ નથી. જ્ઞાતવ્ય વાતો જાણ્યા પછી મૈથુનકર્મની તીવ્રતા અને ભયંકર ભયાનકતા પણ જાણવા મળે છે.

ભવ–ભવાંતરમાં અત્યન્ત દુઃખ દેનારા, મહાપાપકર્મને ઉપાર્જન કરાવનારા એવા આ મૈથુન પાપના ફળો જીવને રીબાઈ રીબાઈને મારનારા હોય છે. આવા દુઃખપ્રદ મૈથુન-કર્મના નિયાણા બાંધીને બીજા ભવમાં જન્મ લેનારા જીવોને અમુક ક્ષેત્રોમાં તથા અમુક જાતિમાં જન્મવું પડે છે.

સળીયો તેની અંદર નાખીને તે રૂને બાળવામાં આવે એવા પ્રકારને મૈથુનને સેવતાં મનુષ્યનો અસંયમ છે.

પાર્શ્વનાથના શિષ્યો

હવે અહીં શ્રી પાર્શ્વનાથના શિષ્યો અને તુંગિકાના શ્રાવકોનાં પ્રશ્નોત્તરો આવે છે. આ પ્રસંગે તુંગિકા નગરીના

એક સાથે એક બાપને કેટલા સંતાનો હોઈ શકે છે, આના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે–કામવાસનામાં અત્યન્ત ઉત્તેજિત બનેલો માણસ જ્યારે સ્ત્રીસેવન કરે છે, ત્યારે વીર્ય અને રજ ભેગા મળતાં જ તેમાં બે લાખથી નવ લાખ સુધી જીવો ઉત્પન્ન થાય છે. જે પંચેન્દ્રિય જીવો જ હોય છે. આમાંથી જેનું આયુષ્ય કર્મ વધારે હોય છે તે એક–બે કે ત્રણ જીવો નવ મહિના પુરા કરીને સંસારની સ્ટેજ ઉપર આવવા માટે સમર્થ બને છે. બાકીના બધાય જીવો ત્યાં જ મરણ પામે છે. નવ મહિને જન્મ લેનાર જેમ સંતાન કહેવાય છે. તેમ માતાની કુક્ષિમાં જ મરણ પામેલા બે થી નવ લાખ સુધીના જીવો પણ સંતાન તરીકે જ કહેવાશે. કેમ કે એકવારના મૈથુનથી ઉત્પન્ન થનારા જીવો તેના વીર્યથી ઉત્પન્ન થયા છે. અને મર્યા છે. જીવોની ઉત્પત્તિ જ જીવહત્યાનું કારણ બને છે. મનુષ્યના અસંયમી જીવનના કારણે જ આ જીવો ત્યાં ઉત્પન્ન થાય છે. અને મરે છે આમાં જે ઉત્પાદક હોય છે તેને જ જીવહત્યાનું પાપ લાગશે. સ્ત્રી પણ અસંયમને લઈને બેકાબૂ બની મૈથુનકર્મમાં મસ્ત બને છે. તો તે પણ જીવહત્યાના પાપની ભાગીદાર બને છે.

ઉત્તર પૂર્વ વિભાગમાં પુષ્પવતી નામનું ચૈત્ય હતું. આ ચૈત્યમાં શ્રી પાર્શ્વનાથનાં શિષ્યો આવીને ઉતર્યા. આની તુંગિકાના શ્રાવકોને ખબર પડે છે. શ્રાવકો બધા ભેગા થઈને વિચાર કરે છે કે—આપણે તેમને વંદન કરવાને તથા ઉપદેશ સાંભળવાને માટે જવું જોઈએ. નિર્ણય કરીને સુંદર વસ્ત્રોથી સજ્જિત થઈને બધા એક સાથે ચૈત્ય તરફ જાય છે. તે શ્રાવકો આ મુનિરાજોની પાસે જતાં પાંચ અભિગમો સાચવે છે. અર્થાત્ સચિત દ્રવ્યો દૂર કરે છે, અચિત્ત વસ્તુઓ સાથે રાખે છે. પોતાના ખેસને જનોઇની માફક ધારણ કરે છે. મુનિરાજોને દેખતાં જ હાથ જોડે છે. અને મનને એકાગ્ર કરે છે. તેઓ પાસે જઈ ત્રણ પ્રદક્ષિણા દે છે.

માટે આવા ઘોર પાપથી બચાવનાર મહાવીર સ્વામીનું શાસન સર્વશ્રેષ્ઠ છે. કેમકે સંયમના સર્વતોમુખી સર્વાંગીણ પાઠો મહાવીર સ્વામીના આગમ સૂત્રોથી જ જાણવા મળે છે. દેશસંયમી વ્રતધારી જીવ પણ મૈથુન તો સેવશે પણ તેના અન્તર્જીવનમાં જીવો પ્રત્યે કરૂણતા હશે. ભાવદયા હશે. માટે તેનું સંસારિક જીવન ઘણું જ ઉમદા અને પવિત્ર હોય છે.

વીર્ય અને રજના મિશ્રણથી ૨ થી ૯ લાખ સુધીના જીવો જન્મે છે અને મરે છે. તે ઉપરાંત પણ આંબાની મંજરી જેવી સ્ત્રીની યોની જે પ્રતિ સમયે મૂત્ર અને રુધરથી ખરડાયેલી હોય છે. ત્યાં પણ અસંખ્યાતા જીવો જન્મે છે.

મૈથુન કર્મી પુરૂષ જ્યારે મૈથુનારૂઢ થાય છે ત્યારે તેની જનનેન્દ્રિય યોનિગતજીવોની હત્યા કરતી જ પ્રવેશ કરે છે અને તે સમયે પણ અસંખ્યાત જીવો ત્યાં મરે છે. રૂની ભરેલી નળીમાં

પછી તે સ્થવિરો ભરાએલી તે સભાને ચાર મહાવ્રત વાળા ધર્મનો ઉપદેશ કરે છે. તે પછી તે શ્રમણોપાસકોએ પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં તે મુનિઓએ જણાવ્યું કે—

'સંયમનું ફળ આસ્રવરહિતપણું અને તપનું ફળ વ્યવદાન અર્થાત્ કર્મોને કાપવા તે છે.'

આ વાતથી તે શ્રાવકોને એક શંકા રહી ગઇ કે 'સંયમની આરાધનાથી દેવ થવાય છે.' એમ જે કહેવાય છે. એનું શું? તેથી તેમને ફરી પ્રશ્ન કર્યો કે–દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે, તેનું શું કારણ છે?

આના ઉત્તરમાં—

કાલિકા પુત્ર નામના સ્થવિરે કહ્યું કે–પૂર્વના તપ વડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

મેઘિલ–નામના સ્થવિરે કહ્યું કે–પૂર્વના સંયમવડે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

આનંદ રક્ષિત–નામના સ્થવિરે કહ્યું કે–કર્મિપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

કાશ્યપ–નામ સ્થવિરે કહ્યું કે–સંવિગ્નપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે.

વધુમાં તે સ્થવિરોએ એ પણ કહ્યું કે–'એ વાત સાચી છે, માટે કહી છે. પણ અમે અમારા અભિમાનથી એ વાત કહેતા નથી.'

જેમ અંગારા જેવી સળી પ્રવેશ કરતાં રૂને બાળતી નથી છે, તે પ્રમાણે જ મૈથુનારુઢ માણસ જીવોની હત્યા કરે છે.

તે પછી નમસ્કાર કરી હર્ષિત થએલા શ્રાવકો તુંગિકા નગરીમાં આવ્યા, અને તે સ્થવિરો પુષ્પવતી ચૈત્યથી વિહાર કરી ગયા.

આ વખતે ભગવાન મહાવીર સ્વામીના મુખ્ય શિષ્ય ગૌતમસ્વામી છઠ છઠની તપસ્યા કરી સંયમ અને તપથી પોતાના આત્માને ભાવતા વિચરતા હતા. ભગવાન મહાવીર સ્વામીની સાથે તેઓ રાજગૃહ પાસેના ગુણશીલ ચૈત્યમાં આવ્યા છે. તેઓ પ્રથમ પૌરુષીએ સ્વાધ્યાય કરે છે. બીજી પૌરુષીએ ધ્યાન કરે છે અને જ્યારે આહાર કરવાનો હોય ત્યારે ત્રીજી પૌરૂષીએ શારીરિક અને માનસિક ચપળતાથી રહિત મુહપત્તિને પડિલેહી, વસ્ત્ર–પાત્રની પડિલેહણા કરી, પાત્ર લઈ ગોચરીએ નિકળે છે.

ગૌતમસ્વામી રાજગૃહ નગરીમાં ગોચરી ગયા. તેઓ ઉચ્ચ; નીચ કે મધ્યમ કુલોમાં વિધિ પૂર્વક ભિક્ષા લેવાને વિચરે છે.

રાજગૃહમાં ભિક્ષા માટે આવેલા ગૌતમસ્વામીએ લોકોના મુખથી સાંભળ્યું કે–તુંગિકા નગરીથી બહાર પુષ્પવતી નામના ચૈત્યમાં પાર્શ્વનાથના શિષ્યો પધારેલા અને તુંગિકાના શ્રાવકોને તેમણે ઉપર પ્રમાણે ઉપદેશ આપ્યો અને પ્રશ્નોત્તર થયા.

ગૌતમસ્વામી બધું વૃત્તાન્ત સાંભળી લઈ ભગવાન મહાવીરસ્વામી પાસે આવ્યા. તેમણે ત્યાં આવીને જવા–આવવા સંબંધી અતિચારોનું ચિંતન કર્યું. ભિક્ષા લેતા લાગેલા દોષોનું આલોચન કર્યું. લાવેલા આહાર અને પાણી ભગવા

નને બતાવ્યા. તે પછી તેમણે રાજગૃહ નગરીમાં લોકોના મુખથી સાંભળેલી હકીકત ભગવાનને કહી સંભળાવી અને ભગવાનને પૂછયું કે—

હે ભગવન્! તે સ્થવિર ભગવંતો તે શ્રમણોપાસકોને એવા પ્રકારનો જવાબ દેવા સમર્થ છે? તેઓ તેવા અભ્યાસવાળા છે? તેઓ તેવા ઉપયોગવાળા છે? તેઓ તેવા વિશેષજ્ઞાની છે?

ભગવાન મહાવીરે કહ્યું–'હા, ગૌતમ, તેઓ તેવા સમર્થ છે, અભ્યાસવાળા છે, ઉપયોગવાળા છે ને વિશેષજ્ઞાની પણ છે. અને તેમણે જે વાત કહી છે, તે સાચી છે માટે કહી છે. આત્માના અભિમાનને માટે નથી કહી.

ભગવાન કહે છે કે–'એ વાત સાચી છે કે–પૂર્વના તપ વડે પૂર્વના સંયમ વડે, કર્મિપણાથી અને સંગિપણાને લીધે દેવો દેવલોકમાં ઉત્પન્ન થાય છે.'

આ પછી ગૌતમસ્વામીએ પૂછયું કે–તેવા પ્રકારના શ્રમણ કે બ્રાહ્મણની પર્યુપાસના કરનાર મનુષ્યને તેની સેવાનું શું ફળ મળે?

ભગવાને પર્યુપાસનાનું ફળ શ્રવણ બતાવ્યા પછી એક એકનું ફળ પૂછતાં નિષ્કર્ષ એ આવ્યો કે–ઉપાસનાથી શ્રવણ, શ્રવણથી જ્ઞાન, જ્ઞાનથી વિજ્ઞાન, વિજ્ઞાનથી પ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાનથી સંયમ, સંયમથી અનાશ્રવ, અનાશ્રવથી તપ, તપથી કર્મનો નાશ, કર્મના નાશથી નિષ્કર્મપણું અને નિષ્કર્મપણાથી સિદ્ધિ–મોક્ષ પ્રાપ્ત થાય છે. 卐[૩૪]

卐[૩૪] તુંગિકા (તુંગિઆ)નગરીના શ્રાવક અને શ્રાવિકાઓના આંતર જીવનનું વર્ણન કરતાં ભગવાને ફરમાવ્યું કે–તેઓ

ગરમ પાણીના કુંડ

છેવટે રાજગૃહના ગરમ પાણીના કુંડના સંબંધમાં હકીકત રાજગૃહની પાસેના વૈભાર પર્વતની નીચે ગરમ પાણીનો કુંડ છે. (અત્યારે પણ છે.) એના સંબંધમાં કેટલાક લોકોનું કહેવું છે કે એની લંબાઇ અને પહોળાઈ અનેક યોજન

बहु जणस्स अपरिभुआ—અથાત્ આ નગરીના શ્રાવકો સંપીલા અને શારીરિક બળે સશક્ત હોવાના કારણે કોઇનાથી પણ ગાંજ્યા જાય તેવા નથી.

ગૃહસ્થ ધર્મને સવા વિશ્વાની દયા હોય છે, માટે તેઓ પોતાના કુટુંબની, સમાજની અને ધર્મની રક્ષા માટે સંપૂર્ણ સમર્થ હતા.

"નિરપરાધી ત્રસ અને જીવને મારવાની બુદ્ધિથી ન મારવો." આ પ્રમાણે ભગવાન મહાવીરસ્વામીના ફરમાવેલા ગૃહસ્થ ધર્મની અહિંસા ધર્મના નિયમને અનુસારે સામાજિક દ્રોહીઓને દંડ દેવામાં, પોતાના બાળ–બચ્ચાઓને સંયમની મર્યાદામાં રાખવામાં દંડનીતિનો આશ્રય પ્રાયઃ કરીને લેવો પડે છે.

ગામ, ઘર કે ફળીયામાં આગ લગાડનાર, કુવા, વાવડી કે તળાવના પાનીમાં ઝેર ભેળવનાર તલવાર, લાકડી કે શાસ્ત્ર હાથમાં લઇને ફરનાર, ગામ, ખેતર તથા ખેતીને નુકશાન કરનાર ચાલતે રસ્તે સ્ત્રીઓની છેડતી કે મશ્કરી કરનાર વગેરે આવા કુકૃત્ય કરનાર માણસો દંડને યોગ્ય હોય છે, દુષ્ટોને દંડ દેવો એ ગૃહસ્થાશ્રમીનો ધર્મ છે.

જેટલી છે, તેનો આગળનો ભાગ અનેક જાતનાં વૃક્ષખંડોથી સુશોભિત છે. તે હ્રદમાં અનેક ઉદાર મેઘો સંસ્વેદે છે, સંમૂર્છે છે ને વરસે છે, તે હ્રદયમાંથી હંમેશાં ઉનુ પાણી ઝર્યા કરે છે. સંસ્વેદે છે એટલે પડવાની તૈયારીમાં છે અને સંમૂર્છે છે. એટલે પડે છે.

ગૌતમ સ્વામીના પ્રશ્નના ઉત્તરમાંભગવાન કહે છે કે તેમ નથી. રાજગૃહનગરની બહાર વૈભાર પર્વતની પાસે મહાતપો-

---

કેમકે ઉપરના વ્યક્તિઓ માનવનાં, માનવંતાના, કુટુંબના, સમાજનાં અને ધાર્મિકતાના દ્રોહ કરનારા હોય છે. માટે તેઓ અપરાધી છે.

જ્યારે સર્પ, વાઘ, સિંહ હરણ, ઊંદરો, માંકડ, મચ્છર જૂ વગેરે પ્રાણીઓએ માનવ જાતનું કંઈપણ નુકશાન કર્યું નથી. માટે નિરપરાધી છે, અદંડ્ય છે.

તુંગિકા નગરીના શ્રાવકો જીવ–અજીવ આદિ તત્ત્વોને સારી રીતે જાણનારા હતા. પુણ્યકર્મ કેવી રીતે બંધાય? અને કેવી રીતે ભોગવાય છે, તેમજ પાપકર્મો શી રીતે આચરાય છે અને તેના ફળો કેટલા અને કેવા પ્રકારે ભોગવવાં પડે છે? નવા કર્મો શાથી બંધાય છે? અને બંધાયેલાં કર્મોનો સ્વભાવ, રસ અને સ્થિતિ કેવી હોય છે. પાપોના દરવાજા શાથી બંધ થાય છે. અને કર્મ સત્તાથી મુક્ત થઈને આત્મા અનંત સુખના સ્થાનરૂપ સિદ્ધશિલાને કેવી રીતે મેળવે છે.

ઈત્યાદિ તત્ત્વોની સારામાં સારી જાણકારી ધરાવનારા હતા. નિર્ગ્રન્થ મુનિઓના પ્રવચનથી તેમની આત્મશક્તિ

પ્રતીરપ્રભવ નામનું ઝરણું છે. તેની લંબાઈ–પહોળાઈ પાંચસો ધનુષ્ય જેટલી છે. તેનો આગલો ભાગ અનેક વનખંડોથી સુશોભિત છે. તે ઝરણાંમાં અનેક ઉષ્ણ યોનિવાળા જીવો અને પુદ્ગલો પાણી પણે ઉત્પન્ન થાય છે નાશ પામે છે. ચ્યવે છે ને ઉપચય પામે છે. તે ઝરણાં માંથી હંમેશા ઊંનુ પાણી ઝર્યા કરે છે.

આ કુંડ અત્યારે પણ મૌજુદ છે. એજ સંભવિત લાગે છે કે એવા કોઈ ઝરણામાંથી નિરંતર પાણી ત્યાં આવ્યા કરે છે. આવા અનેક ઝરણાં જોવામાં આવે છે કે જે નિરંતર–

એટલી બધી વિકસિત્ હતી કે દેવી દેવતાઓ ઉપદ્રવ કરવા માટે તથા જૈનત્વ અને જૈન તત્ત્વથી ચલાયમાન કરવા માટે સમર્થ નહી હતા.

કેમ કે શાસ્ત્રોના અર્થો તેઓ સાંભળતા હતા માટે જે કંઈ થાય છે તે પોતાનાં કરેલા કર્મોને અનુસાર જ થાય છે. આવી પૂર્ણ શ્રદ્ધા તેઓ ધરાવતા હતા. માટે તેઓ નિઃશંક હતા. મુનિઓનાં પરમ ભક્ત હતા. જૈન શાસનનો રાગ હાડોહાડ વ્યાપી જવાના કારણે ખાવામાં, પીવામાં, બોલવામાં ચાલવામાં અને રહેણી કરણીમાં સંપૂર્ણપણે જૈનશાસનની મર્યાદા વાલા હતા. આત્મકલ્યાણ માટે વ્રતધારી થયેલા હતા. ઈર્ષ્યા અદેખાઈ, વૈર, વિરોધ વિનાના હોવાથી સર્વત્ર પ્રીતિકર હતા. વિશ્વાસને પાત્ર હતા.

આવા પ્રકારના તુંગિઆ નગરીના શ્રાવકો, તથા શ્રાવિકાઓ મહાવીર સ્વામીના શાસન માટે અનહદ રાગવાન હોવાથી જ ગુણ ગ્રાહી હતા. પૂજક હતા. મુનિવેષ અને મુનિ ધર્મ પ્રત્યે આદરવાળા હતા. માટે જ પાર્શ્વનાથ ભગવાનના

હંમેશા ઝર્યા જ કરે છે અને આપણને ખબર યે નથી પડતી કે પાણી કયાંથી આવે છે.

ભગવાન સુધર્માસ્વામીના સમયે પણ આ કુંડ હતો અને

મુનિરાજોનું આગમન સાંભળતાં જ રાજી રાજી થયા અને તેમને વાંદવા માટે નમવાં માટે અને ઉપાસના અર્થે ત્યાં આવ્યા છે. અને પોતાની શંકાઓ દૂર કરી શકયા છે. સત્પાત્રમાં દાન દેવા માટે તેઓ અધિક રૂચિવાળા હતાં. તેવી જ રીતે અનુકંપ્ય જીવોને અનુકંપાપૂર્વક દાન દેવામાં તેટલાજ આગ્રહી હતા તે કારણે રાત–દિવસ તેમનાં દરવાજા ખુલ્લા રહેતા હતા.

પાર્શ્વનાથ ભગવાનનાં મુનિરાજો સાથે ચર્ચા કરતાં તે શ્રાવકોએ જ્યારે જાણ્યું કે સંયમ એટલે નવા પાપોનાં દ્વાર બંધ કરવાં. અને તપ એટલે જૂના પાપોને ધોઈ નાખવા તો પછી દેવગતિ શી રીતે પ્રાપ્ત થાય. કેમકે નવાં પાપોને રોકનાર અને જૂનાં પાપોને ખંખેરી નાખનાર તો મોક્ષમાં જવાનો અધિકારી છે.

આ શંકાના નિવારણ માટે મુનિઓએ કહ્યું કે પૂર્વ સંયમ અને પૂર્વ તપનાં કારણે દેવગતિ પ્રાપ્ત થાય છે. એટલે કે સંયમ અને તપમાં જેટલાં અંશે રાગ હશે. તે પૂર્વ સંયમ અને પૂર્વ તપ કહેવાશે. આવો સાધક અર્થાત્ રાગ સહીત સંયમ અને તપનો આરાધક મોક્ષમાં નહીં જતાં દેવગતિને મેળવનારો થશે. આના ઉત્તરથી શ્રાવકો નિઃશંક થયે ફરી ફરીથી મુનિઓને નમન કરી વંદન કરી અને જૈનશાસનની ભૂરિ ભૂરિ પ્રશંસા કરતાં પોતાને ઘેર આવ્યા અને પોતાનાં આત્માને ધર્મધ્યાનમાં સ્થિર કર્યો.

યદ્યપિ મકાનો તથા વૃક્ષો એક સરખા નથી હોતાં. તથાપિ ઉંચા ટેકરા ઉપરચઢેલાં માણસને આખુંયેગામ સમાન આકારજ દેખાય છે.તેવીજ રીતે સમ્યક્ત્વરૂપી ઉંચા ટેકરા ઉપર ચઢી ગયેલો ભાગ્યશાળી આત્મા સમભાવમાં આવીને એટલો નિર્વિકારી થઈ જાય છે. કે બીજા આત્માઓ પણ તેને પોતાનાં સરખાં લાગે છે. તથા સૌ જીવોમાં અમુક ગુણોને જોઇને તે સહુને ગુણીયલ માનવાની વૃતિ તથા પ્રવૃત્તિ પણ એવી સરસ પ્રાદુભૂર્ત થાય છે. જેને લઈને આ મારો છે. આ તારો છે હું સમકિતી છું. તું મિથ્યાત્વી છે મારૂં શિષ્યોમાં જૈન ધર્મ છે. બીજાઓમાં નથી. મારો સંઘજ સંઘ છે. જ્યારે બીજા આચાર્યોનો સંઘ ગુણ રહિત છે. મારા તપાગચ્છને મૂકીને બીજા કોઇ પણ સંપ્રદાયમાં સમ્યક્ત્વ હોઇ શકે નહી. ઇત્યાદિ બુધ્ધિ ભ્રમણાઓ કોઈ કાળે તે સમ્યક્ત્વધારીને થતી નથી. વસ્તુતઃ તે આત્માને સમ્યક્ત્વ સ્પર્શ થઈ ગયો હશે તો !

અન્યથા કલેશ કંકાસની ઉદીરણામાં રાગ દ્વેષની પરિણતિમાં મોહ માયાની જાલમાં સમ્યક્ત્વ કયાં રહેતું હશે ? તે ભગવાન જાણે ?

આ નગરીના શ્રાવકો શુદ્ધ સમ્યક્ત્વી હતાં માટે બંને તીર્થંકર પરમાત્માનાં મુનિઓ તેમને એક સરખા જ ગુણીયલ, ચારિત્રધારી અને વન્દનીય લાગ્યા છે.

ગૃહસ્થાશ્રમનો વૈરાગ્યપૂર્વક ત્યાગ કરનાર તથા યથાશકિત તપશ્ચર્યાને આચરનાર મુનિઓમાં ધર્મના નામે, સમ્યક્ત્વ–મિથ્યાત્વનાં નામે, આસ્તિક–નાસ્તિકનાં નામે તથા સુધારક ચુસ્તનાં નામે વર્ગ ભેદ કરવો. અને તે અસત્ કર્મને ટેકો આપવો મહામિથ્યાત્વ છે. આત્મિક દુરાચાર છે. અને ઉત્સૂત્ર પ્રરૂપણાનો જૈનમુન હાખલો છે.

વિક્રમની પાંચમી શતાબ્દીમાં હિન્દના પ્રવાસે આવનાર ચીનાઈ ફાહીયાન અને સાતમી શતાબ્દીમાં હુએનસાંગના સમયમાં પણ એજ કુંડ હતા અને અત્યારે પણ એજ કુંડ છે. રાજગૃહીનગરી બિહાર પ્રાન્તમાં પટણા જીલ્લામાં છે

ચાર પ્રકારની ભાષા

આ પ્રકરણમાં કેવળ ભાષા સંબંધી એક જ પ્રશ્ન છે. ગૌતમસ્વામીએ 'ભાષા અવધારિણી' છે. એમ હું માનું એ પ્રશ્ન પૂછયો છે· અહીં પ્રજ્ઞાપના સૂત્રનાં ભાષા પદનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

અહીં ભાષા વિચારનું કોષ્ટક આપ્યું છે. તેમાં જણાવ્યા પ્રમાણે સત્ય ભાષા, અસત્ય ભાષા, સત્ય મૃષા ભાષા, અને અસત્ય અમૃષા ભાષા એમ ચાર પ્રકારની ભાષા બતાવી છે.卐૩૫

卐૩૫. બીજા જીવોને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે 'ભાષા વ્યવહાર' જ સર્વ શ્રેષ્ઠ સાધન છે. માટે જ પાંચે જ્ઞાનમાં શ્રુતજ્ઞાનને છોડીને બીજા ચારે જ્ઞાનોને મૂક કહ્યા છે. કેવળજ્ઞાન પણ મૂક હોવાના કારણે જ દેવાધિદેવ તીર્થંકર કેવળજ્ઞાનીઓને પણ 'શ્રુતજ્ઞાનનો આશ્રય જ લેવો પડે છે. ગતભવમાં ભાષાપર્યાપ્તિ. નામકર્મ ઉપાર્જન કરેલું હોવાના કારણે જ આ ભવમાં પોતાનો માનસિક અભિપ્રાય જ્યારે બીજાઓને જણાવવાનો હોય છે. ત્યારે આ જીવાત્મા ભાષા વર્ગણાના પુદ્ગલોને ગ્રહણ કરે છે અને બહાર ફેંકે છે. અજોડ શક્તિને ધારણ કરનારા આ ભાષા પુદ્ગલો બહાર આવતાં જ સામેવાલા ઉપર જાદુઈ અસર કરે છે. ભાષા બોલનાર વ્યક્તિ જેવા પ્રકારનો આચાર રાખનાર હશે. આવો જ ઉચ્ચાર તે કરશે. ખાધેલા ખોરાક ને અનુસારે જ ઓડકાર આવે

દેવો

આ પ્રકરણમાં દેવોના ભેદો સંબંધી વિચાર છે.

છે. તેમ દુરાચારીનો ભાષા વ્યવહાર પણ દુરાચાર પૂર્ણ અને સદાચારીનો ભાષા વ્યવહાર સદાચાર પૂર્ણ હોય છે. માટે બોલવા વાળાના આશયને સ્પષ્ટ કરનારી ભાષા પણ ચાર પ્રકારે છે. સત્યભાષા, મૃષાભાષા, સત્યા મૃષાભાષા અને અસત્યઅમૃષા ભાષા, સત્ય ભાષાનો અર્થ આ પ્રમાણે છે. બધા જીવોને હિતકાર, સભ્ય, અસંદિગ્ધ, પાપ વિનાની, પરિમિત શબ્દોવાળી, ભાષા તે સત્યા છે. અહિંસક અને ધાર્મિક માણસોને બોલવા યોગ્ય અને લખવા યોગ્ય ભાષા સત્ય ભાષા છે. જે દશ પ્રકારે છે. જનપદ સત્યા, સંમત સત્યા, સ્થાપના સત્યા, નામ સત્યા, રૂપ સત્યા, પ્રતીત્ય સત્યા, વ્યવહાર સત્યા, ભાવ સત્યા, યોગ સત્યા, ઔપમ્યા સત્યા.

બીજી મૃષા ભાષા છે. જેને લઈને બીજા જીવોની હત્યા થાય. કોઈનો પણ આત્મા દુભાવાય, પારકાઓની આજીવિકા તૂટે ઈત્યાદિ ભાષા મૃષા ભાષા છે તે દશ પ્રકારે છે.

ક્રોધ, માન, માયા, લોભ, પ્રીતિ દ્વેષ, હાસ્ય, ભય, આખ્યાયિકા અને ઉપઘાત આ પ્રમાણેના આત્મિક દૂષણોને લઈને બોલનારની ભાષા મૃષા ભાષા કહેવાશે. મોહ કર્મનો પ્રબલ ઉદય વર્તતો હોય. મોહ કર્મની ઉદીરણા કરવામાંજ જેને રસ હોય. અને તેવા જીવો સાથે મિત્રતા કરીને જીવન યાપન કરનારો હોય તેવા જીવાત્માઓનો ભાષા વ્યવહાર અસત્ય પૂર્ણ રહેશે. ક્રોધના આવેશમાં આવીને જે ભાષા બોલાય છે. તે હિંસાત્મક હોવાના કારણે મૃષા ભાષા કહેવાય છે. હિંસક બે જાતના હોય છે. એક દ્રવ્ય હિંસક અને બીજો ભાવ હિંસક.

સાર એ છે કે–દેવ ચાર પ્રકારના છે. ભવનપતિ, વાનવ્યંતર–

પોતાના પેટને માટે અથવા અમૂક કારણોને લઈને અનિવાર્ય રૂપે હિંસક વૃત્તિનો આશ્રય લેનાર દ્રવ્ય હિંસક હોય છે. તે પોતાનો સ્વાર્થ સધાય પછી હિંસાને, હિંસાના વ્યાપારને છોડી પણ દે છે. જ્યારે ભવ પરંપરાના આત્મીય દૂષણોમાં રાચનાર વ્યકિત જાણે અજાણે અથવા સ્વાર્થની ખાતર ક્રોધ, માન, માયા, લોભ, પ્રીતિ, દ્વેષ હાસ્ય આદિનો આશ્રય લે છે. ત્યારે તે ભાવ હિંસકનો માનસિક, વાચિક, કાયિક વ્યાપાર પરઘાતક અને સ્વઘાતક રૂપે બને છે. માટે જ દ્રવ્ય હિંસા કરતાં પણ ભાવ હિંસા અત્યંત દુસ્ત્યાજ્ય છે. તેથી જ જૈન શાસનનું આ કથન છે કે ક્રોધી માણસનું ભાષણ અસત્ય જ હોય છે. કેમકે ક્રોધ પર પીડાત્મક અપ્રીત્યાત્મક રૂપે જ અનુભવાય છે. જાતિ, લાભ, કુળ, ઐશ્વર્ય, બળ રૂપ, શ્રુત, અને તપનો મદ યા નશો જ્યારે આત્માને ચડે છે ત્યારે બીજાઓની નિંદા, અપમાન તિરસ્કાર કરવાથી તેની ભાષા પણ પરપીડાત્મક હોવાના કારણે મૃષાભાષાના રૂપે જ પરિણમશે.

તીર્થંકર પરમાત્માઓનું શાસન કહે છે કે–અહંકારી તથા મિથ્યાભિમાનીઓની ભાષા અસત્ય ભાષા છે, માયાવી, કપટી માણસોને પોતાનાં દૂષણો છૂપાવવાના હોય છે. માટે તેનો અધોય આડંબર મૃષાવાદાત્મક હોવાથી તેની ભાષા અસત્યરૂપે જ રહે છે. શ્રીમંતાઈનો, સત્તાપ્રાપ્તિનો, શિષ્યોનો, પુત્રોનો, યશ અને કીર્તિ મેળવવા માટેનો લોભ કોઈ કાળે પણ સત્ય ભાષણ કરવા દેતો નથી માટે જ લોભાંધ માણસનો ભાષા વ્યવહાર અસત્ય હોય છે.

પર પ્રદાર્થ પ્રત્યે જ્યારે અતિશય પ્રેમ બંધાય છે, ત્યારે તેની ભાષામાં અસત્યતા આવ્યા વિના રહેતી નથી. દ્વેષી માણસ જ્યારે બીજાઓના ગુણોને, વિદ્વત્તાને, તથા સત્કાર્યોને લોપવા

જ્યોતિષ્ક અને વૈમાનિક.

એસે છે ત્યારે નિશ્ચિત છે કે તે ગુણ દ્વેષી,તપો દ્વેષી અને વ્યક્તિદ્વેષી માણસના મુખે કદિ પણ સત્યભાષણ તમે સાંભળી શકવાના નથી.

હાસ્ય એટલે મશ્કરી કરવાના સ્વભાવને તો અસત્યનો જનક (પિતા) કહેવામાં આવે છે. આવી સ્થિતિમાં તે સત્ય ભાષા કેવી રીતે બોલશે ? પ્રસંગ વિના વધારે પડતું બોલવામાં તથા અતિશયોક્તિ કરવામાં પણ મૃષા ભાષણ કરવું જ પડે છે. અને બીજાઓને તું ચોર છે, તું બદમાશ છે, કાણો છે, દુરાચારી છે, આ પ્રમાણેની ભાષાને પણ મહાવીરનું શાસન અસત્ય ભાષા કહે છે.

સંસારભરના સંપૂર્ણ દર્શનોમાં જૈન શાસનની આજ દીર્ઘદૃષ્ટિતા છે. જેને લઈને માનવ માત્રની માનવતા, ધાર્મિકતા અને છેવટે આત્મત્વની પરિપૂર્ણતા પ્રાપ્ત થાય છે. જૈનશાસને હિંસા વિરમણવ્રત, અને મૃષાવાદ વિરમણવ્રતની પ્રતિપાદના કરી છે. કેમકે અહિંસા વ્રત કે સત્યવ્રત સ્વતઃ કોઈ પદાર્થ છે જ નહિ. માટે સૌ પ્રથમ અહિંસાવ્રતનો કે સત્ય વ્રતનો ઝંડો લઈને ફરવા કરતાં અનાદી કાળથી હિંસા, હિંસક ભાવના; હિંસક ભાષા અને મૃષાભાષાની જે ટેવો–આદતો આપણા જીવનમાં પડી છે, તેને દૂર કરવા માટે જ પ્રયત્નશીલ થવાની જરૂરત છે.

આ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ જ્યારે જીવનમાંથી જશે ત્યારે જ માનવ અહિંસક અને સત્યવાદી બનશે. એટલે કે હિંસાજન્ય સંસ્કારોને ત્યાગ કર્યા વિના કોઇ પણ માણસ અહિંસક બની શકતો નથી.

એજ પ્રમાણે મૃષાવાદને ત્યાગ્યા વિના સત્યવાદી બનવાનો ઢોંગ સર્વથા ઢોંગ જ છે. માટે સત્યવાદી બનાવાવાળાને સર્વ

આ સંબંધીનું વર્ણન પ્રજ્ઞાપના સૂત્રના બીજા 'સ્થાન'

પ્રથમ મૃષાવાદનો ત્યાગ કરવો અનિવાર્ય છે. અને મૃષાવાદને ત્યાગ કરવાની ભાવનાવાળા માનવે સૌથી પહેલા તેના મૂળ કારણો જે ઉપર બતાવ્યાં છે. તેનેસર્વથા છોડવા માટે જ તૈયાર રહેવું જોઈએ.

આગમ વચન પણ છે કે–કોહા વા લોહા વા ભયા વા હાસા વા આ ચાર કારણોથી માણસ જૂઠ બોલે છે. આવી સ્થિતિમાં તે બીજું વ્રત શી રીતે લેશે? અને લેશે તો શી રીતે પાળશે? અને ન પાળી શકે તો વ્રતોની મશ્કરી એટલે મહાવીરના શાસનની ઠેકડી જ તેના ભાગ્યમાં રહેશે.

ભાષાનો ત્રીજો પ્રકાર સત્યામૃષા છે. જે ભાષા બોલવામાં કાંઇક સત્યતા અને કંઇક અસત્યતા પણ રહેલી હોય છે. તે સત્યામૃષા ભાષાના પણ દશ પ્રકાર છે. ૧ ઉત્પન્ન મિશ્રિત, ૨ વિગત મિશ્રિત, ૩ ઉત્પન્ન વિગત મિશ્રિત, ૪ જીવ મિશ્રિત, ૫ અજીવ મિશ્રિત, ૬ જીવાજીવ મિશ્રિત, ૭ અનંત મિશ્રિત, ૮ પ્રત્યેક મિશ્રિત, ૯ કાળ મિશ્રિત; તથા ૧૦ અદ્ધાદ્ધા મિશ્રિત છે. અને ચોથા પ્રકારની ભાષા અસત્યામૃષા છે.જેમાં સત્યતા તેમ અસત્યતા પણ નથી કેવળ વ્યવહાર જ આ ભાષાનો હેતુ છે તેના બાર ભેદ છે.

૧ આમંત્રણી; ૨ અજ્ઞાપની, ૩ યાચની, ૪ પ્રચ્છન્ની, ૫ પ્રજ્ઞાપની, ૬ પ્રત્યાખ્યાની, ૭ ઇચ્છાનુલોમા, ૮ અનભિગૃહીતા ૯ અભિગૃહીતા, ૧૦ સંશયકરણી, ૧૧ વ્યાકૃત તથા ૧૨ અવ્યાકૃત છે.

નામના પદમાં આવે છે卐[૩૬]

આ વ્યવહારુ ભાષાને બોલનારના મનમાં અશુદ્ધ હેતુ નથી. તેમ સાંભળનારના મનમાં પણ અશુદ્ધતા નથી કેવળ વ્યવહારમાં જે પ્રમાણે બોલાતી હોય તેમ બોલનાર બોલે છે અને સમજનાર સમજે છે. ઉપર પ્રમાણેની ચારે પ્રકારની ભાષાઓમાં પહેલો અને છેલ્લો પ્રકાર એટલે—સત્યા ભાષા અને અસત્યામૃષા ભાષાનો પ્રકાર જ ભાષા સમિતિને લાગુ પડે છે જ્યારે મૃષા અને સત્યા મૃષા ભાષાને વદનારો માણસ ભાષા સમિતિનો માલિક બની શકે તેમ નથી સૂત્રકારને પણ ભાષા સમિતિનું આ લક્ષણ ઈષ્ટ છે.

" निरवद्यार्थभाषणत्वे सति सत्याऽसत्याऽमृषा लक्षणयोर्भाषिणोर्द्वयोः सूत्रानुसारिण्योर्भाषणरुपत्वं वा भाषा समितेर्लक्षणम् "

—આર્હતદર્શનદીપિકા પેજ ૧૦૭૦

卐 ૩૬. " दीव्यन्ति द्योतन्ते मोदन्ते माद्यन्ति इति देवाः " આવ્યુત્પત્તિના અનુસારે જેઓ જુદીજુદીજાતની ક્રીડા કરવાવાળા બધી રીતે પ્રકાશમાન, આધિ—વ્યાધિથી દૂર હોવાના કારણે ખુશ રહેનારા પુણ્ય કર્મના ભોગવટામાં પ્રસન્નચિત્તે આયુષ્ય પૂર્ણ કરનારા "દેવો" હોય છે. તેઓને કોઇ જાતની ગર્ભ વેદના ભોગવવી નથી પડતી. વૃદ્ધાવસ્થાના દુઃખો કે મરણ સમયની શારીરિક વેદના પણ નથી હોતી.

મનુષ્ય અવતારમાં અનન્ત તથા અસંખ્યાત જીવોની રક્ષા સંયમ સરાગસંયમ, શ્રાવકધર્મ, બાળતપ, અકામ નિર્જરા, દાન, સત્કર્મ વગેરે પુણ્ય કર્મોની ઉપાર્જના કરેલી હોવાથી દેવગતિનેભોળવનારાભાગ્યશાલીઓ દેવશય્યા ઉપર ઉત્પન્ન થાય છે. તેઓના શરીરની સુંદર કાંતિ, દેદીપ્યમાન શારીરિક પ્રભા

ચમરની સભા

આમાં પ્રશ્ન એક જ છે કે અસુર કુમારનો ઈન્દ્ર અને તેમના રાજા ચમરની સુધર્મા નામની સભા ક્યાં છે. ? આના ઉત્તરમાં વિસ્તારથી એ સ્થાનનું વર્ણન છે. સંક્ષેપમાં કહીએ તો જંબૂદ્વીપમાં મંદર પર્વતની દક્ષિણ બાજુએ અસંખ્ય દ્વીપ, સમુદ્રો ઓળંગ્યા પછી અરુણવર નામનો દ્વીપ આવે છે.

સુંદર સ્થાન કપૂરની ગોટી જેવું શરીર, ભૂખ–પ્યાસ–સંતાપ અને વિયોગની વેદના વિનાનું જીવન, સુંદર–સ્વચ્છ–વિમાનો તથા ભવનોમાં સ્વેચ્છા પ્રમાણે રહેવાનું, મનમાન્યા આભૂષણો, કપડાઓ તથા શસ્ત્રોની પ્રાપ્તિમાં મસ્ત થઈને આમોદ–પ્રમોદ કરનારા દેવતાઓને આપણા કરતાં અસંખ્યાત અનન્તગુણ વધારે આયુષ્યકર્મ ભોગવવાનું હોય છે. નાચ, ગાન, ખેલ, તમાશામાં સમય પ્રસાર કરનારા દેવો પોતાની દેવીઓ સાથે અને દેવીઓ પોતાના દેવો સાથે અમન–ચમન કરનારા હોય છે. મનુષ્યની, મનુષ્ય લોકની ગંધથી સર્વથા દૂર રહેનારા દેવતાઓ, ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક રૂપે ચાર પ્રકારના હોય છે.

ભવનપતિના દેવો–અસુરકુમાર, નાગકુમાર. વિદ્યુત્કુમાર, સુવર્ણકુમાર, અગ્નિકુમાર, વાયુકુમાર સ્તનિતકુમાર, ઉદધિ–કુમાર, દ્વીપકુમાર, અને દિક્કુમાર નામે દશભેદે હોય છે રાજ–કુમારની જેમ સુંદર આકારવાળા, સુકોમલ અને શૃંગાર પ્રિય હોય છે.

મહા મરુપર્વતની ઉત્તર અને દક્ષિણ તરફ તેમના આવાસો છે. તોફાની હોવાના કારણે તેમના મસ્તક ઉપર બે ઈન્દ્રો હોય છે. જે ઉત્તરાધિપતિ અને દક્ષિણાધિપતિ કહેવાય છે.

ત્યાંથી આગળ અરુણોદય સમુદ્ર આવે છે. એ સમુદ્રમાં બેંતાલીસ લાખ યોજન ઊંડા ઉતર્યા પછી ચમરનો તિગિચ્છક કૂટ નામનો પર્વત આવે છે. આ પર્વતના સૌથી ઉપલા ભાગની વચ્ચે મહેલ છે.

અહિં તિગિચ્છક કૂટ, અરુણોદય સમુદ્ર, ચમર ચંચા રાજધાની, સુધર્મા સભા વગેરેનું વિસ્તારથી વર્ણન છે.

વ્યંતરોનું સ્થાન નિયત ન હોવાના કારણે તેમની ઈચ્છા પ્રમાણેના સ્થાને રહે છે. તે વ્યંતરો આઠ પ્રકારના છેઃ—કિન્નર, કિંપુરુષ, મહોરગ, ગન્ધર્વ, યક્ષ, રાક્ષસ, ભૂત અને પિશાચ. એમના અવાંતર ભેદો આ પ્રમાણે છેઃ—કિન્નર, કિંપુરુષ, કિંપુરુષોત્તમ, કિન્નરોત્તમ, હૃદયંગમ, રૂપશાલી અનિંદિત્ત, મનોરમ, રતિ પ્રિય અને રતિશ્રેષ્ઠ. આમ કિન્નરના દશ ભેદો છે.

પુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, પુરુષવૃષભ પુરૂષોત્તમ; અતિપુરુષ, મરુદેવ, મરુત મેરુપ્રભ, અને યશસ્વંત નામે કિંપુરુષો પણ દશ ભેદે છે.

હાહા, હૂહૂ, તુમ્બરવ, નારદ, ઋષિવાદિક, ભૂતવાદિક, કાદંબ મહાકાદંબ, રૈવત, વિશ્વાવસુ, ગીતરત, અને ગીતશય નામે ગાન્ધર્વ દેવોના ૧૨ ભેદ હોય છે.

પૂર્ણભદ્ર, મણિભદ્ર, શ્વેતભદ્ર, હરિભદ્ર, સુમનોભદ્ર, વ્યતિપાતિકભદ્ર, સુભદ્ર, સર્વતોભદ્ર, મનુષ્ય યક્ષ, વનાધિપતિ, વનાહાર રૂપયક્ષ, યક્ષોત્તમ આ પ્રમાણે યક્ષોના તેર ભેદ છે.

ભીમ મહાભીમ, અતિરૂપ, ભૂતોત્તમ, સ્કન્દિક, મહાસ્કન્દિક, મહાવેગ, પ્રતિચ્છન્ન, આકાશગ, આ પ્રમાણે ભૂત નામના વ્યંતરો નવ પ્રકારે છે.

આ તિગિચ્છક કૂટ નામનો પર્વત ચમરેન્દ્રનો ઉત્પાત પર્વત છે. જેનો વિષ્કંભ ૧૦૨૨ યોજન છે.

સમય ક્ષેત્ર

આ પ્રકરણમાં સમય ક્ષેત્રનો પ્રશ્ન છે. અઢી દ્વીપ અને બે સમુદ્ર, એને સમય ક્ષેત્ર કહેવામાં આવે છે. તેમાં આ જંબૂદ્વીપ બધા દ્વીપ અને સમુદ્રોની વચ્ચે છે. (આ અધિકાર જીવાભિગમ સૂત્રમાં વધારે છે.)

કુષ્માંડ, પટક, જોષ, આહ્નક, કાળ, મહાકાળ, શ્વૌક્ષ, અશ્વૌક્ષ, તાલપિશાચ, મુખરપિશાચ; અધસ્તારક, દેહ, મહાવિદેહ, સ્તૂષ્ણીક અને વનપિશાચક આ પ્રમાણે પિશાચ-વ્યંતરો ૧૫ પ્રકારે હોય છે.

ત્રીજા પ્રકારના જ્યોતિષ્ક દેવતાઓ પાંચ પ્રકારે છે. સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા.

આકાશમાં પણ તેમનો આજ ક્રમ છે. સૌથી નીચે સૂર્ય પછી ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા છે.

મેરુ પર્વતની સમતલ ભૂમિથી ૮૦૦ યોજન ઉપર જવાથી સૂર્યનું વિમાન આવે છે. ત્યાંથી ૮૦ યોજન ઉપર ચંદ્રનું વિમાન છે. ત્યાંથી ૨૦ યોજન ઉપર જવાથી તારાઓ આવે છે.

મનુષ્ય લોકમાં મેરૂપર્વતની ચારે બાજુએ ગતિ કરનારા ૧૩૨ સૂર્ય અને ચન્દ્ર છે, ૨૮ નક્ષત્રો છે, ૮૮ ગ્રહો છે અને ૬૬૯૭૫ કોડાકોડી તારાઓ છે.

વિમાનમાં રહેવાવાળા વૈમાનિક દેવો ૧૨ પ્રકારના છે—

સમય એટલે કાળ કાળથી ઉપલક્ષિત જે ક્ષેત્ર તે સમય ક્ષેત્ર' કહેવાય છે. કહેવામાં આવ્યું છે કે–સૂર્યની ગતિથી ઓળખાતો દિવસ અને માસાદિરૂપ કાળ એ મનુષ્ય ક્ષેત્રમાં જ છે. તેથી આગળ નથી કારણ કે આગળ રહેનારા સૂર્ય ગતિવાળા નથી.

જંબૂદ્વીપથી લઈને માનુષોતર પર્વત સુધી મનુષ્યલોક છે. જે ક્ષેત્રમાં અરિહંતો, ચક્રવર્તીઓ, બલદેવો, વાસુદેવો શ્રાવકો અને શ્રાવિકાઓ છે તે મનુષ્યલોક છે. જ્યાં મોટા મેઘ વરસે છે. જ્યાં અગ્નિકાય છે. જ્યાં ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે, તે મનુષ્લોક છે.

પાંચ દ્રવ્ય

જૈન શાસ્ત્રોમાં છ દ્રવ્યો માનવામાં આવ્યા છે. જેમાંના પાંચ અસ્તિકાયરૂપ છે. અને છઠું દ્રવ્ય છે કાળ. અસ્તિકાય દ્રવ્યો આ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય જીવાસ્તિકાય. અને પુદ્ગલાસ્તિકાય આ પાંચ અસ્તિકાયોનું વર્ણન આ પ્રકરણમાં છે. જેનો સાર આ છે:–

પહેલા એ જાણવું જોઇએ કે–'અસ્તિકાય એટલે શું! 'અસ્તિ' એટલે પ્રદેશ અને 'કાય' એટલે સમૂહ. અર્થાત્

સૌધર્મ, ઈશાન, સનત્કુમાર માહેન્દ્ર, બ્રહ્મલોક, લાન્તક, મહાશુક્ર સહસ્રાર, આનત, પ્રાણત, આરણ અને અચ્યુત.

આના ઉપર નવ ગ્રૈવેયક દેવો છે. અને સૌથી છેલ્લા– વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ દેવો છે. જે એકાવતારી હોય છે. અને ઉપરના ચારે દ્વિભવિક

પ્રદેશોનો સમૂહ. એનો બીજો અર્થ એમ પણ છે–'અસ્તિ' એ ત્રણે કાળનો સૂચક નિપાત (અવ્યય છે.) અથાત્ જે થાય છે, થયા છે ને થશે એવા જે પ્રદેશોનો સમૂહ, એનું નામ છે અસ્તિકાય.

આવા અસ્તિકાય ધરાવનારા પદાર્થો પાંચ છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય.

ધર્માસ્તિકાય અરૂપી, અજીવ અને શાશ્વત છે. અવસ્થિત લોકદ્રવ્ય છે.

ધર્માસ્તિકાય દ્રવ્યથી એક છે, ક્ષેત્રથી લોક પ્રમાણ, એટલે જેવડો લોક છે તેટલો છે. કાળથી નિત્ય છે. અને ભાવથી રંગ, ગંધ, રસ અને સ્પર્શ વિનાનો છે. ગુણથી ગતિ ગુણવાળો છે.

એવી જ રીતે અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય પણ છે. વિશેષતા એ છે કે—અધર્માસ્તિકાય ગુણથી સ્થિતિ ગુણવાળો છે. ને આકાશાસ્તિકાય ક્ષેત્રથી લોકાલોક પ્રમાણ અર્થાત્ જેટલો લોકાલોક છે, એવડો છે—અનંત છે અને ગુણથી અવગાહના ગુણવાળો છે. ઉપર ધર્માસ્તિકાયનો ગુણ ગતિગુણ બતાવ્યો અને અધર્માસ્તિકાયનો ગુણ સ્થિતિગુણ બતાવ્યો. એનું કારણ એ છે કે–આ લોકાકાશની અંદર એવા બે પદાર્થો, સર્વત્ર વ્યાપ્ત થઈને રહેલા છે. કે જે જીવ અને પુદ્ગલને ગતિમાં અને સ્થિતિમાં સહાયક થાય છે. જેમ માછલાને ચાલવામાં પાણી સહાયક છે, અને ઉભા રહેવામાં જમીન સહાયક છે, તેમ જીવ અને પુદ્ગલની ગતિ જેની સહાયતાથી થાય છે, તેનું નામ ધર્માસ્તિકાય છે.

અને જીવ અને પુદ્ગલની સ્થિતિ–સ્થિરતા–જેની સહાયતાથી થાય છે, એનું નામ અધર્માસ્તિકાય છે.

હવે જીવાસ્તિકાય–દ્રવ્યથી અનંત જીવદ્રવ્ય રૂપ છે. ક્ષેત્રથી લોક પ્રમાણ છે. કાળથી હંમેશા નિત્ય છે. ભાવથી રંગ, ગંધ. રસ, સ્પર્શ વિનાનો છે. ગુણથી ઉપયોગ ગુણવાળો છે.

હવે પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ જુઓ–પુદ્ગલાસ્તિકાયમાં પાંચ રંગ, પાંચ રસ, બે ગંધ, અને આઠ સ્પર્શ છે. આ અસ્તિકાય રૂપવાળો છે. અજીવ છે, શાશ્વત છે, અને અવસ્થિત લોક દ્રવ્ય છે. ટૂંકામાં–પુદ્ગલાસ્તિકાય દ્રવ્યથી અનંત દ્રવ્યરૂપ છે, ક્ષેત્રથી માત્ર લોક પ્રમાણ છે. કાળથી નિત્ય છે. ભાવથી રંગવાળો, ગંધવાળો, રસવાળો અને સ્પર્શવાળો છે. ગુણથી ગ્રહણ ગુણવાળો છે.

આ પાંચે પદાર્થો અસ્તિકાય છે, અસ્તિકાય એટલે પ્રદેશોનો સમૂહ. ધર્મ, અધર્મ, આકાશ, જીવ અને પુદ્ગલ આ પાંચે દ્રવ્યો પોતાના સમગ્ર પ્રદેશોથી યુકત હોય ત્યારેજ તે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય કહેવાય છે. તે તે દ્રવ્યોનો એક બે, પાંચ, પચ્ચીસ કે યાવત્ સમસ્ત પ્રદેશોમાંનો એક પણ પ્રદેશ ઓછો હોય, ત્યાંસુધી તે ધર્માસ્તિકાય વગેરે ન કહેવાય.

નિશ્ચયનયની અપેક્ષાએ આ વચન કહેવામાં આવ્યું છે. વ્યવહારનયની અપેક્ષાએ તો કંઈક શૂન્યતા હોય, તો પણ તે વસ્તુ કહી શકાય. વ્વહારનય તો ઘડાના ખંડને પણ

ઘડો કહે, કૂતરાના કાન કપાઈ ગયા હોય છતાં કૂતરો કહે. પણ ઉપર જે કહેવામાં આવ્યું છે તે નિશ્ચયનયની અપેક્ષાએ છે.

ઉપરનાં પાંચ દ્રવ્યોમાં આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયના અનંત પ્રદેશો છે અને ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય તથા જીવાસ્તિકાયના અસંખ્ય પ્રદેશો છે. આપણે ઉપર જોઈ ગયા કે જીવાસ્તિકાયનો ઉપયોગ ગુણ છે તે જીવ ઉત્થાનવાળો, કર્મવાળો, બળવાળો, વીર્યવાળો અને પુરુષાકાર પરાક્રમવાળો છે, કે જે આત્મભાવવડે જીવભાવને બતાવે છે. એનું કારણ એ છે કે–જીવ મતિ–શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળજ્ઞાનના અનંત પર્યવોના, મતિ અજ્ઞાન, શ્રુત અજ્ઞાન, વિભંગજ્ઞાનના અનંત પર્યવોના. ચક્ષુદર્શન, અચક્ષુદર્શન અવધિદર્શન અને કેવલદર્શનના અનંત પર્યવોના ઉપયોગને પ્રાપ્ત કરે છે. એટલે કે જીવ, ઉપયોગરૂપ છે. માટેજ ઉત્થાનાદિવાળો જીવ આત્મભાવવડે જીવભાગને દેખાડે છે. અહીં જે પર્યવો કહ્યા છે, એનો અર્થ છે બુદ્ધિથી કહેલા વિભાગો કહેવાનો મતલબ એ છે કે મતિજ્ઞાનના એવા પર્યવો અનંત હોય છે તેથી જ ઉત્થાનાદિ (ઉઠવું. બેસવું, સૂવું, ખાવું વગેરે) ભાવમાં વર્તતો આત્મા મતિજ્ઞાન સંબંધી અનંત પર્યવોના ઉપયોગને મતિ જ્ઞાનના પર્યવરૂપ એક પ્રકારના ચૈતન્યને પામે છે, એમ કહેવાય.

આકાશાસ્તિકાય–આકાશ બે પ્રકારના છેઃ–લોકાકાશ અને અલોકાકાશ. જે ક્ષેત્રમાં ધર્માસ્તિકાય વગેરે દ્રવ્યો રહે છે તે ક્ષેત્ર-દ્રવ્યો સહિત લોક જ લોકાકાશ કહેવાય છે. અને જ્યાં તે દ્રવ્યો નથી તે અલોક અલોકાકાશ કહેવાય છે.

એ પહેલા જ કહેવામાં આવ્યું છે કે—આ લોકાકાશરૂપ અધિકરણ—આધારમાં સંપૂર્ણ જીવ દ્રવ્ય રહે છે તેમ અજીવ દ્રવ્ય પણ રહે છે. એટલે કોઈ અપેક્ષાએ એમ કહી શકાય કે—લોકાકાશ એ જીવો, જીવના દેશો, જીવના પ્રદેશો તેમ અજીવો, અજીવના દેશો, અજીવના પ્રદેશો છે. જે જીવો છે અજીવો, અજીવના દેશો, અજીવના પ્રદેશો છે. જે જીવો છે તે એકેન્દ્રિય; બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય, પંચેન્દ્રિય અને અનિન્દ્રિય છે.

અજીવો બે પ્રકારના છે. રૂપી અને અરૂપી, રૂપીના ચાર પ્રકાર છે સ્કન્ધ; સ્કન્ધદેશ; સ્કન્ધપ્રદેશ, અને પરમાણુ પુદ્ગલ જે અરુપી છે. એનાં પાંચ ભેદ છે. ધર્માસ્તિકાયનો દેશ; ધર્માસ્તિકાયના પ્રદેશો, અધર્માસ્તિકાયનો દેશ, અધર્માસ્તિકાયના પ્રદેશો તથા અદ્ધા સમય.

અલોકાકાશ એ જીવ કે જીવના પ્રદેશો ન કહેવાય તે એક અજીવ દ્રવ્ય દેશ છે. અગુરુલઘુ છે, તથા અગુરુલઘુરૂપ અનંતગુણોથી સયુંકત છે. અને અનંત ભાગથી ન્યૂન સર્વ આકાશરૂપ છે.

લોકાકાશમાં વર્ણ ગંધ, રસ, સ્પર્શ નથી. તે એક અજીવદ્રવ્યદેશ છે. અગુરુલઘુ છે. અગુરુલઘુરૂપ અનંત ગુણોથી સયુંકત છે. અને સર્વ આકાશના અનંત ભાગરૂપ છે.

ધર્માસ્તિકાયાદિ સંબંધી કંઈક વિશેષ—

ધર્માસ્તિકાય લોકરૂપ છે. લોકમાત્ર છે. લોક પ્રમાણ છે. લોકને સ્પર્શેલો અને લોકને જ અડકીને રહેલો છે. એજ પ્રમાણે અધર્માસ્તિકાય; લોકાકાશ, જીવાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાય સંબંધી જાણવું.

અધોલોક ધર્માસ્તિકાયના અડધાથી વધારે ભાગને અડકે છે. તિર્યગ્લોક-ધર્માસ્તિકાયના અસંખ્યેય ભાગને અડકે છે.

ઉર્ધ્વલોક-ધર્માસ્તિકાયના કંઈક ઓછા અર્ધ ભાગને અડકે છે.

રત્નપ્રભા પૃથ્વી-ધર્માસ્તિકાયના અસંખ્યેય ભાગને અડકે છે.

ઘનોદધિ-ધર્માસ્તિકાયના અસંખ્યેય ભાગને અડકે છે.

એજ પ્રમાણે ઘનવાત અને તનુવાત સંબંધે પણ જાણવું.

રત્નપ્રભા પૃથ્વીનું અવકાશાન્તર ધર્માસ્તિકાયના સંખ્યેય ભાગને અડકે છે. પણ અસંખ્યેય ભાગને, સંખ્યેય ભાગોને, અસંખ્યેય ભાગોને અને આખાને પણ ન અડકે.

આવી રીતે બીજાં અવકાશાન્તરો પણ જાણવા. જંબૂદ્વીપાદિક દ્વીપો, અને લવણ સમુદ્રાદિક સમુદ્રો, સૌધર્મકલ્પ, યાવત્ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી, તે બધાય અસંખ્યેય ભાગને સ્પર્શે છે.

એ પ્રમાણે અધર્માસ્તિકાય અને લોકાકાશને અડકવા સંબંધી પણ જાણવું.

સંક્ષેપમાં પૃથ્વી, ઉદધિ, ઘનવાત, તનુવાત, કલ્પ, ગ્રૈવેયક, અનુત્તરો અને સિદ્ધ. એ બધાનાં અંતરો ધર્માસ્તિકાયના અસંખ્ય ભાગને અડકે છે. 卐[૩૭]

卐 ૩૭ હવે બીજા શતકમાં આ છેલ્લો દશમો ઉદ્દેશો અજીવ કાયનો છે. જેનો ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય

આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અને કાળ એ પાંચ ભેદ છે. અને છઠું દ્રવ્ય જીવાસ્તિકાય છે.

અજીવ એટલે આ પાંચ દ્રવ્યો જીવરૂપે નથી. જ્ઞાન વિજ્ઞાન વિનાનાં ચૈતન્ય ઉપયોગથી રહિત અજીવ હોય છે. કેવળ અસ્તિત્વાદિ ધર્મોની અપેક્ષાએ જીવદ્રવ્યમાં તથા ધર્માદિ દ્રવ્યોમાં સાદૃશ્ય હોવાથી 'નઞ્' નો પર્યુદાસ એટલે સદૃશગ્રાહી અર્થ લેવાનો છે." નામકર્મના ઉદયથી પ્રાણોને ધારણ કરે છે. તે પ્રાણો જેને નથી તે અજીવ છે."

"કાય" શબ્દથી પ્રદેશ અને અવયવોની બહુલતા અને કાળ દ્રવ્યમાં પ્રદેશનો નિષેધ સૂચિત થાય છે. આ ચારે દ્રવ્યોમાં "અજીવકાય" શબ્દોનો વ્યવહાર કર્મધારય સમાસ પ્રમાણે કરવાનો છે કેમકે આ ચારે દ્રવ્યો અજીવ પણ છે. અને કાય પણ છે. अजीवाश्च ते कायश्चेति–अजीवकायाः। આ સમાસમાં બન્ને શબ્દોની વૃત્તિ પરસ્પર એકબીજાને છોડીને પણ રહે છે" જેમ "नीलोत्पल" માના નીલ શબ્દને છોડીને ઉત્પલ શબ્દ રક્તોત્પલ" માં રહે છે અને ઉત્પલને છોડીને નીલ શબ્દ નીલવસ્ત્રમાં પણ વપરાય છે.

આ પ્રમાણે અજીવ શબ્દને છોડીને 'કાય' શબ્દ જીવાસ્તિકાયમાં રહે છે. અને "કાય" શબ્દને છોડીને "અજીવ" શબ્દ કાલદ્રવ્યમાં પણ રહે છે. ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયમાં "ધર્મ અને અધર્મ" શબ્દ પ્રચલિત પાપ અને પુણ્યના પર્યાય શબ્દો નથી. તેમજ વૈશેષિકદર્શને માનેલા

'द्रव्य गुण कर्म सामान्य विशेष समवायाऽभावाः सप्तपदार्थी'

આ સૂત્રમાં પડેલા ગુણ શબ્દનો વિશેષ અર્થ પણ નથી. પરન્તુ જૈન શાસનને માન્ય આ દ્રવ્યો સર્વથા સ્વતંત્ર દ્રવ્યો છે.

ઉપરના ચારે દ્રવ્યો, કાળ તથા જીવાસ્તિકાય દ્રવ્ય કહેવાય છે. આ છએ દ્રવ્યોમાં સંસાર સમાયેલો છે. અને બીજા દર્શનકારોના માનેલા બધાએ દ્રવ્યો અને તત્ત્વો ઉપરના છએ દ્રવ્યોમાં સમાહિત છે. ઉપરના છએ દ્રવ્યો નિત્ય અવસ્થિત અને અરૂપી છે. નિત્યનો અર્થ "પોતાના મૂળ સ્વભાવનો વ્યય ન થાય તે છે." કેમકે આમાંથી કોઇપણ દ્રવ્ય પોતાના સ્વભાવને છોડતો નથી. ધર્માસ્તિકાય કોઇ કાળે પણ અધર્માસ્તિ કાયરૂપે થતો નથી. તેમજ આ બન્ને આકાશા સ્તિકાયના રૂપને ધારણ કરતા નથી. જીવ પુદ્ગલરૂપે થતો નથી તેમ પુદ્ગલ કોઇ સમયે પણ જીવ થવાનો નથી.

આ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય પોતપોતાના સ્વરૂપમાં કાયમ રહે છે. કોઇ કાળે પણ નાશ પામતા નથી. શંકરજીનું ગમે તેવું અને ગમે તેટલું પ્રલયકાળનું ડમરું વાગે તો યે સંસાર નિત્ય છે. અને ઉપરના છએ દ્રવ્યો પોતાના મૂળ સ્વરૂપે નિત્ય છે, તેમ દ્રવ્યોને આશ્રિત તેમના ગુણો પણ નિત્ય છે. ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાયાદિ રૂપે જેમ નથી થતો તેમ ધર્મના ગુણો કયારે પણ પરિવર્તિત નથી થતા. અહીં નિત્યનો અર્થ "तद्भावाव्ययं नित्यं" લેવાનું છે. પણ "अप्रच्युतानुत्पन्नस्थिरैकरुप नित्य" નિત્યનું આ સ્વરૂપ જૈન–શાસનને સર્વથા અમાન્ય છે. કેમકે આવા લક્ષણથી લક્ષિત સંસારમાં એક પણ પદાર્થ છે જ નહી. અમુક અંશ જેનો નાશ ન હોય અને અમુક અંશ જેનો ઉત્પાદ ન હોય એવો એક પણ પદાર્થ સ્થિર રૂપે નથી.

આ છએ દ્રવ્યો અવસ્થિત છે કેમકે એઓની સંખ્યામાં હાનિ–વૃદ્ધિ નથી. તથા કોઈનાથી પણ ઉત્પાદિત નથી, પણ અનાદિ–નિધન છે- માટે તેમનું પરિણમન પણ પરસ્પર થતું

નથી. માટે અવસ્થિત છે. જેમ "જ્યાં આકાશાસ્તિકાયનો પ્રદેશ છે, ત્યાંજ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, જીવાસ્તિકાયનાં પણ પ્રદેશો છે. અવસ્થિત છે–રહેલો છે. છતાં તે બધાઓના પ્રદેશો એકબીજામાં પરિણત થતાં નથી. તેમજ એક બીજાને પોતામાં પરિણત કરતા નથી. પુદ્ગલાસ્તિકાયને છોડી બાકી બધાએ દ્રવ્યો અરૂપી છે. રૂપનો અર્થ મૂર્ત થાય છે. રૂપ, રસ, ગંધ, સ્પર્શ આ ચારે ગુણોને તથા ગુણોથી યુક્ત દ્રવ્યને મૂર્ત કહેવાય છે. આથી આપણે જાણી શકીએ છીએ કે બાકીના બધા દ્રવ્યો રૂપ, રસ, ગંધ સ્પર્શ વિનાના છે, માટે અરૂપી છે. જીવાસ્તિકાય પણ અરૂપી છે. ચારે ગુણોનું સાહચર્ય હોવાથી અનંત અસંખ્યાત સંખ્યાત અને પરમાણુમાં પણ ચારે ગુણોની વિદ્યમાનતા અબાધ છે. બેશક કેટલાકોમાં તેનું સ્પષ્ટીકરણ હોય છે-કેટલીકવાર અનુમાનથી જણાય છે કે જેમ, "वायू रुपवान स्पर्शवत्वात् घटादिवत्' 'रुपिणः पुद्गलाः માં "रुपं अस्ति एषां अस्मिन् वा रुपिणः" આ વ્યુત્પત્તિથી એકમાં સંબંધની અને બીજામાં અધિકરણની અપેક્ષા છે. પહેલી અપેક્ષામાં રૂપ અને રૂપીનો કથંચિદ્ ભેદ છે. જ્યારે બીજા પક્ષમાં કથંચિદ્ અભેદની કલ્પના છે. જિનેશ્વર ભગવાનનું શાસન એકાંતવાદમાં નથી. પરંતુ અનેકાન્તવાદમાં છે. માટે રૂપો (રૂપ–રસ–ગંધ–સ્પર્શ) જેના છે. અથવા જેમાં છે. આમ બન્ને અર્થો સંગત છે. અપેક્ષા બુદ્ધિના મર્મને સમજી શકયા હોઇએ તો આપણને પણ સ્પષ્ટ રીતે સમજતાં વાર લાગતી નથી કેમકે રૂપ (ગુણ) રૂપી (ગુણી)નો તાદાત્મ્ય સંબંધ હોવાથી કોઈ ક્ષણે પણ એ જુદા નથી. કોઈ પણ દ્રવ્ય એવું નથી કે જે ગુણ વિનાનું હોય અર્થાત્ ગુણો દ્રવ્યને કોઈ કાળે છોડતાં નથી. જ્યારે કેરી પીળા રંગની હોય છે ત્યારે મીઠી

હોય છે અને સુગંધી કેરી સ્નિગ્ધ સ્પર્શ વાળી હોય છે. આ કથનમાં એકજ કેરીના પદાર્થમાં રૂપ–રસ–ગંધ અને સ્પર્શ આ ચારે ગુણોનું સાહચર્ય જેમ પ્રત્યક્ષ અનુભૂત છે. તેમ કેરી જૂદી છે. અને પીળો અને લીલો રંગ, મીઠો રસ, સુગન્ધિ અને સ્પર્શ ગુણ જૂદા જૂદા છે. આ વાત કેવળ અપેક્ષા બુદ્ધિથી જણાશે. માટે ગુણ માત્રનો ગુણી દ્રવ્યમાત્રની સાથે ભિન્ન ભિન્ન સંબંધ જાણી લેવો. ગમે તે પદાર્થનો નિર્ણય કરતાં પહેલાં અપેક્ષા બુદ્ધિને ઉત્તેજિત બનાવવાની જરૂર છે.

પુદ્ગલોને રૂપી કહેવાથી પહેલા પાંચ પદાર્થો અરૂપી તરીકે અને અનંત પુદ્ગલો સાથે રૂપાદિ ગુણોનો તાદાત્મ્ય સંબંધ સિદ્ધ થાય છે. માટે रूपिण पुद्गलाः एव पुद्गलाः रुपिणः एव આ બન્ને વ્યાખ્યાઓ જૈન શાસનને માન્ય છે.

વૈશેષિક દર્શનકારો उत्पत्तिक्षणे द्रव्यं क्षणं निर्गुणं निष्क्रियं च तिष्ठति' આ સિદ્ધાંત પ્રમાણે પુદ્ગલને ઉત્પત્તિના પ્રથમ સમયે ગુણ વિનાનું માને છે. તેમજ પૃથ્વીમાં ચાર ગુણ, પાણીમાં ત્રણ ગુણ, અગ્નિમાં બે ગુણ અને વાયુમાં એક ગુણ માને છે.

જ્યારે કેવલી ભગવંતે ફરમાવ્યું છે કે ગુણ અને ગુણી કયારેય જુદા રહેતા નથી. ઘટ ઉત્પન્ન થતાની સાથે જ તેમાં ગુણ વિદ્યમાન જ હોય છે. અર્થાત ઘટની ઉત્પત્તિ અને તેના ગુણો સર્વથા સાથે જ છે અને પુદ્ગલ દ્રવ્ય એક છે પણ જૂદા જૂદા સહકારને લઈને પર્યાય રૂપે જૂદા જૂદા છે.

ધર્મ અધર્મ અને આકાશ આ ત્રણે દ્રવ્યો લોકાકાશમાં એક જ છે. જ્યારે જીવ અને પુદ્ગલ અનંત છે. લોકાકાશ અસંખ્યાત પ્રદેશી થઈને જેમ અખંડ છે તેમ ધર્માસ્તિકાય (ગતિસહાયક) અધર્મા–સ્તિકાય (સ્થિતિ સહાયક) દ્રવ્યો અસંખ્યાત પ્રદેશી

હોઈને પણ એક એક અખંડ દ્રવ્ય છે. ગતિમાં સહાય કરનારા ધર્માસ્તિકાયની તુલનામાં આવે અને સ્થિતમાં સહાય કરનાર અધર્માસ્તિકાયની તુલનામાં આવે એવો બીજો પદાર્થ એકેય નથી. ત્યારે આકાશાસ્તિકાય સૌને અવકાશ આપે છે. આ ત્રણે દ્રવ્યો જેમ અખંડ છે, તેમ ક્રિયા વિનાના છે. જ્યારે જીવ અને પુદ્ગલો ક્રિયાવાન્ છે.

ક્રિયા એટલે એક સ્થાનેથી બીજા સ્થાનને અને એક આકારથી બીજા આકારને પ્રાપ્ત કરે તે ક્રિયા કહેવાય છે. જ્યારે ધર્મ, અધર્મ અને આકાશનો તો કોઈ પણ કાળે ક્ષેત્રાન્તર કે આકારાન્તર થતો નથી. છતાં પણ અસ્તિ ભવતિ—ગત્યુપગ્રહ—સ્થિત્યુપગ્રહ અને અવકાશ દાનોપગ્રહ આદિ ક્રિયાનો વ્યવહાર ત્રણે દ્રવ્યોમાં થાય છે, માટે પરિણામ લક્ષણ ક્રિયા આ ત્રણેમાં સમજવી. જીવ તથા પુદ્ગલમાં પરિસ્પન્દ લક્ષણ ક્રિયા સમજવી. અહીં જીવ તથા પુદ્ગલોને ક્રિયાવાન કહ્યા છે. તે પરિસ્પન્દ લક્ષણ ક્રિયાના કારણે જ અને આજ ક્રિયા બરોબર ક્રિયા છે. ધર્મ અધર્મ—આકાશ અને જીવના પ્રદેશો અસંખ્ય છે. પ્રદેશ એટલે સર્વ સૂક્ષ્મ પદાર્થ બીજો જેનો વિભાગ ન થઇ શકે અને પરમાણુંના અવગાહન જેટલા સ્થાનમાં થઇ શકે તે પ્રદેશ કહેવાય છે.

પરમાણુંને આદિ વિનાનો, મધ્યવિનાનો, અને અપ્રદેશી કહ્યો છે. જ્યારે પરમાણુંઓથી બનેલો સ્કંધ અવયવવાલો જ હોય છે. તેનું છેદન—ભેદન થતાં છેલ્લો જે નિરવયવી અંશ રહે તે પરમાણું.

પ્રદેશનું છેદન–ભેદન જૈન શાસનને માન્ય નથી. ધર્મ–અધર્મ અને આકાશના પ્રદેશોનો સંકોચ અને વિસ્તાર નથી. જ્યારે જીવના પ્રદેશ સંકોચ અને વિસ્તારવાળા હોય છે. માટેજ અસંખ્યાત પ્રદેશી જીવ કીડીના શરીરમાં અને હાથીના શરીરમાં અબાધ રહી શકે છે હાથીના શરીરને છોડીને જીવ જ્યારે કીડીના શરીરમાં આવે છે ત્યારે પોતાના પ્રદેશોને સંકોચી લે છે. અને કીડીના શરીરને છોડીને જ્યારે આ જીવ હાથીના શરીરથી લઈને ઉત્તર વૈક્રિયધારી દેવના શરીરમાં પ્રવેશે છે, ત્યારે પોતાના પ્રદેશોનો વિસ્તાર કરે છે. લોકાકાશ અને અલોકાકાશ બન્નેના પ્રદેશો અનન્ત છે. એકલા લોકાકાશના પ્રદેશો અસંખ્યાત છે. બધાએ દ્રવ્યો લોકાકાશમાં રહેલા છે. રહેવાનું સાદિ અને અનાદિ એમ બે પ્રકારે છે. જીવ અને પુદ્ગલ સક્રિય હોવાથી તેમનો ક્ષેત્રાન્તર અને આકારાન્તર થયા કરે છે. માટે તેઓ જે ક્ષેત્ર અને જે આકારને પામશે તે અપેક્ષાએ સાદિ છે. જ્યારે સામાન્ય પ્રકારે ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અનાદિકાળથી અનંતકાળ સુધી લોકાકાશને અવગાહી રહ્યા છે.

જ્યારે પુદ્ગલ દ્રવ્ય આકાશના એક પ્રદેશથી લઇને આકાશના યાવત અસંખ્યાત પ્રદેશોમાં રહે છે. આકાશના એક પ્રદેશમાં જેમ એક પરમાણું રહે છે તેમ દ્વયણુક ત્યણુક યાવત સંખ્યાંત અસંખ્યાત અને અનંત પુદ્ગલોનું અવગાહન જૈન શાસનને માન્ય છે, માત્ર સંખ્યાત પ્રદેશી સ્કંધ સંખ્યાત પ્રદેશમાં રહેશે, પણ અસંખ્યાત પ્રદેશમાં ન રહે. જ્યારે અસંખ્યાત અને અનંત અવયવી પુદ્ગલ સ્કંધ એક પ્રદેશથી લઈને અસંખ્યાત પ્રદેશમાં રહેશે.

અનંત પુદ્ગલોનો સ્કંધ અસંખ્યાત પ્રદેશમાં કે સંખ્યાત પ્રદેશમાં કેમ રહી શકશે ? આના જવાબમાં ભગવાને કહ્યું કે જેમ એક મણ કપાસ (રૂ) જેટલા પ્રદેશમાં રહે છે, તેટલા જ પ્રદેશમાં સેંકડો મણના પત્થરો, લોઢું, સોનું, ચાંદી સમાઈ શકે છે. અથવા એક જ કમરામાં દીવાથી લઈને હજારો દીવાઓનો પ્રકાશ જેમ સમાઈ જાય છે; તેમ અનંત પુદ્ગલો પણ યાવત અસંખ્યાત પ્રદેશમાં રહી શકે છે તેમાં વાંધો નથી આવતો.

જીવાત્માનું અવગાહન લોકાકાશના અસંખ્યાત ભાગથી લઈને સંપૂર્ણ લોકાકાશમાં હોય છે. કેમકે જીવના શરીરની અવગાહના અંગૂલના અસંખ્યાત ભાગ જેટલી શાસ્ત્રોમાં રહી છે. અને કેવલી સમુદ્ઘાતની અપેક્ષાએ જ સંપૂર્ણ લોકાકાશમાં પણ અવગાહના માન્ય છે.

પરન્તુ તેથી જીવને સર્વવ્યાપી માનવાની જરૂરત નથી. જૈન શાસનને માન્ય જીવમાત્ર શરીર વ્યાપી જ છે. આ હકીકત આગમ અને તર્કથી સિદ્ધ છે. જેના ગુણો જ્યાં રહેતા હોય છે તે દ્રવ્યની કલ્પના પણ તેટલા જ ક્ષેત્રમાં કરવાની હોય છે. જ્યાં ઘડો છે. ત્યાં જ તેના ગુણો પ્રત્યક્ષ ગોચર છે. તેવી જ રીતે આત્માના સઘળા ગુણો શરીરમાં જ વિદ્યમાન છે, અન્યત્ર નહીં માટે જીવ શરીર વ્યાપી છે.

ધર્માસ્તિકાય જીવને ગતિ કરવામાં સહાયક બને છે અને અધર્માસ્તિકાય ઉભા રહેવામાં સહાયક બને છે. આ બન્ને ઉદાસીન કારણો સમજવા, પ્રેરક કારણો નહિં. જો પ્રેરક કારણ માનવામાં આવે તો સંસારમાં ગડબડ ઉભી થશે.

તે આ પ્રમાણે ચાલવાવાળા જીવને ધર્માસ્તિકાય ચલાવ્યા જ કરશે અને ઉભા રહેવાવાળા જીવને અધર્માસ્તિકાય ચાલવાજ નહીં દે. પરન્તુ અનાદિકાળના સંસારમાં આવું કયારે પણ બન્યું નથી, બનતું નથી, અને અનંત સંસારમાં બનશે પણ નહિં. જિનેશ્વરદેવનું શાસન લોકની મર્યાદાને વ્યવસ્થિત પ્રદર્શિત કરવાવાળું છે. ગધેડાના શૃંગની જેમ અસત્કલ્પના અથવા આકાશમાંથી ફુલ ઉતારવા જેવી મિથ્યા–ભ્રમણા જૈનશાસનમાં નથી.

જીવ અને પુદ્ગલને સહાયક રૂપે આ બન્ને દ્રવ્યો લોકાકાશમાં રહે છે. અર્થાત્ લોકાકાશના છેલ્લા પ્રદેશ સુધીજ છે. માટે અલોકાકાશમાં જીવ અને પુદ્ગલ ધર્માસ્તિકાયની સહાયતા ન હોવાના કારણે જઈ શકતા નથી. નિર્વાણ દશાને પામેલો જીવ સિદ્ધશિલા ઉપરજ વિરાજમાન હોય.

પુદ્ગલ દ્રવ્યથી બનેલો બંગલો જેમ સાંત છે, તેવીજ રીતે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય જ્યાં વિરામ પામે છે. તે લોકાકાશ પણ સાંત છે, એટલે અંતવાળો છે, માટેજ એક લોકાકાશ છે જ્યારે બીજો અલોકાકાશ એટલા માટે છે કે–ત્યાં ધર્મ અને અધર્મના પ્રદેશ નથી. ધર્મ અને અધર્મ સહાયતા વિના એક પણ જીવ અને પુદ્ગલ ત્યાં જઈ શકે તેમ નથી. તત્ત્વોના વિભાગીકરણમાં જૈન શાસનની આ સ્પષ્ટ મર્યાદા છે.

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, અને આકાશાસ્તિકાયનો જગત ઉપર જે ઉપકાર છે તે જાણ્યા પછી પુદ્ગલાસ્તિકાયનો ઉપકાર શું છે ? તે જાણી લઈએ. યદ્યપિ પુદ્ગલ

અજીવ દ્રવ્ય છે. છતાં પણ એની શક્તિ કેટલી જોરદાર છે, એ જાણવાનું અત્યન્ત રસપ્રદ છે.

જૈનશાસન એટલાજ માટે અજોડ છે કે તેની પદાર્થ વ્યવસ્થા અને પ્રરૂપણા સર્વથા યથાર્થ અને અનુભવ ગમ્ય છે. શરીર, વાણી, મન પ્રાણ અને અપાનની રચના શાથી થાય છે ? આનો જવાબ યથાર્થવાદી ભગવાન મહાવીરસ્વામી આમ આપે છે કે–ઈશ્વર નિરંજન નિરાકાર હોવાથી સંસારનું નિર્માણ કરી શકે તેમ નથી. કેમકે કોઈ પણ વસ્તુના નિર્માણમાં રાગદ્વેષનો સંભવ અવશ્યમેવ હોય છે. જ્યારે ઈશ્વર તો નિરજંન સ્વરૂપે છે; માટે સંપૂર્ણ રાગ–દ્વેષ–કામ –ક્રોધનો નાશ કરનાર ઈશ્વર સંસારને બનાવી શકે તેમ નથી.

શરીર વિનાનો ઈશ્વર કયા સાધનોથી સંસાર બનાવશે ? જેની પાસે શરીર ન હોય, તેને હાથ–પગ પણ કયાંથી હોય ? એવી સ્થિતિમાં કોઈ પણ માનવ કોઈ પણ વસ્તુ નિર્માણ કરી શકતો હોય, એવો અનુભવ કોઇને પણ નથી. ઈશ્વર નિરાકાર છે અર્થાત્ "सिद्धाणं नत्थि देहो"

આ પ્રમાણે આગમ વચનને અનુસારે પણ ઈશ્વર શરીર વિનાનો છે, માટે અનંત સંસારની એકે પણ રચના ઇશ્વરને આધીન નથી. છતાંએ અનાદિકાળથી સંસાર છે, માનવ છે, પુદ્ગલો છે, અને સંસારનું સંચાલન પોતાની રીતે બરાબર ચાલી રહ્યું છે.

સંસારના પ્રત્યક્ષ દેખાતા ઘણા પદાર્થો જેવા કે:– આકાશના વાદળા, વિજલીના ચમકારા, જમીનમાં નાખેલા બીજના આધારે મોટા મોટા ઝાડો, તેના ઉપર આવનારા

પુષ્પો, ફળો, તેમાં પણ ખાટો, મીઠો રસ ઈત્યાદિક અગણિત પદાર્થોના નિર્માણ કર્તાને કોઈએ જોયો નથી. જોવામાં આવતો નથી. માટે જે અદૃશ્ય શક્તિના માધ્યમથી સંસારનું સંચાલન દેખાય છે, તે શક્તિ જ કર્મસત્તા છે. 'मनःवचनकायैः यत् क्रियते तत् कर्म' અથાત્ મન–વચન અને શરીર વડે જે કરાય તે કર્મ પૌદ્ગલિક હોવાના કારણે અજીવ છે, છતાંએ તેની અનંતશક્તિ સૌને પ્રત્યક્ષ દેખાય છે.

ખાણમાંથી નિકળેલા સુવર્ણની માફક જીવ અને અજીવ કર્મના મિશ્રણથી જ સંસારનું સંચાલન સુસ્પષ્ટ અને અનુભવગમ્ય છે.

આત્માના પ્રત્યેક પ્રદેશે કર્મવર્ગણા ચોંટેલી હોવાથી અરૂપી એવો આત્મા પણ કથંચિત્ રૂપી છે અને તેથી જ કરેલા કર્મોને લઇને ચારે ગતિઓમાં પરિભ્રમણ કરે છે કરે છે અને સુખ–દુઃખ ભોગવે છે.

"આત્માને કૂટસ્થ નિત્ય માનવાથી તેનો રૂપાન્તર, ક્ષેત્રાન્તર આકાશની માફક કોઇ કાળે પણ સંભવી શકે નહિં. પોતાની વિદ્યમાન અવસ્થાને કયારે પણ છોડે નહીં, સુખી અવસ્થામાંથી દુઃખી અવસ્થાની ઉત્પત્તિ થાય નહિં, છતાં રહે તે કૂટસ્થનિત્ય કહેવાય છે."

પરન્તુ આ નિયમ પ્રમાણે તો સંસારની કોઇ પણ વ્યવસ્થા કોઈને પણ દેખાતી નથી. અનુભવાતી નથી. માટે જ જૈનશાસન

માન્ય 'સ્યાદ્વવાદ ધર્મ' અમર તપે છે. જેને લઈને અર્થાત્ દ્રવ્યમાત્ર પોતાના મૂળ સ્વભાવને છોડયા વિના એક પર્યાયરૂપે ઉત્પન્ન થાય છે, અને બીજા પર્યાયરૂપે નાશ પામે છે આમ પ્રયત્ક્ષ નજરે જોવાતું સંસારનું સંચાલન આપણને સૌને યથાર્થ દેખાય છે, અને જે પ્રત્યક્ષ અનુભવાય છે તે જ સાચું તત્ત્વજ્ઞાન છે.

અનંતાનંત પુદ્ગલોથી ભરેલો આ સંસાર છે. તેમાં અમુક પુદ્ગલો જ 'કર્મવર્ગણા'ના છે જેનાથી આઠો કર્મો બંધાય છે. તેમાં નામકર્મ પણ છે. આ કર્મ તથા તેનાં અવાંતર-ભેદો ને લઈને શરીરની રચના કરનાર આ જીવ પોતે જ સમર્થ શકિતમાન છે ગતભવમાં શુભ કે અશુભ નામકર્મની ઉપાર્જના કરી હોય તેજ પ્રમાણે જન્મ ધારણ કરતા આ જીવને તે કર્મ ઉદયમાં આવે છે અને તેવા તેવા પ્રકારે શરીરની રચના થાય છે. માનવ કે તિર્યંચ અવતારને ધારણ કરનારા જીવને કુક્ષિગત વીર્ય અને રજની જ આવશ્યકતા પડે છે જેમાં આ જીવ જન્મ ધારણ કરે છે. પોતાના શુભાશુભ કર્મોને ભોગવવા માટે ધારણ કરતા શરીરની રચનામાં પુદ્ગલો જ ઉપકારક છે. જેનાથી સંસારવર્તી બધાએ જીવો શરીર ધારણ કરે છે.

ભાષા પર્યાપ્તિ નામકર્મ વડે બેઈન્દ્રિથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવો પોતપોતાની ભાષાનો વ્યવહાર કરે છે. આ ભાષા વર્ગણા અર્થાત્ જે ભાષા આપણે બોલીએ છીએ તે કર્મપુદ્ગલો જ છે. શબ્દ પણ પૌદ્ગલિક છે. કેમકે ગુણોને ગતિ હોતી નથી પણ પુદ્ગલો તો પ્રયોગને

અનુસારે ગતિ કરે છે. ત્યારે જ ગમે ત્યાંથી બોલતો શબ્દ કાન પાસે આવે છે અને પોતાની પાસે આવેલા શબ્દને ગ્રહણ કરે છે. પૌદ્ગલિક શબ્દ મૂર્તિમાન છે. માટે કાનમાં શબ્દનો સ્પર્શ અનુભવાય છે. જે સ્પર્શવાન્ હોય છે, તે રૂપી હોય છે, તે જે રૂપી હોય છે તે પૌદ્ગલ હોય છે. આકાશ અને પરમાણુ સર્વથા પરોક્ષ હોવાથી શબ્દ તેમનો ગુણ નથી કેમકે પરોક્ષ પદાર્થનો ગુણ પ્રત્યક્ષ હોઇ શકતો નથી. અને શબ્દ તો પ્રત્યક્ષ છે. કદાચ કોઈ કહે કે "વાયુ પરોક્ષ છે છતાં તેનો સ્પર્શ ગુણ પ્રત્યક્ષ અનુભવાય છે. આ પ્રમાણે આકાશ ભલે પરોક્ષ રહ્યું પણ તેનો શબ્દ પ્રત્યક્ષ રહી શકશે. પણ આ વાત ઠીક નથી. કારણકે જૈનશાસન માન્ય વાયુ પણ પ્રત્યક્ષ જ છે. સ્પર્શવાળો હોવાથી માટે શબ્દ પણ પ્રત્યક્ષ છે. જેની ઉત્પત્તિ અને વિનાશ હોય છે તે ગુણ હોતા નથી પણ દ્રવ્ય હોય છે. શબ્દ પણ ઉત્પન્ન થાય છે અને વિનાશ પામે છે. માટે દ્રવ્ય છે.

સોઽયં ગકારઃ' આ પ્રત્યભિજ્ઞાનથી ગકાર તેજ છે. જેનો ઉચ્ચારણ તમે પહેલા કર્યો હતો. આ યુક્તિથી શબ્દમાં એકાન્ત નિત્યત્વ પણ હોઇ શકતો નથી. કેમકે 'સેયં દીપ જ્વાલા, 'તદેવેદમૌષધમ્' આ અનુમાનથી ઉપરની યુક્તિ ખંડિત થઇ જાય છે. આ તે જ દીપ જ્વાલા છે, આ તે જ ઔષધ છે, આ જેમ ભ્રાન્તિ જ્ઞાન છે, તેમ આ તેજ 'ગકાર' છે, આ પણ ભ્રાન્તિ છે, કેમકે બોલાયેલો શબ્દ નાશ પામે છે, માટે શબ્દ નિત્ય નથી પણ નિત્યાનિત્ય છે. જે જે ક્રિયાવાન્ હોય તે દ્રવ્ય હોય છે શબ્દને સાંભળ્યા

પછી સાંભળનારના જીવનમાં શુભ-અશુભ ક્રિયા ચાલુ થાય છે. અપશબ્દો સાંભળવાથી આપણને રોષ થાય છે. અને સારા આશીર્વાદાત્મક શબ્દો સાંભળવાથી આપણને સમતા અને સંતોષ થાય છે, માટે આપણા જીવનમાં ક્રિયા ઉત્પન્ન કરાવનાર સંભળાતા શબ્દો છે. ગુણ સર્વથા નિષ્ક્રય જ હોય છે, માટે શબ્દ પૌદ્ગલિક છે. આ પ્રમાણે ભાષા વ્યવહાર એકેન્દ્રિય જીવોને હોતો નથી. કેમકે તેમને પરભવમાં ભાષા-પર્યાપ્ત નામકર્મ ઉપાર્જન કર્યું નથી. જેથી તેઓ પોતાની માનસિક વ્યથા બીજા કોઈ પણ જીવને જણાવી શકતા નથી. મનોવર્ગણાના પુદ્ગલો કેવળસંજ્ઞી જીવોને જ હોય છે. એકેન્દ્રિય, બેઇન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને ગર્ભ વિનાના પંચેન્દ્રિય સમૂર્ચ્છિમ જીવોને મનોવર્ગણા હોવાના કારણે ઉપરના જીવો દ્રવ્ય મન વગરના હોય છે. જ્યારે ગર્ભજ જીવોને મન હોવાથી તેમનો માનસિક વિચાર સિદ્ધાન્ત ગમ્ય છે. અહીં આહાર-નિદ્રા ભય અને મૈથુન સંજ્ઞા લેવાની નથી કેમકે આ ચારે સંજ્ઞા તો નિગોદવર્તી જીવોને પણ હોય છે. માટે માનસિક વિચાર ઘરાવનાર સંજ્ઞા બે હોય છે.

દીર્ઘ કાલિકી-સંજ્ઞા એટલે ભૂત અને ભવિષ્યનો વિચાર કરાવે તેવી સંજ્ઞાને દીર્ઘકાલિકી સંજ્ઞા કહેવાય છે. અને બીજી સંજ્ઞા દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા જે વિશિષ્ટપ્રકારનાં શ્રુત જ્ઞાનના ક્ષયોપશમ યુકત હોય છે. સમ્યગ્જ્ઞાનનો પ્રકાશ હોવાથી હેય અને ઉપાદેય શું છે ? તે જાણવાને જીવ સમર્થ બને છે.

પર્યાપ્ત નામકર્મના કારણે જે જીવો પર્યાપ્ત અવસ્થાને પ્રાપ્ત થયા છે, તેમને પ્રાણ અને અપાનની રચના નામકર્મ-વડે થાય છે.

પ્રાણ એટલે ઉચ્છ્વાસ રૂપે પરિણત થયેલા દ્રવ્યના સમૂહ દ્વારા જે શ્વાસ લેવા રૂપ વ્યાપાર કરવામાં આવે તેને ઉચ્છ્વાસ કહેવાય છે. નાભિમાંથી ઉત્પન્ન થયેલો ઉચ્છ્વાસરૂપ વાયુ પ્રાણરૂપે સંબોધાય છે.

જ્યારે બહારનો વાયુ જે અંદર લઈ જવાયો છે, તેને નિઃશ્વાસરૂપે પાછો બહાર ફેંકાય તે અપાનવાયુ કહેવાય છે.

આ પ્રમાણે શરીર-વચન-મન-પ્રાણ અને અપાનની રચના કરનારા નામકર્મનાં અવાંતર ભેદો કામ કરે છે, માટે આ પુદ્ગલોનો ઉપકાર સ્પષ્ટ છે. 'भोगायतनं शरीरम्' કર્મોના ફળોને ભોગવવા માટે જીવાત્માને શરીર ધાર્યા વિના ચાલતું નથી. અને શરીરાદિ રચનામાં નામકર્મની મુખ્યતા છે. તે ઉપરાંત મનગમતાં રૂપ-સ્પર્શ-રસ ગંધ અને વર્ણ મળવાથી જીવને સુખ ઉપજે છે. અને તેનાથી વિપરીત દુઃખ થાય છે. આ બન્નેમાં અર્થાત્ સુખદુઃખમાં સાતા-વેદનીય અને અસાતાવેદનીય કર્મ કારણ રૂપે છે.

વિધિપૂર્વક સ્નાન-અચ્છાદન-અનુલેપ-આહાર અને વિહાર આદિ લાંબા જીવનને આપનારા છે. આનાથી વિપરીત આહાર વિહાર કરવો. શસ્ત્રઘાત, અગ્નિ તથા વિષભક્ષણ કરવાં તે મૃત્યુના કારણ માટે થાય છે. માટે જીવન અને મરણમાં પણ પુદ્ગલો જ કામ કરી રહ્યા છે. દીર્ઘાયુષ્યમાં આયુષ્યકર્મની પ્રધાનતા છે અને મરણમાં તેનો અભાવ છે. જીવદ્રવ્ય પરસ્પર હિત અને અહિતનાં ઉપદેશ વડે બીજાને ઉપકારક છે અર્થાત

નિમિત્ત બને છે, ભવિષ્ય અને વર્ત્તમાનકાળમાં જે શકય, ન્યાય અને યુક્ત છે, તે હિત કહેવાય છે. અને તેનાથી વિપરીત અહિત છે. જીવ પરસ્પર એક બીજાને હિતરૂપે તથા અહિત-રૂપે નિમિત્ત બને છે.

આ પ્રમાણે કાળદ્રવ્યનો ઉપકાર પણ પ્રકરણ ગ્રન્થોથી જાણી લેવો.

આ પ્રમાણે બીજું શતક તેના ૧૦ ઉદ્દેશક સાથે પૂરૂં થયું.



નવયુગ પ્રવર્ત્તક શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય શાસન દીપક, વ્યાખ્યાતૃ–ચૂડામણિ, નહાના મ્હોટા ૭૦ પુસ્તકોના લેખક, સૌમ્યાકૃતિ, પ્રસન્નવદન, તાર્કિક શિરોમણિ શ્રીમદ્ ગુરુ સ્વ. મુનિરાજ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબે પોતાના સ્વાધ્યાય માટે જે ભગવતીસૂત્રના છ શતક સુધીનુ વિવરણ લખ્યું છે. તેના ઉપર વિષેષ પ્રકારે પ્રશ્ન તથા ઉત્તરોના મર્મ ને જાણી શકાય તે પ્રમાણે આ પુસ્તકને મેં મારી અલ્પમતિથી તૈયાર કર્યું છે.

'શતક ૩ જા ઉપર સંપાદકનું 'પુરોવચન'

ભગવતીસૂત્રની જયકુંજર હાથી સાથે સરખામણી

સૂર્ય અને ચંદ્ર વિનાનું આકાશ કદિ સાંભળ્યું નથી, મતલબ કે રહ્યું નથી. કારણ કે સંસારના અમુક પદાર્થો શાશ્વતા છે. તે જ પ્રમાણે દ્વાદશાંગી (જૈનવાણી) પણ શાશ્વતી છે. બારે અંગોમાં વિસ્તૃત થએલી ભગવાન મહાવીર સ્વામીની વાણીના પાંચમા અંગરૂપ 'ભગવતી સૂત્ર' સુપ્રસિદ્ધ અને સર્વ શ્રેષ્ઠ છે. દેવ, દાનવ તથા માનવોથી વંદિત છે. શાસ્ત્રમાં ભગવતી સૂત્ર (અપર નામ વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ, વિવાહ પન્નતિ) ને જયકુંજર હાથીની ઉપમા આપવામાં આવી છે. હાથીઓમાં જયકુંજર નામનો હાથી સર્વ શ્રેષ્ઠ છે. તેમ આ ભગવતી સૂત્ર પણ સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ, અભૂતપૂર્વ, અને અમૂલ્ય જ્ઞાનરૂપી બ્રહ્મનાથી ભરેલું છે. હેય, જ્ઞેય અને ઉપાદેય તત્ત્વોને બતાવનારા સૂત્રોમાં આસૂત્રનો સર્વ પ્રથમ નંબર આવે છે.

હાથીની ચાલ જેમ મદભરી અને લલિત હોય છે, તેમ આ સૂત્રમાં પણ લલિત–મનમોહક પદો સ્થળે સ્થળે વિદ્યમાન છે. તેથી પંડિતોના મનને ખુશ કરનાર છે.

હાથી દુઃખપ્રદ અંકુશાદિ વિઘ્નોના નિપાતને સહન કરનાર છે, તેમ આ સૂત્ર પણ અસંખ્યાત ઉપદ્રવો થયે છતે પણ અવ્યય છે. દ્રવ્યાસ્તિક નયે જેનો કોઈ કાળે નાશ નથી,

માટે તે અવ્યય કહેવાય છે.

હાથીની ગર્જના જેમ ગંભીર અને મનોરંજક હોય છે. તેમ આ સૂત્રમાં પ્રત્યેક શબ્દો ગંભીર અને આહ્લાદક છે.

આ સૂત્રમાં શબ્દોનાં લિંગ અને વિભક્તિની વ્યવસ્થા પણ ઘણી જ સરસ છે. હાથીને માટે પણ તેમજ સમજવું.

હાથી જેમ પ્રસિદ્ધ, સારા લક્ષણોથી યુકત અને દેવોથી અધિષ્ઠિત હોય છે, તેમ ભગવતી સૂત્ર પણ દેવદાનવનરિંદ ગણચ્ચિઅસ્સ હોવાથી પ્રસિદ્ધ છે. અથવા સુવાચ્ય આગ્યાતો –ધાતુઓથી સુશોભિત છે. અત્યન્ત માંગલિક હોવાથી સારા લક્ષણોએ યુકત, જગતનું કલ્યાણ કરાવનાર હોવાથી દેવો દ્વારા સુરક્ષિત છે. જયકુંજર હાથીનો ઉદ્દેશક–શિરોભાગ સુવર્ણ મંડિત છે. તેમ ભગવતી સૂત્રના પ્રત્યેક ઉદ્દેશાઓ પણ સુવર્ણ છે. એટલે કે 'અ'થી લઇને 'હ' સુધીના બધા વર્ણો યોગ્ય સ્થાને સ્થાપિત થયા હોવાથી બહુમૂલ્ય રત્ન જેવા લાગે છે. હાથીનું ચરિત જેમ વિવિધ પ્રકારે હોય છે, તેમ આ સૂત્રમાં કયારેક કથાનક, તો કયારેક તત્ત્વજ્ઞાન, તો કયારેક ભૌગોલિક વર્ણન અને કયારેક શારીરિક વિજ્ઞાનના વર્ણનથી અંકિત હોવાના કારણે જ અદ્‌ભુત અને અવર્ણનીય છે.

હાથીનું શરીર મોટું હોય છે. તેમ આ સૂત્રમાં ઘણા શતકો છે. એક એક શતકમાં ઘણા ઉદ્દેશાઓ છે. અને પ્રત્યેક ઉદ્દેશામાં ઘણા પ્રશ્નો છે. બધા મળીને ૩૬ હજાર પ્રશ્નો અને તેના ઉત્તરો છે.

હાથીના બે કુંભસ્થળની જેમ આ સૂત્રને નિશ્ચય અને વ્યવહારનય રૂપી કુંભસ્થળ છે.

દ્રવ્યાનુયોગ, ચારિત્રાનુયોગ, ગણિતાનુયોગ તથા કથાનુયોગ રૂપે ચાર પગ છે. સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર રૂપે બે નયન છે. દ્રવ્યાસ્તિક તથા પર્યાયાસ્તિક નય રૂપે બે દંતશૂલ છે. યોગ અને ક્ષેમ રૂપે બે કાન છે. અપ્રાપ્ત જે વસ્તુને મેળવી આપે તે યોગ, અને મેળવેલી વસ્તુને સ્થિર કરે તે ક્ષેમ કહેવાય છે.

હાથીને જેમ મોટી શૂંઢ હોય છે તેમ આ સૂત્રના પ્રારંભમાં મોટી પ્રસ્તાવના રૂપે શૂંઢ છે.

ઉપસંહાર વચનો તે નિગમનરૂપે પુચ્છ સ્થાને છે.

આમાં કાળ–વિનય–બહુમાનાદિ આઠ પ્રકારના તંગ સ્થાન છે. ઉત્સર્ગ તને અપવાદ રૂપ કથન બે બાજુની ઘંટા સદૃશ છે. અને સ્યાદ્વાદ રુપી અંકુશથી આ સૂત્ર પરાધીન છે. રાજાની આજ્ઞાને કોઈપણ પ્રજા જેમ ઉલ્લંઘી શકે તેમ નથી. તેવી જ રીતે સ્યાદ્વાદ રુપી રાજાની આજ્ઞાને સંસારનો કોઇ પણ પદાર્થ ઉલ્લંઘી શકે તેમ નથી.

જેમાં વિવિધ પ્રકારે હેતુરુપી શસ્ત્રો છે. હાથી ઉપર મૂકાયેલા શસ્ત્રો જેમ શત્રુઓના નાશ માટે હોય છે, તેમ ભગવાન મહાવીરસ્વામી નામના મહારાજાએ પણ મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ રૂપ ભાવ શત્રુઓને નાશ કરવા માટે જૂદા જૂદા હેતુઓથી માનવોના મનમાં રહેલા ભાવશત્રુઓને ભગાડી મૂકયા છે.

આવી રીતે જયકુંજર હાથીની ઉપમાને સંપૂર્ણ રીતે ધારણ કરતું આ ભગવતીસૂત્ર સૌને માટે વન્દનીય, પૂજનીય, પઠનીય તથા માનનીય બને છે.

મનુષ્ય જીવનની સાર્થકતા

આ સૂત્રમાં વિવિધ પ્રકારે જીવાદિ નવ તત્ત્વોની વ્યાખ્યા વિશદ પ્રકારે આપવામાં આવી છે. તેમની જાણકારી જ ઉત્કૃષ્ટતમ સમ્યગ્જ્ઞાન છે. તે વિના સંસારભરનું જ્ઞાન અને વિજ્ઞાન સંસારના નાશને નોતરનારૂં છે. આજના સંસારની બેહાલ અવસ્થા મિથ્યાજ્ઞાનને આભારી છે. માટે જીવનમાં સૌથી પહેલા સમ્યગ્જ્ઞાનની જરૂરત છે.

યથાર્થ તત્ત્વજ્ઞાનને મેળવવાં માટે, અને મેળવેલા જ્ઞાનને જીવનમાં ઉતારવા માટે મનુષ્ય અવતાર સિવાય બીજો એકેય અવતાર નથી કેમકે, જીવમાત્ર પોતપોતાના કરેલા કર્મરાજાની બેડીમાં ફસાયેલો છે.

અત્યન્ત પાપ કર્મોએ કરીને નરક ગતિમાં રહેલા નારક જીવો પોતાનાં પાપના ફળોને ભોગવવામાંથી જ ઉંચા આવતા નથી. જ્યારે દેવગતિના દેવો પોતાના પુણ્ય કર્મો ફળોને ભોગવવામાં મસ્ત બનેલા છે. તિર્યંચ ગતિના તૈર્યંચો અવિવેકી, પરાધીન, ભૂખ તરસ, ઠંડી અને ગરમી આદિના દુઃખોથી આકુલ–વ્યાકુલ બનેલા હોવાથી જ્ઞાન સંજ્ઞા તેમને માટે પણ અત્યન્ત દુર્લભ છે. જ્યારે મોક્ષના દરવાજા જેવો મનુષ્ય અવતાર જ જ્ઞાન સંજ્ઞા મેળવવાં માટેની યોગ્યતાને ધારણ કરે છે.

જો મનુષ્ય, અનાદિકાળના સહચારી રૂપે બનેલા અવિદ્યા, અહંકાર, રાગ, દ્વેષ, મોહ, માયા આદિ આત્મિક દૂષણોને દૂર કરીને સત્સંગ, જ્ઞાનોપાર્જન, તથા સમતા, દયા અને સંતોષ આદિ આત્મિક તત્ત્વોને મેળવવા માટે ભાગ્યશાલી બનવાની ઇચ્છા કરે તો જ્ઞાનરૂપી સૂર્યને જોઈ શકે છે.

'જ્ઞાયતે આત્મતત્વં, હેયોપાદેયાદિ તત્વઞ્ચ યેન તદ્ જ્ઞાનમ્'

જેનાથી આત્મતત્વની યથાર્થતા અને ત્યાગ કરવા યોગ્ય તથા સ્વીકાર કરવા યોગ્ય તત્ત્વો જણાય તે સમ્યગ્જ્ઞાન છે, આવું જ્ઞાન 'કેવળજ્ઞાન' જ હોઇ શકે છે, કેમકે તે જ્ઞાનમાં એક પણ કર્માવરણ હોતું નથી. રાગાદિ દૂષણોની ઉત્પત્તિ પણ ત્યાં સમાપ્ત થાય છે. તે કેવળજ્ઞાન કહેવાય છે. આવા જ્ઞાનના માલિક, પરમપાવન, પતિતપાવન ભગવાન મહાવીર-સ્વામી છે, તે કેવા છે? તેમનું સ્વરૂપ શું છે તે તેમના વિશેષણોથી જ જરા જોઈ લઈએ.

શ્રી મહાવીરસ્વામીના વિશેષણો

(૧) શ્રમણ-માનસિક ખેદ વિના જે ઉત્કૃષ્ટ પ્રકારે સાત્વિક તપ કરે છે. પદાર્થના યથાર્થ સ્વરૂપને જાણનારા તથા સંપૂર્ણ જીવરાશિ પ્રત્યે સમતાભાવ ધારણ કરે છે. તે માટે શ્રમણ છે.

લોકૈષણા, ભોગૈષણા અને વિત્તૈષણાનો સંપૂર્ણ ત્યાગ કરીને આત્માની અનંત શક્તિઓના પ્રાદુર્ભાવ માટે કરાતી તપશ્ચર્યા જ સાચી તપશ્ચર્યા છે. "આત્માનં રાગાદિ શત્રુન્ ચ તાપયતી તિ તપઃ" જેનાથી તામસિક, રાજસિક અને છદ્મસ્થાદિ દોષોનો સમૂળ નાશ થાય તે તપશ્ચર્યા છે. કર્મોની સંપૂર્ણ નિર્જરા (ક્ષય) કરાવીને પરમાત્મપદ પ્રાપ્ત કરાવે તે તપશ્ચર્યા છે. આવી આત્મલક્ષીભૂત તપશ્ચર્યા કરનાર શ્રમણ છે.

(૨) મહાવીર-આત્મીય શત્રુભૂત કર્મોને તપશ્ચર્યા દ્વારા વિદારનાર છે. અગ્નિમાં તપાવેલા સુવર્ણની માફક જેઓ અત્યન્ત શુદ્ધ થયેલા છે. આવા તપ અને વીર્યવડે જે યુક્ત

હોય તે વીર છે. વીર્ય એટલે આત્માનો સબળ પુરુષાર્થ, અખૂટ શક્તિ, અખૂટ ધૈર્ય અને કર્મ રાજાના સશક્ત સૈન્ય સાથે લડવાની અપૂર્વ વ્યૂહ રચના તે વીર્ય છે. ભગવાન મહાવીરસ્વામીની આત્મીય વીર્ય શક્તિ અપૂર્વ અને અદ્વિતીય હતી, જેને લઈને મોહરાજાને તથા તેના સૈનિકોને એક પછી એક પરાસ્ત કરતા ગયા છે. महांश्चासौ वीरश्चेति महावीरः" રણમેદાનમાં તલવાર, તીર કામઠા, આદિ શસ્ત્રોથી હજારો લાખો માણસોને દમવા સરળ છે, પણ પોતાના આત્માને દમનાર જ ખરો વીર છે. મહાવીર છે. લૌકિક અને અલૌકિક રૂપે મહાપુરુષો બે પ્રકારના છે, જેમાંથી લૌકિક પુરુષો 'દમનનીતિ'ને વશ થઈને સંસારના વિજેતા બને છે, જ્યારે અલૌકિક તીર્થંકર પરમાત્માઓ 'શમનનીતિ'ના આધારે સૌ જીવોને વશ કરી પોતાનું લક્ષ્ય સિદ્ધ કરે છે.

(૩) આદિકર–પોતાના તીર્થની અપેક્ષાએ શ્રુત ધર્મને પ્રગટ કરે તે આદિકર કહેવાય છે. એનો અર્થ એ થયો કે, સમ્યગશ્રુતજ્ઞાન અનાદિકાળથી એક જ છે. જે વાત આદીશ્વર ભગવાને કહી તે જ વાત મહાવીરસ્વામીએ કહી છે, તે મને જૈનધર્મને સ્થાપ્યો છે માટે જૈન ધર્મની આદિ કરનારા મહાવીરસ્વામી છે, આવો અર્થ કરવાનો છે જ નહીં, અને આ અર્થ જૈન ધર્મને માન્ય પણ નથી. કેમકે 'ધર્મ અનાદિનિધન હોવાથી કોઈ કાળે પણ તેની આદિ નથી. જ્યારથી માનવ સમાજ છે ત્યારથી જૈન ધર્મ છે, અને જ્યારથી હિંસા કર્મ છે, ત્યારથી જૈનધર્મના પ્રાણસમો અહિંસા ધર્મ પણ છે, અહિંસા અને હિંસા વિનાનો માનવ કોઈ કાળે પણ નથી. માટે જૈનત્વની પ્રાપ્તિ કરાવનારી દ્વાદશાંગીની રચના કરવાના કારણે જ તીર્થંકર આદિકર કહેવાય છે. માટે

આ વિશેષણ, અપેક્ષાએ જેમ યુગાદિ ભગવાન ઋષભદેવને હોય છે તેમ અન્તિમ મહાવીરસ્વામીને પણ યથાર્થ રૂપે લાગુ પડે છે.

(૪) તીર્થંકર–જેની આજ્ઞાને શિરોધાર્ય કરીને પ્રાણી માત્ર સંસાર–સાગરથી તરી જાય છે, તે તીર્થ અથવા પ્રવચન કહેવાય છે. આ બન્ને અર્થોની વિદ્યમાનતા સંઘમાં હોય છે. માટે સંઘની સ્થાપના કરે તે "તીર્થંકર".

સાધુ–સાધ્વી–શ્રાવક અને શ્રાવિકા રૂપે સંઘના ચાર પાયા છે. સાધુ અને સાધ્વીના ગુણો સરખા હોય છે અને શ્રાવક તથા શ્રાવિકાના ગુણો સરખા હોય છે साध्नोति स्वपरहितकार्याणीति साधुः આ વ્યાખ્યાને અનુલક્ષીને જૈન સાધુને સૌથી પહેલાં પોતાનું લક્ષ્ય સિદ્ધિ કરવાનું હોય છે. સંયમ લીધા પછી સાધુ તથા સાધ્વીને નીચે પ્રમાણે ૨૭ પ્રકારનો સંયમ પાલવો અત્યાવશ્યક છે.

સંયમના ૨૭ ભેદો

૧ જીવહિંસાનો સર્વથા ત્યાગ
૨ અસત્યનો સર્વથા ત્યાગ
૩ ચોરીનો સર્વથા ત્યાગ
૪ મૈથુન કર્મનો સર્વથા ત્યાગ
૫ પરિગ્રહ માત્રનો ત્યાગ
૬ રાત્રિભોજન તેમજ રાત્રે પાણી પીવાનો સર્વથા ત્યાગ
૭ પૃથ્વીકાયના જીવોની રક્ષા
૮ જલકાયના જીવોની રક્ષા કુવા, વાવડી, તળાવ તથા વરસાદના પાણીનો સ્પર્શ પણ નહીં કરવો
૯ અગ્નિકાયના જીવોની રક્ષા
૧૦ વાયુકાયના જીવાની રક્ષા
૧૧ વનસ્પતિના સ્પર્શનો પણ ત્યાગ

૧૨ ત્રસકાયના જીવોની રક્ષા
૧૩ સ્પર્શેન્દ્રિયના ભોગોથી દૂર
૧૪ જિહ્વેન્દ્રિયની લોલુપતાનો સર્વથા ત્યાગ
૧૫ ઘ્રાણેન્દ્રિયના ભોગનો ત્યાગ
૧૬ આંખ–ઈન્દ્રિયના ભોગથી દૂર
૧૭ કાન ઇન્દ્રિયના ભોગથી દૂર
૧૮ લોભ દશાનો નિગ્રહ
૧૯ ચિત્તની નિર્મળતા
૨૦ વસ્ત્રાદિકની પ્રતિલેખના
૨૧ અષ્ટ પ્રવચન માતાનું પાલન
૨૨ ક્ષમાને ધારણ કરવી
૨૩ અકુશલ મનનો ત્યાગ
૨૪ અકુશલ વચનનો ત્યાગ
૨૫ અકુશલ શરીરનો ત્યાગ
૨૬ પરિષહ–ઉપસર્ગાદિને સહન કરનાર
૨૭ મરણાંત ઉપસર્ગને પણ સહન કરનાર

આ પ્રમાણે ઉપરના સત્તાવીશ ગુણોને ધારણ કરે તે સાધુ કહેવાય છે. આ ગુણો સર્વ વ્યાપક હોવાના કારણે પંન્યાસો, ઉપાધ્યાયો અને આચાર્ય ભગવંતોને પણ એ ગુણો પાલવાના હોય છે, તે માટે સાધુ–પદ શ્રેષ્ઠ છે.

જ્યારે શ્રાવક અને શ્રાવિકા (ગૃહસ્થ)ઓને પણ અરિહંતદેવ, પંચમહાવ્રતધારી ગુરુ અને જૈન ધર્મની આરાધના કરવા સાથે માર્ગાનુસારીના ૩૫ ગુણોને, શ્રાવકધર્મના ૨૧ ગુણો તથા ૧૨ વ્રત પાલવાનાં હોય છે. ૧૫ કર્માદાન જેવા હિંસક વ્યાપારો છોડવાના હોય છે તથા ચતુર્વિધ સંઘની સેવા અનિવાર્યરૂપે કરવાની હોય છે.

આવા ચતુર્વિધ સંઘ (તીર્થ)ની રચના કરનાર તીર્થંકર પરમાત્મા સિવાય બીજો કોઇ પણ હોઈ શકતો નથી.

(૫) સ્વયંબુદ્ધ–આ ભવની અપેક્ષાએ જ તીર્થંકરો સ્વયંબુદ્ધ હોય છે. બીજાના ઉપદેશની આવશ્યકતા તેમને રહેતી નથી. અથવા વિપરીત, સંશય, અને અનધ્યવસાયરૂપ અજ્ઞાનથી દૂર હોવાના કારણે હેય, જ્ઞેય, અને ઉપાદેયતત્ત્વને જેઓ સ્વતઃ સમ્યક્રૂપે જાણે છે તે સ્વયંબુદ્ધ ભગવાન મહાવીરસ્વામી છે.

(૬) પુરુષોત્તમ–એટલે જન્મ સહજ ચાર મૂળાતિશય, કર્મોના નાશ થયે ૧૧ અતિશયો અને દેવકૃત ૧૯ અતિશયો આમ ૩૪ અતિશયોને લઈને સંસારભરના બધાએ પ્રાકૃત પુરુષોમાં જેઓ ઉત્તમ છે, અદ્વિતીય છે. તે પુરુષોત્તમ કહેવાય છે.

(૭) પુરુષસિંહ–એટલે કે સિંહની જેમ પરાક્રમી. અથાત્ કર્મરાજારૂપી હાથીને વિદારવામાં સિંહની જેમ સમર્થ છે. યદ્યપિ ભગવાન તીર્થંકરો બાલ્યકાળથી જ શૂરવીર હોય છે. માટે બધાએ ઉપસર્ગોને સહી શકે છે. તથા કર્મ-રાજાને પરાસ્ત કરીને કેવળજ્ઞાનના સ્વામી બને છે.

(૮) પુરુષવર પુંડરીક–સર્વશ્રેષ્ઠ શ્વેત સહસ્રપત્રી કમળ જેવા ભગવાન સંપૂર્ણ અશુભ દ્રવ્ય અને ભાવ મેલથી રહિત હોવાથી શુદ્ધ છે, અથવા પોતાની આજ્ઞામાં રહેવાવાલા જીવોનાં સંપૂર્ણ સંતાપ દૂર કરવાવાલા હોવાથી સર્વે ભવ્ય જીવોને માટે કમળ સમાન છે, કાદવમાંથી કમળ ઉત્પન્ન થવા છતાં પણ કમળમાં જેમ કાદવની મલિનતા હોતી નથી તેમ ભગવાન પણ સંસારના ભોગરૂપી કાદવમાંથી ઉત્પન્ન થયા છે પણ સંસારનો એક પણ દોષ તેમનામાં નથી.

(૯) પુરુષવર ગન્ધહસ્તી–બધા હાથિઓમાં ગન્ધહસ્તી એટલા માટે શ્રેષ્ઠ મનાય છે કે સામાન્ય હાથીઓ તેને

જોતાં જ ભાગી જાય છે. ભગવાનના ચરણકમળ જ્યાં પડે છે ત્યાં એક પણ ઉપદ્રવ રહેતો નથી માટે ભગવાન પુરુષવર ગન્ધહસ્તી સમાન છે.

(૧૦) લોકનાથ–એટલે કે દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞાવાલા ભવ્ય પુરૂષોનાં ભગવાન નાથ થાય છે, કેમકે ભગવાનનાં ચરણોમાં આવેલો માણસ સમ્યગદર્શન પ્રાપ્ત કરે છે, અને સમ્યગદર્શની આત્મા પોતાના સમ્યગજ્ઞાન તથા ચારિત્રને શુદ્ધ કરે છે. યદ્યપિ એક સમયની દીર્ઘકાલિકી સંજ્ઞાના માલિક અર્જુનમાળી, દૃઢપ્રહારી, ચંડકૌશિક સર્પ સંગમદેવ તથા વ્યંતરી આદિ બીજા પણ અસંખ્ય પાપોને કરવાવાલાં અને તેમાં જ રાચ્યા માચ્યા રહેનારા પતિતો એ પણ ભગવાનના ચરણે આવીને પોતાનું હિત સાધ્યું છે.

(૧૧) લોકપ્રદીપ એટલે તૈર્યંચ, માનવ, અને દેવોના અન્તર્હૃદયનાં અજ્ઞાન રૂપી અંધકારનો નાશ કરીને, તેમને જ્ઞાનનો પ્રકાશ આપનારા છે.

(૧૨) લોકપ્રદ્યોતકર–સમ્પૂર્ણ લોકના ત્રિકાળવર્તી ભાવોને પોતાના કેવળજ્ઞાન વડે પ્રકાશિત કરનારા હોવાથી લોકાલોકને ઉદ્યોત કરનારા છે.

(૧૩) અભયદ–કોઇને પણ ભય દેવાવાલા નથી, અને ખાસ કરીને પ્રાણઘાતક ઉપસર્ગોને કરનારા ચંડકૌશિક સર્પ, સંગમદેવ, કાનમાં ખીલા ઠોકનાર ગોવાળ જેવાઓ પ્રત્યે પણ ભાવદયા ચિંતવીને તેમને પણ અભયદાન દેવાવાલા છે, અથવા સંપૂર્ણ જીવોના ભયને હરનારા છે. તે ભયસ્થાનો નીચે પ્રમાણે સાત પ્રકારે છે :

ઈહલોકભય–એટલે કે એક મનુષ્યને બીજા મનુષ્યનો ભય થવો તે–ઇહલોક ભય કહેવાય છે, દેવદુર્લભ મનુષ્ય જન્મને પામીને માણસ યદિ સત્સંગપ્રેમી અને વિવેકવાન બને તો તેને કોઈનો પણ ભય રહેતો નથી. તેમજ તે પોતે કોઈના પણ ભયને પામતો નથી. પરન્તુ માણસ જ્યારે આસુરી-વૃત્તિનો માલિક બનીને ઈર્ષ્યાન્ધ, કામાન્ધ, ક્રોધાન્ધ અને લોભાન્ધ બને છે ત્યારે તે બીજાનો દ્રોહ કર્યા વિના રહેતો નથી. ત્યારે 'द्रोग्धुर्वै परतो भयम्' આ ન્યાયે તે હમેશા ભયગ્રસ્ત બન્યો રહે છે.

પરલોકભય–જાનવરો વગેરે અન્ય જાતિ તરફથી જે ભય લાગે તે પરલોક ભય કહેવાય છે. જેમ "આ કુતરુ મને કરડશે તો....? 'સર્પ' મને ડંખ મારશે તો....? આ પ્રમાણેનો ભય આ જીવાત્માને બન્યો જ રહે છે.

આદાનભય–ધન, માલ, મિલ્કત વગેરેને ચોરો લૂંટી લેશે તો....મારુ શું થશે એવો ભય.

અકસ્માત્‌ભય એટલે 'ઘરમાં આગ લાગી જશે તો ? ધરતી-કંપ થશે તો ?' દરિયા કિનારે રહુ છું તો કયારેક દરિયો તોફાન કરશે તો....? આ પ્રમાણેના ભયોને લઇને માણસનું હૃદય ધ્રુજતું જ રહે છે.

આજીવિકાભય–પૈસા કમાવાનો ભય, વ્યાપારનો ભય, નોકરીનો ભય તથા રોગ, પીડા બીમારીનો ભય તે આજી-વિકાભય છે. મરણભય મૃત્યુનો ભય હોવાને લઈને મોતથી બચવા માટે ધમપછાડા કર્યા કરે જોષીઓને જન્મ પત્રિકાઓ બતાવતો ફરે, પંડિતોને હાથ દેખાડતો રહે અને મૃત્યુથી બચતો રહેવામાં જ જૂદા જૂદા તરીકા અપનાવતો રહે તે

મરણ ભય છે, અપયશ ભય–લોકો મારી નિંદા કરશે તો ? આટલું કરું છું છતાં લોકો મારા માટે સારૂ બોલતા નથી. આમ અપયશ ભયને લઈને રાતદિવસ ચિન્તિત રહે તે.

આ પ્રમાણે સાતે ભયોના હરનારા ભગવાન મહાવીરસ્વામી છે. એટલે કે ભગવાન મહાવીરસ્વામીના ચરણોમાં આવેલા માનવોનો ભય બધી રીતે નાશ પામીને સર્વથા અભય–અવસ્થા પ્રાપ્ત કરે છે.

(૧૪) ચક્ષુદાયક–અસીમ ભાવદયાના માલિક ભગવાન મહાવીરસ્વામી સૌને શ્રુતજ્ઞાનરૂપી દિવ્યચક્ષુને આપવાવાલા છે. કેમકે ચર્મચક્ષુ તો સૌ કોઈને હોય છે પણ આ ચક્ષુઓથી કોઈનું ભલું થયું નથી માટે "તેજ માણસ ચક્ષુવાલા છે. જેઓ ત્યાગ કરવા યોગ્ય અને સ્વીકાર કરવા યોગ્ય ભાવોને જોઈ અને જાણી શકે છે."

વન વગડામાં ભૂલા પડેલા માણસને ભોમીઓ જેમ રસ્તો બતાવીને ઉપકાર કરે છે તેમ ભગવાન પણ સંસારરૂપી અરણ્યમાં પીડાયેલા, અને રાગ–દ્વેષરૂપી ચોરો વડે લુંટાયેલા, તથા કુવાસના–મિથ્યાવાસનારૂપી અજ્ઞાનથી આમ તેમ ભટકતાં જીવોને શ્રુતજ્ઞાનરૂપી ચક્ષુ આપીને અનંત સુખનાં સ્થાનરૂપ નિર્વાણ માર્ગને દેખાડીને સૌનો અનુપમ ઉપકાર કરનારા છે.

(૧૫) માર્ગદ–જીવમાત્રને સમ્યગ્જ્ઞાન–દર્શન અને ચારિત્રરુપી ત્રણ રત્ન આપીને પરમપદે (મોક્ષ)ના રસ્તે ચઢાવનારા છે.

(૧૬) શરણદ–સૌને ધર્મનો રસ્તો બતાવી ઘણા ઉપદ્રવોથી પીડાયેલા જીવોને પોતાના શરણમાં લઈને ઉપદ્રવ રહિત કરનારા છે.

(૧૭) ધર્મદેશક–શ્રુતચારિત્રરૂપી ધર્મના ઉપદેશક છે.

(૧૮) ધર્મદાયક–સંસારમાં હીરા–મોતી–સુવર્ણ–ચાંદી અને સત્તાસ્થાનો તો દેવાવાલા ઘણા છે, પણ શ્રુતચારિત્રરૂપી ધર્મ દેનાર તીર્થંકર દેવો જ હોય છે. ચારિત્રનો અર્થ આ પ્રમાણે છે "જ્યાં નવા પાપોના દ્વાર સર્વથા બંધ થાય અને જૂના પાપો પ્રતિ ક્ષણે ધોવાતાં જાય."

પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વનસ્પતિમાં જીવો છે, તે માટે સાધુને તેનો ઉપયોગ થઈ શકે જ નહી. સાધુને સ્નાન કરવાનું હોતું નથી. પુષ્પમાળાઓનું પરિધાન સાધુતાને કલંક લગાડનાર છે. હાથે રસોઈ બનાવીને આરોગવામાં પ્રત્યક્ષ રૂપે અગ્નિના જીવોની હત્યા તથા જીભ ઇન્દ્રિયની લોલુપતા છે. પંખો હાથમાં લઈને હવા ખાવી તે ગૃહસ્થોની શોભા છે, ખેતીવાડી પ્રત્યક્ષ હિંસક કાર્ય છે. ઇત્યાદિક પાપકાર્યોનું સેવન સાધુઓને શોભી શકે નહી. માટે જ કહ્યું છે કે "गृहस्थानां यद् भूषणं तद् साधूनां दूषणम्" ઉપર પ્રમાણે સંપૂર્ણ પાપકાર્યોનો સૌથી પ્રથમ ત્યાગ કરવીને અત્યુત્કૃષ્ટ સંયમ ધર્મને આપનારા ભગવાન મહાવીર સ્વામી છે.

(૧૯) ધર્મસારથિ–ચારિત્રધર્મરૂપી રથના પ્રવર્તક હોવાથી ભગવાનને સારથિની ઉપમા આપી છે, જે પ્રમાણે સારથિ રથને, તેમાં બેસનારાને તથા ઘોડાઓને રક્ષે છે. તે પ્રમાણે ભગવાન પણ ધર્મના સારથિ હોવાથી સંયમધારીને સ્થિર કરીને સંયમધર્મમાં જોડનારા છે.

(૨૦) ધર્મ ચક્રવર્તી–જે પ્રમાણે સંપૂર્ણ પૃથ્વીના રાજા એમાં ચક્રવર્તી રાજા પ્રધાન છે તેમ ધર્મદેશકોમાં તીર્થંકર દેવ અતિશય સમ્પન્ન હોવાથી શ્રેષ્ઠ ધર્મ ચક્રવર્તી છે. "ગમે તેવા

અને ગમે તેના તત્ત્વજ્ઞાનને જાણવા માત્રથી મોક્ષ નથી પણ ભાવશત્રુઓને જીતવાથી જ મોક્ષ છે.” મહાવીર સ્વામીના સંયમનો સાધક દિન પ્રતિદિન શુદ્ધ લેશ્યાવાળો એટલા માટે થતો જાય છે કે તેને સર્વે જીવો સાથે મૈત્રીભાવ કેળવવાની અભ્યાસિતા પ્રાપ્ત થઈ છે.

(૨૧) અપ્રતિહત શ્રેષ્ઠ જ્ઞાનદર્શનધારી-જ્ઞાન બે જાતના છે. એક ક્ષાયોપશમિક અને બીજું ક્ષાયિક. પહેલામાં કર્માવરણો છે, તેની અસર છે, અને કદાચ તે અસર વધતી જાય તો જ્ઞાની થયા પછી પણ સંસારની માયા–પરિગ્રહ–ક્રોધ અને કામની ભાવના વધતાં તેનું જ્ઞાન કેવળ બાહ્યાડંબર રૂપે જ રહેશે જ્યારે બીજા ક્ષાયિક જ્ઞાનમાં સંપૂર્ણ કર્મ મેલ ધોવાઈ જવાના કારણે એક પણ ખરાબ અસર રહેવા પામતી નથી. ભગવાન મહાવીર સ્વામી સર્વ શ્રેષ્ઠ ક્ષાયિક જ્ઞાન તથા દર્શનને ધરનારા છે.

(૨૨) વિગત છદ્મસ્થ ભાવ–એટલે ચાલ્યું ગયું છે છદ્મ-શઠત્વ–દુર્જનત્વ–કર્મોના આવરણો જેના તે ભગવાન હોય છે જ્યાં સુધી જીવમાં શાઠ્ય અર્થાત્ કર્મોના આવરણો હોય છે ત્યાં સુધી તેના જન્મ અને મરણના ફેરા મટતાં નથી. ત્યારે જ તો તેમને પુનઃ પુનઃ અવતાર (જન્મ) ધારણ કરવા પડે છે. પરન્તુ રાગ–દ્વેષ વગેરેનો સર્વથા નાશ કરવાથી છદ્મસ્થભાવ રહેતો નથી.

(૨૩) જિન–રાગ–દ્વેષાદિ અંતરંગ શત્રુઓને જેમણે પોતાના જીવનમાંથી કાઢી મૂક્યા છે, તે જિન કહેવાય છે. બાહ્ય શત્રુઓને જીતવા ઘણા સરળ છે પણ ભાવ શત્રુઓને જીતવાં એજ ખરી તપશ્ચર્યા છે. જે અત્યન્ત કઠણ માર્ગ છે,

આત્માના પ્રબળ પુરૂષાર્થ વિના આ માર્ગ અરિહંત ભગવંત વિના કોઈને પણ પ્રાપ્ય નથી.

(૨૪) જ્ઞાયક–રાગદ્વેષનું સ્વરૂપ, તેમની અનંત શક્તિ અને તેમને જીતવા માટેનું સમ્યગ્જ્ઞાન જેમણે છાદ્મસ્થિક જ્ઞાન ચતુષ્ટય વડે જાણ્યું છે, અને તે પ્રમાણે જ બીજા જીવોને પણ રાગ–દ્વેષાદિને જીતવા માટેનો ઉપદેશ આપે છે. તે ભગવાન કહેવાય છે.

(૨૫) બુદ્ધ–એટલે જીવ–અજીવ–પુણ્ય–પાપ–આશ્રવ સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ રૂપ નવ તત્વોને જેઓએ યથાર્થરૂપે જાણ્યા છે તે ભગવાન છે. નવતત્વોને પહેલા સમ્યક્ પ્રકારે જાણવા અને જાણેલા તત્વોને સમ્યગ્દર્શનવડે શ્રદ્ધામાં ઉતારવા અને ચારિત્ર અર્થાત્ જાણેલા અને શ્રદ્ધાયેલા તત્વોને જીવનમાં ઉતારવા એજ એક માનવ કર્તવ્ય છે. અને અરિહંતના માર્ગે જવાનો સરળ ઉપાય છે.

(૨૬) બોધક–પોતે જાણેલા જીવાદિ તત્વોને તથા રૂપેજ બીજાઓને ઉપદેશ દેનારા ભાવદયાના માલિક, પતિતપાવન ભગવાન મહાવીર છે.

(૨૭) મુક્ત–બાહ્ય અને આભ્યન્તર ગ્રન્થિને જેમણે તોડી નાખી છે તે મુક્ત કહેવાય છે. ગૃહસ્થાશ્રમ–પુત્રપરિવાર માતાપિતા–ધન–ધાન્ય–સુવર્ણ, રજત આદિ બાહ્ય પરિગ્રહ છે અને મિથ્યાત્વ વેદત્રય. હાસ્ય–રતિ–અરતિ–ભય-શોક, જુગુપ્સ ક્રોધ–માન–માયા અને લોભ આ પ્રમાણે આભ્યન્તર ગ્રન્થિ છે, આ બંને ગ્રન્થિઓને તોડીને કર્મના પિંજરામાંથી સર્વથા મુક્ત થયા છે તે ભગવાન છે.

(૨૮) મોચક–કર્મ પિંજરામાંથી સદુપદેશ–હિતોપદેશ આપીને બીજા જીવોને પણ મુક્ત કરાવનાર અરિહંત ભગવાન છે. કેમકે રાગ–દ્વેષ–પરિગ્રહ તથા પુનઃ પુનઃ અવતાર ધારણ કરનારને જે પોતે કર્મના બંધનથી બંધાયેલો છે તે બીજાઓને કોઈ કાળે પણ મુક્ત કરાવી શકે તેમ નથી. વીતરાગદેવ તેવા નથી માટે જ દેવાધિદેવ–શરણ્ય ભગવાન કહેવાય છે.

(૨૯) સર્વજ્ઞ–સર્વદર્શી–ત્રિકાલવર્તી દ્રવ્ય તથા પર્યાયાત્મક પદાર્થમાત્રને વિશેષ રૂપે જુએ–જાણે તે સર્વજ્ઞ કહેવાય છે અને સામાન્ય પ્રકારે જાણે તે સર્વદર્શી કહેવાય છે. અર્થાત્ છદ્મસ્થ પહેલા જુએ અને પછી જાણે છે. જ્યારે તીર્થંકરદેવ પહેલા જાણે છે અને પછી જુએ છે.

કર્મોની જાલ છેદીને સિદ્ધશિલા ઉપર બિરાજમાન અરિહંત પરમાત્માઓ અનંતજ્ઞાની છે અર્થાત્ સર્વજ્ઞ છે. આનાથી જેઓ મુક્તાવસ્થામાં જ્ઞાનની માત્રા સ્વીકારતાં નથી તેમનું ખંડન થઇ જાય છે. કેમકે જ્ઞાન આત્માનો ગુણ હોઈને ગુણીથી જૂદો પડતો નથી. તેમજ ગુણી કોઈ કાળે પણ ગુણ વિના કયાંય પણ અર્થાત્ નિગોદ, નરક, તિર્યંચ, મનુષ્ય, દેવ–દેવેન્દ્ર ચક્રવર્તી અને સિદ્ધશિલામાં પણ રહેતો નથી.

(૩૦) શિવ-સંપૂર્ણપણે સર્વ જાતનીદ્રવ્ય અને ભાવબાધાઓથી રહિત હોવાના કારણે અરિહંતદેવ મંગળભૂત હોય છે.

(૩૧) અચલ–સિદ્ધશિલા પ્રાપ્ત કર્યા પછી સાદિ અનંત ભાંગે તેઓ સર્વથા અચલ હોય છે, કર્મોનો સંપૂર્ણ નાશ થવાથી સ્વાભાવિક અને પ્રાયોગિક ગતિ પણ તેમને નથી.

(૩૨) અરુજ–દ્રવ્ય અને ભાવ રોગ જેમને નથી કેમકે આ બંને રોગોનું કારણ શરીર અને મન હોય છે. પરમાત્મા

પરમેશ્વરને શરીર મેળવવા માટેનું નામકર્મ પણ સર્વથાક્ષીણ થયું છે અને શરીરવિના મન પણ હોતું નથી. આવી સ્થિતિમાં "कारणाऽभावे कार्यमपि नास्ति" જન્મસમયના, જરા સમયના શારીરિક રોગો તો આપણે જાણીએ છીએ તે દ્રવ્યરોગ કહેવાય છે. જ્યારે કામ, ક્રોધ, મદ, માયા, લોભ ઈર્ષ્યા–વૈર આદિથી ઉત્પન્ન થતાં વિકારો અને ચેષ્ટાઓ ભાવરોગ તરીકે સંબોધાય છે. આ બંને રોગો ભગવાનને હોતા નથી.

કમંડલું પાસે રાખવાનો આશય એજ છે કે તેમના શરીર અશુદ્ધ છે. પોતાના માથા ઉપરના મોટાદેવનું ભજન કરવાના આશયે જ જપમાળા રાખવાની હોય છે.

ધનુષ્યબાણ ગદા – તીરકામઠા – તલવાર વગેરે શસ્ત્રો રાખવાનો આશય તો પોતાના શત્રુને મારવાના ઈરાદે જ રખાય છે. સ્ત્રીનું સામીપ્ય કામ અવસ્થાને સૂચિત કરે છે. રૂંડમાળા ખપ્પર આદિ સાધનો હત્યાના સૂચક છે. ગાય બળદ–અશ્વ–સિંહ–મોર–હંસ આદિ જાનવરો ઉપરની સવારી અહિંસા તત્ત્વની પૂર્ણતાને સૂચવતી નથી. માટે દ્રવ્ય અને ભાવ રોગ જેમનાં નાબૂદ થયા છે તે જ ભગવાન પૂજ્ય છે. સ્તુત્ય છે.

(૩૩) અક્ષય–પરિપૂર્ણ અથવા કૃતકૃત્ય હોવાથી ભગવાન અક્ષય છે.

(૩૪) અનંત–દ્રવ્યમાત્રમાં રહેલા અનંત ધર્મોના વિષયવાલું જ્ઞાન જેમણે હોય છે તે અનંત કહેવાય છે.

(૩૫) અવ્યાબાધ–બીજા જીવોને કોઈ પણ રીતે બાધા દાયક નથી.

(૩૬) અપુનરાવૃત્તિ–કર્મબીજ સર્વથા બળી જવાના કારણે જેમણે ફરીથી સંસારમાં અવતાર ધારણ કરવાનો નથી. તો પછી અરિહંત ભગવાનને પુનઃ પુનઃ જન્મ ધારણ કરવાની વાત જ સંભવી શકે તેમ નથી. આવા દેવાધિદેવ ભગવાન સિદ્ધિ ગતિના સ્થાનને પ્રાપ્ત થયેલા છે. ક્ષીણકર્મી જીવોનું સ્થાન લોકાકાશના અગ્રભાગે હોય છે. અને ધર્માસ્તિકાયાદિ પદાર્થોનું ત્યાં જ અવસાન છે. માટે તે સ્થાનને છોડીને આગળ જઇ શકતા નથી. તેમજ કર્મબીજ નષ્ટ થયેલું હોવાથી ફરીથી સંસારમાં અવતાર લેવાને માટે કંઇ પણ પ્રયોજન નથી. ભકતોને આશીર્વાદ અને દુષ્ટોને દંડ દેવાની વૃત્તિ (ઇચ્છા) મોહકર્મને લઇને હોય છે. જ્યારે દેવાધિદેવ પરમાત્માનાં મોહકર્મના મૂળીયા મૂળમાંથી જ ઉખડી ગયા છે. આવા ભગવાન મહાવીર સ્વામી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને દીક્ષા અંગીકાર કરીને સાડા બાર વર્ષ સુધીની અખંડ ઉગ્ર, મહાઉગ્ર તપશ્ચર્યાઓ આદરી, ચાર ઘાતિકર્મ (જ્ઞાનવરણીય દર્શનાવરનીય–મોહનીય–અને અંતરાય) નાશ પામ્યા પછી કેવળજ્ઞાનના માલિક બનીને. સમવસરણમાં બિરાજમાન થઈ સૌ જીવોને મોક્ષમાર્ગનો ઉપદેશ આપ્યો છે. તથા ચતુર્વિધ સંઘની સ્થાપના કરી છે. તેમનાં સંઘમાં ૧૪ હજાર શ્રમણો ૩૬ હજાર શ્રમણિઓની સંખ્યા છે. તે ચતુર્વિધ સંઘ સાથે જેમાં કરોડોની સંખ્યામાં દેવો છે. દાનવો છે; નાગકુમારો છે, અસુરો છે, તેમના ઈન્દ્રો છે, ઈન્દ્રાણિઓ છે, દેવિઓ છે, રાજા મહારાજાઓ છે, રાણી–મહારાણિઓ છે. શેઠ શાહુકારો છે ઈત્યાદિક અગણિત માનવ સમુદાય સાથે ભગવાન એક ગામથી બીજે ગામ વિહાર કરતાં કરતાં એક સમયે 'મોઢા' નગરીના નન્દન નામનાં ચૈત્યમાં પધારે છે.

દેવ નિર્મિત સમવસરણ

ત્યાં દેવો સમવસરણની રચના કરે છે અને દેવાધિદેવ પતિત પાવન ભગવાન મહાવીરસ્વામી સમવસરણમાં આવીને " નમો તિત્થસ્સ " કહીને વિરાજમાન થાય છે. આવા પ્રકારનું દેવનિર્મિત સમવસરણ, તેની રચના, તેનું વર્ણન, જૈનસૂત્રોને છોડીને બીજે કયાંય જોવામાં પણ આવતું નથી. સંસારનો ગમે તેવો મોટામાં મોટો ચક્રવર્તી હોય, વાસુદેવ હોય, કે બલદેવ હોય, ત્યાગી–તપસ્વી–મહાતપસ્વી હોય, કે કરોડોનું દાન દેનાર શ્રીમંત હોય, કે ઉંધે માથે આખી જીન્દગી સુધી લટકનાર મોટો યોગી હોય, તો પણ કોઈને માટે આવા સમવસરણની રચના થઈ હોય એવું કયાંય પણ જોવામાં નથી આવતું. જ્યારે અપૂર્વ અને અદ્વિતીય અતિશયો તો મારા તીર્થંકર પરમાત્માઓને જ હોય છે.

મોકા નગરીમાં વાયુવેગે જ્યારે આ વાત જાણવામાં આવી કે ભગવાન મહાવીરસ્વામી ગામની બહાર નંદન નામના ચૈત્યમાં બિરાજમાન છે ત્યારે ત્યાંના રાજા અને પ્રજાને ઘણોજ આનંદ થયો અને સૌ એક સ્થાને ભેગા થઈને એકજ વાત કરવાં લાગ્યા. કે આપણા નગરવાસિઓનો મોટો પુણ્યોદય છે કે પતિતપાવન ભગવાન મહાવીરસ્વામી આપણા નગરમાં પધાર્યા છે. તે અરિહંતને વાંન્દવા, સત્કારવાં, નમવાં અને તેમની પર્યુપાસના કરવી એજ જીવનનો એક મહાન લ્હાવો છે, માટે સૌ તૈયાર થાઓ. સૌએ સ્નાન કર્યા બલિકર્મ કર્યા. મંગળ કર્યું. તીલક કર્યા અને સભ્યવેષ પરિધાન કરીને પોતપોતાના ઘરેથી બહાર આવી એક સ્થાને ભેગા થયા સૌના હૃદય શ્રદ્ધાથી પૂર્ણ હતાં, મનમાં અરિહંત દેવને

જોવાનો ઉલ્લાસ હતો, આંખોમાં આતુરતા હતી, કાનોમાં ભગવાનની વાણી સાંભળવાની તીવ્ર ઝંખના હતી. હાથ જોડાયેલા હતાં. પગો ગતિ માટે તૈયાર હતાં, આ પ્રમાણે તે બધા ભાવુકો મોટા સામૈયા સાથે ગામની બહાર આવ્યા અને અરિહંતના સમવસરણને જોતા જ નમી પડયાં નાભી સુધીના શરીર ઝુકી ગયાં, અને શ્રદ્ધાપૂર્વક સમવસરણમાં આવીને ત્રણ પ્રદિક્ષાણા કરીને યોગ્ય સ્થાને બેઠા. સૌના કાનો સાંભળવા તત્પર હતાં. શ્રદ્ધાથી પરિપૂરિત હૃદય હતું. આત્માને પરમાત્મપદે પહોંચાડવાની ભાવના હતી.

ભગવાન બોલ્યા કે 'હે ભાગ્યશાલિઓ ? લોક છે, જીવ છે, અજીવ છે, પુણ્ય છે, પાપ છે, આશ્રવ છે, બંધ છે. સંવર છે, નિર્જરા છે અને મોક્ષ છે."

જીવનભરમાં અને ભવભ્રમણા કરતાં સૌ પ્રથમ જ જાણે! આ શબ્દો કાને પડયાં તથા સૌના મનરૂપી મોર નાચવા લાગ્યાં, જીવનમાં નવી ચેતના આવી અને જાણે! ભવભ્રમણાનો આંટો સફળ થયો એમ અનુભવાયું. કેટલાક ભાવુકો પ્રવ્રજ્યાના માર્ગે આવ્યા. તો કોઈએ સમ્યક્ત્વ વ્રત આદિ બાર વ્રતો યથા યોગ્ય સ્વીકાર્યાં છે. અને ફરી ફરી ભગવાનને વાદ્યાં તથા સ્વસ્થાને જવા માટે ઉભા થયાં. ઉલ્લસિત થયેલા ભાવ મનથી સૌ એક અવાજે આ પ્રમાણે બોલ્યા.

"અરિહંત દેવોનું અમોને શરણ હોજો
સિદ્ધ ભગવંતોનું અમને શરણ હોજો
જૈન ધર્મનું અમોને શરણ હોજો....
અને મુનિ ભગવંતોનું અમોને શરણ હોજો."

અને પછી સૌ પોતપોતાના સ્થાને ગયા. પાપકર્મોના ફળોને ભોગવવા માટેની ચરમસીમા જેમ નારકોમાં તથા નિગોદ સ્થિત જીવોમાં છે તેમ વ્યવહાર દૃષ્ટિએ ૬૪ હજાર સ્ત્રિયોના માલિક, ષટ્‌ખંડ રાજ્યના ધણી ચક્રવર્તિઓ અને ૩૨ હજાર સ્ત્રિયોના માલિક તથા ત્રણ ખંડના રાજા વાસુદેવો પણ પુણ્યશાલિઓ જ છે. છતાં તેમનું પણ પુણ્ય સીમાતીત નથી માટે આખુંએ જીવન રાજ્યોની ખટપટમાં સ્ત્રિયોની સાથે રંગ-રાગમાં પૂર્ણ થાય છે. અને જીવનલીલાને સમેટીને પાતાલલોકનાં સ્થાનને મેળવે છે. દેવો તથા દેવેન્દ્રોને પણ "क्षीणे पुण्ये मर्त्यलोकं विशन्ति" આ ઉક્તિના કારણે ફરીથી ગર્ભવેદના ભોગવ્યા વિના છુટકારો નથી.

બીજી દેવાંગનાઓનું હરણ, પોતાનું પરાધીન જીવન, અને મૃત્યુના સમયનું દુઃખ વેદન આદિ દુઃખોની વેદના દેવલોકમાં પણ છે. મનુષ્યોને જન્મ-જરા-વ્યાધિ-ઉપાધિના દુઃખો પ્રત્યક્ષ જોવાય છે આમ સંસારવર્તી જીવાત્માઓ ગમે તેટલાં પુણ્યશાલી હશે ? તો એ તેમનું પુણ્ય અધુરૂં છે, સીમાવાળું છે.

"संसारात्मा सदा दुःखी जन्ममरणशोकभाक्"

જ્યારે દુઃખજનક કર્મોનો નાશ કર્યા પછી જ કેવળજ્ઞાન મેળવાય છે અને તીર્થંકર પદની પ્રાપ્તિ થાય છે. એવા તીર્થંકર પરમાત્મા ઉત્કૃષ્ટતમ, પુણ્યશાલી હોવાના કારણે આધિ-વ્યાધિ તથા ઉપાધિથી સર્વથા મુક્ત છે માટે પુણ્ય કર્મોના ફળોની ચરમસીમા તીર્થંકર દેવોમાં સમાપ્ત થાય છે.

મર્યાદાતીત કારૂણિક ભાવના જ્યારે ઉદ્‌ભવે છે ત્યારે તીર્થંકર નામકર્મની નિકાચના થાય છે. અને તે મહાપુરુષો લાખો-કરોડો તથા સંખ્યાત-અસંખ્યાત જીવોનાં મિત્ર બને

છે. તથા મિત્ર બનીને સૌની ભલાઈમાં તથા સૌને પાપમાંથી મુકત કરવામાં જ રસિક હોય છે. કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં પૂર્વોપાર્જિત તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે અને ઈન્દ્રોના આસન પણ ચલાયમાન થાય છે. પોતાના અવધિ-જ્ઞાનથી તીર્થંકરોનું જ્ઞાન કલ્યાણક જાણીને ૬૪ ઈન્દ્રો પોત પોતાના પરિવારવાલા દેવો તથા દેવિઓને સાથે લઈને ત્યાં આવે છે, અને સમવસરણની રચના કરે છે, તેમાં બેસીને તીર્થંકર દેવો સૌ જીવોને માટે પરમહિતકારી એવા સંઘની સ્થાપના કરે છે. તેમાં સૌની પહેલા ગણધરો–ગણપતિઓ–ગણેશો જે પ્રભુનાં મુખ્ય શિષ્યો–અંતેવાસિઓ હોય છે, જેમનો સંયમ માંગલ્યપ્રદ હોવાના કારણે જ સૌ કોઇને માટે મંગળ કરનારો બને છે.

મહાવીર સ્વામીને ગણધરોની સંખ્યા ૧૧ની હતી, પૌદ્ગલિક શૂંઢ તો હાથી જેવા જાનવરને હોય છે. જ્યારે જ્ઞાનરૂપી શૂંઢના માલિકો ગણધર ભગવંતો હોવાથી ચતુર્વિધ સંઘના શિરોમણી બનીને આખાએ સંઘને મોક્ષના માર્ગે પ્રસ્થાન કરાવીને સૌને ભાવ મંગળ જેવા હોય છે.

તે ગણધરોમાં ઈન્દ્રભૂતિ (ગૌતમ સ્વામી) સૌથી મોટા ગણધર હતા. તેમનું વર્ણન ભગવતી સૂત્રમાં નીચે પ્રમાણે છે.

ગૌતમ સ્વામીનું વર્ણન

ભગવાન મહાવીર સ્વામીનાં મુખ્ય અંતેવાસી હતાં.
ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરીને નિર્ગ્રન્થ અવસ્થા પામેલાં હતાં.
ગૌતમ ગોત્રના હતાં.
સાત હાથના ઊંચા શરીરવાલા હતાં.

સમચતુરસ્ર સંસ્થાનવાલા હોવાથી સારા લક્ષણોથી દેદીપ્યમાન હતાં. વજ્રઋષભનારાચ સંઘયણવાલા એટલે કે તેમના શરીરના હાડકા ઘણાજ મજબૂત હતાં. સુવર્ણસમાન શોભાયમાન કાન્તિવાલા હતાં. ઉગ્ર–દીપ્ત એવા મહાતપને કરનારા હતાં. ગુણસમ્પન્ન, ઉદાર અને ૧૪ વિદ્યાના જાણકાર હતાં. પૂર્ણ સંયમી હોવાના કારણે શરીર વિભૂષાથી સર્વથા રહિત હતાં. ૧૪ પૂર્વધારી હતા અને તે પૂર્વો તથા દ્વાદશાંગીના રચનારા હતાં. ચાર જ્ઞાનનાં સ્વામી હોવાથી શ્રુતકેવળી હતાં. સર્વાક્ષર સન્નિપાતી જ્ઞાનવાલા હતાં સર્વોત્તમ વિનયવાન્ અને પૂર્ણ વિવેકી હતાં. તથા ભગવાન મહાવીરસ્વામી પ્રત્યે અનહદ રાગવાન્ હતાં.

પૂર્ણ દયાલુ હોવાથી, અત્યાર સુધીના બધાએ પ્રશ્નો ભગવાન મહાવીરસ્વામીને કેવળ લોક–કલ્યાણની ભાવનાથી પૂછેલા છે. પોતાની જિજ્ઞાસાર્થે, તથા જીવમાત્ર જૈન શાસનને સમજે, આદરે, અને પોતાના જીવનનું ધ્યેય પૂર્ણ કરે તે આશયને લઈને પ્રશ્નો પૂછયાં છે. અને ચરાચર સૃષ્ટિના કલ્યાણેચ્છુ ભગવાન મહાવીરસ્વામીએ તેમના ઉત્તરો આપ્યા છે.

દેવેન્દ્રો સંબંધી પ્રશ્ન

ત્રીજા શતકના આ ૧ લા ઉદ્દેશમાં ખાસ કરીને દેવલોક સંબંધી વર્ણન છે. એટલે જુદા જુદા દેવલોકના ઈન્દ્રો, સામાનિક દેવો વગેરે સંબંધી પ્રશ્નોત્તરો છે. આ પ્રશ્નોત્તરો મોકા નગરીના નંદન નામના ચૈત્યમાં થયેલા છે તેમાંના કેટલાક પ્રશ્નો ભગાવાનના બીજા ગણધર અગ્નિભૂતિએ કર્યા છે, તો કેટલાક ત્રીજા ગણધર વાયુભૂતિએ કર્યા છે.

શરુઆત ચમરથી કરવામાં આવી છે. એટલે કે–ચમરની ઋદ્ધિ, કાંતિ, બળ, કીર્ત્તિ, સુખ, પ્રભાવ અને વિકુવર્ણ શક્તિ સંબંધી ભગવાનને પૂછાયું છે. ભગવાને તે સંબંધી વર્ણન કર્યું છે.

તે પછી ચમરના સામ્રાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો અને ચમરની પટરાણીઓ સંબંધી તે જ પ્રશ્નો છે.

અહિં એ વાત વિશેષ છે કે–અગ્નિભૂતિએ ભગવાન પાસેથી આના જવાબો સાંભળ્યા પછી તેમણે વાયુભૂતિને કહ્યું છે. વાયુભૂતિને એ વાતની શ્રદ્ધા બેસતી નથી. પછી તેમણે ભગવાનને સ્વયં પૂછીને ખાત્રી કરી છે.

આ પછી ત્રીજા ગણધર વાયુભૂતિએ વિરોચનેન્દ્ર, નાગકુમારનો ઈન્દ્ર ધરણ, સ્તનિતકુમારો, વાનવ્યંતરો અને જ્યોતિષકો સંબંધી પ્રશ્નો છે.

દેવો સંબંધીના આ પ્રશ્નોમાં દક્ષિણ દિશાના ઇન્દ્રો માટે અગ્નિભૂતિએ પ્રશ્નો કર્યા છે, જ્યારે ઉત્તર દિશાના ઈન્દ્રો માટે વાયુભૂતિએ પૂછયા છે.

અગ્નિભૂતિએ શક્રેન્દ્ર સંબંધી ઉપરની બાબતોના પ્રશ્નો પૂછયા પછી ભગવાનના શિષ્ય તિષ્યક, કે જેઓ છઠ છઠની તપસ્યા પૂર્વક આત્માને ભાવતા, આઠ વર્ષ સુધી સાધુપણું પાળી, માસિક સંલેખના પૂર્વક આત્માને સંચોજી, સાઠ ટંકનું અનશન પાળીને કાળ કરી સૌધર્મકલ્પમાં દેવેન્દ્રના સામાનિકપણે ઉત્પન્ન થયા હતા તેમની ઋદ્ધિ અને વિકુવર્ણા શક્તિ વગેરે સંબંધી પૂછયું છે. આ એકજ નહિં, પરંતુ બાકીના સામાનિક

દેવો, ઇશાનનેન્દ્ર, ભગવાનના શિષ્યકુરુદત્તપુત્ર કે જેઓ નિરંતર અઠ્ઠમ અઠ્ઠમના પારણે આયંબીલ, તપવડે આત્માને ભાવતા આતાપના લેતા છે માસ સાધુપણું પાળી અંદર દિવસની સંલેખના વડે આત્માને સંયોજી, ત્રીસટંક અનશન પાળી, સમાધિપૂર્વક કાળ કરી ઈશાનકલ્પમાં ઈશાનેન્દ્રના સામાનિક પણે ઉત્પન્ન થયા હતા. તેના સંબંધી પ્રશ્ન થયેલ છે.

એ પ્રમાણે સનત્કુમાર સામાનિક દેવો, ત્રાયસ્ત્રિંશક દેવો, લોકપાલો અને પટ્ટરાણીઓ, એ જ પ્રમાણે માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, પ્રાણત અને અચ્યુતના દેવોની વિકુર્વણા શક્તિ સંબંધી વર્ણન છે. 卐[૩૮]

卐[૩૮] ત્રીજા શતકના પહેલા ઉદ્દેશાના પ્રશ્ન કર્તા 'અગ્નિભૂતિ' નામના બીજા ગણધર છે. જેઓ મગધદેશના 'ગોબર'ગામમાં ગૌતમ ગોત્રીય શ્રી વસુભૂતિ બ્રાહ્મણને ત્યાં પૃથ્વીદેવીની કુક્ષિએ કૃતિકા નક્ષત્રમાં જન્મ્યા હતાં. વેદ–વેદાંત આદિ ૧૪ વિદ્યાઓના પારગામી હોવાની સાથે ૧૦૦ શિષ્યોના ગુરૂ હતાં. એક દિવસે સોમિલ નામના વિપ્રે આરંભેલા મોટા યજ્ઞમાં પધાર્યા હતાં, તે સમયે ભગવાન મહાવીર સ્વામીને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં દેવોએ રચેલ સમવસરણમાં વિરાજિત ભગવાન મહાવીરસ્વામીને પરાજિત કરવા માટે પોતાના ભાઇ ઈન્દ્રભૂતિ ગયા હતાં, પણ બન્યું તેનાથી વિપરીત એટલે ઈન્દ્રભૂતિએ મહાવીરસ્વામીનું શરણ સ્વીકાર્યું આ વાત સાંભળીને અગ્નિભૂતિ પણ ભગવાન પાસે આવ્યા અને શંકા સમાધાન પછી તે પણ અંતેવાસી બન્યા તે સમયે તેમની ઉમ્ર ૪૬ વર્ષની હતી અને ૧૨ વર્ષ છદ્મસ્થ તરીકે રહીને જન્મથી ૫૮મા વર્ષે કેવળજ્ઞાનના માલિક બન્યા હતા, ૧૬ વર્ષ સુધી કેવળીપર્યાયમાં રહ્યા અને ૭૪ વર્ષે આયુષ્યપૂર્ણ કરીને મોક્ષમાં ગયા છે.

ઇશાનેન્દ્રની ઉત્પત્તિ

આ પછી ઇશાનેન્દ્રની દિવ્યઋદ્ધિ અને તેની ઉત્પત્તિનું વર્ણન આવે છે. પ્રસંગ એમ બને છે કે—

ભગવાન મહાવીર સ્વામી મોકાનગરીના નંદન ચૈત્યથી

તે અગ્નભૂતિ ગણધરે ભવનપતિના દશ ભેદોમાંથી અસુર–કુમારોના ઈન્દ્ર દક્ષિણાધિપતિ ચમરેન્દ્રની ઋદ્ધિ આદિ માટે પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીરસ્વામી આ પ્રમાણે જવાબ આપે છે.

તે ચમરેન્દ્ર મોટી ઋદ્ધિવાલેા છે; ૩૪ લાખ ભવનવાસી દેવતાઓઉપર ૬૪ હજાર સામાનિક દેવેા ઉપર, ૩૩ ત્રાયસ્ત્રિશક દેવેા ઉપર. ચાર લેાકપાલ, પાંચ પટ્ટરાણી, ત્રણ પર્ષદા, સાત સેના, સાત સેનાપતિ, બે લાખ છપ્પન હજાર આત્મરક્ષક દેવેા તથા બીજા પણ ઘણા દેવેા તથા દેવીઓ ઉપર તેનેા પ્રભાવ છે. કાકન્દી નગરીમાં ૩૩ શ્રમણેાપાસકેા તત્ત્વજ્ઞ હતાં જે ચમરેન્દ્રના ત્રાંયસ્ત્રિશક દેવેા થયા છે. વિકુર્વણા માટે વૈક્રિય સમુદ્‌ઘાત વડે જમ્બૂદ્વીપને ઘેરી શકે છે. આ દ્વીપની મેરૂપર્વતની દક્ષિણ દિશાએ ૧૭૮૦૦૦ યેાજન પ્રમાણની મધ્યે અસુરકુમાર દેવેા તથા દેવીઓના ૩૪ લાખ ભવનેા છે. જે બહારથી ગેાળ અને અન્દરથી ચેારસ છે, ઘણાંજ સુન્દર, સ્વચ્છ, પુષ્પેાથી શણગારેલા લીપેલા ધેાળેલા, ધૂપથી સુગંધિત થયેલા, કાન્તિવાલા તેમના આવાસેા છે.

આ ઈન્દ્રના સામાનિક દેવેામાં પણ એટલી શક્તિ છે કે આખા જમ્બૂદ્વીપને તથા તિરછાલેાકના અસંખ્યદ્વીપેા તથા સમુદ્રોને આકીર્ણ કરી–શકે છે. આ પ્રમાણે ત્રાયસ્ત્રિંશકદેવેાની શક્તિ પણ જાણવી.

નિકળી વિહરતા રાજગૃહ પધારે છે. આ વખતે હાથમાં શૂળને ધારણ કરનાર અને બળદના વાહનો વાળો લોકના ઉત્તરાર્ધનો

લોકપાલ દેવોની તથા તેમની પટ્ટરાણીઓ માટે પણ જાણવું. વૈક્રિય સમુદ્‌ઘાતમાં વૈક્રિય પુદ્‌ગળોજ કામે આવે છે ત્યારે વજ્ર, વૈડુર્ય; લોહિતાક્ષ' મસારગલ્લા વગેરે રત્નો ઔદારિક હોય છે, તે વૈક્રિય સમુદ્‌ઘાતમાં શી રીતે કામ આવે? ટીકાકાર આ વાતનો નિર્ણય આપે છે કે વૈક્રિય સમુદ્‌ઘાતમાં જે પુદ્‌ગળો લેવાય છે તે રત્નોનાં જેવાજ સારવાલા હોય છે.

ભગવાન મહાવીર સ્વામીના ત્રીજા ગણધર ગૌતમ ગોત્રના ઈન્દ્રભૂતિના નાનાભાઈ ૪૨માં વર્ષે ભગવાન મહાવીરસ્વામી પાસે દીક્ષિત થાય છે. ૧૦ વર્ષ છદ્મસ્થ અવસ્થામાં રહે છે. ૧૮ વર્ષ કેવળી પર્યાય પાલે છે અને જન્મથી ૭૦માં વર્ષે મોક્ષમાં જાય છે. તે દેવાધિદેવને વૈરોચનરાજ–બલિ ઈન્દ્રની ઋદ્ધિ માટે પ્રશ્ન કરે છે. અને ભગવાન કહે છે કે તેમનાં મેરૂ–પર્વતની ઉત્તર દિશાએ ૩૦ લાખ આવાસો છે, ૬૦ હજાર સામાનિક દેવો છે, બીજા પણ ઘણા દેવ તથા દેવીઓ ઉપર તેમનું આધિપત્ય છે. વિકુર્વણા શક્તિમાં ચમરેન્દ્ર કરતાં પણ અધિક છે.

નાગ કુમારોનો ઈન્દ્ર ધરણેન્દ્ર મોટી ઋદ્ધિવાળો તથા શક્તિવાલો છે. દાક્ષિણાત્ય ધરણેન્દ્રનાં આધિપત્યમાં ૪૪ લાખ ભવન, છ હજાર સામાનિક દેવ ૩૩ ત્રાયસ્ત્રિશંક દેવ, ૪ લોકપાલ પરિવાર સહિત ૬ અગ્રમહિષીઓ, ૩ સભા, ૭ પ્રકારનું સૈન્ય, ૭ સેનાપતિ, ૨૪ હજાર આત્મરક્ષક દેવો, અને બીજા પણ ઘણા દક્ષિણાત્ય દેવો તથા દેવીઓ છે.

ઘણી અઠ્ઠાવીસ લાખ વિમાનનો ઉપરી ઇશાનેન્દ્ર સ્વચ્છ વસ્ત્રોને ધારણ કરી માળાથી શણગારેલા મુકુટને માથે મૂકી,

---

આ પ્રમાણે બીજા ભવનપતિઓ માટે પણ જાણવું. મેરૂ–પર્વતની દક્ષિણ દિશા તરફ રહેનારા ભવનપતિઓના ઇન્દ્રો અનુક્રમે ચમર, ધરણ, વેણુદેવ, હરિકાંત, અગ્નશિખ, પૂર્ણ, જળકાંત, અમિત, વિલંબ અને ઘોષ છે. ત્યારે ઉત્તરાધિપતિઓ બલિ, ભૂતાનંદ, વેણુદાલી, હરિસ્સહ, અગ્નિમાણવ વસિષ્ઠ, જલપ્રભ, અમિતવાહન પ્રભંજન તથા મહાઘોષ છે.

વ્યંતરેન્દ્રો પણ પરિવાર સહિત જાણવા. આમાં પણ દાક્ષિણાત્ય અને ઉત્તર ભાગનાં વ્યંતરોના ઇન્દ્રો અનુક્રમે કાળ–મહાકાળ, સુરૂપ પ્રતિરૂપ, પૂર્ણભદ્ર–મણિભદ્ર, ભીમ–મહાભીમ કિન્નર–કિંપુરુષ સત્પુરુષ મહાપુરુષ, અતિકાય–મહાકાય, ગીતરતિ ગીતયશા છે. આ પ્રમાણે જ્યોતિષ્કો માટે પણ જાણી લેવું.

દેવેન્દ્ર શક્રને માટે આ પ્રશ્નોત્તરો છે, જમ્બૂદ્વીપના મેરૂ-પર્વતની સમતલભૂમિથી ૮૦૦ યોજન ઉપર ગયા પછી સૂર્યની રાજધાની છે, ત્યાંથી ૮૦ યોજન ચન્દ્રદેવની રાજધાની છે, ત્યાંથી ૨૦ યોજનના અંતરમાં ગ્રહો–નક્ષત્રો અને તારાઓના વિમાનો છે ત્યાંથી પણ અસંખ્યેય યોજન ઉપર સૌધર્મ દેવલોક છે. તે ઘનોદધિના આધારે છે. ત્યાં ૩૨ લાખ વિમાન છે. જે ગોળ ત્રિકોણ, અને સરચોરસ છે; વર્ણે; કાળા, નીલા; લોહિત; હાલિદ્ર અને ધોલા હોય છે. ગન્ધે સુગન્ધવાલા અને સ્પર્શે કોમળ હોય છે. તેમને ભવધારણીય અને ઉત્તરવૈક્રિય એમ બે શરીર હોય છે. આંગળના અસંખ્ય ભાગથી યાવત્ સાત હાથ સુધીનું શરીર ભવધાર-

નવા સોનાના સુંદર વિચિત્ર અને ચંચળ કુંડલોથી ગાલોને ઝગમગાવતો દશે દિશાઓને પ્રકાશિત કરતો ઈશાન કલ્પમાં, ઈશાનાવતંસક વિમાનમાં દેવઋદ્ધિને અનુભવતો, જે દિશામાંથી પ્રકટયો હતો, તે જ દિશામાં પાછો ચાલ્યો ગયો.

આ વખતે ગૌતમે મહાવીરસ્વામીને વાંદી–નમી ભગવાનને પૂછયું. "ઇશાનેન્દ્રની તે દિવ્યઋદ્ધિ કયાં ગઇ ? અને કયાં પેસી ગઇ ?"

ભગવાને કહ્યું–'તે શરીરમાં ગઈ' અને શરીરમાં પેસી ગઈ.卐[૩૯]

ણીયની અપેક્ષાએ સમજવું. જયાંરે આંગળીના અસંખ્યાત ભાગથી એક લાખ યોજન સુધીનું શરીર ઉત્તર વૈક્રિય સંબંધી જાણવું. તેને ૮૪ હજાર સામાનિક દેવ. ૩૩ ત્રાયસ્ત્રિંશક દેવ. ૪ લોકપાળ (સોમ–યમ–વરૂણ–કુબેર) ૭ સેના અને ૭ સેનાપતિ ત્રણ લાખ છત્રીસ હજાર આત્મરક્ષક દેવ; આઠ પટરાણી, અને સુધર્મા, નામની સભા છે.

卐 ૩૯ સુધર્મા સભામાં ઈશાન નામના સિંહાસન પર બેઠેલા ઇશાનેન્દ્ર પોતાનો દિવ્ય–વૈભવ ભોગવી રહ્યા છે. જેઓ ૮૦ હજાર સામાનિક દેવ, ચાર લોકપાળ આઠ ઈન્દ્રાણી, સાત સેના, સાત સેનાપતિ, ત્રણ લાખ બત્રીસ હજાર અંગ-રક્ષક દેવ આદિ બીજા ઘણા દેવદેવીઓ ઉપર આધિપત્ય ભોગવે છે. એક સમયે પોતાના અવધિજ્ઞાનથી ઈન્દ્રે ભગવાન મહાવીર સ્વામીને જોયા અને આસનથી નીચે ઉતરીને સાત આઠ પગલાં ભગવાન જે દિશામાં હતાં તે તરફ ગયા અને ભગવાનને વાંદ્યા, ત્યારપછી પોતાના આભિયોગિક દેવોને

તામલી તાપસ અને પ્રાણામા દીક્ષા

આ પછી શ્રી ગૌતમે ઈશાનેન્દ્રની ઉત્પત્તિ સંબંધી કરેલા પ્રશ્નનો ખુલાસો વિસ્તારથી છે. જેનો સાર આ છે:-

તામ્રલિપ્તી નગરીમાં તામલી નામનો મૌર્યપુત્ર (મૌર્ય વંશી) ગૃહપતિ રહેતો હતો. તે ઘણો મોટો ધનાઢય હતો. દિવસે દિવસે ઋદ્ધિ-સમૃદ્ધિમાં વધતો જતો હતો. પછીથી તે વૈરાગી થયો. અનેક પ્રકારના પદાર્થોથી પોતાના સગા-સંબંધીઓ અને જ્ઞાતિવાળાઓનો સત્કાર-સન્માન કરી. પોતાના વડીલ પુત્રને કુટુંબનો ભાર સોંપી, પોતાના સ્થાને સ્થાપી, તેણે પ્રાણામા નામાની દીક્ષા લીધી. દીક્ષાની સાથે જ તેણે યાવજ્જીવ સુધી છઠ-છઠની તપસ્યાનો અભિગ્રહ કર્યો. તે છઠ છઠની તપસ્યા કરે છે. અને હાથ ઊંચા રાખી સૂર્યની સ્હામે ઉભા રહી આતાપના લે છે. ઊંચ, નીચ અને મધ્યમકુળમાંથી ભિક્ષા લે છે. પારણાના દિવસે એવો અભિગ્રહ ધારણ કરે છે કે-દાળશાક વિનાના ચોખા ભિક્ષામાં લેવા અને ભિક્ષામા લાવેલા ચોખા (ભાત)ને પાણી વડે એકવીસ

બોલાવીને આજ્ઞા આપતાં કહે છે કે "હું ભગવાન મહાવીર સ્વામીને વન્દન કરવા માટે જાઉ છું" તો તમે પણ મારી સાથે ચાલો. અને આપણા પરિવારને પણ ખબર આપો. પછી લાખ યોજન પ્રમાણ વાલ વિમાનમાં બેસીને, તથા નંદીશ્વર દ્વીપમાં તે વિમાનને સંકેલીને ઈન્દ્ર મહારાજ પોતાના પરિવાર સાથે રાજગૃહનગરે આવ્યા અને ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દઈને પર્યુપાસના કરી ધર્મદેશના સાંભળ્યા પછી ઈન્દ્રે અત્યન્ત ભક્તિ ભાવે ભગવાનને કહ્યું કે હે પ્રભુ!

વાર ધોય પછી આવા–પારણું કરવું.

આ દીક્ષાને પ્રાણામા દીક્ષા એટલા માટે કહેવામાં આવી છે કે–તે જેને જ્યાં જૂવે, તેને અર્થાત્ ઈન્દ્ર, સ્કન્દ, રુદ્ર, શિવ, કુબેર, પાર્વતી ચંડિકા, રાજા, સાર્થવાહ, કાગડા, કૂતરા, ચાંડાલ, આદિ સૌને પ્રણામ કરે છે. ઊંચાને જોઈ ઊંચી રીતે પ્રણામ કરે છે, નીચાને જોઈ નીચી રીતે પ્રણામ કરે છે. એટલા માટે આ પ્રવ્રજ્યાને પ્રાણામા કહી છે.

મૌર્યપુત્ર તામલીએ ઘોર તપસ્યા કરી, શરીરને સૂકવી દીધું તે પછી તેણે પોતાના પૂર્વના અને દીક્ષા પછીના બધા ઓળખિતાઓની સમ્મતિપૂર્વક પોતાની પાસેનાં ચાંખડી. કુંડી વગેરે ઉપકરણો દૂર કરી. તામ્રલિપ્તી નગરીમાં ઇશાન ખૂણામાં આહાર પાણીનો ત્યાગ કરી પાદોપગમન નામનું અણશણ કર્યું.

આવખતે બલિચંચા રાજધાની ઈન્દ્ર અને પુરોહિતથી રહિત હતી. ત્યાંના રહેનારા ઘણા અસુરકુમાર દેવો અને દેવીઓએ બાલતપસ્વી તામલીને અવધિજ્ઞાનથી જોયો. આ બધાઓએ તામલીને બલિચંચાના ઈન્દ્ર તરીકે આવવાનો

હું ગૌતમ સ્વામી આદિ મહર્ષિઓને નાટયવિધિ (નાટક) દેખાડવાની ઈચ્છવાલો છું આમ કહીને ઈન્દ્રે પોતાના જમણા હાથમાંથી ૧૦૮ દેવકુમારોને તથા ડાબા હાથમાંથી ૧૦૮ દેવ-કન્યા ઓને પ્રકટ કરીને વાંજિત્રોના નાદ સાથે બત્રીસ જાતનું વિવિધ પ્રકારે નાટક કર્યું. નાટયની સમાપ્તિ થયે છતે ભગવાનને વાંદી નમીને પોતાના સ્થાને ગયા, ગૌતમસ્વામીએ ભગવાનને પૂછયું કે ઈન્દ્ર મહારાજની આટલી બધી ઋદ્ધિ ક્યાં ગઈ ? ભગવાને કહ્યું કે તેની ઋદ્ધિ તેના જ શરીરમાં પ્રવેશ કરી ગઈ છે. બાકીનો ઉલ્લેખ સ્પષ્ટ છે.

સંકલ્પ કરાવવાનો વિચાર કર્યો. આ દેવ દેવીઓ તામલી પા આવ્યાં. પોતાની દિવ્ય સમૃદ્ધિ વડે બત્રીસ પ્રકારનાં નાટ્ય વિધિ બતાવ્યાં. પછી તેને નમી, વાંદી પ્રદક્ષિણા દઇ, બલિચંચાના ઈન્દ્ર થવા માટે પ્રાર્થના કરી. અને એવા પ્રકારનું નિયાણું બાંધવાનું કહ્યું. તામલીએ આ વાત સ્વીકારી નહિ તે મૌન રહ્યો, ત્યારે પેલા દેવદેવીઓએ બીજીવાર–ત્રીજીવા એમ પ્રાર્થના કરી. પણ તામલીએ કંઈ પણ જવાબ ન આપ્યો આખરે તે દેવદેવીઓ થાકીને પોતાના દેવલોકમાં બલિચંચામ ચાલ્યા ગયા.

તે પછી તામલી સાઠ હજાર વર્ષ પોતાની દીક્ષા પાળીને, બે માસની સંલેખના કરીને કાળ કરી ઈશાન–કલ્પમાં ઈશાન દેવેન્દ્રપણે ઉત્પન્ન થયો, આ વખતે ઈશાન દેવલોકમાં પણ ઇન્દ્ર અને પુરોહિતનાં સ્થાન ખાલી હતાં.

બલિચંચાના દેવદેવીઓએ જ્ઞાનથી જોયું કે–તામલી મરીને ઈશાનમાં ઈન્દ્ર થયો છે. અને તેનું મડદુ જ્યાં મર્યો ત્યાં છે. એટલે તેઓ ક્રોધી થઇને મડદા પાસે આવ્યા, ને એને ડાબે પગે દોરડી બાંધી, તેના મ્હોંમાં ત્રણ વાર થૂંકયા. એટલું જ નહિ પરન્તુ તામ્રલિપ્તી નગરીમાં બધે ઠેકાણે તે મડદાને ઘસેડીને ફેરવ્યું. એ શરીરની ખૂબ નિંદા કરી. ખૂબ હેલણા કરી. તેને મારી પીટી અને કદર્થના કરી પછી તે મડદાને એકાન્તમાં નાખી ચાલ્યા ગયા.

મડદાની આ હેલણા–કદર્થના– નિંદા થતી હતી, એ વાત ઈશાન દેવલોકના દેવદેવીઓને પોતાના જ્ઞાનથી જોઈ. એમણે ઈશાનેન્દ્રને આ વસ્તુ નિવેદન કરી. ઇશાનેન્દ્ર ક્રોધિત થયો.

તેણે પોતાના કપાળે ભવાં ચઢાવી બલિચંચા રાજધાની પ્રત્યે જોયું. પોતાના દિવ્ય પ્રભાવ વડે તે વખતે બલિચંચા અંગારા જેવી થઈ ગઇ. આગના કણિયા અને રાખ જેવી થઈ. બલિચંચામાં રહેનારા અસુરકુમારો ખૂબ ભય પામ્યા. અત્યન્ત દુઃખી થયા. ત્રાસ પામ્યા. ચારે બાજુ નાસવા–ભાગવા લાગ્યા. તેમણે ઉપયોગ આપી જોયું કે આ તો ઈશાનેન્દ્રના કોપનું પરિણામ છે. ત્યારે બધા અસુરકુમારોએ ઈશાનેન્દ્રને ખૂબ ખૂબ પ્રાર્થના કરી. ખૂબ ખૂબ ક્ષમા યાચી, એની શક્તિનાં વખાણ કર્યાં. તે પછી ઇશાનેન્દ્રે બલિચંચા ઉપર મૂકેલી તેની લેશ્યા પાછી ખેંચી લીધી.

ત્યારથી લઇને બલિચંચામાં રહેનારા અનેક અસુરકુમાર દેવો અને દેવીઓ તે ઈશાનેન્દ્રનો આદર, સેવા વગેરે કરે છે, અને ઈશાનેન્દ્રની આજ્ઞામાં, સેવામાં–આદેશમાં રહે છે.

શક્ર અને ઈશાનની તુલના

આ ઈશાનની સ્થિતિ બે સાગરોપમથી કંઇક અધિક છે. અને દેવલોકથી ચ્યવીને તે મહાવિદેહ ક્ષેત્રમાં જઇ ત્યાંથી સિદ્ધ થશે.

શક્રેન્દ્ર વિમાનો કરતાં ઇશાનેન્દ્ર વિમાનો કંઈક ઊંચા છે. શક્રેન્દ્ર, ઈશાનેન્દ્રની પાસે આવવાને સમર્થ છે, અને જ્યારે તે આવે છે ત્યારે તેનો આદર કરતો આવે છે. નહિં કે અનાદર પૂર્વક આવીજ રીતે ઈશાનેન્દ્ર શક્રેન્દ્રની પાસે પણ જઈ શકે છે. જ્યારે તે શક્રેન્દ્ર પાસે આવે, ત્યારે આદર કરતો ય આવે અને અનાદર કરતો ય આવે. શક્રેન્દ્ર ઈશાનેન્દ્રની ચારે બાજુએ બધી તરફ જોવાને સમર્થ છે. એમ ઉપર પ્રમાણે—

શક્રેન્દ્ર ઈશાનેન્દ્રની સાથે વાતચીત કરવાને પણ સમર્થ છે. આ બન્નેની વચમાં પરસ્પર કોઈ વખત એક બીજાનું કામ પડે છે, જ્યારે શક્રને કંઈ કામ હોય ત્યારે તે ઇશાનેન્દ્રની પાસે આવે છે, અને જ્યારે ઈશાનેન્દ્રને કામ હોય ત્યારે શક્રેન્દ્ર પાસે જાય છે. તેમની પરસ્પર બોલવાની રીતિ આવી છે. "હે દક્ષિણલોકાર્ધના ધણી દેવેન્દ્ર દેવરાજ શક્ર!" "હે ઉત્તર લોકાર્ધના ધણી દેવેન્દ્ર દેવરાજ ઇશાન!" આ બન્નેમાં કોઈ કોઇવાર વિવાદો પણ થાય છે. જ્યારે વિવાદ થાય છે ત્યારે તેઓ સનત્કુમાર નામના દેવેન્દ્રને યાદ કરે છે. યાદ કરતાં જ તે સનત્કુમાર તે બે દેવેન્દ્રો પાસે આવે છે. સનત્કુમારેન્દ્ર જે કહે છે; તેને તે બન્ને ઇન્દ્રો સ્વીકાર કરે છે.

આ સનત્કુમાર ઇન્દ્ર ભવસિદ્ધિક છે; સમ્યગ્દૃષ્ટિ છે, મિત સંસારી છે. સુલભ બોધિ છે, આરાધક છે, અને ચરમ છે. તે સનત્કુમારેન્દ્ર ઘણાં શ્રમણ અને શ્રમણીઓ, શ્રાવક અને શ્રાવિકાઓનો હિતેચ્છુ છે. સુખેચ્છુ અને પથ્યેચ્છુ છે. તેઓનાં ઉપર અનુકંપા કરે છે. તેઓનું નિઃશ્રેયસ ઇચ્છે છે. સનત્કુમારેન્દ્રની સ્થિતિ સાત સાગરોપમની છે. તે આયુષ્ય પુરું થયે મહાવિદેહક્ષેત્રમાં ઉત્પન્ન થઇ સિદ્ધ થશે. 卐૪૦

卐૪૦ વૈમાનિક દેવતાઓ સંબંધી વિશેષ વર્ણન આ પ્રમાણે છે— વૈમાનિક દેવોના બાર ભેદ છે:–સૌધર્મ, ઐશાન, સનત્કુમાર, માહેન્દ્ર બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરંણ અને અચ્યુત. આ બાર દેવલોક કહેવાય છે.

સૌધર્મ નામની સભા જેમાં છે તે સૌધર્મ, ઈશાનેન્દ્રનો નિવાસ જ્યાં છે. તે ઐશાન આ પ્રમાણે સર્વ સમજી લેવું.

અસુરકુમારોની ગતિ

આ પ્રકરણમાં પણ દેવતાઓ સંબંધી જ હકીકત છે. અસુરોનું સ્થાન, અસુરોનું ગમન, અસુરોને દેવોએ કરેલી સજા, તે પછી ચમરની હકીકત આવે છે. જેમાં ચમરની ઉત્પત્તિ, તેની દીક્ષા અને ચમરપણે ઉત્પન્ન થયા પછી શક્ર અને ચમર વચ્ચેનું યુદ્ધનું ખૂબ વિસ્તારથી વર્ણન છે. આ બધાનો સાર આ છે :—

તે વૈમાનિક દેવોની આયુષ્ય મર્યાદા આ પ્રમાણે છે :—

બાર દેવલોકનાં નામ	જઘન્ય સ્થિતિ	ઉત્કૃષ્ટ સ્થિતિ
૧ સૌધર્મ	૧ પલ્યોપમ	૨ સાગરોપમ
૨ ઐશાન	૧ ,, થી વધારે	૨ સાગરોપમથી વધારે
૩ સનત્કુમાર	૨ સાગરોપમ	૭ સાગરોપમ
૪ માહેન્દ્ર	૨ ,, થી વધારે	૭ સાગરોપમથી વધારે
૫ બ્રહ્મલોક	૭ ,, ,,	૧૦ સાગરોપમ
૬ લાંતક ૧૦	સાગરોપમથી વધારે	૧૪ સાગરોપમ
૭ મહાશુક ૧૪	,,	૧૭ ,,
૮ સહસ્ત્રાર ૧૭	,,	૧૮ ,,
૯ આનત ૧૮	,,	૧૯ ,,
૧૦ પ્રાણત ૧૯	,,	૨૦ ,,
૧૧ આરણ ૨૦	,,	૨૧ ,,
૧૨ અચ્યુત ૨૧	,,	૨૨ ,,

આ વૈમાનિક દેવો આટલી બાબતોમાં ઉપર ઉપર વધારે હોય છે. પ્રભાવ—અચિન્ત્ય શક્તિને પ્રભા કહે છે. તે નિગ્રહ, અનુગ્રહ, વિક્રિયા, અને પરાભિયોગ આદિ રૂપમાં સમજવું.

આ પ્રશ્નોત્તરો રાજગૃહી થયેલા છે.

અસુરકુમારો એક લાખ એંશી હજાર યોજનની જાડાઈવાળી રત્નપ્રભા પૃથ્વીની ૧૭૮૦૦૦ યોજનના વચગાળે રહે છે. તે અસુરકુમારો પોતાના સ્થાનથી યાવત્ નીચે સાતમી પૃથ્વી સુધી જઇ શકે છે. પરન્તુ તેઓ ત્યાં સુધી ગયા નથી, જતા નથી ને જશે પણ નહિં. તેઓ ત્રીજી પૃથ્વી સુધી જ ગયા છે, જાય છે, ને જશે પણ ખરા. અને ત્યાં તે પોતાના જુના શત્રુને દુઃખ દેવા જાય, કે જૂના મિત્રને સુખ દેવા જાય

બીજાને શ્રાપ અથવા દંડ દેવાની શક્તિને નિગ્રહ કહે છે. પરોપકાર આદિ કરવાની શક્તિને અનુગ્રહ કહે છે.

અણિમા–મહિમા આદિ શરીરના રૂપાન્તરને વિક્રિયા કહે છે

બીજાને દબાવીને કામ કરાવવું તે પરાભિયોગ છે.

આ અને બીજી પણ પ્રભાવ શક્તિ નીચેથી ઉપરના દેવોમાં વધતી જાય છે. પણ પોતે મન્દાભિમાની તથા અલ્પ સંક્લેશવાળા હોવાથી તેનો ઉપયોગ બહુ જ ઓછો કરે છે. પુણ્ય પ્રભાવ હોવાથી તેમના સ્થાન, તેમના પુદ્ગળો વગેરે સુખરૂપે જ હોય છે અને આગે આગેના દેવોમાં સુખ વધારે હોય છે. શરીરની કાન્તિ પણ આગળના દેવોને અનુક્રમે વધારે છે. લેશ્યાઓની વિશુદ્ધિ પણ વધારે હોય છે.

દૂરથી કોઈપણ પદાર્થને, અને તેના વિષયને ગ્રહણ કરવામાં ઇન્દ્રિયોનું સામર્થ્ય આગળ આગળ વધારે હોય છે. અવધિજ્ઞાનનો વિષય પણ ઉપર ઉપરના દેવોમાં વધારે અને સ્પષ્ટ હોય છે. તે આ પ્રમાણે.

જાય છે. અસુરકુમારો તિરછા અસંખ્ય દ્વીપ સમુદ્ર સુધી જવાનું સામર્થ્ય રાખે છે, પણ ગયા છે, જાય છે અને જશે તો નંદીશ્વરદ્વીપ સુધી જ. આવી જ રીતે તેઓ ઊંચે અચ્યુત દેવલોક સુધી જવાનું સામર્થ્ય રાખે છે, પરતું ગયા છે, જાય છે ને જશે તો સૌધર્મકલ્પ સુધી જ. તે અસુરો ત્યાંના આત્મરક્ષક દેવોને ત્રાસ ઉપજાવે છે અને તેમના રત્નોને લઈ નાશી જાય છે. રત્નોને લઈ ગયા પછી તેઓ વૈમાનિકો દ્વારા ખૂબ વ્યથા ભોગવે છે. આ અસુરકુમારોને જો ઉપરના દેવોની

પહેલા અને બીજા કલ્પના દેવો અવધિજ્ઞાનથી નીચે પહેલી નરક ભૂમિને જોઇ શકે છે. તિરછુ અસંખ્યાત લાખ યોજન સુધી જુએ છે ઉપરમાં પોતાના વિમાન સુધી જુએ છે. ત્રીજા અને ચોથ કલ્પના દેવો નીચે બીજી નરક સુધી અને તિરછું અસંખ્યાત લાખ યોજન સુધી, અને ઉપરમાં પોતાના વિમાન સુધી જુએ છે પાંચમા અને છઠ્ઠા કલ્પના દેવો ત્રીજી નરક સુધી જુએ છે. સાતમા તથા આઠમા કલ્પના દેવો ચોથી નારક સુધી જુએ છે. નવમા–દસમા અગીયારમાં અને બારમા કલ્પના દેવો પાંચમી નરક સુધી જુએ છે અને ઉપરમાં પોત પોતાના વિમાનો સુધી જુએ છે. આથી જણાય છે કે પોતપોતાનાથી ઉપરના ઉપરના દેવોમાં આયુષ્ય, કર્મની સ્થિતિ, પ્રભાવ, શરીર, કાન્તિ, લેશ્યાઓ, વિષય–ગ્રહણની શકિત, અને અવધિજ્ઞાનની મર્યાદા વધારે હોય છે. પરન્તુ ગતિના વિષયમાં, શરીરની ઉંચાઈ આદિમાં, પરિગ્રહના વિષયમાં તથા અભિમાનમાં, ઉચ્છવાસમાં, આહાર–વેદના, ઉપઘાત અને અનુભાવના વિષયમાં તો ઉપરના દેવો હીન હોય છે. તે આ પ્રમાણે—

અપ્સરાઓ સ્વામી તરીકે સ્વીકારે અને તેમનો આદર કરે, તો તે ત્યાં રહેલી અપ્સરાઓ સાથે દિવ્ય અને ભોગવવા યોગ્ય ભોગોને ભોગવી શકે છે. આ અસુરકુમારો અનંત ઉત્સર્પિણી અને અનંત અવસર્પિણી વીત્યા પછી લોકોમાં આશ્ચર્ય પમાડનાર આ ભાવ—અસુરકુમારોનું ઊંચે જવું થાય છે અને જેઓ મોટી ઋદ્ધિવાળા હોય છે તે જ ઊંચે જાય છે.

ગતિ–બે સાગરોપમની જઘન્ય સ્થિતિવાલા દેવો સાતમી નરકભૂમિ સુધી જઇ શકે છે. પૂર્વાદિ દિશાઓમાં અસંખ્યાત કોડાકોડી યોજન સુધી તિરછી ગતિ કરે છે. બે સાગરોપમથી વધારે જઘન્ય સ્થિતિના દેવોની ઘટતી જાય, યાવત્ તૃતીય ભૂમિ સુધી જ તેઓ જઈ શકે છે. પૂર્વ ભવના સ્નેહ સંબંધને લઈને તેઓ ગતિ કરે છે, ભાવીમાં પણ પોતાનો ઉદ્ધાર રાવણના હાથે થશે તેમ જાણવાથી સ્નેહ સાગરમાં ડૂબેલો તે સીતેન્દ્ર (અચ્યુતેન્દ્ર) ચોથી નરક ભૂમિમાં જઈને, રાવણ તથા લક્ષ્મણને પ્રતિબોધ આપીને વૈર મુક્ત બનાવે છે.

ગતિના વિષયમાં આટલી શક્તિને ધારણ કરવા છતાં પણ તેમને ગતિ કરવાના વિષયમાં રસ નથી કેમકે:—મોહકર્મની તીવ્રતા ત્યાં નથી.

શરીર–પહેલા અને બીજા દેવલોકના દેવોના શરીર સાત હાથ (અરત્ની) પ્રમાણે હોય છે. ત્રીજા–ચોથા કલ્પના દેવોના શરીર છ હાથના હોય છે. પાંચમા–છઠ્ઠા કલ્પના દેવોના શરીર પાંચ હાથના હોય છે. સાતમા–આઠમા કલ્પના દેવોના શરીર ચાર હાથના હોય છે. નવ–દશ–અગિયાર અને બારમા કલ્પના દેવોના શરીર ત્રણ હાથના હોય છે.

આ અસુર કુમાર દેવો અરિહંતોનો, અરિહંતનાં ચૈત્યોનો અને ભાવિતાત્મા સાધુઓનો આશ્રય કરીને ઊંચે સૌધર્મ કલ્પ સુધી જાય છે જેવી રીતે કે—શબર, બબ્બર, ઢંકણ, ભુતુઅ, પુણ્ડ અને પુલિંદ જાતિના લોકો, જંગલનો, ખાડાનો જલદુર્ગનો, સ્થલદુર્ગનો ગુફાનો, ખાડા અને વૃક્ષોથી વ્યાપ્ત થયેલા ભાગનો અને પર્વતોનો આશ્રય કરીને કોઇ મોટા યોદ્ધાંના લશ્કરને, હાથી કે ઘોડાઓના લશ્કરને અથવા ધનુષ્યધારી લશ્કરને હંફાવી શકે છે.

આ પછી ચમરેન્દ્રની ઉત્પત્તિ અને શક્ર તથા ચમરેન્દ્રના યુદ્ધ સબંધી વર્ણન આવે છે. જેનો સાર આ પ્રમાણે છે.

પરિગ્રહ—વિમાનોની સંખ્યાનો પરિગ્રહ આગળ આગળના દેવોનો ઓછો થતો થાય છે. જેમકેઃ—'પહેલે સ્વર્ગે લાખ બત્રીસ બીજે લાખ અઠ્ઠાવીસ કહ્યાં, ત્રીજે બાર લાખ સદહ્યા....'' આ પ્રમાણે આગળ પણ સમજવું. પરિગ્રહની વૃદ્ધિ તામસવૃત્તિને વધારનારી છે અને પરિગ્રહની અલ્પતા સમતાવૃત્તિને ઉત્પન્ન કરે છે.

અભિમાન—યદ્યપિ વૈમાનિક દેવો પાસે પરિવાર, અચિન્ત્ય શક્તિ, ઇન્દ્રિય તથા અવધિજ્ઞાનનું વિષય ક્ષેત્ર, ઐશ્વર્ય આદિ પદાર્થો ઉત્તરોત્તર વધારે છે, છતાં પણ આ સંબંધમાં તેમને અભિમાનગર્વ નથી હોતો અને આગળ આગળના દેવોમાં તે ગર્વ ઓછો થતો જાય છે, કેમકે :—અભિમાનનું મૂળ કારણ મોહકર્મ હોય છે. અને મોહકર્મમાં 'વેદકર્મ' યદ્યપિ નોકર્મની કહેવાય છે તો પણ કષાયોની ઉત્પત્તિમાં નોકર્મની મુખ્યતા હોય છે. આવી સ્થિતમાં ઉત્તરોત્તર વેદકર્મ જેમને ઓછું થતું ગયું છે તેમને અભિમાનની માત્રા સ્વભાવતઃ ઘટતી જાય છે.

પૂરણ તપસ્વી

ભારત વર્ષના વિંધ્યાચલની તળેટીમાં વેભેલ નામનો સંનિવેશ હતો. ત્યાં પૂરણ નામનો ગૃહસ્થ રહેતો હતો તે વૈરાગી થઇ ચાર ખાનાવાળું લાકડાનું પાત્ર લઇ મુંડ થઇ "દાનામા" નામની દીક્ષાથી દીક્ષિત થયેા. વેભેલમાં તે ઊંચ, નીચ અને મધ્યમ કુળોમાં ભિક્ષા–અટન કરે છે ભિક્ષામાં આવતી વસ્તુના એણે ચાર ભાગ કરેલા. પહેલા ખાનામાં આવે તે રસ્તામાં મળતા વટેમાર્ગુને આપે. બીજા ખાનામાં આવે તે કાગડા કૂતરાઓને ખવરાવી દે. ત્રીજા ખાનામાં આવે તે માછલા અને કાચબાઓને ખવરાવે અને ચેાથા ખાનામાં પડે તે પેાતે ખાય. આમ બાલ તપસ્યા કરતેા તે પૂરણ

દુઃખ માત્રને ઉત્પન્ન કરનાર બાહ્ય તથા આભ્યન્તર કારણમાં વેદકર્મની પણ મુખ્યતા છે.

ઉચ્છવાસ આહાર–સર્વથી જઘન્ય સ્થિતિવાલા દેવોમાં શ્વાસોશ્વાસ સાત સ્તોક કાળ પૂરેા થયે લેવાય છે. અને આહાર ક્રમ એક દિવસના અંતરે છે, જે દેવોની સ્થિતિ એક પલ્યેાપમની છે તેમને એક દિવસના અંતરે શ્વાસોશ્વાસ હેાય છે. અને અહારની અભિલાષા બે દિવસથી નવ દિવસની મધ્યમા હેાય છે.

જેમની સ્થિતિ (આયુષ્ય મર્યાદા) જેટલા સાગરોપમની હેાય છે તેમને તેટલાં જ પક્ષ (પખવાડીયા) વીત્યા પછી શ્વાસો–શ્વાસ લેવાનેા હેાય છે અને તેટલા જ હજાર વર્ષ પછી આહારની અભિલાષા હેાય છે. જેમકે બે સાગરોપમનું જેમનું આયુષ્ય છે તે દેવેા બે પખવાડીએ એટલે કે ૧ મહિના પછી શ્વાસોશ્વાસ લેશે. અને આજનેા આહાર લીધા પછી ફરીથી બે હજાર વર્ષે આહારની અભિલાષા થશે.

છેવટે પોતાની વસ્તુઓ—ચાર ખાનાનું પાત્ર, કુંડી, પાવડી વગેરે એકાંતમાં મૂકી વેલેલ સન્નિવેશના અગ્નિ ખૂણામાં અર્ધ નિર્વર્તક મંડળનું આલેખન કરી, પાદોપગમન નામના અનશન પૂર્વક દેવગત થયો.

આ વખતે ભગવાન મહાવીર સ્વામી છદ્મસ્થાવસ્થામાં હતાં દીક્ષા લીધાને અગીયાર વર્ષ થયાં હતાં. ભગવાન છઠ્ઠ છઠ્ઠના પારણે તપસ્યા કરતા વિચારતા હતા. તેઓ સુસુમાપુર નગરના અશોકવન ખંડમાં પૃથ્વીશીલા પટ્ટક ઉપર પધારીને અઠ્ઠમની તપસ્યા કરી ધ્યાનસ્થ અવસ્થામાં એક રાત્રીની મોટી મોટી પ્રતિમા સ્વીકારી વિરાજ્યા.

ઉત્તરોત્તર દેવોમાં સુખ વધારે હોવાનું આ પણ કારણ છે કે તેમને શ્વાસોશ્વાસ અને આહારાભિલાષ ઓછા છે.

'પરિગ્રહની માયામાં મસ્ત બનેલાને, વિષયવાસનાના ચિન્તવનવાલાને, ભોગવિલાસની મર્યાદા તોડવાવાલાને, વધારે આહાર અને નિદ્રાના માલિકને, તથા ઉતાવલથી કાર્ય કરવાની આદતવાલાને શ્વાસોશ્વાસ વધારે લેવા પડે છે, માટે જ તેમની આયુષ્યકર્મની મર્યાદા ઓછી હોય છે."

વેદના—દેવતાઓને અસાતવેદના પ્રાયઃ કરીને નથી. કદાચ હોય તો અન્તર્મુહૂર્ત પૂરતી જ હોય છે. અને સાતવેદના વધારે હોય છે. તે પણ છ મહિના સુધી એક સરખી હોય છે. પછી અન્તમુહૂર્તને માટે છૂટી જાય છે અને ફરીથી સાત વેદનાનો અનુભવ થાય છે.

ઉપપાત—અન્ય લિંગી મિથ્યાદૃષ્ટિ જીવાત્મા પણ બારમાં દેવલોક સુધી જઇ શકે છે. જૈન લિંગવાળાને અર્થાત્ દ્રવ્યલિંગી હોય છતાં મિથ્યાદૃષ્ટિ હોય તો તે નવગ્રૈવયક સુધી જાય છે.

ચમર અને ઇન્દ્ર

પેલો પૂરણ મરીને ચમરચંચા રાજધાનીમાં ઇન્દ્ર પણે ઉત્પન્ન થયો. કારણ કે આ વખતે ચમરચંચા ઇન્દ્ર અને પુરોહિતના સ્થાનથી ખાલી હતી ત્યાં ઉત્પન્ન થયા પછી તેણે અવધિજ્ઞાનથી સૌધર્મ કલ્પમાં રહેલ શક્ર–ઇન્દ્રને જોયો. પોતાનાં કરતાં શક્રની વધારે ઋદ્ધિ સમુદ્ધિ અને સત્તા વગેરે જોઇએ ચમરેન્દ્રને, ઇર્ષ્યા થઇ, ક્રોધ થયો. તેણે પોતાના સામાનિક દેવોને ભેગા કરી પોતાનો ભાવ વ્યકત કર્યો. પછી ચમરેન્દ્રે નિશ્ચય કર્યો કે—શક્રેન્દ્રને શોભાથી ભ્રષ્ટ કરવો. તે ભગવાન મહાવીરની પાસે આવ્યો. અને સાથે પરિઘરત્ન નામનું હથિયાર લાવ્યો. તેણે ભગવાનનો આશ્રય લઈ 'હું શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ઈચ્છું છું.' એમ કહીને તે ઉપડયો. એક લાખ યોજનનું શરીર બનાવી ભયંકર ઉપદ્રવ

સમ્યગદૃષ્ટિ જૈન લિંગધારી સર્વાર્થ સિદ્ધ વિમાન સુધી અવતરી શકે છે. ૧૪ પૂર્વધારી મુનિરાજ પાંચમા દેવલોકથી સ્વાર્થસિદ્ધ વિમાન સુધી જાય છે.

અનુભાવ—દેવોના વિમાનો નિરાલંબ છે. અર્થાત્ આધાર વિનાના છે. લોકસ્થિતિ જ તેમાં મુખ્ય કારણ છે. અનાદિકાળથી અનંતકાળ સુધીની લોકસ્થિતિ એક સરખી જ હોય છે, અરિહંત દેવોના પાંચે કલ્યાણકોમાં આ દેવતાઓ આવે છે અને અત્યન્ત સંવેગ-વૈરાગ્યપૂર્વક અરિહંતોના ગુણગાન, સ્તુતિ, વન્દના અને પર્યુપાસના કરે છે.

આ પ્રમાણે દેવો ઉત્તરોત્તર સુખી હોય છે કેમકે:—મનુષ્ય લોકમાં જે ભાગ્યશાલિઓના જીવન શુદ્ધ, પવિત્ર, કષાયરહિત

મચાવતો તે ગયો અને સૌથી પહેલાં તેણે વાણવ્યંતર દેવોમાં ત્રાસ ઉપજાવ્યો. જ્યોતિષ્ક દેવોના તો બે ભાગ કરી નાખ્યા. આત્મ રક્ષક દેવોને નસાડી મૂકયા. એમ ઉપદ્રવ કરતો તે પોતાના પરિઘરત્ન નામના શસ્ત્રને ફેરવતો સૌધર્મ કલ્પના સૌધર્માવતંસક વિમાનમાં સૌધર્મસભામાં આવ્યો તેણે પોતાના પરિઘરત્ન વડે ઇન્દ્રાસનને ત્રણ વાર કૂટયો.,તે પછી તેણે શક્ર સામે પડકાર કર્યો- શક્રની ઈન્દ્રાણીઓને પોતાને તાબે થઈ જવાની ઉદ્‌ઘોષણા કરી. અને કઠોરાતિકઠોર વચનો કહ્યાં. આ બધું ચમરનું તોફાન જોઈ શક્ર ક્રોધ ભરાયો અને તેણે ઝળઝળતું, તડતડ કરતું. હજારો અંગારાઓને ઓરવતું; વધારે વેગવાળું; ભયંકર વજ્ર ચમર તરફ ફેંકયુ.. ચમર આગળ અને વજ્ર પાછળ. ચમરેન્દ્રે દોડી જઈને ભગવાન મહાવીરનો આશરો લીધો. "ભગવાન તમે જ

પૂર્ણ બ્રહ્મચારી, ગૃહસ્થાશ્રમની મર્યાદાનો બ્રહ્મચર્યધર્મ, અર્થાત્ એક પત્નીવ્રત, એકપતિવ્રત, સ્વદાસ સંતોષીવ્રત, સંસારની ખટપટ થી દૂર રહેવાની જ ભાવના, માયા પ્રપંચથી હજારો કોશ દૂર રહેનાર ફલેશ કંકાસના વાતાવરણમાં મૌન રાખનાર, અનાદિકાળની કુટેવોને લઈને આચરેલા હિંસા, જૂઠ, ચૌર્ય મૈથુન, પરિગ્રહ વગેરે મોટા પાપોને પણ જેમણે અહિંસા-ધર્મથી—સત્યધર્મથી અચૌર્યવ્રતથી બ્રહ્મચર્ય સેવનથી અને પરિગ્રહ પરિણામ વ્રતથી અથવા ભાગ્યને લઈને જે મલ્યું તેનાથી સંતોષ માનીને જેમના જીવન પસાર થયા છે, અથવા જ્ઞાન વૈરાગ્ય પૂર્વક પોતાના જીવનને પુરૂષાર્થ શકિત વડે પોતાના આત્માને સંયમિત કરવા સમર્થ બન્યા છે. તેઓ જ વૈમાનિક દેવલોક પ્રાપ્ત કરી શકે છે. ત્યારે નિશ્ચિત છે કે પહેલા ભવના સંસ્કારો બીજા ભવમાં ઉતરી આવે છે, તે કારણે વૈમાનિક

મારું શરણ છે.” એમ કહી ભગવાનના પગમાં પડયો. શકે વિચાર્યું કે––ચમર કોઈ અરિહંત, અરિહંતના ચૈત્યો કે અણગારોના આશ્રય લીધા વિના ઊંચે આવી શકે નહિં તેણે અવધિજ્ઞાનના ઉપયોગથી જોયું તો માલૂમ પડયુ કે–– ઓહો! આણે તો ભગવાન મહાવીરનો આશ્રય લીધો છે. આથી અરિહંતની અશાતનાનો તેણે ભય લાગ્યો તે એકદમ વજ્રની પાછળ દોડયો અને વજ્રને પકડી પાડયું. જે વખતે શકે વજ્ર લીધું, તે વખતે એવા વેગથી તેણે મૂઠીવાળી કે જે મૂઠીના વાયુથી ભગવાનના કેશાગ્ર ડોલવા લાગ્યાં શકે વજ્રને લઈને ભગવાનને ત્રણ પ્રદક્ષિણા દીધી, તેણે ભગવાનની ક્ષમા યાચી અને ચમરે ભગવાનનો આશ્રય લઈ ઉપદ્રવ મચાવ્યો હતો, તેથી વજ્ર મૂકવું પડયું, એ વગેરે હકીકત નિવેદન કરી શક્ર ત્યાંથી ઉત્તર–પૂર્વના દિગ્ભાગમાં ગયો અને ત્રણવાર ડાબો પગ પછાડી ‘ચમરને કહ્યું ‘ચમર શ્રમણ ભગવાન

દેવો વિષયવાસનાથી દૂર, અથવા થોડામાં જ સંતોષ માનનારા અને તૃપ્ત થવા વાલા હોવાથી તેમના આત્મપરિણામો કિલષ્ટ અને ગંદા નથી હોતા, માટે શક્તિપૂર્ણ હોવા છતાં તેમને અભિમાન–મોહ–માયા સતાવી શકતા નથી. માટે જ તેના ઉપયોગમાં પણ તેમને રસ નથી હોતો.

વૈમાનિક દેવોની અનાદિ કાળથી એવી મર્યાદા છે કે પહેલા અને બીજા દેવલોક સુધીજ દેવીઓની ઉત્પત્તિ હોય છે. ત્યારે આગળના દેવલોકોમાં દેવીઓની ઉત્પત્તિ જ નથી. આ કારણે જ તેમનાં જીવન પવિત્ર, હૃદયના પરમાણુંઓ શાંત. આંખમાં નિર્વિકારિતા તેમજ દિલ અને દિમાગ પણ ઠંડા હોય છે.

મહાવીરસ્વામીના પ્રભાવથી તું બચી ગયો છે. અત્યારે મારાથી તને જરા પણ ભય નથી. એમ કહી જે દિશાથી આવ્યો હતો તે દિશામાં ચાલ્યો ગયો."

ચમર અને શક્રની કથા ઉપરથી પછી શ્રી ગૌતમસ્વામીએ જે પ્રશ્નો કર્યા છે. અને તેના જે ઉત્તરો ભગવાને આપ્યા છે, એનો સાર આ છે :--

દેવમાં એવી શક્તિ છે કે–પહેલા ફેંકેલા પુદ્ગલોને તેની પાછળ જઈને તે ગ્રહણ કરી શકે છે. એનું કારણ એ છે કે–પુદ્ગલ જ્યારે ફેંકવામાં આવે છે ત્યારે તેની શરુઆતમાં જ શીઘ્ર ગતિ હોય છે. પાછળથી તે મંદ ગતિવાળું થઈ જાય છે જ્યારે દેવની ગતિ તો શીઘ્ર એક સરખી શીઘ્ર ગતિ હોય છે, તેથી તે પકડી પાડે છે આ પ્રમાણેની ગતિથી શક્રે ચમરને પકડી પાડવો જોઇતો હતો. પરંન્તુ ન પકડી શકાયો

જ્યારે જીવનમાં વિષયવાસના ઓછી છે, અથવા જીવન સંયમિત હોય છે ત્યારે જ આવું બને છે. કારણોની શુદ્ધતા હોય ત્યારે જ કાર્યની પણ શુદ્ધતા હોય છે. વૃત્તિ (માનસિક વિચારધારા) જેમની પવિત્ર હોય છે તેમની પ્રવૃત્તિ પણ શીતળ, ગંભીર પરોપકારપૂર્ણ અને જીવ માત્ર પ્રત્યે કલ્યાણકારિણી હોય છે પહેલા અને બીજા કલ્પમાં દેવીઓની વિદ્યમાનતાં છે. માટે તે દેવ અને દેવીઓ મનુષ્યની માફક જ વિષયવાસનાનો અનુભવ કરે છે. તો પણ બંને દેવલોકમાં તેમનાથી ઉપરના દેવોને વિષય વાસના માટે અત્યુત્કટ રાગ, ઉતાવળ અને મર્યાદા ભંગ હોતો નથી તેથી તેમનાં જીવનમાં સુખ, શાંતિ, સમતા અને સમાધિ વધારે હોય છે.

ત્રીજા અને ચોથા દેવલોકના દેવોને મનુષ્યની માફક વિષય સેવન હોતું નથી. છતાં એ જ્યારે તેમને મૈથુનકર્મની ઈચ્છા

એનું કારણ એ છે–કે અસુરકુમારો નીચે જવામાં બહુ જ શીઘ્ર ગતિવાળા હોય છે અને ઉપર જવામાં મંદગતિવાળા હોય છે જ્યારે વૈમાનિક દેવોને નીચે જવામાં વધુ સમય લાગે છે ને ઉપર જવામાં ઓછો સમય લાગે છે. આવી રીતે શક્રના વજ્રને નીચે જવામાં જે સમય લાગે તેનાં કરતાં ઉપર જવામાં ઓછો સમય લાગે.

શક્રેન્દ્ર એક સમયે સૌથી થોડો ભાગ નીચે જાય છે. તિરછું તે કરતાં સંખ્યેય ભાગ જાય છે. અને ઉપર પણ સંખ્યેય ભાગ જાય છે.

ચમર એક સમયે સૌથી થોડો ભાગ ઉપર જાય છે. તિરછું તે કરતાં સંખ્યેય ભાગ જાય છે. અને નીચે પણ સંખ્યેય ભાગ જાય છે, બધાનો સારાંશ એ છે કે—

શક્રનો ઉપર જવાનો કાળ અને ચમરનો નીચે જવાનો કાળ એ બન્ને સરખા છે. અને સૌથી થોડા છે. શક્રનો નીચે જવાનો કાળ અને વજ્રનો ઉપર જવાનો કાળ—એ બન્ને સરખા છે, ને સંખ્યેયગણા છે. ચમરનો ઊંચે જવાનો કાળ અને વજ્રનો નીચે જવાનો કાળ એ બે સરખા ને વિશેષાધિક છે.

થાય છે ત્યારે પહેલા અને બીજા દેવલોકની અપરિગૃહીતા દેવીઓ શણગાર સજીને ત્યાં ઉપસ્થિત થાય છે. અને વિષય વાસનાથી તૃપ્ત થઈને મુકત બને છે.

પાંચમા અને છઠ્ઠા દેવલોકના દેવો દેવીઓના રૂપ, રંગ અને શણગાર તથા તેમના હાવ-ભાવ જોઈને વિષય વાસનાથી તૃપ્ત થઈ જાય છે.

સાતમા અને આઠમા દેવલોકના દેવો, બીજી દેવીઓના મધુર શબ્દો, સાંભળવા માત્રથી જ તૃપ્ત બને છે. અને પરમ સંતોષને ધારણ કરે છે.

જ્યારે નવમા દશમા, અગ્યારમા અને બારમા દેવલોકના

આપણે ઉપર જોઈ ગયા કે ચમર કેવળ મહાવીર સ્વામીના આશ્રયથી બચી ગયો, પણ પોતાનું ધાર્યું થયું નહિં, તે શક્રથી અપમાનિત થયેલો ચમર ચંચા રાજધાનીમાં સુધર્મા સભામાં ઉદાસીનભાવે સિંહાસન પર બેસી પોતાના કૃત્ય માટે પ્રશ્ચાત્તાપ કરી રહ્યો છે. સામાનિક દેવોએ આ ઉદાસીનતાનું કારણ પૂછતા તેણે બધી હકીકત કહી અને કહ્યું કે–'ચાલો, આપણે મહાવીર સ્વામી પાસે જઈને ક્ષમા યાચીએ આ બધું નિવેદન કરીએ. પછી ચોસઠ હજાર સામાનિક દેવો સાથે તે મહાવીરસ્વામી પાસે આવે છે. અને કહે છે કે–"હે ભગવાન્ મેં મારી મેળેજ આપનો આશરો લઈને શક્રને તેની શોભાથી ભ્રષ્ટ કરવા ધાર્યો હતો પરન્તુ આપનું ભલુ થાઓ કે આપના આશરાથી હું બચી ગયો છું. હું આપની પાસે ક્ષમા યાચું છું એમ ક્ષમા યાચી તે ઈશાન ખૂણા તરફ ચાલ્યો ગયો.

દેવોને તો જ્યારે મનમાં વિષય–વાસનાની ઇચ્છા થાય છે ત્યારે માનસિક ભાવનાથી જ તેમને વિષય વાસનાની તૃપ્તિ થતાં તે દેવો અનુપમ સુખમાં મસ્ત રહેનારા હોય છે. આપણા જીવનની આ જ મોટામાં મોટી કમજોરી છે, બુદ્ધિભ્રમતા છે. મિથ્યાજ્ઞાનની ચમત્કારિતા છે તથા ઇન્દ્રિયોની ગુલામી અને મનની કમજોરીનું કારણ છે, જેથી આપણાં રોમેરોમમાં, લોહીના ટીપેટીપામાં વિષય સુખની ઝંખના છે. મૈથુન મેળવવાની લાલસા છે, તથા વિષય સુખ સિવાય તેનાથી ચઢિયાતું બીજું સુખ છે જ નહી. આવી આપણી કલ્પના છે. તેથી અનંત સુખનો માલિક આપણો આત્મા એટલો બધો કમજોર બની જાય છે કે જાણે બધુંએ છોડવા માટે હું સમર્થ છું પણ વિષયવાસના મારાથી છૂટી શકે તેમ નથી. આ પ્રમાણેની આત્મિક કમજોરીના કારણે આપણે ધર્મ–કર્મ વગરના રહ્યાં, દિલ અને દિમાગમાં ઉષ્ણતા રહી. આંખોમાં બરાબી રહી. માટે જ ગૃહસ્થાશ્રમમાં પણ દીવાલીના દીવડા

તે ચમરેન્દ્ર સાગરોપમનું આયુષ્ય પૂરૂં કરી મહાવિદેહ–ક્ષેત્રમાં સિદ્ધ થશે.

અસુરકુમાર દેવો સૌધર્મકલ્પ સુધી ઊંચે જાય છે. એનું કારણએ છે કે– અસુરકુમારોને એ સંકલ્પ થાય છે કે શક્રની પાસે ઉપસ્થિત થઈ–પ્રકટ તેની દેવ ઋદ્ધિને જુએ અને જાણે. આકારણથી તેઓ અસુરકુમાર દેવો સૌધર્મકલ્પ સુધી ઊંચે જાય છે.

ક્રિયાના ભેદો

આ પ્રકરણમાં ક્રિયા, કર્મ, જીવનું એજન, પરિણમન, અનગારની સાવધાનતા, અપ્રમત્તની સ્થિતિનું પ્રમાણ અને લવણસમુદ્રના ભરતી–ઓટનું કારણ; એ વગેરે બાબતો છે. આ પ્રશ્નો મંડિતપુત્ર નામના ભગવાનના છઠ્ઠા ગણધરે કરેલા છે. અને તે રાજગૃહમાં થયા છે, તેનો સાર આ છે:—

પ્રગટાવી શકયા નથી. જ્યારે અનંતજ્ઞાનીઓ પોતાના જ્ઞાનના અનુભવથી એમ કહે છે કે–વિષયવાસનાના સુખો કરતાં પણ સ્વાધ્યાય; જપ, ધ્યાન, એકાગ્રતા દ્વારા પ્રાપ્ત થતાં સુખો અનંતગુણા વધારે હોય છે.

વિષયવાસનામાં ભયંકર દુઃખ છે, તેનો ત્યાગ મહાન્ સુખ આપનાર છે.

સ્ત્રિયોનો સહવાસ, અને સ્ત્રિયોને માટે પુરુષોનો સહવાસ મોટી વેદના છે, જ્યારે તેનો ત્યાગ અનંત સુખ આપે છે.

સંસારની માયા–પરિગ્રહતા અનંત દુઃખોને આપે છે ત્યારે તેનો ત્યાગ અનંત સુખદાયી બને છે. કયો માર્ગ સારો? આના નિર્ણય માટે જ આ મનુષ્ય અવતાર છે. માટે જ મોક્ષના દરવાજા જેવો અને જંકશનના સ્ટેશન જેવો આ

અવતાર પામીને જે ભૂલ્યા તો લાખો કરોડો અવતાર ભગડયાં સિવાય રહેશે નહીં. અને આવું થાય તે પહેલા જ યદિ સાવધાન થઈ ગયા તો અનંત સુખોની પ્રાપ્તિ થયા વિના નહીં રહે. વૈમાનિક દેવો એટલા જ સુખી છે જે આપણે ઉપર જોઇ ગયા છીએ.

ક્રિયા પાંચ પ્રકારની છે અને તે દરેકના બબે ભેદો છે, તે આ પ્રમાણે :—

મૂલ ક્રિયા		ભેદો	
૧ કાયિકી	૧ અનુપરતકાય ક્રિયા	૨ દુષ્પ્રયુક્તકાય ક્રિયા	
૨ અધિકરણિકી	૧ સંયોજનાધિકરણ	૨ નિર્વર્તનાધિકરણ	
૩ પ્રાદ્વેષિકી	૧ જીવપ્રાદ્વેષિકી	૨ અજીવપ્રાદ્વેષિકી	
૪ પારિતાપનિકી	૧ સ્વહસ્તપારિતાપનિકી	૨ પરહસ્તપારિતાપનિકી	
૫ પ્રાણાતિપાતિકી	૧ સ્વહસ્ત પ્રાણાતિપાત ક્રિયા	૨ પરહસ્ત પ્રાણાતિપાત ક્રિયા	

અહિં એટલું સમજવું જરૂરનું છે કે કર્મનો બંધ થવામાં કારણરૂપ જે ચેષ્ટા, તેનું નામ છે ક્રિયા.

શરીરમાં અથવા શરીર દ્વારા થતી ક્રિયા તે કાયિકી ક્રિયા છે. અધિકરણ એટલે શસ્ત્રરૂપ ચક્ર, રથ, તલવાર વગેરે તેમાં થયેલી અથવા તે દ્વારા થયેલી જે ક્રિયા તે અધિકરણિકી ક્રિયા છે. પ્રદ્વેષ એટલે મત્સર, તેના નિમિત્તને લઇને થયેલી અથવા મત્સર દ્વારા થયેલી ક્રિયા તે પ્રાદ્વેષિકી ક્રિયા છે.

કોઈને પીડા દેવી દુઃખ દેવું, તેનું નામ છે પરિતાપ તેને લઇને કે તે દ્વારા થયેલી ક્રિયા અથવા પરિતાપરૂપ જે ક્રિયા, તે પારિતાપનિકી અને પ્રાણોને આત્માથી જુદા કરવા

તે પ્રાણાતિપાત. પ્રાણાતિપાતને લગતી જે ક્રિયા અથવા પ્રાણાતિપાતરૂપ જે ક્રિયા તે પ્રાણાતિપાતિકી ક્રિયા.

(પ્રાણ દશ કહ્યા છે. ૫ ઇન્દ્રિય, ૩ બળ, (શરીર-મન વચનરૂપ) ૧ શ્વાસોચ્છ્વાસ અને ૧ આયુષ્ય)

૧ અનુપરત-ત્યાગવૃત્તિ વિનાના પ્રાણીની જે શરીર ક્રિયા. તે અનુપરતકાયિકી ક્રિયા.

દુષ્પ્રયુક્ત-દુષ્ટ રીતે પ્રયોજેલ શરીર દ્વારા થયેલી જે ક્રિયા તે દુષ્પ્રયુક્તકાયિકી ક્રિયા.

૨ સંયોજના જુદા જુદા ભાગોને મેળવીને એક વસ્તુ તૈયાર કરવી જેમકે હળ, ઝેર મિશ્રિત વસ્તુ, પક્ષી કે મૃગોને પકડવાનું યંત્ર-આવા સંયોજન રૂપ જે અધિકરણ ક્રિયા તે સંયોજનાધિકરણ.

નિર્વર્ત્તના-તલવાર બરછી, આદિ શસ્ત્રોની બનાવટ એ નિર્વર્ત્તનરૂપ જે અધિકરણ ક્રિયા તે નિર્વર્ત્તનાધિકરણ.

૩ જીવપ્રાદ્વેષિકી-પોતા ઉપર કે બીજા ઉપર કરેલ દ્વેષદ્વારા થયેલી ક્રિયા અથવા પોતા ઉપર અને બન્ને ઉપર જે દ્વેષ કરવો તે જીવપ્રાદ્વેષિકી ક્રિયા.

અજીવ પ્રાદ્વેષિકી-અજીવ ઉપર કરેલ દ્વેષ દ્વારા થયેલી ક્રિયા અથવા અજીવ ઉપર જે દ્વેષ કરવો તે અજીવ પ્રાદ્વેષિકી ક્રિયા.

૪ સ્વહસ્તપરિતાપનિકી-પોતાના હાથે, પોતાના કે પરના કે બન્નેના પરિતાપન-દુઃખની ઉદીરણા દ્વારા થયેલી ક્રિયા અથવા એ પરિતાપન જ, તે સ્વહસ્ત પરિતાપનિકી ક્રિયા.

પરહસ્ત પરિતાપનિકી—આવીજ રીતે પરહસ્ત સંબંધી સમજવું.

૫	સ્વહસ્ત પ્રાણાતિપાતિકી	ઉપર પ્રમાણે
	પરહસ્ત પ્રાણાતિપાતિકી	અર્થો કરવા. 卐[૪૧]

અનાદિકાળના કરેલા કર્મોની વિચિત્રતા

卐[૪૧]. અનંત સંસારમાં અનાદિકાળથી પોતાના કરેલા કર્મોના ભારને માથા ઉપર લઇને પરિભ્રમણ કરનારા આ જીવાત્માએ સંસારના કોઈ પણ સ્થાનને. વેષને, જાતિને, કર્મને તથા આહારને છોડયો નથી. તમામ સૂત્રકારોનું પણ કથન છે કે અનાર્ય દેશ, અનાર્ય જાતિ, અનાર્ય કુલ, અનાર્ય—આહાર અને અનાર્ય ભાષણને અનંતવાર કરતો આ જીવ તેવાજ પ્રકારના સંસ્કારોથી દબાયેલો છે કે જેને લઈને આત્માનો એકએક પ્રદેશ અનંત અનંત હિંસકકર્મ-જૂઠકર્મ—ચૌર્યકર્મ મૈથુનકર્મ અને પરિગ્રહ કર્મના ભારથી વજનદાર બનેલો છે, અનંતભવોમાં આ જીવ માંસાહારી, માંસવિક્રેતા, શરાબનું પાન કરનાર અને શરાબ વેચનાર, હિંસકશસ્ત્રો બનાવનાર અને હિંસક શસ્ત્રોથી અનેકાનેક જીવોને મારનાર, જીવ વધ કરનાર, પરજીવોને દમનાર, જૂઠી સાક્ષી, અભ્યાખ્યાન કૂટલેખ, કૂટમાપ, અનીતિ અન્યાય—પ્રપંચ, પરસ્ત્રીગમન, પરસ્ત્રીહરણ , વેશ્યાગમન, ગણિકાકર્મ તથા ૧૫ કર્માદાનના વ્યાપાર વગેરે પાપ કાર્યોને કરેલા છે. અને આ પ્રમાણેના પાપકાર્યોને લઈને વર્તમાનના મનુષ્ય ભવમાં પણ આ જીવ સમાધિ—શાંતિ—સમતા—સરળ—પવિત્રતા—સકર્મિતા—ધાર્મિકતા પાપરહિતતા. આર્ત્ત તથા રૌદ્રધ્યાનની વિમુખતા, સંતોષવર્તિતા આદિ આત્મિક ગુણોને પ્રાપ્ત કરી શકયો નથી પ્રાપ્ત

થયા હોય તો તે ગુણોને ટકાવી શકયા નથી, ટકાવી શકતો હોય તો આરાધી શકયો નથી, અને પાછો જેવો હતો તેવો ને તેવો "રામો ને રતનો બે ભગત થયા તો એ અંતે તો કોળીનાં કોળી" જેમ જ રહ્યો છે.

તત્વજ્ઞાનની જેટલી કચાશ હોય છે તેટલા પ્રમાણમાં જ આત્માના પુરુષાર્થ બળની પણ કમજોરી જાણવી. માટે જ આત્માના મિત્ર જેવા સામાયિક, પૌષધ, દેવપૂજા; ભક્તિભાવની ધૂન વગેરેને સમજવામાં વાર લાગી નથી. પણ અનાદિકાળના આત્માના કટ્ટર શત્રુ જેવાં આશ્રવ તત્વને ઓલખવામાં અને ત્યાગવામાં આપણે સૌ ઘણી જ ઢીલ કરી બેઠા છીએ. ફળ સ્વરૂપે વીતરાગને જોયા પૂજયા પણ વીતરાગતાથી હજારો કોશ દૂર રહ્યા છીએ.

સામાયિકાદિના વિધિ વિધાનો જાણ્યા પણ સમતાભાવ કેળવવા માટેના વિધિવિધાનોથી બેદરકાર રહ્યા છીએ. ઉપવાસ-આયંબીલાદિ કર્યા પણ આહાર સંજ્ઞાના ગુલામ બનીને પારણાની અને પારણામાં શું શું વાપરવું તેનું ચિંતન છોડી શકયા નથી. ઈત્યાદિક અગણિત દાખલાઓથી આપણે આપણી વૃત્તિ અને પ્રવૃત્તિનું માપ કાઢી શકીએ છીએ.

આમ શાથી બનતુ હશે ? સૌથી પહેલા વિચારણીય મુદ્દો આજ છે. ચાલુ પ્રશ્ન ક્રિયા સંબંધી છે અને ભગવાનનો જવાબ છે

ક્રિયાઓની વિશદ વ્યાખ્યા

'ક્રિયાએ કર્મ' આ ન્યાયથી શરીરમાં કે શરીર દ્વારા કરાતી ક્રિયા કર્મબંધ નિબંધન સ્વરૂપા છે. તેના બે ભેદ છે. ૧ અનુપરતકાયિકી ક્રિયા અને ૨ દુષ્પ્રયુક્તકાયિકી ક્રિયા.

પહેલી ક્રિયા દેશવિરત અને સર્વ વિરતને હોતી નથી. કેમકે પાપ ક્રિયા બે પ્રકારે થાય છે. એક તો પાપી પેટને માટે, કુટુંબ નિર્વાહને માટે, વ્યવહારધર્મને સાચવવા માટે, અનિવાર્યરૂપે (એટલે કે જેનો ત્યાગ ગૃહસ્થ શ્રાવક કરી શકે તેમ નથી) કરાતા વ્યાપાર, ખાનપાન, પાણિગ્રહણ, વગેરે કાર્યો કરવા જ પડે છે. જ્યારે બીજા પ્રકારનું પાપ નિરર્થક પાપ કહેવાય છે "કોલસાની દલાલીમાં કાળા હાથ" અથવા "વિન બાધે વિન ભોગવ્યે ફ્રોગટ કર્મ બધાય" તેમ નિરર્થક પાપોને સમજી ત્યાગ કરવાના ઈરાદાથી જ્ઞાન અને વૈરાગ્યપૂર્વક ત્યાગ કરનારા, અને ત્યાગ કરેલા પાપને ફરીથી નહી સેવવા માટે જાગૃત રહેતા શ્રાવકને પણ આ અનુપરતકાયિકી ક્રિયા લાગતી નથી. શ્રાવક ધર્મના બાર વ્રતો નિરર્થક પાપોનો ત્યાગ કરવા માટે અને પાપી પેટ માટે કરાતા પાપોમાં પણ મર્યાદા કરવા માટે જ હોય છે. તો પછી સર્વે પાપોના દ્વાર બંધ કરી મહાવ્રતોને પાલનાર મુનિરાજને તો આ કાયિકી–અનુપરત ક્રિયાની સંભાવના હોઈ શકેજ નહીં.

બીજી દુષ્પ્રયુકતકાયિકીક્રિયા–તેને કહેવાય છે કે મોહવશ પ્રમાદવશ બની શરીરને પાપ માર્ગે પ્રવર્તાવવું તે દુષ્પ્રયુકૃત ક્રિયા કહેવાય છે, આ ક્રિયા છઠ્ઠા ગુણઠાણાના માલિક પ્રમત્ત સંયમીને પણ હોઈ શકે છે. કેમકે આ સ્થાનકે પ્રમાદની મુખ્યતા છે જેને લઈને જ્ઞાનસંજ્ઞા પર આછું પાતલું આવરણ આવી જાય છે અને શરીર સંચાલનમાં ખ્યાલ રહેતો નથી.

અધિકરણમાં અને અધિકરણવડે થતી ક્રિયાને અધિકરણિકી ક્રિયા કહેવાય છે. જેના વડે જીવ નરકાદિ ગતિનો માલિક બને તે અધિકરણ કહેવાય છે. પહેલાના બનેલા

શસ્ત્રોના જુદા જુદા વિભાગોને મેળવીને-જોડીને એક શસ્ત્રરૂપે બનાવાય તે સંયોજનાધિકરણિકી ક્રિયા કહેવાય છે. અને નવા શસ્ત્રો બનાવવાં, તે માટે કારખાના ખોલવાં, અને શસ્ત્રો વેચવા તેને નિર્વર્તનાધિકરણિકી ક્રિયા કહેવાય છે.

કર્મબંધનના કારણરૂપ આત્માના પરિણામોમાં દ્વેષ-મત્સર વશ અકુશળતા લાવવી તે પ્રાદ્વેષિકી ક્રિયા કહેવાય છે. બીજાને પીડા ઉપજાવવા રૂપ પારિતાપનિકી ક્રિયા કહેવાય છે. અને બીજાના પ્રાણોને હણવારૂપ પ્રાણાતિપાતિકી ક્રિયા કહેવાય છે. જે જીવો શૈલેશી અવસ્થાને પ્રાપ્ત નથી થયા તે સંયોગી હોવાના કારણે સક્રિય હોય છે, પણ નિષ્ક્રિય હોતા નથી, દશ પ્રકારના પ્રાણોને મારવાનો માનસિક ભાવ પણ પ્રાણતિપાતિકી ક્રિયાને સૂચવે છે. ઋજુસૂત્ર નય પ્રમાણે પણ હિંસાના અધ્યવસાય-પરિણામ જ્યારે વર્તતા હોય છે ત્યારે તે સાધક આ ક્રિયાનો માલિક બને છે. કેમકે "આપણો આત્મા જ અહિંસા છે અને આત્મા જ હિંસા છે." માટે માનસિક વિચાર ધારામાં હિંસાના અધ્યવસાય ઉદ્ભવતાં જ હિંસક અવસ્થા પ્રાપ્ત થતાં વાર લાગતી નથી. મારવાનો અધ્યવસાય જીવના વિષયમાં જ સંભવી શકે છે, જેમકે સર્પાકારે સ્થિત દોરડાના વિષયમાં આપણને જ્યારે સર્પબુદ્ધિની ભ્રાન્તિ થાય છે ત્યારે હાથમાં લાકડી લઈને સર્પને મારવાના ઈરાદાથી જ લાકડીનો ઉપયોગ કરીએ છીએ. યદ્યપિ તે સર્પ નથી, તેમ કોઈ મરતું પણ નથી. તોએ આપણે તો સર્પ સમજીને જ ક્રિયા કરીએ છીએ. લોટના બનેલા કુકડા કે બકરાને મારતાં પણ અધ્યવસાયો તો સાચા કુકડા કે બકરાને જ મારવા જેવો હોય છે.

આશ્રવ માર્ગને સમજવાને માટે આ વિષયને બીજા પ્રકારે પણ આપણે સમજી લઈએ. યદ્યપિ કરાતી ક્રિયાઓ વડે કર્મબંધન સામાન્ય જ હોય છે, તો પણ તે ક્રિયામાં યદિ તીવ્રભાવ–જ્ઞાતભાવ અને અધિકરણ વિશેષની સહાયતા મળી જાય તો કર્મબંધનમાં તીવ્રતમતા આવ્યા વિના રહેતી નથી. અધિકરણની વિશેષતા લઈને કર્મબંધનમાં વૈચિત્ર આવે છે. તે અધિકરણ બે ભેદે છે. જીવાધિકરણ અને અજીવાધિકરણ અને બન્નેના દ્રવ્યાધિકરણ અને ભાવાધિકરણ રૂપે બે ભેદ છે. કર્મબંધનમાં જીવ અને અજીવનું સાહચર્ય અનિવાર્ય છે. એકલો જીવ કે એકલો અજીવ કંઈ પણ કરી શકતો નથી. જીવાત્મા જે કર્મ બાંધવા માટે તૈયાર થયો છે તે તથા જે સાધનથી કર્મ બાંધે છે તે દ્રવ્યાધિકરણ છે.

જ્યારે તેજ જીવાત્માના કષાયવશ તીવ્ર પરિણામ અને તલવાર આદિ તીક્ષ્ણ શસ્ત્રશકિત. આ બંને ભાવાધિકરણ છે. તેવી જ રીતે વિષયવાસનાને વશ થઇને મૈથુન કર્મનો તીવ્ર પરિણામ અને તે જ ક્ષણે અનુકૂલ થયેલી સ્ત્રી, અથવા મૈથુન ભાવથી તીવ્ર પરિણામવાળી સ્ત્રી અને તે જ સમયે અનુકૂલ થયેલો પુરુષ આ બંને ભાવાધિકરણ છે. એનો અર્થ એ થયો કે જીવની શુભ કે અશુભ પ્રવૃત્તિમાં સહાયક બનનાર દ્રવ્ય જે અવસ્થામાં વર્તમાન હોય તે ભાવાધિકરણ છે.

હવે દ્રવ્યાધિકરણના દશ ભેદરૂપે દશ શસ્ત્રો કહેવાય છે.

૧. તલવાર આદિ વડે બીજા જીવોના હાથ–પગ–કાન–નાક અંડકોષ આદિને કાપવા.

૨. અગ્નિ વડે સચેતન કે અચેતન પદાર્થોને બાળવા.

૩. વિષ આદિના પ્રયોગથી બીજા જીવોને મારવા.

૪. મીઠું (લવણ) સાબુ, તેજાબ આદિ પદાર્થો વડે પૃથ્વી–કાયના તથા અપકાયના જીવોને હણવા.

૫. ઘી, તેલ આદિ પદાર્થોથી પૃથ્વીકાયના જીવોનો નાશ કરવો.

૬. ક્ષાર પદાર્થના પ્રયોગથી બીજા જીવોની ચામડી, માંસ વગેરે કાપવાનું કરવું.

૭. કાંજી રાખ તથા બીજા પણ તેવા પ્રકારના દ્રવ્યો પૃથ્વી ઉપર નાખીને તે જીવોનો ઘાત કરવો.

૮. ઉપયોગ રાખ્યા વિના મનને પ્રવર્તાવવું.

૯. ઉપયોગ રાખ્યા વિના વચનનો પ્રયોગ કરવો.

૧૦ ઉપયોગ રાખ્યા વિના શરીરનું હલન–ચલન કરવું.

હવે ભાવાધિકરણ ૧૦૮ પ્રકારે છે.

સરંભ, સમારંભ અને આરંભ આ ત્રણે આશ્રવોને મન, વચન તથા કાયાથી કરવાં, કરાવવાં અને અનુમોદવાં તથા તે પણ ક્રોધ–માન–માયા અને લોભથી કરવાં. આ પ્રમાણે:– ૩×૩×૩×૪=૧૦૮ પ્રકાર આ પ્રમાણે થાય છે.

સરંભ–બીજા કોઈ પણ જીવને મારવાનો ઈરાદો કરવો. જૂઠ બોલવા માટે, જૂઠી સાક્ષી દેવામાટે; બીજાને કલંક દેવા માટે, થાપણ ઓલવવાં માટે, ચોરી કરવા માટે, ભેળસેળ કરવા માટે, ફૂટ તોલ–ફૂટ માપ રાખવા માટે, પરસ્ત્રીને ભોગવવા માટે તથા પર પુરૂષને ભોગવવાં માટે, તેમજ પરિ-

ગ્રહ વધારવા માટે, મન વચન, તથા કાયાનો સંકલ્પ કરવો તે સંરંભ આશ્રવ છે.

સમારંભ–ઉપર્યુક્ત કાર્યોને સફળ કરવા માટે તેવા પ્રકારની તૈયારી કરવી. તે દ્રવ્યથી અને ભાવથી તૈયારીને સમારંભ કહેવાય છે.

આરંભ–અને તે તૈયારી કર્યા પછી શસ્ત્ર વડે જીવોને મારી જ નાખવાં. જૂઠ બોલવું, ચોરી કરવી ખોટા વ્યાપાર કરવાં' પરસ્ત્રી ગમન કરવું. આદિ પાપ ભરેલી ક્રિયાઓ કરવી તે આરંભ નામનો આશ્રય છે.

૧૦૮ પ્રકારના આશ્રવનો કોષ્ટક

૧ મનથી	સંરંભ	ક્રોધપૂર્વક	કરવો	૨ મનથી	સમારંભ	ક્રોધપૂર્વક	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
શરીરથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.

૩ મનથી	આરંભ	ક્રોધપૂર્વક	કરવો.	૪ મનથી	સંરંભ	માનપૂર્વક	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
કાયાથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
૫ મનથી	સમારંભ	માનપૂર્વક	કરવો.	૬ મનથી	આરંભ	માનપૂર્વક	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
કાયથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો	,,	,,	,,	અનુમોદવો.
૭ મનથી	સંરંભ	માયાપૂર્વક	કરવો.	૮ મનથી	સમારંભ	માયાથી	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
કાયાથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.

૯ મનથી	આરંભ	માયાપૂર્વક	કરવો.	૧૦ મનથી	સંરંભ	લોભપૂર્વક	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
કાયાથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
૧૧ મનથી	સમારંભ	લોભપૂર્વક	કરવો.	૧૨ મનથી	આરંભ	લોભપૂર્વક	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
વચનથી	,,	,,	કરવો.	વચનથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.
કાયાથી	,,	,,	કરવો.	કાયાથી	,,	,,	કરવો.
,,	,,	,,	કરાવવો.	,,	,,	,,	કરાવવો.
,,	,,	,,	અનુમોદવો.	,,	,,	,,	અનુમોદવો.

પૃષ્ટ ૨૫૦–૨૫૨ પ્રમાણેના કોષ્ટકથી ભાવાધિકરણના ૧૦૮ ભેદ સ્પષ્ટ જાણી શકાય છે.

આપણા જીવનમાં ઉપદેશ પદ્ધતિની કરૂણતા જ રહી છે કે સૌ કોઈએ સ્વર્ગ અને મોક્ષનો માર્ગ જ બતાવ્યો છે પણ પાપ ત્યાગની પ્રમુખતા તો જિનેશ્વરદેવો એ જ ફરમાવી છે. જીવનમાં પુણ્યકર્મની પ્રાપ્તિ કદાચ બે વર્ષ મોડી

થશે તો એ ખાસ વાંધો આવે તેમ નથી. પણ પાપકર્મની *ત્યાગભાવના અને તે પાપોને ત્યાગવાનો પ્રારંભ તો આજથી* શરૂ થઈ જવો જોઈએ.

પાપના ત્યાગ વિના પુણ્ય કર્મ શું ફળ આપશે ? એ તો કેવળી ભગવાન જાણે ! પુષ્પપૂજા કરવાથી કુમારપાળ રાજાએ ૧૮ દેશનું રાજ્ય મેળવ્યું. આ વાત ૧૬ આના સત્ય હોવા છતાં પણ પુષ્પમાં પણ જીવ છે' 'પુષ્પની એક એક પાંખડીમાં જીવ છે'આ વાતનું ધ્યાન રાખ્યા વિના અવિવેકપૂર્વક કેવળ ચર્મ ચક્ષુને ગમ્યું તે બરૂ. આ પ્રમાણેની પુષ્પપૂજા કરવાથી આપણને પણ ૧૮ દેશનું રાજ્ય મળશે કે ? એ તો કેવળી ભગવાન જાણે ! માટેજ પાપના ત્યાગની ભાવના સૌથી પહેલા કેળવવી એ હિતાવહ છે.

જપમાળાના ૧૦૮ મણકા જ આ ૧૦૮ આશ્રવોના સુચક છે. એક મણકે એક એક આશ્રવ યાદ રાખવો જોઈએ તો એક દિવસ આપણને માટે એવો આવશે કે આપણા જીવનમાંથી આશ્રવનો ત્યાગ થતો જશે અને આપણે સંવર ભાવે કેવલી થઈશું.

હવે અજીવાધિકરણના ભેદો જાણીએ

તેના ચાર ભેદ છે. ૧ નિર્વર્તના ૨ નિક્ષેપ ૩ સંયોગ ૪ નિસર્ગ. નિર્વર્તના પણ મૂળગુણ નિર્વર્તના અને ઉત્તરગુણ નિર્વર્તના રૂપે બે ભેદો છે.

મૂળ ગુણ નિર્વર્તનોના પણ ઔદારિક, વૈક્રિય, આહારક, તૈજસ અને કાર્મણરૂપે પાંચ પ્રકારનાં શરીર તથા વચનપ્રાપ્તિ, મનપ્રાપ્તિ પ્રાણ અને અપાન રૂપે છે. કારણ કે શરીર આદિ કર્મબંધનનું જ કારણ છે.

ઉત્તરગુણ નિર્વર્તના એટલે શરીરનાં અંગોપાંગ વગેરે દુષ્ટતાપૂર્વક પ્રવર્તન કરવા. શરીરો જેમ પાપકર્મને બાંધવાના કારણો છે તેમ હાથ–પગ–આંખ–નાક વગેરે અંગોપાંગોથી પણ પાપની પ્રવૃત્તિ થાય છે.

બીજા પણ ઉત્તરગુણ નિર્વર્તનાના પ્રકારો આ પ્રમાણે છે.

બનાવટી લાકડાનો અથવા કપડાનો પુરુષ બનાવવો. અથવા કપડાના તેવા પ્રકારનાં પુતલા, ઢીંગલા અથવા ઢીંગલી, બનાવવાં તે અને ચિત્રકર્મ કરવાં આ ત્રણે આશ્રવરૂપે એવી રીતે થશે કે આપણે બનાવેલો બનાવટી પુરુષ, ઢીંગલો ઢીંગલી વગેરે બીજાને પણ પાપ કર્મની ભાવના કરાવવા માટે સમર્થ બનશે.

કોઈક સમયે આપણા બનાવેલા ચિત્રો ઉપર તથા ઢીંગલી ઉપર આપણને પણ મોહ ઉદ્ભવી શકે છે.

હવે નિક્ષેપાધિકરણના ચાર ભેદ છે

૧ અપ્રત્યાવેક્ષિત, ૨ દુષ્પ્રમાર્જિત ૩ ઔદ્દેશિક અને ૪ અનાભોગિક, એટલે કે બરાબર જોયા વિના ઉતાવળથી કોઈપણ વસ્તુને ઉપયોગ વિના લેવી તથા મૂકવી. આને નિક્ષેપાધિકરણ ક્રિયા કહેવાય છે. ચરાચર જીવરાશિથી ભરેલા આ સંસારમાં તેવી રીતે જ રહેવું જોઈએ. બેસવું જોઈએ યાવત્ કોઇ પણ વસ્તુને લેવી તથા મૂકવી જોઈએ જેથી નિરર્થક જીવહત્યા ન થવા પામે. આપણા પ્રમાદના કારણે મરનારો જીવ પ્રાયઃ કરીને શ્રાપ દઈને મરે છે. એટલે તે પાપના કે શ્રાપના ફળો ભવભવાંતરમાં ભોગવવા પડે છે.

ઘણીવાર એવું બને છે કે જે માણસ સાથે આપણને કંઈ પણ લેણાદેણી નથી, જાતપાતનો કે સગાઅંધીનો કોઈ પ્રસંગ નથી, છતાં પણ તે જીવ જ્યારે આપણા ઉપર જીવલેણ હુમલો કરે, આપણા ગૃહસ્થાશ્રમને કંલકિત કરે છે, આપણી બેન બેટીને ભગાડે છે, ત્યારે આપણે હેરાન–હેરાન થઈ જઈએ છીએ. આવા પ્રસંગે આપણા મોઢામાંથી એક શબ્દ નીકળે છે કે 'આ માણસ મારા કયા ભવનો વૈરી હશે?' માટે જીવદયા–અભયદાન જેવો એક પણ ધર્મ નથી, અને જીવહત્યા જેવું એક પણ પાપ નથી. આમ સમજીને આપણી પ્રત્યેક ક્રિયામાં ઉપયોગ રાખવો જોઈએ. અને નિરર્થક જીવહત્યામાંથી આપણા મન–વચન અને શરીરને બચાવી લેવા જોઈએ. આ જ એક માનવતા છે. માનવકૃત્ય છે અને ધર્મ પામવાનું પહેલું પગથીયું છે. આ જ વાતનું રહસ્ય આ નિક્ષેપાધિકરણ આશ્રવ સમજાવે છે.

જ્યારે સંયોજનાધિકરણ પણ બે ભેદે છે

૧. ભક્તપાન સંયોજનાધિકરણ, ૨, ઉપકરણ સંયોજનાધિકરણ. જૈન શાસન જ આશ્રવના ઉંડાણમાં ઉતરીને તથા સાધક માત્રને ઉતારીને અલૌકિક કલ્યાણ કેટલું બધું કરે છે. તે જોવા જેવું છે. સયંમ લેવો એ જેટલો દુષ્કર નથી તેનાથી પણ વધારે પાળવો દુષ્કર છે.

૧. રસાસ્વાદનો ત્યાગ અને ૨. આહાર સંજ્ઞાનું મારણ.

જીવનમાં અનાદિકાળથી પડેલાં રસનેન્દ્રિયની લોલુપતાને લઇને ભોજનમાં ટેસ્ટ (સ્વાદ) લાવવા માટે જુદી જુદી જાતના ચૂર્ણ, મેથીયું, રાઇતું, અથાણું, મીઠું, મરચું, ચટણી

ખાંડ–ગોળ, વઘાર વગેરે મિશ્રણ કરે છે. પ્રાપ્ત થયેલાં ભોજનમાં સ્વાદની ખામીને દૂર કરવા માટે સ્વાદજનક પદાર્થનું મિશ્રણ કરવાની ભાવનાને પણ ભગવતીસૂત્ર આશ્રવ માર્ગ કહે ચહા, દૂધ, ઠંડા હોય તેને ગરમ કરાવવાની ભાવના તથા તેમાં ખાંડ ઓછી હોય કે ન હોય તેને મેળવવાની ભાવના પણ આશ્રવ માર્ગનો પ્રકાર છે. અમૂક પદાર્થ અમૂક પ્રકારનાં જ હોય તો ગળે ઉતરે. અમૂક લાડવા તથા દહીં તેવા પ્રકારના જ હોય તો ટેસ્ટપૂર્વક ખાઇ શકાય આ તથા આનાં જેવી બીજી લોલુપતામાં આશ્રવનો જ ચમત્કાર પ્રત્યક્ષ દેખાય છે.

ત્યારે ઉપકરણ સંયોજનાધિકરણનો અર્થ પણ ઉપરની જેમ જ સમજવાનો છે જેમકે સંથારિયાની કોર ઉપર, ઓઘારિયા કે ખંભાની કામળી ઉપર ગોમૂત્રિકા ભરાવવી જ જોઈએ. તો જ સારૂં દેખાય અને શરીરમાં પોઝીશનનો રંગ જામે. આ ભાવનાને પણ ભગવતી સૂત્રકાર આશ્રવી ભાવના કહે છે.

મનજીભાઇ જ્યારે ઈન્દ્રિયોના ગુલામ અને પોઝીશનના સપનામાં રાચતા હોય છે ત્યારે જ આવું બને છે.

હવે નિસર્ગાધિકરણના પણ ત્રણ ભેદ :–

૧. મનોનિસર્ગાધિકરણ, ૨. વચનનિસર્ગાધિકરણ, ૩. કાયનિસર્ગાધિકરણ ગત ભવમાં ઉપાર્જન કરેલી. મનપર્યાપ્તિ વચનપર્યાપ્તિ અને શરીરપર્યાપ્તિને લઈને આ ભવમાં મન, વચન અને કાયાની પ્રાપ્તિ થાય છે. પણ દુર્બુદ્ધિવશ સત્યધર્મ સમજવામાં નથી આવતો ત્યારે આ

આ ક્રિયા અને વેદનાના પ્રશ્નોત્તરોનો સાર એ છે કે– પહેલાં ક્રિયા થાય છે, ને પછી વેદના થાય છે, ક્રિયા નૈરયિકોને પણ હોય છે શ્રમણોને પ્રમાદને લીધે અને શારીરાદિકની પ્રવૃત્તિના કારણે થાય છે. 卐 ૪૨

ત્રણે યોગો આશ્રવ કર્મમાં જ રાચ્યામાચ્યા રહે છે અને ઘણા પુણ્યથી મેળવેલા મનુષ્ય અવતારમાં પાપકર્મની સેવના કરીને, ઘણા લાંબા કાળને માટે દુર્ગતિમાં જવું પડે છે, મનરૂપે પરિણમનને પામેલા મનોવર્ગણા રૂપી દ્રવ્યનો ચિન્તનાદિ દ્વારા ત્યાગ કરવો તે મનોનિસર્ગાધિકરણ છે.

અહીં આશ્રવનો પ્રસંગ હોવાથી મનમાં બરાબ ચિન્તન બીજાના દ્રોહનું ચિન્તન સમજવાનું છે. પણ ભગવત્ ચિન્તન વગેરે પવિત્ર ચિન્તન સમજવાનું નથી.

ભાષારૂપે પરિણમેલા ભાષા વર્ગણાના પુદ્ગળોને ઉપદેશ વડે ત્યાગ કરવા તે, વચન નિસર્ગાધિકરણ કહેવાય છે. અહીં પણ ઉપદેશનો અર્થ સ્વછન્દ ભાષણ સમજવાનું છે.

કાય નિસર્ગાધિકરણ એટલે કે ગન્દા કાર્યો કરીને અપજશના ભયે પોતાના શરીરનું છેદન કરવું, અગ્નિથી મરી જવું, પાણીમાં ડુબી જવું, ગળે ફાંસો ખાવો, ઝેરનો વાટકો પીવો, આદિ કારણોથી શરીરનો ત્યાગ કરવો પડે છે તે આશ્રવને આભારી છે.

અધર્મમાં રાચીને પ્રમાદવશ શરીરને વચનને તથા મનને કંટ્રોલમાં નહીં રાખવા, તે નિસર્ગાધિકરણનો અર્થ છે.

કર્મ પહેલા કે વેદના પહેલા ?

卐 ૨૪ ક્રિયા પહેલી કે વેદના પહેલી ? આ પ્રશ્નોત્તરમાં આપણને સૌને નવાઈ લાગે છે કે–જેમ આ વાત

આબાળગોપાળ પ્રસિદ્ધ છે. "જેવી કરણી તેવી ભરણી" "હાથના કીધા હૈયે વાગ્યા" જાકી જૈસી કરણી વો તસ ફળ ચાખા" "કર્મણો હિ પ્રધાનત્વં...." તસ્મૈનમઃ કર્મણે" "ક્ષીણે પુણ્યે મર્ત્યલોકં વિશંન્તિ" "યાવત્ પુણ્યમિદ સદા વિજયતે પુણ્યક્ષયે ક્ષીયતે" આના જેવી હજારો-લાખો ઉક્તિઓમાં એક જ વાતનો રણકાર છે કે પહેલાં કર્મ (ક્રિયા) કરાય છે અને પછી ફળ ભોગવાય છે. છતાં પણ છઠ્ઠા ગણધર મંડિત પુત્ર, દેવાધિદેવ ભગવાનને પૂછે છે કે હે પ્રભો ! કર્મ પહેલા હોય છે ? કે વેદના પહેલી હોય છે ?

આ પ્રશ્નનાં મૂળમાં કયો આશય હશે ? તે તપાસીએ તે પહેલા એક વાતને જાણી લઇએ કે ગણધર ભગવંતો ચાર જ્ઞાનના માલિકો હોય છે છતાં સમવસરણમાં બેઠેલા બીજા ભાગ્યવંતોને જ્ઞાન ઉપાર્જન કરાવવાના આશયથી પણ પૂછે છે.

ઘણીવાર જીવવિશેષને કર્મો જુદા અને ફળાદેશ જુદો જણાય છે. જેમકે :- એક જન કસાઈ કર્મને કરનાર છે છતાંએ તેની પાસે બંગલો, મોટર, ટેલીફોન, ટેલીવિજન, સ્ત્રી, પુત્રપરિવાર છે અને પુત્ર-પુત્રિઓના લગ્નમાં હજારો રૂપીઆ ખર્ચે છે. ગણિકાની બેટી આજીવન ગણિકા કૃત્ય કરે છે. અને માલ-મસાલા સાથે નાગરવેલના પાન ચાવ્યા કરે છે. અને વૈભવપૂર્ણ જીવન પસાર કરે છે. જ્યારે એક ગૃહસ્થ ધર્મધ્યાન કરે છે અને દરિદ્ર છે. ત્રણ સાંધે ત્યાં તેર તૂટે છે. આવી વિકટ પરિસ્થિતિમાંથી તેનો ગૃહસ્થાશ્રમ પસાર થાય છે.

ત્રીજા ભાઈ અમન-ચમન પૂર્ણ જીવનની મોજ માણે છે. છતાંએ તે પુણ્યકર્મીને સર્પ દંશ દે છે અને મરી જાય છે.

સતીત્વધર્મની ચરમસીમાને પાલન કરનારી સીતા-દમયંતી તથા દ્રૌપદી આદિને વનવાસ ભોગવવા પડયાં છે અને તેમનો ઘણો લાંબો સમય રોતા રોતા પૂરો થયો છે.

મૌનવ્રતધારી, સૌનો હિતેચ્છુ, બાળબ્રહ્મચારી પણ ટીબીના રોગથી, દમના રોગથી તથા ઉધરસની ભયંકર બીમારીને ભોગવતાં આયુષ્ય પૂર્ણ કરે છે.

આના જેવા તો હજારો પ્રસંગો આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ. ત્યારે આપણાં અજ્ઞાત મનમાં પણ આજ પ્રશ્ન ઉદ્ભવે છે કે આમ બનતું હશે ? આવી સ્થિતિમાં જૈન શાસ્ત્રો જ આપણને સમજુતી આપે છે. તે આ પ્રમાણે :– અનાદિકાળના સંસારમાં મિથ્યાજ્ઞાન–પ્રમાદ–કષાય અને અવિરતિને લઈને ઉપાર્જન કરેલા અને પ્રત્યેક ભવમાં મોહ તથા માયાના સેવનથી વધારી મૂકેલા કર્મો જીવના પ્રદેશો સાથે દૂધ અને સાકરની જેમ મિશ્રિત એકાકાર થયેલા છે.

તે કારણે સંસારની રંગભૂમિ ઉપર રખડપટ્ટી કરનારો આ જીવાત્મા પોતાના કરેલા શુભાશુભ કર્મોના ફળોને ભોગવે છે.

આંબાના ઝાડ ઉપર લાગેલી માટે પ્રત્યક્ષ દેખાતી લીલા રંગની કઠણ કેરી આજની આજ મીઠી થતી નથી પીલા રંગની થતી નથી અને નરમ બનતી નથી. ગર્ભમાં પડેલો જીવ આજે જ મોટો થતો નથી, અને સંસારના રંગ મંડપમાં આવવા માટે સમર્થ બનતો નથી.

પણ સમય જતાં તે કેરી પોતાની મેળે અથવા પ્રયત્ન વિશેષથી પાકે છે તથા સૌને પોતાના મીઠા રસથી તૃપ્ત કરે છે. નવ મહિના પૂરા થયે જીવ પોતાની મેળે જ પુરૂષ વિશેષ આદિ કોઈના પણ પ્રયત્ન વિના અપાન વાયુની સહાયતાથી સંસારના થિએટર પર આવી જાય છે. અને પૂર્વભવથી સાથે લાવેલા કર્મોને અનુસાર શુભ–અશુભ ચેષ્ટા કરવા લાગી જાય છે. સારાંશ કે કોઈપણ વસ્તુનો સમય પાક્યા વિના આ

સંસારમાં કંઈ પણ બનતું નથી. યદ્યપિ કાળ તત્ત્વમાં પણ ભાગ્ય, નિયતિ, પુરૂષાર્થ વગેરેનો સહકાર પણ અવશ્યભાવી છે.

તેવીજ રીતે આજના કરેલા કરાવેલા, તથા અનુમોદેલા શુભાશુભ કર્મો પણ આજના આજેજ ફળ દેવા માટે પ્રાયઃ કરીને તૈયાર થતા નથી. કેમકે જીવાત્માના પ્રતિપ્રદેશે ચાર, પાંચ, દશ, સંખ્યાત, અને અસંખ્યાત ભવોના કરેલા કર્મો પણ ચોંટેલા છે. ત્યારે આપણે સહજ સમજી શકીએ છીએ કે પ્રાયઃ કરીને જુના કરેલા કર્મોનો સમય પહેલા પાકશે અને આજના કરેલા કર્મોનો પરિપાક સમય જતાં પછીથી થશે. જેવી કર્મની સ્થિતિ.

વર્તમાનમાં કસાઈ કર્મ કરનાર પોતાના પહેલાના ભવમાં કસાઈ જ હોવો જોઈએ એવો નિયમ નથી. કદાચ તેને દયા–દાન–પુણ્ય તથા ધર્મ કરીને પોતાની ધર્મરાજાની બેંક ખૂબ મજબુત પણ બનાવી દીધી હશે? આ પ્રમાણે એક ભવમાં તે પુણ્ય કર્મ પણ ભેગો કરતો જાય અને બીજી બાજુ હિંસક વૃત્તિને પણ પોષતો હોય છે. આ પ્રમાણે મરતી સમયે કસાઈને પણ ધર્મધ્યાનની લેશ્યા અને દાનેશ્વરી તથા દયાલુ માણસને પણ હિંસક ભાવનાની લેશ્યા ઘટાવી શકાય છે. કેમકે અસ્થિર અને અજ્ઞાની માણસની ભાવલેશ્યાઓ નિમિત્તને લઈને પ્રતિક્ષણે બદલાતી રહે છે. ઉપર પ્રમાણેના કારણોને લઈ જીવાત્મા આ ભવમાં કસાઇ પણ બન્યો છે અને શ્રીમંત પણ બન્યો છે. મમ્મણ શેઠના પૂર્વભવીય જીવે મુનિરાજને સત્પાત્ર સમજીને લાડવો પણ આપ્યો છે (વ્હોરાવ્યો છે) તે સમયે તેમની શુભ લેશ્યાઓ કેટલી બધી સરસ હતી. પણ નિમિત્ત બદલાતાં જ અશુભ લેશ્યાએ પણ દેખાવો દીધો છે. અને સત્પાત્રમાં આપેલો લાડવો પાછો મેળવવા માટે મુનિ

રાજ સાથે બરાબર વર્તન પણ કરતાં વાર લાગી નથી. બસ! આ જ કારણે પૂર્વભવની શુભ લેશ્યામાં જે દાન આપ્યું હતું. તેથી તે મમ્મણ શેઠ શ્રીમંત બન્યો પણ અશુભ લેશ્યાથી અશુભ કર્મો પણ સાથે જ બાંધ્યા હતા. તે કારણે આખી જીન્દગી નરકગતિને યોગ્ય જ કર્મો ભેગા કર્યા છે અને મરીને નરકનો અતિથિ બન્યો છે. આ પ્રમાણે આજના કસાઈ તથા ગણિકા કાર્યને કરનારાઓ માટે પણ ઘટાવી લેવું જોઈએ.

ત્રણે લોકના ત્રિકાળવર્તી પ્રદાર્થોને પ્રત્યક્ષ કરનારા કેવળજ્ઞાની ભગવંતો જ પ્રત્યેક પ્રદાર્થોની યથાર્થતા જાણી શકવા માટે સમર્થ હોય છે. માટે જ તેમનું શાસ્ત્ર જ સમ્યગ્જ્ઞાન છે.

કર્મોનાં અબાધા કાળ

આજના અત્યારના સમયે અત્યન્ત મોહકર્મમાં રાચ્યો માચ્યો જીવ જે સમયે મોહાધીન બનીને સંસારના ભોગવિલાસમાં તથા ક્રોધ–માન–માયા અને લોભમાં અંધ બનીને જેવા આશયથી, જે તીવ્રતાથી, જે જીવોની સાથે કર્મબંધન કરે છે ત્યારે તે જ સમયે બાંધેલા કર્મોનો 'અબાધા' કાળ પણ નક્કી થઇ જાય છે.

અબાધા કાળ એટલે બાંધેલા કર્મો અમૂક સમય પછી જ ઉદયમાં આવે તે પહેલા નહી, એટલે ઉદયમાં ન આવે ત્યાંસુધીના કાળને અબાધકાળ કહે છે. માટે આ પ્રશ્નના ઉત્તરમાં પણ ભગવાન ફરમાવે છે. વેદના માત્ર કર્મજન્ય જ હોય છે, અર્થાત્ પહેલા કર્મો કરાય છે પછી તેની વેદના ભોગવવાની હોય છે. ગતભવને આપણે જોઈ શકતાં નથી માટે જ નિર્ણય ઉપર આવતાં વાર લાગે છે પણ

આ એક સત્ય હકીકત છે કે "કારણ પહેલા અને કાર્ય પછી જ હોય છે.

વેદના શા માટે ભોગવાય છે ? વેદના કયાંથી આવી ? મેં કોઈનું ખોટું કર્યું નથી છતાં પણ મને જ આ પ્રમાણે શા માટે ભોગવવું પડે છે. આમાં ગમે તે કારણે પણ વેદના ભોગવાય છે, આ વાત પ્રત્યક્ષ સિદ્ધ છે. ત્યારે હવે કારણ જ ગોતવાનું રહ્યું તે આ કારણ કર્મ છે. જે કર્મને બીજા દર્શનકારોએ માયા, વાસના, અદૃષ્ટ, ઈશ્વર આદિની કલ્પના કરી છે. ગમે તે હોય પણ વેદનાના મૂળમાં, કંઇક કારણ જરૂર છે માટે કહેવાય છે કે કર્મ કારણ પહેલા છે. અને વેદના (ફળ) પછી જ હોય છે.

કર્મો શાથી થયા ? શાથી બંધાયા? આના જવાબમાં પણ 'ક્રિયાજન્ય કર્મ હોય છે' અર્થાત્ શુભ કે અશુભ પ્રકારે માનસિક વાચિક અને શારીરિક ક્રિયા જે કરાય છે ત્યાં ચોક્કસ કર્મ બંધન છે.

માટે ક્રિયાજન્ય કર્મ અને કર્મજન્ય વેદના હોય છે. મુનિ વેષને ધારણ કર્યા પછી પ્રમાદને વશ થઈને મુનિરાજો પણ ઉપયોગ શૂન્ય બનીને ખાવાની પીવાની; ગમનાગમન કરવાની સુવા, ઉઠવાની, ક્રિયાઓ કરશે તો ચોક્કસ રીતે ભગવતી સૂત્ર સાક્ષી આપે છે કે તે મુનિરાજો પણ કર્મને બાંધશે. અને તેમને માટે પણ સંસારનું ચક્કર સદૈવ તૈયાર જ છે.

આ પ્રમાણે બાંધેલા કર્મો આત્મા સાથે કેટલાં કાળ સુધી રહેશે ? અને બાંધ્યા પછી કેટલો કાળ વીત્યા પછી ઉદયમાં આવશે ? એ પણ જરૂરી હોવાથી જાણી લઈએ.

કર્મ	ઉત્કૃષ્ટ સ્થિતિ	જઘન્ય સ્થિતિ	ઉત્કૃષ્ટ અબાધા	જઘન્ય અબાધા
જ્ઞાનાવરણીય	૩૦ કોડા-કોડી સા.	૧ અન્તમુહૂર્ત	3000 હજાર વર્ષ	૧ અન્તમુહૂર્ત
દર્શનાવરણીય-	૩૦ કોડાકોડી સા,	,,	,,	,,
વેદનીય	૩૦ કોડાકોડી સા.	૧૨ મૂહૂર્ત	,,	,,
મોહનીય	૭૦ કોડા-કોડી સા.	૧ અન્તમૂહૂર્ત	૭૦૦૦ હજાર વર્ષ	,,
આયુષ્ય	૩૩ સાગરોપમ	,,	અધિકપૂર્વ કોટી વર્ષનો ત્રીજો ભાગ	,,
નામ	૨૦ કોડા-કોડી સા.	૮ મૂહૂર્ત	૨૦૦૦ હજાર વર્ષ	,,
ગોત્ર	૨૦ કોડાકોડી સા	,,	,,	,,
અંતરાય	૩૦ કોડા-કોડી સા.	૧ અંતર્મૂહૂર્ત	3000 હજાર વર્ષ	,,

(આર્હતદર્શન દીપીકા પેજ ૧૦૫૧)

અબાધા કાળ એટલે કર્મોનો અનુદય કાળ જાણવો આ કાળ દરમ્યાન તે તે કર્મ જીવને સ્વોદયવડે હાનિ કરતું નથી.

પલ્યોપમ અને સાગરોપમ એટલે શું ? તે નીચેના કોષ્ટકથી જાણવું.

૧ અવિભાજ્ય સૂક્ષ્મકાળ તે	૧ સમય
૨ નવ સમય બરાબર	૨ અંતર્મુહૂર્ત

અસંખ્યાત સમય	૧ આવલિકા
૨૫૬ આવલિકા	૧ ક્ષુલ્લક ભવ
૧૭૦૦ ક્ષુલ્લક ભવ	૧ શ્વાસોશ્વાસ (પ્રાણ)
૭ પ્રાણ	૧ સ્તોક
૭ સ્તોક	૧ લવ
૩૮૦૦ લવ	૧ ઘડી
૨ ઘડી	૧ મુહૂર્ત
૧ સમયન્યૂન બેઘડી	૧ ઉત્કૃષ્ટ અન્તમુહૂર્ત
૩૦ મુહૂર્ત	૧ દિવસ
૧૫ દિવસ	૧ પક્ષ (પખવાડીયું)
૨ પક્ષ	૧ મહિનો
૧૨ મહિના	૧ વર્ષ
૮૪ લાખ વર્ષ	૧ પૂર્વાંગ
૮૪ લાખ પૂર્વાંગ એટલે	
૭૦૫૬૦૦૦૦૦૦૦૦ વર્ષ	૧ પૂર્વ
અસંખ્યાત વર્ષ	૧ પલ્યોપમ
૧૦ કોડાકોડી પલ્યોપમ	૧ સાગરોપમ
૧૦ કોડાકોડી સાગરોપમ	૧ ઉત્સર્પિણી કાળ
,, ,,	૧ અવસર્પિણી કાળ
૨૦ કોડાકોડી સાગરોપમ	૧ કાળચક્ર
અનંત કાળચક્ર	૧ પુદ્ગલ પરાવર્તન કાળ
	(નવતત્ત્વ પ્રકરણ મહેસાણા)

એક કરોડની સંખ્યાને એક કરોડની સંખ્યાથી ગુણાકાર કરવાથી એક કોડાકોડી થાય છે. એવા દશ કોડાકોડી પલ્યોપમનો એક સાગરોપમ થાય છે. આજ પ્રમાણે ત્રીસ કોડાકોડી

સાગરોપમ અને ૭૦ કોડાકોડી સાગરોપમ જાણવા. ૧૦ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી અને ૧૦ કોડા કોડી સાગરોપમની એક અવસર્પિણી થાય છે. આ બન્ને કાળોમાં એક એક ચોવીસી તીર્થંકર દેવોની થાય છે.

આજે મિથ્યાત્વને લઈને ઉપાર્જન કરેલું જ્ઞાનાવરણીય કર્મ ત્રણ ચોવીસી સુધી સંસારમાં પરિભ્રમણ કરાવશે. અને અત્યન્ત કષાયાધીન બનીને ઉપાર્જેલું મોહનીયકર્મ સાત ચોવીસી સુધી આપણું આત્મકલ્યાણ સાધવા નહીં દે. આ પ્રમાણે સંસારમાં કર્મવશ બનીને અનંત પુદ્ગલ પરાવર્તન આપણે પૂરા કર્યા છે.

અબાધા કાળ દરમ્યાન એટલે કે ઉત્કૃષ્ટ પ્રકારે ૭૦ કોડાકોડી સાગરોપમનું મોહનીય કર્મ બાંધ્યું હોય તો ૭૦૦૦ હજાર વર્ષ પહેલા કર્મ કંઈ પણ હાનિ કરી શકે તેમ નથી. આ કાળ પૂરો થયે છતે જ મોહનીયકર્મ ઉદયમાં આવશે. સરળાર્થ આ છે કે સાત હજાર વર્ષ વીત્યા પછી ૭૦ કોડાકોડી સાગરોપમના કાળ સુધીમાં ગમે ત્યારે પણ આ કર્મ ઉદયમાં આવી શકશે.

સમુદ્ર જેમ અગાધ અને અનંત છે. તેમ સંસાર પણ અગાધ અને અનંત છે. આજે જે જીવાત્મા સાથે કષાયોની ભયંકર પરવશતાને લઈને અત્યુત્કટ–વૈરાનુબન્ધ પડયો, જે જીવ આપણા હાથે મર્યો, જેની સાથે રાગ–દ્વેષની તીવ્ર ગાંઠ બંધાણી, અથવા મૃષાવાદ અદત્તાદાન, મૈથુન અને પરિગ્રહ વધારવા માટે જે જીવો સાથે આપણે કર્મની ગાંઠમાં બંધાણા છીએ. તે તે જીવોનો જે ભવમાં આપણો અને તેનો સંગમ થશે ત્યારે તેનું ફળ ભોગવવું પડશે.

મહાવીરસ્વામી પરમાત્માની જ વાત કરીએ. મોટા અને છેલ્લા સત્તાવીશ ભવની અપેક્ષાએ અઢારમાં ભવમાં શ્રેયાંસનાથ ભગવાનના શાસનમાં ભગવાન મહાવીરસ્વામીનો જીવ ત્રિપૃષ્ઠ વાસુદેવના અવતારને પામ્યો હતો, ત્યાં ૮૪ લાખ વર્ષનું આયુષ્ય હતું. તેમાં ૮૩ લાખ અને ૪૯ હજાર વર્ષ સુધી તેમણે વાસુદેવ પદને ભોગવ્યું હતું. તે સમયે શય્યાપાલકના કાનમાં અતિરોષે ભરાઈને ગરમાગરમ શીશું (કથીર) રેડાવ્યું હતું તે સમયે નિકાચિત બાંધેલું અસાતા વેદનીય કર્મ નવ ભવ પછી અર્થાત્ કર્મના બંધ થયા પછી ૮૦ સાગરોપમ ઉપર બે કરોડ લગભગ વર્ષો વીત્યા પછી મહાવીર સ્વામીના ભવે ગોવાલાએ કાનમાં ખીલા ઠોકયાં તે રૂપે ઉદયમાં આવ્યું છે. આ કર્મ બાંધ્યા પછીની વિગત આ પ્રમાણે છે.

૧૮મા ભવે ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. જ્યાં ૮૩॥ લાખ વર્ષનો સમય હતો.

૧૯મા ભવ સાતમી નરકનો છે જ્યાં ઉત્કૃષ્ટ ૩૩ સાગરોપમનું આયુષ્ય છે.

૨૦મા ભવે સિંહના અવતારને પામ્યા છે.

૨૧મા ભવે ચોથી નરકમાં જાય છે જ્યાં ૧૦ સાગરોપમની આયુષ્ય મર્યાદા છે.

૨૨મા ભવમાં વિમલરાજકુમાર તરીકે થાય છે.

૨૩મા ભવમાં પ્રિયમિત્ર ચક્રવર્તી થાય છે, જ્યાં ૮૪ લાખ વર્ષનો સમય છે.

૨૪મા ભવમાં શુક્ર નામે દેવલોકમાં અવતરે છે જ્યાં ૧૭ સાગરોપમનું આયુષ્ય છે.

જીવાત્માની એજનાદિ ક્રિયા

જીવ હમેશાં માપપૂર્વક કંપે છે; એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે. સ્પંદન ક્રિયા કરે છે. બધી દિશાઓમાં જાય છે. ક્ષોભ પામે છે, પ્રબળતા પૂર્વક પ્રેરણા કરે છે. અને તે તે ભાવને પરિણમે છે. જ્યાં સુધી જીવની આ ક્રિયા ચાલુ છે, ત્યાં સુધી જીવની મરણ સમયે અંતક્રિયા—એટલે મોક્ષ થતો નથી. કારણ કે આ ક્રિયા થાય છે ત્યાં સુધી જીવ આરંભ, સંરંભ અને સમારંભ કરે છે. અને જ્યાંસુધી તે જીવ ન કંપે,

---

૨૫મા ભવમાં નન્દન રાજકુમાર રૂપે અવતરે છે ૨૫ લાખ વર્ષનો સમય છે.

૨૬મા ભવમાં પ્રાણત દેવલોકમાં ઉત્પન્ન થાય છે. જ્યાં ૨૦ સાગરોપમની આયુષ્ય સ્થિતિ છે.

૨૭ મો ભવ મહાવીર તરીકે થયો છે.

શય્યાપાલકની સાથે વૈરની ગાંઠમાં બંધાયેલા ભગવાન અને શય્યાપાલક અને બંને આત્માઓ પોતપોતાની દિશામાં અનંન્ત સંસારમાં ભટકતાં ભટકતાં ૮૦ સાગરોપમ વીત્યા પછી પાછા ભેગા થાય છે અને ગોવાળીયાના અવતારને પામેલો શય્યાપાલક, પતિત પાવન ભગવાન મહાવીરસ્વામીને જોતા જ હાડોહાડ રોષમાં આવીને ભગવાનના કાનમાં ખીલા ઠોકે છે આવી વિચિત્ર માયા જ્યારે સંસારની છે તો પાપકર્મોને દૂર કરીને પોતાના જીવનમાં વીતરાગતા–સમતા–દયાલુતા સહિષ્ણુતા અને પરોપકારિતા આદિ સદ્‌ગુણોને લાવવા માટે જ પ્રયત્ન કરવો જોઈએ. જેથી આ જીવને નવા કર્મોના દ્વાર બંધ થાય અને તપશ્ચર્યા, ગુરુસેવા, વગેરે અનુષ્ઠાનોથી જૂના કર્મો ધોવાઇ ને સાફ થઇ જાય. ત્યારે જ આત્મા શુદ્ધ થશે.

યાવત્ તે તે ભાવને ન પરિણમે, ત્યારે તે જીવની મુક્તિ થાય છે, કારણ કે આરંભ સંરભ, સમારંભ આદિ ક્રિયા તે કરતો નથી. 卐[૪૩]

卐૪૩ શૈલેષી અવસ્થાને પ્રાપ્ત નહી થયેલા જીવો સક્રિય હોવાના કારણે વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમને લઈને મન વચન અને કાયાથી એજનાદિ (કંપનાદિ) અવસ્થાઓને પ્રાપ્ત કરે છે અને આરંભાદિમાં પ્રવૃત્તિ કરનારો થાય છે. આ પ્રમાણે ગણધર ભગવંતોએ પૂછેલા પ્રશ્નોનો જવાબ ભગવાને આપ્યો છે.

શ્રાવણ મહીનાના ગાઢ વાદળાઓથી ઘેરાયેલો સૂર્ય જેમ અપ્રકાશિત હોય છે તેમ કર્મોની અત્યન્ત નિકાચિત અને ગાઢ અવસ્થાને લઈને આત્મા પણ મિથ્યાત્વથી ઘેરાયેલો હોય છે. પણ નદીમાં રહેલા ગોળ પાષાણની માફક સમયના પરિપાક થતાં તેજ આત્માં મિથ્યાત્વના ગાઢ અંધકારમાંથી કંઈક બહાર આવે છે અને વિપરીત દશામાં પરંપરાથી સ્વીકારેલી વસ્તુને માટે કંઈક વિચાર કરતાં તે જીવને સરળતા, દયાલુતા, દાન તથા પુણ્યકર્મિતાઆદિ ગુણો ઉપર વિશ્વાસ થાય છે. જૈન-શાસન આવી અવસ્થાને મોક્ષમાં જવા માટેની યોગ્યતા રૂપે પ્રથમ ગુણસ્થાનક તરીકે સંબોધે છે. અહીં થોડોક સંત સમાગમ અને સમ્યગ્જ્ઞાનનો ઉપદેશ જો મેળવવામાં આવે તો જીવાત્મામાં એવી અપૂર્વ અને અનિવૃત શક્તિ પ્રાપ્ત થાય છે કે જેને લઈને અનાદી-કાળથી ગૂઢ દુર્ભેદ્ય અનંતાનુબંધી કષાયને તથા આત્મા ઉપર લાગેલા મિથ્યાત્વ મોહનામના દલિકોની ગાંઠને તોડવા માટે સબળ પુરુષાર્થ કરતો કોઇ કાળે પણ નહીં મેળવેલું ‘ સમ્યગ્ દર્શન” પ્રાપ્ત કરવા માટે સમર્થ બને છે.

અનંતાનીબંધી કષાય

આત્માની અનંત શક્તિઓને રોકનાર આકષાય છે, જેને લઈને અનંતાનંત ભવોમાં બીજા જીવો સાથે સંઘર્ષમાં ઉતરીને આ જીવાત્માએ પોતાનું ઘણું જ નુકશાન કર્યું છે.

'कष्यन्ते हिंस्यन्ते प्राणिनः परस्परमस्मिन् इति कषः' જેનાથી જીવો પરસ્પર હણાય, લુંટાય, વિંધાય તે 'કષ' એટલે સંસાર છે. આવા કષ અર્થાત્ સંસાર તરફ 'अयन्ते' એટલે ગમન કરાવે. બલજબરીથી સંસારની માયામા ફસાવે તે કષાય કહેવાય છે. તેના ક્રોધ, માન, માયા અને લોભ આ મૂળ ચાર ભેદ છે. આ ચારે કષાયો અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન રૂપે ચાર ચાર ભેદે છે.

જોરદાર પવનનો ઝપાટો લાગે અને વાદળા કંઈક વિખરાવવાં લાગે પછી સૂર્યનારાયણ પોતાની શક્તિથી વાદળાને ભગાડવામાં સ્વયં સમર્થ બને છે. એવી જ રીતે આત્મા ઉપરના અનંતાનુબંધી કષાય રૂપી વાદળાઓ જો એકવાર ખસી જાય. અથવા ખસેડી દેવામાં આવે તો આત્મા પોતે જ પોતાની અનંત શક્તિ વડે કર્મોના વાદળાઓને ખંખેરી શકે છે.

" अनंतान् भवान् (संसारपरिभ्रमणान्) आबध्नातीति-एवं शीलं यस्य सः अनंतानुबंधी कषायः ' અર્થાત્ અનંતભવોમાં રખડપટ્ટી કરાવે તે અનંતાનુબંધી ક્રોધ–માન–માયા અને લોભરૂપ કષાય કહેવાય :

કોઈક વ્યક્તિ–સમાજ, જાતિ, ગામ, તથા દેશ ઉપર અમુક કારણોને લઈને જે ક્રોધ–રોષ–વૈર ઈર્ષ્યા જાગે પોતાના

આત્મામાં ઉદ્ભવે અને છેલ્લા શ્વાસોશ્વાસ સુધી પણ તેનો અંત ન થાય તે અનંતાનુબંધી ક્રોધ કહેવાય છે.

મિથ્યાજ્ઞાનને લઈને જાતિ–લાભ–કુળ ઐશ્વર્ય–બળ–રૂપ, તપ અને શ્રુત (શાસ્ત્રીયજ્ઞાન)નું અભિમાન આવ્યું તે જીન્દગીના છેલ્લા સમય સુધી પણ મટે નહીં તો તે અનંતાનુબંધી માન કહેવાય છે.

માયા પ્રપંચ વક્રતાને વશ થઈને પૂરી જીન્દગી સુધી સંસારમાં રચ્યાપચ્યાં રહે અને કૂડ–કપટની જાળમાંથી બહાર નીકળે જ નહી તે અનંતાનુબંધી માયા કહેવાય છે.

પુત્રલોભ–ધનલોભ–પરિગ્રહલોભ–ઈજ્જત લોભ–પ્રતિષ્ઠા લોભ આદિમાં ફસાઈને આજીવન લોભાંધ બને તો તે માનવ અનંતાનુબંધી લોભનો માલિક બનશે.

આ ચાર કષાયો સાથે મિથ્યાત્વ મોહનીયની ત્રણે પ્રકૃતિઓ કાળલાબ્ધને લઈ જ્યારે ક્ષય પામે અથવા શાન્ત થાય ત્યારે આત્માને 'સમ્યક્ત્વ' ની પ્રાપ્તિ થાય છે, જે ચોથું ગુણસ્થાનક કહેવાય છે.

અવિરતિને ભગાડયા પછી જ વિરતિ નામનું પાંચમું ગુણસ્થાનક પ્રાપ્ત થાય છે,

સર્વાંશે–અવિરતિના અભાવમાં છઠ્ઠું પ્રમત્ત ગુણસ્થાનક મેળવાય છે.

આ પ્રમાણે મોક્ષ પ્રાપ્તિના ચૌદ ગુણસ્થાનક કહેવાય છે અને તેને આત્મા પોતાની શકિત વડે જ મેળવી શકે છે.

૧૧મું ગુણસ્થાનક ઉપશાંત નામે છે જ્યાં મોહનીય કર્મની ઘણી પ્રકૃત્તિઓ ઉપશાંત થાય છે પણ સત્તામાંથી

ખસતી નથી. માટે જ થોડો પણ પ્રમાદ આ ગુણઠાણાના માલિકને નીચો પાડે છે. જો ચરમ શરીરી હશે? તો નીચે પડીને પણ પાછો ક્ષપકશ્રેણીનો આધાર લઈને ઘાતી કર્મોનો ક્ષય કરવાં માટે ભાગ્યશાલી બનશે. અન્યથા ગુણઠાણાનો કાળ પૂરો થયે. જો પતન પામે તો યાવત્ પ્રથમ ગુણઠાણે પણ પાછો જઇ શકે છે અને આયુષ્ય ક્ષયે પતન પામે તો સર્વાર્થસિદ્ધ વિમાનમાં અવતાર પામીને બીજા ભવે મોક્ષ જશે.

જો તે સાધક ચરમ શરીરી ન હોય તો કર્મોના નાશ માટે એકજ 'છઠ્ઠ' તપ શેષ રહી જાય છે અથવા સાત લવ જેટલું આયુષ્ય ઓછું હોય છે ત્યારે જ તેઓ સર્વાર્થસિદ્ધ વિમાનમાં વિશ્રાન્તિ લેશે. પરંન્તુ મોક્ષ મેળવી શકતા નથી.

હવે ૧૨મું ગુણસ્થાનક'ક્ષીણ મોહ'નું છે. જયાં અનાદિકાળના પ્રવાહરૂપે આત્મા સાથે ચોંટેલા ઘાતિ કર્મો પણ આત્માને હાથ જોડીને કહે છે કે ભાઈ! તમારાથી અમે હાર્યા છીએ. અર્થાત ઘાતિ કર્મોનો ક્ષય કરીને આત્મા કર્મોના પાંજરામાંથી છૂટો થાય છે. અને કેવળજ્ઞાન મેળવીને ૧૩મા ગુણઠાણે બિરાજમાન થઈને જીવ માત્રને સદુપદેશ આપે છે.

મોક્ષમાં જવાની બે શ્રેણિ

આ ભવમાં મોક્ષમાં જવાની યોગ્યતાવાલા બે પ્રકારના જીવો હોય છે કેમકે આત્માની શકિત જુદી જુદી હોવાના કારણે એક જણ ઉપશમ માર્ગે પ્રસ્થાન કરે છે. જ્યારે બીજો ક્ષપક માર્ગ સ્વીકારે છે. બળતી સગડી ઉપર જેમ રાખનો ઢગલો નાખવાથી અગ્નિ દબાઇ જાય છે, પણ હવાને લઈને રાખ ઉડી જતાં અગ્નિદેવ પોતાનું કામ કર્યા વિના રહેતો

નથી. જ્યારે તે સગડી ઉપર ઠંડા પાણીની ડોલ નાખવામાં આવે ત્યારે અગ્નિનું અસ્તિત્વ જ નાશ પામતાં કોઇને પણ ભય રહેતો નથી. તેવીજ રીતે આત્મકલ્યાણની ભાવના છે, ગુરૂકુલવાસ છે, સ્વાધ્યાય બળ છે, તપશ્ચર્યા શકિત છે, તો એ પોતાના અંતર આત્માની ચાલ ઢીલી હોવાના કારણે કર્મોના મૂળીયાને દબાવતો દબાવતો એક પછી બીજું ગુણઠાણું મેળવીને ઠેઠ ૧૧મા સુધી પહોંચી જાય છે. પણ વચ્ચમાંજ સત્તામાં પડેલા કર્મોના કારણે ચિત્રવિચિત્ર નિમિતો મલતા આત્મામાં ચલાયમાનતા આવતાં વાર લાગતી નથી. નેમિનાથ ભગવાનના ભાઇ રહનેમીએ યદ્યપિ દીક્ષા લીધી છે પણ મનમાં 'રાજીમતી મને પરણી હોત તો સારૂ રહેત' આવા પ્રકારનું શલ્ય રહી ગયું હતું. ફળસ્વરૂપે એકાન્ત સ્થાનમાં રાજીમતીને જોતા જ ચલાયમાન થતા વાર લાગી નથી. પ્રસન્નચન્દ્ર રાજર્ષિ પણ બાહ્ય નિમિત્તોથી ચલાયમાન થયા છે અને નન્દિષેણ મુનિના વૈરાગ્યમાં કેટલી તીવ્રતા હતી ? "દેવોએ ભલે આકાશ-વાણી કરી પણ મારે ફસાવું જ નથી. અને તે કારણોથી હજારો માઈલ દૂર રહીશ." તદર્થે ઉગ્ર તપયશ્ચામાં પોતાનું લોહી, હાડકા, માંસ વગેરે સુખવી દીધા હતાં પણ આ વૈશ્યા એના મનમાં શું સમજે છે." આમ તપશ્ચર્યાનો મદ જે મોહરાજાનો સશક્ત સુભટ છે, બસ ? ખેલ ખતમ, અન્તે વેશ્યાવાસી બન્યા છે. અને શાલીભદ્રજીનાં વૈરાગ્યમાં કોઈને પણ શંકા હોઈ શકે છે ? પણ આજે તો "મારા માતાજીના હાથે પારણું થશે" અને શ્રેણી ચૂકી જવાથી મોક્ષ મેળવી શકયા નથી. ઈત્યાદિ અગણિત ઉદાહરણો શાસ્ત્રોમાં સંગ્રહાયેલા પડયાં છે. સૌમાં એક જ તત્ત્વ કામ કરી રહ્યું છે અને તે "સત્તામાં પડેલા કર્મોના બીજ." જ્યારે બીજો સાધક પ્રારંભમાં કર્મોના બીજને બાલતો અને

તેના મૂળીયાઓને ઉખેડતો જ આગળ વધતો જાય છે. ત્યારે ગમે તેવા જીવલેણ નિમિત્તો મળવા છતાં એ આત્માને ચલાયમાન કરવામાં કોઇ પણ સમર્થ નથી બનતો. "હત ! રે ભૂંડા ! સંયમ લીધા પછીવમન કરાયેલી વસ્તુઓને ભોગવવાની ઈચ્છા કરતાં શરમ નથી આવતી." આમ ક્ષપક માર્ગે સીધાવેલા રાજીમતીજીના સંયમને આપણે શી રીતે ભૂલી શકવાના છીએ. આ પ્રમાણે અંદક મુનિ પણ ઘાણીમાં પીલાતા પાંચસો સાધુઓના આરાધક બન્યા છે. ઉપશમ શ્રેણીથી નીચે પડીને પાછા ઉપર આવનારા નન્દિષેણ મુનિ, અરણિક મુનિ, પ્રસન્નચન્દ્ર રાજર્ષિ વગેરે આપણી આંખોની સામે જ તરવરે છે.

આ ૧૧-૧૨ મા ગુણઠાણાનાં ભાગ્યશાલીઓ તથા ૧૩ મા ગુણઠાણાને શોભાવનાર કેવળી ભગવંતોને પણ પોતાના ભાષાવર્ગણાના પુદ્ગલોને ખપાવવાં માટે દેશના આપવી પડે છે.

તે વખતે તેમના મન-વચન અને કાયા ક્રિયા કરતાં હોવાથી ઐર્યાપથિકી ક્રિયા તેમને હોય છે. અને આ ક્રિયાને લઈને પ્રતિક્ષણે સાતાવેદનીય કર્મને બાંધનારા છે. 'સાતાબાંધે' કેવળી રે મિત્તા ! તેરમે પણ ગુણ ઠાણે રે".

કહ્યુ છે કે આત્મામાં આત્માવડે સંયમિત થયેલા અણગારો ઉપયોગ પૂર્વક ગમન કરનારા, ઉભા રહેનારા, સુવાવાલાં તથા સાવધાની પૂર્વક ઉપકરણોને ગ્રહણ કરનારા તથા મૂકનારા હોય છે. માટે તેમને ઐર્યાપથિકી ક્રિયા હોય છે. જે પ્રથમ સમયે બંધાય છે. બીજા સમયે અનુવેદાય છે અને ત્રીજા સમયે ક્ષય થાય છે.

આ પ્રમાણે ઉપરના વિવેચનથી જાણી શકાય છે કે ૧૧-૧૨ -૧૩ ગુણઠાણાના વીતરાગો પણ સક્રિય હોય છે.

પણ ઉપરના ગુણઠાણાઓને પ્રાપ્ત નહીં કરેલા અણગારો વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમને લઇને પ્રમાણ સહિત કંપે છે. વિવિધરૂપે કંપે છે. સ્થાનાન્તર કરે છે અને પાછા સ્થાને આવે છે તથા પૃથ્વીને શોભાવે છે. યાવત્ ઉત્ક્ષેપણ, અવક્ષેપણ આકુંચન અને પ્રસારણાદિ ક્રિયાઓને મન-વચન તથા કાયાથી કરે છે માટે તેમને અન્તઃક્રિયા એટલે મુક્તિ પ્રાપ્ત થતી નથી કેમકે જ્યાં સુધી ક્રિયાઓ છે ત્યાં સુધી સરંભ સમારંભ અને આરંભ રૂપ ભાવ આશ્રવોનો તે માલિક હોય છે તે કારણે પૃથ્વી કાયાદિક જીવોને-

'दुक्खावणयाए' મરણરૂપ અથવા ઇષ્ટ વિયોગ રૂપ દુઃખ આપે છે.

'सोआवणयाए' તે જીવોને શોક ઉત્પન્ન કરે છે.

'जूरावणयाए' વધારે પડતો શોક ઉત્પન્ન કરે છે જેથી તેમનું શરીર જીર્ણ થાય છે.

'तिप्पावणयाए' તેમને રોવરાવે છે.

'किलामणयाए' તેમને ગ્લાનિ પમાડે છે.

'उदावणयाए' ત્રાસ આપે છે.

સારાંશ આ છે કે ઉપયોગ વિનાનો મુનિ સર્વે પ્રાણોનો, સર્વે ભૂતોનો સર્વે જીવોનો અને સર્વે સત્ત્વોનો મારનારો હોય છે. તે આ પ્રમાણે માનસિક જીવનમાંથી જ્યારે સરંભ સમારંભ અને આરંભનો ત્યાગ નથી કરાતો ત્યારે તે સાધકની કાયા

પણ 'સાતાગારવ' તરફ પ્રસ્થાન કરે છે એટલે શરીરની સુખાકારીને પોષનાર તે મુનિની બધી ક્રિયાઓમાં આલસ પ્રમાદ અને બેદરકારી હોય છે. પરઠવવા માટેનું પાણી, માત્રું (લઘુશંકા), પાત્રાં ધોયા પછીનું પાણી, કફ, થૂંક વગેરેને એવી રીતે પરઠવશે, જેનાથી પૃથ્વીકાયાદિક જીવોનું હનન થાય ઉપરથી પાણી માત્રું તથા બીજા સ્નિગ્ધ અને ક્ષારવાળા સાબુના પાણીને નીચે ફેંકનાર મુનિ ભાવદયા વિનાનો માટે જ ઉપયોગ રહિત હોવાથી નીચે ફેંકતા પાણીથી પૃથ્વીકાયને હણશે. ત્યાં રહેલા કીડી–મંકોડા વગેરે ત્રસ જીવોને પણ મારશે અને ફેંકતા પાણી વડે માખી–મચ્છર વગેરે જીવોને મારશે.

અપૂકાય અને અગ્નિકાયના જીવો પ્રત્યે ઉપયોગ રહિત મુનિ તેમના આરંભ પ્રત્યે પણ બેધ્યાન વિનાનો હોય છે. શરીરનો સુખાકારી અણગાર ઠંડી હવા માટેનો ખાસ આગ્રહ રાખશે, અને સરસ, પુષ્ટિકારક, વીર્યવર્ધક, ફળ આદિ વનસ્પતિના આરંભમાં પણ સક્રિય રહેશે.

મુનિવેષને ધર્યા પછી તે મુનિને સ્વાધ્યાય બળ, તપ–ચર્યાબળ અને ગુરૂકુલવાસ પ્રત્યે આગ્રહ રાખવો જોઈતો હતો. પણ આશ્રવના માલિકનું સ્વાધ્યાય બળ હંમેશા કમજોર હોય છે. તપશ્ચર્યાબળ પણ શિથિલ હોય છે. અને ગુરૂકુલવાસ તો તેમને માફક પણ આવે તેમ નથી.

કારણ કે ઉપરના ત્રણે માર્ગો સંવર ધર્મવાલાનેજ અનુકુલ હોય છે.

આ પછી પ્રમત્ત અને અપ્રમત્ત સંયતના સમય સંબંધી કહે છે કે—પ્રમત્ત સંયમને પાળતા પ્રમત્ત સંયમીનો બધો મળીને પ્રમત્ત સંયમ-કાળ એક જીવને આશ્રી જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે દેશોનપૂર્વકોટિ; અને અનેક જીવોને આશ્રી સર્વકાળ પ્રમત્ત સમયકાળ છે.

આવી રીતે અપ્રમત્ત સંયમને પાળતા અપ્રમત્ત-સંયમીનો બધો સમય મળીને અપ્રમત્ત સંયમકાળ એક જીવને આશ્રીને જઘન્યે અંતમુહૂર્ત અને ઉત્કૃષ્ટે દેશોનપૂર્વકોટિ, અને અનેક જાતના જીવોને આશ્રીને સર્વકાળ અપ્રમત્ત સંયમ કાળ છે, 卐[૪૪]

કર્મોની દુર્ભેદ્ય ગ્રન્થિ

卐[૪૪] બંધાયેલા કર્મો અને પ્રતિક્ષણે બંધાતા કર્મોના કારણે અનંતશક્તિના માલિક એવા આત્માની અવસ્થા એટલી બધી કમજોર થઈ જાય છે કે જેને લઈને તે પોતાનું સ્વરૂપ પણ જાણી શકતો નથી. અને એક ગતિમાંથી બીજી ગતિમાં રખડયા કરે છે. વિવેક રહિત, માટે જ ભાન વિનાનો આત્મા બોલવામાં ચાલવામાં, ખાવામાં તથા ઉઠવા બેસવામાં ઘણા જીવો સાથે મોહ માયાની ચેષ્ટાઓ કર્યા કરે છે, જેને લઈને અત્યન્ત મલીન તથા ક્લિષ્ટ બનેલી રાગદ્વેષની દુર્ભેદ્ય ગ્રન્થિને તોડવામાં સમર્થ બનતો નથી.

એક ગામથી બીજા ગામ જવા માટે ત્રણ માણસો ઘેરથી નીકળ્યા. પણ બહાર ગામ જતા જ જંગલ, ઝાડી, નદી નાળા વગેરેને જોયા પછી એક ભાઇ તો 'હું લુંટાઈ જઈશ તો! આવો ભય ઉત્પન્ન થતાં જ બંને મિત્રોનો સાથ છોડીને

પાછો ઘેર ભેગો થઈ ગયો. જ્યારે બીજા માણસે થોડી હિંમત કરી આગળ વધ્યો તો ખરો. પણ સામેથી જ્યારે ચોર–લુંટારા આવતા જોયા. ત્યાં જ આ ભાઇ એટલા બધા ડરી ગયા કે જેને લઇને યદ્યપિ ત્રીજાએ ઘણી હિંમત આપી તો એ માની નહીં અને મૂઠીયો વાલીને પાછા ઘર ભેગા થઇ ગયા જ્યારે ત્રીજા ભાઇ ઘણીજ હિંમત કરીને ચોર–લુંટારા સાથે લડયા અને તેમને ભગાડીને પોતાના લક્ષ્યસ્થાને પહોંચી ગયા છે. આજ પ્રમાણે જ્ઞાન–ધ્યાન–તપ–જપ તથા સંયમ આદિ શસ્ત્રોને ધારણ કરીને ત્રણ સાધકો મુક્તિ (મોક્ષ) નગરનું લક્ષ્ય કરીને મિથ્યાત્વ નામના પોતાના ઘેરથી નીકળ્યા છે. પણ મોહ માયાના ગાઢ સંસ્કારોને લઈને પોતાના માતા–પિતા સ્ત્રી–પુત્રાદિના આક્રન્દન ભર્યા શબ્દો તથા તેમની લલચાવનારી માયાને જોઈને એક ભાઈ એટલા બધા ઢીલા થઇ ગયા કે જેને લઈને પોતે પોતાના મનમાં એવું નક્કી કર્યું કે 'સંયમ માર્ગે જવું ઘણું જ કઠણ છે આપણું આ કામ નથી. મોહકાયા છુટી શકે તેમ નથી." એમ સમજીને પોતાનું લક્ષ્ય ચૂકયાં. અને અનંત માયામાં પાછા ફસાઈ ગયા. બીજા નંબરના સાધકે મોહમાયા તરફ જોયા વિના રાગદ્વેષના પરિણામોને દબાવી લીધા. જેને લઈને ઘડીભરને માટે પોતાના આત્માનું અસલી સ્વરુપ તથા ઈશ્વરનું અનંત તેજ જોવા માટેની સમર્થતા પ્રાપ્ત કરવાની શકયતા ઉભી કરી છે. પણ હજી ભયંકરમાં ભયંકર કર્મોની બનેલી ગ્રન્થિને તોડવા માટે સમર્થ થતો નથી.

જ્યાં અવ્યાબાધ સુખ છે તે મોક્ષના સ્થાને પહોંચવા માટે જૈન શાસને ૧૪ ગુણઠાઓની યથાર્થ વર્ણના કરી છે એટલે કે મેડા ઉપર ચઢવા માટે જેમ પગથીયા ઉપર ચઢવુ અનિવાર્ય

છે તેમ મોક્ષ મેળવવાં માટે એક પછી એક ગુણસ્થાનરૂપી પગથીઆ પાર કરીને પોતાનું ધ્યેય સિદ્ધ કરવાનું રહે છે.

૧–૨–૩ ગુણસ્થાનકનો આત્મા યદ્યપિ સંસારવર્તી અનંતાનંત આત્માઓ કરતા શ્રેષ્ઠ હોય છે, કુંઈક હિંમત ધરાવતો હોય છે પણ ચોથુ ગુણસ્થાનક જે મોક્ષનું દ્વાર છે ત્યાં આવવા માટે જ્યાં સુધી આ આત્મા પુરૂષાર્થ પ્રગટ કરે નહી ત્યાં સુધી મોક્ષ મહેલમાં પહોંચવા માટે 'સમ્યગદર્શન' નામનું દ્વાર મેળવી શકે તેમ નથી. માટે તે ત્રણે સાધકોમાંથી પહેલો સાધક દ્વાર ઉપર આવ્યા વિનાજ પાછો ફરી ગયો. અને અસંખ્યાત ભવો સુધી પ્રાયઃ કરીને તે સ્થાનને ન મેળવી શકે તેવી પોતાની સ્થિતિ ઉભી કરી છે જ્યારે બીજો સાધક મોક્ષના દ્વાર પાસે આવી તો ગયો છે પણ ક્રોધ કષાયની તીવ્રતા વિષય વાસનાની પ્રબળ માયા અને સગા સ્નેહીઓની પ્રપંચ જાલને લઈને રાગ દ્વેષની ગાંઠ તોડવા જેટલી તાકાત નહી હોવાથી પાછા ફરીને પોતાના મિથ્યાત્વ નામના ઘેર પહોંચી ગયા.

ત્રીજો સાધક પોતાની આત્મશક્તિ વડે ક્રોધ નામના ચોરને કામદેવ નામના ડાકુને થોડી વારને માટે પરાસ્ત કરીને સમ્યગ્ દર્શન મેળવ્યું છે જે ચોથું ગુણસ્થાનક કહેવાય છે, જ્યાં આત્માને ઘણોજ આનંદ આવે છે. જેમ ભૂખ્યા માણસને ખાવાનુ મળતા' તરસ્યાને ઠંડુ પાણી મળતા આનન્દ આવે તેમ મોક્ષના દ્વાર ઉપર ઉભેલા માણસને પણ આનંદ આવે છે.

માનસિક વિચિત્રતા

આ આનન્દમાં ને આનન્દમાં મને ફરીથી આ સંસારની

માયા સતાવે નહી અને વધારે હેરાન કરે નહી, તે માટે ન્યાય નીતિ થોડીક તપશ્ચર્યા અને કામ–ક્રોધને રોકવા માટે થોડા વ્રતો તથા મિથ્યાત્વથી દૂર રહેવા માટે વીતરાગ પરમાત્માનું દર્શન–પૂજન ધ્યાન કરે છે અને આ પ્રમાણે પાંચમું ગુણ સ્થાનક મેળવીને ત્યાંજ ઘણો કાળ વ્યતીત કરે છે. કોઈક સમયે સંસારની માયાનું નાટક દેખાય છે, તો બીજા ક્ષણે વૈરાગ્યની લહેર આવતાં ભગવાનનાં ભજનમાં મસ્ત બને છે. એક દિવસ ખાદ્ય સામગ્રીને પોતાના પુત્ર પુત્રીઓ સાથે બેસીને સ્વાદપૂર્વક ખાય છે તો બીજા દિવસે ખાનપાન છોડીને ભગવાનની માળા ગણે છે. કોઈક સમયે સંસારના રંગરાગ ભોગવવા માટેની ભાવના જાગતા તેમાં લપટાઈ જાય છે તો બીજા સમયે 'અરે આ મેં શું કર્યું' એમ વિચારતાં જ પૌષધ લઈને ગુરુના ચરણોમાં બીજી રાત પૂરી કરે છે. આમ કોઈક દિવસ સંસારની માયા તો બીજા દિવસે વૈરાગ્યની માયામાં પ્રયાણ કરતો તે ભાગ્યશાલી સમય પાકતાં અને વૈરાગ્ય તથા જ્ઞાનના અભ્યાસ દ્વારા ભેગી કરેલી આત્મશક્તિથી સંસારનો ત્યાગ કરે છે અને મુનિધર્મ–મૌનધર્મ–સમિતિ–ગુપ્તિ ધર્મ પાળવા માટે હિંસાનો સંપૂર્ણ ત્યાગ કરીને સંયમ ધર્મ સ્વીકારે છે. ત્યારે જૈનશાસન આ સ્થાનને છઠું ગુણસ્થાનક કહે છે.

અર્થાત્ મોક્ષમાં જવા માટે આ ભાગ્યશાલી છઠ્ઠા પગથીએ ચઢી ગયો છે, ત્યાં ગુરુના ચરણોમાં રહે છે. સ્વાધ્યાયની શક્તિને વધારે છે. તપશ્ચર્યા ધર્મને ઉત્કૃષ્ટ ધર્મ સમજીને કર્મરાજાના સૈનિકો સાથે રણમેદાન રમે છે.પણ આપણે સૌ કોઈ સમજીએ છીએ કે રણમેદાનમાં કોઈક સમયે આપણી સેનાનો વિજય થાય છે તો બીજા સમયે શત્રુ રાજાની સેનાનો

વિજય થાય છે. આવી રીતે આ જીવાત્મા અનાદિકાળથી મોહરાજાના સૈનિકોથી ઘેરાયેલો છે જ્યારે વૈરાગ્ય રાજાની છાવણી તો આ ભવે જ જોઈ શકયો છે, માટે કોઇક સમયે મોહરાજાના સૈનિકોનો હુમલો જોરદાર થતાં જ આ ભાગ્ય-શાળી સાધકને સંસાર પાછો યાદ આવે છે. ભોગવેલા ભોગો અને ઉપભોગો યાદ આવે છે. સગા સ્નેહીઓની યાદ સતાવે છે અને પાછો તેમના સાથે ધર્મના નામે 'રાગ' વધારે છે પ્રારંભમાં તેમની સાથે કલાક બે કલાક ગપ્પા મારવાનું થાય છે અને ત્યાર પછી ગુરૂજીને પૂછયા વિના કપડા-કામલી-પાત્રા તથા તરપણી વગેરે ત્યાં એટલે સગા-હાલા તથા પોતાના ભકતોને ત્યાં મૂકાય છે અને આ પ્રમાણે ભાડુતીરૂપે પગપેસારો કરેલી તે માયા રૂપાન્તરે પણ વધવા લાગે છે અને છેવટે વધી ગયેલી તે માયાને ધર્મનો રંગ આપીને પ્રશસ્ત પ્રકારમાં તેને ખપાવવાં માટે વ્યાખ્યાનોનો રંગ પણ અદ્દવવો પડે છે. માટે આ ગુણઠાણાને પક્ષપાત વિનાના જૈન શાસને 'પ્રમત્ત ગુણસ્થાનક' તરીકે સંબોધ્યું છે પ્રમત એટલે પ્રમાદ "प्रमाद्यते मोहवशी क्रियते आत्माऽनेनेति प्रमादः તેના આઠ ભેદ છે તે આ પ્રમાણે અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષ, મતિભ્રંશ (વિસ્મૃતિ), ધર્મે અનાદર, યોગદુષ્પ્રણિધાન.

અજ્ઞાન એટલે જ્ઞાનનો સર્વથા અભાવરૂપ અર્થ જૈન શાસનને માન્ય નથી, પણ ' कुत्सितज्ञानमज्ञानम् મિથ્યાદૃષ્ટેઃ જ્ઞાનમિત્યર્થ' આ અજ્ઞાન પણ ત્રણ પ્રકારે છે મતિ-અજ્ઞાન, શ્રુતાજ્ઞાન અને વિંભગજ્ઞાન.

જ્ઞાનદાન માણસ પણ નીચ માણસની સંગાતે નીચ ગણાય છે. તેમ મિથ્યાત્વના રંગથી રંગાયેલું જ્ઞાન પણ

અજ્ઞાનજ ગણાય છે. આના કારણે માણસ અજ્ઞાનના નાશમાં રચ્યો મચ્યો રહે છે સંશય પણ પ્રમાદ છે કેમકે સત્ય પદાર્થના નિર્ણયમાં તેને કદી પણ ઉત્સાહ આવતો નથી.

મિથ્યાજ્ઞાન–એટલે કે હિંસક, ગૃહસ્થ, તથા સ્વાર્થી માણસોના બનાવેલા શાસ્ત્રોને જ પ્રમાણ માનીને તે ચાલતો હોય છે. ફળ સ્વરૂપે હિંસક કર્મોને અહિંસા ધર્મ માને છે. આ પ્રમાણે મિથ્યા બુદ્ધિના ભ્રમણાના પાશમા જ જીવન પૂરૂ થાય છે.

રાગ–તથા દ્વેષનાં અતિરેકમાં આત્મા સર્વથા બેભાન બનીને અજ્ઞાનીની માફક ચેષ્ટાઓ કરે છે, જે પ્રત્યક્ષ છે.

મતિભ્રંશ–અખાદ્ય પદાર્થોને ખાવાથી તથા વધારે પડતાં કામ અને ક્રોધના સહવાસથી મંતિભ્રશ થયેલો માણસ પ્રમાદીજ હોય છે.

ધર્મે અનાદર–શુદ્ધ, સાત્વિક, અહિંસાદિ ધર્મો પ્રત્યે અને તેના અનુષ્ઠાનો પ્રત્યે માણસ બેધ્યાન રહે છે. તેથી આ અવસ્થા જ પ્રમાદ છે.

મન–વચન તથા કાયાના સંચાલનમાં હિંસા તથા અહિંસાનો ખ્યાલ રાખ્યા વિના દુષ્પ્રણિધાન એટલે ગંદા વિચારોમાં, ગંદી ભાષામાં અને ગંદા કાર્યોમાં મન—વચન–કાયાને જોડવા તે પણ આત્માનો પ્રમાદજ છે.

એ પ્રમાણે તારતમ્યભાવે પ્રમાદને સેવતો, મોક્ષનો સાધક મુનિ પણ પ્રમત્ત સંયમી કહેવાય છે.

જ્યારે જ્ઞાન અને વૈરાગ્ય ભાવથી દીક્ષિત થયેલા મુનિ દીક્ષા લેતા જ આટલો નિર્ણય કરે કે સંસાર દુઃખોથી ભરેલો

છેવટે લવણસમુદ્રમાં ચૌદશ, આઠમ, અમાવાસ્યા ને પૂનમ–એ દિવસોએ ભરતી–ઓટ કેમ થાય છે, તે સંબંધી જીવાભિગમ સૂત્રોમાંથી જાણી લેવાનું જણાવ્યું છે.卐૪૫

છે. માટે મોક્ષ મેળવવા માટે જ હું જ્યારે મારા ભાવથી દીક્ષા સ્વીકારું છું. તો ગમે તેવા ઉપસર્ગો આવે પરિષહો આવે તથા ગુરૂદ્વારા સારણા–વારણા–ચોયણા–પડિચોયણા થાય તોએ મારે ગુરૂકુલવાસ છોડવો નથી. તેમજ મારે સ્વાધ્યાય પણ છોડવો નથી. તપ કર્મ પણ છોડવું નથી. અને મારા પોતાના સંપૂર્ણ સ્વાર્થને છોડીને ગુરૂદેવના સ્વાર્થમાંજ મારો સમર્પણ ભાવ કરીશ તો આ મુનિ આગળ વધી શકશે અને અન્તર્મુહૂર્તની મર્યાદાવાલુ સાતમું ગુણસ્થાનક પ્રાપ્ત કરવા સમર્થ બનશે. આમ છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકમાં રમણ કરતો સાધક સાધન મલ્યે આગળ વધીને ૮–૯–૧૦–૧૧–૧૨મું ગુણસ્થાનક મેળવવા માટે ભાગ્યશાલી બનશે. આ પ્રશ્નોત્તરમાં તો કેવળ પ્રમત્તસંયમ અને અપ્રમત્ત સંયમનો સમય જ બતાવવામાં આવ્યો છે, જે સ્પષ્ટ છે.

卐૪૫. લવણ સમુદ્રમાં પ્રતિદિન બે ટાઈમ ભરતી આવે છે. ત્યારે સમુદ્રની જલ સપાટી ઘણીજ વધી જાય છે અને સમય વીત્યા પછી પોતાની મેળેજ આવેલી ભરતીમા પાછી ઓટ આવે છે અને સમુદ્ર પૂર્વવત્ થઈ જાય છે. આ અનુભવ સૌ કોઈને એક સરખોજ છે. પણ આ ભરતી શા કારણે આવે છે? તેનો જવાબ ભગવાન મહાવીરસ્વામી આપે છે કે જેમના મોહકર્મ નાશ પામ્યા નથી તે ચર્મચક્ષુના માલિકો જૂદી જૂદી કલ્પના ભલે કરતા હોય પણ કેવળજ્ઞાનના માલિકે

"करामलकबद्विश्वं....' ની માફક આખાએ સંસારને જ્ઞાનચક્ષુથી પ્રત્યક્ષ કરેલો હોય છે.

સંસાર તથા તેની માયા પણ એટલી બધી વિચિત્ર છે તથા અકલ્પનીય છે-જેનાથી સંસારના મોટા મોટા પંડિતોએ પણ વસ્તુની યથાર્થતાનો નિર્ણય કરવામાં થાપ ખાધી છે માટે જૈનાગમ જ પ્રમાણ છે. જેની યથાર્થતા માટે કોઈને પણ શંકા રહેતી નથી. સાતદ્વીપ અને સાત સમુદ્રમાં જ સંસારની સમાપ્તિ થઈ જાય છે. આવું અધુરૂં જ્ઞાન ગમે તેને થયું હોય તો પણ કેવળી ભગવાનના કેવળજ્ઞાનમાં તો અસંખ્ય દ્વીપ અને સમુદ્ર છે. સંસારના ઘણા ઘણા પદાર્થો સર્વથા પરોક્ષ જ હોય છે, તેથી વસ્તુની યથાર્થતા ઘટી જતી નથી. મતિ જ્ઞાનની દુર્બલતા-આંખ-ઈન્દ્રિયની કમજોરી તથા પરોક્ષ પદાર્થને ગ્રહણ કરવાની શક્તિનો અભાવ અને પોત પોતાના માનેલા ગ્રન્થો પ્રત્યે પૂર્વગ્રહ ઇત્યાદિ ઘણા કારણોને લઈને સંસારના ઘણા પદાર્થોનો નિર્ણય જૈનાગમના અભાવમાં થઈ શકે તેમ નથી.

आगम्यन्ते विविधपदार्थाः द्रव्यगुणपर्यायात्मकाः सत्यस्वरुपेण यत्र स आगमः" સંસારના સંપૂર્ણ જીવો તથા અજીવો અધોલોક-તિર્યક્લોક અને ઉર્ધ્વલોકમાં રહે છે. તેના સંબંધીનું વર્ણન આ પ્રમાણે છે.

એક બીજાથી સંબંધિત અસંખ્યાત દ્વીપ અને સમુદ્રોની બરાબર વચમાં જમ્બૂદ્વીપ છે. જે ગોળ નારંગીના આકારનો નથી. પણ થાલીના આકાર જેવો છે, તેની ચારે બાજુ બંગડીના આકારનો લવણ સમુદ્ર છે. તેની ચારે બાજુ બંગડીના આકાર જેવો ધાતકી ખંડ છે આમ બંગડીના આકારને ધારણ કરનારા

અનુક્રમે જમ્બૂદ્વીપ, લવણસમુદ્ર; ધાતકીખંડ, કાળોદધિસમુદ્ર, પુષ્કરદ્વીપ પુષ્કરવરસમુદ્ર વરૂણવરદ્વીપ, વરુણોદસમુદ્ર,– ક્ષીરવરદ્વીપ, ક્ષીરોદસમુદ્ર ઘૃતવરદ્વીપ; ઘૃતોદસમુદ્ર ઇક્ષુવરદ્વીપ ઇક્ષુવરોદસમુદ્ર, નન્દીશ્વરદ્વીપ નન્દીશ્વરસમુદ્ર, અરૂણવરદ્વીપ અરૂણવરસમુદ્ર એ પ્રમાણે ૨ા સાગરોપમના જેટલા સમય થાય તેટલી જ સંખ્યા પ્રમાણના દ્વીપ અને સમુદ્ર જાણવા.

છેલ્લામાં છેલ્લો સ્વયંભૂરમણસમુદ્ર છે. આ સમુદ્ર પછી પણ અલ્પ પ્રમાણમાં ચારે ખૂણે પૃથ્વી છે. પછી વાતવલી છે અને તિર્યક્‌લોક સમાપ્ત થાય છે.

આ દ્વીપ અને સમુદ્રની ચોડાઈ આગે ડબલ (દ્વિગુણિત) છે. જેમ જમ્બુદ્વીપ એક લાખ યોજનનો છે. લવણસમુદ્ર તેનાથી ડબલ એટલે બે લાખ યોજનનો છે. ધાતકીખંડ ચાર લાખ યોજનનો છે. આ પ્રમાણે ઠેઠ સ્વયંભૂરમણસમુદ્ર સુધી જાણવું

જમ્બૂદ્વીપ ચારે બાજુ લવણસમુદ્રથી ઘેરાયેલો છે અને લવણસમુદ્ર ધાતકીખંડ નામના દ્વીપથી ઘેરાયેલો છે.

આમ સૌના સ્થાન નિયત છે. લાખ યોજનવાલા જમ્બુદ્વીપ ની મર્યાદા પૂરી થતાંજ બે લાખ યોજનનો લવણ સમુદ્ર છે અને એની મર્યાદા પૂરી થતાંજ ચાર લાખ યોજનનો ધાતકી ખંડ છે. આમ ઠેઠ સુધી ઘટાવી લેવું.

એક યોજન ચાર કોશ (૮ માઈલ)નો હોય છે પણ આ માપ ઉત્સેધાંગુલથી જાણવું જ્યારે આનાથી પ્રમાણાંગુલ પાંચસો ગુણ વધારે હોય છે માટે પ્રસ્તુતમાં ૧ યોજનના ૨૦૦૦ કોશ સમજવાં.

જમ્બૂદ્વીપની બરાબર વચ્ચમાં મેરૂ પર્વત છે. તે ગોળ છે. લાખ યોજન પ્રમાણ ઊંચો છે. જેમાંથી એક હજાર યોજનનો ભાગ પૃથ્વીમાં છે. શેષ ૯૯૦૦૦ હજાર યોજન પૃથ્વી ઉપર છે. નીચેના ભાગને અધો લોક કહેવાય છે. જ્યાં સાત નરક પૃથ્વીઓ તથા ભવનપતિઓના આવાસો હોય છે. સમતલભૂમિમાં અસંખ્યદ્વીપ અને સમુદ્ર છે.

ઉર્ધ્વ ભાગે વૈમાનિક તથા જ્યોતિષ્ક દેવો છે. આ મેરુ પર્વત બાકીના મેરૂપર્વતો કરતાં મોટો છે. લાખ યોજન પ્રમાણ જમ્બુદ્વીપમાં ભરતક્ષેત્ર, હેમવંતક્ષેત્ર, હરિવર્ષક્ષેત્ર, મહાવિદેહક્ષેત્ર, રમ્યક્ષેત્ર, હિરણ્યક્ષેત્ર અને ઐરાવતક્ષેત્ર છે.

આ બધા ક્ષેત્રો ભરત ક્ષેત્રથી ઉત્તર તરફ છે અને તેમનો વિભકત કરનારા વર્ષધર પર્વતો છે. તે આ પ્રમાણે હિમવંત પર્વત મહાહિમવંત પર્વત, નિષધ પર્વત, નીલ પર્વત, રૂકિમ પર્વત, અને શિખરી પર્વત છે, લાખ યોજનવાલા જંબુદ્વીપમાં ઉપર પ્રમાણે સાત ક્ષેત્રો અને છ પર્વતો રહેલા છે. તે અનુક્રમે માપ સહિત આ પ્રમાણે જાણવાં.

ભરત ક્ષેત્ર ૫૨૬ યોજન ૬ કળા છે.
હિમવંત પર્વત ૧૦૫૨–૧૨ કળા છે.
હેમવંતક્ષેત્ર ૨૧૦૫–૫ કળા છે.
મહાહિમવંત પર્વત ૪૨૧૦–૧૦ કળા છે.
હરિક્ષેત્ર ૮૪૨૧–૧ કળા છે.
નિષધ પર્વત ૧૬૮૪૨–૨ કળા છે.
મહાવિદેહક્ષેત્ર ૩૩૬૮૪–૪ કળા છે.

નીલપર્વત ૧૬૮૪૨–૨ કળા છે.
રમ્યક્ષેત્ર ૮૪૨૧–૧ કળા છે.
રુકિમપર્વત ૪૨૧૦–૧૦ કળા છે.
હિરણ્યક્ષેત્ર ૨૧૦૫–૫ કળા છે.
શિખરી પર્વત ૧૦૫૨–૧૨ કળા છે.
ઐરાવતક્ષેત્ર ૫૨૬–૬ કળા છે.

અહીં એક યોજનનો ૧૯ મો ભાગ કરવો. તેમાંથી તેટલા ભાગ સમજવા જેમકે ભરતક્ષેત્ર ૫૨૬ યોજન છે. અને $\frac{6}{19}$ કળા છે એટલે ૧૯ ભાગમાંથી ૬ ભાગ લેવા. આ પ્રમાણે બધે સમજવું.

આ ભરતક્ષેત્રમાં પૂર્વથી પશ્ચિમ સુધીની લંબાઈ વાલો વૈતાઢ્યપર્વત છે. જેની દાઢાઓ લવણસમુદ્ર સુધી જાય છે. આ પર્વતને લઈને જ દક્ષિણાર્ધ ભરત અને ઉત્તરાર્ધ ભરત નામે બે વિભાગ પડે છે. તેમાં દક્ષિણાર્ધ ભરતમાં તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, બલદેવો અને નારદો જન્મ લે છે. અને ધર્મની પ્રવૃત્તિ થાય છે.

આ પ્રમાણે સંક્ષેપથી જાણ્યા પછી લવણસમુદ્રના ભરતી ઓટની વાત કરવાની રહે છે. કેમકેઃ–પ્રશ્નોનો વિષય જ આ સમુદ્ર છે.

આ સમુદ્રમાં ચાર મોટા પાતાલ કળશા છે અર્થાત્ કળાશાકારના પદાર્થો છે, એક એક પાતાલકળશ લાખ યોજનનો છે, બીજા પણ નાના નાના ઘણાં પાતાલ કળશો છે એ બંને જાતના પાતાળ કળશોમાં નીચેના ભાગે વાયુ છે.

ચચ્ચમાં વાયુ અને પાણી છે. અને ઉપરના ભાગમાં પાણી જ છે, જેમાં ઘણા વાયુઓ સ્પંદને છે કંપે છે ? અને વાયુના કારણે નાના મોટા ૭૮૪૨ પાતાલ કળશાઓનું પાણી ઉછલે છે. અને ઉછાલા મારતાં તે પાણીને જ ભરતી કહેવાય છે. આઠમ, ચતુર્દશી, અમાવાસ્યા અને પૂર્ણિમામાં ભરતી વધારે હોય છે. આ પ્રમાણે ભરતી તથા ઓટ આવે છે. અને સમુદ્ર પાછો પૂર્વવત્ થઈ જાય છે. આ બધી વાતો અનાદિકાળના આ સંસારની 'લોક સ્થિતિ' ના પરિણામે જ થાય છે.

સંસાર સંચાલનમાં કયાંય પણ ગડબડ નથી. કેમકે અરિહંતો તપસ્વીઓ, ત્યાગીઓ તથા સતીઓના પુણ્ય પ્રભાવે લોક સ્થિતિ આવા પ્રકારની નિયત છે. માટે સમુદ્રમાં ગમે તેટલી ભરતી આવે તો પણ સંસારને કંઈ પણ નુકશાન થતું નથી. આ પાતાલકળશાઓ લવણસમુદ્રમાં જ હોય છે, માટે ભરતી–ઓટ આ સમુદ્રને જ લાગુ પડે છે. જ્યારે બીજા સમુદ્રોમાં આ કળશાઓ ન હોવાના કારણે ત્યાં ભરતી–ઓટનો પ્રશ્ન જ રહેતો નથી. માટે જ તીર્થંકર દેવોનું 'સાગરવર ગંભીરા..'નું વિશેષણ સાર્થક છે. ગમે તેટલી નદીઓના પાણી આ સમુદ્રમાં ઠલવાઈ જાય તો પણ સમુદ્ર પોતાની મર્યાદાને છોડતો નથી.

તેમ તીર્થંકર દેવો પણ સાગરના જેવા ગંભીર એટલા માટે છે કે તેઓ શત્રુ અને મિત્ર, સુવર્ણ અને પત્થર, માન અને અપમાન આદિ દ્વન્દ્વોમાં એક સમાન જ હોય છે.

કમઠ નામના અધમદેવે પાર્શ્વનાથ ભગવાનને જીવલેણ ઉપસર્ગો કર્યા અને ધરણેન્દ્ર તથા પદ્માવતીએ પ્રભુને પૂજ્યા છે તો પણ ભગવાનની તો બંનેમાં સમદૃષ્ટિ છે.

ભાવિતમા અનગારની શક્તિ

આ પ્રકરણમાં ભાવિતાત્મા અનગાર દેવ તથા દેવનાં યાનને જૂએ કે કેમ ? વાયુકાયનું રૂપ, બલાહક–મેઘનું રૂપ, લેશ્યાનાં દ્રવ્યો, ભાવિતાત્માની વિકુર્વણા શકિત. માયી(પ્રમત્ત) અને અમાયીની વિકુર્વણા શકિત વગેરે સંબંધી પ્રશ્નોત્તરો છે. સાર આ છેઃ—

ભાવિતાત્મા અનગાર, એટલે કે સંયમ અને તપથી ભાવિત–એવા અનગાર, ઘણું કરીને અર્થાત્ આવા અણગારને અવધિજ્ઞાનાદિક લબ્ધિઓ હોય છે.

અનગાર વૈક્રિય સમદ્‌ઘાતથી સમવહત થયેલા અને યાનરુપે ગતિ કરતા દેવને કેવી રીતે જૂએ ? તે સંબંધી કહ્યું છે કે–કોઈ દેવને જૂએ, કોઈ યાનને જૂએ, કોઈ યાનને જૂએ પણ દેવને ન જૂએ, કોઇ દેવ અને યાન બન્નેને જૂએ,

---

કૌશિક ગોત્રવાલા ચંડકૌશિક સર્પે ભગવાન મહાવીર-સ્વામીના ચરણે ડંખ મારીને જીવઘાતક હુમલો કર્યો છે. અને કૌશિક ગોત્રના ઇન્દ્ર મહારાજાએ ભગવાનના ચરણોનું અભિવન્દન કર્યું છે તો એ દયાલુ દેવ બંનેના વિષયમાં રાગદ્વેષ વિનાના રહ્યા છે, તે કારણે જ ભગવાન, મહાવીરસ્વામી યોગી ઓના પણ નાથ છે.

રાખ ચોલવી, કાન ફાડવાં, ચીપીઆ કે પંચાગ્નિ સાધવી વગેરે યોગના લક્ષણ નથી. પણ સુખ દુઃખ આદિ દ્વન્દ્વોમાં સમાન રહેવું તે યોગી કહેવાય છે, અને તેવા મહાવીર હતા.

આ પ્રમાણે પ્રસ્તુત પ્રશ્નને સમાપ્ત કરીએ તે પહેલા રાગદ્વેષથી ભરેલા, મોહ માયાથી ખરડાયેલા, વિષયવાસનાની

અને કોઈ દેવ અને યાન-એમાંથી કોઇને ન જૂએ.

આવી જ રીતે દેવી સંબંધી, દેવીવાળા દેવ સંબંધી, ઝાડની અંદરનો ભાગ ને બહારનો ભાગ જોવા સંબંધી, વૃક્ષનું ફળ અને બીજ વગેરે સંબંધી પણ જાણી લેવું. ઉપરના ચારે ભાંગા બધેય લાગુ પડે. 卐[૪૬]

જવાલાઓથી દગ્ધ થએલા, માનરૂપી અજગરથી ડંખાયેલા, માયારૂપી નાગણથી બેચેન બનેલા અને લોભરૂપી રાક્ષસથી ચવાયેલા આપણા જીવનમાં પણ પાતાલકળશાની કલ્પના કરવી, જે આશા-તૃષ્ણા આદિ વાયુ વડે ભરેલા છે અને પ્રતિક્ષણે કષાયો અને કષાયોનું વાતાવરણ આપણા જીવનમાં અશુદ્ધ અને અશુભ માનસિક વિચારધારાઓની ભરતી વધારતુ જ રહે છે.

સમુદ્રની ભરતી આવ્યે નુકશાન થાય અથવા ન પણ થાય. પણ આપણા જીવનના પાતાલ કળશાઓ જો તોફાને *ચઢ્યાં તો ભયંકરમાં ભયંકર નુકશાન કર્યા વિના રહેતાં* જ નથી.

"पातालकलशा यत्र भृतास्तृष्णामहानिलैः ।
कषायाश्वितसंकल्प-वेलावृद्धि वितन्यते ॥"

卐૪૬. અવધિજ્ઞાનાદિક લબ્ધિઓની પ્રાપ્તિ ભાવિતાત્મા અણગારને જ થાય છે. "न विद्यतेऽगार-गृहं यस्य स अनगार" 'गृहिणी गृहमुच्यते અર્થાત્ ધર્મપત્ની (સ્ત્રી)ના પરિગ્રહમાં સંસારભરના પરિગ્રહને આવવાનું સરળ બને છે.

માટે પરિગ્રહી હોય તે ગૃહસ્થ હોય છે પણ અણગાર હોઈ શકે નહી સંયમતપોભ્યાં ભાવિતઃ સ્થિરીકૃત આત્મા યેન સ ભાવિતાત્મા' આવો સંયમી પોતાના અવધિજ્ઞાન વડે પદાર્થોને ગ્રહણ કરે છે. એ જ્ઞાનની વિચિત્રતાને લઇને કોઇક સમયે વિમાનમાં બેઠેલા દેવને જૂએ છે. બીજા સમયે એકલા વિમાનને જ જૂએ છે. કોઇક સમયે બંનેને જૂએ અને બીજા સમયે કોઈને પણ જોતો નથી. આવી જ રીતે કોઈક સમયે ઝાડના મૂળને જૂએ છે. કોઈક સમયે શાખાઓને જૂએ છે, કોઈક સમયે ઝાડની છાલને, પુષ્પને, પત્રને તથા ફળને જૂએ છે. કેમકે અવધિજ્ઞાનના તારતમ્યથી પદાર્થોના જ્ઞાનમાં પણ તારતમ્ય આવે છે.

અહિંસા સંયમ અને તપનું સ્પષ્ટી કરણ

જે ભાવિતાત્મા અહિંસા–સંયમ અને તપનો આરાધક છે. તે જ લબ્ધિઓ મેળવી શકે છે.

તપશ્ચર્યાની આરાધના અને તેનાં રૂડાં ફળો તેમજ અહિંસાધર્મની આરાધના એટલે વૈર અને વિરોધની નિવૃત્તિની સફળતા કોને આભારી છે? તે જરા જોઈ લઈએ.

અહિંસા એટલે કે કોઈ પણ જીવને ક્રોધ–માન–માયા અને લોભમાં આવીને મન–વચન તથા કાયાથી મારવો નહીં, મરાવવો નહીં અને મારનારને અનુમોદવો નહીં તે અહિંસા છે.

"रागादीनामुत्पत्तिरेव हिंसा" બાહ્ય નિમિત્તોને લઇને આત્મામાં રાગ–દ્વેષની ઉત્પત્તિ થવી તે હિંસા છે. એટલે તે રાગદ્વેષની ઉત્પત્તિને જ રોકી દેવી તે અહિંસા છે.

શરીરનાં રસ–લોહી માંસ–હાડકાં, મજ્જા, અને શુક્રાદિ ધાતુઓને તપશ્ચર્યારૂપી ભઠ્ઠીમાં ખૂબ તપાવ્યા પછી તેમાં રહેલા તામસિક અને રાજસવૃત્તિના પરમાણુઓને બાલી નાખે તે તપશ્ચર્યા કહેવાય છે. દેહને શુદ્ધ કરે, મનને પવિત્ર બનાવે અને સંપૂર્ણ જીવરાશિ સાથે મૈત્રીભાવ સધાવે તે તપશ્ચર્યા છે. ભોગવેલા ભોગો તથા ઉપભોગોમાં પાપકર્મની ભાવના કરાવીને તથા શુધ્ધ ભાવે પ્રાયશ્ચિત કરાવીને સમિતિ ગુપ્તિરૂપ યોગમાર્ગમાં જોડાવી આપે તે તપશ્ચર્યા છે.

હિંસાનુબંધી-મૃષાનુબંધી–મૈથુનાનુબંધી આદિ વિચારોને સ્વપ્નમાંય પણ આવવા દે નહી તે તપશ્ચર્યા છે.

આવા પવિત્રતમ અહિંસાધર્મ તથા તપોધર્મને પ્રાપ્ત કરાવે, અને પ્રાપ્ત થયેલાને ટકાવી રાખે તે સંયમધર્મ કહેવાય છે.

તેનો સરળાર્થ આ છે કેઃ–સંયમ ધર્મની પ્રાપ્તિ વિના અહિંસા તત્ત્વ, તથા તપોધર્મતત્ત્વ પણ પ્રાપ્ત થઈ શકે તેમ નથી. કદાચ થાય તો પણ અહિંસા તથા તપમાં શુદ્ધિ આવે તેમ નથી. સંયમની આરાધનામાં જેટલા અંશે રાગ–દ્વેષ અને સ્વાર્થ ભાવ હશે. તેટલા અંશે અહિંસક અને તપસ્વી પણ રાગદ્વેષથી યુક્ત બનીને સ્વાર્થાન્ધ–મોહાન્ધ અને ક્રોધાન્ધ બનશે. સ્વાર્થાન્ધ માણસ હજારો લાખો માણસો સાથે શઠતાપૂર્વકનું વાતાવરણ કેળવશે માટે તે હિંસક છે. મોહાન્ધ માણસ વિનય અને વિવેક વિનાનો થતાં માનવ-સમાજને પણ વિનય અને વિવેક વિનાનો કરશે. અને ક્રોધાન્ધ માણસનો બાહ્ય વૈરાગ્ય ઘણા જીવોને વૈર–ઝેરના રસ્તે લઈ જશે.

માટે જ સંયમ વિના અહિંસા નથી, તપોધર્મ નથી. સંયમ વિનાનો ગમે તેવો પણ અહિંસક, પોતાની આન્તર

વૃત્તિમાં લુબ્ધો, વક્ર અને પરદ્રોહી બનશે. તેમજ સંયમ વિનાનો તપોધર્મી પણ આન્તર જીવનમાં ખાવાપીવાની વસ્તુઓનો લાલચુ હોવાના કારણે તેની આભ્યન્તર વૃત્તિઓ ગુપ્તરીતે ભોગ માર્ગ તરફ જ વળશે. માટે તે સાધકની અહિંસા પણ અશક્ત જ રહેવાની અને તપોધર્મ પણ આધિ–વ્યાધિ તથા ઉપાધિને આમંત્રણ આપનારો થશે.

સંયમની વિશાળ સમજુતિ

સંયમ વિનાનો માનવ ષટ્કાય જીવોની રક્ષામાં બેદરકાર હોવાથી હિંસક છે. તેમાં પણ જીવોની રક્ષામાં બે ધ્યાન રહેવું તે દ્રવ્ય હિંસા છે અને અસંયમી જીવન સ્વતઃ ભાવ હિંસા જ છે. સંયમ વિનાનો માનવ મન ગમતા શબ્દોમાં, રસોમાં, રૂપ જોવામાં, સુન્દર ગન્ધોમાં અને સ્પર્શમાં આસક્ત હોવાથી તે ભોગી છે પણ ભાવ સંયમી નથી.

સંયમ વિનાનો માનવ આન્તર જીવનમાં મનદંડ, વચનદંડ અને કાયદંડનો માલિક છે. તેથી ત્રણે દંડોથી તેનું માનસિક, વાચિક અને કાયિક જીવન પણ હિંસક રહેશે. માટે જ મન વચન અને કાયાના દંડોનો નિગ્રહ કરવા અર્થે એટલે કે મનગુપ્તિ વડે મનદંડને કાબૂમાં લેવો, વચન-ગુપ્તિ અને ભાષાસમિતિ વડે વચનદંડને કબજામાં લેવો અને કાયગુપ્તિ તથા ઈર્યાસમિતિ દ્વારા કાયદંડનો નિગ્રહ કરવો તે સંયમ છે.

ઈર્યાસમિતિ, ભાષાસમિતિ, એષણાસમિતિ, આદાનનિક્ષેપ સમિતિ તથા ઉત્સર્ગસમિતિ આ પ્રમાણે પાંચ સમિતિ

અને ત્રણ ગુપ્તિમાં પ્રવૃત્તિ કરનાર ને એકેન્દ્રિયાદિ પ્રાણીઓની પીડાના પરિહાર રૂપ સંયમ છે. આ જ વાતને દશવૈકાલિક સૂત્રના દશમા અધ્યયનની ૧૫મી ગાથાથી વિચારી લઈએ.

હત્થસંજએ, પાયસંજએ, વાયસંજએ, સંજઇન્દ્રિએ—

અર્થાત્ હાથ, પગ, વાણી અને ઈન્દ્રિયોને કંટ્રોલ કરવી તે સંયમ છે. અને આવો સંયમી જ અહિંસક અને તપસ્વી હોય છે. હાથનો સંયમ એટલે કે, હાથને સંયમિત કરવો.

અનાદિ કાળની કુટેવોને લઈને બીજાને મારવાના કે ધમકાવવાના અધ્યવસાયથી મૂઠી વાલીને હાથ ઉગામે છે. બરાબચેષ્ટા માટે આંગલીઓથી ઈશારા કરે છે. બીજાને ડરાવવા માટે તર્જની આંગલીનો ઉપયોગ કરે છે. ખોટા તોલ–માપ–હિસાબના ચોપડા ખોટા લેખ તથા ખોટી સહી કરવામાં હિંસક ભાવે જ હાથનો ઉપયોગ થાય છે. આવા પ્રકારના કારણોમાં ખોટી આદતોને દૂર કરવી તે હત્થસંયમ કહેવાય છે.

પાયસંયમ—જે સ્થાન પર આશ્રવ દ્વાર સેવાય અને જેનાથી પોતાના ગુરુનો, વીતરાગદેવનો, જૈનધર્મનો અને છેવટે પોતાના ચારિત્રનો દ્રોહ થાય છે. તેવાં સ્થાનમાં; તેવાં કાર્યોમાં પગનો ઉપયોગ કરવો નહીં. ઇર્યાસમિતિનું તાત્પર્ય પણ એટલું જ છે કે સંયમની આરાધના માટે એક આસન ઉપર જ બેસવા માટેનો અભ્યાસ કરવો અને ગુરુની આજ્ઞાથી જ ગમનાગમન કરવું તે પાદસંયમ છે.

વાક્સંયમ–એટલે કે જીભ ગમે તેમ બોલવા માટે નથી તેમ જે તે બોલવા માટે પણ નથી. કેમકે:–ધર્મવિરૂદ્ધ અને

હવે વાયુકાય, એક મોટી પતાકાના આકાર જેવું રૂપ વિકુર્વે છે. અને તેમ કરીને અનેક યોજનો સુધી ગતિ કરવાને તે શક્ત છે. આ વાયુકાય તે આત્મઋદ્ધિથી ગતિ કરે છે, પણ પવનની ઋદ્ધિથી–શક્તિથી ગમન કરતો નથી. જેમ આત્મઋદ્ધિથી ગમન કરે છે. તેમ આત્મકર્મથી અને આત્મ પ્રયોગથી પણ ગતિ કરે છે. આ વાયુકાય ઊંચી પતાકા કે પડી ગયેલી પતાકા–બન્ને પ્રકારે રૂપ કરે છે. આ પતાકા

ગુરુઆજ્ઞાની મર્યાદા ઉલંઘીને કંઇ પણ બોલવું અને ગમે તે ખાવું તે અસંયમ છે.

અનાદિકાળની કુવાસનાને લઇને જ ગમે તે બોલવાની અને ગમે તેની સાથે બોલવાની આદત પડેલી હોય છે. તેને કાબૂમાં લેવા માટે પુરુષાર્થ કરવો તે વાક્‌સંયમ છે.

જ્યાં સંયમ છે ત્યાં સંવર છે. જ્યાં સંવર છે, ત્યાં આશ્રવ માર્ગ બંધ થવાથી કર્મબંધન પણ નથી અને જ્યાં આવતાં કર્મોને રોકી લીધા ત્યાં જૂના કર્મોની નિર્જરા થતાં વાર લાગતી નથી અને જ્યાં નિર્જરા છે ત્યાં અવશ્ય મોક્ષ છે અને મોક્ષમાં અવ્યા બાધ અનંત સુખ જ છે.

ઇન્દ્રિયસંયમ એટલે કે પાંચ જ્ઞાનેન્દ્રિયોને, ઉપસ્થ (પુરૂષચિન્હ તથા સ્ત્રી ચિન્હ) તથા ગુદાસ્થાનને અસંયમના રસ્તે જતાં જ્ઞાન વૈરાગ્યથી રોકી લેવા તે ઈન્દ્રિય સંયમ છે.

અનંત ભવોની ભ્રમણામાં ઇન્દ્રિય સંયમ સર્વથા દુઃસ્ત્યાજ્ય રહ્યો છે. કેમકેઃ–પ્રત્યેક ભવમાં આ આત્માએ સંસાર માંડયો છે, શણગાર્યો છે, ભોગવ્યો છે અને પાંચે

એક જ દિશામાં હોય છે, એવું રૂપ કરીને ગતિ કરે છે. આ વાયુકાય પતાકા નથી. પણ એનું રૂપ એવું બને છે.

આવી જ રીતે બલાહક—એટલે મેઘના સંબંધમાં પણ છે કે—મેઘ એક મોટું સ્ત્રીરૂપ કરીને અનેક યોજનો સુધી જઇ શકે છે. આમ મેઘો આત્મઋદ્ધિથી ગતિ કરતા નથી. પણ પરઋદ્ધિથી–શકિતથી ગતિ કરે છે, આ મેઘ–બલાહક

ઈન્દ્રિયોના ૨૩ વિષયોમાં પૂર્ણ રૂપે આસક્ત બન્યો છે. માટે પહેલાના ભવોની કુવાસના તથા કુચેષ્ટારૂપી અસંયમના સંસ્કારો આ ભવમાં પણ ઉદયમાં આવ્યા વિના રહેતા નથી અને ઉદયમાં આવેલા અથવા ઉદીરણા કરીને ઉદયમાં લાવેલા ઈન્દ્રિયોના અસંયમને જ્ઞાનરૂપી લગામથી વશમાં લાવી શકાય છે.

શાસ્ત્રોમાં શરીરને રથની ઉપમા આપી છે. આત્મરૂપી શેઠના હાથમાં જો જ્ઞાનરૂપી લગામ, ગુરુકુલવાસ રૂપી કવચ (બખ્તર) વીતરાગદેવની આજ્ઞારૂપી તલવાર હશે તો ઈન્દ્રિયો રૂપી ઘોડાઓને વશમાં કરતાં વાર નહી લાગે.

અન્યથા મિથ્યાજ્ઞાન, ભ્રમજ્ઞાન, બુદ્ધિવિપરીતતા રૂપી લગામ હાથમાં આવતાં જ ઈન્દ્રિયો તોફાને ચઢયા વિના રહેવાની નથી. આવી અવસ્થામાં કષાયોની પરિણતિ અવશ્યંભાવિની છે, અને જ્યાં કષાયો છે ત્યાં માનસિક વિચારો અશુદ્ધ અને મલિન જ બનવાના છે માટે ઈન્દ્રિયોના સંયમને જ સંયમ કહેવાય છે.

મોક્ષ મેળવવાં માટે તથા ગુણઠાણાઓને એક પછી એક પ્રાપ્ત કરવામાં સંયમની આવશ્યકતા સર્વથા

એ સ્ત્રી નથી, પુરુષ, હાથી, ઘોડો વગેરે નથી. પણ બલાહક છે, મેઘ છે. સ્ત્રી, પુરુષ, હાથી, ઘોડો—એ તો એના રુપો છે. આવી જ રીતે આ બલાહક યાનનું રૂપ પરિણમાવીને પણ અનેક યોજનો સુધી ગતિ કરે છે.

આ મેઘ–બલાહક એ આકાશમાં દેખાય છે, તે છે. આકાશમાં તેનાં અનેક રૂપો દેખાય છે. મેઘ એ તો અજીવ છે. સ્વભાવથી એનું પરિણમન થાય છે. મેઘ પોતાની શક્તિથી–ઋદ્ધિથી કાંઇ ગતિ કરતો નથી. વાયુ અથવા કોઈ દેવની પ્રેરણાથી જ તે ગમન કરે છે. માટે જ કહેવામાં આવ્યું છે કે–પરઋદ્ધિથી ગમન કરે છે.

હવે લેશ્યાના સંબંધમાં કહ્યું છે કે–જે જીવ નૈરયિકોમાં જ્યોતિષિકોમાં વૈમાનિકોમાં, ઉત્પન્ન થવાને યોગ્ય છે. તે કેવી લેશ્યાવાળાઓમાં ઉત્પન્ન થાય ? એના જવાબમાં કહ્યું છે કે જીવ જેવી લેશ્યાવાળા દ્રવ્યોનું ગ્રહણ કરી કાળ કરે,

---

અનિવાર્ય છે. આવા પ્રકારે સંયમ અને તપોધર્મની આરાધના કરનાર અણગારને અવધિજ્ઞાનની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે.

આમ તો પહેલા અને ચોથા ગુણઠાણે રહેનારા દેવ અને નારકોને પણ અવધિજ્ઞાન (વિભંગજ્ઞાન) હોય છે પણ તે જ્ઞાનનો ઉપયોગ કેવળ પોતાના પુણ્ય અને પાપના ફળોને ભોગવવા માટે જ કરવામાં આવે છે.

માત્ર સમ્યક્ત્વના માલિક દેવોને જ અવધિજ્ઞાનનો ઉપયોગ તીર્થંકર દેવોના પંચકલ્યાણકની આરાધના માટે પણ કામમાં આવે છે.

તેવી લેશ્યાવાળામાં તે ઉત્પન્ન થાય છે. 卐[૪૭]

卐 ૪૭ સ્થાવર નામ કર્મને લઈને વાયુકાય સ્થાવર જીવ જ છે, તો પણ ક્રિયાની અપેક્ષાએ એક સ્થાનથી બીજા સ્થાને ગતિ કરે છે. વાયુનો આકાર ધ્વજા જેવો છે. વિકુર્વણા કરતો વાયુ, સ્ત્રી પુરૂષ, હાથી આદિ આકારે તથા યાનાદિ આકારે વિકુર્વણા કરતો નથી પણ મોટી પતાકાના જેવા આકારની વિકુર્વણા કરે છે અને અનેક યોજન સુધી ગતિ કરે છે.

સ્વતઃ શુદ્ધ વાયુ પણ જે પુદ્ગલોને સ્પર્શ કરીને આપણને સ્પર્શે છે અને તે પુદ્ગલોમાં રહેલા શુભ કે અશુભ ગંધને આપણે ઘ્રાણેન્દ્રિય દ્વારા ગ્રહણ કરીએ છીએ. ત્યારે તે વાયુ પણ સુગન્ધી કહેવાય છે, અને જ્યારે પુદ્ગલોનું સાહચર્ય સમાપ્ત થાય છે ત્યારે વાયુ પણ પોતાના મૂળ સ્વભાવમાં આવી જાય છે.

ગુલાબના ફૂલની વચ્ચે રહેલા પીલા રજકણો પૌદ્ગલિક હોય છે અને સુગન્ધ તેમાં રહે છે, વાયુની સાથે એકલો ગંધ ગુણ મિશ્રિત થતો નથી કેમકે ગુણો દ્રવ્યાશ્રિત હોવાથી ગુણી (દ્રવ્ય)ને છોડીને એકલા રહી શકતા નથી, માટે ગુલાબના ફૂલમાં રહેલા સુગંધ ગુણવાલા પૌદ્ગલિક રજકણોને વાયુ સાથે લે છે, અને સૌને સુગન્ધિત કરે છે. તેવી જ રીતે ઉકરડામાંથી દુર્ગન્ધિત પુદ્ગલો વાયુ સાથે મલે છે ત્યારે સૌને દુર્ગન્ધ આપે છે, તેમ થતાં આપણો આત્મા સુખ દુઃખની લાગણીને પ્રાપ્ત કરે છે.

પુદ્ગલોની શક્તિ

કોઇપણ પુદ્ગલ આપણા આત્માને ત્યારે જ નુકશાન કરશે જ્યારે આપણું મન અસંસ્કારી અને દુર્વાસનાનું શિકાર બનેલું હોય છે, તથા મોહરાજાનું ગુલામ હોય છે. તેવા સમયે આત્મા પણ ઇન્દ્રિયાસક્ત, અશક્ત, કષાયાધીન અને પ્રતિક્ષણે રતિ–અરતિના જ્યાલોમાં ડૂબેલો હોવાથી પુદ્ગલોનો ચમત્કાર આત્મામાં સર્જાય છે. અને જીવાત્મા મોહરાજાની બેડીમાં ફસાઈ જાય છે.

જ્યારે આત્મા પોતે સાવધાન થઇને મુનીમ જેવા મનને તાબેદાર બનતો નથી અને અનાદિકાળની મોહરાજાની રાજધાનીનો ત્યાગ કરીને વૈરાગ્ય રાજાની છાવણીમાં જ્યારે પ્રવેશ કરે છે, ત્યારે એક પછી એક કર્મોની વર્ગણાને પોતાના આત્મ પ્રદેશોથી ખંખેરતો તે જીવાત્મા પોતાની અનંત શક્તિના માધ્યમથી આગળને આગળ વધતો જાય છે. અને યથાપ્રવૃત્તિ, અપૂર્વ તથા અનિવૃત્તિ નામના કરણ એટલે પોતાની જ શક્તિ દ્વારા પોતાની મેળે 'સમ્યગ્દર્શન' મેળવવા માટે પૂર્ણરૂપે તૈયાર થાય છે, તે સમયે આત્મામાં નવો અભૂતપૂર્વ ઉત્સાહ આવે છે, નવું ઓજસ આવે છે, જેનાથી આત્માના અધ્યવસાયો શુદ્ધ–શુદ્ધતર અને શુદ્ધતમ બને છે, તે જ સમયે એટલે કે મિથ્યાત્વ ગુણસ્થાનકના અંતિમ ભાગમાં અને સમ્યક્ત્વ પ્રાપ્ત થવાના સમયે જ આત્મા યદિ આયુષ્ય કર્મ બાંધે તો નીચેના અશુભ સ્થાનોને બાંધતો નથી, જે અત્યન્ત નિન્દનીય સ્થાનો છે તે આ પ્રમાણે:—

"નરકાયુ, નરકગતિ, નરકાનુપૂર્વી, એકેન્દ્રિયત્વ, બેઇન્દ્રિયત્વ, તેઇન્દ્રિયત્વ, ચતુરિંદ્રિયત્વ સ્થાવરનામકર્મ

(પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ) સૂક્ષ્મનામકર્મ, અપર્યાપ્ત નામકર્મ, સાધારણ વનસ્પતિ કાય (અનંતકાય) હુંડક-સંસ્થાન, આતાપનામકર્મ, સેવાર્ત સંઘયણ, નપુંસકવેદ, અને મિથ્યાત્વ મોહનીયકર્મ આ પ્રમાણે ૧૬ પ્રકારના અતીવ અનિષ્ટકર્મોને અનંત શક્તિ તરફ પ્રસ્થાન કરતો આત્મા બાંધાતો નથી, કેમકે મિથ્યાત્વની હાજરીમાં જ ઉપરના કર્મો બંધાય છે.

મિથ્યાત્વ એટલે આત્માનો દુઃસાધ્ય રોગ, મહાગાઢ અંધકાર પરમશત્રુ કે વિષ અને કાતિલ ઝેર સમાન છે. કેમકે રોગ, તથા અંધકાર, શત્રુ તો એક જ ભવમાં દુઃખ આપે છે. પણ મિથ્યાત્વને લઈને જીવાત્મા હજારો ભવ સુધી દુઃખી બને છે. જાત્યન્ધ પોતાની પાસે રહેલ સારી નઠારી વસ્તુને જોઇ શકતો નથી તેમ મિથ્યાત્વવાસી આત્મા પણ તત્ત્વ–અતત્ત્વ, ખાદ્ય–અખાદ્ય, પેય–અપેય કૃત્ય–અકૃત્ય, આદિને જાણી શકતો નથી તો પછી ત્યાં હેય વસ્તુનો ત્યાગ અને સ્વીકાર્ય વસ્તુના સ્વીકારનો વિવેક તેને નહી મલવાથી જ નીચેના ૧૬ સ્થાનકોને પ્રાપ્ત કરે છે.

એક સ્થાનથી બીજા સ્થાનમાં જવા માટે મિથ્યાત્વી–આત્મા સૌથી પહેલા નરકમાં જવા માટેનું આયુષ્યકર્મ બાંધે છે. પછી નરક ગતિ નામ કર્મ અને તે સ્થાન પ્રાપ્ત થાય તે માટે નરકાનુંપૂર્વી નામ કર્મ બાંધે છે. પછી નરકગતિ નામ કર્મ અને તે સ્થાન પ્રાપ્ત થાય તે માટે નરકાનુપુર્વી નામ કર્મ બાંધે છે. જ્યાં સુખ છે જ નહી.

એકેન્દ્રિયત્વ–જ્યાં ઘણી અસ્પષ્ટ વેદના છે.

વિકલેન્દ્રિયત્વમાં ઈન્દ્રિયોનો અભાવ અને તે તે પ્રાણોનો અભાવ તેમને માટે અત્યન્ત દુઃખદાયી હોય છે.

સ્થાવર યોનિમાં તે જીવો ઉપર ગમે તેટલો વરસાદ, ઠંડી, ગરમી પડે, અથવા તેમને કોઇ કાપે, છેદે, તો પણ એક સ્થાનથી બીજા સ્થાને જઈ શકતા નથી.

સૂક્ષ્મનામકર્મને લઇને તેમને સૂક્ષ્મ–અદૃશ્ય શરીર હોય છે.

અપર્યાપ્ત અવસ્થા એટલે પોતાની પર્યાપ્તિઓ પૂરી કર્યા વિના જ મરવું પડે તે.

સાધારણ વનસ્પતિકાય કે જ્યાં એક શરીરમાં અસંખ્યાત કે અનન્ત જીવો ભયંકર વેદના ભોગવી રહ્યા છે.

હુંડકસંસ્થાનમાં મનુષ્યત્વ પ્રાપ્ત કર્યા પછી પણ સર્વે અંગોમાં ખોડ ખાપણ રહે છે.

સેવાર્ત સંઘયણ જ્યાં હાડકા ઘણા જ કમજોર હોય છે.

નપુંસકોનું વર્ણન

જેનાથી સ્ત્રી તથા પુરુષના વિષયમાં મૈથુનેચ્છા બની રહે છે. તે નપુંસક વેદ કહેવાય છે. જે દીક્ષાને માટે અયોગ્ય છે.

આ નપુંસક વેદને પ્રાપ્ત થયેલા નપુંસકો, અત્યન્ત પાપથી ભરેલા અધ્યવસાયવાલા હોય છે. તેમાં પણ દશ પ્રકારના નપુંસકો તો ધર્મ, કર્મને અયોગ્ય હોય છે. દીક્ષાને માટે સર્વથા અયોગ્ય હોય છે તેમનો સહવાસ પણ પાપવર્ધક હોય છે. દુરાચારને આમંત્રણ દેનારો હોય છે. આ નપુંસકો મહાકષાયી, સર્વત્ર નિંદનીય પ્રવૃત્તિ કરનારા અને બીજાઓને ભગાડનારા હોય છે.

મોટા શહેરમાં લાગેલો દાહ ઝટ બુઝાતો નથી તેમ, પંડક, વાતિક, કલીબ, કુંભી, ઇર્ષ્યાલું, શકુની, તત્કર્મસેવી

પાક્ષિકાપાક્ષિક, સૌગન્ધિક અને આસક્ત નામના દશ પ્રકારના નપુંસકોનો વેદોદય શીઘ્રતાથી શાન્ત થતો નથી. માટે તેમના અધ્યવસાયો અત્યન્ત મલિન હોવાથી તેમનો સહવાસ પણ પણ નિન્દનીય માન્યો છે.

પુરૂષ ચિહ્ન (મેહન) તથા સ્ત્રી ચિહ્ન વિનાના નપુંસકો શરીરે નપુંસક હોય છે માટે સાધ્ય છે, પણ ઉપરના દશ નપુંસકો હૈયાના નપુંસકો છે, જે અસાધ્ય છે.

(૧) પંડક પણ છ પ્રકારના હોય છે.

(૧) પુરૂષાકારે જન્મવા છતાં પણ સ્ત્રીની જેમ ગતિ લટકામટકા કરનારા હોય છે.

(૨–૩) શરીરનું વર્ણન, આકાર, ગન્ધ, સ્પર્શ વગેરે સ્ત્રીવત્ હોય છે.

(૪) મેહન જેમનું ઘણું જ મોટું હોય છે.

(૫) ભાષા મૃદુ અને મુલાયમ હોય છે.

(૬) મૂત્રોત્સર્ગ (લઘુશંકા) સ્ત્રીની જેમ અવાજ કરતો અને ફેન વિનાનો હોય છે.

(૨) વાતિક–મેહન (પુરૂષ ચિહ્ન)માં ઉત્તેજના થયા પછી પોતાના વેદને રોકી શકવા માટે અસમર્થ હોય છે.

(૩) કલીબ–જે દૃષ્ટિ, આલિંગન, શબ્દ અને આમંત્રણ ચાર ચાર પ્રકારે કલીબ હોય છે.

(૧) પુરૂષ કે સ્ત્રીને તથા બાલક કે બાલિકાને નગ્ન અવસ્થામાં જોઇને જ ક્ષુબ્ધ થનારો હોય છે.

(૨) સ્ત્રીનો અવાજ સાંભલતાં જ ક્ષુબ્ધ થાય.

(૩–૪) સ્ત્રીથી આમંત્રિત તથા સ્પર્શાસ્પર્શમાં જે પોતાની મર્યાદાથી ભ્રષ્ટ થાય છે.

(૪) કુભી–એટલે જેમના વૃષણો મોટા હોય છે.

(૫) ઇર્ષ્યાલુ–પ્રતિસેવ્યમાન સ્ત્રીને જોઈને પોતે ઈર્ષ્યાલુ બને તે.

(૬) તત્કર્મસેવી–મૈથુન કર્યા પછી થયેલા વીર્યપતનને કૂતરાની જેમ પોતાની જીભ વડે ચાટે તે.

(૭) પાક્ષિકાપાક્ષિક–જેને શુક્લપક્ષમાં વેદનો તીવ્ર ઉદય હોય અને કૃષ્ણ પક્ષમાં અલ્પ.

(૮) સૌગન્ધિ–વેદકર્મની ઉદયતાને લઈને પોતાના મેહનને સૂંઘ્યા કરે તે.

(૯) શકુની–ચકલા ચકલીની જેમ ઉત્કટ વેદને વશ થઈને વારંવાર મૈથુન પ્રત્યે જ મન રાખે તે.

(૧૦) આસક્ત–વીર્યપાત થયા પછી પણ માનવ સ્ત્રી ઉપરથી ઉઠે નહી અને સ્ત્રીના અંગોમાં જ આસક્ત બને તે.

ઉપરના નપુંસકો ચાહે સ્ત્રી હો યા પુરુષ પોતાના મોહ-કર્મને રોકી શકે નહીં અને અસહ્ય ચેષ્ટાઓ પ્રત્યે ખૂબ રાગવાળા થઈને રાત દિવસ તેમાં મસ્ત રહે છે. માટે જ નપુંસકવેદ ભયંકર પાપ જનક છે. અને પૂર્વભવના મહા ભયંકર કર્મોને લઈને અથવા આ ભવની મોહ ચેષ્ટાઓને લઈને, આ કર્મ ઉપાર્જન થાય છે.

સંસારવર્તી આત્માઓના બે વિભાગ છે.

પહેલા વિભાગમાં સુખની સામગ્રી પ્રાપ્ત કરેલા અને તેને ભોગવનારા હોય છે.

બીજા વિભાગમાં સુખસામગ્રીનો સર્વથા અભાવ હોય છે. એટલે સુખ નામની ચીજને જાણતા પણ નથી.

સદ્ગુરૂ સેવનથી આપણા હૈયામાં યદિ સમ્યક્ત્વનો વાસ હશે તો તેનાથી મળેલી સમ્યક્ બુદ્ધિ અને સદ્વિવેક દ્વારા ઘણા જ શુભ કર્મો બાંધવાનો અવસર આવશે. અને હૈયાના મંદિરમાં મિથ્યાત્વનો વાસ હશે તો મિથ્યાબુદ્ધિ–અસદ્–વિવેકના માધ્યમથી ભયંકરમાં ભયંકર પાપસ્થાનકોને સેવતો આ જીવ દુઃખ મેળવશે અને દુઃખના સાધનો જ મેળવનારો થશે અને તેવા સ્થાનોમાં જ જન્મ લેશે. જ્યાં ખાવામાં પીવામાં રહેવામાં સંબંધમાં કયાંય પણ સુખ મેળવી શકે નહીં.

સ્ત્રી વેદનું કારણ

સમજદાર આત્મા જ્યારે ભાનમાં આવે છે અને સ્વકર્તવ્યને જાણે છે ત્યારે પોતાની પ્રચંડ શક્તિનો ઉપયોગ કરીને ધાર્મિક જીવનમાં પોતાનું મન લગાડશે. ત્યારે મિથ્યાત્વ ગુણસ્થાનકમાંથી બહાર આવીને સદ્બુદ્ધિ-સદ્વિવેક, જ્ઞાન, વૈરાગ્ય, સ્વાધ્યાય, તપશ્ચર્યા રૂપી શસ્ત્રોને હાથમાં લઈને સમ્યક્ત્વ–સમ્યગ્દર્શન નામનું ગુણઠાણું મેળવશે ત્યારે મિથ્યાત્વનો નાશ અથવા ઉપશમ થઈ ગયેલો હોવાથી ઉપર બતાવેલ અશુભ સ્થાનો, અનાર્યકુલો, ખાનદાનો, માત પિતાઓ અથવા પોતાના શરીરની ખોડખાપણો મેળવવા માટેની યોગ્યતા નષ્ટ થશે. આનો સરળાર્થ આ થયો કે, સમ્યક્ત્વ પ્રાપ્ત

જીવ ચાહે મનુષ્ય હોય કે સ્ત્રી, ગૃહસ્થ હોય કે સાધુ, તેનું આત્મબળ એટલું મજબુત હોય છે કે પોતાના શુદ્ધ અધ્યવસાયો દ્વારા આવતા ભવમાં નરકગતિ, વિકલેન્દ્રિય તથા એકેન્દ્રિયાદિ જાતિ તથા નપુંસક વેદ જેવા અત્યન્ત પાપને ભોગવનારા સ્થાનોને મેળવી શકતો નથી.

આ છે સમ્યક્ત્વનો ચમત્કાર જેને લઈને અનંતાનુબંધી કષાયો દબાઇ જવાના કારણે પણ આત્માને ઉન્નત માર્ગે જવાનો રસ્તો ઉદ્‌ઘાટિત થાય છે અને જ્યારે જ્યારે આ કષાયો પોતાનું સ્વરૂપ પ્રગટ કરતા જાય છે. ત્યારે ત્યારે આ સમકિતી આત્મા તે કષાયોને મારી જ નાખે છે. ભગાડી જ મૂકે છે અથવા તેને ફરીથી દબાવી મારે છે જેથી કષાયો ત્યાં ફાવી શકતા નથી. આ બધી વાતો જ્ઞાનશક્તિને પામેલા આત્મામાં સ્વયં જાગૃત હોવાના કારણે પોતાની મેળે થતી રહે છે.

હવે આ આત્મા કદાચ દુર્ભવ્ય હોય અથવા પચ્ચીસ ઘણા ભવની રખડપટ્ટી કરનારો હોય પણ હજી પાછો મિથ્યાત્વ ગુણઠાણે પહોચ્યો ન હોય તે સમયે પણ અર્થાત્ એકવાર સમ્યક્ત્વને સ્પર્શીને શક્તિવાલો થયેલો આત્મા યદ્યપિ સમ્યક્ત્વથી પડી રહ્યો છે, તો પણ અનંતાનુબંધી ક્રોધ, માન, માયા, લોભ, વચલા ચાર સંસ્થાનો (ન્યાગ્રોધ, સાદ્વિ, વામન અને કુબ્જ) આ પ્રમાણે ચાર સંઘયણ (ઋષભનારાચ, નારાચ, અર્ધનારાચ, કીલિકા) નીચગોત્ર, ઉદ્યોત નામકર્મ, અશુભવિહાયોગતિ, સ્ત્રીવેદ આદિ જે નિન્દનીય અને આર્ત્ત ધ્યાન કરાવનારા સ્થાનો છે તેને પણ આ આત્મા બાંધતો નથી. કારણ કે આ સ્થાનો અનંતાનુબંધી કષાયોને કારણે બંધાય

અને સમ્યક્ત્વની હાજરીમાં તો આ કષાયોનું જોર હોતુ નથી. આમાં બાકીના સ્થાનો તો કર્મગ્રન્થથી જાણી લેવા કેવલ સ્ત્રીવેદની થોડી વાત કરી લઈએ.

પિત્તના પ્રકોપને લઇને જેમ જૂદી જૂદી જાતના મીઠા પદાર્થો ખાવાની ઈચ્છા થાય છે. તેમ મહા પાપી ભાવનાને લઇને પૂર્વે બાંધેલો સ્ત્રીવેદ જ્યારે સ્ત્રીલિંગને પ્રાપ્ત થાય છે ત્યારે માનસિક કલ્પનામાં અને અનુકુલતા મલતાં જૂદા જૂદા પુરૂષોને ભોગવવાને માટે તે આત્મા તૈયાર થાય છે. અર્થાત્ પુરૂષો સાથે સંબંધ કરવામાં તેને તીવ્રાભિલાષ બન્યો રહે છે. તે સ્ત્રીવેદ કહેવાય છે.

પણ આ વાત તો સ્ત્રીલિંગને ધાર્યા પછીની છે. જ્યારે પુરૂષલિંગને ધરનારો માનવ વેદના અત્યુત્કટ ઉદયને લઈને અથવા મોહ કર્મની ઉદીરણા કરીને તેવા જ સહવાસો મેળવે છે. જેનાથી બીજી સ્ત્રીઓને ભોગવવાની તીવ્ર ઇચ્છાવાલો પુરૂષ, પૈસાના જોરે, રૂપરંગના જોરે, વાચાલતાના માધ્યમથી, બીજી સ્ત્રીઓ સાથે રમણ કરવાના દુષ્ટભાવથી તે તે સ્ત્રીઓ સાથે ભોગવિલાસ કરે છે. આવા તીવ્ર પરિણામોને પામેલો આ આત્મા, આવતા ભવને માટે સ્ત્રીલિંગ અર્થાત્ સ્ત્રી–અવતારને પામે છે.

સાર આ છે કે સમકિતથી ભ્રષ્ટ થતો આત્મા પણ એટલો બધો જાગૃત શક્તિવાળો હોય છે કે જેને લઇને ઉપરના સ્થાનો તથા સ્ત્રીવેદ પણ ઉપાર્જન કરતો નથી. કેમકે જ્યાં સુધી મિથ્યાત્વ ગુણસ્થાનકે આવતો નથી ત્યાં સુધી આત્મા શુદ્ધ–ભાવને જ ભજનારો હોય છે અને પોતાની શુદ્ધ લેશ્યાઓ દ્વારા દુર્ગતિને પામતો નથી.

હવે આ પ્રશ્નોત્તરની પૂર્ણાહુતિમાં આત્મા સાથે જ્યાં સુધી સમ્યક્ત્વ રહે છે ત્યાં સુધી આત્મા વાયુની માફક સુગંધી હોય છે. અને મિથ્યાત્વરૂપી દુર્ગંધી પુદ્ગલના સહવાસે આત્માના ધર્મકર્મના આડંબરો કેવળ ભારભૂત જ હોય છે. જેનાથી પોતે બગડે છે. અને બીજાઓને પણ બગાડે છે.

ઉતમોત્તમ ચારિત્ર મેળવ્યા પછી, પાલ્યા પછી પણ અમુલ્ય રત્ન પ્રત્યે અનંતાનુબંધી લોભ કષાયના કારણે સાધ્વીજી આવતા ભવમાં ગરોલીના અવતારને પામે છે.

મેઘમાં થતાં આકારો

બલાહક એટલે મેઘ જે અચેતન છે. વાયુની પ્રેરણાથી આકાશમાં જૂદાજૂદા રૂપો ધારીને અનેક યોજન સુધી જઈ શકેછે. ભગવાન ફરમાવે છે કે આકાશમાં પ્રત્યક્ષરૂપે વાદળાઓ જૂદા જૂદા આકારવાલા હોય છે. તેમ વાયુના સહયોગે ગતિ કરનાર હોય છે. તે મેઘના જુદા જુદા પરિણમનો થાય છે, અને આપણે સૌ પ્રત્યક્ષ જોઇએ છીએ.

આકાશને જોવા માટે આપણે જો થોડો પુરુષાર્થ કરીએ તો ત્યાં રહેલા વાદળાઓનો કંઇક ને કંઈક આકાર હોય જ છે. જે આપણે જોઈ શકીએ છીએ.

આકાર વિશેષને પામેલા વાદળાઓ, શુભાકારે દેખાય તો માનવનું શુભ થાય છે, અને અશુભાકારે દેખાય તો માનવનું અશુભ થાય છે. એટલે, રાક્ષસ, પિશાચ, ડાકણ, વાઘ, ઊંટ જેવા ભયાનક તથા બીહામણા આકારના વાદળાઓ જો દેખાય તો જોનારને નુકશાનમાં ઉતરવાના જ દિવસો આવે છે.

એક જ પૌદ્ગલિક આકાર સૌને જુદા જુદા રૂપે દેખાય છે. આમાં આપણી આંખનો જ ચમત્કાર હોય છે. એક જ દશ્યને જોતા એકની આંખ પૂરી રીતે ઉઘડેલી હોય છે. તો કોઈની અધુરી ઉઘડેલી હોય છે, તે સમયે કોઈ તીરછો જોવે છે. અને કોઈ સીધો. માટે આકારોના દશ્યોમાં પણ ફેરફાર થાય છે. શુભાકારને પામેલું વાદળુ એકને દેવના આકારે દેખાય છે ત્યારે બીજાને રાક્ષસના આકારે દેખાય છે.

આનું નામ પુદ્ગલોનો ચમત્કાર.

અંધારામાં રહેલા પદાર્થને કે મૂર્તિને જોવા માટે સામો દીવો હોય ત્યારે તેનો આકાર જુદા રૂપે દેખાય છે, આડી બાજુ દીવો હોય ત્યારે તેનો આકાર ફેરફાર વાલો દેખાય છે દીવો ન હોય ત્યારે જુદો આકાર, માથા ઉપર ફૂલની માળા મૂકો ત્યારે જુદો આકાર, અંગરચના કરો ત્યારે જૂદો આકાર, આમ પુદ્ગલોના સહવાસે જ જુદા જુદા આકાર દેખાય છે.

આમાં ચમત્કારોની કલ્પના કરવી તે પણ એક અજ્ઞાન જ છે. સાધક માત્રે પુદ્ગલોના સહવાસે પોતાના આત્મામાં પ્રતિક્ષણે શા શા ચમત્કારો સર્જાય છે તે જોવું એજ અનુભવ જ્ઞાન છે. એજ તારણહાર જ્ઞાન છે, બાકી બધું મિથ્યા છે.

લેશ્યા પરત્વે પ્રશ્નોત્તર

લેશ્યાઓની ઉત્પતિ જેમ સ્ફટિકની મૂર્તિની પાસે જે રંગનું પુષ્પ હશે સ્ફટિકમાં પણ તે રંગ ઉતરશે. તે પ્રમાણે અનંતાનંત કર્મ વર્ગણાનાં ભારથી દબાઈ ગયેલા આત્માને સમયે સમયે જેવો જેવો સહકાર કે સાહચર્ય થાય છે. આત્માને પણ તેવા તેવા પરિણામ અધ્યવસાય થતા રહે છે.

કસાઈ, શિકારી હિંસક આદિ પરિવારોમાં જન્મેલા સંતાનને પ્રતિક્ષણે તેવા જ પ્રકારના શબ્દો સાંભળવા મળે છે. અને તેવા મારફાડના શબ્દો સાંભળવા માત્રથી તેમની તેવા પ્રકારની જ પ્રવૃતિ થાય છે. ભીખ માંગનારાના ઘેર જન્મેલાને ભીખ માંગવાના જ પરિણામો બન્યા રહે છે. પરિગ્રહ પરિમાણવ્રતને સ્વીકાર કર્યા વિના, તથા ધર્માધર્મનો વિચાર કર્યા વિના, વ્યાપાર–રોજગારમાં પૂર્ણ રૂપે મસ્ત બનેલાને રાત દિવસ સ્વપ્નમાં પણ પોતાની દુકાન, વ્યાપાર, ઘરાક તથા કોર્ટ–કચેરીના અધ્યવસાયો રહે છે. જ્યારે ધર્માત્મા, શિયળસમ્પન્ન, દયાલુ, દાનેશ્વરીના ઘેર જન્મેલાને સારા સંયોગ મળે છે. મિત્ર મંડળ પણ તેવું જ મળે છે. અને આંશિક રૂપે સત્ય–સદાચારના સંસ્કારો પણ ત્યાં જોવા મલે છે. આ પ્રમાણે પૂર્વભવના જેવા જેવા નિયાણાઓના કર્મો ઉપાર્જ્યા હોય છે. તે તે પ્રમાણે જ માણસ માત્રને વાતાવરણ મલે છે અને આ વાતાવરણ જ માણસના અધ્યવસાયોને બદલવા માટેનું કારણ હોઈ શકે છે, એક સમયે આપણા વૈરીને જોઈએ છીએ ત્યારે આપણને પણ વૈરની લેશ્યા ઉદ્ભવે છે. બીજા સમયે પરમમિત્રને જોઈને પહેલા સમયની વૈર લેશ્યા અદૃશ્ય થાય છે અને મૈત્રી લેશ્યાના આપણે માલિક બનીએ છીએ.

આ જ પ્રમાણે ગંદા વિચારવાલા, આચરણવાલા, જૂઠા બોલાં માણસના સહવાસમાં આપણાં પવિત્ર અધ્યવસાયોને પણ ધક્કો લાગે છે. જ્યારે ખંધક મુનિની સજઝાય સાંભલતા કે મૌન ધારી મુનિઓનો સહવાસ કરતાં આપણને પણ તેવા પ્રકારની ધર્મની લેશ્યા પ્રાપ્ત થાય છે. આમ ઘડીકમાં કૃપણ, ઘડીકમાં વ્રત લેવાની ભાવના અને ઘડીકમાં કરાતા ધર્મને

પણ છોડી દેવાની ભાવના (લેશ્યા) થતી રહે છે. આવા પ્રકારે જુદા જુદા સમયે જે લેશ્યાઓ બદલાય છે તેમાં પૂર્વભવના કારણો પણ માન્યા વિના છુટકારો નથી. તેથી કરીને લેશ્યા ઓની ઉત્પત્તિમાં પૂર્વાચાર્યોને પણ મતભેદ છે, છતાં પણ ઘણા પ્રામાણિક આચાર્યોનું આ કથન પણ બરાબર છે કે લેશ્યાઓ કર્મ સ્વરૂપ નથી, કેમકે કર્મોની સંખ્યા આઠની છે અને લેશ્યાઓ કોઈ પણ કર્મના કે તેના પેટા વિભાગમાં સમાવિષ્ટ નથી, ત્યારે લેશ્યા શું હશે? તેના જવાબમાં જાણવાનું કે ઓછા સંસ્કાર પામેલા કે સંસ્કારોને સર્વથા નહી પામેલા આપણા મનજીભાઈના આ બધા ખેલ તમાશા છે.

અનાદિ કાળથી કુસંસ્કારોને લઇને મનજીભાઈ હમેશા કમજોર જ રહ્યા છે. માટે જ આપણા અધ્યવસાયો સ્થિર ન રહેતા પ્રતિક્ષણે બદલાતા જ રહે છે. મોહકર્મને ઉપ–શાન્ત કરવાની પ્રબલ શકિત જેઓ કેળવી શકતા નથી. તેમના પરિણામો અસ્થિર જ રહેવાના છે, માટે સંસારના તેવા તેવા રાગ–દ્વેષજન્ય દશ્યોને જોતા જ અસ્થિર મનને ક્ષયોપશમિક ભાવમાંથી નીકળીને ઔદયિક ભાવમાં પ્રવેશ કરતાં વાર લાગતી નથી. આ પ્રમાણે માનસિક વ્યાપારને લઈને પ્રતિક્ષણે બદલાતા આત્માના પરિણામોને 'લેશ્યા' શબ્દથી સંબોધાય છે. અને આ લેશ્યાના કારણે જ આત્મા કર્મોની સાથે જોડાય છે. અને નવાં નવાં કર્મો બાંધતો જ જાય છે.

મહાભયંકર વૈરીને જોતાં જ સૌથી પહેલા આપણી લેશ્યા બગડે છે. પછી આપણને કષાય ઉદ્ભવે છે. અને આર્તધ્યાન-રૌદ્ર–ધ્યાન થતાં જ પાછા ભયંકર કર્મોને બાંધવાની પરિ–સ્થિતિ સર્જાય છે.

થોડા સમય પહેલા આપણે ધર્મની ચર્ચામાં હતા તો એ હસમુખી સ્ત્રીને જોઈને આપણી લેશ્યામાં ફરક પડે છે. અને તેની સાથે બોલવા, ગપ્પા મારવામાં આપણા વેદકર્મના સંસ્કારો ઉદયમાં આવે છે અને પાછો ફરીથી મોહનીયકર્મને બાંધવાનો સમય આવી જાય છે.

આ પ્રમાણેના બધાએ પ્રસંગોમાં કલ્પના કરી લેવી જોઇએ.

લેશ્યાઓનો સ્વભાવ

હવે આપણે લેશ્યાઓના સ્વરૂપ અને તેના માલિકોને જોઇએ.

કૃષ્ણલેશ્યા અત્યન્ત રૌદ્રસ્વભાવ, રોમે રોમ ક્રોધની ઉત્પત્તિ.

બીજા જીવો સાથે સીમાતીત ઈર્ષ્યાળુ, મત્સરી, ધર્મ અને જ્ઞાન સંજ્ઞાની વિદાયગિરી, દયા વિનાનું માનસ, વૈરથી ઓતપ્રોત થયેલો માનસિક, વાચિક અને કાયિક વ્યાપાર. ઉપર પ્રમાણેનો સ્વભાવ આ લેશ્યાનો છે. જેની પ્રાપ્તિમાં માનવ પણ તેવો જ બની જાય છે. તેને જરા વિસ્તારથી જોઇએ. આ લેશ્યાની ઉત્પત્તિમાં માનવોનો સ્વભાવ અત્યન્ત રૌદ્ર બને છે. જેનાથી તેની આંખોમાં ખુન્નસ વધે છે. જીભમાં કડવાશ આવે છે. અને શરીરની આકૃતિ ઘણી જ રૂદ્રતાને ધારણ કરે છે. તેનો સ્વભાવ અને તેનું જીવન પણ પૂર્ણ રૂપે હિંસક બને છે. માતૃસ્વરૂપ દયા દેવીનો સર્વથા હ્રાસ થાય છે, અને વૈરની આગ વધી પડે છે. ઇત્યાદિ લક્ષણો આ લેશ્યાના છે.

આ પ્રમાણે બીજી લેશ્યામાં પણ ઘટાવી લેવું.

નીલલેશ્યા--અત્યન્ત આળસુ, જડબુદ્ધિ, સ્ત્રીઓમાં આસક્ત, પારકાને ઠગનારો, ભયભીત અને અહંકારનું પુતલું. આ સ્વભાવો નીલ લેશ્યાના છે.

કાપોતલેશ્યા—અત્યન્ત શોકાતુર રહેનારો, પળે પળે પારકાની નિંદા અને પોતાની બડાઇ મારવામાં સાવધાન, મરવાના વાંકે જીવનારો આ લેશ્યાનો માલિક જાણવો.

પીતલેશ્યા— વિદ્યા મેળવવામાં રુચિવાળો, કરૂણાથી ભરેલો, કાર્ય અને અકાર્યમાં વિચારક તથા લાભ અને અલાભમાં સદા ખુશ રહેનાર આ લેશ્યાનો માલિક છે.

પદ્મલેશ્યા— ક્ષમાને ધારણ કરનાર, પ્રતિક્ષણે ત્યાગ તરફ જ ગતિ કરનાર, પરમાત્માનો પૂજક, ઈન્દ્રિયોને દમનારો, આત્મિક જીવનમાં પવિત્ર, હંમેશા પ્રસન્ન ચિત્ત, પદ્મલેશ્યાનો માલિક છે.

શુક્લલેશ્યા—રાગદ્વેષ રહિત, શોક સંતાપ તથા નિન્દા રહિત પરમાત્મપદનો ઇચ્છુક. આ લેશ્યાવાલો હોય છે.

આગમમાં લેશ્યાઓનો સ્વભાવ

હવે ઉત્તરાધ્યયન સૂત્રને અનુસારે પણ લેશ્યાઓના માલિકો કેવા હોય છે? તે જાણી લઇએ.

કૃષ્ણલેશ્યા—પાંચે આશ્રવમાં પ્રવૃત્તિ કરનારા, ત્રણ ગુપ્તિ રહિત, છકાયજીવોનો હિંસક, આરંભની તીવ્રતાવાલો, ક્ષુદ્ર, સાહસિક, નિર્દય, દુષ્ટ, ઈન્દ્રિયોનો ગુલામ દુરાચારી પુરુષ આ લેશ્યાઓનો માલિક હોય છે.

નીલલેશ્યા–ઈર્ષ્યાળુ, કદાગ્રહી, અસહિષ્ણુ, તપશ્ચર્યા–રહિત, અજ્ઞાની, માયાવી, બેશરમ, વિષયી, દ્વેષી, રસલોલુપ, આરામચાહક, આરંભિક, ક્ષુદ્ર, સાહસિક પુરુષને આ લેશ્યાના પરિણામ હોય છે.

કાપોતલેશ્યા–વક્ર, વિષમ આચરણવાલો, કપટી, અસરળ, પોતાના દોષોને છુપાવનાર, મિથ્યાદૃષ્ટિ, અનાર્ય, સંસ્કારી, મર્મભેદક, દુષ્ટભાષાભાષી, અને જયનશીલ માણસ આ લેશ્યામાં રમણ કરનારો છે.

તેજોલેશ્યા (પીતલેશ્યા)–નમ્ર, અચપલ, નિષ્કપટ, અકુતુહલી, વિનયી, ઈન્દ્રિયોનો સંયમી, સ્વાધ્યાય અને તપને કરનાર, ધર્મપ્રેમી, દૃઢધર્મી, પાપભીરૂ અને હિતેચ્છુ. આ તેજોલેશ્યાના સ્વામી છે.

પદ્મલેશ્યા કષાયોની અલ્પતા, પ્રશાન્ત ચિત્તવાલો, મનને વશ કરનાર, જ્ઞાન–ધ્યાન તથા તપમાં શૂરવીર, અલ્પભાષી જિતેન્દ્રિય વગેરે લક્ષણો આ લેશ્યાના છે.

શુક્લલેશ્યા–ધર્મ ધ્યાન તથા શુક્લધ્યાનમાં મનને જોડનાર, પ્રશાન્ત ચિત્ત, આત્માને દમનાર, સમિતિ ગુપ્તિનો ધારક, સરાગી, વીતરાગી આવા જીવો શુક્લ લેશ્યાના અધિકારી છે.

માનવ જીવનની સાર્થકતા

પહેલી ત્રણ લેશ્યાઓ આત્માના પરિણામોમાં અશુભતા અને અશુદ્ધતા લાવનારી તથા વધારનારી હોવાથી ભવાન્તરમાં દુર્ગતિને આપે છે.

પાછલની ત્રણ એટલે તેજોલેશ્યા, પદ્મ લેશ્યા અને શુક્લ લેશ્યાઓ આત્માના પરિણામોમાં શુભતા, શુદ્ધતા અને સર્વે જીવો સાથે વૈરમુક્ત કરાવીને જીવમાત્રના અપરાધો પ્રત્યે ક્ષમાતત્ત્વને પ્રાપ્ત કરાવનારી હોવાથી ભવાન્તરે સદ્ગતિ આપનારી છે તથા ચાલુ ભવમાં પણ જીવનને પ્રસન્ન રાખે છે.

મનુષ્યમાત્ર એટલું સમજી લે કે 'સંસાર અસાર છે, માયા નાગણ તુલ્ય છે, કાયા કાચની બંગડી જેવી છે, શ્રીમંતાઈ વિજલીના ચમકારા જેવી છે, સત્તા પાણીના પરપોટા જેવી છે માટે થોડી જીન્દગીમાં કોઈની સાથે પણ મારે શા માટે લડવું, કોઈની પણ હત્યા માર–કાટ શા માટે કરવાં, બીજા સાથે લડયા–ઝઘડયાનું પરિણામ શું ? જે વસ્તુ માટે હું લડું છું. તે વસ્તુ મારી સાથે, મારી ઠાઠડી સાથે આવવાની છે ? આદિ વિચારધારા કેળવીને સૌની સાથે સંપમાં રહેવું. અસાર સંસારની ઘણી ઘણી વાતો જતી કરવી, જાણી લેજો કે ક્રોધની સામે ક્રોધ કરવો, વૈરની સામે વૈર કરવું અને ભૂલની સામે ભૂલ કરવી. આ શેતાન ધર્મ છે જ્યારે બીજાના ક્રોધ સામે હસતા શીખવું. વૈરની સામે મૌન ધારવું અને બીજાની ભૂલો સામે આપણે કદી પણ ભૂલકરવી નહીં બસ ! આ જ જૈનધર્મ છે. એજ મોક્ષ માર્ગ છે, અને મોક્ષધર્મની આરાધના પણ એજ છે, અને ધાર્મિક જીવન બનાવવા માટે આનાથી બીજા એકે સરળ માર્ગ પણ નથી. સૌના અપરાધ માફ કરવા એ જ જીવતા જીવનનું અમર ફળ છે, એમ સમજીને ઉપર પ્રમાણે જીવન જીવવું જેથી આવતો ભવ બગડવા પામે નહી.

આપણે જાણી બુઝીને બરાબ બની પારકાઓનો ગમે તેટલો દ્રોહ કરીએ તો એ સંસારનું કંઈ પણ બગડવાનું છે જ નહી.

રાવણ, દુર્યોધન, શૂર્પણખા ઉત્તમ ખાનદાનીમાં જન્મીને પણ તામસિક (વૈરઝેરવાલા) અને રાજસિક (ક્રોધ, માન માયા, અને લોભવાલા) બન્યા. અને પરસ્ત્રીઓને હરણ કરવામાં, બીજાઓને મોતના ઘાટે ઉતારવામાં આખુંએ જીવન સમાપ્ત કર્યું તો એ તેમનાથી સંસાર નાશ પામ્યો નથી. સંસારનું કંઈ બગડયું પણ નથી. અને બીજાઓના હાથે માર ખાઈને પોતે જ નરક તરફ પ્રસ્થાન કરી ગયા છે. માત્ર પારકાને સુધારવા માટે આ મનુષ્ય અવતાર મલ્યો નથી પણ તારા પોતાના આત્માને પરમાત્મા તરફ જ પ્રસ્થાન કરવા માટે આ મનુષ્ય અવતાર છે, માટે—

રે, તુ તારો દુશ્મન થા મા, મનવા.
તારો દુશ્મન થા મા !
દુનિયા આખી દુશ્મન મારી
નિંદા મારી સૌને પ્યારી–
કાઢી વેણ નકામાં, એવા,
કાઢી વેણ નકામાં ! મનવા.
આજ કહે તું જગ આખામાં
દુર્જનતા બસ વ્યાપી
કાલ વળી તું કહેશે માનવ.
જાત બધી છે પાપી.
તુંયે એજ જહાંનું જંતુ,
નાહક ડાહ્યો થામા ! મનવાં.

'દુશ્મન' કોનો કોણ અહીં છે
કોણ વલી 'પ્રિય' કોનો ?
જલધિ જલમાં તરણા જેવો,
મેળો જ્યાં મનુજોનો
મિથ્યા એ સૌ મનની માયા
અવળે મારગ જા મા ! મનવા.

કૂડ કપટ ને ક્લેશ થકી આ
સભર ભર્યો સંસાર
ભલે, પરંતુ માનવ! તું તો
પ્રભુનો સર્જન–સાર
સત્ય સનાતન એ સમરીને
છોડ બધાય ઉધામા ! મનવા.

ગગન મહીં ઘન જો ! સમદરનાં
પીતાં જલ બસ ખારાં,
તોય નિરંતર વરસે કેવી
મીઠી મધુરી ધારા !
હળાહળો હસતાં પી જઈને
ધરજે અમરત સામા ! મનવા.

(જયાનંદ દવે)

માટે પરમાત્મ પદનું ચિંતવન કરીને આત્માનો વિકાસ અને તેની પ્રતિદિન પ્રગતિ થાય તેજ હિતાવહ જીવન છે.

મેટ્રીક, વકીલ, ડોકટર, પ્રિન્સીપાલ, બનવું ઘણું જ સરળ છે. પણ જીવન જીવવાની કળા હસ્તગત કરવી બહુજ કઠણ છે.

ભાવિતાત્મા અનગારની શક્તિના સંબંધમાં કહ્યું કે–ભાવિતાત્મા અનગાર બહારનાં પુદ્ગલોનું ગ્રહણ કરીને વૈભાર પર્વતને ઓળંગી શકે છે.

વળી કહ્યું છે કે–માયી (પ્રમત્ત) મનુષ્ય વિકુર્વણા કરે પણ અમાયી મનુષ્ય વિકુર્વણા ન કરે. એનું કારણ એના ખાન–પાનનું બતાવવામાં આવ્યું છે.

માયી પોતે કરેલી પ્રવૃત્તિનું આલોચન અને પ્રતિક્રમણ કર્યા સિવાય કાળ કરે છે. માટે તેને આરાધના નથી. અને અમાયી, તે પોતાની ભૂલવાળી પ્રવૃત્તિનું આલોચન–પ્રતિક્રમણ કરીને કાળ કરે છે માટે તેને આરાધના છે.卐[૪૭]

卐૪૭. આ ભવ પૂરો કરીને આવતાં ભવે જે દેવ થવાના છે તે દ્રવ્યદેવ કહેવાય છે. આવો દ્રવ્યદેવ અણગાર વૈક્રિય વિકુર્વણા કરીને વૈભારગિરિ પર્વતને ઓલંઘી શકે આ પ્રમાણે પૂછાયેલા પ્રશ્નનો જવાબ ભગવાનને આપ્યો છે. વૈક્રિયશક્તિનો ઉપયોગ માયાવાન્‌પ્રમત્ત મુનિ કરશે પણ અમાયી–અપ્રમત્ત સાધુ ન કરે કેમકે તે અપ્રમત્ત હોવાના કારણે પોતાની ભૂલોનું આલોચન અને પ્રતિક્રમણ કરશે.

અપરાધોની આલોચના જ આત્મકલ્યાણ છે. થયેલી ભૂલોનું વારંવાર આલોચન કરવાથી આત્મામાં જાગૃતિ આવે છે અને આ પ્રમાણેની જાગૃતિ સાધકને આગળ વધવા માટે અવસર આપે છે. પ્રતિક્રમણ પરઘર–વિભાવદશામાંથી આત્માને બહાર કાઢી સ્વઘર–સ્વભાવદશામાં લાવે છે, જે આત્મશુદ્ધિને માટે પ્રથમ અને સશક્ત સોપાન છે. આનું આલંબન લીધા સિવાય કોઈ પણ મુનિ ભાવસંપત્તિનો માલિક બની શકે તેમ નથી.

અનાદિકાળથી આ જીવાત્મા કર્મોના ભારથી ભારે બનેલો છે. આનો અર્થ આ છે કે અનાદિકાળના તે ના તેજ કર્મો જીવાત્માને હોતા નથી. કેમકે બાંધેલા કર્મો પોતાની મર્યાદા પૂરી થયા પછી ઉદયમાં આવે છે અને પોતાનું શુભાશુભ ફળ બતલાવીને આત્મ પ્રદેશોથી છૂટા થાય છે અને અજ્ઞાન અવસ્થા હોવાના કારણે ફરી નવા નવા કર્મો બંધાતા જાય છે આમ જુના કર્મો ખરતાં જાય છે અને પ્રવાહરૂપે નવા કર્મો આવતા જાય છે. માટેજ આમ કહેવાય છે કે આત્મા અનાદિકાળથી કર્મોના ભારે ભારી બનેલો છે.

જૈન શાસનની અજોડતા

ભવપરંપરામાં અનંત દુઃખોને દેનારા આ કર્મોના ભારને હલકો કરવા માટે બીજા શાસનો (ધર્મો) કરતાં જૈનશાસન (જૈનધર્મ) વધારે ઉપયુક્ત છે. યદ્યપિ બીજા ધર્મોમાં ધ્યાન, ધારણા, જાપ, ઈશ્વર-પ્રણિધાન આદિ સદ્-નુષ્ઠાનોનું વર્ણન છે. તથાપિ પ્રાથમિક ભૂમિકાનું સ્પષ્ટીકરણ ત્યાં જોવામાં આવતું નથી. જ્યારે જૈનશાસનમાં લક્ષ્યસિદ્ધ કરવા માટે પ્રાથમિક ભૂમિકાનો પાયો એટલો બધો પાકો છે કે જેને લઈને માણસ માત્ર આત્મકલ્યાણના પંથે આગળને આગળ વધી શકે છે. જેના માટે બે પ્રક્રિયાની જ આવશ્યકતા છે. પહેલી પ્રક્રિયામાં નવા પાપોના દ્વાર બંધ કરવા અને બીજી પ્રક્રિયામાં જૂના પાપોને સર્વથા સમૂળ નાશ કરવા. આ પ્રમાણેની આ બંને પ્રક્રિયા. 'પ્રતિક્રમણ' ક્રિયામાં જ સમાઇ જાય છે. માટેજ તત્ત્વાર્થસૂત્રમાં તીર્થંકર ગોત્રને બાંધવાની ચર્ચા કરતા ઉમાસ્વાતિજી "..आवश्यकापरिहाणि..." કહ્યું છે. અર્થાત્ આવશ્યક-પ્રતિક્રમણ કરનારને જ ગુણઠાણા

તરફ પ્રસ્થાન કરવા માટેની યોગ્યતા પ્રાપ્ત થાય છે. જ્યાં તીર્થંકર નામકર્મની નિકાચના સુલભ બને છે.

પ્રતિક્રમણ આત્માને માટે શુદ્ધ ભાવક્રિયા છે. માટેજ આવશ્યક છે આ પ્રતિક્રમણ જેવી શુદ્ધ ક્રિયા માટે પ્રારંભમાં 'સામાયિક, ચતુર્વિંશતિજિનસ્તવન, તથા ગુરૂવન્દન કરવાનું હોય છે. ત્યારપછી પ્રતિક્રમણ અને પછી કાયોત્સર્ગ તથા પ્રત્યાખ્યાન આમ બે અનુષ્ઠાનો પણ અવશ્યમેવ કરવાના હોય છે.

તેથી આપણે જાણી શકીએ છીએ કે પ્રતિક્રમણનું અનુષ્ઠાન કેટલું બધું મહત્વનું છે.

સામાયિક–એટલે અનાદિકાળથી ભવભ્રમણને કારણે થાકી ગયેલા આત્માને બે ઘડીને માટે શાન્તિ આપનારી ક્રિયા તે સામાયિક છે. કેમકે આત્મા અતતિ સતતં ગચ્છતિ–ઇતિ આત્મા' આ વ્યુત્પત્તિથી એક ભવથી બીજા ભવમાં જવા આવવા માટે નિરન્તર જેનું પ્રયાણ નિરાબાધ છે. તે આત્માને મનુષ્ય અવતારમાં શાન્તિ આપી શકાય છે. જ્યાં જઘન્યથી બે ઘડી સુધી અને ઉત્કૃષ્ટથી જીન્દગીના છેલ્લા શ્વાસ સુધી, નવા પાપનાં દ્વાર (આશ્રવમાર્ગ) બંધ કરી દેવાનું તથા નવા પાપ રોકયા પછી જ જૂના પાપોને ખંખેરવાના હોય છે.

માનસિક જીવનમાં સ્ફૂર્તિ રહે તે માટે આ સામાયિક અરિહંત સિદ્ધ અને આચાર્ય ભગવંતની સાક્ષીએ કરવામાં આવે છે. ત્યાં સાધક પોતે આવી પ્રતિજ્ઞા કરે છે કે હું મારા નિયમ સુધી :—

૧. મન, વચન અને કાયાથી.

૨. મન અને વચનથી.

૩. મન તથા કાયાથી.
૪. વચન તથા કાયાથી.
૫. કેવળ મનથી.
૬. કેવળ વચનથી.
૭. કેવળ કાયાથી. કાંઇપણ પાપ કરીશ નહી.

આ પ્રમાણે સાધક માત્ર પોતાની આત્માની શક્તિ જાણી લે અને માનસિક પરિસ્થિતિનો નિર્ણય કરીને ઉપરના સાત ભાગમાંથી પોતે કયા પ્રકારે પાપોના દ્વાર બંધ કરી શકે છે તેનો પાકે પાયે નિશ્ચય કરીને, આવી પ્રતિજ્ઞા સ્વીકારે છે તે આ પ્રમાણે :—

મારા નિયમ સુધી હું કોઈપણ પ્રકારના પાપની, દ્વેષની રાગની, મોહની અને ભોગવેલા ભોગોની ભાવના કરીશ નહી. અને પાંચે ઈન્દ્રિયોનું મૌન રાખીશ અર્થાત્ સ્પર્શેન્દ્રિય દ્વારા કોઈનો પણ સ્પર્શ કરીશ નહી. જીભ ઇન્દ્રિય દ્વારા ખાવાનું પીવાનું અને બોલવાનું બંધ કરીશ. નાક ઈન્દ્રિયથી કોઈપણ સુગન્ધ કે દુર્ગન્ધ પ્રત્યે સમભાવ રાખીશ. આંખ ઈન્દ્રિયને બંધ રાખીશ અને કાન દ્વારા કયાંયે પણ થતી વાતને સાંભળીશ નહી. સાંભળવાની ઇચ્છા કરીશ નહી, આ પ્રમાણે પાંચે ઇન્દ્રિયને બંધ રાખીશ અને આ પ્રમાણે પાંચે ઈન્દ્રિયોને મૌનમાં રાખીને તે સાધક પોતાના આત્મામાં એવું નિશ્ચય બળ કેળવે છે કે હું કોઈનો નથી. મારા નિયમ સુધી સંસારની કોઈપણ જડ કે–ચેતન વસ્તુ મારી નથી. હું કોઈનો બાપ નથી. શેઠ નથી, પતિ નથી, પત્ની નથી. સમ્યગ્દર્શન–જ્ઞાનચારિત્ર એજ મારો

વ્યાપાર છે. હું શુદ્ધ છું, અરિહંત સ્વરૂપ છું. આ પ્રમાણે બે ઘડીને માટે આત્માના ધ્યાનમાં તદાકારતા પ્રાપ્ત કરીને ભવભવાંતરના થાકને ઉતારશે.

આ પ્રમાણે નિયમ કરીને તથા ચુસ્તપણે પાળીને અત્યંત શ્રદ્ધા અને સાવધાની પૂર્વક સામાયિક ધર્મમાં સ્થિર રહેનારા-સાધકને માટે આપણે ચોક્કસ કહી શકીએ છીએ કે, આ ભાગ્યશાલીએ પાપ આવવાનાં સ્થાનોને પ્રયત્નપૂર્વક બંધ કર્યા છે માટે જ આવી વ્યવહારુ ક્રિયા જૈન શાસનને છોડીને બીજે કયાંએ પણ જોવા મળતી નથી.

જયાંસુધી સામાયિક દ્વારા પાપોના દ્વાર બંધ કરવામાં ન આવે ત્યાંસુધી ગમે તેવો પણ આધ્યાત્મિક માણસ, માળા-દ્વારા જાપ કરનાર અને તત્ત્વોની ચર્ચા કરનાર પણ જીવનના રહસ્યને પામી શકે તેમ નથી.

જેઓ આધ્યાત્મિક જીવનની ચરમ સીમાએ પહોંચી ગયેલા છે. તે તીર્થંકરદેવો પણ જયારે દીક્ષા અંગીકાર કરે છે ત્યારે સૌથી પ્રથમ "करेमि सामाइअं...." આ સૂત્રથી સામાયિક જ ઉચ્ચરે છે. તેથી જ અનુમાન કરી શકાય છે કે તીર્થંકર દેવોનું શાસન (આજ્ઞા)જ પરમહિતકારી અને જીવ-માત્રને પાપોથી બચાવનાર છે.

(૨) ચતુર્વિંશતિ જિનસ્તવન

પાપોના દ્વાર બંધ કરવા માટે સામાયિકમાં પ્રવેશ કરેલા આત્માને જયારે આ પ્રમાણે અનુભવાય છે કે મેં નવા પાપોને તો રોકી લીધા છે પણ જૂના પાપોને ધોવા માટે આત્મામાં પાવર (ઇચ્છાશક્તિ)ની આવશ્યકતા છે ત્યારે તે ભાગ્યશાલી 'લોગસ્સ....' સૂત્રના શુદ્ધ ઉચ્ચારણ દ્વારા

અથવા ગમે તેનાથી બોલાતા લોગસ્સ સૂત્રના એક એક શબ્દ પ્રત્યે ધ્યાન રાખીને મનની પ્રસન્નતાપૂર્વક એકે એક તીર્થંકરદેવને નામપૂર્વક મન–વચન–કાયાથી નમસ્કાર કરે છે.

માણસમાત્ર અખુટ શક્તિનો માલિક છે અને તીર્થંકરદેવો પૂર્ણશક્તિના સ્વામી છે માટે શ્રદ્ધાપૂર્વક તીર્થંકર પરમાત્માઓને નમસ્કાર કરનાર પોતાના આત્મામાં શક્તિનો સંચાર કરે છે અને આ પ્રમાણે કરીને પોતાના જીવનમાં એક અભૂતપૂર્વ ઇચ્છાશક્તિ (WILL POWER) ને જન્મ આપે છે.

(૩) ગુરુવન્દન

ત્યારપછી જૈનધર્મને તથા તીર્થંકરદેવોને ઓળખાવનાર ગુરુદેવોને વન્દના કરવા માટે તે સાધક તૈયાર થાય છે અને સમ્યક્ર, શ્રુત, તથા ચારિત્ર સામાયિક દેવાવાલા પરમ દયાલુ ગુરુભગવંતોના ચરણમાં માથુ મૂકીને વન્દના કરે છે.

આ વાત આપણે માની લઇએ કે પ્રત્યેક જીવને જૈન શાસન પ્રાપ્ત કરાવનાર જુદા જુદા એકાદ ગુરુ જ હોય છે, તેથી તે જ ગુરુને માનીને બીજા આચાર્યો ઉપાધ્યાયો કે મુનિઓને ન માનવા. આ પ્રમાણેનું તાત્પર્ય ગુરુવન્દનનું હોઇ શકે નહી.

માણસ ધર્મ મેળવે છે પોતાના આત્મકલ્યાણને માટે જ. નહી કે એક જ ગુરુ પ્રત્યે દૃષ્ટિ રાગી બનીને બીજા ગુરુઓને અપમાનિત કરવા માટે.

યદિ ધર્મ પામ્યાનું આ રહસ્ય સાચું હોય તો અઢી દ્વીપમાં રહેનાર આર્હત મુનિસાત્ર આપણા ગુરુદેવ છે.

ગુરુવન્દના કરતા આ ઉદાત્ત અને પવિત્ર ભાવના જો આપણા મનમાં હશે તો સાધકના જીવનમાં ગુણોને પ્રાપ્ત કરવા અર્થે નવા જ ચમત્કાર સર્જાશે.

વ્યક્તિગત રાગી બનેલાને માટે મોક્ષના દ્વાર બંધ હોય છે—સદંતર બંધ હોય છે. આવો સાધક જૈન શાસનનો રાગી બનતો નથી. પણ અવસર આવ્યે જૈનશાસનનો દ્રોહી બને છે, ગુરુસંસ્થાનો તથા પોતાના આત્માનો પણ દ્રોહી બને છે. કેમકે જે વ્યક્તિના આપણે દૃષ્ટિરાગી બનીએ છીએ તે આપણા માનેલા વ્યક્તિના હજારો શત્રુઓ પણ સંસારમાં વિદ્યમાન છે. આ સ્થિતિમાં આપણા ગુરુના શત્રુ તે આપણા અર્થાત્ વ્યક્તિગત રાગીના પણ શત્રુ સિદ્ધ થશે. આમ થયે એક ગુરૂને વન્દન કરતો સાધક બીજા ગુરુઓનું અપમાન કરશે, ત્યારે તે સિદ્ધચક્ર ભગવાનનો પણ આરાધક શી રીતે બનશે? કેમકે સિદ્ધચક્ર ભગવાનમાં આપણા પોતાના જ માનેલા આચાર્યો, ઉપાધ્યાયો અને મુનિ ભગવંતો બિરાજમાન નથી પણ અઢી-દ્વીપમાં રહેલા સર્વે આચાર્યો ઉપાધ્યાયો અને સાધુઓથી શોભતું સિદ્ધચક્ર યન્ત્ર છે.

આ બધી તત્ત્વની વાતો પ્રત્યે ધ્યાન રાખીને તથા આ રહસ્યનું મનન કરીને સાધક માત્ર વ્યકિતગત રાગી બનવા કરતાં જૈન શાસનનો રાગી બને એજ પવિત્ર અને આત્મ-કલ્યાણ માટે સરળ માર્ગ છે.

(૪) પ્રતિક્રમણ:—આ પ્રમાણે ત્રણે આવશ્યકોના માધ્યમથી આત્મામાં અપૂર્વ તેજ લાવીને સાધક પ્રતિક્રમણના સૂત્ર બોલવા પહેલા સર્વ સામાન્યથી ચોરાશી લાખ જીવાયોનિના જીવોને મિચ્છામિદુક્કડં દીધા પછી પોતાના આત્મગત પાપોની

સેવના બદલ પશ્ચાતાપ કરીને પોતાના પાંચે આચારોમાં,વ્રતોમાં, ગુણવ્રતોમાં, શિક્ષાવ્રતોમાં, જે કંઇ અતિચાર લાગ્યા હોય તે એક એકને યાદ કરીને તે અતિચારોની નિંદા કરે છે, ગર્હા કરે છે, તથા જિનેન્દ્ર ભગવંતોએ પ્રતિષેધ કરેલા કાર્યને કર્યા હોય અને કરવા કહેલ કાર્યોને પ્રમાદવશ ન કર્યા હોય તે માટે વારંવાર પોતાના આત્માની ગુરુસાક્ષીએ ભર્ત્સના કરે છે.

આત્માને પરમાત્મા બનાવવા માટે આજ માર્ગ સરળ છે. મેલા કપડાઓને જ્યારે આપણે ધોબીને આપીએ છીએ ત્યારે "કપડા ઉજલા કરીને લાવજે." આટલું કહેતાં જ મૂર્ખ ધોબી આ અર્થનો મર્મ ન સમજે અને કપડા ઉપર સફેદો લગાવીને પાછા લાવે, તો....શું થાય! જ્યારે સાવધાન અને ચાલાક ધોબી આ અર્થનો મર્મ બરાબર સમજે છે કે કપડા ઉપર લાગેલા મેલને સર્ફ પાઉડર દ્વારા દૂર કરવો અને નવા મેલને લાગવા દેવો નહીં તેથી કપડું જ્યારે મૂળ સ્થિતિમાં આવશે. અને લાગેલા મેલમાંથી મુક્ત થશે. ત્યારે કપડું સ્વતઃ ઉજ્જવલ બનશે.

"આજ પ્રમાણે આત્મકલ્યાણ કરવું" આનો અર્થ સારી રીતે નહી સમજનારા સાધકો ગમે તેવા અનુષ્ઠાનો કરીને સંતોષ માને છે. જ્યારે ગૂઢ રહસ્યના જાણકાર સાધકો 'આત્મકલ્યાણ' એટલે "આત્માને શુદ્ધ સ્વરૂપ તરફ લઈ જવો." આવો અર્થ કરીને તેને લગતી જ ક્રિયાઓ કરશે; કપડાનાં મેલને સાફ કરવા માટે સર્ફ અથવા તેનાબની ભઠ્ઠીને કામમાં લેશે.. તે પ્રમાણે આત્મા ઉપર લાગેલા કર્મોને–પાપોને દૂર કરવા માટે પ્રતિક્રમણ જ કામ આવશે; પ્રાયશ્ચિત, પશ્ચાતાપ, આત્મ-નિંદા, પોતાના પાપોને ગુરુ સમક્ષ કહી દેવા એજ પ્રતિક્રમણનો

ગૂઢાર્થ છે. આ પ્રમાણે નવા પાપોને રોકતો અને જૂના પાપોને ધોતો સાધક જ પરમાત્મા બને છે.

કાયોત્સર્ગ :–ધોયેલા કપડાને ગળી તથા ઈસ્ત્રી કરવામાં આવે છે તેવી જ રીતે પ્રતિક્રમણ કર્યા પછી તે સાધકને એક વાતની યાદ આવે છે કે અત્યારસુધીના જે પાપો કર્યા છે તે પાપોથી ભરેલા આ શરીરને આભારી છે, માટે આ શરીરને દંડવા માટે ઉભા ઉભા અથવા બેઠા બેઠા એકાગ્રચિત થઈને કાયાની માયા ઘટાડવા માટે કાયોત્સર્ગ કરશે. અને છેવટે આહાર, ભય, પરિગ્રહ અને મૈથુન સંજ્ઞામાં કાપ મૂકવા માટે અમુક નિયમ લઈને અમુક સમય સુધી આહારનો, પાણીનો, બેાટા વ્યાપારનો પરિગ્રહનો અને મૈથુન કર્મનો ત્યાગ કરવા રૂપ પ્રત્યાખ્યાન (પચ્ચખાણ) કરશે. અને ભાવપૂર્વક ત્યાગ કરીને પોતાના પાપોને ધોવા માટે તૈયાર થયેલો દેશવિરિત શ્રાવક, મુનિભગવંતોનું સાહચર્ય સ્વીકારશે. અને શ્રમણોપાસક બનશે.

જ્યારે જીન્દગીના છેલ્લા શ્વાસ સુધી સામાયિક વ્રત લેનાર મુનિ દિન–પ્રતિદિન આ છ આવશ્યકોમાં મસ્ત બનીને આગળને આગળ વધશે આવી સ્થિતિમાં અમાયી અર્થાત્ અપ્રમત્ત મુનિને વૈકિય શરીર બનાવવા માટેનું કંઈ પણ પ્રયોજન નથી.

હવે પ્રતિક્રમણ માટે થોડું વિચારીએ, જે આત્મકલ્યાણ માટે સર્વશ્રેષ્ઠ સાધન છે.

પ્રતિક્રમણમાં બોલાતા સૂત્રો ઉપર અક્ષરશઃ ધ્યાન આપવું. યથાશકય અર્થની વિચારણા પ્રત્યે ખ્યાલ રાખવો. સંધની સાથેજ પ્રતિક્રમણ કરવું. જેથી સંઘમાં સંપ રહે. અને અનુકૂળ સમય આવતાં શત્રુઓ સાથે પણ ક્ષમાપના કરવાનો લાભ મળે.

ભાવિતાત્મા અણગારનું વિકુર્વણ

આ ઉદ્દેશકમાં ભાવિતાત્મા અનગાર જુદાં જુદાં પ્રકારનાં રૂપોને અભિયોગ અને વિકુર્વણા કરે કે કેમ? તથા એ પ્રમાણે માયી સાધુ કે અમાયી સાધુ કરે કે કેમ? એ સંબંધી પ્રશ્નોત્તર છે. સાર આ છે :—

ભાવિતાત્મા અનગાર બહારનાં પુદ્ગલોને લઈને મોટા સ્ત્રીના રૂપને વિકુર્વી શકે છે. અને એવાં રૂપો વૈક્રિય સમુદ્‌ઘાત કરીને આખા જંબુદ્વીપને આકીર્ણ વ્યતિકીર્ણ કરી શકે, એટલાં કરી શકે છે, પરન્તુ તેમ કોઈવાર કર્યું નથી, કરતા નથી, ને કરશે પણ નહિ. શક્તિ એવી જરૂર હોય છે.

આવીજ રીતે ભાવિતાત્મા અનગાર, તરવાર અને ઢાલ લીધેલા પુરુષની જેમ એક હાથમાં પતાકા લીધેલા પુરુષની જેમ, એક તરફ જનોઈ કરીને બેઠેલા પુરુષની જેમ, એક તરફ પલોંઠી કરીને બેઠેલા પુરુષની જેમ, એક તરફ પર્યંકાસન

સંઘમાં સાધર્મિક વાત્સલ્ય માટે અપૂર્વ લાભ મળે છે.
ધાર્મિક વાતાવરણ ઉત્પન્ન થાય છે.
ગુણવંત પુરૂષોનો સહવાસ મળે છે.
સૂત્રોચ્ચાર શુદ્ધ બને છે.

આપણા સંતાનોને પણ જૈન ધર્મ પ્રત્યે રાગ ઉદ્‌ભવે છે. પ્રભાવના કરવાનો લાભ મળશે. આ બધી વાતોનું ધ્યાન રાખીને સૌ ભાગ્યશાલીઓએ પ્રતિક્રમણ કરવું જોઈએ તોજ આપણો આત્મા કંઈક આગળ વધશે. અને ભવનો આંટો લેખે લાગશે.

કરીને બેઠેલા માણસની જેમ–એમ જુદી જુદી જાતનાં રૂપો કરીને આકાશમાં ઉડી શકે છે. એવી એવી શક્તિ છે. પરન્તુ એ પ્રમાણેનું વિકુર્વણ થયું નથી. થતું નથી ને થશે પણ નહિં.

આવીજ રીતે ભાવિતાત્મા અનગાર બહારનાં પુદ્ગલોને લઈને ઘોડાના, હાથીના, સિંહના, વાઘના, નાગના, દ્વીપડાના, રીંછના, ન્હાના વાઘના અને શરભના રૂપને અભિયોજી શકે છે. અને તેમ કરીને અનેક યોજનો સુધી જઈ શકે છે. તે પોતાની આત્મ ઋદ્ધિથી જ જાય છે, નહિં કે પરઋદ્ધિથી. પોતાના જ કર્મથી જાય છે. નહિં કે બીજાના. પોતાનાજ પ્રયોગથી જાય છે. નહિં કે બીજાના. એ સીધા પણ જઈ શકે છે ને વિપરિત પણ જઈ શકે છે.

એવા ઘોડા–હાથી વગેરેના રૂપમાં આવેલને અનગાર ઘોડો–હાથી ન કહેવાય, પણ તે અનગાર જ છે.

આ પ્રમાણેનું તે વિકુર્વણ માયી–અનગાર કરી શકે છે. અમાયી ન કરે. એ પ્રમાણેનું વિકુર્વણ કર્યા પછી જો તેની આલોચના અને પ્રતિક્રમણ કર્યા સિવાય જ તે સાધુ કાળ કરે તો તે કોઈ એક જાતના આભિયોગિક દેવલોકોમાં દેવપણે ઉત્પન્ન થાય છે.

તે ક્રિયા સંબંધી આલોચના અને પ્રતિક્રમણ કરીને જો અમાયી સાધુ કાળ કરે, તો તે કોઈ એક જાતના અનાભિયોગિક દેવલોકોમાં દેવપણે ઉત્પન્ન થાય છે.卐૪૮

મંત્રાદિ પ્રયોગ માયાવીને હોય

卐 ૪૮. વૈક્રિયશક્તિ ધારણ કરનારા મુનિરાજોને માટે

ગામ–નગરનું વિકુર્વણ

આ પ્રકરણમાં પણ વિકુર્વણ સંબંધી જ હકીકત છે. સાર આ છેઃ–મિથ્યાદૃષ્ટિ અને માયી–કષાયી ભાવિતાત્મા અનગાર વીર્યલબ્ધિથી, વૈક્રિયલબ્ધિથી અને વિભંગજ્ઞાન લબ્ધિથી રાજગૃહમાં રહીને વાણારસી નગરીનું વિકુર્વણ કરી શકે છે, અને તદ્‌ગત રૂપોને જાણે અને જુએ છે પરન્તુ તે તથાભાવે ન જાણે ને જુએ. અન્યથા ભાવે—એટલે જેવું છે એનાથી વિપરીત રીતે જાણે ન જુએ. એનું કારણ એ છે કે–એ સાધુના મનમાં એમ થાય છે કે–વાણારસીમાં રહેલો હું રાજગૃહનગરીની વિકુર્વણા કરીને તદ્‌ગત રૂપોને જાણું છું ને જોઉં છું, એમ તેનું દર્શન વિપરીત હોય છે.

આવી જ રીતે ઉપર પ્રમાણેનો અનગાર જો વાણારસીમાં રહીને રાજગૃહ નગરીનું વિકુર્વણ કરે તો પણ તે ઉલટું જ

આ પ્રશ્નોત્તર છે! જે અત્યન્ત સ્પષ્ટ છે. અહીં પણ એટલું સમજવાનું કે, અમાયી–અપ્રમત સાધુ વૈક્રિયશક્તિનો પ્રયોગ કરે છે. શા માટે કરે છે?

(૧) ચતુર્વિધ સંઘના યોગક્ષેમને માટે કંઈ પણ પ્રયોજન હોય ત્યારે વૈક્રિય શક્તિનો ઉપયોગ કરે છે અને પછીથી તે કર્મની આલોચના તથા પ્રતિક્રમણ કરી લે છે.

(૨) વૈષયિક સુખને માટે સ્વાદિષ્ટ ભોજનને માટે તથા ભૂતિકર્મને માટે આયોજે છે.

(૩) જેની આદિમાં 'ૐ' અને અંતે 'સ્વાહા' હોય તે મંત્ર પ્રયોગ કહેવાય છે.

દેખે. કારણ કે તે પોતાને રાજગૃહમાં રહીને વિકુર્વણ કરતો હોય, એમ જુએ છે.

આવી જ રીતે રાજગૃહ અને વાણારસીની વચમાં કોઈ મોટા જનપદ વર્ગની વિકુર્વણા કરે અને તે પછી તે વાણારસીનગરી અને રાજગૃહનગરની વચ્ચે મોટા જનપદ વર્ગને જાણે અને જુએ, પરન્તુ તેને તથાભાવે ન જાણે અને ન જુએ. અન્યથા ભાવે જાણે અને જુએ. કારણ કે તેના મનમાં એમ થાય છે કે—આ વાણારસી નગરી છે અને આ રાજગૃહનગર છે. તથા એ બેની વચ્ચે આવેલો આ એક જ જનપદ વર્ગ છે, પણ તે મારી વીર્યલબ્ધિ, વૈક્રિય લબ્ધિ, વિભંગજ્ઞાન લબ્ધિ નથી. તેવું તે સાધુને વિપરીત દર્શન થાય છે.

---

(૪) સાધના અથવા ઔષધિ સંયોગને આયોગ કહેવાય છે.

(૫) મનુષ્યોની, પશુઓની અને ઘરની રક્ષા માટે, ભસ્મ મૃત્તિકા તથા સુતર દ્વારા કરાતા પ્રયોગને અને ભભૂતિ નાખવી, મંત્રીને ધૂલ તથા રાખ નાખવી. દોરા ધાગા કરવા તે બધાને ભૂતિકર્મ કહેવાય છે.

આ પ્રમાણે જે સાધુ મંત્ર, આયોગ અને ભૂતિકર્મને પોતાના અંગત લાભને માટે, સારા આહારના લોભને માટે, સારા કપડા મેળવવા માટે તથા વિષયવાસનાના સુખને માટે કરે છે તે સાધુ કાળ કરીને 'આભિયોગિક' દેવ બને છે. જ્યાં મોટા દેવોની આજ્ઞામાં રહેવાનું કામ હોય છે.

અર્થાત્ દેવલોકમાં પણ દાસ તરીકે જીવન પૂરૂં કરે છે.

આ પ્રમાણે વિપરીત—ઉલટું જ્ઞાન મિથ્યાદૃષ્ટિ, માયી, ભાવિતાત્મા અનગારને માટે કહ્યું છે, પરન્તુ કોઈ અમાયી, સમ્યગ્દૃષ્ટિ, ભાવિતાત્મા અનગારને માટે જે ઉપર પ્રમાણે અને તો તે તથાભાવે જ જાણે-જુએ, અન્યથાભાવે ન જાણે-ન જુએ.

હવે કોઈ ભાવિતાત્મા અનગાર બહારમાં પુદ્ગલો મેળવ્યા સિવાય મોટા ગામને, રૂપને, નગરનાં રૂપને કે સંનિવેશના રૂપને વિકુર્વાને સમર્થ નથી. પણ બહારનાં પુદ્ગલોને મેળવીને વિકુર્વાને સમર્થ છે. એવી એની શક્તિ છે. પરન્તુ તે પ્રમાણે થતું નથી, થયું નથી ને થશે પણ નહિં.

ચમરના આત્મરક્ષક દેવો

ચમરના આત્મરક્ષક દેવો ૨૫૬૦૦૦ છે.卐[૪૯]

卐૪૯. દક્ષિણાર્ધપતિ ચમર ઈન્દ્રને અંગરક્ષક દેવો કેટલા છે? આ પ્રમાણેના પ્રશ્નમાં ભગવાન ફરમાવે છે કે, સામાન્યતઃ અંગરક્ષક દેવો પોતાના માલિક ઈન્દ્રમહારાજની રક્ષા માટે તૈયાર રહેલા હોય છે. બખ્તર પહેરેલા, ધનુષ્યબાણને તૈયાર કરીને રહેનારા, ડોકમાં આભૂષણોને પહેરેલા, જુદી જુદી જાતના શસ્ત્રોને ધરનારા, ઢાલ અને તલવારને રાખનારા, ઇન્દ્રમહારાજને કોઈપણ જાતે વાંધો ન આવવા દે તેવા મનોરથવાલા, પરસ્પર સંપ કરીને રહેલા અને વારા ફરતી ચોકી કરનારા, અત્યંત વિનયવાલા વિવેકી અને સુન્દર હોય છે.

પ્રત્યેક ઈન્દ્રને જેટલી સંખ્યામાં સામાનિક દેવો હોય છે તેનાથી ચારગુણી સંખ્યામાં અંગરક્ષક દેવો હોય છે. તે નીચે મુજબના કોષ્ટકથી જાણવું.

ઈન્દ્ર મહારાજાઓ	સામાનિક દેવોની સંખ્યા	અંગરક્ષક દેવોની સંખ્યા
૧ ચમર ઈન્દ્ર	૬૪ હજાર	૨.૫૬૦૦૦
૨ બલી ઈન્દ્ર	૬૦ હજાર	૨.૪૦૦૦૦
૩ શેષ ભવનપતિ ઈન્દ્રો	૬ હજાર	૨૪૦૦૦
૪ શક્રેન્દ્ર	૮૪ હજાર	૩.૩૬૦૦૦
૫ ઈશાનેન્દ્ર	૮૦ હજાર	૩.૨૦૦૦૦
૬ સનત્કુમાર	૭૨ હજાર	૨.૮૮૦૦૦
૭ માહેન્દ્ર	૭૦ હજાર	૨.૮૦૦૦૦
૮ બ્રહ્મેન્દ્ર	૬૦ હજાર	૨.૪૦૦૦૦
૯ લાન્તકેન્દ્ર	૫૦ હજાર	૨.૦૦૦૦૦
૧૦ મહાશુક્ર	૪૦ હજાર	૧.૬૦૦૦૦
૧૧ સહસ્રાર	૩૦ હજાર	૧.૨૦૦૦૦
૧૨ પ્રાણત	૨૦ હજાર	૮૦૦૦૦
૧૩ અચ્યુત	૧૦ હજાર	૪૦૦૦૦

શક્રના લોકપાલ

આ પ્રકરણમાં ઈન્દ્રોનાં લોકપાલો, તેમનાં વિમાનો વિગેરે સંબંધી હકીકત છે.

આ પ્રશ્નોત્તરો રાજગૃહમાં થયા છે. સાર આ છે :—

શક્રના ચાર લોકપાલ છે :—સોમ, યમ, વરૂણ અને વૈશ્રમણ. એમનાં ચાર વિમાનો છે. સંધ્યાપ્રભ, વરશિષ્ટ,

સ્વયંજ્વલ અને વલ્ગુ. સોમનું સંધ્યાપ્રભ નામનું વિમાન જંબૂદ્વીપના મંદર પર્વતની દક્ષિણે, રત્નપ્રભા પૃથ્વીના રમણીય ભૂમિ ભાગથી ઊંચે, સૌધર્મ કલ્પમાં અસંખ્ય યોજન ગયા પછી 'સંધ્યાપ્રભ' નામનું વિમાન આવે છે.

યમનું વરશિષ્ટ નામનું મહાવિમાન સૌધર્મકલ્પથી અસંખ્ય હજાર યોજન મૂકયા પછી આવે છે.

વરૂણનું સ્વયંજ્વલ નામનું મહાવિમાન સૌધર્મકલ્પથી અસંખ્ય હજાર યોજન મૂકયા પછી આવે છે.

વૈશ્રમણનું વલ્ગુ નામનું મહાવિમાન સૌધર્માવતંસક વિમાનની ઉત્તરમાં છે.

આ પ્રકરણમાં લોકપાલોની આવરદા અને તેમની બીજી સમૃદ્ધિનું પણ વર્ણન આવે છે. 卐૫૦

卐૫૦. ૩૨ લાખ વિમાનોના અધિપતિ શક્રેન્દ્રને ચારે દિશાઓના રક્ષક સોમ, યમ, વરૂણ અને કુબેર નામે ચાર લોકપાળો છે તેમાંથી સોમદેવનું વિમાન કયાં આવેલું છે? તેનો ઉત્તર આ પ્રમાણે છે.

સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓના વિમાનથી ઘણા યોજન ઊંચે ગયા પછી, અશોકાવતંસક, સપ્તપર્ણાવતંસક, ચંપકાવતંસક, પૂતાવતંસક અને સૌધર્માવતંસક આ પ્રમાણે પાંચ અવતંસકો કહ્યા છે. તેમાંથી સૌધર્માવતંસક નામના મહાવિમાનની પૂર્વે સૌધર્મદેવલોક છે તેમાં અસંખ્ય યોજન દૂર ગયા પછી દેવરાજ શક્રેન્દ્રના લોકપાળ સોમ નામના મહારાજનું 'સન્ધ્યાપ્રભ' નામનું મહાવિમાન આવેલું છે.

સોમ લોકપાલની આજ્ઞામાં નવે ગ્રહો

આ સોમ નામના લોકપાળની આજ્ઞામાં સોમકાયિકો, સોમદેવકાયિકો, વિદ્યુત્કુમારો વિદ્યુત્કુમારિઓ, ચન્દ્રો, સૂર્યો, ગ્રહો, નક્ષત્રો, તારા તથા બીજા પણ દેવો છે.

તથા મેરૂપર્વતની દક્ષિણે ઉત્પન્ન થનારા, ગ્રહયુદ્ધો, ગ્રહમૂશલો, ગ્રહગર્જિતો, ગ્રહયુદ્ધો, ઉલ્કાપાતો, દિગ્દાહો, ગર્જારવો વિજળીઓ, ધૂલની વૃષ્ટિઓ, ચન્દ્રગ્રહણો, સૂર્યગ્રહણો, તથા સૂર્યચન્દ્રના પરિવેષો ઇન્દ્રધનુષો, આદિ જે થાય છે અને માનવજાત ઉપર જેમની અસરો સ્પષ્ટ દેખાય છે. તે આ સોમ નામના લોકપાળથી અજાણ નથી. તથા મંગળ, ગ્રહ, શનૈશ્ચર, ચન્દ્ર, સૂર્ય, શુક્ર, બુધ, ગુરૂ, અને રાહુ દેવો પણ આ લોકપાળને અભિમત છે. સાર આ છે કે આ બધા ગ્રહો મનુષ્યજાતિ તથા પશુજાતિના પ્રાણક્ષય, જનક્ષય, કુલક્ષય આદિને કરનારા છે. અને આ લોકપાળની આજ્ઞામાં રહે છે અર્થાત્ પુત્ર જેવા છે.

તીર્થંકર દેવોના અનન્ય ચરણ ભક્ત ઈન્દ્ર મહારાજના આજ્ઞાપલક સોમ નામના લોકપાળની આજ્ઞામાં ગ્રહોનો નિવાસ છે. માટે ગ્રહો પણ જિનેન્દ્ર ભક્ત હોવાના કારણે પ્રતિષ્ઠા આદિ વિધાનોમાં તેમને આ પ્રમાણે અંજલી આપીએ.

ॐ सूर्य-सोमाङ्गारक-बुध-गुरु-शुक्र शनैश्चर-राहु-केतु प्रमुखाः ग्रहाः सुपूजिताः सन्तु, सुग्रहाः सन्तु, पुष्टिदाः सन्तु, तुष्टिदाः सन्तु, मंगलदाः सन्तु, समहोत्सवदाः सन्तु। આ પ્રમાણે કહીને ગ્રહોને પુષ્પો વગેરેથી પૂજીએ છીએ.

યમનું વર્ણન

યમ નામના બીજા લોકપાળ માટે આ પ્રમાણે જાણવું. સૌધર્માવતંસક મહાવિમાનના દક્ષિણભાગે સૌધર્મકલ્પ છે, ત્યાંથી અસંખ્યાત હજાર યોજન મૂકયા પછી, ઈન્દ્રમહારાજની આજ્ઞામાં રહેવાવાલા આ લોકપાળનું વિમાન આવે છે. જે વિમાનની લંબાઈ પહોળાઈ ૧૨।। લાખ યોજનની છે. આ લોકપાળની આજ્ઞામાં, યમકાયિક, યમદેવકાયિક, પ્રેતકાયિક, (વ્યન્તર વિશેષ), પ્રેતદેવકાયિક, અસુરકુમાર, અસુરકુમારિઓ, કંદર્પો, નરકપાળો આદિ બીજા પણ દેવો છે. જે નીચે પ્રમાણેનાં વિઘ્નો, ઉપદ્રવો, કલહ, એકબીજા સામે બોલાબોલી, બીજા પ્રત્યેખાર, મહાયુદ્ધો; સંગ્રામો, મહાપુરૂષોનાં મરણો, રુધિરપાત, ગામ–દેશ–મંડળ–નગરનાં રોગો, માથાનો દુઃખાવો, આંખની પીડા, કાનની વેદના, નખનાં રોગ, દાંતની પીડા, વળગાડ, યક્ષ–ભૂતની પીડા, એકાન્તરીયા તાવ આદિ ઉદ્વેગ, ખાંસી, દમ, અજીર્ણ, પાંડુરોગ, હરસ, ભગંદર, છાતી–માથું તથા પેટનું અને પડખાનું, કાખનું વગેરેનું શૂળ, મરકીરોગ, તીડ, મચ્છર, જૂ, માકડ આદિના ઉપદ્રવો આદિ બીજા પણ રોગો કરનારા છે. આ યમદેવની આજ્ઞામાં રહેનારા ૧૫ પ્રકારના પરમાધામિઓ નારક જીવોને આ પ્રમાણે પીડા આપે છે.

૧૫ પરમાધામિઓ

(૧) અંબ—નારક જીવોને ઉંચેથી નીચા ફેંકે છે.

(૨) અંબરીષ—અસુરો કાતર વડે નારકોના ટુકડા કરીને ભાઠાંમાં પકાવવા યોગ્ય બનાવે છે.

(૩) શ્યામ—નારકોને શાતન પીડા આપે છે. એટલે છોલે છે.

(૪) શબલ—નારકોના આંતરડાઓ અને હૃદયને બહાર કાઢે છે અને બીજી પણ પીડાઓ આપે છે.

(૫) રૌદ્ર—બરછી અને ભાલા વગેરેથી નારકીના જીવોને પરોવવાનું કામ કરે છે.

(૬) ઉપરૌદ્ર—નારકોના અંગોને તથા ઉપાંગોને ચીભડાની જેમ ચીરી નાંખવાનું કામ કરે છે.

(૭) કાલ—કડાઇમા નાંખીને નારકોને રાંધે છે.

(૮) મહાકાલ—નારક જીવોના ચીકાસવાલા માંસના ટૂકડા ઓને ખાંડે છે. અને સ્વાદ લે છે.

(૯) અસિપત્ર—તલવારની ધારા જેવા પાંદડાઓનું વન બનાવીને નારક જીવોને તેમાં ફેંકે છે.

(૧૦) કુંભ—ઘડામાં નારકોને રાંધે છે.

(૧૧) ધનુષ—ધનુષ્યના બાણો વડે વીંધવાનું કામ કરે છે.

(૧૨) વાલુક—ગરમા ગરમ રેતીમાં નાંખે છે.

(૧૩) વૈતરણી—પરૂ, લોહી વગેરે ગંધાતા પદાર્થોથી ભરેલ નદીમાં નારક જીવોને નાંખવાનું કામ કરે છે.

(૧૪) ખરસ્વર—શાલ્મલી, (વજ્ર જેવા કાંટાવાલા)ઝાડ ઉપર નારક જીવોને ચઢાવવામાં આવે છે.

(૧૫) મહાઘોષ—ભય પામેલા નારકોને વાડામાં પૂરી રાખે છે.

વરૂણનું વર્ણન

હવે ત્રીજા વરૂણ નામના લોકપાળનું આ પ્રમાણ વર્ણન કરે છે.

જે સૌધર્મા વતંસક મહાવિમાનની પશ્ચિમે વરૂણરાજનું સ્વયંજલ નામનું મહાવિમાન છે, આ લોકપાળની આજ્ઞામાં વરૂણકાયિકો; વરૂણદેવકાયિકો નાગકુમારો, નાગકુમારિકાઓ, ઉદધિકુમારો, ઉદધિકુમારિકાઓ, સ્તનિત કુમારો, સ્તનિત કુમારિકાઓ આદિ બીજા પણ ઘણા દેવો રહે છે. જેઓ:-

અતિવૃષ્ટિ :— વેગ પૂર્વક વરસાદ વરસાવે છે.

મંદવૃષ્ટિઃ :— ધીમો ધીમો વરસાદ આવે તે.

સુવૃષ્ટિ :— અનાજ વગેરેનો સારો પાક થાય તેવો વરસાદ.

દુવૃષ્ટિ :—અનાજ વગેરે ન પાકે તેવો વરસાદ.

ઉદકોદ્ભેદ :—પહાડની તલેટીથી પાણીની ઉત્પત્તિ.

ઉદકોત્પીલ :—તલાવ વગેરેમાં ભરેલો પાણીનો સમૂહ.

અપવાહ :—પાણીના થોડા થોડા રેલા.

પ્રવાહ :— પાણીના વધારે રેલા.

આદિ ઉપરના વરસાદોને કરનારા હોય છે. વર્ષાથી હાનિ લાભ કરનારા છે. આ લોકપાળને કર્કોટક, કર્દમક, અંજન, શંખપાલક, પુંડ્ર, પલાશ, મોદ, જય, દધિમુખ, અયંપુલ અને કાતરિક જેવા દેવો અપત્ય સમાન છે.

આમ કર્કોટક એટલે લવણસમુદ્રના ઇશાન ખુણે અનુવેલંધર નામે નાગરાજનો કર્કોટક નામે પહાડ છે. ત્યાં રહેનારા નાગરાજ પણ કર્કોટક કહેવાય છે. આ પ્રમાણે બીજા દેવોને માટે પણ સમજવું.

વરૂણનું આધિપત્ય

જૈનશાસનનો ભક્ત શ્રી વરૂણદેવ કુવા, વાવડી, તલાવ, નદી, નાલા આદિમાં રહેલા પાણી ઉપર વર્ચસ્વ ધરાવે છે. માટે અરિહંત દેવોના અભિષેક માટે શાન્તિસ્નાત્ર અષ્ટોતરી સ્નાત્ર પૂજા માટેનું પાણી સબહુમાન અને સવિધિ લાવવામાં આવે છે. જે માટે અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવે છે અને ચતુર્વિધ સંઘ વાજતે ગાજતે જલયાત્રાનો વરઘોડો (જેમાં સેંકડો-હજારો રૂપીઆ અર્પાય છે) ચઢાવે છે અને પાણીના સ્થાને જાય છે ત્યાં અભિષેક માટે લેવાતાં પાણીની વિધિ આ પ્રમાણે કરવામાં આવે છે વિધિકારક અષ્ટપ્રકારી પૂજાની સામગ્રી દ્વારા વરૂણદેવનું આ પ્રમાણે મંત્ર બોલે છે.

"ૐ વં વં વં નમો વરુણાય, પાશહસ્તાય, સકલયાદોધીશાય, સકલજલપક્ષાય, સકલનિલયાય, સકલસમુદ્રનદી સરોવર-પલ્વલનિર્ઝરકૂપવાપીસ્વામિમેઽમૃતકાય દેવાય અમૃતં દેહિ દેહિ અમૃતં સ્રાવય સ્રાવય, નમોઽસ્તુ તે સ્વાહા।"

આ મંત્ર બોલીને વરૂણ દેવની અષ્ટ પ્રકારી પૂજા કરે છે કુવા આદિથી પાણી કાઢીને આ મંત્ર બોલવામાં આવે છે "ૐ હ્રીઁ અમૃતે, અમૃતોદ્ભવે, અમૃતવર્ષિણી અમૃતં સ્રાવય સ્રાવય સેઁ સેઁ ક્લીઁ ક્લીઁ બ્લૂઁ બ્લૂઁ હ્રાઁ હ્રાઁ હ્રીઁ હ્રીઁ દ્રાવય દ્રાવય હ્રાઁ જલદેવીદેવા અત્રં આગચ્છત આગચ્છત સ્વાહા।"

પછી અમુક અમુક મંત્રો બોલીને અષ્ટપ્રકારી પૂજા થાય છે. અને કળશમાંથી લઈને વાજતે ગાજતે મંદિરમાં પ્રવેશ કરે છે. મંત્રો દ્વારા પવિત્ર થયેલું પાણી અરિહંતદેવના અભિષેક માટે કામમાં આવે છે.

આધિપત્ય ભોગવનારા દેવો

આ પ્રશ્નોત્તરો રાજગૃહમાં થયા.

કુવા–વાવડીના કીનારે વરૂણદેવને આમંત્રવા માટે આઠ થુઈએ વંદન કરવાના હોય છે. જેમાં આઠમી થુઈના પ્રારંભમાં "जलदेवयाए करेमि काउ०अन्नत्थ० ૧ નવકારનો કાયોત્સર્ગ અને આ પ્રમાણે થુઈ :–

मकरासनसमासीनः, कुलिशाङ्कुशचक्रपाशपाणिशयः ।
आशामाशापालो, विकिरतु दुरितानि वरूणो वः ॥"

ત્યાર પછી હાથ જોડીને આ શ્લોક બોલાય છે. त આ પ્રમાણે :–

करोतु शान्तिं जलदेवताऽसौ, मम प्रतिष्ठाविधिमाचरिष्यतः ।
आदास्यते वा मम वारि तत्कृते, प्रसन्नचित्तः प्रदिशत्वनुज्ञाम् ॥

દશદિક્પાળના પાટલા પૂજનમાં પણ વરૂણદેવને આ પ્રમાણે સાદર આમંત્રણ આપીએ છીએ.

"ॐ नमो वरूणाय पश्चिमदिगधिष्ठायकाय मकर–वाहनाय पाशहस्ताय, सपरिजनाय, अमुकगृहे वृद्धस्नात्र महोत्सवे आगच्छ आगच्छ स्वाहा ।"

આવી રીતે સમંત્ર વધાવીને, આલેખીને, આહવાન કરીને, સ્થાપીને, નિમંત્રણ આપ્યા પછી અષ્ટ દ્રવ્યો અર્પણ કરાય છે. અને હાથ જોડીને આ પ્રમાણે વિનવીએ છીએ.

यः प्रतीचीदिशो नाथो-वरूणः मकरस्थितः ।
तस्य शान्तये सोऽस्तु बलिपूजां प्रतीच्छतु ॥

કુબેરનું વર્ણન

હવે ચોથા લોકપાળ વૈશ્રમણ કુબેરનું વિમાન સૌધર્માવતંસક નામના વિમાનથી ઉત્તર ભાગે છે. તેની આજ્ઞામાં વૈશ્રમણ કાયિક, વૈશ્રમણદેવ કાયિક, સુવર્ણકુમારો, સુવર્ણકુમારિઓ, દ્વીપકુમારો અને કુમારિઓ, દિક્કુમાર અને કુમારિઓ, વાણવ્યંતર અને વ્યંતરિઓ આદિ બીજા પણ દેવો છે, જે લોહ, સુવર્ણ, રજત, હીરા, મોતી, માણેક, સીસું અને બીજા પણ કપડા, ફળ, પુષ્પ આદિનો વર્ષાદ (વરસાદ) કરનારા છે. ગમે ત્યાં દાટેલા ધન–આદિને જાણનાર છે. અને તે તે સ્થાનોથી ધનને લઈને તીર્થંકર દેવોના જન્માદિ સમયે વરસાવવાનું કામ કરે છે.

આ લોકપાળો, ગ્રહદેવો, જૈન શાસનને માન્ય છે. માટે જ શાંતિ—સ્નાત્ર, અંજનશલાકા, પ્રતિષ્ઠા આદિ વિધિમાં નવગ્રહ, દશ દિક્પાળ પૂજાય છે. સન્માનાય છે. અને મોટી શાંતિમાં પ્રતિદિવસે સ્મરાય છે. આ પ્રમાણે :—

"ॐ ग्रहाश्चन्द्रसूर्याङ्गारक बुध बृहस्पति–शुक्र–शनैश्चर राहु–केतु सहिताः सलोकपालाः सोम–यम–वरुण कुबेर–वासवादित्य-स्कंद-विनायक–उपेन्द्राः (युक्ता) ये चान्येऽपि ग्राम नगर–क्षेत्र देवता आदयः सर्वे प्रीयन्तां प्रीयन्तां, अक्षीणकोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा ॥

આ પ્રકરણમાં અસુરકુમારાદિ દેવો ઉપર આધિપત્ય ભોગવતા દેવોનું વર્ણન છે. સાર આ છે:—

અસુરકુમાર દેવો ઉપર આધિપત્ય ભોગવતા દસ દેવો છે તે આ છે :—ચમર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, બલિ, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ.

નાગકુમાર ઉપર અધિપત્ય ભોગવતા દેવો — ધરણ, કાલવાલ, કોલવાલ, શૈલપાલ, શંખવાલ ભૂતાનંદ, કાલવાલ, કોલવાલ, શંખવાલ અને શૈલપાલ.

સુવર્ણકુમારના અધિપતિઓ — વેણુદેવ, વેણુદાલિ, ચિત્ર, વિચિત્ર, ચિત્રપક્ષ ને વિચિત્રપક્ષ.

વિદ્યુત્કુમારના અધિપતિઓ :— હરિકાન્ત, હરિસહ, પ્રભ, સુપ્રભ, પ્રભાકાન્ત ને સુપ્રભાકાન્ત.

અગ્નિકુમારના અધિપતિઓ :—અગ્નિસિંહ અગ્નિ–માણવ, તેજસ્સ તેજસિંહ, તેજકાન્ત ને તેજપ્રભ.

દ્વીપકુમારોના અધિપતિઓ — પૂર્ણ, વિશિષ્ટ, રૂપ, રૂપાંશ, રૂપકાન્ત, અને રૂપપ્રભ.

ઉદધિકુમારોના અધિપતિઓ :—જલકાન્ત, જલપ્રભ, જલ, જલરૂપ, જલકાન્ત ને જલપ્રભ.

દિક્કુમારોના અધિપતિઓ :— અમિતગતિ, અમિત–વાહન, ત્વરિતગતિ, ક્ષિપ્રગતિ, સિંહગતિ ને સિંહવિક્રમગતિ.

વાયુકુમારોના અધિપતિઓ :– વેલંબ, પ્રભંજન, કાલ, મહાકાલ, અંજન અને રિષ્ટ.

સ્તનિતકુમારોના અધિપતિઓ :— ઘોષ, મહાઘોષ; આવર્ત્ત, વ્યાવર્ત્ત, નંદિકાવર્ત્ત અને મહાનંદિકાવર્ત્ત.

દક્ષિણ ભવનપતિના ઈન્દ્રોના પ્રથમ લોકપાલો આ છેઃ–

સોમ, કાલવાલ, ચિત્ર, પ્રભ, તેજસ્સૂ, રૂપ, જલ, ત્વરિતગતિ, કાલ અને આયુકત.

પિશાચકુમારોના અધિપતિ બબે છેઃ—કાલ, મહાકાલ, સૂરૂપ, પ્રતિરૂપ, પૂર્ણભદ્ર, માણિભદ્ર, ભીમ, મહાભીમ,

કિંનર, કિંપુરુષ, સત્પુરુષ, મહાપુરુષ, અતિકાય, મહાકાય, ગીતરતિ, ગીતયશ, એ બધા વાણવ્યન્તર દેવોના ઈન્દ્રો છે.

જ્યોતિષિક દેવોના અધિપતિ બબે છેઃ—સૂર્ય ને ચંદ્ર.

સૌધર્મ અને ઈશાનકોણના અધિપતિ :—શક્ર, સોમ, યમ, વરુણ, વૈશ્રમણ, ઈશાન, સોમ, યમ, વરુણ અને વૈશ્રમણ.

ઇન્દ્રિયોનો વિષય

આ પ્રશ્નોત્તરો રાજગૃહમાં થયા.

આમાં ઈન્દ્રિયોના વિષયો કેટલા પ્રકારના છે. એ આ પ્રકરણમાં બતાવ્યું છે. તેના માટે કહ્યું કે—ઈન્દ્રિયોના વિષયો પાંચ પ્રકારના છે. શ્રોતેન્દ્રિયનો વિષય અને યાવત્ સ્પર્શેન્દ્રિયનો વિષય.

આ સંબંધી જીવાભિગમ સૂત્રનો જ્યોતિષિક ઉદ્દેશો જોવાની ભલામણ કરી છે.卐[૫૧]

પાંચે ઇન્દ્રિયોની વિષદ્વ વ્યાખ્યા

卐૫૧. "स्वस्वविषयग्रहणनियतानि–इन्द्रियाणि स्युः" આ ઉક્તિને અનુસારે ગતભવમાં ઉપાર્જન કરેલ પંચેન્દ્રિય જાતિનામકર્મને લઈને આ ચાલુ ભવમાં માનવને ઇન્દ્રિયોની પ્રાપ્તિ થાય છે.

પહેલા વર્ણન કરી ગયા છીએ કે આત્માને જે દ્વારા જ્ઞાનની પ્રાપ્તિ થાય તે ઇન્દ્રિયોને આત્માએ જ પોતાની મેળે રચેલી છે.

આ ઈન્દ્રિયોનું વિષય ગ્રહણ સર્વથા નિયત હોય છે. માટે તેમાં કોઇ પણ ઇશ્વરની કે દેવદેવીની દખલગિરી નથી હોતી.

મહાભયંકર અંધકારમાં એક ફળ આપણા હાથમાં આવે છે, તેનો સ્પર્શ કરવાથી જ તેના આકાર વિશેષને લઈને આપણે નિર્ણય કરીએ છીએ કે 'આ કેરી છે.' દબાવવાથી 'પાકી ગયેલી લાગે છે.' સૂંઘવાથી 'તેમાં મીઠો રસ છે' એમ જાણી શકાય. પણ અંધારામાં આંખ પોતાનું કામ નહી કરવા છતાં પણ આપણે કલ્પીએ છીએ કે, આ કેરી પીલાર'ગની છે. આ પ્રમાણે કેરીના પીલાર'ગની કલ્પનામાં ઈશ્વરનો સાક્ષાત્કાર નથી પણ 'અનુગ્રહ, ઈહા, અપાય, ધારણા આ ચારે પ્રકારના મતિજ્ઞાનમાંથી 'ધારણા' નામના મતિજ્ઞાનનો જ ચમત્કાર છે. કોઈપણ પદાર્થના જ્ઞાનમાં 'ધારણા' શક્તિવડે જે પદાર્થોના રૂપ, રંગ, આકાર આદિ આપણા મગજમાં સ્થિર થયા હશે તે જ પ્રમાણે ધારણા પણ તેની તીવ્ર રહે છે. અને આ લબ્ધિના કારણે જ કોઇ પણ અવધારિત પદાર્થ જ્યારે સામે આવે છે ત્યારે તેનો નિર્ણય કરતાં વાર લાગતી નથી.

અવધાન પ્રયોગોમાં દૈવીશક્તિનો ચમત્કાર નથી પણ "ધારણા" શક્તિનો જ ચમત્કાર હોય છે.

હાથચાલાકીના પ્રયોગો કરતાં જે ધારણા દૃઢ થાય છે. તેનાથી જાદુઈ પ્રયોગો થઇ શકે છે.

ઈન્દ્રિયો પાંચ છે. સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રવણ.

આ પાંચેમાં કર્તૃસાધન અને કરણ સાધનથી વિગ્રહ કરવો જેમ કે–"स्पृशति–स्पृश्यतेऽनेनेति स्पर्शनम्" અર્થાત્ બીજા પદાર્થોનો જે સ્પર્શ કરે છે, અથવા આત્માના ઉપયોગ વડે જે પદાર્થોનો સ્પર્શ કરાય છે, અથવા જેના આશ્રયથી શીતઉષ્ણાદિ પર્યાયો જાણવામાં આવે છે તે સ્પર્શેન્દ્રિય કહેવાય છે આ જ પ્રમાણે–" रसति–रस्यतेऽनेन । जिघ्रति–जिघ्रिताऽनेन । चष्टे वा चेष्ट अनेन । शृणोति श्रुयतेऽनेन वेति रसनम्, घ्राणम् चक्षुः तथा श्रवर्ण."

આ પ્રમાણે આ ઇન્દ્રિયોના માધ્યમથી આત્માને જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ ઇન્દ્રિયો નિયત વિષયને જ ગ્રહણ કરવાવાલી હોવાથી સ્પર્શેન્દ્રિય પદાર્થોમાં રહેલા કઠિન, કોમળ, ભારી, હલકો ઠંડો, ગરમ, સ્નિગ્ધ, (ચિકણો) અને રૂક્ષ(લુખો) આ આઠે સ્પર્શોને ગ્રહણ કરવાની શક્તિ રાખે છે. પદાર્થ માત્રમાં પ્રાયઃ આઠ સ્પર્શો જ હોય છે.

રસનેન્દ્રિય પદાર્થોમાં રહેલો તીખો, કડવો, કષાયેલો, ખાટો, મીઠો રસ ગ્રહણ કરે છે.

ઘ્રાણેન્દ્રિય : સુગન્ધ અને દુર્ગન્ધને ગ્રહે છે.

ચક્ષુરિન્દ્રિય : કાળા, ધોળા, નીલા, પીળા અને લાલ રંગને ગ્રહે છે.

શ્રવણેન્દ્રિય : સચિત્ત એટલે જીવંત માણસના શબ્દને અચિત્ત એટલે જડ પદાર્થોના ઘર્ષણથી થતાં શબ્દોને સચિતાચિત્ત એટલે સંગીત મંડળીમાં માણસો ગાતા હોય તે સચિત અને વાજિંત્રોનો અવાજ અચિત્ત છે.

આ પ્રમાણે આત્માના પ્રયોગથી–ઉપયોગથી, ઇન્દ્રિયો કાર્યરત બને છે. અનાદિ કાળથી કર્મોના ભારથી દબાઈ ગયેલા આત્માને પ્રતિક્ષણે રાગ–દ્વેષનો ઉદય હોવાના કારણે કોઈક સમયે આ જીવાત્માને સફેદ કપડું ગમે છે. અને બીજા ક્ષણે તે કપડું મુદ્દલ ગમતું નથી. એક સમયે મીઠો રસ ગમે છે. ત્યારે બીજી ક્ષણે મીઠા રસ પ્રત્યે અણગમો થવાથી ખાટો રસ ગમે છે. આ જ પ્રમાણે એક ક્ષણે જે માણસ સાથે અત્યંત રાગ પૂર્વક મૈત્રી સંબંધ રાખ્યો હોય છે ત્યારે બીજા દિવસે તે જ માણસ વૈરી થાય છે.

આ જ પ્રમાણે પદાર્થોના વિષયને ગ્રહણ કરવામાં આત્માનો સ્વભાવ જ જૂદો જૂદો હોય છે. તેથી પદાર્થ માત્ર એક સમયે સારો અને બીજા સમયે નઠારો બનતો નથી. પદાર્થ પોતાના મૂળ સ્વભાવમાં પૂર્વવત્ જ હોય છે. પણ આપણો આત્મા પોતે રાગ–દ્વેષને વશ થઈને પદાર્થોના વિષયોને ગ્રહણ કરવામાં જેવા પ્રકારના ઉપયોગમાં પરિણત થાય છે તે જ પ્રમાણે ગ્રહણ કરાતાં પદાર્થોના વિષયનું પરિણમન પણ તેવું જ થાય છે.

પદાર્થ સ્વતઃ ખરાબ નથી. તેમજ સરસ નથી પણ મોહમાયાના કુસંસ્કારોથી કુવાસિત થયેલા આત્માને એક સમયે જે પદાર્થ પ્રત્યે રાગ જન્મે છે ત્યારે બીજી ક્ષણે તે જ પદાર્થ પ્રત્યે દ્વેષ આવે છે. માટે "કોઈક સમયે રાગમાં તો કોઈક સમયે દ્વેષમાં અનંતકાળ ગુમાયો રે"

જ્યારે તેજ આત્મા જ્ઞાન-ધ્યાનના સુસંસ્કારોથી સંસ્કારિત થાય છે ત્યારે પ્રત્યેક પદાર્થ પ્રત્યે, તે સમાન બુદ્ધિવાલો બને છે. તેવા પ્રસંગે પુણ્યોદયને લઇને મનગમતા પદાર્થો

અને પાપોદયને લઈને અણગમતા પદાર્થો પ્રત્યે એક સરખો ભાવ રાખીને પોતાના આત્માને દૂષિત કરતો નથી.

ચારિત્રયોગનું સ્પષ્ટીકરણ

"चारित्रं स्थिरतारुपम्" આત્મામાં પૂર્ણરૂપે સ્થિરતા લાવવી તે સમ્યક્ ચારિત્ર કહેવાય છે. અને તે સ્થિરતાને ટકાવવા માટે નિવૃત્તિલક્ષ્યા પ્રવૃત્તિ અર્થાત્ અનુક્રમે પ્રવૃત્તિમાં પણ નિવૃત્તિનો રંગ લાગતો જાય તેવી પ્રવૃત્તિમાં રાગદ્વેષ વિનાનું જીવન જીવવું તે સ્થિરતા છે, જે ચારિત્ર છે.

ચિત્તવૃત્તિના રોધને યોગ કહેવો તે એટલા માટે ઠીક નથી કે આત્મામાં સ્થિરતા વિનાની ચિત્તવૃત્તિનો રોધ તો 'માછલા પકડવાની ભાવનાવાળો બગલો, માખીને પકડવાની ફાનતવાલી ગરોલી. મૃગ-(હરિણ)ને મારવા માટે તૈયાર થયેલો શિકારી વગેરેમાં પણ ચિત્તનો અને શરીરનો રોધ સ્પષ્ટ દેખાય છે.

અમુક સ્વાર્થને લઈને પણ વચનનો રોધ સુલભતમ બને છે. જેમ કે :—આપણને અત્યારે ગરજ છે, અથવા બોલવા જતાં આપણા સ્વાર્થને હાનિ પહોંચશે, માટે "मौनं सर्वार्थसाधकम्" આવો યોગ કદાચ દાम्भिકતાને પણ આમંત્રણ આપી શકે છે. તથા માયા મૃષાવાદ પ્રત્યે પણ પ્રસ્થાન કરાવી શકે છે.

"માટે માનસિક—વાચિક અને કાયિક યોગોમાં પાપોની, તથા પાપ ભાવનાઓની નિવૃત્તિ લાવવી તે ચારિત્ર યોગ છે."

આત્મા વડે જ આત્મા જોવો અર્થાત્ પોતાના આત્માની નબળી કડીઓને, તથા દૂષણોને તેમજ રાગ–દ્વેષાત્મક જીવનને આત્મા વડે જોવું, અનુભવવું અને તેના ત્યાગમાં જ પ્રયત્ન કરવો તે પણ સમ્યક્ ચારિત્ર છે.

પરંતુ આત્મા જ્યારે પોતાનું ભાન ભૂલે છે ત્યારે રાગ દ્વેષને પોષતો જાય છે.

દ્રવ્ય અને પર્યાયોની શક્તિઓનું વિશ્લેષીકરણ કરવાની શકિત જ્યાં સુધી આત્મા કેળવતો નથી ત્યાં સુધી રાગદ્વેષમાંથી બહાર આવવાની શકયતા નથી, ત્યારે જ અશુભ સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ અને શબ્દનો સ્પર્શ કરતાં, સ્વાદ લેતાં, સૂંઘતાં, જોતાં અને સાંભળતા જ મનજીભાઈનો ૧૦૮ ડીગ્રીનો પારો ઉંચો ચઢી જાય છે.

ગટરનું પાણી દુર્ગન્ધ મારતું હોય છે ત્યારે તે જોતાં જ આપણા મન–વચન તથા કાયામાં ચંચલતા આવતા વાર લાગતી નથી. "ચંચલતા અસંયમ છે. અને સ્થિરતા ચારિત્ર છે." આમ સમજવા છતાં પણ ગટરના પાણીની દુર્ગન્ધતાને જોઇને નાકે રૂમાલ મૂકવો પડે છે. પણ આપણે પોતે આવી દુર્ગન્ધીમાં કેટલીયેવાર જન્મ્યા. આલોટયા, અને આવા પદાર્થો ખાધા છે, સૂંઘ્યા છે, સ્પર્શ્યા છે અને જોયા છે. છતાં પણ સંસારમાં આવા ગન્ધાતા પુદ્ગલો કોઈ કાળે પણ નાશ પામ્યા નથી, પામતા નથી અને પામશે પણ નહી, ત્યારે આપણા શુભ કે અશુભ કર્મોને લઇને મળતા શુભાશુભ પુદ્ગલોમાં આપણે કેવી રીતે રહેવું ? આવું શિક્ષણ જ આધ્યાત્મિક શિક્ષણ છે.

શુભ પુદ્ગલો એટલે મનગમતા પુદ્ગલોમાં રાગની પરિણતિ. અને અશુભ એટલે અણગમતા પુદ્ગલોમાં દ્વેષ–તિરસ્કાર=ધિક્કારની પ્રવૃત્તિ. આ બંને પરિણતિઓના સમયે સામ્ય પરિણતિ કેળવવી જોઈએ.

મનગમતા શબ્દ, રૂપ, ગન્ધ, રસ અને સ્પર્શના ભોગ-વટામાં આપણો આત્મા રાગાધીન બનીને તે તે પુદ્ગલોની માયાના ચક્રમાં બેભાન થઈને સદ્વિવેકને દેશવટો આપ્યો છે અને અહંકારના ભારથી દબાઈને કર્તવ્ય મૂઢ બન્યો છે.

અણગમતા શબ્દ, રસ, ગન્ધ અને સ્પર્શમાં આ આત્માએ દ્વેષવશ થઈને ઘણાઓની સાથે વૈર કર્મ બાંધ્યાં અને તેના કડવા ફળો દુર્ગતિમાં ભોગવવા પડયા છતાં હજુ સુધી પણ પુદ્ગલો દ્વારા ઉત્પન્ન થતી રાગ અને દ્વેષની પરિણતિને બદલવા માટેની ટ્રેનિંગ લઈ શકયા નથી. બસ એજ આપણી, આપણા જીવનની અને આપણા ભણતરની કરૂણતા છે. ભગવતીસૂત્રના પ્રશ્નોત્તર સ્પષ્ટ છે કે, શ્રોત્રેન્દ્રિયના વિષય સંબંધી પુદ્ગલ પરિણામ શુભ કે અશુભરૂપે થાય છે. તેજ પ્રમાણે ચક્ષુરિન્દ્રિય પણ સારારૂપનું અને નઠારા રૂપનું ગ્રહણ કરે છે. ઘ્રાણેન્દ્રિય પણ સુગંધ અને દુર્ગન્ધના પુદ્ગલોને ગ્રહે છે. રસનેન્દ્રિય પણ સારા રસનું અને ખરાબ રસનું ગ્રહણ કરે છે. સ્પર્શેંઈન્દ્રિય પણ સારા સ્પર્શનું અને નઠારા સ્પર્શનું પરિણામ ગ્રહે છે.

સૂત્રનો ગૂઢાર્થ સ્પષ્ટ છતાં વ્યાખ્યાનતો વિશેષ 'પ્રતિ-પત્તિ' આ ન્યાયને અનુસારે પ્રત્યેક માનવના જીવન સાથે સ્પર્શ કરતો આ વિષય હોવાના કારણે જરા વધારે વિચારિએ.

પુદ્ગલોનો ચમત્કાર

રસોઈ ઘરમાં સારા રસોઈઆના હાથે બનેલી 'અડદની દાળ' જે પૌદ્ગલિક હોવાના કારણે ખાનારને માટે અમૃત-તુલ્ય કે વિષતુલ્ય બનતી નથી, આ દાળને ખાનાર મૃત્યુથી બચ્યો નથી અને ખાધા પછી તત્કાળ કોઈ પણ જીવ મર્યો નથી, મરતો નથી અને મરશે પણ નહી. એટલે કે અડદની દાળ અમૃત પણ નથી અને વિષ પણ નથી, છતાં એ પૌદ્ગલિક વસ્તુને લઈને માનવના મનમાં એકને રાગની પરિણતિ એટલે કે આ દાળનું નામ સાંભળતાં જ કૂદકા મારવા લાગી જાય છે અને રાજી રાજી થયો છતો અત્યન્ત સ્વાદપૂર્વક ખાય છે.

જ્યારે બીજો માણસ તે જ દાળનું નામ સાંભળતા જ ઠરી જાય છે. અને હાડોહાડ રોષે ભરાઈને દાળ બનાવનારને કેટલીએ ગાળો આપે છે, દાળ એકની એક છે પણ બંને જીવોમાં રાગદ્વેષની પરિણતિના ફળો પણ આપણે જોઈ શકીએ છીએ.

માણસને દુઃખી–મહાદુઃખી બનાવનાર પરપદાર્થ નથી પણ અસંસ્કારી, મિથ્યાસંસ્કારી મન, જીવનનું અજ્ઞાન, મોહવાસનાનો ભયંકર અંધકાર, મિથ્યાકલ્પનાની માયા, શરીરને પુષ્ટ બનાવવાનું ઉંધું જ્ઞાન, આદિ કારણોથી જ માણસ પોતાના હાથે દુઃખની પરંપરા સ્વીકારી લે છે. માટે જ જીવ ઈન્દ્રિયના ભોગ અને તેની લાલસાને જ જીવનનું સર્વસ્વ માની બેસે છે. ત્યારે પુદ્ગલ પદાર્થો પણ આપણને ચમત્કાર બતલાવવા માટે તૈયાર જ હોય છે. અને એક વાર જો મનજીભાઇ આત્મા ઉપર સવારી કરી ગયા તો સમજી જ લેવાનું કે, આપણો આત્મા કદી પણ સમર્થ બની શકશે

નહી. પછી તો આખુંએ જીવન સુખની છાયા ગોતવામાં જ પૂર્ણ થશે.

માણસ માત્ર સમજે છે કે અડદની દાળ ખાવાથી હું મરવાનો નથી. તેમજ અમર પણ થવાનો નથી. છતાં એ બિચારી અડદની દાળ આપણા જીવનમાં કેવા તોફાન મચાવી દે છે !

આપણે તો વિચારવાનું એ છે કે આ બધા તોફાન દાળ કરાવે છે ! અથવા અસંસ્કારી આપણા મનજીભાઈ ?

દાળના ખાનારા હજારો માણસો આજે પણ ટેસ્ટ પૂર્વક દાળ ખાય છે. જ્યારે મને દાળ પ્રત્યે આટલી બધી નફરત કેમ છે ?

જો આપણને તે સમયે સદ્‌બુદ્ધિ આવે ! અથવા જ્ઞાનનો પ્રકાશ લાધે ! તો આપણો અન્તરાત્મા જ જવાબ આપશે કે દાળ તો બિચારી જડ છે. પુદ્‌ગલ છે. રોટલી ખાવા માટે એક સાધન છે એ મારૂં શું કરવાની હતી ! ત્યારે દાળનો દોષ નથી પણ હું પોતે જ ઈન્દ્રિયોનો ગુલામ છું માટે, અને તેના ભોગ વિલાસો જ જીવન છે એમ હું માનીને બેઠો છું. આજ કારણે સંસાર મારા માટે કલેશ કંકાસનું કારણ બન્યો. મિત્રો દુશ્મન બન્યા, પરિવારની વચ્ચમાં પણ હું અતડો રહ્યો, જ્ઞાન–વિજ્ઞાન મેળવ્યા છતાં પણ મારો આત્મા સ્વચ્છંદી બન્યો. ફેશનાલીટીમાં રહું છું. છતાં પણ મારો આત્મા ભોગવિલાસ રૂપી કાદવમાં રમી રહ્યો છે.

પ્રોફેસર, માસ્ટર બન્યો પણ મારા મનને અને ઈન્દ્રિયોને સંયમનું શિક્ષણ ન આપી શકયો.

આ પ્રશ્નોત્તરો રાજગૃહમાં થયા.

આમાં ચમરની સભાઓ સંબંધી પ્રશ્ન છે. અર્થાત્ ચમરની ત્રણ સભાઓ બતાવી છેઃ—શમિકા (શમિતા), ચંડા અને જાતા.卐૫૨

ડોકટર બન્યો પણ મારા આત્માની દવા અને મારા દુઃખનું નિદાન હું પોતે ન કરી શકયો.

વકીલ બન્યો પણ મારા જીવનની વકીલાત કરવા માટે સમર્થ બન્યો નથી. માટે જ શ્રીમંત છું પણ હૈયાનો દરિદ્ર છું. સત્તાધારી છું પણ આન્તર જીવનનો દાનવ છું ત્યારે આ બધું કોણે આભારી છે ?

પુદ્ગલ એક જ છે પણ મારા જીવનના રાગદ્વેષને લઈને હું દુઃખી છું.

આ દુઃખમાંથી મુક્ત થવા માટે મારા ખાનપાનમાં રહેણી–કરણીમાં, ઉઠવા–બેસવામાં અને વ્યાપાર–વ્યવહારમાં સંયમ લાવવો એજ એક પરમ સુખનું–શાંતિનું, સમાધિનું મુખ્ય કારણ છે.

પુદ્ગલો છોડવાના નથી પણ તેમના પ્રત્યેની લાલસા છોડવાની છે. સ્ત્રી છોડવાની નથી પણ તેમના પ્રત્યેનો દુરાચાર છોડવાનો છે. તેમજ શ્રીમંતાઇ કે સત્તા છોડવાની નથી પણ તેના પ્રત્યેની સાધ્ય–ભાવનાને ત્યાગી સાધનભાવ પેદા કરવાનો છે.

卐 ૫૨. ત્રીજા શતકનો આ છેલ્લો ઉદ્દેશો છે. રાજગૃહી નગરીમાં સમવસરણની રચના થઈ છે, અને ગૌતમસ્વામીના

પૂછેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ભગવાને ફરમાવ્યું કે દક્ષિણાધિપતિ અસુર–રાજ ચમરેન્દ્રને ત્રણ પ્રકારની સભાઓ હોય છે.

ઈન્દ્રલોકની ત્રણ સભા

૧. શમિતા. ૨. ચંડા. ૩. જાતા.

૧. શમિતા–એટલે પોતાના ઉત્તમપણાને લઈને સ્થિર સ્વભાવ વાલી હોવાથી સમતાવાલી છે. અથવા પોતાના ઉપરીએ કહેલ વચનને માન્ય કરવાવાલી હોવાથી સૌને શાન્ત કરી દેનારી હોય છે. અથવા જે સભામાં ઉદ્ધતાઈ નથી તેવી આ આભ્યન્તર સભા છે. જે અત્યંન્ત ગૌરવવંતી છે. અર્થાત્ આ સભાનું ઈન્દ્રોને તથા બીજા મોટા દેવોને પણ માન હોય છે. ગમે તેવો મોટો સમાજ પણ સભાના બંધારણને ધ્યાનમાં રાખીને જ પોતાના આધિપત્યનું ગૌરવ સાચવી શકે છે.

૨. ચંડા–તેવા પ્રકારની મોટાઈ (ગૌરવ) નહીં હોવાથી સાધારણ કાર્ય વગેરેમાં બોલી નાખનારી હોય છે. એટલે જ આનું મહત્ત્વ પહેલી સભા કરતા ઓછું છે, છતાં પણ ઈન્દ્રને માન્ય છે.

૩. જાતા–મોટાઈનો સ્વભાવ નહી હોવાથી સર્વ સાધારણ સભા કહેવાય છે.

આ ત્રણેમાં પહેલી આભ્યન્તરા, બીજી મધ્યમા અને ત્રીજી બાહ્યસભા કહેવાય છે.

પહેલી સભાનું પ્રયોજન આ પ્રમાણે છે. ઉપરીને કંઈ પણ પ્રયોજન હોય અને તે આદરપૂર્વક આ સભાને બોલાવે ત્યારે જ આ સભાના સભ્યો આવે છે. અને તેઓને ઈન્દ્ર

મહારાજ પોતાનું પ્રયોજન કહી બતાવે છે. તેનો અર્થ એ થયો કે આ સભા મોટાઈને પામેલી હોવાથી ગૌરવને યોગ્ય છે. વડીલને પણ આ સભાનું ગૌરવ માન્ય છે. વચલી સભા ઉપરી બોલાવે કે ન બોલાવે તો પણ આવે છે. કેમ કે આ સભામાં મોટાઈ એટલે ગૌરવ ઓછો છે. આમાં ઉપલી આભ્યન્તર સભામાં જે વાર્તાલાપ થયો હોય છે તે જણાવે છે. અને ઠરાવ નક્કી કરાવે છે.

જ્યારે બાહ્ય સભા તો સાધારણ હોવાથી બોલાવ્યા વિના પણ આવે છે. આપણે એટલું જાણી શકીએ છીએ કે આ ત્રણે સભા એકબીજાની પૂરક છે અને પરસ્પર એકબીજાનું માન રાખીને ઇન્દ્રલોકનું ગૌરવ સાચવે છે.

હવે કંઈ સભામાં કેટલા સભાસદો છે, અને તેમાં પણ દેવો કેટલા? આ વાત જીવાભિગમ સૂત્રને અનુસારે લખાય છે.

પહેલી સભાના સભાસદો ૨૪૦૦૦ દેવો છે.

વચલી સભામાં ૨૮૦૦૦ દેવો છે.

અને છેલ્લી સભામાં ૩૨૦૦ દેવો છે.

દેવીઓની સંખ્યા અનુક્રમે ૩૫૦, ૩૦૦, અને ૨૫૦ છે.

પહેલી સભાના સભાસદોની આયુષ્ય મર્યાદા ૨॥ પલ્યોપમની છે. વચલીમાં ૨ પલ્યોપમ અને બાહ્યસભામાં ૧॥ પલ્યોપમ છે. દેવિઓની આયુષ્ય મર્યાદા અનુક્રમે ૧॥, ૧, ૦॥ પલ્યોપમની છે આ પ્રમાણે ઉત્તરાધિપતિ બલિ-ઈન્દ્ર માટે પણ સમજવું.

કેવળ દેવોની સંખ્યામાં ચાર ચાર હજારની સંખ્યા ઓછી કરવી. જ્યારે દેવીઓની સંખ્યામાં, ઉપરની સંખ્યામાં સોસોની સંખ્યા ઉમેરવી.

હવે વૈમાનિક દેવોની સભા, તથા સભાસદોની સંખ્યા નીચે પ્રમાણે જાણવી. સભા તો ત્રણ પ્રકારેજ ઉપરની જેમ સમજવી જ્યારે સંખ્યા આ પ્રમાણે છે.

દેવલોકના નામો	અભ્યન્તરા	મધ્યમા.	બાહ્ય
૧ પ્રથમ દેવલોક	૧૨૦૦૦ દેવ ૭૦૦ દેવી	૧૪૦૦૦ દેવ ૬૦૦ દેવી	૧૬૦૦૦ દેવ ૫૦૦ દેવી
૨ દ્વિતીય દેવલોક	૧૦૦૦૦ દેવ ૯૦૦ દેવી	૧૨૦૦૦ દેવ ૮૦૦ દેવી	૧૪૦૦૦ દેવી ૭૦૦ દેવી

દેવિઓની ઉત્પત્તિ અહીં સુધી જ છે માટે આગળના કલ્પોમાં દેવીઓ નથી.

૩ સનત્કુમાર	૮૦૦૦	૧૦૦૦૦	૧૨૦૦૦
૪ માહેન્દ્ર	૬૦૦૦	૮૦૦૦	૧૦૦૦૦
૫ બ્રહ્મલોક	૪૦૦૦	૬૦૦૦	૮૦૦૦
૬ લાંતક	૨૦૦૦	૪૦૦૦	૬૦૦૦
૭ શુક્રદેવલોક	૧૦૦૦	૨૦૦૦	૪૦૦૦
૮ સહસ્રાર	૫૦૦	૧૦૦૦	૨૦૦૦
૯–૧૦ આનત પ્રાણત	૨૫૦	૫૦૦	૧૦૦૦
૧૧–૧૨ આરણ અચ્યુત	૧૨૫	૨૫૦	૫૦૦

આ પ્રમાણેનું એને લગતું બીજુ સાહિત્ય જીવાભિગમ સુત્રથી જાણવું.

ઇન્દ્ર મહારાજાઓ યદ્યપિ સૌથી ઉપરિ અને સંપૂર્ણ સત્તાવાન્ હોય છે તો પણ પોતાના સભાસદોને માન આપીને તેમની પાસે પોતાનું પ્રયોજન સિદ્ધ કરાવી લે છે. આ સભાસદો પણ પોતાના ઉપરીનું માન સાચવે છે. દેવલોકમાં દેવતાઓ જેમ સભાસદ પદે છે તેવીજ રીતે દેવીઓ પણ

સભાસદપદને શોભાવે છે. જે વાત આપણે ભગવતીસૂત્ર અને જીવાભિગમસૂત્રથી જાણી શકયા છીએ. ઇન્દ્રોની સભામાં દેવીઓનું પણ બહુમાન શાસ્ત્રમાન્ય છે. તો પછી મનુષ્ય-લોકમાં સ્ત્રીઓનું અપમાન શા માટે ?

માતૃસ્વરૂપા સ્ત્રીનું અપમાન પાપ છે.

તેમને હલકી ગણવાનું પ્રયોજન શું છે ? શું પુરુષો કરતાં સ્ત્રીઓ બુદ્ધિબળમાં ઓછી છે ? આ બધી અને આના જેવી બીજી પણ કલ્પનાઓમાં પુરુષજાતની જોહુકમી સિવાય બીજું કંઇ પણ તત્ત્વ નથી.

મહિલાઓનું અપમાન કરીને પુરુષજાતિએ બધી વાતોમાં પોતાનું પતન જ નોતર્યું છે. આજના પુરુષોમાં જે માનસિક કમજોરી; વાચિક દુર્બલતા, અને શારીરિક દૃષ્ટિએ અધઃપતન દેખાય છે. તે સ્ત્રી શક્તિના અપમાનનું જ કારણ છે. સ્ત્રીમાં માતૃત્વભાવના કેળવીને તે શક્તિનું બહુમાન કરવાથી આજનો પુરુષ સર્વથા દૂર રહ્યો છે. માટે વ્યાપાર ક્ષેત્રમાં રાક્ષસીય સ્વભાવનો, કૌટુંબિક જીવનમાં સ્વાર્થાંધ, સામુદાયિક જીવનમાં વૈરગ્રસ્ત, પારસ્પરિક જીવનમાં ઈર્ષ્યાન્ધ અને વ્યક્તિગત જીવનમાં અસહિષ્ણુ બનીને પોતાનું જીવન એક બીજાના શત્રુ બની વેડફી રહ્યો છે.

આજનું ધાર્મિક જીવન દાંભિકતા પૂર્ણ છે, તથા-માયામૃષાવાદગ્રસ્ત છે; વૈર–ઝેરની આગમાં સપડાયેલું છે, એની આંખોમાં ઝેર છે, જીભમાં કડવાશ છે, મસ્તિષ્કમાં સ્વાર્થસાધકતા છે, ઉપદેશમાં હઠાગ્રહ છે, અને લાલસાઓથી

ભરેલું હૃદય છે. માટેજ આજનો પંડિત–વક્તા, આચાર્ય, ઉપાધ્યાય, સંગીતકાર, શ્રીમંતસત્તાધીશ આદિમાં પરસ્પર એક બીજા સાથે મૈત્રીભાવ એટલા માટેજ નથી. કારણ કે સૌના હૃદયમાં જૂદી જૂદી લાલસા છે, આંખોમાં પૂર્વગ્રહનું અંજન છે, તેથી એક બીજાની આંખ એક બીજા સાથે મલતી નથી. તો પછી હાથથી હાથ મલવાની આશા કયાં રહી? અને જો આંખથી આંખ, કે હાથથી હાથ ન મલે તો એક બીજાના હૃદય એક બીજાથી કેમ મળશે? આવી આશા કોણ રાખી શકશે? તેથીજ આવાઓનું ધાર્મિક જીવન, પંડિતાઈ, શ્રીમંતાઈ અને સત્તા કેવળ સમાજ, સંપ્રદાય, સંઘ, નગર, દેશને આપસમાં લડાવી મારવા સિવાય બીજા કામે આવી શકે તેમ નથી. આજના આખાએ ભારતવર્ષની દશા જ સ્પષ્ટ ઉદાહરણ છે. આ બધા પુરુષ જાતિના આન્તરદોષો સ્ત્રીમાં માતૃત્વ ભાવનાના હ્રાસના કારણે વધ્યા છે, ફળ સ્વરૂપે માનવના ખોળીયામાં દેવતાઈ ગુણો વસાવી શકયાં નથી.

આજે એક માનવ બીજા માનવનો શત્રુ છે, એક જાતિ બીજી જાતિ સાથે સંબંધિત નથી અને એક સંપ્રદાય બીજા સંપ્રદાયને સમૂળ નેસ્ત નાબુદ કરવા માંગે છે.

મગજશક્તિ જો ઉંધા માર્ગે ન ગઈ હોય તો સમજવું સરળ છે કે આપણે બધાએ પૃથ્વી ઉપર જન્મેલા છીએ, અને જ્યાંસુધી જીવતા રહીશું ત્યાંસુધી, મહાજનને સુતાર, લુહાર, ઘાંચી, ભંગી, દરજી, ધોબી, નાઈ, બ્રાહ્મણ, રજપુત આદિ વિના એક પળ પણ ચાલી શકે તેમ નથી મકાન બનાવવા માટે સુતાર, રસોઈ કરવાના સાધન માટે લુહાર, તેલ માટે ઘાંચી, સંડાસ સાફ કરવા માટે ભંગી,

કપડા સીવવા માટે દરજી, ધોવા માટે ધોબી, દાઢી માટે નાઈ, વિદ્યા મેળવવા માટે બ્રાહ્મણ અને જાનમાલની રક્ષા માટે રજપુત જોઈશે. કોઇને પણ કોઈના વિના ચાલી શકે તેમ નથી. આ સર્વથા સત્ય હકીકત જે સર્વથા ઉપાદેય છે. આ સીધું સાદું અમૂલ્ય માનવીય તત્ત્વ જો જીવનમાં ન ઉતર્યું તો આપણે એક બીજાના કટ્ટર દુશ્મન બનીને એક બીજાના નાશને માટેજ બનીશું, અને જો આમ બન્યું તો આપણા જીવનમાં રાક્ષસીય ગુણ સિવાય બીજું કંઈ પણ શેષ રહેવાનું નથી.

માતાના ત્રણ ગુણો

ધર્મ તથા શાસ્ત્રના ઉંડા તત્ત્વોમાં ઉતર્યા વિના આપણા પોતાના આધ્યાત્મિક જીવનના પ્રારંભકાળે જ આપણે પુરુષો આપણા હૈયાના મંદિરમાં માતૃસ્વરૂપા સ્ત્રીની તસ્વીર લટકાવવી જોઈતી હતી, તો જ આપણા જીવનમાં પણ પ્રારંભકાળથી ત્રણ ગુણો આવી શકયા હોત!

૧. જીવમાત્ર ઉપર દયાભાવ રાખવાની ઉદાત્તભાવના.
૨. જીવમાત્રને રોજી અને રોટલી આપવાની પવિત્ર ભાવના.
૩. બધાએ જીવોના અપરાધોને માફ કરવાની પવિત્ર ભાવના.

આ ત્રણે ગુણો માનવતાની સીમારેખા જેવા છે, જેની પ્રાપ્તિ રાક્ષસ, દાનવ, અને અસુરવૃત્તિના માલિકને હોતી નથી. માટે જ રાક્ષસ, દાનવ, અને અસુર આખાએ સંસારનો હાડ-વૈરી છે. જ્યારે આ ત્રણેગુણો માવડી (MOTHER) માં હોય છે. ગમે તેવા પુત્ર ઉપર દયા કરવાવાલી માતા હોય છે.

પુત્રને રોટલી દેવાવાલી માતા હોય છે અને બેટાના ગમે તેવા અપરાધોને માફ કરી દેવાવાલી પણ માતા જ હોય છે.

મોક્ષ મેળવવા માટે જેમ સમ્યક્ત્વની અત્યન્ત આવશ્યકતા છે. તેમ આધ્યાત્મિ જીવન બનાવવા માટે ઉપરના ત્રણે ગુણોની નિતાન્ત આવશ્યકતા અનિવાર્ય છે. તે વિના આધ્યાત્મિક જીવનની કલ્પના નર્યો દંભ છે, છેતરપીંડી છે અને પરમાત્માની અનંતશક્તિઓનું ભયંકર અટ્ટહાસ્ય છે.

ગરજ પૂરતાં એ ગુણોને ભલે વિકસાવીએ પણ એનો ફળાદેશ તો આપણા જીવનમાં દંભપોષક જ રહેશે, માટે કબૂલ કર્યા વિના ચાલી શકે તેમ નથી કે આજના પુરૂષમાં આ ત્રણે ગુણો વિકસિત થયા વિનાના કેવળ સત્તારૂપે જ પડ્યાં છે. અન્યથા ઢોરોને માટે પાંજરાપોળ ઉભી કરનાર. કૂતરાઓને રોટલા અને કબૂતરોને ચણા નાખનાર પુરૂષ ખરેખરો દયાલુ હોત તો માનવસમાજ ભૂખે મરે છે, કપડાના અભાવમાં મરે છે. દવાના અભાવમાં મરે છે અને સમાજના કથિત ધાર્મિકો, ધર્મના અનુયાયિકો,ઉપદેશકો, માલ મસાલા ખાય છે. શ્રીખંડ પૂરી ખાય છે, વાટકાનાં વાટકા દૂધ પીએ છે. સૂંઠ પીપરી મૂળ અને ખીચડીમાં ઘી નાખીને ખાય છે. આ લક્ષણો દયાળુ અને દાનેશ્વરીના નથી પણ નિર્દયી તથા નિર્ઘૃણ પરિણામીના છે. ખૂબ સમજી લેવાનું છે કે :–धम्मस्स जणणी दया "धर्मस्य जनको विवेकः" ધર્મની માતા દયા છે અને બાપ વિવેક છે જેના અભાવમાં ગમે તેવી અને ગમે તેટલી શ્રદ્ધા અને હજારો લાખો શ્લોકોનું જ્ઞાન પણ વાંઝણું છે.

આપણા પોતાના સંતોનોને ડોકટર, વકીલ બનાવવા માટે તથા બીજા પ્રકારના જ્ઞાન–વિજ્ઞાન અપાવવા માટે તે તે કોલે-

જેમાં અથવા અમેરિકા, લંડન, જર્મન, આદિ દેશોમાં મોકલાવીને, ભણાવવા માટે કયાંયે પણ અને કોઈને પણ પાપની કલ્પના–અધર્મની કલ્પના આવી નથી. ત્યારે સમાજના બચ્ચાઓને માટે કોઈ સ્કૂલ તથા કોલેજની વ્યવસ્થા કરવા અને કરાવવામાં જ પાપની કલ્પના શા માટે ? તેમાં અવરોધ શા માટે કરવામાં આવે છે ?

આમાં એક જ કારણ છે કે બીજા જીવને રોટલી અને રોજી દેવા માટેની ભાવદયા આપણા જીવનમાં નથી.

તીર્થંકર ભગવંતો જે વાર્ષિક દાન આપે છે તે ઉત્કૃષ્ટતમ ભાવદયાનાં પરિણામોનું કારણ છે. અને તે ભાવદયા પણ બે, ત્રણ ભવ પૂર્વેની આરાધિત હોય છે.

તીર્થંકર પદનો ઇચ્છુક માનવ તો ભાવદયાથી ભરેલો હોય છે. તે બીજા જીવોને રોટલી અને રોજી દેવા માટે કોઈ કાળે પણ વિરોધ કરી શકે તેમ નથી.

અને ત્રીજો ગુણ જો આપણા હૈયાના મંદિરમાં હોત તો બીજાઓના બધાએ અપરાધોને ક્ષન્તવ્ય ગણીને સૌની સાથે મૈત્રીભાવ સાધી શકયા હોત.

પણ આજના શ્રીમંતોમાં, સત્તાધીશોમાં, પંડિતોમાં, અને ઉપદેશકોમાં જે વૈર–વિરોધ દેખાય છે, તેથી જ જાણી શકીએ છીએ કે આપણું જીવન બીજા જીવોને ઉઘાડા કરવા માટે છે. માટે કોઈની ભૂલ સહન થતી નથી તેથી જ જુદા મંડળો, પાર્ટીઓ, સંસ્થાઓનાં આપણો માનવ સમાજ વિભકત થઈને રહ્યો છે.

આજે આપણે વિભકત છીએ, માટે આપણું જીવન–કવન દૂષિત છે; માયામૃષાવાદ પૂર્ણ છે.

અંગ્રેજીમાં ધર્મ શબ્દનો પર્યાય 'રિલીઝન' શબ્દ છે, જેનો અર્થ વિભક્ત માણસ, એટલે જૂદો થયેલો માનવ બીજા સાથે એકીકરણમાં–અર્થાત્ પરસ્પર વિચારોની સમજુતી કરીને એક ઝંડા નીચે આવે. અને આખોએ સમાજ આસુરી વૃત્તિઓના કારણે દૈવીસંપત્તિ સંપન્ન પરમાત્માથી જૂદો થયો છે. માટે તે જુદાઈ, દયા, દાન, ક્ષમા આદિ પરમાત્માના આદેશોને જીવનમાં ઉતારી ને પાછો અરિહંત દેવના માર્ગે આવે. એટલે કે ક્રોધ, માન, માયા, લોભ પ્રપંચ આદિ ત્યાગ કરે.

ઉપર પ્રમાણેના માવડીના હૃદયમાં રહેલા ત્રણે ગુણો આપણા જીવનમાં ઉતારવા માટે જ આપણે પણ માતાની તસ્વીર પ્રતિક્ષણે સામે રાખવી જોઈએ જેથી માનવતાનો વિકાસ સાધી શકવા માટે સમર્થ બની શકીએ.

માનવતા વિનાના આજના આપણા જીવનમાં ઉંધી ગંગા વહી રહી છે, છતાં પણ આપણે જોઇ શકતા નથી, સમજી શકતા નથી, તેનું કારણ એકજ છે 'માતૃત્વ હૃદયા સ્ત્રી શક્તિનું આપણે બહુમાન કરી શકયા નથી.'

અદ્‌ભુતશક્તિ, ક્ષમાશીલા, પ્રેમમૂર્તિ, વાત્સલ્યપૂર્ણ સ્ત્રીને આપણે ઓળખી શકયા નથી. ઓળખી હશે તો ? સ્વાર્થ પૂરતી જ ઓળખી હશે ? માટે જ સ્ત્રી શક્તિ સાથે દૂષિત અને પાપથી ભરેલી ભાવના (વાસના)ના કારણેજ આપણા જીવનમાં મોટામાં મોટી ખોટ રહેવા પામી છે. જે ખોટ સંસારભરના કોઈપણ પદાર્થથી તથા ગમે તેટલા જ્ઞાન–વિજ્ઞાનથી પણ ભરપાઈ થઈ શકી નથી. આ પ્રમાણે પુરુષ જાતના જીવનમાં રહેલી પાયાની ખોટજ આપણને આગળ વધવા દેતી નથી, તેથીજ આપણા જ્ઞાન–વિજ્ઞાન

અવળે રસ્તે ચઢી ગયા અને માનવ માત્રના શત્રુ બન્યા તેઓની સાથે સ્વાર્થી સંબંધથી જોડાયા. આપણે સૌએ ભેગા મળીને સંસારને હિંસા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહની બક્ષીસ આપીને કડવો ઝેર જેવો બનાવ્યો.

આ બધા માયા ચક્રથી બહાર આવવાને માટે સ્ત્રી-શક્તિનું બહુમાન જ આપણા આન્તર જીવનને માટે અદ્વિતીય શક્તિ છે. (પાવર છે), અને આધ્યાત્મિક જીવન માટેનું પ્રસ્થાન છે. આ કારણોથી આપણા હૈયાના મંદિરમાં સૌથી પહેલા માતાની તસ્વીર જ સ્થાપવી વધારે આવશ્યક ઉપયુક્ત છે.

આ પ્રમાણે હકીકત ખ્યાલમાં રાખીને "સ્ત્રીઓ પણ બહુમાનનીય છે" આ ભાવનાને વશ થઈને જ ઈન્દ્ર મહા-રાજાઓ જે સમ્યક્ત્વી હોય છે અને નિકટ ભવિષ્યમાં મોક્ષમાં જવાવાળા હોય છે તેઓ પોતાની સભાઓમાં દેવી-ઓને બહુમાનપૂર્વક સભાસદનું પદ આપે છે. દેવો પણ જ્યારે સ્ત્રીશક્તિની આવી પ્રતિષ્ઠા કરે છે ત્યારે માનવની એ ફરજ છે કે 'महाजनो येन गतः स पन्थाः' એ ન્યાયે સ્ત્રીજાતિનું બહુમાન કરવું, એમાં જ તેમનું હિત સમાયેલું છે. આનાથી સામાજિક દૂષણો ટળશે. વ્યક્તિગત જીવન સશક્ત બનશે. ધાર્મિક મર્યાદાઓની પવિત્રતા સચવાશે અને આપણું આન્તર જીવન ઉચ્ચ બનવા સાથે વ્રત, નિયમ અને પચ્ચક્ખાણ નિર્દંભ બનશે.

દશ ઉદ્દેશાઓ સાથે ત્રીજું શતક સંપન્ન થયું.

卐

ત્રીજા શતકનું સમાપ્ત વચન

અજ્ઞાનીઓના અજ્ઞાનરૂપી અંધકારને ભેદવામાં ઝળ-હળતા સૂર્યસમાન, સંયમ અને બ્રહ્મચર્યની આરાધના વડે ચમકતા શુક્રના તારા જેવા, ઉપદેશામૃત વડે સૌ જીવોના કષાયોને શાંત કરવામાં ચંદ્ર જેવા, જર્મન, ફ્રાંસ, ઈટાલી, અમેરિકા, યુરોપ, આદિ પાશ્ચાત્ય વિદ્વાનોને જૈનધર્મનો પરિચય કરાવવામાં બ્રહ્મા જેવા, સ્યાદ્વાદ, નયાદિ તત્ત્વજ્ઞાન દ્વારા ભારતીય પ્રચંડ વિદ્વાનોની ધાર્મિક રક્ષા કરવામાં વિષ્ણુ જેવા, અજ્ઞાન, મિથ્યાભ્રમ અને રુઢિવાદને દફનાવ-વામાં શંકર જેવા, શાસ્ત્રવિશારદ મહાન્ વિભૂતિ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજા ભગવાન મહાવીરસ્વામીની ૭૪ મી પાટ પરંપરાને દેદીપ્યામાન કરી જગતમાં અમર થયા છે.

તેઓશ્રીના શિષ્ય શાસનદીપક મુનિરાજ શ્રી વિદ્યા-વિજયજી મહારાજે પોતાના સ્વાધ્યાય માટે ભગવતીસૂત્રના ૬ શતક સુધીનું સંક્ષેપમાં વિવરણ લખ્યું હતું. તેમને સુધારી વધારીને તેમના સુશિષ્ય ન્યાય–વ્યાકરણ કાવ્યતીર્થ પંન્યાસ પદ વિભૂષિત શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમાર શ્રમણ) એ વિસ્તૃત ટિપ્પણ દ્વારા સ્પષ્ટ કરી પુસ્તકારુઢ કર્યું છે.

શુભં ભૂયાત્ સર્વ જીવાનામ્ ॥

卐

ઈશાનનો પરિવાર

રાજગૃહ નગરીની આ વાત છે. ઈશાનનો પરિવાર, એ આ પ્રકરણનો વિષય છે. તેનો આ સાર છે :—

ઈશાનેન્દ્રને ચાર લોકપાલો છે, સોમ, યમ, વૈશ્રમણ અને વરુણ. તેના ચાર વિમાનો છેઃ સુમન, સર્વતોભદ્ર, વલ્ગુ અને સુવલ્ગુ. સોમ નામના લોકપાલનું મોટું વિમાન મંદર પર્વતની ઉત્તરે ઈશાનાવતંસક મહાવિમાનની પૂર્વે તિરછુ અસંખ્યેય હજાર યોજન મૂક્યા પછી સોમનું મહા વિમાન છે.

આવી જ રીતે રાજધાનીઓ સમજવી. ૪ રાજધાની ઓના ૪ ઉદ્દેશક સમજવાના છે 卐૫૩

ઇન્દ્રલોકનું વર્ણન

卐 ૫૩. ઈન્દ્ર, ઈન્દ્રાણિ, દેવ તથા દેવીના પર્યાય વાચી શબ્દો, તથા સર્વસામાન્ય વિવેચન તો બધા દર્શનોના શાસ્ત્રોમાં કાવ્યોમાં જાણવા મળે છે. પણ બધી રીતે વ્યવ-સ્થિત દેવલોકનું તથા તેમાં વસનારા દેવોનું, ઇન્દ્રોનું, તેમની રાજધાનીઓનું, ઋદ્ધિ, સમૃદ્ધિ, રૂપ–રંગ, શરીર તેમજ વિમાનોનું વર્ણન જેટલું જૈનાગમોમાં અને પ્રકરણ સૂત્રોમાં જોવા મળે છે. તેવું બીજે કયાંય પણ જોવા મલતું નથી.

દેવો અને ઇન્દ્રો પણ સંસારી જીવો જ છે. તેમને પણ પુણ્ય–પાપ, સુખ–દુઃખ, સંયોગ વિયોગના અભવોનું થાય છે.

જન્મે છે, ચ્યવે છે, અને સંસારના સુખોને ભોગવે છે, ખાય છે, પીએ છે અને મોજ-મઝા માણે છે. હરે છે, ફરે છે અને જૂદી જૂદી ક્રીડાઓ કરે છે. મૃત્યુ પાસે આવતા આક્રન્દન કરે છે, તથા દુઃખી પણ થાય છે. વિષયવાસનામાં તથા વૈરાગ્ય રસમાં મસ્ત રહે છે. મનુષ્ય લોકમાં જેમ રાજા, પ્રધાનમંત્રી, કોટવાલ, ફોજદાર, સેનાપતિ તથા સૈનિકો અને નગરશેઠો હોય છે, તેવી રીતે દેવલોકમાંપણ હોય છે.આ વાતોનું ખૂબ લંબાણથી સ્પષ્ટીકરણ જૈન-આગમોમાં છે યદ્યપિ દેવલોકમાં ચોરી કરનારા, લુંટફાટ કરનારા અપરાધિઓ નથી હોતા, તો પણ પુણ્યકર્મની સત્તા વિદ્યમાન હોવાના કારણે પુણ્યના-સામ્રાજ્યને સૂચવનારા, પ્રત્યેક વિમાનમાં દેવો ૧૦ પ્રકારના હોય છે. તે આ પ્રમાણેઃ—

ઇન્દ્રની અગાધશક્તિ

(૧) ઈન્દ્રઃ—એટલે દેવગતિ નામકર્મના ઉદયને લઈને પોતાના વિમાનવાસી દેવો ઉપર જે આધિપત્ય ભોગવે છે તે ઈન્દ્ર કહેવાય છે. આ ઈન્દ્ર મહારાજની શક્તિ કેટલી હોય છે? તેનો ઉત્તર શાસ્ત્રોમાં આ પ્રમાણે છે.

૧૦ પુરુષના જેટલી શક્તિ ૧ બળદમાં હોય છે. ૧૦ બળદ બરાબર ૧ ઘોડો, ૧૨ ઘોડા બરાબર ૧ પાડો, ૧૫ પાડા બરાબર ૧૦ હાથી. ૫૦૦ હાથી બરાબર ૧ સિંહ. ૨૦૦૦ સિંહ બરાબર ૧ અષ્ટાપદ. ૧૦ અષ્ટાપદ બરાબર ૧ બલદેવ. ૨ બલદેવ બરાબર ૧ વાસુદેવ ૨ વાસુદેવ બરાબર ૧ ચક્રવર્તી.

આ ચક્રવર્તી મહાધિરાજ પાસે નીચે પ્રમાણે વૈભવ, સત્તા અને સૈન્ય હોય છે. આ પ્રમાણે :—

૭૨ હજાર શહેર, ૩૨ બજાર મુકુટબંધી રાજા, ૧૪ દેવાધિષ્ઠિત રત્ન, ૯ મહાનિધિ, ૬૪ હજાર અન્તઃપુર સ્ત્રી, ૮૪ લાખ ઘોડા, ૮૪ લાખ હાથી, ૮૪ લાખ રથ, ૯૬ કરોડ ગામના અધિપતિ હોય છે.

૧૦ લાખ ચક્રવર્તી બરાબર ૧ નાગકુમારદેવ, ૧ કરોડ દેવ બરાબર ૧ ઈન્દ્ર હોય છે.

(૨) સામાનિક :—એટલે ઈન્દ્ર સ્વરૂપે નહી પણ ઇન્દ્રની જેમ અધિકાર તથા ઋદ્ધિવાલા દેવો.

(૩) ત્રાયસ્ત્રિંશ :—જે ઈન્દ્ર મહારાજાના પ્રધાનરૂપે કે પુરોહિત રૂપે હોય છે તે દેવો.

(૪) પાર્ષદ્ય :—ઈન્દ્ર મહારાજાના મિત્રરૂપે દેવો.

(૫) લોકપાલ :— દેવલોકની રક્ષા કરનારા દેવો.

(૬) આત્મરક્ષક :—ઇન્દ્ર મહારાજાના શરીરની રક્ષા કરનારા દેવો.

(૭) અનિક :—ઇન્દ્રની સેના રૂપે દેવો.

(૮) પ્રકીર્ણક :—ઈન્દ્રની પ્રજા રૂપે દેવો.

(૯) આભિયોગિક :—ઈન્દ્ર મહારાજના દાસ રૂપે દેવો.

(૧૦) કિલ્બિષિક :—દેવવિમાનોમાં અન્ત્યજ (ભંગી) કામ કરે છે તેવા દેવો.

ઉપર પ્રમાણેના દશ ભેદોમાંથી કેવળ વ્યંતર અને જ્યોતિષ્ક દેવનિકાયમાં ત્રાયસ્ત્રિંશક અને લોકપાળ દેવતાઓ હોતા નથી. આ પ્રમાણે દેવોનું વર્ણન અત્યન્ત વિસ્તાર

નૈરયિક નરકમાં જાય ?

આમાં નૈરયિકની હકીકત છે. અર્થાત્ નૈરયિક હોય તે નૈરયિકમાં ઉત્પન્ન થાય કે અનૈરયિક હોય તે નૈરયિકમાં ઉત્પન્ન થાય ?

ભગવાને આનો જવાબ આપ્યો છે કે નૈરયિક હોય તે નૈરયિકોમાં ઉત્પન્ન થાય, અનૈરયિક નૈરયિકોમાં ઉત્પન્ન ન થાય.

આ વસ્તુ વિચારવા જેવી છે. સાધારણ રીતે આપણે જાણીએ છીએ કે —મનુષ્ય, પશુ વગેરે નરકમાં ઉત્પન્ન થાય. જ્યારે આમાં તો એમ કહેવામાં આવ્યુ છે કે–નૈરયિક–જે નારકી હોય તે નરકમાં ઉત્પન્ન થાય. આ અપેક્ષાકૃત વચન છે. ઋજુસૂત્ર નયની દૃષ્ટિથી આમ કહેવામાં આવ્યું છે. અર્થાત્ જીવ પાસે જે ગતિને યોગ્ય આયુષ્યની હાજરી હોય, તે જ ગતિનો તે ગણાય છે. મનુષ્યભવમાં કે પશુના ભવમાં નરકનું આયુષ્ય બાધી કોઈ મરે, તે જીવ પાસે નરકનું આયુષ્ય છે તે વખતે મનુષ્યનું કે પશુનું આયુષ્ય નથી. તેથી તે વખતે તે

સાથે જેમાં આયુષ્યનું, શાસ્ત્રોનું પ્રવીચારનું, ઈન્દ્રાણીના આયુષ્યનું તથા તેમના રહેઠાણો વગેરેનું વર્ણન છે.

આ ચોથા શતકના ૧–૨–૩–૪ ઉદ્દેશાઓમાં ઈશાન દેવલોકના ઈન્દ્ર મહારાજના ચાર લોકપાળોનું વર્ણન છે. અને ૫–૬–૭–૮ ઉદ્દેશઓમાં તેમની રાજધાનીનું વર્ણન છે.

આ શતક સંક્ષેપમાં હોવાથી આઠ ઉદ્દેશો એકી સાથે પૂરા થાય છે.

નૈરયિક છે અને નૈરયિક નારકના આયુષ્યવાળો હોવાથી તે નૈરયિક જ કહેવાય, અને તે નરકમાં જ જાય ૫૪

ચારે ગતિમાં જન્મ મરણ અનિવાર્ય છે

૫૪. ચારગતિરૂપ સંસારમાં સાતે નરકભૂમિના બધાએ નારકજીવો, ચારે નિકાયના સંપૂર્ણ દેવો, અસુરો, ઈન્દ્રો સૂર્ય–ચન્દ્ર વગેરે દેવો. સૂક્ષ્મ–બાદર નિગોદના અનંતાનંત જીવો, પૃથ્વીકાય, અપ્કાય, અગ્નિકાય, વાયુકાય તથા સાધારણ અને પ્રત્યેક વનસ્પતિકાયના અનંતજીવો, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચતુરિન્દ્રિયના બધાએ જીવો, આર્યદેશ, અનાર્યદેશમાં જન્મેલા વિદ્વાનો, વિજ્ઞાનીઓ, ડોકટરો, સત્તાધીશો, શ્રીમંતો, સાધુઓ, બોડબાપણવાલા મનુષ્યો, વૈરાગ્યથી પરિપૂર્ણ માણસો, ઉર્દૂ, ફારસી, જર્મન, અંગ્રેજી, સંસ્કૃત, પ્રાકૃત ભાષાના જાણકારો, ધર્મના ઉપદેશકો, સંગીતકારો, પરમાત્માનો સાક્ષાત્કાર કરનારા ધ્યાનિઓ, યોગિઓ, હઠાગ્રહિઓ, હઠયોગને જાણનારાઓ, વગેરે બધાએ જીવોને માટે એક જ નિયમ છે કે "જે જન્મે તે મરે છે." જન્મેલો માણસ અમર રહી શકતો નથી. હજારો લાખો દેવતાઓ પણ જન્મેલાને અમર બનાવી શકતા નથી. સંસારમાં કે દેવલોકમાં એવો એક પણ પદાર્થ નથી કે જેનું ભોજન કરવાથી માણસ અમર રહી શકે? 'अमृतभोजिनो देवा अमरा स्युः' આ ઉક્તિ તો કવિઓના મગજને આભારી છે, આમાં વાસ્તવિકતા હોય તો એટલીજ કે પ્રલોભવશ પણ માણસમાત્ર સત્કર્મોને આચરે, જેથી દેવલોકમાં અમરરૂપે ઉત્પન્ન થઈ શકે છે. બાકી તો

"क्षीणे पुण्ये मर्त्यलोक विशन्ति" એટલે પુણ્ય કર્મ ક્ષયે થયે છતે અર્થાત્ દેવલોકનું આયુષ્ય પૂર્ણ થયે અમૃતના ભોજન કરનારા દેવોને–ઈન્દ્રોને પણ બીજો અવતાર લેવો પડે છે, માટે જન્મેલાનું મરણ નિશ્ચિત છે. जातस्य हि ध्रुवं मृत्युः' તેથીજ ભગવાન મહાવીર સ્વામીએ ઈન્દ્ર મહારાજને કહ્યું છે કે "હો ઈન્દ્ર! આંખના પલકારા જેટલું પણ વધારે જીવવું કોઈના હાથમાં છે જ નહીં."

ભવાન્તર શા માટે? અને તેના કારણો

"भोगायतनं शरीरं" ઉપાર્જન કરેલા શુભાશુભ કર્મોને ભોગવવા માટે ભવભવાન્તર કરવા પડે છે. અને તેને યોગ્ય શરીર ગ્રહણ કરવાનું રહે છે. અને જે ગ્રહણ કરાય છે તેને મૂકવું પણ પડે છે. જૈન શાસનમાં ભવાન્તર કરવા માટેની મર્યાદા આ પ્રમાણે છે કે જે આગલો ભવ પ્રાપ્ત કરવાનો હોય તે માટે તે ભવનું આયુષ્યકર્મ પહેલા બાંધવું પડે છે, ત્યાર પછી તે ગતિ માટેનું નામકર્મ અને તે ગતિમાં લઈ જનાર આનુપૂર્વિ નામકર્મ ઉપાર્જવું પડે છે. શેષ સાતે કર્મો (જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય નામ ગોત્ર અને અનન્તરાયનો બંધ આ જીવાત્મા પ્રતિ સમયે કરે છે કેમકે "જ્યાં ક્રિયા છે ત્યાં કર્મ છે" મનની વિચારધારાઓમાં, અને ખાસ કરીને ઘણા ભવોનાઆપણા સાથીદાર ભાવમનમાં એક સમયને માટે પણ સ્થિરતા નથી. કેમકે ગત ભવોમાં ભોગવેલા પદાર્થોની સ્મૃતિ અને આ ભવના પદાર્થો મેળવવામાટેની તત્પરતા આ બંને કારણોને લઈને મનમાં સ્થૈર્ય રહેતું નથી, અનુભવ તો ત્યાંસુધી કહે છે કેઃ—"પવનની ગાંસડી બાંધવી સરળ છે, નદીઓના વેગને નાથવો સહેલ

છે. આકાશથી તારાઓ નીચે ઉતારવા પણ સરળ હોઈ શકે છે, સર્પ વીંછી, વાઘ, સિંહ, ભૂત, પ્રેત આદિ યોનિઓના જીવોને આપણા ગુલામ બનાવવા સરળ છે પણ મન–મર્કટની વિચારધારામાં સ્થૈર્ય લાવવું બહુ કઠણ છે.”

મન જેવી લેશ્યાઓમાં રમતું હશે. તેને યોગ્ય કર્મો બાંધવા સિવાય છૂટકારો નથી તથા મન જ્યારે ચંચલ છે ત્યારે શરીરમાં પણ ચંચલતા આવ્યા વિના રહેતી નથી. મનના વિચારોમાં ડુબેલું આપણું શરીર અને શરીરના પ્રત્યેક અંગો–ઉપાંગો પણ સ્થિર રહી શકતા નથી, માટે “ચંચલતા એ ગતિ છે અને ગતિ એ ક્રિયા છે. અને ક્રિયા કર્મ છે.” દ્રવ્ય મનને સ્વાધીન કરવા અર્થેજ સાલંબન ધ્યાન માટેના ઉત્તમમાં ઉત્તમ સાધનો સ્વીકાર કર્યા પછી પણ આપણું ભાવમન બીજા સંસારમાં અર્થાત્ ભોગવેલા ભોગોની સ્મૃતિમાં કેવું સરકી પડે છે! જાણે આપણી સાથે હાથતાળીજ રમતું ન હોય, તેથી જ કહેવાય છે કે દ્રવ્ય મન થોડીકવારને માટે સ્વાધીન થતું હશે? તો પણ ભાવ-મનની સ્થિરતા અત્યન્ત દુઃસાધ્ય છે.

આ કારણે મનની અસ્થિરતાને લઇને સાતે કર્મોનું બંધન પ્રતિસમયે થાય છે. જેથી જૈનાગમો કહે છે કે જીવાત્મા કર્મબંધન વિનાનો રહેતો નથી. જ્યારે આયુષ્યકર્મને માટે એવો નિયમ છે કે તે કર્મ યાવત્ છેલ્લા ક્ષણે પણ જીવ-નમાં એકજ વાર બંધાય છે. અર્થાત્ ભવાંતર કરવા માટે આ ચાલુ ભવના છેલ્લા ક્ષણમાં પણ આયુષ્ય કર્મ બાંધવું પડે છે, તે વિના હજારો પ્રયત્ન કર્યા છતાં પણ વર્તમાન શરીર છુટી શકે તેમ નથી.

આયુષ્ય કર્મને બેડીની ઉપમાં આપી છે તેની યથાર્થતા આ પ્રમાણે છે–જેમ જેલમાં રહેલા અપરાધીને એક સ્થાનથી બીજે સ્થાને લઈ જવા માટે તેના હાથ પગમાં બેડી નાખવી પડે છે. તેવી રીતે આ ચાલું ભવની આયુષ્યકર્મની બેડી તૂટતાં જ આવતા ભવની બેડી તેના હાથમાં પડી જાય છે. ડ્યુટી ઉપર આવનારા ફોજદારને અપરાધીનો પૂરે-પૂરો ચાર્જ સોંપ્યા પછી જ પહેલાંનો ફોજદાર છૂટો થાય છે. આ પ્રમાણે બેડીની જેમ આયુષ્યકર્મને માટે પણ સમજવું.

ઘણી જાતના શસ્ત્રોને રાખનારો અપરાધી ગમે તેવો શક્તિશાલી હશે ? તોએ સૈનિકો દ્વારા તે જ્યારે પકડાય છે, અને આખુ શરીર જ્યારે બેડીઓમાં સપડાઇ જાય છે, અથવા સૈનિકોના જબરદસ્ત શસ્ત્રોને જોઇને અપરાધી જ્યારે હતાશ બને છે,તે સમયે સશકત અપરાધીની એક પણ તાકાત પોતાના બચાવને માટે કામ આવતી નથી તેવી જ રીતે ભવભવાન્તરથી ઉપાર્જના કરેલા કર્મોને લઇને આ જીવાત્મા કર્મરાજાની બેડીમાં એવી રીતે સપડાઇ ગયેલો છે કે, રાગ–દ્વેષની માયાને લઈને તે સર્વથા પરવશ બની જાય છે.

આપણાથી ઘણા જ મોટા બલવાન શત્રુને આપણે આ ભવમાં મારવા સમર્થ બનતા નથી. તો પણ તેને મારવા માટેની કૃષ્ણ લેશ્યા, નીલ લેશ્યા અને કાપોત લેશ્યા. આપણને તેવી રીતે દ્વેષની માયામાં સપડાવી દે છે. જેથી આપણો આત્મા છેવટે નિરૂપાયે પણ એવો સંકલ્પ કરે છે કે, "આ ભવે નહીં તો આવતા ભવે પણ તારો બદલો લીધા વિના નહીં રહું."

સુન્દર અને મનગમતી સ્ત્રીને જોઈ રાગ વશ મૂઢ બનેલો આત્મા તેને મેળવવા માટેના પ્રયત્નોમાં સફળ થતો નથી ત્યારે આવતા ભવમાં પણ તે સ્ત્રીને મેળવવા માટેના સંકલ્પપૂર્વક તપશ્ચર્યાદિકનો સહારો લે છે અને પછી તો "આ ભવે તને નથી મેળવી શકતો તો આવતા ભવે પણ આપણે પતિ-પત્ની બનીશું" આવી લેશ્યાનો માલિક આવતા ભવમાં પણ તેની સાથે જોડાય છે. પુણ્યકર્મની મહેરબાનીથી ખુબ જ મીઠો બનેલો સંસાર અને તેની માયામાં લપટાયા પછી આ જીવ પોતાના પ્રેમપાત્ર જીવને મૃત્યુથી બચાવી શકતો નથી. ત્યારે અનંતાનંત મોહકર્મની ગ્રન્થિઓને છેવટે પ્રેમપાત્ર જીવની સ્ત્રી સાથે એટલું પણ નક્કી કરે છે કે, આવતા ભવે પણ તું મારી સ્ત્રી બનજે, ત્યારે સામેથી દુઃખી હૃદયે પણ જવાબ મળશે કે, ભવોભવ તમે જ મારા પતિ બનજો. અને પ્રેમપાત્ર જીવને ઘણાજ દુઃખથી ભરેલા હૈયે છેવટે વિદાય આપે છે. આવા અને એના જેવા કરોડો પ્રસંગોનો સાક્ષી બનેલો આપણો આત્મા આવતા ભવને મીઠો બનાવવા માટે મોહકર્મના મદિરાપાનમાં મસ્ત બન્યા પછી ભવભવાન્તરના ભ્રમણનો ત્યાગ કરી શકે તેમ નથી.

જે માટે આપણને ભવાન્તર કરવા માટેનો મોહ ઉત્પન્ન થાય છે. તેમાં સામે ઉભેલો શત્રુ, સુંદર સ્ત્રી, અથવા નાયિકા વગેરે મુખ્ય કારણ છે કે બીજું કંઈ ?

આ માટે આપણો અનુભવ એમ કહે છે કે, આપણે પોતે જ અત્યંત દુસ્ત્યાજય માયાના વશમાં આવીને સામાવાલાની સાથે બંધાવવા માગીએ છીએ. ઘણીવાર એવું

બને છે કે, સામે વાલાને આપણે પોતે જ શત્રુ સમજીને બેઠા હોઈએ છીએ. અથવા તો આપણા મનની નબળાઇના કારણે સામાને શત્રુ માનવામાં ઉતાવળ કરી બેસીએ છીએ અને વૈરકર્મમાં બંધાઇ જઈએ છીએ. સુંદર સ્ત્રીને ફોસલાવવા માટેના ઘણા પ્રયત્નો ઉભા કરીને આપણેજ આપણી જાતને બાંધી લઈએ છીએ, અને નાયક–નાયિકાના જ્યાલાતોમાં આપણું મન જ અજ્ઞાનના નશામાં ભાનભૂલી પોતાના સ્વરૂપને વિસરી જાય છે. આવી રીતે ભવભવાન્તર માટેનો પુરુષાર્થ કરનારો માણસ આવનારા તે તે ભવોને પ્રાપ્ત કરવા માટે તે તે ભવનું આયુષ્ય કર્મ બાંધશે. અને બેડી જેવું આ કર્મ જીવમાત્રને તે તે સ્થાને લઈ જશે.

હવે આ સ્થિતિમાં વ્યવહારની ભાષા શું કહે છે? તે જોઇએ. ગમે તે ક્ષેત્રનો મનુષ્ય પોતે ઉપાર્જન કરેલાં કર્મોને લઈને પોતાનો અવતાર પૂરો કર્યા પછી મરીને નરક,તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં જશે અને તિર્યંચ જીવ ચાહે ચારપગો, બેપગો, આકાશમાં ઉડનારો, પેટે ચાલનારો, પાણીમાં રહેનારો, હોય તો એ મરીને ચારે ગતિમાં જઈ શકશે.

જ્યારે નરકગતિનો જીવ પાછો તત્કાળ નરકગતિ અને દેવગતિ મેળવી શકે તેમ નથી. તેવીજ રીતે દેવગતિનો જીવ પાછો તત્કાલ દેવગતિ અને નરકગતિને મેળવી શકે તેમ નથી. કારણકે નરકના જીવને તત્કાલ નરકગતિમાં ઉત્પન્ન થવા માટેની યોગ્યતા નથી. તેમ જ સત્કર્મોના અભાવમાં દેવગતિ પણ મેળવી શકે તેમ નથી. તેજ રીતે દેવગતિના જીવને તત્કાલ દેવગતિ મેળવવા માટેના સત્કર્મો અને નરગતિને મેળવવા માટેના અસત્કર્મો નહી–હોવાના કારણે આ બંને

ગતિઓ દેવનો જીવ મેળવી શકે તેમ નથી. જ્યારે મનુષ્ય અને તિર્યંચ પાસે સત્કર્મ હોય તો દેવગતિ અને અસત્કર્મો હોય તો નરકગતિ, તથા માયા પ્રપંચ હોય તો તિર્યંચગતિ તેમજ સદાચારાદિ ગુણો હોય તો મનુષ્ય અવતારને પામી શકે છે.

ચારે ગતિના કારણો

ચાલુ ભવમાં સમય પસાર કરનારો જીવ નીચે લખેલાં કર્મોને ઉપાર્જન કરીને નરકગતિને માટે આયુષ્ય બાંધે છે તે આ પ્રમાણે :–

પંચેન્દ્રિય જીવનો વધ કરવાથી, મહારંભ એટલે મોટા પાયા ઉપર સમારંભો કરવા, મોટી મોટી પેઢીઓ, મીલો, કારખાનાઓ, મશીનો ચલાવવા. જેમાં અસંખ્યાત અને અનંત જીવોની હત્યા થાય તેવા પ્રકારના વ્યાપારો કરવાથી.

મહાપરિગ્રહથી એટલે ઘણા પ્રકારના પરિગ્રહો, અને તેના સાધનો ભેગા કરવા, તેમાંજ અત્યંત આસક્ત થવું, આવો પરિગ્રહ, કામ, ક્રોધને ભડકાવે છે અને જન્મ–મૃત્યુ વધારી આપે છે.

દયારહિતતા, માંસભોજન, સ્થિરવૈર, રૌદ્રધ્યાન, મિથ્યાત્વસેવન, અનંતાનુબંધી કષાય, કૃષ્ણ, નીલ અને કાપોતલેશ્યા પરઘાતક, જૂઠ આચરણ, પરદ્રવ્યોનું અપહરણ કરવું, મૈથુન કર્મમાં તીવ્ર આશક્તિ અને ઈન્દ્રિયોની પરવશતા આદિ કારણોથી માનવ નરકગતિ તરફ પ્રસ્થાન કરે છે.

તિર્યંચગતિ :— ઉન્માર્ગનો ઉપદેશ, સન્માર્ગનો નાશ, મૂઢહૃદય, આર્તધ્યાન, માયાનિદાનાદિ શલ્ય સેવન, માયાવી,

આરંભ અને પરિગ્રહમાં મસ્ત રહેવું, સદ્‌વ્રતોમાં અતિચાર લગાડવા, નીલ તથા કાપોતલેશ્યા, ત્યાગવા યોગ્ય વસ્તુનો ત્યાગ ન કરવો, વગેરે કારણો તિર્યંચ અવતારને પ્રાપ્ત કરાવનાર છે.

મનુષ્યગતિ :— પરિગ્રહ આરંભની અલ્પતા, સહજ મૃદુતા અને સરળતા, કાપોત તથા પીત લેશ્યા, ધર્મધ્યાનમાં આસકિત, કષાયોને મન્દ રાખવાના ભાવ, મધ્યમ પરિણામ મેળવેલી વસ્તુનો ત્યાગ, દેવ–ગુરુનું પૂજન, સૌની સાથે પ્રિય બોલનારો, બીજાના સુખને માટે તત્પર, જીવન વ્યવહારમાં તટસ્થતા વગેરે સત્કર્મોને લઈને મનુષ્ય ભવ પ્રાપ્ત થાય છે.

દેવગતિ :—સરાગ સંયમ, દેશવિરતિ, અકામનિર્જરા, કલ્યાણકારી મિત્ર સંબંધ,ધર્મ સાંભળવાની ઇચ્છા,સત્પાત્રમાં દાન, તપકર્મ પ્રત્યે શ્રદ્ધા, મૃત્યુ સમયે પદ્મ અને પીત લેશ્યા, બાળતપ, વગેરે કર્મો દેવગતિને અપાવે છે.

આવા પ્રકારના શુભાશુભ કર્મોમાં જીવન પૂરૂં કરનાર વ્યક્તિ બીજા જીવો સાથે પોતે જ બંધનમાં આવે છે.

જેમકે બીજાને મારનાર–ધમકાવનાર વ્યકિત મરનાર જીવ સાથે વેરથી બંધાય છે.

સ્વસ્ત્રીનો ત્યાગ કરીને, પરસ્ત્રીનો ઈચ્છુક માણસ પરસ્ત્રી તથા તેના સગાઓ સાથે રાગ તથા વૈરથી બંધાય છે.

જૂઠ બોલનારો કે જૂઠી સાક્ષી આપનારો સામેવાળાનો શત્રુ બને છે. જ્યારે–દાન, પુણ્ય, તીર્થયાત્રા, સંયમ તથા અહિંસાદિ ધર્મને સેવનાર સામેવાળા ઘણા જીવો સાથે

મિત્રતાના સંબંધથી બંધાય છે અને તેવાં તેવાં આયુષ્ય કર્મને બાંધે છે.

આ પ્રમાણે સર્વત્ર ઘટાવી લેવું. સાર આ છે કે મનુષ્ય મરીને નરકમાં જાય છે, નરકનો જીવ મરીને નરકમાં નથી જતો.

પરંતુ આ પ્રમાણે તો આપણે સૌ વ્યવહારની ભાષામાં બોલીએ છીએ અને સમજીએ છીએ, ત્યારે આજ વાતને ઋજુ-સૂત્રનય કેવી ભાષામાં બોલે છે? તે જાણવું બાકી રહે છે.

આ પ્રશ્નોત્તર જ ઋજુસૂત્રની ભાષાને સૂચિત કરે છે.

ઋજુસૂત્ર નયનો ભાષા વ્યવહાર

ભૂત અને ભવિષ્યના પર્યાયો પ્રત્યે આંખમીંચામણા કરીને કેવળ, શુદ્ધ વર્તમાન સમયનો જ સ્પર્શ આ નય કરે છે.

ઘડો પહેલા હતો, અને ભવિષ્યમાં પણ રહેશે. છતાં પણ અત્યારના વર્તમાન સમયમાં આ ઘડો જીવાત્માને માટે શા કામનો? માટે જે સમયે તરસ લાગે, અને પાણી પીવાનું મળે, તેવો ઘડો જ ઘડો કહેવાય છે.

પહેલાના અનંતભવો થયા છે, ભવિષ્યમાં પણ ઘણા ભવો થશે, એ બધી વાતોને ઋજુસૂત્ર માનવાની મનાઈ કરે છે. અર્થાત્ આ વાત ઉપર બેધ્યાન રહે છે, આ ઋજુસૂત્રનું માનવું આમ છે કે :—

ભૂતકાળ ગમે તેટલો ગયો હોય! તે હવે શા કામનો? ભવિષ્યકાળ ગમે તેટલો થશે, અત્યારના સમયમાં આ વાતને

માનવાની શી આવશ્યકતા ? માટે વર્તમાન સમયમાં જે ભાવ વર્તતો હોય, જીવ પણ તેવી રીતે સંબોધાશે. જેમકેઃ–

જે સમયમાં જીવને ક્રોધ વર્તતો હોય તે સમયે જીવ ક્રોધી છે પણ સંયમી નથી, મૈથુનભાવ વર્તતો હોય ત્યારે જીવ મૈથુન કર્મી છે. પણ વ્રતી નથી જ્યારે સમતાભાવ રહેતો હોય ત્યારે જીવ ઔપશમિકભાવનો માલિક છે. પણ ઔદયિકભાવનો નથી. જ્યારે જીવાત્માને કૃષ્ણલેશ્યા વર્તતી હોય ત્યારે જીવ દ્રવ્ય સંયમી છે પણ ભાવસંયમી નથી. અને જ્યારે શુદ્ધતર પદ્મ લેશ્યા વર્તતી હોય ત્યારે જીવ ભાવ સંયમી છે.

આ પ્રમાણેનો ભાષા વ્યવહાર ઋજુસૂત્રનયનો છે.

પ્રસ્તુત પ્રશ્નમાં પણ હે ભગવન્ નૈરયિક હોય તે નરકમાં ઉત્પન્ન થાય છે કે અનૈરયિક હોય તે ?

જવાબમાં–યાવત્ જ્ઞાનોની હકીકત સુધી પ્રજ્ઞાપના સૂત્રમાં રહેલાં લેશ્યા પદનો ત્રીજો ઉદેશો જોવા ભગવાને કહ્યું તે આ પ્રમાણે :–

"નારકો જ નરકમાં ઉત્પન્ન થાય છે અને નરકમાંથી નારક બહાર આવતો નથી !"

નયવાદાન્તરે જ ભાષાનો આશય સમજવાનો હોય છે. કેમકે બોલનાર અને પૂછનારની વાત બરાબર સાંભળ્યાં પછી અને તેનો આશય જાણ્યા પછી જ પ્રત્યેક વાતનો વિચાર કરીને જવાબ આપવો જોઈએ. સમજ્યા વિના કોઈ પણ વાતનો જવાબ દેવામાં આવે તો પરિણામ શૂન્યમાં આવે છે. અને વૈર વિરોધ ઉભો થાય છે.

પ્રકરણ ગ્રન્થોમાં આપણે એમ ભણ્યા છીએ કે મનુષ્ય કે તિર્યંચ નરકમાં જન્મે છે અને નારક નારકમાં જન્મતો નથી. ત્યારે ચાર જ્ઞાનના માલિક ગૌતમસ્વામીજીના પૂછવાનો આશય વ્યવહારનયને અનુલક્ષીને નથી. પણ ઋજુસૂત્રનયને અનુલક્ષીને છે. આ પ્રમાણે :—

મનુષ્યો કે જાનવરનો જીવ જે નરકગતિમાં જવાની તૈયારી કરી બેઠો છે તે નરકગતિનું આયુષ્યકર્મ બાંધ્યા સિવાય મનુષ્ય અવતાર છોડી શકે તેમ નથી, અને તેમ થતા મનુષ્ય આયુષ્ય જે સમયે પૂરૂ થશે તેજ સમયે નરકનાં આયુષ્યની બેડી તેના હાથમાં પડશે. અર્થાત્ નરકાયુષ્ય લઈને જ જીવ–નરકમાં જાય છે. માટે યાવત્ ચાર સમય સુધી નરકમાં જવાવાલો જીવ નારકજ કહેવાશે, મનુષ્ય કે તિર્યંચ નહી. કેમકે જ્યાં સુધી મનુષ્યનું આયુષ્ય ચાલુ છે ત્યાં સુધી હરહાલતમાં પણ જીવ મનુષ્યનું આયુષ્ય લઈને જતો નથી. એજ પ્રમાણે નારક નરકમાંથી બહાર આવતો નથી કેમકે :– જ્યાંસુધી નરકગતિનું આયુષ્ય યાવત્ છેલ્લા સમય સુધી શેષ રહે છે ત્યાંસુધી તે નારકજીવ જ કહેવાય છે. એવી હાલતમાં નારકનો જીવ નરકમાંથી શી રીતે બહાર આવશે ? માટે જ કહેવાયું છે કે "નારકજીવજ નરકમાં જાય છે. અને નારક નરકમાંથી બહાર આવતો નથી." પૂછનાર ગૌતમસ્વામી મહાજ્ઞાની છે અને ઉત્તર આપનાર મહાવીર સ્વામી પૂર્ણ જ્ઞાની છે.

અહીં નિરય–નરક આદિ શબ્દો નરક ભૂમિને સૂચવનારા છે. તથા નૈરયિક અને નારક શબ્દો નરકમાં જવાવાલા જીવોને માટે છે.

છઠ્ઠે ગુણઠાણે પણ ચાર જ્ઞાન

હવે આ ચાલુ પ્રશ્નમાં કૃષ્ણલેશ્યામાં વર્તતા જીવને કેટલાં જ્ઞાનો હોય છે? આનો જવાબ ભગવાન આ પ્રમાણે આપે છે કે :- બે, ત્રણ, અને ચાર જ્ઞાન પણ કૃષ્ણલેશ્યાના માલિકને હોય છે.

૧. મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન. ૨. મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન–અવધિજ્ઞાન ૩. મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન.

૪. મતિજ્ઞાન–શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન શ્રુત જ્ઞાનની હાજરીમાં મતિજ્ઞાનની આવશ્યકતા અનિવાર્ય છે. ત્યાર પછી અવધિજ્ઞાન થાય છે. અથવા આ જ્ઞાન વિના પણ મનઃપર્યવજ્ઞાન થઈ શકે છે. કેમકે :—તે તે કર્મોના આવરણોની ક્ષયોપશમ સામગ્રી જ્ઞાન પ્રત્યે વિચિત્ર પ્રકારની હોય છે. એટલે કે આમર્ષૌષધિ આદિ લબ્ધિઓમાંથી કેટલીક પ્રાપ્ત થયેલી લબ્ધિઓના માલિક મુનિને તેવા પ્રકારના અધ્યવસાયાદિ લક્ષણવાલી મનઃપર્યવ જ્ઞાનાવરણીયની જ ક્ષયોપશમ સામગ્રી પ્રાપ્ત થાય છે. પરન્તુ અવધિજ્ઞાનાવરણીયની ક્ષયોપશમ સામગ્રી પ્રાપ્ત થતી નથી. માટે તેમને અવધિજ્ઞાન વિના જ મનઃપર્યવજ્ઞાન પ્રાપ્ત થઈ જાય છે.

પ્રશ્ન–અતિ વિશુદ્ધ પરિણામવાલા મુનિને જ મનપર્યવજ્ઞાન થાય છે, ત્યારે કૃષ્ણલેશ્યા તો વિશુદ્ધ સ્વરૂપા નથી. માટે આ લેશ્યાના માલિકને મનપર્યવજ્ઞાન શી રીતે ઉત્પન્ન થશે?

ઉત્તર–લેશ્યાઓનાં અધ્યાવસાય સ્થાનો લોકાકાશના પ્રદેશ જેટલા અસંખ્યાત છે. તેમાં કોઇક સમયે કૃષ્ણલેશ્યા અતિમંદ ભાવના પરિણામવાલી પણ થઇ જતાં અર્થાત્ કૃષ્ણ-

લેશ્યામાં વર્તતા જીવના અધ્યવસાયો કોઈક સમયે અતીવ શુદ્ધ થતાં, પ્રમત્ત સંયમીને પણ મનઃપર્યવજ્ઞાનની સંભાવનાનો નિષેધ થઈ શકે તેમ નથી.

અધ્યવસાયોની વિચિત્રતા એક સરખી નથી માટે કૃષ્ણ, નીલ, અને કાપોત લેશ્યા પ્રમત્તસંયમ ગુણસ્થાનક સુધી પણ હોય છે. યદ્યપિ મનઃપર્યવજ્ઞાન અપ્રમત્તજ્ઞાન મુનિને જ થાય છે તો પણ કદાચિત્ છઠ્ઠાગુણસ્થાનકના પ્રમત્ત સંયમીને આ ચોથા જ્ઞાનની ઉત્પત્તિ હોઈ શકે છે.

એજ વાતને વીરવિજયજી મહારાજની પૂજાની ઢાળ અને શેઠ કુંવરજી આણંદજીનું વિવેચન સાક્ષીરૂપે જાણી લઈએ.

"ક્ષયઉપશમ પદેરે મુનિવરને સાતે ગુણઠાણ"
(જ્ઞાનાવરણીય કર્મની પાંચમી ઢાળ)

આના ઉપર કુંવરજીભાઈનું વિવેચન આ પ્રમાણે છેઃ–

"એ જ્ઞાન (મનઃપર્યવજ્ઞાન) ક્ષયોપશમભાવે થાય છે તેથી તે ભાવમાં વર્તનારા છઠ્ઠાથી બારમા સુધીના સાતે ગુણઠાણાના માલિકને તે હોય, પરન્તુ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષાયિક ભાવ કર્યા વિના મોક્ષે ન જાય."

આ ઢાળમાં સાતેનો અર્થ સાતમું ગુણસ્થાનક કરવાનો નથી, પણ છઠ્ઠા ગુણસ્થાનકથી લઈને બારમાં ગુણસ્થાનક સુધી સાતે ગુણસ્થાનકે મુનિરાજો હોય છે અને આ સાતે ગુણસ્થાનકોમાં તારતમ્ય ભાવે મનઃપર્યવજ્ઞાનની હાજરીની સંભાવના હોઈ શકે છે.

વિપુલમતિમનપર્યવજ્ઞાન તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરાવીને

લેશ્યા વિચાર

આમાં લેશ્યાનું વર્ણન છે. અર્થાત્ કૃષ્ણલેશ્યા નીલ લેશ્યાનો સંયોગ પામી તે રુપે અને તે વર્ણે પરિણમે કે કેમ? આસંબંધી 'પ્રજ્ઞાપના' સૂત્રના લેશ્યાપદનો ચોથો ઉદ્દેશક કહેવાનો છે.

ટીકાકારે વિસ્તારથી ખુલાસો કર્યો છે. મતલબ એ છે કે–કૃષ્ણલેશ્યાના પરિણામવાળો જીવ, નીલલેશ્યાને યોગ્ય દ્રવ્યોનું ગ્રહણ કરી મરણ પામે છે, ત્યારે તે નીલલેશ્યાના પરિણામવાળો થઈને ઉત્પન્ન થાય છે. અર્થાત્–જે લેશ્યાનું ગ્રહણ કરીને જીવ મરણ પામે; તે લેશ્યાવાળો થઇને, બીજે ઠેકાણે ઉત્પન્ન થાય છે.

નિવૃત્ત થાય છે જ્યારે ઋજુમતિજ્ઞાન, વિજળીના ચમકારાની જેમ આવજાવ કરે છે. એટલે આવે છે–અને જાય છે.

સત્ય વાત એટલી જ કે:—

આત્મલબ્ધિઓ મેળવવાને માટે.

નિશ્રેયસ (મોક્ષ)ના માર્ગે આગળ વધવાને માટે.

ક્ષાયોપશમિક ભાવમાંથી નીકળીને ક્ષાયિકભાવના દર્શન કરવા માટે.

અનાદિકાળના જન્મ અને મૃત્યુના ફેરા ટાળવા માટે.

મુનિધર્મને દીપાવવા માટે.

અને આપણા આત્માને જ અરિહંત બનાવવા માટે.

સાધક માત્રે અપ્રમત્ત ભાવ કેળવવો જોઈએ, અથવા આ અવસ્થાને કેળવવા માટે જ પ્રયત્નશીલ રહેવું જોઈએ.

આ પછી ટીકામાં લેશ્યાના રંગો, રસ વગેરેનું વર્ણન ૫૫

લેશ્યાઓના પરિણમન માટે સ્પષ્ટીકરણ

૫૫. કૃષ્ણલેશ્યા નીલલેશ્યામાં પરિણત થાય છે કે નથી થતી ? આના ઉત્તરમાં ભગવાને પ્રજ્ઞાપના સૂત્રનો ચોથો ઉદ્દેશો જોવા માટે ભલામણ કરી છે. તે આ પ્રમાણે:–કૃષ્ણલેશ્યાને યોગ્ય દ્રવ્યો જ્યારે નીલલેશ્યાને યોગ્ય દ્રવ્યોને પ્રાપ્ત કરે છે ત્યારે નીલલેશ્યા સ્વભાવને પામે છે અર્થાત્ નીલલેશ્યાના વર્ણ, રસ, ગંધ તથા સ્પર્શને પામે છે. કૃષ્ણલેશ્યાનો સ્વામી મરતી વખતે કદિ નીલલેશ્યામાં પરિણમે તો આ લેશ્યામાં જ મરણ પામે છે.

મનુષ્ય અને તિર્યંચનો જીવ બીજા ભવને પ્રાપ્ત કરવાની ઈચ્છાવાલો થયે છતે નીલલેશ્યાને યોગ્ય દ્રવ્યોના સંપર્કથી કૃષ્ણલેશ્યાને યોગય દ્રવ્યો, સહકારી કારણને લઈને તથારૂપ જીવના લક્ષથી નીલલેશ્યારૂપે પરિણમશે. અને નીલ લેશ્યાને યોગ્ય દ્રવ્યોના સહકારથી આ લેશ્યામાં પરિણત થતા આ જીવ આ લેશ્યાને લઈને ભવાન્તર કરશે. આ બંને ગતિના જીવો વર્તમાન ભવમાં કૃષ્ણલેશ્યામાં પરિણત છતાં પણ નીલલેશ્યાનાં ભાવ પરિણમતાં કૃષ્ણલેશ્યાના દ્રવ્યો પણ નીલલેશ્યામાં પરિણત થશે.

જેમ છાશરૂપને પ્રાપ્ત થતાં જ દૂધના પર્યાયો છાશના પર્યાય, વર્ણ, રસ, અને ગંધને પ્રાપ્ત કરે છે.

જેમ શુદ્ધ વસ્ત્ર (સફેદ વસ્ત્ર) લાલરંગના કારણે તે રંગને પ્રાપ્ત કરે છે. અર્થાત્ લાલરંગના પરિણામને પામે છે.

અહીં કૃષ્ણલેશ્યા નીલલેશ્યાના પરિણામને પામે છે. નીલલેશ્યા કાપોતલેશ્યાના સંપર્કથી કાપોતલેશ્યા બને છે. કાપોતલેશ્યા તેજોલેશ્યામાં અને તેજોલેશ્યા પદ્મલેશ્યામાં તથા પદ્મલેશ્યા શુકલલેશ્યામાં પરિણમે છે.

જેમ તે તે રૂપ (રંગ)ને ધારણ કરનારા દ્રવ્યેના સંપર્કથી વૈડૂર્યમણીમાં પણ રંગનો ફેરફાર થાય છે. અહીં રંગમાં ફેરફાર થયે છતે પણ વૈડૂર્યમણી પોતાના સ્વભાવને છોડતો નથી. તેજ પ્રમાણે કૃષ્ણલેશ્યાના યોગ્ય દ્રવ્યો પણ પોતાના મૂળ સ્વભાવને છોડયા વિના જ નીલાદિ દ્રવ્યોના સંપર્ક માત્રથી આ લેશ્યાના આકારાદિને પામે છે આ વાત દેવ અને નારકોને માટે સમજવાની છે. કેમકેઃ-તેમને ભવના અંત સુધી રહેનારી લેશ્યાઓ દ્રવ્યાન્તરનાં સંપર્કથી જૂદા આકારને ભલે પામે તો પણ સર્વથી પોતાનાં સ્વરૂપનો ત્યાગ કરતી નથી. "ત્યારે જ કહેવાય છે કે દેવ અને નારકોને દ્રવ્ય લેશ્યા અવસ્થિત છે. જ્યારે ભાવના પરિવર્તનથી તેમને પણ છ એ લેશ્યાઓની સંભાવના બની શકે છે' તેથી જ તો નારક જીવ પણ તેજો લેશ્યારૂપ દ્રવ્ય સંબંધીથી તેજો લેશ્યામાં જ્યારે પરિણત થાય છે ત્યારે સમ્યક્ત્વને પામી શકે છે, અને તેજો લેશ્યાની સંભાવનાવાળા વૈમાનિક સંગમ દેવને કૃષ્ણલેશ્યાના પરિણામ થતાં પતિત પાવન ભગવાન મહાવીર સ્વામીને જીવલેણ ઉપસર્ગો કરવાની વૃત્તિ જન્મે છે. જ્યારે મનુષ્યોની અને તિર્યંચોની લેશ્યા સર્વાંશે પરિવર્તન પામે છે માટે જ તેમની લેશ્યાની ઉત્કૃષ્ટ સ્થિતિ અન્તર્મોહૂર્તિક હોય છે પ્રસન્નચન્દ્ર રાજર્ષિને કૃષ્ણલેશ્યા આવતાં એ વાર લાગી નથી અને શુકલલેશ્યા આવતાં પણ વાર લાગી નથી, માટે મનુષ્યની લેશ્યા પ્રતિક્ષણે નિમિત્તોના વશ બદલાતી રહે છે.

દ્રવ્ય અને ભાવલેશ્યા કોને કહેવી ?

પદાર્થ (દ્રવ્ય)ના નિમિત્તને લઇને લેશ્યા ઉદ્ભવે તે નિમિત્ત દ્રવ્ય લેશ્યા છે, જેમકે પાંચ મિનિટ પહેલા સામાયિક વ્રતદ્વારા સમતા રસમાં ડુબકી મારનારો સાધક પાસે બેઠેલા હાડવૈરીને જોઈને સમતા રસમાંથી નીચે પડતા વાર કરતો નથી. માટે નિમિત્ત દ્રવ્યલેશ્યા છે, અને નિમિત્તોને લઈને આત્મામાં જે ભાવો થાય છે. અને કર્મબંધનું કારણ બને છે તે ભાવલેશ્યા કહેવાય છે.

શુકલલેશ્યા તરફ પ્રસ્થાન કરવાની તૈયારીવાલા રાજર્ષિ પ્રસન્નચન્દ્રને દુર્મુખના મુખેથી નીકળેલા શબ્દો નિમિત્ત બન્યા તે દ્રવ્યલેશ્યા છે, અને આન્તર જીવનમાં રણમેદાન જામ્યું તે ભાવલેશ્યા છે. અને પછી શસ્ત્ર લેવા માટે માથા ઉપર હાથ નાંખ્યો તે દ્રવ્ય શુકલલેશ્યા છે અને ભાવની પરણિત દ્વારા પાછા ભાનમાં આવી ગયા તે ભાવ શુકલલેશ્યા પ્રાપ્ત થતાં જ કેવળજ્ઞાન મેળવી શકયા છે.

હવે લેશ્યાના વર્ણ, ગંધ, રસ, સ્પર્શ કહે છે તે આ પ્રમાણે :—

' કૃષ્ણ લેશ્યા '

વર્ણ :—વર્ષાઋતુનો મેઘ, કાજલ, લેંસનું શીંગડું, કોયલ હાથીનું બચ્ચુ અને કાળા ભ્રમર જેવી કાળા રંગની હોય છે અર્થાત્ કૃષ્ણલેશ્યા પ્રાપ્ત થતાં જ આત્માના પરિણામો પણ કાળા રંગ જેવા થઈ જાય છે.

રસ :—કડવી તુંબડી, લીંબડાના ફળ, છાલ જેવી કડવા રસની હોય છે. અર્થાત્ આ લેશ્યાના માલિકનો રસ કડવી તુંબડી જેવો કડવો થઇ જાય છે.

ગંધ :—મરેલી ગાયની જેવી દુર્ગંધવાળી હોય છે.

સ્પર્શ :—અત્યન્ત ઠંડો અને લુખો હોય છે.

"નીલલેશ્યા"

વર્ણ :—ભૃંગ, ચાસ, પોપટ તથા તેના પીંછા, કબૂતર તથા મોરની ગરદન જેવો વર્ણ હોય છે.

રસ :— પીપર, આદુ, મરચા આદિના સ્વાદ જેવો હોય છે.

ગંધ :— મરેલા જીવના કલેવર જેવી ગંધ હોય છે.

સ્પર્શ :—ઘણો ઠંડો હોય છે.

" કાપોત લેશ્યા "

વર્ણ :— અલસી તથા વૃત્તાંકના ફળ જેવો હોય છે.

રસ :— કાચુ બીજોરું, કોઠ અને બોરના જેવો રસ હોય છે.

ગંધ :— દુર્ગંધ મારતો હોય છે.

સ્પર્શ :— અધિક ઠંડો અને લુખો હોય છે.

" તેજો લેશ્યા "

વર્ણ :—માણિક્ય, ઉગતો સૂર્ય, સન્ધ્યા તથા પરવાલાના અંકુરા જેવો હોય છે.

રસ :— પાકી કેરીના રસ જેવો હોય છે.

ગંધ :— સુગન્ધી.

સ્પર્શ :— ગરમ અને સ્નિગ્ધ હોય છે.

"પદ્મલેશ્યા"

વર્ણ :–સુવર્ણ, ચંપો આદિના વર્ણ જેવો હોય છે.

રસ :– દ્રાક્ષ, ખજુર જેવો હોય છે.

ગંધ :–સુગન્ધી

સ્પર્શ :–ગરમ અને સ્નિગ્ધ.

"શુકલ લેશ્યા"

શંખ જેવી શ્વેત, ગોળના જેવી મધુર, સારા ગંધવાલી સ્નિગ્ધ અને ઉષ્ણ છે.

પહેલાની ત્રણ લેશ્યાઓ અત્યન્ત સંકિલષ્ટ, આર્તધ્યાન તથા રૌદ્રધ્યાનવાલા અધ્યવસાયોના કારણ રૂપ હોવાથી અપ્રશસ્ત છે અને છેલ્લી ત્રણ શુદ્ધ, તથા ધર્મધ્યાન, શુકલધ્યાનના અધ્યવસાયોને કરવાવાલી હોવાથી પ્રશસ્ત છે.

લેશ્યાઓના પરિણામો આ પ્રમાણે જાણવા :– કૃષ્ણલેશ્યા જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપે ત્રણ પરિણામવલી હોય છે. જેમકે જઘન્ય પરિણામોને લઈને જઘન્ય કૃષ્ણલેશ્યા. મધ્ય પરિણામોને લઈ મધ્યમ કૃષ્ણલેશ્યા, અને ઉત્કૃષ્ટ પરિણામોને લઈને ઉત્કૃષ્ટ કૃષ્ણલેશ્યા હોય છે. હવે જઘન્યમાં પણ ત્રણ પ્રકારના અધ્યવસાયો આ પ્રમાણે બનશે. જઘન્યથી જઘન્ય, મધ્યમથી જઘન્ય, અને ઉત્કૃષ્ટથી જઘન્ય. આવી રીતે લેશ્યાના પરિણામો જીવ માત્રને જૂદા જૂદા રૂપે થશે માટે લેશ્યાઓના પરિણામ સ્થાનો ઘણા હોય છે આ પ્રમાણેના કિલષ્ટ, કિલષ્ટતર અને કિલષ્ટતમ તથા સુન્દર, સુન્દરતર અને સુન્દરતમ પરિણામો થવામાં જીવના પૂર્વભવનાં કર્મોજ કારણરૂપે થવાથી તે જીવોના સંસ્કારો તેવા રૂપે બની જાય છે. માટે પ્રાયઃ કરીને:–

જ્ઞાન વિજ્ઞાન હોવા છતાં પણ સંસ્કારોની વિચિત્રતા દુસ્ત્યાજ્ય હોય છે.

પાપ તથા પુણ્યના ભેદો જાણવા છતાં પણ પડેલા સંસ્કારો અમીટ હોય છે.

આશ્રવ સંવરના ભેદોને આંગલીના ટેરવે ગણાવવા છતાં પણ ખાવામાં, પીવામાં, બોલવામાં પડેલી ટેવો છોડવી અતિ મુશ્કેલ છે તે માટે બાહ્ય જીવન સુન્દર દેખાવા છતાં પણ આન્તર જીવન ક્લિષ્ટ હોઇ શકે છે. અને બાહ્ય જીવન ખરાબ દેખાવા છતાં પણ માણસનો સ્વભાવ, સરળ, પવિત્ર અને અહિંસક પણ હોય છે આ અને આના જેવા હજારો કારણોને લઈને પરિણામોની વિચિત્રતા અનુભવગમ્ય છે.

ચોથા શતકનું સમાપ્તિ વચન

જગત્માન્ય, વિદ્વત્પૂજ્ય, દીર્ઘદ્રષ્ટા, સ્યાદ્વાદનયનયન-ધારક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન અપ્રતિમ લેખક, પ્રબંધકુશળ, નિર્ભીક વક્તા, સિંધાદિ દેશ અહિંસા ધર્મના પ્રબલ પ્રચારક પૂજ્ય ગુરૂદેવ શ્રી ૧૦૦૮ શ્રી વિદ્યાવિજયજી મહારાજે પોતાના સ્વાધ્યાય માટે ભગવતી સૂત્રના છ શતક સુધીનું વિવરણ લખ્યું હતું. તેને મઠારીને–વધારીને પ્રત્યેક પ્રશ્નોનું વિસ્તારથી સ્પષ્ટીકરણ કરીને આ પુસ્તક તેમના શિષ્ય ન્યાય–વ્યાકરણ કાવ્યતીર્થ, પંન્યાસપદ વિભૂષિત મુનિરાજ શ્રી પૂર્ણાનંદ-વિજયજી (કુમાર શ્રમણ) એ તૈયાર કર્યું છે.

सर्वे सुखिनः सन्तु ।

શતક પાંચમાનું સંપાદકીય પુરોવચન

ચંપાનગરી

આ શતકનો પહેલો અને દશમો ઉદ્દેશો ચંપાનગરીમાં કહેવાયેા છે. આ ઐતિહાસિક નગરીની મહત્તા શાને આભારી છે, તે આપણે જોઈએ.

આ નગરી અંગદેશની રાજધાની છે. બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્ય સ્વામીના પાંચ કલ્યાણકો અહિં થયા છે.

અતિશય પુણ્યવંત તીર્થંકર પરમાત્માનો જ્યારે જન્મ થાય છે, ત્યારે ઇન્દ્રનું આસન કંપાયમાન થાય છે. તેથી ઈન્દ્ર અવધિજ્ઞાનનો ઉપયેાગ મૂકે છે અને તીર્થંકર ભગવાનનો જન્મ થયાનું જાણી બધા ઈન્દ્રો અને દેવો ત્યાં આવે છે અને ભગવાનને મેરુપર્વત ઉપર લઈ જઈ જન્માભિષેક કરે છે. આવી રીતે પાંચે કલ્યાણકો ઇન્દ્રો તથા દેવોથી ઉજવાય છે. માટે કલ્યાણક કહેવાય છે. કેવળજ્ઞાનના માલિક થતાં જ તીર્થંકર નામ કર્મનો ઉદય થાય છે અને દેવો દ્વારા રચિત સમવસરણમાં બિરાજમાન થઈને તીર્થંકર પરમાત્માઉત્કૃષ્ટતમ ભાવદયાના કારણે તથા ભાષા વર્ગણાના પુદ્ગલોને ખપાવવા-નાશ કરવા અર્થે પણ દેશના આપે છે.

विमल स्वामिनो वाचः कतकक्षोदसोदरा, ।
जयन्ति त्रिजगच्चेतो जलनैर्मल्यकारणम् ॥

ભગવાનની વાણી રાગદ્વેષના મેલથી સંપૂર્ણ દૂર હોવાના કારણે કતક નામના ચૂર્ણ જેવી હોય છે. કતક વનસ્પતિ ગમે તેવા ખરાબ પાણીને પણ શુદ્ધ બનાવી દે છે. તે જ રીતે તીર્થંકર પરમાત્માઓની વાણી પણ ત્રણે જગતના પ્રાણીઓના ચિત્તને નિર્મલ કરનારી હોય છે. આવા વાસુપૂજ્ય સ્વામીના ૧. ચ્યવન કલ્યાણક, ૨. જન્મ કલ્યાણક, ૩. દીક્ષા કલ્યાણક, ૪. કેવળજ્ઞાન કલ્યાણક અને નિર્વાણ કલ્યાણક આ પાંચે કલ્યાણકોથી આ ચંપાનગરી પવિત્રતમ બનેલી છે.

બીજી મહત્વની ઘટના આ નગરીમાં સતી સુભદ્રાના શીલની પરીક્ષા થઈ છે. देवावि तं नमंसंति जस्स धम्मे सया मणो આ ઉક્તિને ચરિતાર્થ કરનાર સુભદ્રા નામની કુલવધૂ ઉપર તેની સાસુએ ખોટી આળ નાખી હતી. પણ આ સતી સ્ત્રી દ્રવ્ય અને ભાવ મનથી શીલવતી હોવાના કારણે દેવોએ આ નગરીના દ્વાર બંધ કરી દીધા. પછી જ્યારે ચારે તરફ બંધ થયેલી નગરીમાં રાજા સહિત સૌ પ્રજા મુંઝાવા લાગી અને પશુઓ અત્યન્ત આકુલ-વ્યાકુલ થવા લાગ્યા, ત્યારે દેવવાણી થઇ કે–"જે કોઇ સતી નારી કાચા સુતરના તાંતણે ચાલણી બાંધી કુવામાંથી જલ કાઢશે અને દરવાજા ઉપર તે પાણી છાંટશે ત્યારે દરવાજા ઉઘડશે" ત્યારે સતી સુભદ્રાએ પોતાના શુદ્ધ શિયળવ્રત (એક પતિવત)ના પ્રભાવે તે પ્રમાણે કુવામાંથી પાણી કાઢી દરવાજા ઉપર છાંટી ત્રણ દરવાજા ઉઘાડયા. અને શીલનો મહિમા વધાર્યો.

પોતાને પોતાના શિયળ ધર્મનો અહંકાર ન આવે અને બીજી પણ શિયળવંતી નારીઓનાં સન્માન સચવાય તે માટે ત્રણ દરવાજા ઉઘાડયા અને એક દરવાજો તેમજ (બંધ) રહેવા દીધો.

ઘણાજ લાંબા કાળ સુધી બંધ રહેલા આ દરવાજાને વિ. સં. ૧૩૬૦ના વર્ષમાં લક્ષણવતી નગરીના (રાજા) હમ્મીર અને સુલતાન સમજીને તોડી નાખ્યો અને તેના સુંદર પત્થરો તેઓ લઈ ગયા.

માટે પ્રાતઃકાળના મંગળ પ્રભાતે સોળ સતીઓના છંદમાં ગવાય છે કે :—
"કાચે તાંતણે ચાલણી બાંધી, કુવા થકી જલ કાઢીયું રે,
કલંક ઉતારવા સતી સુભદ્રાએ, ચંપા બાર ઉઘાડીયાં રે."

આ પ્રમાણે આ નગરી સુભદ્રાના શિયળની પરીક્ષાના કારણે સ્મરણીય બની છે.

ત્રીજી મહત્ત્વની ઘટના કૌશાંબી નગરીમાં ચંદનબાળાના હાથે ભગવાન મહાવીર સ્વામીનો મહાન્ અભિગ્રહ પૂર્ણ થયો હતો અને ૧૭૫ દિવસના ઉપવાસી ભ૦ મહાવીરે અહીં પારણું કર્યું હતું. ઘટના આ પ્રમાણે છે :—

આ નગરીમાં દધિવાહન નામનો રાજા રાજ્ય કરતો હતો. તેની સ્ત્રીનું નામ ધારિણી હતું. તેને એક કન્યા હતી. તેનું નામ વસુમતી (ચંદનબાળા) હતું.

ભગવાન મહાવીર સ્વામીના સગા મામા અને વૈશાલી ગણતંત્રના મુખ્ય નાયક ચેડા મહારાજાને સાત પુત્રીઓ હતી. તેમાંની એક ધારિણી નામની પુત્રીના લગ્ન દધિવાહન રાજા સાથે કર્યા હતા અને મૃગાવતી નામની બીજી પુત્રીને શતાનિક રાજા સાથે પરણાવી હતી. એટલે સંબંધમાં સાઢુભાઇ હોવા છતાં પણ આ બન્ને રાજાઓ અહંકાર વશ આપસમાં લડયા અને તેમાં દધિવાહન રાજા હારી ગયો. ધારિણીએ પણ પોતાના

શીલની રક્ષા માટે પ્રાણ છોડી દીધા. અને વસુમતી કૌશાંબી નગરીના ભરબજારમાં વેચાણી. તેને ધનાવહ નામના શેઠે ખરીદી લીધી. ચંદન જેવી શીતલ તેની ભાષા હોવાથી શેઠે તેનું નામ ચંદનબાળા પાડયું. ત્યાં પણ તે શેઠની સ્ત્રી મૂળાએ ક્રોધમાં આવી ચંદનબાળાના માથાના વાળ મુંડાવી નાખ્યા અને હાથ–પગમાં બેડીઓ પહેરાવી તે બાળાને મકાનના ભોંયતળીયામાં પૂરી દીધી. ત્રણ દિવસ પછી શેઠે તેને બહાર કાઢી અને અડદના બાકુલા બાવા માટે સુપડામાં આપી પોતે લુહારને બોલાવવા માટે ગયા.

તે જ સમયે ભ૦ મહાવીર સ્વામી ત્યાં પધાર્યા અને પોતાનો અભિગ્રહ પૂરો થયો જાણી ચંદનબાળાએ ઉત્કૃષ્ટ ભક્તિવશ થઈને અડદના બાકુલા ભગવાનને વહોરાવ્યા અને સર્વત્ર જયજયકાર થયો, અને ચંદનબાળાનું પણ દિવ્ય સ્વરૂપ બની ગયું.

"ચંદનબાળા બાળપણાથી, શિયલવતી શુદ્ધ શ્રાવિકાએ,
અડદના બાકુલે વીર પ્રતિલાભ્યા, કેવલ લહી વ્રત ભાવિકાએ."

ભગવાન મહાવીર સ્વામીએ પૃષ્ઠચંપાની સાથે આ ચંપાનગરીમાં ત્રણ ચાતુર્માસ કર્યા હતા. તેમજ પાંડવકુલ ભૂષણ મહાદાનેશ્વરી રાજા કર્ણ આ નગરીનો રાજા હતો.

પિતૃહત્યાના મહાપાતકથી અતિશય સંતપ્ત થયેલા રાજા કોણિકે આ નગરીને મગધ દેશની રાજધાની બનાવી હતી.

શય્યંભવસૂરિએ પોતાના પુત્ર મનક મુનિરાજની સુલભ આરાધના માટે આ નગરીમાં જ દશવૈકાલિક સૂત્રની રચના કરી હતી.

નવપદના મહાન્ આરાધક મહારાજા શ્રીપાલનો જન્મ પણ આ ચંપાનગરીમાં જ થયો હતો. કર્મવશ કોઢી બનેલા શ્રીપાલના લગ્ન સતી મયણાસુંદરી સાથે થવાથી અને સિદ્ધ ચક્રમંત્રની આરાધનાના પ્રભાવથી તેનો કોઢ રોગ દૂર થયો અને મહાન્ ઋદ્ધિસમૃદ્ધિના ભોક્તા બનવા સાથે બીજી આઠ રાજકુંવરીઓ સાથે લગ્નગ્રંથીથી જોડાઈ છેવટે પોતાના કાકા અજિતસેનને હરાવી પુનઃ ચંપાનું રાજ્ય પ્રાપ્ત કર્યું હતું. શ્રીપાલનો રાસ પ્રતિવર્ષ આસો અને ચૈત્રમાસની ઓળીમાં ભાવપૂર્વક વંચાય છે.

આમ અનેક ઐતિહાસિક પ્રસિદ્ધ ઘટનાઓને લઈને આ ચંપાનગરી એક વખત વૈભવના ચરમ શિખરે મ્હાલતી હતી. તેની પવિત્રતા અને મહત્તાના ગુણગાન ઐતિહાસિકોએ પેટ ભરીને કર્યાં છે. જૈન આગમોમાં પણ તેનો ઉલ્લેખ અનેક સ્થળોએ કરવામાં આવ્યો છે.

卐

સૂર્ય વિચાર

આ ઉદ્દેશકમાં ખાસ કરીને સૂર્ય સંબંધી હકીકત છે. આ પ્રશ્નોત્તરો ચંપાનગરીની બહાર પૂર્ણભદ્ર નામના ચૈત્ય (વ્યન્તરાયતન)માં થયા હતા. ગૌતમ ઈન્દ્રભૂતિએ આ પ્રશ્નો ભગવાનને પૂછેલા છે.

જૈનસૂત્રોમાં જંબૂદ્વીપમાં બે સૂર્યો બતાવવામાં આવ્યા છે. જો કે ખરી રીતે તો સૂર્ય લોકોની સમક્ષ હંમેશાં હોય જ છે. પરન્તુ એની આગળ કંઇ આંતરૂં આવી જાય છે. ત્યારે અમુક દેશના–ભાગના લોકો, તેને જોઈ શકતા નથી. અને તેથી 'સૂર્ય આથમ્યો,' 'સૂર્ય ઉગ્યો,' એવો વ્યવહાર કરવામાં આવે છે.

આ સંબંધી ભગવતીની ટીકામાં બહુ વિસ્તારથી લખ્યું છે. પરન્તુ અહિં તો મૂળના જ પ્રશ્નોત્તરોનો સારાંશ લેવાનો છે. અને તેનો સાર આ છે :—

સૂર્યો જંબૂદ્વીપમાં ઈશાન ખૂણામાં ઉગીને અગ્નિ ખૂણામાં આથમે છે. અગ્નિ ખૂણામાં ઉગીને નૈઋત્યમાં આથમે છે. નૈઋર્તમાં ઉગીને વાયવ્ય ખૂણામાં આથમે છે અને વાયવ્ય ખૂણામાં ઉગીને ઇશાન ખૂણામાં આથમે છે.

જ્યારે જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં દિવસ હોય છે ત્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે. અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ દિવસ હોય છે, ત્યારે મંદર પર્વતની પૂર્વ–પશ્ચિમે રાત્રિ હોય છે.

હવે જ્યારે મંદર પર્વતની પૂર્વે દિવસ હોય છે. ત્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે. અને જ્યારે પશ્ચિમમાં પણ દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની ઉત્તર–દક્ષિણે રાત્રિ હોય છે.

જ્યારે જંબૂદ્વીપના દક્ષિણાર્ધમાં વધારેમાં વધારે મોટો અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે ઉત્તરાર્ધમાં પણ વધારેમાં વધારે અઢાર મુહૂર્ત્તનો જ દિવસ હોય છે, અને જ્યારે ઉત્તરાર્ધમાં પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ-પશ્ચિમે નાનામાં નાની બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે.

હવે જ્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે મોટામાં મોટો અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે, ત્યારે જંબૂદ્વીપમાં પશ્ચિમે પણ અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે અને જ્યારે પશ્ચિમે મોટામાં મોટો અઢાર મુહૂર્ત્તનો દિવસ હોય છે. ત્યારે ઉત્તરાર્ધમાં નાનામાં નાની બાર મુહૂર્ત્તની રાત્રિ હોય છે

આ ઉપરથી દિવસ અને રાત્રિના સમયની વધઘટનો હિસાબ પણ ગણી લેવો. દાખલા તરીકે-સત્તર મુહૂર્ત્તનો દિવસ હોય ત્યારે તેર મુહૂર્ત્તની રાત્રિ, સત્તર મુહૂર્ત્ત કરતાં કંઈક ઓછો લાંબો દિવસ હોય ત્યારે તેર મુહૂર્ત્ત કરતાં કંઈક વધારે લાંબી રાત સમજવી.

જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં નાનામાં નાનો બાર મુહૂર્ત્તનો દિવસ હોય, ત્યારે ઉત્તરાર્ધમાં પણ તેમજ હોય, અને જ્યારે ઉત્તરાર્ધમાં તેમ હોય, ત્યારે જંબૂદ્વીપમાં મંદર પવર્તની પૂર્વે પશ્ચિમે મોટામાં મોટી અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય.

આમ જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વે નાનામાં નાનો બાર-મુહૂર્ત્તનો દિવસ હોય, ત્યારે પશ્ચિમે પણ તેમજ હોય છે. અને પશ્ચિમે તેમ હોય ત્યારે મંદર પર્વતની ઉત્તર-દક્ષિણે મોટામાં મોટી અઢાર મુહૂર્ત્તની રાત્રિ હોય.

આવી રીતે ઋતુઓ સંબંધી પણ સમજવાનું છે. દાખલા તરીકે-જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધમાં વર્ષાની-મોસમનો પ્રથમ

સમય હોય, ઉત્તરાર્ધમાં પણ તેમજ હોય. અને ઉત્તરાર્ધમાં પણ વર્ષાઋતુનો પ્રથમ સમય હોય ત્યારે જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ–પશ્ચિમે તરત જ બીજા સમયે વરસાદની શરૂઆત થાય છે.

આવી જ રીતે બીજી ઋતુઓ સંબંધી પણ સમજવું. અને વરસાદના પ્રથમ સમય માટે કહ્યું, તેવીજ રીતે આનપાન, સ્તોક, લવ, મુહૂર્ત્ત, અહોરાત્ર, પક્ષ, માસ વગેરે સંબંધી પણ જાણવું અને તે જ રીતે જ્યારે સંવત્સર, યુગ, વર્ષશત, વર્ષસહસ્ર, વર્ષશતસહસ્ર, પૂર્વાંગ પૂર્વ, ત્રુટિતાંગ, ત્રુટિત, અટટાંગ, અટટ, અવવાંગ, અવવ, હૂહૂકાંતા, હૂહૂક, ઉત્પલાંગ, ઉત્પલ, પદ્માંગ, પદ્મ, નલિનાંગ, નલિન, અર્થનૂપુરાંગ, અર્થનૂપુર, અયુતાંગ, અયુત, નયુતાંગ, નયુત, પ્રયુતાંગ, પ્રયુત, ચૂલિકાંગ, ચૂલિકા, શીર્ષપ્રહેલિકાંગ, શીર્ષપ્રહેલિકા, પલ્યોપમ અને સાગરોપમ, એ બધા સંબંધી પણ જાણવું.

આવી જ રીતે અવસર્પિણી અને ઉત્સર્પિણી સંબંધી પણ જાણવાનું છે. પરન્તુ ધ્યાનમાં રાખવું જોઈએકે –જંબૂદ્વીપમાં મંદર પર્વતની પૂર્વ પશ્ચિમે અવસર્પિણી કે ઉત્સર્પિણી નથી. ત્યાં અવસ્થિત કાળ કહ્યો છે.

આમ લવણસમુદ્રમાં સૂર્યો સંબંધી તેમજ ઉત્સર્પિણી અવસર્પિણીકાળ સંબંધી જાણવું. એમ જ ધાતકીખંડ, કાલોદ અને અભ્યન્તર પુષ્કરાર્ધ સંબંધી જાણવું.

વાયુ વિચાર

આમાં ખાસ કરીને વાયુના વાવા સંબંધી તેમજ ઓદનાદિ પદાર્થોમાં કયા કયા જીવો છે, એ સંબંધી વર્ણન છે. આ પ્રશ્નોત્તરો રાજગૃહમાં થયેલા છે. સાર આ છે :—

વાયુ, થોડી ભીનાશવાળો, થોડી ચીકાશવાળો અને વનસ્પતિ વગેરેને હિતકર એવો પથ્ય વાયુ વાય છે. તેમ મહાવાયુ પણ વાય છે. આવા પ્રકારના ઇષત્ પુરીવાત, પથ્યવાત, મંદવાત અને મહાવાત–એ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ઇશાન, અગ્નિ, નૈઋત, અને વાયવ્ય ખૂણામાં પણ છે, આ વાત પૂર્વમાં વાય છે ત્યારે પશ્ચિમમાં પણ વાય છે, અને પશ્ચિમમાં વાય છે ત્યારે પૂર્વમાં પણ વાય છે અને તેવી જ રીતે બીજી દિશાઓ અને ખૂણાઓનું પણ સમજવું.

આ વાયુઓ દ્વીપ અને સમુદ્રમાં પણ હોય છે. પરંતુ દ્વીપના વાયુ વાતા હોય ત્યારે સમુદ્રના ન વાય. અને સમુદ્રના વાતા હોય ત્યારે દ્વીપના ન વાય. એનું કારણ એ છે કે–આ દ્વીપ અને સમુદ્રના વાયુઓ વ્યતાસ વડે સંચરે છે. એટલે જુદા જુદા સંચરે છે અને વાયુઓ લવણ સમુદ્રની વેળાને ઉલ્લંઘતા નથી.

આ ઇષત્પુરોવાત, પથ્યવાત, મંદવાત અને મહાવાત જ્યારે વાયુકાય પોતાના સ્વભાવ પ્રમાણે ગતિ કરે છે, ત્યારે વાય છે, તેમજ વાયુકાય, ઉત્તર ક્રિયાપૂર્વક એટલે વૈક્રિય શરીર બનાવીને ગતિ કરે છે, તે વાયુઓ વાય છે. વળી વાયુકુમારો અને વાયુકુમારીઓ પોતાને–બીજાને કે બન્ને માટે વાયુકાયને ઉદીરે છે ત્યારે તે વાય છે. ૫૬

---

૫૬ વાયુ માટે આ પ્રશ્નોત્તર છે તેના ચાર પ્રકાર છે:–

(૧) ઈષતપુરોવાયુ–એટલે થોડા મેહવાળો–થોડી ભીનાશવાળો અને થોડી ચિકાશવાળો વાયુ.
મેહને ભાષામાં 'ઝાકળ' કહે છે.

ઓદનાદિની કાય

હવે ઓદન, કુલ્માષ અને મદિરા એ ત્રણ દ્રવ્યો કયા જીવના શરીરો કહેવાય છે, એ સંબંધી પ્રશ્ન છે. આનો ખુલાસો આમ છે.

ઓદન અને કુલ્માષ, એમાં જે કઠણ પદાર્થ છે, તે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ વનસ્પતિ જીવનાં શરીરો છે. અને જ્યારે તે ઓદન વગેરે દ્રવ્યો શસ્ત્રોથી કૂટાય, નવા આકારમાં આવે, અગ્નિથી તેના વર્ણો બદલાય, અગ્નિદ્વારા પુર્વના સ્વભાવને છોડે છે, ત્યારે તે દ્રવ્યો અગ્નિનાં શરીરો કહેવાય છે. મદિરામાં જે પ્રવાહી પદાર્થ છે, તે પૂર્વભાવની અપેક્ષાએ પાણીના જીવનાં શરીરો છે, અને જ્યારે તે પ્રવાહી ભાગ

---

(૨) પથ્યવાત–વનસ્પતિ વગેરેને ફાયદો કરનાર વાયુ.
(૩) મન્દાવાત–ધીમે ધીમે વહેતો સુખદાયક વાયુ.
(૪) મહાવત–આંધી તોફાની વાયુ.

આ ચારે વાયુઓ દ્વીપમાં થઈને વહે ત્યારે ઉષ્ણ હોય છે. અને સમુદ્રમાં થઇને વહે ત્યારે ઠંડા હોય છે. તેથી જ ગરમીની મોસમમાં જે વાયુ સમુદ્રમાં થઈને આવે છે તે શીતવાયુ હોય છે અને તે સામુદ્રિક વાયુ કહેવાય છે. જ્યારે દ્વીપ ઉપર થઇને આવનારો વાયુ ઉષ્ણ હોય છે.

એ વાયુઓ કયાથી આવે છે ? એ વાયુઓને કોણ મોકલે છે ? સામાન્ય રીતે ઝાડો અને લતાઓ કંપે ત્યારે આપણે કહીએ છીએ કે–વાયુ આવે છે. પણ ઝાડને કંપાવનાર વાયુ કયાંથી આવ્યો ? તેના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું કે—

શસ્ત્રથી કૂટાય છે, અગ્નિદ્વારા જુદા રંગને ધારણ કરે છે, ત્યારે તે ભાગ અગ્નિકાયનાં શરીરો કહેવાય.

લોઢું, તાંબુ, કલઈ, સીસું, કેાયલેા અને કાટ એ બધાં પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ પૃથ્વીના જીવનાં શરીરો કહેવાય ને પછી શસ્ત્રદ્વારા કૂટાયા પછી અગ્નિના જીવનાં શરીરોકહેવાય.

હાડકું, ચામડું, રૂંવાડાં, ખરી અને નખ–એ ત્રસ જીવનાં શરીરો અને બળેલ ચામડું, રૂંવાડાં, વગેરે પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ ત્રસ જીવનાં શરીરોને પછી–શસ્ત્રદ્વારા સંઘટિત થયા પછી અગ્નિના જીવનાં શરીરો કહેવાય.

અંગારો, રાખ, ભુંસો, છાણું એ પૂર્વભાવ પ્રજ્ઞાપનાની અપેક્ષાએ એકેન્દ્રિય જીવનાં શરીરો અને યથાસંભવ પંચેન્દ્રિય જીવનાં શરીરોએ કહેવાય, અને પછી શસ્ત્રદ્વારા સંગઠિત થયા પછી અગ્નિના જીવનાં શરીરો છે. 卐૫૭

"ભવનપતિ દેવના વાયુકુમારો અને વાયુકુમારિકાઓ જ્યારે પોતાના માટે, બીજાના માટે અને બન્નેને માટે વાયુની ઉદીરણા–ઉત્પત્તિ કરે છે ત્યારે વાયુ વાય છે."

વાયુ એકેન્દ્રિય જીવ છે તેનું શરીર ઔદારિક છે. તેથી સ્વાભાવિકી ગતિ આ શરીરને આભારી છે, અને ઉત્તર એટલે વૈક્રિય શરીરથી ગતિ કરે ત્યારે ઉત્તર વૈક્રિય કહેવાય છે.

પરિગ્રહ પાપ શા માટે ?

卐 ૫૭. સામાન્ય માણસ પણ સમજી શકે છે કે– 'ચોખા' ખેતરમાં પાકે છે અને તે એકેન્દ્રિય જીવનું શરીર છે 'ચામડું' ગાય, ભેંસ બકરી, ઊંટ, હરણ, સિંહ વગેરે પંચેન્દ્રિય જીવના શરીરનું હોય છે. 'રાખ' લાકડાની કે છાણાની બને છે. લાકડું એકેન્દ્રિય વનસ્પતિનું કલેવર છે,

જ્યારે છાણ તિર્યંચ સ્થલચર જીવોની વિષ્ટા છે. ત્રાંબુ સીસુ સોનું, ચાંદી વગેરે ધાતુઓ પણ પૃથ્વીના પેટાલમાંથી નીકળે છે અને એકેન્દ્રિય છે. 'દારૂ' ગોળ કે જવ આદિ પદાર્થોમાંથી બને છે, અને તે વનસ્પતિ છે. 'હાડકું' મનુષ્ય કે પંચેન્દ્રિય જીવને જ હોય છે, માટે પંચેન્દ્રિયનું અંગ કહેવાય છે. 'કપડું' રૂમાંથી બને છે અને તે એકેન્દ્રિય જીવ હોય છે શંખ, કોડી કે સ્થાપનાજીમાં રખાતા અરિયા પાણીમાં રહેનારા બેઈન્દ્રિય જીવોના હાડકાં છે.

આ પ્રમાણે બધીય વાતો સુગમ અને સ્પષ્ટ સમજાય તેવી હોવા છતાં પણ ગણધર ભગવંતો કેવળીભગવાનને પૂછે છે. અને ભગવાન જવાબ આપે છે.

આપણે જાણીએ છીએ 'प्रयोजनमनुद्दिश्य मन्दोऽपि न प्रवर्तते' પ્રયોજન વિના મૂર્ખ માણસ પણ પ્રવૃત્તિ કરતો નથી. તો પછી દિવ્યજ્ઞાનીઓની આ પ્રવૃત્તિ માટે કયો આશય હશે ? જેથી સહજ બુદ્ધિ ગમ્ય પણ પ્રશ્ન કર્યો અને જવાબ અપાયો, માટે સૌથી પહેલા જાણવું જોઈએ કે સંસારવર્તી બધા જીવો એક સરખા નથી હોતા. સ્કૂલમાં જેમ જુદા જુદા વર્ગો હોય છે, તેમ કોઈ જીવોને જ્ઞાનાવરણીય કર્મ વધારે હોય છે તો બીજાને મોહનીય કર્મની તીવ્રતા વધારે હોય છે ત્યારે ત્રીજાને વેદનીય કર્મ વધારે હોય છે. અને ચોથાને અંતરાય નડતો હોય છે. તેથી એક જીવને કોઈપણ વાત સમજવામાં વાર લાગે છે. બીજાને આચરવામાં વાર લાગે છે. ત્રીજો વેદનીય વશ આચરી શકતો નથી. અને ચોથાને અંતરાયો નડયા જ કરે છે. તેથી જ પ્રશ્નો સુગમ હોવા છતાં પણ ભગવાન પૂછાયેલા પ્રશ્નનો તે જ રીતે જવાબ

આપે છે. સમવસરણમાં પ્રાય કરીને અપુનર્બંધક જીવ અને ભવ્ય જીવ જ અથવા તો આ અવસ્થાને પ્રાપ્ત કરવાની તૈયારીવાલા જીવોજ ખાસ કરીને આવે છે. જે વ્રતોને ગ્રહણ કરી, પાળી, આરાધીને મોક્ષ સન્મુખ બને છે. છતાં પણ પરિગ્રહની માત્રા જીવમાત્રને પોતાની તરફ આકર્ષે છે અને વ્રતધારી બનવા છતાં પણ પ્રકારાન્તરે પરિગ્રહ ભેગો કરવા માટે લલચાય છે.

પરિગ્રહ માત્ર દ્રવ્યથી જીવહિંસા છે. જે આત્મ–પરિણામોમાં ભાવહિંસાને ઉત્તેજિત કર્યા વિના રહેતી નથી. કારણકે પદાર્થ માત્રની ઉત્પતિમાં જીવહિંસા રહેલી છે.

પુણ્ય કર્મીઓના ભોગવટામાં આવનારી બધીએ વસ્તુઓ હિંસોત્પાદક જ હોય છે. હિંસા વિના એક પણ પદાર્થ બનતો નથી. અને બનેલો પદાર્થ અથવા તેનો સહવાસ જીવમાત્રના પરિણામમાં રાગ અથવા દ્વેષ લાવ્યા વિના રહેતો નથી. માટે જ તીર્થંકર દેવો સર્વથા નિષ્પરિગ્રહી હોય છે. યાવત્ કાયાની માયા પણ સર્વથા છોડી દેનારા હોય છે. આવા તીર્થંકર દેવોના અનુયાયીઓ પણ નિષ્પરિગ્રહી હોય અને સર્વથા અનિવાર્યરૂપે પરિગ્રહી હોય તે ઇચ્છનીય છે.

તેથીજ જૈનધર્મ માનવમાત્રને કલ્યાણના પંથે પ્રસ્થાન કરાવી સિદ્ધશિલા પ્રાપ્ત કરાવવામાં અગ્રેડ છે. આવો ઉત્કૃષ્ટતમ જૈનધર્મ મુનિરાજોને માટે સર્વથા અપરિગ્રહ ધર્મની અને ગૃહસ્થોને માટે પરિગ્રહ પરિમાણ વ્રતની પ્રતિપાદના કરે છે. જેથી જીવ સિદ્ધિસોપાન ઉપર ચડી નિકટ ભવોમાં મોક્ષગામી બને છે.

જ્યાંસુધી માણસ પાસે પરિગ્રહ છે, ત્યાંસુધી તે હિંસક છે. કેમકે કપડાં, ભોજન પાણીથી લઈને ચશ્મા, ઘડીઆળ, કામળી, ફાઉન્ટનપેન, આદિ પદાર્થોમાં તે તે જીવોની હત્યા ચોક્કસરૂપે નિર્ણીત છે.

વસ્તુઓની ખરીદી કરનાર માણસો હોય તો જ દુકાનદાર પોતાની દુકાન ચલાવે છે અને દુકાનદાર (વેચનાર) હશે તો જ પદાર્થોનું ઉત્પાદન થશે. એટલે ઉત્પાદક કપડા, ઘડા, ધાબળા ચશ્મા, ઘડીયાળ ફાઉન્ટનપેન વગેરે ચીજો ત્યારેજ બનાવશે જ્યારે તે માલ બજારમાં ખપતો હોય છે.

જે જીવોને જૈનધર્મ મલ્યો નથી, તેમની વાત જવા દઈએ. પણ જૈનધર્મની આરાધના કરનાર વ્રતધારી શ્રાવક–શ્રાવિકાને લઈને જો વાત કરવી હોય તો તેમને વ્રત પાળવા માટે, દીપાવવા માટે, આશ્રવનો માર્ગ ત્યાગ કરવા માટે, તેમજ સંવર, નિર્જરા અને મોક્ષ માર્ગ મેળવવા માટે પરિગ્રહનો જેમ બને તેમ ત્યાગ કર્યા વિના છૂટકારો નથી. કેમકે પરિગ્રહમાં નીચે પ્રમાણે દોષો સંગ્રહાયેલા છે.

(૧) શાન્તિ–સમાધિ અને સમતાભાવનો કટ્ટર વૈરી પરિગ્રહ છે.

(૨) ધૈર્યવૃત્તિને નાશ કરવા માટે પણ પરિગ્રહ મુખ્ય કારણ છે. ધૈર્યવૃત્તિ વિના મહાવ્રતોની પાલના અશક્ય છે.

(૩) મોહકર્મને વિશ્રાન્તિ લેવા માટેનું સ્થાન પરિગ્રહ છે.

(૪) અઢારે પાપોને અને પાપની ભાવનાને ભડકાવી મૂકનાર પરિગ્રહ છે.

(૫) આધિ–વ્યાધિ અને ઉપાધિનો સહચારી પરિગ્રહ છે.

(૬) આર્ત્તધ્યાન અને રૌદ્રધ્યાન પરિગ્રહને આભારી છે.

(૭) માનસિક જીવનમાં ચંચલતા વધારનાર આ પરિગ્રહ છે. કેમકે પરિગ્રહ કામોત્પાદક છે. અને કામદેવના નશા વિના ચંચલતા હોતી નથી.

(૮) અહંકારની માત્રાને વધારી મૂકનાર પરિગ્રહ છે.

(૯) શોક–સંતાપનું મૂળ કારણ પરિગ્રહ છે.

(૧૦) કલેશ–કંકાસ–વૈર–અબોલા વગેરે દોષોનો ઉત્પાદક પરિગ્રહ છે.

(૧૧) ત્યાગીઓને સંપૂર્ણ પ્રકારે છોડવા લાયક બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહ જ છે.

આ પ્રમાણે ઉપરના કારણોને લઈને આપણે સહજ સમજી શકીએ છીએ કે–મહાવીર સ્વામીનો " નિષ્પરિગ્રહી ધર્મ " શા માટે ઉપયોગી છે.

હવે મહાવીર સ્વામીના ગૃહસ્થાશ્રમિઓને માટે પણ વિચારી લઇએ, गृहे तिष्ठतीति गृहस्थः गृहिणी गृहमुच्यते" અર્થાત્ ધર્મપત્નીનો પરિગ્રહ સ્વીકાર્યા પછી બીજા પરિગ્રહોની પણ આવશ્યકતા અનિવાર્ય છે.

ગૃહસ્થાશ્રમીને

કોઈપણ વ્યાપાર–વ્યવહાર–ભોજન–કપડા, હાટહવેલી. લગ્ન પ્રસંગ, જન્મ પ્રસંગ, કે મરણ પ્રસંગો ગૃહસ્થને આચર્યા સિવાય છુટકારો નથી, કેમ કે તે કાર્યો સર્વથા અનિવાર્ય છે. પણ નિરર્થક પાપ, ઢગલાબંધ પાપ કરાવે તેવા વ્યાપાર, વ્યવહારને તો મહાવીરના ધર્મ પ્રત્યે શ્રદ્ધાલુ શ્રાવકને

પણ છોડવાના રહેશે. જેમ કે ૧૫ કર્માદાન, ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંતકાય (કંદમૂળ) આદિ. જેમ અને તેમ જાણીને, સમજીને, અને ગુરૂઓ પાસે ધારી લઈને છોડી દેવા જોઇએ.

જીવતા ઢોરનું ચામડું

તો એ પણ આજકાલના વ્યવહારમાં આવતી ચીજો ઉપર વિચાર કરવો યોગ્ય છે. યદ્યપિ ગૃહસ્થને ચામડાનો ઉપયોગ ઘણા પ્રસંગોમાં નિશ્ચિત છે, તથાપિ મરેલા જાનવરનું ચામડું હોય ત્યાં સુધી વાંધો નથી. પણ જીવતાં જાનવરોને મારીને ઉત્પાદિત નરમ–મુલાયમ ચામડાના પદાર્થો જેવાં કે બુટ, હેન્ડબેગ, મનીબેગ, ચામડાનો બિસ્તર (બેડ) ઘડીઆળ, કમર અને ટોપીના પટા, નરમ ચામડાના બનેલા બ્લાઉઝ, કોટ વગેરે વાપરવાની વસ્તુઓ ત્યાજ્ય જ છે. અને મહાવીરસ્વામીના શ્રાવક–શ્રવિકાને માટે તો અવશ્ય ત્યાજ્ય છે, કેમ કે આ ચામડાની ઉત્પત્તિ આ પ્રમાણે થાય છે.

જીવતી ગાયોને એક લાઈનમાં ઉભી રાખવામાં આવે છે. અને તેના પગ લોખંડના થાંભલાઓ સાથે બાંધ્યા પછી તેમના ઉપર ગરમાગરમ પાણી રેડવામાં આવે છે. અને નેતરની નાની સોટીથી ધીમે હાથે ટીપવામાં આવે છે, ત્યાર પછી ગાયનું ચામડું તેમના માંસથી ઉપસી જાય છે, ફરીથી ગરમ પાણી રેડાય છે અને પાછું ટીપવામાં આવે છે. પછીથી મશીન દ્વારા ચામડું આખું ને આખું કાઢી લેવામાં આવે છે. જીવતા જાનવરનું આ ચામડું મુલાયમ હોવાના કારણે તેમાંથી બનેલા પદાર્થો પણ નરમ હોય છે અને આપણી ચામડાની આંખને સારા લાગે છે.

નાની ઉંમરની ગાયોને આ પ્રમાણે રીબાવીને જે ચામડું કઢાય છે. તે વધારે નરમ હોય છે.

વાછરડાઓનું ચામડું તેનાથી પણ વધારે નરમ હોય છે અને ગર્ભગત વાછરડાનું ચામડું સૌથી વધારે નરમ હોય છે. આજકાલ આ ચામડાનો વપરાશ વધારે પડતો થયો છે. જે મહાહિંસક તથા નિર્ઘૃંસ પરિણામોનો ઉત્પાદક હોવાના કારણે વીતરાગ પરમાત્માની પૂજા કરનારા, સોના ચાંદીના વરખથી પ્રભુની અંગરચના કરનારા, સામાયિક, પ્રતિક્રમણ કરનારા ભાગ્યશાલીઓએ કોઈ કાળે પણ ઉપરના પદાર્થો વાપરવા ન જોઈએ.

રેશમી વસ્ત્ર ત્યાજ્ય છે

તેવી જ રીતે ગૃહસ્થને માટે વસ્ત્રનું પરિધાન અનિવાર્ય છે, તો પણ રેશમનું વસ્ત્ર સર્વથા ત્યાજ્ય એટલા માટે છે કે તે વસ્ત્ર ત્રસ જીવોની હત્યા વિના બનતું નથી, જ્યારે સુતરાઉ વસ્ત્રમાં એકેન્દ્રિય જીવોનો ઉપયોગ થાય છે ગૃહસ્થ માત્ર એકેન્દ્રિય (સ્થાવર) જીવોની હત્યા છોડી શકતોનથી કેમકે હરહાલતમાં ગૃહસ્થાશ્રમને સુચારૂરૂપે ચલાવવા માટે તે અનિવાર્ય છે. જ્યારે ત્રસ જીવોની હત્યાથી બનેલું રેશમી વસ્ત્ર સર્વથા ત્યાજ્ય એટલા માટે છે કે ત્રસ જીવોનો નાશ કર્યા પછી જ બનેલું રેશમી વસ્ત્ર નિર્ઘૃંસ પરિણામોને નોતરે છે જે ધીરે ધીરે આત્માને પણ કઠોર તથા નિર્દયી બનાવે છે. પૂજા માટે કરાતી સ્નાનની વિધિઓ પણ જ્યારે અહિંસક અને નિર્દોષ બતાવવામાં આવી છે તો પછી ત્રસ જીવોની હત્યાથી બનેલા વસ્ત્રોનું પરિધાન જૈના ચાર્યોને સમ્મત હોઈ શકે જ નહીં.

થોડોક વિવેક રાખીએ અને વિવેકથી વિચારીએ તો યદ્યપિ જીવહત્યા પાપ જ છે તો પણ ગૃહસ્થને કે સાધુને

અનિવાર્ય રૂપે પણ તે પદાર્થોનો ઉપયોગ કર્યા વિના ચાલી શકે તેમ નથી. છતાં પણ અહિંસક થવાનો દાવો કરનાર ભાગ્યશાળી એકેન્દ્રિય જીવોથી ઉત્પાદિત પદાર્થોનો ત્યાગ કરીને જ્યારે ત્રસ જીવોની હત્યાથી જ બનતા વસ્ત્ર માટે આગ્રહ રાખે છે, મમત્વ રાખે છે, અને તેમાંથી ભાવશુદ્ધિ થતાં, પ્રભુ પૂજામાં આનન્દ આવે છે એવા ખ્યાલાતો પ્રત્યે આસક્તિ રાખે છે, ત્યારે કહેવું જોઈએ કે તે ભાઈ જૈનધર્મના મર્મને સમજી શકયા પણ નથી.

વીતરાગની પૂજા અહિંસક બનવા માટે જ હોય છે. કેમ તે વીતરાગ દેવ સ્વયં સંપૂર્ણ અહિંસક છે. માટે ત્રસ જીવોના વધથી બનેલું રેશમી વસ્ત્ર જેમ ત્યાજ્ય છે, તેવી જ રીતે વનસ્પતિથી બનેલું બનાવટી રેશમનું વસ્ત્ર પણ એટલા માટે જ ત્યાજ્ય છે છે કે તેનાથી ઇન્દ્રિયોની ગુલામી વધે છે. જે ભાવહિંસા છે. આ બધા સાર્થક કારણોને લઈને જૈનધર્મના અનુયાયીઓ અહિંસક બનવા માટે તથા ઈન્દ્રિયોને સ્વાધીન કરવા માટે જ પ્રયત્નશીલ બને. જે મોક્ષ મેળવવા માટેની ટ્રેનિંગ છે.

પ્રશ્નોત્તરનો સારાંશ એટલો જ કે પરિગ્રહની મમતા-માયા ધીમે ધીમે છોડતા જવું. અન્યથા ઈન્દ્રિયોની ગુલામી વધશે, કષાયોની વૃદ્ધિ થશે, માનસિક પરિણામ ખરાબ રહેશે, શુદ્ધ અને શુભ ભાવના વિનાનું મન રહેશે અને આત્માના પરિણામોમાં જૈનત્વની ચમક આવશે નહી. પરિણામે જીવ દુર્ગતિનો ભાજન બનશે.

લવણસમુદ્રનો વિષ્કંભ

લવણસમુદ્રનો ચક્રવાલ વિષ્કંભ બે લાખ યોજનનો છે અને તેનો ઘેરાવો પંદર લાખ, એકાશીહજાર, ઓગણચાલીસસો યોજનથી કંઈક વધારે છે. 卐 ૫૮

卐 ૫૮. લવણ સમુદ્રનો આકાર ગોતીર્થ, નૌકા, છીપના સંપુટ કે અશ્વસ્કંધ જેવો છે. તેનો ચક્રવાલ–વિષ્કંભ બે લાખ યોજનનો છે, પંદર લાખ, એકયાશી હજાર અને એકસો ઓગણચાલીશ યોજન ઉપરાંત થોડો ઘણો વધારે ઓછો પરિક્ષેપ છે. એક હજાર યોજન ઉદ્વેધ છે, અને સોલ હજાર યોજન ઉત્સેધ છે અને સત્તર હજાર યોજન સર્વાગ્ર છે. તો આવડો મોટો લવણસમુદ્ર જમ્બૂદ્વીપને ડુબાડતો કેમ નથી ? અર્થાત્ ભરતી વડે જમ્બૂદ્વીપને પણ પ્લાવિત કરી શકવા માટે સમર્થ હોવા છતાં તેમ શા માટે નથી કરતો ?

અરિહંતોનો પ્રભાવ

આના જવાબમાં ભગવાને ફરમાવ્યું છે કે, આ દ્વીપમાં આવેલા ભરત અને ઐરવત ક્ષેત્રોમાં અરિહંતો, ચક્રવર્તિઓ બળદેવો, વાસુદેવો, ચારણમુનિઓ, વિદ્યાધરો, શ્રમણિઓ, શ્રાવકો–શ્રાવિકાઓ અને ધાર્મિક વૃત્તિવાળા મનુષ્યો રહે છે. જેઓ સ્વભાવે ભદ્ર, વિનીત અને ઉપશાન્ત હોય છે. ક્રોધાદિ કષાયો તેમના મન્દ હોય છે. તેવા મહાપુરૂષોના પ્રભાવથી લવણસમુદ્ર આ દ્વીપને ડુબાડતો નથી. (જીવાભિગમ સૂત્ર. પૃષ્ઠ. ૩૨૮)

જીવમાત્રને યથાયોગ્ય અનંત દુઃખોથી ભરેલા સંસારમાંથી બહાર કાઢીને અનંત સુખો પ્રત્યે પ્રસ્થાન કરાવવા

માટે સંપૂર્ણ અને સશક્ત જૈનશાસનને માન્ય અરિહંતો, ચક્રવર્તિઓ, બળદેવો, વાસુદેવો જે આ ભવમાં અને ત્રીજા ભવમાં અવશ્યમેવ મોક્ષે જનારા હોય છે, એ પુણ્યપુરુષો અત્યન્ત દયાપૂર્ણ હોવાથી તેમનું સંપૂર્ણ જીવન બીજા જીવોના હિતને માટે જ હોય છે. સર્વે જીવો દયાધર્મને પામનારા થાય, કામ ક્રોધનો નાશ કરનારા થાય. અને પોતાની અનંત શક્તિનો વિકાસ સાધનારા થાય એ પ્રમાણેની ભાવદયાથી ભરેલા અરિહંત દેવોનું નામ–ઉચ્ચારણ પણ જીવરાશિના પાપોને નાશ કરે છે. તેમનું શરીર (મૂર્તિ) પણ ઘણા જીવોને શાન્તિ અને સમાધિ આપે છે. તેમનો જન્મ સંસારવર્તી પ્રાણીઓનાં રોગ–શોક–સંતાપ–દુઃખ, દારિદ્રય, વૈર તથા ઝેરને નાશ કરાવી સૌમ્ર અલૌકિક પ્રકાશ દેખાડે છે.”

જ્યારે ચક્રવર્તિઓ, વાસુદેવો, બળદેવો પણ ‘જૈનત્વ’ને પૂર્ણ રૂપે સ્પર્શેલા હોવાથી સંસારમાં અહિંસા તથા દયા-ધર્મનો પ્રચાર પોતાની શક્તિ વડે કરનારા હોવાથી શાન્તિને પ્રવર્તાવનારા હોય છે. સંયમ તથા તપશ્ચર્યાની આરાધના વડે લબ્ધિવંત ચારણ મુનિઓનું જીવન કલ્યાણકારીજ હોય છે.

મુનિધર્મની આરાધના કરનારા શ્રમણો અને શ્રમણિઓ સદૈવ પરહિતમાં તત્પરજ હોય છે, કેમ કે તેમના પોતાના જીવનમાં સંપૂર્ણ જીવરાશિ સાથે મૈત્રીભાવજ હોય છે. શ્રાવક અને શ્રાવિકાઓ પણ માર્ગાનુસારીના ૩૫ ગુણો તથા શ્રાવક ધર્મના ૨૧ ગુણોને પોતાના જીવનમાં આચરનારા હોવાથી બીજા જીવો સાથે દયાભાવવાળા હોય છે અને રાતદિવસ પરમાત્માના ભજનમાં રત હોય છે, ૫૬ અન્તદ્વીપ અને ૩૦ અકર્મભૂમિ તથા દેવકુરૂ અને ઉત્તરકુરૂના યુગલિકો પણ કોઈ

જીવોનાં આયુષ્ય

આ પ્રકરણમાં એક સમયે આ ભવ પરભવનું આયુષ્ય જીવ બાંધે કે કેમ ? તેમજ નૈરયિકાદિ અને આયુષ્ય સંબંધી હકીકત છે. સાર આ છે :—

એક જીવ એક સમયે એક જ આયુષ્યને અનુભવે છે. તે આ ભવનું આયુષ્ય અનુભવે છે અથવા પરભવનું આયુષ્ય અનુભવે છે. જે વખતે આ ભવનું આયુષ્ય અનુભવે છે તે વખતે પરભવનું આયુષ્ય ન અનુભવે અને જે વખતે પરભવનું આયુષ્ય અનુભવે તે વખતે આ ભવનું આયુષ્ય ન અનુભવે. વળી આ ભવના આયુષ્યને વેદવાથી પરભવનું આયુષ્ય વેદાતું નથી અને પરભવના આયુષ્યને વેદવાથી આ ભવનું આયુષ્ય વેદાતું નથી.

નરકે જવાને યોગ્ય જીવ અહિંથી આયુષ્ય સહિત થઇને જ નરકે જાય, પણ આયુષ્ય વિનાનો ન જાય. એ આયુષ્ય પૂર્વભવમાં બાંધ્યું હોય છે અને તે આયુષ્ય સંબંધી આચરણો પૂર્વભવમાં આચર્યાં હોય છે.

કષાય વિનાના, પ્રકૃતિથી ભદ્રિક હોય છે. માટે આ બધા મહાપુરૂષોના પ્રભાવથી જ લવણસમુદ્ર મર્યાદામાં રહીને કોઈને પણ પીડા કરતો નથી. તથા ભરતક્ષેત્ર, અને વૈતાઢ્યપર્વત, ક્ષુલ્લહિમવાન, શિખરિણી વગેરે પર્વતોના અધિપતિ દેવતાઓના પ્રભાવથી પણ લવણસમુદ્ર મર્યાદામાં રહે છે.

આ સમુદ્રમાં પાતાલકળશા હોવાના કારણે ભરતી સમયે પાણી જે ઉછાળા મારે છે તે ઉપર લખેલા મહાપુરુષોના પુણ્ય પ્રભાવથી દેવતાઓ તે ભરતીના પાણીને મર્યાદામાં રાખે છે. તેથી જમ્બૂદ્વીપ ને લવણસમુદ્ર કોઈ પણ જાતની હાનિ કરતો નથી.

જે જીવ જે યોનિમાં ઉપજવાને યોગ્ય હોય, તે જીવ તે યોનિ સંબંધી આયુષ્ય બાંધે છે. 卐[૫૯]

卐 ૫૯. રમતના મેદાનમાં ફૂટબોલની જેમ આ જીવાત્મા ચારે ગતિરૂપ સંસારમાં એક ક્ષણને માટે પણ સ્થિર નથી. પ્રતિ સમયે તેના અધ્યવસાયો બદલાતા રહેવાના કારણે સતત કર્મોને કરનાર અને તે કર્મોને લઈને ભવભ્રમણ કરનાર આ જીવ પોતાનો ચાલું ભવ છોડતાં પહેલાં નવા અવતારને ગ્રહણ કરવા માટે આયુષ્ય કર્મને બાંધ્યા પછી મૃત્યુ પામે છે.

"યમરાજ મૃત્યુ સમયે આવે છે અને જીવાત્માને પકડીને, બાંધીને જીવના કરેલા કર્મોને અનુસારે બીજી યોનિમાં પટકી દે છે.

આ વાતને જૈનશાસન એટલા માટે માન્ય કરતું નથી કેમકે:—

આયુષ્ય કર્મ જ ભવાન્તરનું કારણ છે

જીવ પોતે જ અનંતશક્તિનો માલિક હોવાથી પોતાના કર્મોને લઈને પોતે જ ભવભવાન્તર કરવા સમર્થ છે.

તીવ્રતમ શુભાશુભ લેશ્યાઓમાં પ્રવર્તમાન જીવ જે ભાવોમાં રહે છે તે ભાવના અનુસારે આવતો ભવ નક્કી થાય છે, અને કર્મરાજાની બેડીઓમાં જકડાઈ ગયેલો જીવ તે ભવમાં જાય છે અર્થાત્ આવતા ભવને મેળવવા માટે આ ચાલુ ભવમાં જ આયુષ્ય કર્મ બાંધવાની ફરજ પડે છે, અને મરણ પામ્યા પછી ત્યાં જ જન્મ લેવો પડે છે. તથા શુભાશુભ કર્મોને ભોગવવા જ પડે છે મોક્ષ અવસ્થા મેળવવા

માટેની કાળ લબ્ધિ અને પોતાના સબળ પુરુષાર્થ વડે મેળવેલી ભાવલબ્ધિ જ્યાં સુધી આ જીવાત્માને પ્રાપ્ત નથી થતી ત્યાં સુધી ઘણા જ ચિકણા, લાંબી સ્થિતિવાલા અને કટુ, કટુતર અને કટુતમ રસથી પૂર્ણ કર્મોને બાંધે છે, અને ભવાન્તરમાં ભોગવે છે.

ચાર શેર વજન પ્રમાણ લીંબડાના રસમાં જે કટુતા હોય છે તેના કરતા પણ એ જ ચાર શેર રસને ચૂલા ઉપર મૂકીને ઉકાલતા જ્યારે બે શેર રસ શેષ રહે છે ત્યારે તેમાં કડવાસ વધે છે, વળી એક શેર રસ શેષ રહેતાં તે કડવાશમાં વધારો થાય છે.

તેવી રીતે અત્યન્ત તીવ્ર મોહ માયા–વૈર અને ભયંકર ઝનૂનમાં ચઢી ગયેલો જીવ હત્યા, જૂઠ, ચોરી, મૈથુન અને પરિગ્રહનું પાપ કર્યા પછી પણ હરખાય છે, અને કરેલા પાપ કર્મોની પ્રશંસા કરે છે, કૃષ્ણ લેશ્યામાં એટલો બધો વધારો થવા દે છે કે જેને લઈને આ જીવ ભયંકરમાં ભયંકર અશુભ, અશુભતર અને અશુભતમ કર્મોનું બંધન કરે છે, જેમ શિકાર કર્મને માટે ધનુષ્યબાણ લઈને વનમાં ગયેલો શિકારી હરણ ઉપર બાણ ફેંકે છે અને તે બાણ ગર્ભવતી હરણીનાં પેટ પર પડતાં જ તેનું પેટ ચિરાય છે, અને તેનો ગર્ભ નીચે પડે છે તે સમયે શિકારી ત્યાં આવીને પોતાની શૂરવીરતાની આ પ્રમાણે પ્રશંસા કરે છે કે "જોયું મારૂં બાહુબળ, એક જ બાણથી બે જીવોને મોતના મુખમાં ધકેલી દીધા છે.

જોઈ મારી બોલવાની ચાલાકી, "એવી સરસ સાક્ષી આપી છે કે જેનાથી મારા સામાવાલા શત્રુને કારાવાસમાં જવું પડયું. "મારી મોહજાલમાં ફસાયેલી આ સ્ત્રીને છોડાવવા માટે તેનો પતિ પણ વચમાં આવશે તો તલવારથી એક ઘાએ બે ટૂકડા કરીને તેને મૃત્યુ દ્વારે પહોંચાડી દઈશ."

આ પ્રમાણે પાપ કર્મની લેશ્યા વધે છે અને દુર્ગતિ માટેનું કર્મ બાંધે છે.

એ જ પ્રકારે ચાર શેર વજન પ્રમાણ શેલડીના રસમાં જે મધુરતા હોય છે તેના કરતાં પણ તે રસને ચૂલા ઉપર મૂકીને જ્યારે ઉકાળવામાં આવે છે અને બે શેર જેટલો રસ શેષ રહેતાં તેમાં મધુરતા વધે છે, અને ત્રણ શેર પાણી બળ્યા પછી એક શેર શેષ રહેલા રસમાં પહેલા કરતાં મધુરતા ઘણી જ વધી જાય છે. તેમ પાપવશ અશુભ કર્મને કર્યા પછી જે જીવાત્માની લેશ્યામાં આ પ્રમાણે બદલો આવે છે કે અરેરે! મને આ દુર્બુદ્ધિ કયાંથી સૂઝી? મેં આ જીવને શા માટે માર્યો? જુઠી સાક્ષી દેવાની મને શી જરૂર હતી? પરસ્ત્રી તો માતા જેવી હોય છે ત્યારે મેં આ શું કરી નાખ્યું? ઇત્યાદિ શુભ ભાવના થતાં જ એ જીવની લેશ્યાઓ શુભતર બને છે પહેલાનાં બાંધેલા અશુભ કર્મોને ખંખેરીને શુભ કર્મો ઉપાર્જન કરે છે, અને સત્કર્મોમાં રૂચિવાલો થઈને અસત્કર્મોના સ્થાનથી હમેશાને માટે ડરતો રહે છે. તથા શુભ કર્મોનો સંચય કરીને સદ્ગતિને મેળવે છે. હવે ચારે ગતિઓમાં ભવ ભવાન્તર કરતો જીવ ચાલુ ભવમાં કેવાં કર્મો કરે છે તે જોઇએ.

ચારે ગતિના કારણ

નરક ગતિ માટે યોગ્યતા મેળવનારો જીવ.

મદ, મત્સર, લોભી, અતિ વિષયી જીવતણો હણનાર.
સાંભલ વિશરામી.
મહારંભી મિથ્યાત્વી રૌદ્રી ચોરીનો કરનાર સાં૦
ઘાતક જીન અણગાર, સાં૦ વ્રતનો ભજનહાર. સાં૦
મદિરા માંસ આહાર. સાં૦
ભોજન નિશિ અંધાર સાં૦ ગુણી નિંદાનો ઢાલ. સાં૦
લેશ્યાધુર અધિકાર. સાં૦
નારકીમાં અવતાર સાં૦ એ લક્ષણ નિરધાર સાં૦
અવગુણનો નહી પાર સાં૦ ”

(વીરવિજયજી કૃત આયુષ્ય કર્મની સાતમી પૂજા)

તિર્યંચગતિને માટે યોગ્યતા મેળવનારો જીવ.

અજ્ઞાની, શિયલરહિત, પરવંચક, મિથ્યોપદેશક કૂટતોલ અને કૂટમાન રાખનાર, કુકર્મની ભાષા બોલનાર, ઉત્તમ વસ્તુમાં હલકી વસ્તુનું સેળભેળ કરીને વેચનાર, માયા કપટ કરનાર, ખોટી સાક્ષી દેનાર, ચોરી કરનાર, આર્તધ્યાન કરનાર અવિવેકી, બીજાને ખોટા કલંક દેનાર, નીલ અને કાપોત લેશ્યાનો માલિક. (વીરવિજયજી કૃત પૂજાની પાંચમી ઢાલ)

મનુષ્યગતિને માટે યોગ્યતા મેળવનાર જીવ.

વિવેકપૂર્વક જિનરાજની પુષ્પ પુજા કરનાર, વ્રતધારી, પંડિતોનો સંસર્ગ કરનાર, સત્શાસ્ત્રને ભણનાર, ન્યાયસંપન્ન-વૈભવવાળો, ઉપયોગપૂર્વક રહેનાર, મુનિરાજોને દાન આપનાર, ભદ્રિક પરિણામી, આરંભનો ત્યાગી, પરનિંદાનો ત્યાગી,

પરોપકારી માણસ મનુષ્ય અવતારને પામે છે. (વીરવિજયજી કૃત પૂજાની ત્રીજી ઢાલ)

દેવગતિને માટે યોગ્યતા મેળવનાર જીવ.

વીતરાગ પ્રભુની શ્રદ્ધાપૂર્વક જલપૂજા કરનાર, નાની મોટી આશાતનાનો ત્યાગી, પરમાત્માનો પૂજક, સમતા પ્રધાન, શોક સંતાપના સ્થાનોનો ત્યાગી, સાધુસાધ્વીને ભાતપાણી આપનાર, ગુણીજન ઉપર રાગવાન્, વ્રતોને લઈને પાલનારો સમ્યક્ત્વને દીપાવનારો, યતનાપૂર્વક રહેનારો, અનુકંપા રાખનારો, ગુરૂવન્દન ત્રણે કાળ કરનાર, પંચાગ્નિ સાધનાર, બાલ તપસ્વી વગેરે જીવો દેવગતિને માટે યોગ્ય છે. આ પ્રમાણેનું આયુષ્ય બાંધ્યા પછી જ પોતાનો ચાલુ ભવ સમાપ્ત કરીને બીજા અવતારને આ જીવાત્મા પામે છે.

નરકગતિનું આયુષ્ય બાંધ્યા પછી યથાયોગ્ય સાતે નરકમાંથી ગમે તે નરકે જશે.

તિર્યંચનું આયુષ્ય બાંધ્યા પછી યથાયોગ્ય એકેન્દ્રિય, બેઈન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય તિર્યંચમાંથી ગમે ત્યાં જન્મશે. દેવગતિનું આયુષ્ય બાંધ્યા પછી યથાયોગ્ય દેવની ચારે નિકાયોમાં જશે. મનુષ્યનું આયુષ્ય બાંધ્યા પછી સંમૂર્ચ્છિમ અથવા ગર્ભજ મનુષ્યના અવતારને પામશે.

મનુષ્ય અને તિર્યંચનો જન્મ બે પ્રકારે

૧. ગર્ભજ.....૨. સંમૂર્ચ્છિમ.

પહેલા પ્રકારના જન્મમાં ગર્ભની આવશ્યકતા અવશ્ય રહે છે. એટલે માતાપિતાના તથા નરમાદાના મૈથુન કર્મને લઈને મિશ્રિત થયેલા શુક્ર–શોણિતમાં જીવ જ્યારે ગર્ભમાં

આવે છે અને વૃદ્ધિ પ્રાપ્ત કરીને યથાયોગ્ય સમયે જન્મ લે છે ત્યારે તે ગર્ભજ કહેવાય છે. આ એક પ્રાકૃતિક નિયમ છે. તે અનુસારે તીર્થંકર પરમાત્માઓ, વાસુદેવો, ચક્રવર્તીઓ વગેરેને જન્મ લેવા માટેનો આ જ પ્રકાર છે આનો અર્થ એ થાય છે કે–આ પ્રાકૃતિક નિયમ વિરુદ્ધ કોઇનો પણ જન્મ થઈ શકતો નથી.

"અમુકના વીર્યકણો વૈકારિકભાવથી સ્ખલિત થઈને ધૂલ ભેગા મલ્યા અને તેમાંથી ઘણા મનુષ્યો જન્મ્યા." આવી બધી પ્રકૃતિથી વિરુદ્ધ વાતો જૈનશાસનને માન્ય નથી.

ગર્ભજ જીવોના ત્રણ પ્રકાર

૧. જરાયુજ ૨. અંડજ ૩. પોતજ

ગર્ભમાં આવતાં જ જીવ આહાર પર્યાપ્તિ દ્વારા આહારને ગ્રહણ કરે છે પછી અનુક્રમે શરીર, ઈન્દ્રિય, શ્વાસોશ્વાસ, ભાષા અને મનનું નિર્માણ સ્વતઃ કરે છે, નવમહિનાની અવધિ પૂરી કરીને જીવ જન્મે છે.

કુક્ષિમાં રહેલા જીવને ચારે બાજુ 'જરાયુ' વીંટાયેલું હોવાના કારણે જરાયુજ કહેવાય છે.

૧. જરાયુ–એટલે લોહીનું બનેલું 'જાલું', તેમાં જીવ રહે છે. અને પોષણ પામે છે અને જરાયું સાથે જ બહાર આવે છે. પછી નાલછેદની ક્રિયા થયા પછી તે જીવ જરાયુથી છૂટો થાય છે. મનુષ્ય, ગાય, ભેંસ, બળદ, બકરી, ઘેટું, ઘોડો, ગધેડો, ઊંટ, હરણ, ચમરીગાય, ભૂંડ (ડુક્કર) નીલગાય, સિંહ, વાઘ, રીંછ, ગેંડો, કુતરૂં, શિયાળ, બીલાડી આદિ જીવો જરાયુ જ હોય છે.

૨. અંડજ–એટલે માતા પિતાના રજવીર્યથી નખની ચામડીની જેમ કઠીન બનેલાને અંડ (ઈંડુ) કહેવાય છે. તે ફૂટયા પછી તેમાંથી જે જીવો જન્મે છે તે અંડજ હોય છે. સર્પ, ઘો, કાચ્છેડો, ગરોલી, માછલી, કાચબો, મગર, આદિ જીવો તથા ચર્મ પાંખવાલા પંખીઓમાં હંસ, પોપટ, કાગડો ગીધ, બાજ, કબૂતર, મોર, ટીટોડી, બગલા, બતક આદિ જીવો અંડજ હોય છે.

૩. પોતજ–એટલે શરીરની રચના પૂર્ણ થયા પછી જીવોને ચાલવા ફરવાની શકિત પ્રાપ્ત થાય છે. તે પોતજ કહેવાય છે. જેમાં–હાથી, સસલું, નોળિયો, ઉંદર તથા ચર્મ પક્ષવાલા વલ્ગુલીયો ભારંડ આદિ જીવોનો સમાવેશ થાય છે.

સંમૂર્ચ્છિમ–એટલે જેમાં પૃથ્વીકાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય અને વિકલેન્દ્રિય એટલે (બે ઈન્દ્રિય, તેઈન્દ્રિય અને ચઉરિન્દ્રિય) આ ચારે ઈન્દ્રિયો સુધીના બધાએ જીવો સંમૂર્ચ્છિમ જ હોય છે.

જ્યારે મનુષ્યના શરીરમાંથી બહાર આવતા મલ, મૂત્રાદિકમાં જે જીવો ઉત્પન્ન થાય છે તે સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય હોય છે તેના પણ ૧૪ સ્થાન છે.

૧ વિષ્ટામાં, ૨ મૂત્રમાં, ૩ કફમાં, ૪ શ્લેષ્મમાં, ૫ વમનમાં, ૬ પિત્તમાં, ૭ લોહીમાં, ૮ શુક્રમાં, ૯ મૃત કલેવરમા; ૧૦ પરૂમાં, ૧૧ સ્ત્રી–પુરુષના સંયોગમાં, ૧૨ વીર્યસ્ત્રાવમાં, ૧૩ શહેરની મોરીમાં, ૧૪ સર્વત્ર અપવિત્ર સ્થળોમાં. આ ઉપરના સ્થાનોમાં સંમૂર્ચ્છિમ પંચેન્દ્રિય જીવો જન્મે છે. આ પદાર્થો જેના શરીરસરક હશે ? પ્રાયે જીવ–હત્યા પણ તેને લાગશે.

શબ્દ

આ પ્રકરણમાં શબ્દો સંબંધી, છદ્મસ્થ અને કેવલીના હસવા અને ઉંઘવા સંબંધી, ગર્ભાપહરણ સંબંધી; અતિ–મુક્તકની સિદ્ધિ સંબંધી, બે દેવોના મૌન પ્રશ્ન સંબંધી દેવોના સંયતાસંયતપણા સંબંધી, તેમ જ દેવોની ભાષા સંબંધી, કેવળીના જ્ઞાન સંબંધી, દેવોના જ્ઞાન સંબંધી અને ચૌદપૂર્વિની શક્તિ સંબંધી પ્રશ્નોત્તરો છે. સારાંશ આ છે.

છદ્મસ્થ મનુષ્ય વગાડવામાં આવતા તમામ પ્રકારના શબ્દોને સાંભળે છે. (અહિં એ શબ્દો કોના કોના ?)તે સંબંધી કેટલાક નામો મૂળમાં આપ્યાં છે શંખ, સિંગ, (રણ–સિંગુ) સંખિયત (શંખલી), ખરમુહી (ડાહલી), પોયા, ગરિ-પિરિયા, પણવ, પડહ, ભંભા, હોરંભ, ઝલ્લરી, દુંદુભિ, તત, વિતત; ઘણ. આ શબ્દો કાન સાથે અથડાયા પછી જ સંભ-ળાય છે. તે પાસે રહેલા એટલે, ઇન્દ્રિયોથી લઈ શકાય તેવા શબ્દોને સાંભળે છે. પરન્તુ કેવલી તો પાસે રહેલા કે દૂર રહેલા, યાવત્ અંત વિનાના–સર્વ પ્રકારના શબ્દને જાણે છે ને જૂએ છે. કારણ કે કેવળી તો સર્વ કાળે, સર્વ પદાર્થોને ભાવોને જાણે છે ને જૂએ છે. કેવળીને અનંતજ્ઞાન અને અનંત દર્શન છે. 卐 ૬૦

卐 ૬૦. શબ્દોની ઉત્પત્તિ છ પ્રકારે થાય છે. જેના દ્વારા અર્થનો નિર્ણય થાય અથવા ધ્વનિરૂપે પરિણત થાય તે શબ્દ કહેવાય છે.

છદ્મસ્થ મનુષ્ય હસે છે ને ઉતાવળો પણ થાય. પરન્તુ કેવલી ન હસે ને ન ઉતાવળ થાય. કારણ કે કેવળીને ચારિત્ર મોહનીય કર્મનો ઉદય જ નથી. હસતો અને

ततः–ઢોલ, ભેરી આદિ ચામડાના વાદ્યો દ્વારા શબ્દ ઉત્પન્ન થાય છે.

विततः–વીણા, સારંગી, દિલરૂબા આદિના તારના સંઘર્ષથી ઉત્પન્ન થાય છે.

घन :–મંજીરા, ઝાલર, ઘંટાદિ, કાંસાથી ઉત્પન્ન થાય છે.

शुषिर :–શંખ, વીણા, આદિ વાયુના નિમિત્તથી ઉત્પન્ન થાય છે.

સંઘર્ષ :–પરસ્પર એક પદાર્થ બીજા પદાર્થ સાથે ઘસવાથી ઉત્પાદિત છે.

ભાષા '–જેમાં વર્ણ, પદ, વાક્ય સુવ્યવસ્થિત બનીને સ્પષ્ટ ઉચ્ચારણ થાય તે ભાષા કહેવાય છે.

આ પ્રમાણેના છએ પ્રકારના શબ્દો કર્ણેન્દ્રિય ગ્રાહ્ય હોવાથી પોતાની શક્તિ જ્યાં સુધી પહોંચતી હોય તેટલા ક્ષેત્રમાંથી ઉત્પન્ન થતા શબ્દો સાંભળી શકે છે. જ્યારે કેવળજ્ઞાનીઓ પૂર્વ પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉર્ધ્વ અને અધો દિશાના પ્રત્યેક મિત અને અમિત પદાર્થોને જાણે છે કેમકે અનંતજ્ઞાની તથા અનંતદર્શી હોવાથી સર્વે કાળના સર્વે ભાવોને જાણે છે. આ જ્ઞાનમાં કોઈ પણ જાતનું આવરણ નથી અને ઇન્દ્રિયોની આવશ્યકતા પણ નથી. તેથી કરીને આ કેવળજ્ઞાન સર્વ શ્રેષ્ઠ હોવાથી ત્રણે લોકના ત્રણે કાળના સંપૂર્ણ દ્રવ્યો અને તેના સંપૂર્ણ પર્યાયોને જાણવા સમર્થ છે.

ઉતાવળો થતો જીવ સાત કે આઠ પ્રકારનાં કર્મોને બાંધે છે. એ પ્રમાણે ઠેઠ વૈમાનિક સુધી સમજવું 卐[૬૧]

હાસ્ય મોહનીય કર્મ

卐 ૬૧. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય મોહનીય અને અંતરાય નામના ઘાતી કર્મોનો ભાર જેમને હોય તે 'છદ્મસ્થ' કહેવાય છે. માટે તેમને હસવું અને ઉતાવળા થવું, આ બંને ભાવ હોય છે. જ્યારે કેવળજ્ઞાનીને હસવું કે ઉતાવળા થવા પણું નથી કારણ વિના કાર્ય બનતું નથી. અનાદિ કાળથી પ્રવાહરૂપે ચારિત્રમોહનીયકર્મના કારણે છદ્મસ્થ માણસને હસવાનું થાય છે અને પ્રત્યેક પ્રસંગે ઉતાવળ કરવાનું મન થાય છે.

ઘણા દાખલાઓમાં આપણે જાણીએ છીએ કે હસવાની ક્રિયાને આધ્યાત્મિક જીવન સાથે કટ્ટર વૈર છે અને બોલવામાં, ચાલવામાં, ખાવામાં અને કામકાજ કરવામાં ઉતાવળને લઈ કંઈ પણ ફાયદો થતો નથી. માટે વૃદ્ધ માણસો કહે છે કે 'રોગનું મૂળ ખાંસી અને કજીયાનું મૂળ હાંસી.'

આત્માની અનંત શક્તિઓનો વિકાસ થવા દેવામાં હાસ્ય કર્મનો જ અંતરાય નડે છે, જે ચારિત્ર મોહનીયકર્મના કારણે થાય છે. આત્માના દર્શન થવામાં દર્શનમોહનીયકર્મ અને આત્માના વિકાસમાં ચારિત્રમોહનીય કર્મ નડતરરૂપે બને છે. "चारित्रं मोहयतीति चारित्रमोहनीयकर्मः"

આ મોહનીયકર્મનાં ૨૫ ભેદો (પ્રકારો) નીચે લખેલા જાણવા.

૪. અનંતાનુબંધી કષાય–યથાર્થ શ્રદ્ધાનરૂપ આત્મિક ગુણને રોકનાર, અનંત સંસારમાં રખડાવવાં માટે મૂળ કારણભૂતકર્મ, જેનાથી અનંતમોહ, ક્રોધ, માન, માયા, લોભનો ઉદય બન્યો રહે છે.

૪. અપ્રત્યાખ્યાની કષાય–જેને લઈને ત્યાગ કરવા યોગ્ય વસ્તુનો ત્યાગની ભાવનાથી ત્યાગ થતો નથી. માટેજ ભક્ષ્યાભક્ષ્ય, પેયાપેય, કૃત્યાકૃત્ય આદિમાં હેય ઉપાદેયનો વિવેક રહેતો નથી.

૪. પ્રત્યાખ્યાની કષાય–જેને લઈને થોડા વ્રતોને પાળવાની ભાવના જાગે છે પણ સર્વથા છોડવા લાયક પાપોને સંપૂર્ણ છોડી શકતો નથી.

૪–૧૬. સંજ્વલન કષાય–જે આત્માના મૂળભૂત (યથાખ્યાત) ચારિત્રને રોકનાર, અને મુનિરાજોને પણ પરિષહાદિ પ્રસંગોમાં ચલાયમાન કરીને ચારિત્રમાં સ્ખલનાઓનો પ્રસંગ લાવનાર છે.

આ પ્રત્યેકના ક્રોધ, માન, માયા, લોભ રૂપે ચાર ચાર ભેદ છે.

૧૭. હાસ્ય મોહનીયને લઈને સકારણ અથવા અકારણ હસવું આવે છે.

૧૮. રતિમોહનીયથી શબ્દ, ગંધ, રસ, સ્પર્શ અને રૂપ રંગ પ્રત્યે સાંભળવાની, સૂંઘવાની ચાખવાની, સ્પર્શની, અને જોવાની ભાવના ઉત્કટ રહે છે.

૧૯. અરતિમોહનીય, જેનાથી અણગમતા પદાર્થોને લઈને અરૂચિભાવ બન્યો રહે છે.

૨૦. શોકમોહનીયથી રોવાનું આક્રન્દન કરવાનું અને વિલાપ કરવાનું તથા પ્રસંગોને લઈને શોક–સંતાપ બન્યો રહે છે.

૨૧. ભયમોહનીયથી સર્વત્ર ભયની લાગણીજ જન્મ્યા કરે છે.

૨૨. જુગુપ્સામોહનીય–શુભાશુભ દ્રવ્યોની પ્રાપ્તિમાં જુગુપ્સા ઘૃણાનો ભાવ બન્યા કરે છે.

૨૩. પુરુષવેદ–જુદીજુદી સ્ત્રીયો સાથે વિષયવાસનાની ભાવના ઉદ્ભવતી રહે છે.

૨૪. સ્ત્રીવેદ–જુદીજુદી રીતે પુરુષો સાથે ભોગવિલાસ કરવાની અભિલાષા થયા કરે છે.

૨૫. નપુંસકવેદ–સ્ત્રીને ભોગવું ? કે પુરુષને ભોગવું ? આમ ભોગવિષયની ભાવના જ તીવ્રતમ બની રહે છે.

આ ૨૫ ભેદના ચારિત્ર મોહનીય કર્મને લઈને જીવ-માત્રને હસવું આવે છે અને પ્રત્યેક કાર્યમાં ઉતાવળ કરવા પ્રેરાય છે. જે આત્મકલ્યાણ માટે બાધારૂપ છે.

હાસ્યમોહનીય કર્મની તીવ્રતા

ક્રોધમાં ધમધમતો માણસ પોતાના શત્રુને દાવપેચમાં ફસાવ્યા પછી પોતાની બુદ્ધિ ઉપર હાસ્ય વેરતો જ રહે છે.

(૧) અભિમાની માણસ, જાતિમદને લઈને હીન જાતિના માનવ ઉપર હસતો જ રહેવાનો છે.

(૨) લાભમદથી અક્કડ થઈને ગરીબો પ્રત્યે, અને ઓછી કમાણીવાળાઓ ઉપર હસ્યા વિના રહેતો નથી.

(૩) કુલમદનો અંધ માણસ બીજા ભીખારી લુલા, લંગડા, રોગી, શોકી ઉપર હસતો જ રહે છે.

(૪) ઐશ્વર્યમદમાં મસ્ત રહેલો માણસ પોતાની શ્રીમંતાઇમાં મગરૂર રહેવાના કારણે થોડી કમાણીવાળા પોતાના જ ભાઈ ભાંડુ, જાતપાતવાળા તથા નિકટના સગાઓ ઉપર પણ હસતો જ રહે છે.

(૫) બળમદનો માલિક પણ હીનબળવાળા માણસને હસ્યા વિના રહેતો નથી.

(૬) પુસ્તકપાનાનો જ્ઞાની પણ બીજાના અજ્ઞાનને લઈને તેના ઉપર હસતો જ રહે છે.

(૭) રૂપનો ઘમંડી કાળા રંગના માણસને જોઈને પોતાની મૂછમાં હસતો જ રહે છે.

(૮) તપશ્ચર્યાનો મદ રાખનારો પણ બીજાઓ ઉપર હસ્યા વિના રહેતો નથી.

માયાવી માણસ પોતાની માયાજાળમાં બીજાઓને ફસાવ્યા પછી પોતાની મિત્રમંડળીમાં ખડખડાટ હસે છે.

લોભી માણસ જ્યારે ગ્રાહકોને ઠગે છે ત્યારે આ ભાઈ સાહેબ ગ્રાહકો ઉપર અને નાના વ્યાપારીઓ ઉપર હસવામાં જ મસ્ત રહે છે.

પોતાની ભાંડ ચેષ્ટા દ્વારા બીજાઓને હસાવીને તથા મોહઘેલા બનાવીને પોતે હસતા હસતા પણ કહે છે કે–

"દુનિયા ઝુકતી હૈ ઝુકાનેવાલા ચાહીએ."

પુરુષવેદનો નશો ચઢયા પછી અને મનગમતા ભોજ-શોખ માણ્યા પછી પણ માણસ જેને કામના સુખો નથી મલ્યાં તેમના ઉપર હસતા વાર લગાડતો નથી.

અને સ્ત્રીવેદમાં ભાન ભૂલેલી સ્ત્રી, વાંઝણી સ્ત્રીને, કન્યાને તથા વિધવાને જોઈને હસતી જ રહે છે.

નપુંસકવેદમાં રહેલા માણસો બીજાઓને પોતાના તરફ આકર્ષવા માટે હસતા જાય છે. તાલીઓ પાડતા જાય છે લટકા-મટકા કરતા જાય છે.

હસવું સારું છે કે ખોટું ?

સ્વાભાવિક હસવું શારીરિક દૃષ્ટિએ કદાચ સારું હોઈ શકે છે પણ આધ્યાત્મિક દૃષ્ટિએ સારું નથી. કેમકે સંસારનાં ઘણાં એવાં કાર્યો છે કે જેમાં આપણે લાભ અને હાનિ તથા રાગ અને દ્વેષથી સંકળાયેલા છીએ. જેમકે સામાયિકમાં સમભાવસ્થ અને વિરતિ પ્રત્યેનો અભિલાષુક ભાવિતાત્મા જ્યારે પોતાના પુત્ર કે મુનિમ પાસેથી "કલાણા વ્યાપારમાં પાંચ લાખનો ફાયદો થયો છે" અમુક કેસ આપણા પક્ષમાં આવી ગયો' આ સમાચાર સાંભલ્યા પછી ભાળા ગણતો પણ તે ભાવુક મલકાયા વિના રહેતો નથી અને હસવાનો અર્થ એટલો જ છે કે પાંચ લાખના ફાયદામાં અને કેસ આપણા પક્ષમાં આવ્યો. તેનું અનુમોદન આપણે કર્યું, કેમકે હસ્યા એટલે અનુમોદન થઈ જ જાય છે.

યદ્યપિ.....દુવિહં તિવિહેણં.....પાઠને લઈને શ્રાવકને પોતાના વ્રતમાં અતિચાર ભલે ન લાગે, તોએ હસવું એ બે ઘડીના આધ્યાત્મિક જીવનમાં ચંચલતા તો જરૂર લાવશે.

પોતાનો અંગત મિત્ર કોઈ પરસ્ત્રીને અથવા સ્વસ્ત્રીને લઈને ફરવા ગયો હોય અને આપણે સામે મલીએ ત્યારે મિત્ર પરના ઉપકારને લઈને કે રાગને લઈને આંખોમાં હસીએ છીએ. આ હસવાનું તાત્પર્ય જ સૂચવી આપે છે કે મિત્રની પ્રક્રિયા માટે આપણે અનુમોદન કર્યું. આપણા શત્રુ ઉપર કોઇએ હુમલો કર્યો હોય અને આ વાત જેની પાસેથી આપણે સાંભલીએ છીએ ત્યારે પણ "કાંટાથી કાંટો નીકલ્યો" આ ન્યાયે પણ આપણે હસ્યા વિના રહેતા નથી. શત્રુ પ્રત્યે દ્વેષ હોવાના કારણે આ હાસ્ય પણ દ્વેષાત્મક છે. ઈત્યાદિ અગણિત પ્રસંગોમાં આપણે સૌ છદ્મસ્થો કયાંય રાગવશ, કયાંય દ્વેષવશ, કયાંય લોભવશ, અને કયાંય કુતૂહલવશ થઇને હસીએ છીએ. આવું હસવું ભલે સ્વાભાવિક અને અનિવાર્ય હોય તો પણ આપણું શાંત ચિત્ત ડોળાયા વિના અને ઘડી આધ ઘડી વિકથા કર્યા વિના રહેતું નથી. ત્યારે બીજા પ્રકારના હાસ્યમાં વૈકારિક ભાવ હોય છે. જેથી હસવામાં કયાંય કુરતા, વૈરભાવ, વ્યંગ્ય, મશ્કરી, નિર્દયતા, લુચ્ચાઇ અને શત્રુના નાશ માટેનો આનન્દ ઈત્યાદિક હાસ્ય પ્રકારમાં લેશ્યાઓની ખરાબી જ કામ કરે છે. તથા આત્મ પરિણામ ક્લિષ્ટ, દ્વેષાત્મક તથા વૈરાત્મક હોય છે, માટે જ હસવાવાલો અને પ્રત્યેક ક્રિયાઓમાં ઉતાવળ કરવાવાલો આઠે પ્રકારના કર્મો બાંધે છે. આ બંને પ્રકારના હાસ્યમાં સમ્યગ્જ્ઞાનનો અથવા સમિતિ, ગુપ્તિધર્મનો અભાવ ચોક્કસ હોય છે. માટે જ પ્રશ્નના ઉત્તરમાં ભગવાને ફરમાવ્યું છે કે છદ્મસ્થ માણસ હસે છે અને ઉતાવળ કરે છે. આ બંને ભાવો જ્યાં સુધી છે ત્યાં સુધી છદ્મસ્થતા મટી શકે તેમ નથી.

સંસારનો કોઈ પણ પદાર્થ આપણને વૈકારિકભાવમાં

છદ્મસ્થ મનુષ્ય જેમ ઊંઘે છે તે, અને ઉભો ઉભો પણ ઊંઘે. પરન્તુ કેવલી તે પ્રમાણે નિદ્રા લેતા નથી કારણ કે છદ્મસ્થ તો દર્શનાવરણીય કર્મના ઉદયથી નિદ્રા લે છે. પણ કેવળીને તે કર્મનો ઉદય નથી.

નિદ્રા લેતો કે ઉભો ઉભો ઊંઘતો જીવ સાત કે આઠ કર્મને બાંધે. 卐[૬૨]

ન તાણી જાય, અનંત પદાર્થો ભોગવેલા હોવાના કારણે કોઇ પણ પદાર્થ કુતૂહલ ન કરાવી શકે તે માટે સાધક સર્વથા નિષ્પરિગ્રહી જ થવાનો આગ્રહ રાખે છે અને સંસાર તથા સંસારની માયાથી દૂર રહે છે.

તથા યથાયોગ્ય બારે પ્રકારનાં તપ અને સ્વાધ્યાયથી પોતાના ભોગવેલા ભોગો અને ઉપભોગોને ભૂલવા માટે જ પ્રયત્ન કરે છે.

કેવળજ્ઞાનીને હાસ્ય તથા ઉતાવલ નથી. યદ્યપિ છદ્મસ્થ કરતાં પણ કેવળજ્ઞાનીને સંસારની માયા વધારે પ્રત્યક્ષ હોય છે, તો પણ તેઓને કોઈ પણ પદાર્થ હાસ્ય કરાવી શકતો નથી. કેમકે હાસ્ય-મોહનીયાદિ કર્મોનો સમૂળ નાશ થયા પછી જ કેવળજ્ઞાન થાય છે. માટે જ તેમના જીવનમાં લેશ માત્ર પણ કુતૂહલ, રાગ, મોહ, કામ અને દ્વેષ નથી.

આપણે છદ્મસ્થોએ પણ એ છદ્મસ્થભાવને દૂર કરવાની જ ભાવના રાખવી અને તેને માટે જ પ્રયત્નશીલ રહેવું. એ જ શ્રેયસ્કર છે.

卐 ૬૨. નિદ્રા આવવાનું મૂળ કારણ દર્શનાવણીય કર્મ હોય છે. ગતભવમાં મોહવશ મૂઢ બનેલો આત્મા બીજા

જીવની દર્શનશક્તિનો, દર્શનના સાધનોનો અન્તરાય. નિહ્વ, માત્સર્ય, આસાદન અને ઉપઘાત કરે છે ત્યારે દર્શનાવરણીય કર્મની ઉપાર્જના થાય છે. તેને લઈને જ આ ભવમાં તે સાધકને ચક્ષુ–અચક્ષુ અવધિ તથા કેવળ દર્શનમાં ઓછાપણું રહે છે. અને સામાન્ય જ્ઞાન મેળવવામાં પણ ચક્ષુ તથા મન સહિત બીજી ઇન્દ્રિયોમાં પદાર્થ જ્ઞાન પ્રત્યેની કમજોરી રહે છે.

નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલા પ્રચલા અને સ્ત્યાનદ્ધિ આ પાંચે પ્રકૃતિઓ દર્શનાવરણીય કર્મને લઈને હોય છે. જે આત્માને માટે સર્વઘાતીરુપે કામ કરે છે. અર્થાત્ આત્માની મૂળ શક્તિને આવરી લે છે. જ્યારે આ જીવને સારા કાર્યો કરવાની તક મલે છે ત્યારે નિદ્રાની સવારી આવતાં સારા કાર્યોથી તે જીવાત્મા વંચિત રહે છે. અને નિદ્રાદેવીના ખોળે પોતાનું અમૂલ્ય જીવન બરબાદ કરે છે. આળસ અને તન્દ્રા (ઝોકું)ને આધીન થઈને માણસ જાણી બુઝી નિદ્રાને આમંત્રણ આપે છે.

નિદ્રા–એટલે જેનાથી માણસ સુખપૂર્વક જાગી જાય છે.

નિદ્રાનિદ્રા–જેના પ્રભાવથી ઊંઘતો માણસ બહુ જ મુશ્કેલીથી જાગે છે, એને ઉઠાડવા માટે ઘણો પ્રયત્ન કરવો પડે છે.

પ્રચલા–એટલે જેનાથી ઉભાં ઉભાં અથવા બેઠાં બેઠાં ઊંઘ આવે. ઘણા ભાગ્યશાળિઓને જોઇએ છીએ કે તેઓ બેઠા બેઠા માળા ગણતા જાય અને ઊંઘતા જાય છે. કોઈક સમયે આત્મામાં પુરુષાર્થ જાગે છે ત્યારે ઉભાં ઉભાં માળા ગણવાનો ભાવ થાય છે. પણ પુરુષાર્થ ઓછો અથવા

ચેતના જાગ્રત નહીં હોવાના કારણે ઉભાં ઉભાં પણ ઉંઘ્યા વિના રહી શકતા નથી.

પ્રચલા પ્રચલા :–એટલે ચાલતા ચાલતા ઊંઘતા જાય. જેમ ચક્રવર્તીનો ઘોડો. પશુઓ પણ ચાલતાં ચાલતાં ઊંઘે છે.

સ્ત્યાનદ્ધિ :– આ નિદ્રા એટલી બધી જબરદસ્ત હોય છે. કે દિવસનાં ચિંતવેલાં કાર્યો રાત્રે ઊંઘમાંથી ઉઠીને કરે છે તો પણ આ ભાઇસાહેબને ખબર પડતી નથી, આ નિદ્રામાં પ્રથમ સંઘયણ જેટલું અને વાસુદેવનાં અડધા બલ જેટલી શક્તિ હોય છે અને વર્તમાનકાળમાં જે બળ હોય તેનાથી સાત આઠગણું વધારે બલ આ નિદ્રામાં હોય છે. આવા પ્રકારની નિદ્રા છદ્મસ્થને હોય છે. પણ કેવળજ્ઞાનીને હોતી નથી. કેમકે તેમનું દર્શનાવરણીય ઘાતીકર્મ સમૂળ નાશ પામેલું જ હોય છે. જ્યારે છદ્મસ્થ માણસ પાસે કંઇ પણ કામ નથી. બીજાનું કામ કરવા માટેની મુદ્દલ ઈચ્છા થતી નથી. પરોપકારી જીવનનું શિક્ષણ જરાપણ નથી. આત્મતત્ત્વ ઓળખવાની માથાકૂટમાં પડતો નથી. ઈશ્વરની અનંત શક્તિ પ્રત્યે પણ જે બેદરકાર છે.

સંસારની મોહમાયામાં પૂર્ણ આસક્ત છે, તે માટે ખાવું પીવું અને મોજશોખ કરવા સિવાય આ જીવાત્મા પાસે બીજો એક પણ વ્યાપાર ન હોવાના કારણે નિદ્રા જ તેમને માટે 'આરાધ્યા' રહે છે. આવાઓના મગજમાં જડતા હોય છે. બુદ્ધિમાં તામસિકતા હોય છે. સ્વભાવમાં રાજસિક વૃત્તિ હોય છે. બીજાનું ભલું કરવામાં બેપરવાહ હોય છે, માટે આવા જીવો દેવદુર્લભ મનુષ્ય અવતારને પણ પાપમય બનાવે છે.

ગર્ભાપહરણ-ક્રિયા

ગર્ભનું સંહરણ કરનાર, એકના ઉદરમાંથી બીજાના ઉદરમાં મૂકનાર હરિણીગમેષી દેવ પોતાના હાથથી ગર્ભને અડીને અને ગર્ભને પીડા ન થાય, એવી રીતે યોનિ દ્વારા બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકે છે.

ભગવાન મહાવીર સ્વામીનો દેવાનંદા બ્રાહ્મણીની કુક્ષીમાં આવેલો ગર્ભ હરિણીગમેષી દેવે દેવાનંદાની કુક્ષીમાંથી લઈને ત્રિશલા ક્ષત્રિયાણીના ઉદરમાં મૂકયો હતો તે પ્રસંગને આશ્રી આ પ્રશ્ન છે, અને તેટલા જ માટે હરિણીગમેષીનું નામ આવ્યું છે.

ગર્ભને ફેરવવાના ચાર પ્રકાર છે.

૧. ગર્ભાશયમાંથી ગર્ભને બીજા ગર્ભાશયમાં મૂકવો.
૨. ગર્ભાશયમાંથી ગર્ભને યોનિ વાટે બીજા ગર્ભાશયમાં મૂકવો.
૩. યોનિવાટે ગર્ભને બહાર કાઢીને બીજા ગર્ભાશયમાં મૂકવો.
૪. યોનિવાટે ગર્ભને બહાર કાઢીને યોનિવાટે જ બીજા ગર્ભાશયમાં મૂકવો.

યદ્યપિ છદ્મસ્થ માણસને નિદ્રાનો સર્વથા અભાવ નથી હોતો, તો પણ આત્મામાં જાગૃતિ હોય, નવું નવું મેળવવાની ભાવના હોય, આધ્યાત્મિક જીવનને પ્રેકટીકલ (વ્યવહારૂ) બનાવવાની લાલસા અને પરોપકાર એ જ મોટો સ્વાર્થ છે એમ સમજે તો તે ભાગ્યશાળી શરીરનો થાક ઉતારવા પૂરતો જ ઊંઘશે અને સમયસર જાગૃત થઈ જશે, ત્યારે ઊંઘમાં પણ

આમાંની ત્રીજી રીતિ ગર્ભની ફેરબદલી માટે અહિં ઉપયોગી ગણી છે. 卐[૬૩]

આત્મા જાગૃત રહેશે. પોતાનું શરીર સંયમની મર્યાદામાં રહેશે અને પડખું ફેરવતા પણ અહિંસાની આરાધના ધ્યાનમાં રહેશે આવી રીતે અભ્યાસ કરતાં જ કેવળજ્ઞાનનો માર્ગ પણ એક દિવસે હસ્તગત થતાં વાર નહી લાગે.

卐 ૬૩. ગર્ભ પરિવર્તનની હકીકતમાં મારૂં પોતાનું માનવું છે ત્યાં સુધી સંસારભરના કોઇપણ ડોકટરે અથવા બધાએ ડોકટરોએ ભેગા મળીને પણ સફળતા મેળવી નથી. અને મેળવશે પણ નહી, કેમકે પ્રાકૃતિક વસ્તુનો ફેરફાર અશકય છે.

ભગવાન મહાવીરસ્વામીને માટે જે બન્યું છે તે દેવકૃત છે. જન્મ લેનાર મહાવીરસ્વામી અતિશય પુણ્યવંત છે, અસંખ્યાતા જીવોના ઉદ્ધારક છે, અને સંસારને સુખ–શાંતિ અને સમાધિ દેવા માટે પૂર્ણ સમર્થ છે. માટે આવા તીર્થંકર દેવોની ભક્તિને વશ થઇને ઈન્દ્રો જે તીર્થંકર દેવો કરતાં ઘણા ઓછા પુણ્યવાલા હોવાના કારણે તીર્થંકરદેવોના ચરણ સેવક હોય છે.

તીર્થંકર ભગવંતોના આત્મા સંસારના સંપૂર્ણ ભોગ વિલાસોને, રાજવૈભવને ત્યાગીને કેવળજ્ઞાનના માલિક થવા માટે જ સર્જાએલા હોવાથી જગદુદ્ધારક, પતિતપાવન, દયાના સાગર એવા દેવાધિદેવો ક્ષત્રિયવંશમાં જન્મ લે છે. "સ્વાર્થનું સંપુર્ણ બલિદાન દઈને પોતાનું લક્ષ્ય સિદ્ધ કરવા માટે ક્ષત્રિયવંશ સર્વશ્રેષ્ઠ છે.

બ્રાહ્મણવંશમાં જન્મેલો વિદ્વાન, મહાવિદ્વાન્, તથા વણિક કોમમાં જન્મેલો ચાલાક, મહાચાલક હોઈ શકે છે.

પણ કેવળજ્ઞાન મેળવીને તીર્થંકર થવા માટેની તાકાત તેમના લોહીમાં હોઈ શકતી નથી. અને સ્વાર્થના બલિદાનને છોડીને બીજી કોઈ પણ તપશ્ચર્યા સર્વાર્થસિદ્ધ લક્ષ્યને પ્રાપ્ત કરાવી શકે તેમ નથી.

આ બધા કારણોને લઈને તીર્થંકરો ક્ષત્રિયવંશમાં જ જન્મ લે છે. આમ છતાં પણ કર્મસત્તા અતીવ બલીયસી હોવાના કારણે કદાચિત્ ક્ષત્રિયવંષને છોડીને તીર્થંકરો બીજા વંશમાં આવે છે. પણ જન્મ લેતા નથી. આ કારણને લઈને ઈન્દ્ર મહારાજાએ પોતાના દૂત પાસે ભગવાન મહાવીર સ્વામીનું ગર્ભપરિવર્તન કરાવ્યું છે.

સત્તાવીસ ભવની અપેક્ષાએ ત્રીજા ભવમાં ભગવાનના જીવે મદવશ બનીને આ હીનજાતિનું કર્મ બાંધ્યું હતું. કારણ કે કર્મસત્તા સૌ જીવો ઉપર એક સરખી જ હોય છે. ભરત ચક્રવર્તીએ જ્યારે મરિચિને વાન્દા અને કહ્યું કે ભો મરિચિ ! હું તારા પરિવ્રાજકવેષને વાંદતો નથી પણ તમે આ ચોવીસીમાં છેલ્લા તીર્થંકર થશો, વાસુદેવ થશો અને ચક્રવર્તી થશો. !" આવી અમૂલ્ય ત્રણે પદવીઓના તમે ભોકતા છો માટે હું તમને વન્દન કરૂં છું. આ વાત સાંભળીને જાતિમદ કુલમદની ચરમસીમા મરિચિને પ્રાપ્ત થતા હીન-જાતિનું કર્મ ત્યાં બાંધે છે. આ કર્મના વિપાકે જ મહાવીર સ્વામીને છેલ્લા ભવમાં થોડા સમયને માટે પણ હીનજાતિમાં આવવું પડયું છે. પણ તે કર્મ સંપૂર્ણ નાશ થતાં જ હરિણીગમેષીદેવ ઈન્દ્રની આજ્ઞાથી ભગવાનનું પરિવર્તન કરીને ત્રિશલારાણીની કુક્ષિમાં લાંવી મૂકે છે.

અતિમુક્તક

એ ભગવાનના શિષ્ય થયા હતા. તે કુમાર શ્રમણ હતા. એક વખત બગલમાં પાતરુ ને ઓઘો લઈ બહાર ઠલ્લે ગયા. વ્હેતા પાણીનું બાંધેચિયું જોયું. તેમણે બાંધેચિયા ફરતી માટીની પાળ બાંધીને પાતરુ મૂકયું. તેમાં 'આ મારું નાવ છે. એમ માની એમાં પાત્રાને રમાડવા લાગ્યા. સ્થવીરોએ આ બાળચેષ્ટા જોયા પછી તેમણે ભગવાનને પૂછયું. અતિ–મુક્તક કેટલા ભવો કર્યા પછી સિદ્ધ થશે ?

સારાંશ કે ઋષભદેવના શાસનમાં બાંધેલું કર્મ ચોવીસમા ભવે પણ ઉદયમાં આવ્યું છે. વચ્ચમાં જે સમય ગયો તે આ પ્રમાણે :—

ઋષભદેવથી અજીતનાથ ભગવાન	૫૦ લાખ કરોડ સાગરોપમ
અજીતનાથ થી સંભવનાથ	૩૦ લાખ કરોડ સાગરોપમ
સંભવનાથ થી અભિનંદનસ્વામી	૧૦ લાખ કરોડ સાગરોપમ
અભિનન્દનસ્વામીથી સુમતિનાથ	૯ લાખ કરોડ સાગરોપમ
સુમતિનાથ થી પદ્મપ્રભુ	૯૦ હજાર કરોડ સાગરોપમ
પદ્મપ્રભુ થી સુપાર્શ્વનાથ	૯ હજાર કરોડ સાગરોપમ
સુપાર્શ્વનાથ થી ચન્દ્રપ્રભુ	નવસો કરોડ સાગરોપમ
ચન્દ્રપ્રભુ થી સુવિધિનાથ	૯૦ કરોડ સાગરોપમ
સુવિધિનાથ થી શીતલનાથ	૯ કરોડ સાગરોપમ
શીતલનાથ થી શ્રેયાંસનાથ	એકસો સાગરોપને છાસઠ લાખછવીસ હજાર વર્ષ ઓછા એવા એક કરોડ સાગરોપમ
શ્રેયાંસનાથથી વાસુપૂજ્ય	૫૪ સાગરોપમ
વાસુપૂજ્ય થી વિમલનાથ	૩૦ સાગરોપમ
વિમલનાથ થી અનંતનાથ	૯ સાગરોપમ
અનંતનાથ થી ધર્મનાથ	૪ સાગરોપમ

ભગવાને કહ્યું આ ભવ પૂરો કરીને જ સિદ્ધ થશે. માટે કોઈ તમે તેને હિલશો નહિ, નિંદશો નહિ કે, વખોડશો નહિં, તેને સાચવો ને સેવા કરો. બધા ભગવાનના વચન પ્રમાણે કરવા લાગ્યા.卐[૬૪]

ધર્મનાથ થી શાન્તિનાથ ૦।।। પલ્યોપમન્યૂન ૩ સાગરોપમ
શાન્તિનાથ થી કુંન્થુનાથ ૦।। પલ્યોપમ
કુંન્થુનાથ થી અરનાથ ૦। પલ્યોપમ
અરનાથ થી મલ્લીનાથ ૧ હજાર કરોડ વર્ષ
મલ્લીનાથ થી મુનિસુવ્રતસ્વામી ૫૪ લાખ વર્ષ
મુનિસુવ્રતસ્વામી થી નમિનાથ ૬ લાખ વર્ષ
નમિનાથ થી નેમિનાથ ૫ લાખ વર્ષ
નેમિનાથ થી પાર્શ્વનાથ ૮૩ હજાર વર્ષ
પાર્શ્વનાથ થી મહાવીરસ્વામી ૨૫૦ વર્ષ

(લબ્ધિસૂરિ ગ્રન્થમાળાપુષ્પ ૧૫)

ઉપર પ્રમાણેનો આટલો લાંબો કાળપૂરો થયે છતે પણ ૨૦ કોડાકોડી સાગરોપમની સ્થિતિવાલું ગોત્ર કર્મ સત્તાવીશમાં ભવમાં ઉદયમાં આવ્યું છે, સંપૂર્ણ રીતે ક્ષીણ થવાની તૈયારીમાં હતું એટલે ભગવાન મહાવીર સ્વામીનું ગર્ભ પરિવર્તન ભગવતી સૂત્ર, આચારાંગ સૂત્ર, કલ્પસૂત્ર તથા ત્રિશષ્ટિશલાકા પુરુષ ચરિત્રને માન્ય છે.

卐 ૬૪. અતિમુક્તક રાજકુમાર બહુ જ રૂપાળા હતા. છતાં પણ ઘણાંજ સરળ અને ગંભીર હોવાથી ગૌતમસ્વામીને પોતાના કરતાં વધારે રૂપવાન જોયા, પછી સમવયસ્ક મિત્રોની સાથે ક્રીડામાંથી મન કાઢીને ગૌતમ સ્વામીને પૂછે છે કે :—

દેવના મૌન પ્રશ્નોત્તર

એક વખત મહાશુક્ર નામના દેવલોકથી મોટી ઋદ્ધિ–વાળા બે દેવો ભગવાનની પાસે પ્રાદુર્ભૂત થયા. તેમણે મનથી જ ભગવાનને વંદન–નમન કર્યું ને મનથી જ પ્રશ્ન કર્યો કે આપના કેટલા સો શિષ્યો સિદ્ધ થશે ?

ભગવાને પણ બોલ્યા વિના મનથી જ જવાબ આપ્યો: 'સાતસો શિષ્યો સિદ્ધ થશે.'

દેવોએ આ જવાબ જાણી લીધો અને ખુશી થઈ પર્યુ-પાસના કરવા લાગ્યા.

ઈન્દ્રભૂતિ ગૌતમને શંકા થઈ કે આ દેવો કયા કલ્પથી આવ્યા એ હું જાણતો નથી. કયા વિમાનથી આવ્યાને શા માટે આવ્યા ? કંઈ ખબર ન પડી. આવો સંકલ્પ ગૌતમને ધ્યાનથી મુક્ત થયા પછી થયો. મહાવીરે ગૌતમનો આ સંકલ્પ કહી દીધો અને કહ્યું કે જા, એ દેવો જ આનો ખુલાસો કરશે.

હે પ્રભો ! ભયંકર ગરમીમાં મધ્યાહ્નને ઉઘાડા પગે આપશ્રી શા માટે ફરો છો ?

ગૌતમસ્વામીએ કહ્યું કે નિર્દોષ ભિક્ષા લેવી એજ અમારો ધર્મ છે. ત્યારે અતિમુક્તકે કહ્યું તો પધારો મારે ઘેર, આમ સવિનય આમંત્રણ પૂર્વક ગૌતમ સ્વામીજીને પોતાના ઘેર લઈ ગયા. પોતાના પુત્રનો ધર્મ પ્રેમ જોઈને માતાજી ખુશ થયા, અને ગોચરી વહોરાવી ઝોલીમાં વધારે ભાર હોવાથી સ્વભાવિક અને બહુમાન પૂર્વકના વિનયથી કુમાર કહે છે કે આપની પાસે ભાર વધારે છે તો ઝોલી મને આપી દો, ગૌતમ સ્વામીએ કહ્યું દીક્ષિત થશો પછી જ ઝોલી

ગૌતમ તે દેવો તરફ જાય છે. દેવો સામે આવે છે અને ગૌતમના પૂછયા સિવાય જ તેમણે કહ્યું કે મહાશુક્ર નામના કલ્પથી મહાસર્ગ વિમાનથી અમે આવ્યા છીએ. અમે મનથી જ ભગવાનને વાંધા ને મનથી જ પ્રશ્ન કર્યો–ભગવાને પણ અમારા મનોગત ભાવને જાણીને મનથી જ જવાબ આપ્યો કે મારા સાતસો શિષ્યો સિદ્ધ થશે.

અપાય છે' આમ વિનયી અને વિવેકી રાજકુમારે દીક્ષા લીધી છે, પછી સ્થવિર મુનિઓ સાથે બહાર ભૂમિએ જતાં રસ્તામાં નાનું સરોવર જોઈને પોતાની પાત્રી નાવડીની માફક હંકારવા લાગ્યા, પાછા વળતાં સાધુઓએ જોયું., અને બાળમુનિને ઠપકો આપતાં કહ્યું કે મુનિધર્મને છ'કાય જીવોની વિરાધના શોભતી નથી. આટલું સાંભળતાં જ બાળમુનિ બહુજ શરમાયા અને વિચારે ચડયા, 'હું બાનદાન પુત્ર છું. મારા વૈરાગ્યથી જ હું દીક્ષિત થયો છું ! માટે મારે શુદ્ધ મનથી જ દીક્ષા પાલવી જોઈએ. એમ શરમાતાં

સમવસરણે આવ્યા અને હૈયાના પશ્ચાત્તાપ પૂર્વક 'ઇરિયાવહી ....' સૂત્રના પરિશીલમાં ભાન ભૂલ્યા અને સંપૂર્ણ કર્મોનો નાશ કરીને ત્યાંજ કેવળજ્ઞાન મેળવ્યું. મહાવીર સ્વામી પાસેથી ફેંસલો મેળવ્યા પણ સ્થવિર મુનિઓ પણ ઘણાં ઝંખવાયા અને કોઇ પણ મુનિની અવહેલના ભવિષ્યમાં ન કરવી તે પ્રમાણેનો નિશ્ચય કરે છે. મુનિધર્મ સ્વીકાર્યા પછી કયા સમયે બાનદાન મુનિ પાછો સાવધાન થશે ? તે કહી શકાય તેમ નથી. માટે તાત્કાલીત દૂષણો જોઈને કોઇ કાળે પણ તેમની નિંદામાં ભાગ લેવો નહીં એજ આ પ્રશ્નનો સરળાર્થ છે.

પછી તેઓ ભગવાનને વાંદી–નમી જે દિશાથી પ્રકટયા હતા તે દિશામાં અંતર્ધાન થયા. 卐[૬૫]

ગુરુ શિષ્યનો સંબંધ

卐 ૬૫. ગુરુ શિષ્યનો સંબંધ માતા અને પુત્ર જેવો જ હોવો જોઇએ તો જ તેમાંથી સુગંધ આવશે અને સમાજનું અભ્યુત્થાન થશે. તત્કાળ જેને પ્રસૂતિ થઈ છે તે માતાને પોતે રોગિષ્ટ ન બને તે માટે પોતાના સંતાનને સ્તનપાન કરાવવાની ગરજ છે. અને પોતે આહાર વિના મરે નહિ તે માટે જન્મેલા બાલકને સ્તનપાન કરવાની ગરજ છે. આમ પરસ્પરિક બંને ને ગરજ રહેલી હોવાથી જ આ ક્રિયામાંથી અમરતત્વ અને માતા પુત્રનો અગાધ સ્નેહ સાગર ઉભરાયા વિના રહેતો નથી. તે રીતે પોતાના જેવો અથવા પોતાનાથી સવાયો શિષ્ય બને તેવી ગરજ ગુરુને હોય. અને હું મહાન્ વિદ્વાન બનું, અને આત્મ કલ્યાણ સાધું તે માટે ગુરુનો વિનય–વિવેક સાચવું. તેવી ગરજ શિષ્યને હોય તો સમાજનું અને સામાજિક જીવનું કલ્યાણ થયા વિના રહેતું નથી. હવે આ ગરજમાં જેટલી ઉણપ તેટલા જ વૈકારિક ભાવો ભડકશે, અને પ્રચ્છન્નરૂપે પણ સમાજને હાનિ થયા વિના રહેતી નથી. મહાવીર સ્વામી ગુરુ હતા. અને ગૌતમ સ્વામી શિષ્ય હતા. બંને નિષ્પરિગ્રહી તથા મોક્ષમારગની તત્પરતાવાલા હતા. માટે ગુરુ શિષ્યની જોડીએ સંસારને અમરતત્વ આપ્યું છે. ગરજ વિનાનો ગુરુ અને શિષ્ય સમાજને લાભ આપી શકતા નથી. બલ્કે બંનેના કલેશોથી સમાજને તથા સંસારને ભયંકર હાનિ થશે.

મુનિઓના સંયમધર્મથી દેવોનાં વિમાનો અને સમુદ્રની મર્યાદા સ્થિર રહે છે તો મુનિરાજોના સંઘર્ષમય જીવનથી સંસારને "અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, જાનમાલની હાની, રોગ શોકની વૃદ્ધિ થાય છે. તથા રાજાઓમાં, રાજ્યકર્તાઓમાં વૈર–વિરોધ ભડકે છે. પરિણામે દેશને ભયંકર હાનિ થયા વિના રહેતી નથી. દેશની હાનિ સમાજમાં પણ હાનિ લાવે છે. અને સમાજની હાનિ અર્થાત્ સામાજિક જીવનમાં વૈર–વિરોધ તથા કલેશથી જૈનધર્મને ભયંકર નુકશાન થયું છે, થાય છે. અને ભવિષ્યમાં પણ થશે. જેની ભરપાઈ, શતાબ્દીઓથી પણ થઈ શકે તેમ નથી.

"चिरं जीयात् चिरं जीयात् देशोऽयं धर्मरक्षणात् ।"

આ શિલાલેખ જ સાક્ષી આપે છે કે ધર્મની રક્ષાથી આ ભારત દેશ લાંબા કાળ સુધી આબાદ અને આઝાદ રહેશે.

ધર્મ કોને કહેવો? અને ધાર્મિક કોણ?

ધાર્મિકતા અને સાંપ્રદાયિકતા

આ જવાબમાં "धर्मं चरतिती धार्मिकः" અર્થાત્ અહિંસા સંયમ અને તપોધર્મનું આચરણ કરે તે ધાર્મિક હોય છે. આવા ધર્મમાં આત્માના આનન્દનો સાગર ઉભરાતો હોય છે. ત્યાં દુઃખ કે ચિંતાનું નામ પણ હોતું નથી ભય કે વિવાદ ધાર્મિકને સ્પર્શી પણ શકતાં નથી. પ્રલોભનોથી ધાર્મિક હજારો કોશ દૂર રહે છે વિષમ પ્રસંગોમાં પણ ધાર્મિકને આવેશ આવતો નથી. આવો ધર્મ આત્માના ગુણો ઉપર રચાયેલો હોય છે. માટે ધાર્મિક સદાચાર–સદ્‌વિચાર અને સત્ય ભાષણને જ મહત્વ આપે છે. જ્યારે સંપ્રદાય–

સંઘાડાવાદ ગુણવૃદ્ધિ અને ચારિત્ર વિકાસ પ્રત્યે બેદરકાર રહીને વિધિ વિધાનોને જ પકડી રાખે છે ધર્મ માણસ માત્રને નમ્ર બનાવે છે. જ્યારે સંપ્રદાય માણસને મિથ્યાભિમાની તથા અક્કડ બનાવે છે.

ધર્મ માનવ જાતમાં રહેલી ભેદભાવની દિવાલને તોડે છે. જ્યારે સંપ્રદાય ભેદભાવ વધારી મૂકે છે. ધર્મ માણસને બંધનોથી મુક્ત કરે છે, જ્યારે સંપ્રદાય બંધનમાં ફસાવે છે.

મહાવીર સ્વામી અને ગૌતમ સ્વામી સાચા અર્થનાં ધાર્મિક હોવાના કારણે જ ક્ષત્રિય, વૈશ્ય, બ્રાહ્મણ કુંભાર, ઘાંચી, હજામ, ભંગી, મેતર, અને ચંડાલ તથા ચંડકૌશિક જેવા વિષધરને, સતીઓને, અસતીઓને, કામીઓને, ક્રોધીઓને, કસાઈઓને, હિંસકોને, શિકારીઓને, માંસાહારીઓને, પણ તારી શકયા છે અને સૌને સંપ્રદાયની સાંકળમાં નહી પણ ધર્મની સાંકળમાં જોડીને એક ઝંડા નીચે લાવ્યા છે. તેથી જ ધાર્મિકતા અમૃત છે અને સંપ્રદાયિકતા ઝેર છે. માટે અરિહંત દેવોનો ઉપકાર ભૂલ્યો ન ભૂલાય તેવો હોય છે. સાતસોની સંખ્યામાં જીવો મોક્ષે ગયા છે તે અરિહંતના શાસનને આભારી છે. અને આટલી જ સંખ્યામાં સૂક્ષ્મ નિગોદમાંથી બહાર નિકળેલા જીવોએ વ્યવહારરાશિમાં પ્રવેશ કર્યો છે. તે ઉપકાર સંસારનો કોઇ પણ જીવ ભૂલે તેમ નથી.

મહાવીર સ્વામીના શાસનમાં સાતસો જીવો સિદ્ધ થયા. તે ઉપરાંત ઘણા જીવોએ મોક્ષ જવાની લાયકાત મેળવી છે.

દેવોની ભાષા અને છદ્મસ્થનું જ્ઞાન

ગૌતમસ્વામીના પ્રશ્નના ઉત્તરમાં ભગવાન્ કહે છે કે- દેવોને નોસંયત કહેવા. તેમને સંયત, અસંયત કે સંયતા-સંયત ન કહેવાય, પણ નોસંયત કહેવાય.

દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે. અને ત્યાં બોલતી ભાષાઓમાં પણ અર્ધમાગધી ભાષા જ વિશિષ્ટરૂપે છે卐[૬૬]

જેને લઈને નિકટ ભવિષ્યમાં તે જીવો મોક્ષમાં જશે, અને સુલસા આદિ નવ ભાગ્યશાલીઓએ, આવતી ચોવીસીમાં તીર્થંકરપદ પ્રાપ્ત કરવાની યોગ્યતા પ્રાપ્ત કરી છે. તે ભાવી તીર્થંકરો સંખ્યાત અસંખ્યાત જીવોને મોક્ષ આપનારા થશે આ કારણે જ આપણે જાણીએ છીએ કે અરિહંતોનો ઉપકાર અમેય હોય છે.

卐 ૬૬. સર્વ જીવોના પરમ હિતકારી ભગવાન મહાવીરસ્વામીની ભાષા કેટલી બધી સંયમી હોય છે, તે જાણીએ. ગૌતમસ્વામીના પૂછવાથી ભગવાન ફરમાવે છે કેઃ—

૧ દેવો સંયત (મહાવ્રતધારી) હોતા નથી.
૨ દેવો સંયતાસંયત (શ્રાવકવ્રતી) હોતા નથી.
૩ દેવોને અસંયમી પણ ન કહેવા.
૪ દેવોને 'નોસંયત' કહેવા જોઈએ.

વસ્તુતઃ દેવો અસંયમી જ હોય છે, છતાં પણ 'કાણાને કાણો ન કહેવો' એ પ્રમાણે ભગવાન દેવોને અસંયમી ન કહેતા 'નોસંયમી' ફરમાવે છે. કારણ કે અસંયમી શબ્દ જરા કઠોર છે. માટે આવા શબ્દનો પ્રયોગ નહીં કરતાં ભગવાને નોસંયમી શબ્દથી તેમને સંબોધ્યા છે.

કેવલી અંતકરને કે ચરમ શરીરવાળાને જાણે ને જૂએ છે. તેમ છદ્મસ્થ ન જાણે કે ન જૂએ. પરંતુ સાંભળીને કે પ્રમાણથી છદ્મસ્થ પણ અંતકરને વા ચરમ શરીરીને જાણે અને જૂએ. સાંભળીને એટલે કેવલી પાસેથી, કેવલીના શ્રાવક

દેવો કઈ ભાષામાં બોલે છે ?

ભગવાને ફરમાવ્યું કે—દેવો અર્ધમાગધી ભાષામાં બોલે છે. કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજશ્રીએ સંસ્કૃત ઉપરાંત બીજી ભાષાઓનું પણ સંકલન કર્યું છે.

(૧) માગધીભાષા—વર્તમાનમાં કાશીમાં વહેતી ગંગા નદીના સામેના કાંઠાના પ્રદેશને મગધદેશ કહેવામાં આવે છે. આ પ્રદેશમાં બોલાતી ભાષા માગધી કહેવાય છે.

(૨) પિશાચી ભાષા—પિશાચ દેશોમાં બોલાતી ભાષા પૈશાચિકી ભાષા કહેવાય છે. પાંડય, કૈકય, વાલ્હીક, સિંહલ, નેપાલ, કુન્તલ, સુદેષ્ણ, ગાંધાર, હૈય અને કન્નોજ દેશો પિશાચ દેશો છે.

(૩) ચૂલિકા પૈશાચી.

(૪) શૌરસેની ભાષા—પૂર્વ સમયે શૂરસેન દેશની રાજધાનીનું નામ મથુરા હતું, ત્યાં આ ભાષા બોલાતી હતી, વર્તમાનમાં ત્યાં બોલાતી ભાષા 'વ્રજ ભાષા' કહેવાય છે.

(૫) અર્ધમાગધી ભાષામાં અર્ધા શબ્દો માગધી ભાષાના હોય છે અને શેષ બીજી ભાષાના શબ્દો હોય છે. તે મિશ્રિત ભાષાને અર્ધમાગધી ભાષા કહેવાય છે.

(૬) અપભ્રંશભાષા : પ્રાકૃત ભાષાથી બગડેલી ભાષા અપભ્રંશ ભાષા છે. દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામી અર્ધ-

પાસેથી, કેવલીની શ્રાવિકા પાસેથી, કેવલીના ઉપાસક કે સ્વયંબુદ્ધ પાસેથી અથવા સ્વયંબુદ્ધના શ્રાવક, શ્રાવિકા, ઉપાસક, કે ઉપાસિકા પાસેથી 'સાંભળી' ને જાણે–જૂએ.卐[૬૭]

'પ્રમાણ' ચાર પ્રકારનું છેઃ પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, અને આગમ. (આ સંબંધી અનુયોગદ્વાર સૂત્રમાં વિશેષ કહ્યું છે.)卐[૬૮]

માગધી ભાષામાં જ દેશના આપે છે....માટે દેવતાઓ પણ આ ભાષા બોલે છે.

卐૬૭. શું આ વ્યકિત "અંતકર" થશે? આ વાતને છદ્મસ્થ માણસ કેવળી ભગવાન પાસેથી જાણી શકે છે. કેમકે છદ્મસ્થ પુરુષ ચાહે ગમે તેવો વિદ્વાન હોય, સૂત્રકાર હોય, ટીકાકાર તથા ભાષ્યકાર હોય, તો એ પૂર્ણ જ્ઞાની નથી. હીરા ઉપર જ્યાં સુધી થોડો ઘણો મેલ શેષ રહ્યો હોય ત્યાં સુધી તેમાં ચમક આવતી નથી. સૂર્ય ઉપર થોડાં ઘણા પણ વાદળાં શેષ રહ્યાં હોય ત્યાં સુધી તેનાં પ્રકાશમાં અધૂરાપણું રહે છે. તેવી જ રીતે જ્ઞાનાવરણીય કર્મો ભલે થોડાં જ શેષ રહ્યાં છે તો પણ તે વ્યકિત પૂર્ણ જ્ઞાની નથી, માટે છદ્મસ્થ જ હોય છે.

કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં જ આંખ ઉપર બાંધેલા પાટાની જેવું જ્ઞાનાવરણીયકર્મ સંપૂર્ણ અને સમૂળ નાશ પામે છે. જેથી કેવળજ્ઞાની ભગવાન સંપૂર્ણ પદાર્થોને પ્રત્યક્ષ કરી શકે છે. છદ્મસ્થ કેવળી પાસેથી સાંભળીને જાણે છે કે આ વ્યકિત અંતિમ શરીરી છે.

卐૬૮. પદાર્થોનો નિશ્ચયાર્થ કરવાને માટે 'પ્રમાણ' પણ સબળ સાધન છેઃ "प्रकर्षेण संशयादिराहित्येन मीयते ज्ञायते

यत् तत् प्रमाणम्" અર્થાત્ સંશયાદિ રહિત પદાર્થ જેનાથી જણાય તે પ્રમાણે કહેવાય છે. "सम्यग्ज्ञानं प्रमाणम्–યથાર્થ-જ્ઞાનં પ્રમાણમ્–અને "स्वपरव्यवसायि ज्ञानं प्रमाणम्" આ અને બીજા પણ પ્રમાણના લક્ષણ કરનારના સૂત્રોનો અભિ-પ્રાય એક જ છે કે: મિથ્યાજ્ઞાન–સંશયજ્ઞાન–વિપરીતજ્ઞાન, ઇન્દ્રિયસન્નિકર્ષજ્ઞાન પ્રમાણ હોઈ શકે નહી. કેમકે તે લક્ષણો વાલા પ્રમાણમાં પદાર્થના સત્યસ્વરૂપનો નિર્ણય કરવાની મુદ્દલ શક્તિ નથી, અને લક્ષણ યદિ પોતાના લક્ષ્યને સિદ્ધ કરવામાં અસમર્થ હોય તો લક્ષણ એકવાર નહી પણ હજાર વાર જૂઠું છે.

જે પ્રમાણથી સત્ય અને સમ્યગ્જ્ઞાન ન થાય તેવાં પ્રમાણો, અનુમાનો અને વિતંડાવાદો અને તેમનાં ગૂંથેલાં શાસ્ત્રો આપણા જીવનને સત્યજ્ઞાનનો પ્રકાશ આપી શકતાં નથી.

(૧) તેથી જ આત્માનો પણ સાક્ષાત્કાર કરી શકાતો નથી.

(૨) આત્માને ઓળખ્યા વિના પરમાત્માની ઓળખાણ પણ અસંભવ છે.

(૩) તે વિના હિંસ્ર જૂઠ, ચોરી, કુકર્મ અને પરિ-ગ્રહની માત્રા છુટી શકે તેમ નથી.

(૪) તેમ થતાં માયામાં બંધાયેલો જીવ મોક્ષ મેળવી શકે તેમ નથી.

(૫) અને મોક્ષ મેળવવાનો પુરૂષાર્થ ન મેળવી શકયા તો હજારો શાસ્ત્રો–વિતંડાવાદો પણ આપણું કલ્યાણ કરાવી શકે તેમ નથી.

આ બધી વાતોનું ધ્યાન રાખીને જૈનાગમ સમ્યગ્જ્ઞાનને જ પ્રમાણ માને છે, કેમકે તે યથાર્થજ્ઞાન છે, તેમજ પોતાનો અને પરનો નિર્ણય કરવામાં પૂર્ણ સમર્થ છે.

સ્વ એટલે પોતાનું, અને પર એટલે જ્ઞાનને છોડીને સંસાર ભરના પ્રત્યેક પદાર્થોનો નિર્ણય કરાવવા માટે સમ્યગ્-જ્ઞાનની અત્યન્ત આવશ્યકતા છે.

પદાર્થમાં રહેલા જૂદા જૂદા આકારો–નામો–ગુણો આદિ વિશેષ પ્રકારો જેનાથી જણાય તે જ્ઞાન છે. અને તેજ પ્રમાણ છે. જ્યારે તે જ પદાર્થ નામ–જાતિ–ગુણ રહિત કેવળ સામાન્ય પ્રકારે જણાય તે દર્શન છે. યદ્યપિ જૈનસૂત્ર માન્ય આ દર્શન છે તો પણ અપ્રમાણ છે. લક્ષણસૂત્રો એકલા જ્ઞાનને જ પ્રમાણ માનતા નથી. પણ સમ્યગ્–યથાર્થ અથવા સ્વપર વ્યવસાયી વિશેષથી વિશેષિત જ્ઞાનને પ્રમાણ માને છે, યદ્યપિ સંશય–વિપરીત અને અનધ્યવસાય જ્ઞાન છે છતાં પણ પદાર્થનો સત્ય નિર્ણય આ જ્ઞાનો કરાવી શકે તેમ નથી. કેમકે પ્રત્યેક પદાર્થનું સ્વરૂપ નિયત હોય છે, ગુણો અને પર્યાયો નિયત હોય છે. માટે ગુણ વિનાનું દ્રવ્ય, અને દ્રવ્ય, ગુણવિનાનું કે પર્યાય વિનાનું કોઈ કાળે હોય શકે નહી.

ત્યારે સંશયજ્ઞાનથી પદાર્થનો નિર્ણય થતો નથી. જેમકેઃ–અંધારામાં કોઈ લાંબી વસ્તુ પડેલ જોઈને આ દોરડું છે કે સર્પ ? એવો સંશય થાય છે. 'દોરડું કાં તો દોરડું જ હોય છે અથવા સર્પ જ હોય છે. છતાં પણ આ જ્ઞાન નિર્ણય આપતું નથી, કે આ દોરડું છે ? અથવા સર્પ છે? અને હમેશાને માટે આ સંશય બન્યો રહે છે. અને સંશયાત્મા વિન-

ઇયતિ આ ન્યાયને લઈને આપણે જીવન સંશયમાં જ પૂરું થાય છે, જીવનમાં કંઈ પણ નિર્ણય નહી થવા દેવાની શક્તિ સંશયજ્ઞાનમાં છે માટે જ પ્રામાણિક નથી.

જ્યારે સમ્યગ્જ્ઞાન પદાર્થમાં રહેલી 'કોટી'ને સ્પષ્ટરૂપે સ્પર્શ કરે છે. અને તે આ પ્રમાણે એક જ મનુષ્યમાં પોતાના પુત્રને લઈને 'પિતૃત્વ' ધર્મ રહેલો છે અને પિતાની અપેક્ષાએ 'પુત્રત્વ ધર્મ' પણ વિદ્યમાન છે. આમ એક જ પદાર્થ ઘણા ધર્મોથી (ગુણોથી) અને પર્યાયોથી યુક્ત હોય છે.

'ઘડો'એ માટી દ્રવ્યનો પર્યાય છે, અને પર્યાયરૂપ ઘડામાં માટી એ દ્રવ્ય છે. કંઠી સુવર્ણ દ્રવ્યનો પર્યાય છે. આમ પ્રત્યેક પદાર્થમાં દ્રવ્યાત્મક અને પર્યાયાત્મક અવસ્થાઓ હોવા છતાં સંશય જ્ઞાન દ્રવ્ય અને પર્યાયનું મિશ્રણ નિર્ણય કરી શકે તેમ નથી.

વિપરીત જ્ઞાન પણ પ્રમાણ નથી કેમકે પદાર્થ જે સ્વરૂપે છે તેનાથી બીજા પ્રકારનું જ્ઞાન થવું તે વિપરીત જ્ઞાન છે.

જેમકે આત્મા 'ચૈતન્યસ્વરૂપ, પરિણામી, કર્તા, સાક્ષાદ્ભોક્તા, સ્વદેહપરિમાણ, પ્રતિ શરીર ભિન્ન અને પૌદ્ગલિક અદૃષ્ટવાન્ છે. છતાં પણ વિપરીત જ્ઞાનને કારણે નૈયાયિકો આત્માને જડ સ્વરૂપે માને છે, કૂટસ્થ નિત્યવાદી સાંખ્યો આત્માને અપરિણામી માને છે. તથા કર્તા અને ભોક્તા નથી માનતા, નૈયાયિકો આત્માને શરીર વ્યાપી નથી માનતા, અદ્વૈતવાદિઓ વ્યાપક માને છે અને નૈયાયિકો અદૃષ્ટ ને પૌદ્ગલિક નથી માનતા.

જ્યારે પદાર્થનો કોઈ પણ પ્રકારે નિર્ણય કરવાની ક્ષમતા નથી રહેતી તે અનધ્યવસાય કહેવાય છે, જે અપ્રમાણ છે.

પદાર્થના પરિજ્ઞાનમાં સૌથી પહેલા 'અવગ્રહજ્ઞાન' થાય છે. જેથી એટલો નિર્ણય થાય છે કે 'સામે વાલો પદાર્થ 'કુંકું' નથી પણ માણસ જ છે. અને ત્યાર પછી 'ઈહા'જ્ઞાનમાં સામે વાલો પદાર્થ રાજસ્થાની જ છે. આવો નિર્ણય થાય છે. પણ અવગ્રહ અને ઈહાની વચ્ચે મતિજ્ઞાનાવરણીય કર્મના ઓછા ક્ષયોપશમને લઈને સંશય થાય છે કે આ કોણ હશે? રાજસ્થાની હશે? કે ગુજરાતી હશે?

જીભ ઉપર પડેલો રસ 'લીંબુનો હશે કે મોંસબીનો હશે? ઈત્યાદિક સંશય જ્ઞાન થવાના કારણે એક કોટી પણ નિર્ણય કરી શકાતી નથી.

જ્યારે વિપરીત જ્ઞાન મિથ્યાત્વમોહ તથા પૂર્વગ્રહને લઈને થાય છે અને અનધ્યવસાય જ્ઞાન ઇન્દ્રિયોની પટુતાનો તથા લબ્ધિ ભાવેન્દ્રિયના ક્ષયોપક્ષમના અભાવે થાય છે. માટે પદાર્થનું જ્ઞાન નહી કરવાના કારણે સંશયાદિ પ્રમાણ ન હોઇ શકે–તેથી જ્ઞાનમાં સમ્યગ્, યથાર્થ અને સ્વપર વ્યવસાયી વિશેષણો સાર્થક છે.

આત્માના બધાએ ગુણોમાં સૂર્યની જેમ સ્વપર પ્રકાશક ગુણ કોઈ હોય તો તે જ્ઞાનગુણ જ છે. જે પોતે પોતાને તો તો પ્રકાશિત કરે જ છે પણ સંસારના બધા દ્રવ્યોને અને પર્યાયોને પણ પ્રકાશિત કરે છે. માટે જ જૈન દર્શનકારોએ સમ્યગ્જ્ઞાનને જ પ્રમાણ તરીકે સ્વીકારેલ છે. પૌદ્ગલિક પદાર્થ કોઇ પણ એવો છે જ નહી જે સ્વપર પ્રયાશક હોય

આપણા શરીર સાથે લાગેલી 'આંખ' જે દ્રવ્યેન્દ્રિય હોઈને પૌદ્ગલિક છે માટે જ કોઈક સમયે આંખમાં તેજનો અભાવ પણ હોઈ શકે છે, અથવા મોતી બિન્દુ અને પીળીયા આદિ રોગોને કારણે પણ ચક્ષુજ્ઞાન બરાબર થઈ શકતું નથી. ચક્ષુ સ્વતઃ જડ હોય છે કોઈપણ પદાર્થનું જ્ઞાન મેળવવા માટે તે સમર્થ નથી.

આત્માના ઉપયોગથી ચક્ષુના કારણે થતું જ્ઞાન પણ અમુક કારણોને લઇને ચક્ષુ જ્યારે નષ્ટ થઈ જાય છે ત્યારે પણ પહેલાના ચાક્ષુપજ્ઞાનો આત્માને સ્મરણમાં રહે છે, જે અનુભવ ગમ્ય છે માટે જ્ઞાનમાં આત્માનો ઉપયોગ જ મુખ્ય કારણ છે. પણ ચક્ષુ–આદિ ઈન્દ્રિયો નથી. ત્યારે એ નિશ્ચિત છે કે પદાર્થના પરિજ્ઞાનમાં અનંત શક્તિનો સ્વામી અને ચૈતન્ય ગુણ વિશિષ્ટ આત્મા પોતે ચક્ષુનો પ્રેરક બને છે. ત્યારે જ ચક્ષુ રૂપનું ગ્રહણ કરવામાં, કાન સાંભળવામાં, જીભ સ્વાદ લેવામાં, નાક સૂંઘવામાં, અને સ્પર્શેન્દ્રિય સ્પર્શ કરવામાં સમર્થ બને છે.

મકાનને જેમ બારીઓ હોય છે અને તે દ્વારા સચેતન માણસ બાહ્ય દૃશ્યોને જોઈ શકે છે તેમ શરીર મકાન છે અને તેમાં રહેલી પાંચે ઈન્દ્રિયો બારીઓ છે. જે જડ હોય છે. જડમાં 'જડત્વ ધર્મ જ હોઇ શકે છે કોઈ પણ કાળે અને કોઇના સામર્થ્યથી પણ જડમાં ચૈતન્ય ધર્મ આવી શકે તેમ નથી. તેવી જ રીતે નાક, કાન, જીભ અને સ્પર્શેન્દ્રિ પણ જડ છે. આત્માના ઉપયોગ વિના વિષયનું જ્ઞાન મેળવવામાં સમર્થ નથી. તે જ રીતે મન પણ જડ હોવાના કારણે આત્માથી પ્રેર્ય બનીને જ પ્રવૃત્તિ કરે છે, માટે ઈન્દ્રિયોના

સન્નિકર્ષથી થતું જ્ઞાન પ્રમાણ નથી. તેથીવિદ્વત્પરિષદમાં સમ્યગ્જ્ઞાન જ પ્રમાણભૂત બને છે. કેમકે આ જ્ઞાનની હૈયાતીમાં જ આત્માને ઈન્દ્રિયો દ્વારા થતું જ્ઞાન પણ યથાર્થ થાય છે. અને તેમ થતા અભિમત (ઈચ્છિત) પદાર્થોને સ્વીકારવાની શકિત અને અનભિમત પદાર્થોને ત્યાગવાની શક્તિ પણ આત્માને થશે.

જ્યાં સુધી આત્માને સમ્યગ્ જ્ઞાન નથી ત્યાં સુધી હેય ત્યાગવા યોગ્ય પદાર્થોને તથા ક્રિયાઓને કરતો રહે છે. અને સ્વીકારવા યોગ્ય પદાર્થોથી અને ક્રિયાઓથી દૂર ભાગે છે.

જડ પદાર્થ જ્યારે પોતાનો પણ પ્રકાશક નથી બની શકતો તો પર પ્રકાશક શી રીતે બનશે? તેમ થતાં ચક્ષુ-સંયોગથી થતું જ્ઞાન પ્રમાણ છે કે? અપ્રમાણ? આનો નિર્ણય કરવામાં અનવસ્થા દોષથી બચી શકાય તેમ નથી માટે જ સન્નિકર્ષ પ્રમાણ હોઈ શકે નહી.

બૌદ્ધોનું નિર્વિકલ્પ જ્ઞાન પણ આ પ્રમાણે ખંડિત થઈ જાય છે. કેમકે નામ, જાતિ અને ગુણ વિનાનું જ્ઞાન અવ્યવહારૂ હોવાથી કોઈ કાળે પણ વ્યવહારને યોગ્ય નથી, માટે નામ, જાતિથી પ્રસિદ્ધ થયેલું સવિકલ્પ યથાર્થ જ્ઞાન જ પ્રમાણ છે.

જ્ઞાનાદ્વૈતવાદિઓનું મન્તવ્ય છે કે આખાએ સંસારમાં જ્ઞાનને છોડીને પરપદાર્થની વિદ્યમાનતા નથી, જે છે તે જ્ઞાન જ છે. બાહ્યપદાર્થો જે દેખાય છે તે જ્ઞાનના જ આકાર વિશેષ છે.

પરંતુ આવી માન્યતામાં તો પ્રત્યક્ષરૂપે દેખાતો, અનુભવાતો, સ્પર્શીભૂત થતો, સંભલાતો અને તે દ્વારા આત્માને થતો આનંદ–અનુભવ અકિંચિત્કર જ સિદ્ધ થશે. વ્યવહારમાં પ્રત્યેક માનવને આ પ્રમાણે અનુભવ થાય છે કે :– હું છું, મારૂં શરીર છે, મને આંખ છે, નાક છે, કાન છે, ભૂખ લાગે છે, ખોરાક લઉં છું, તરસ લાગે છે,–પાણી પીઉં છું, વિષયવાસના થાય છે,–સ્ત્રી સહવાસ કરૂં છું, તેનાથી આનન્દ આવે છે, સ્ત્રીને ગર્ભ રહે છે, મોટો થાય છે, જન્મે છે, પરણાવું છું તેને પણ સંતાન થાય છે. આ બધાએ અનુભવોને ખોટા શી રીતે કરાશે ? માટે પરપદાર્થ શશશૃંગની જેમ અસત્ નથી પણ સર્વદા વિદ્યમાન છે. આ કારણથી સમ્યગ્ જ્ઞાન પોતાના સ્વરૂપને પ્રકાશિત કરે છે તેમ સંસારના પદાર્થ માત્રને પણ યથાર્થરૂપે પ્રકાશિત કરે છે.

જેમના મતમાં જ્ઞાન સ્વપ્રકાશક નથી તો તેમને પૂછી એ કે:–चक्षुस्सयुक्तो घटः આ પ્રમાણે ચક્ષુનો અને ઘટનો સંબંધ થતાં, ઘટનું જ્ઞાન શાથી થયું ? સમવાય સંબંધથી ? એટલે કે આ ઘડો છે, આનું જ્ઞાન સમવાયના કારણે થાય છે પણ આ માન્યતા બાધિત છે. જેમકે આંખ ઉઘડી અને ઘડો દેખાયો કે તરત જ ઘડાનું જ્ઞાન થાય છે, આમાં સમવાય કયાંથી આવ્યો ? માટે આ બધી દુસ્તરા અનવસ્થા દોષની નદી સામે જ આવે છે. જેમકે ચક્ષુ સંયોગથી ઘડો દેખાયો હવે તમે ઘટમાં 'घटत्व' ને સમવાય સંબંધીથી સિદ્ધ કરવાની માથાકૂટ કરશો તો પછી 'घटत्व' ને સિદ્ધ શી રીતે કરશો ? આમ વાઘણની જેવી અનવસ્થા તમને કયાંય પણ વિરામ આપશે નહીં જ્યારે ઘટમાં સ્વતઃ એવી

શક્તિ છે કે પોતેજ પોતાના 'ઘટત્વ' રૂપ સામાન્યનું અને 'લાલરંગ' વગેરે વિશેષનો બોધ કરાવી આપે છે. જે સર્વને અનુભવ ગમ્ય છે. તેવી રીતે જ્ઞાન આત્માનો જ ગુણ હોઈને અનાદિનિધન છે. સૂર્યને કે દીવાને જોવા માટે બીજા સૂર્યની કે દીવાની આવશ્યકતા નથી. તેમ આ જ્ઞાન પણ સૂર્યની જેમ સ્વયં પ્રકાશિત છે.

આ પ્રમાણના ચાર ભેદ છે.

૧ પ્રત્યક્ષ, ૨ અનુમાન, ૩ ઉપમાન, ૪ આગમ. આમાંથી પ્રત્યક્ષ પ્રમાણ બે પ્રકારે છે.

૧. સાંવ્યવહારિક પ્રત્યક્ષ, ૨, પારમાર્થિક પ્રત્યક્ષ.

પહેલામાં ઈન્દ્રિયાવરણ કર્મના ક્ષયોપશમથી સ્પર્શેન્દ્રિય સ્પર્શને, રસનેન્દ્રિય રસને, ઘ્રાણેન્દ્રિય ગન્ધને, ચક્ષુરિન્દ્રય રૂપને અને શ્રવણેન્દ્રિય શબ્દને ગ્રહણ કરે છે. જે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન રૂપે બે ભેદે છે. પારમાર્થિક પ્રત્યક્ષનો આત્મા સાથે સીધો સંબંધ હોવાથી અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોવશમથી અવધિજ્ઞાન થાય છે. મનઃપર્યવ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી મનઃપર્યવ જ્ઞાન થાય છે. અને કેવળ જ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી કેવળજ્ઞાન થાય છે. અવધિજ્ઞાન દેવ અને નારકને લઇને ભવ પ્રત્યય હોય છે. જ્યારે તપ–શ્ચર્યા અને સમ્યગ્દર્શનાદિને લઈને મનુષ્ય તથા તિર્યંચ પ્રાણીને ગુણ પ્રત્યય અવધિજ્ઞાન હોય છે. જે રૂપવાન દ્રવ્યોને જ ગ્રહણ કરી શકે છે. જેને વર્ણ–ગંધ–રસ અને સ્પર્શ હોય તે રુપી પદાર્થ કહેવાય છે. સંયમની વિશુદ્ધિને લઈને આ કર્મના આવરણો ક્ષયોપશમ પામતાં જ મનો-દ્રવ્ય તથા તેના પર્યાયોને ગ્રહણ કરનાર મનઃપર્યવ જ્ઞાન

થાય છે આ જ્ઞાનમાં સંયમશુદ્ધિ મુખ્ય કારણ છે. અને સંપૂર્ણ કર્મોની ક્ષય કરવાની સામગ્રી વિશેષથી જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થતાં, દ્રવ્ય તથા તેમના અનંત પર્યાયોને સાક્ષાત્કાર કરનાર કેવળજ્ઞાન જ છે.

આ જ્ઞાનની ઉત્પત્તિમાં મોહકર્મના સંપૂર્ણ આવરણો સર્વથા નાશ પામે છે, ત્યાર પછી જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય અને અંતરાય કર્મના આવરણોનો વિચ્છેદ થતાં કેવળજ્ઞાન થાય છે.

જેમને કેવળજ્ઞાન થાય છે તે અર્હન્, સર્વજ્ઞ, વીતરાગ કહેવાય છે. એ અરિહંત ભગવંતો જ સર્વથા નિર્દોષ હોય છે. તેમનું વચન પ્રમાણાબાધિત હોય છે. આ કેવળજ્ઞાનને કવળાહાર સાથે પણ વિરોધ નથી. કેમકે આપણે ખાઈએ છીએ ત્યારે જ આપણું જ્ઞાન સ્ફૂરાયમાન રહે છે. તો પછી કેવળજ્ઞાનને કવળાહાર સાથે શા માટે વિરોધ હોય?

આ પ્રમાણે પ્રત્યક્ષ પ્રમાણની વાત કર્યા પછી હવે આગમના પ્રમાણ માટે પણ વિચાર કરી લઈએ. યથાર્થવકૃતા એટલે જે વસ્તુ જેવા પ્રકારે છે તેને તે જ પ્રમાણે કહેનાર વ્યક્તિ રાગ–દ્વેષથી સંપૂર્ણ રીતે મુક્ત હોય છે.

રાગ–દ્વેષ–હિંસા–જૂઠના સેવનારા તથા પોતાની ધર્મપત્નીને સાથે રાખનારા વાનપ્રસ્થાશ્રમીઓ, જેઓ સ્નાન વગેરે કરવામાં, પુષ્પોની માળાના પરિધાનમાં મસ્ત રહેનારા યોગીઓ છે. તે હિંસામાં લપટાયેલા હોવાથી મોહકર્મી છે, અને જ્યાં મોહકર્મ છે ત્યાં યથાર્થવકૃત્વ સંભવી શકે તેમ નથી. માટે સદ્ધ્યાનરૂપી પવનથી ઉત્તેજિત થયેલી તપશ્ચર્યા–

રૂપી અગ્નિમાં મોહ કર્મ સર્વથા બળી ગયા પછી કેવળ-જ્ઞાન થાય છે. માટે જ તેમનું વચન 'આગમ' કહેવાય છે. જે પ્રમાણભૂત છે. જેનાથી માણસમાત્રને તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. માટે જ ઉપચારથી આપ્તવચન પણ આગમ કહેવાય છે. કથનીય વસ્તુની યથાર્થતાને જાણે અને તેજ પ્રમાણે કથન કરે, તે જ આપ્ત કહેવાય છે. અને તેમનું વચન જ અવિસંવાદી હોય છે કેમકે તેમનાં વચનોમાં કયાંય રાગ નથી. વિસંવાદ નથી, કેવળ જીવ માત્ર કર્મબંધનની છુટે અને મોક્ષઅવસ્થાને પામે એજ એક તથ્ય છે.

વિસંવાદિ વચન, રાગાત્મક અને દ્વેષાત્મક જ હોય છે. માટે પ્રમાણ હોઇ શકે નહીં. અયથાર્થ વચન સ્વપ્રકાશક પણ નથી તો પરપ્રકાશક શી રીતે હોઈ શકે? આવી અવસ્થામાં માણસ માત્ર જે અનાદિકાલીન કર્મવાસનાઓથી ખરડાયેલો છે તેને હિંસા, જૂઠ ચોરી, મૈથુન અને પરિગ્રહ તથા માંસ ભોજન, શરાબપાન, પરસ્ત્રીગમન, વેશ્યાગમન આદિ પાપજનક કર્મોથી કોણ બચાવશે? માટે અવિસંવાદિ વચનને બોલનારા જ આપ્ત કહેવાય છે. લૌકિક અને લોકો-ત્તર ભેદથી આપ્ત બે પ્રકારના હોય છે લૌકિક આપ્તમાં પિતા, માતા, માસ્તર વગેરેનો સમાવેશ થાય છે જ્યારે લોકોત્તર આપ્તમાં તીર્થંકર પરમાત્માઓનો સમાવેશ થાય છે. આપ્ત માત્ર શરીરધારી જ હોય છે, જયાં શરીર છે ત્યાં મુખ, નાક, હોઠ, દાંત, કંઠની વિદ્યમાનતા છે. તેથી શબ્દ, પદ તથા વાકયોની સુન્દર રચના વડે ઉપદેશ આપી શકાય છે. શરીર વિનાનો માનવ ઉપદેશ શી રીતે આપી શકશે? કેમકે તેમને મુખ દાંત વગેરે નથી હોતા, તેવી અવસ્થામાં શબ્દોચ્ચારણ પણ શી

વૈમાનિકોનું જ્ઞાન

કેવળી છેલ્લા કર્મને વા છેલ્લી નિર્જરાને જાણે અને જૂએ. કેવલી પ્રકૃષ્ટ મનને વા પ્રકૃષ્ટ વચનને ધારણ કરે કેવલીના આ પ્રકૃષ્ટ મનને વા પ્રકૃષ્ટ વચનને વૈમાનિકો પૈકી કેટલાક જાણે છે ને જુએ છે. (અને કેટલાક નથી જાણતા અને જોતા) જેઓ માયી મિથ્યાદૃષ્ટિ પણે ઉત્પન્ન થએલા છે. તે નથી જાણતા, જોતા, અને જેઓ અમાયી સમ્યક્‌દૃષ્ટિ પણે ઉત્પન્ન થયા છે, તેઓ જાણે છે ને જૂએ છે.

હવે અમાયી સમ્યગ્‌દૃષ્ટિમાં પણ જેઓ પરંપરોપન્નક છે, તેજ જાણે છે–જૂએ છે, ને જેઓ અનન્તરોપન્નક છે, તે નથી જાણતા, જોતા, પરંપરોપન્નકમાં પણ જેઓ પર્યાપ્તા છે, તે જાણે છે–જૂએ છે. અપર્યાપ્તા નથી જાણતા–જોતા. તેમાં જે ઉપયોગવાળા–સાવધાનતાવાળા છે, તે જાણે છે, જૂએ છે. એટલા જ માટે કેટલાક જાણે છે. જૂએ છે ને કેટલાક નથી જાણતા નથી જોતા–એમ કહેવામાં આવ્યું છે.

અનુત્તર વિમાનના દેવોનું જ્ઞાન

હવે અનુત્તર વિમાનમાં ઉત્પન્ન થએલા દેવો ત્યાં જ રહીને, અહિં રહેલા કેવલી સાથે આલાપ–સંલાપ કરવાને સમર્થ છે. કારણ કે અહિં રહેલ કેવલી ત્યાં રહેલા અનુત્તર

રીતે થશે? અને તે વિના ઉપદેશ પણ શાનો? માટે અપૌરુષેય વચન સંભવી શકે તેમ નથી. શબ્દોની ઉત્પત્તિ પૌરુષેય જ હોય છે કોઈ કાળે પણ ઢોલકી વીણા કે ડમરૂમાંથી સ્પષ્ટભાષા સંભવી શકે જ નહી. તેથી શબ્દો પૌરૂષેય અને પૌદ્ગલિક છે.

વિમાનના જે દેવો જે અર્થ, હેતુ, પ્રશ્ન, કારણ, વ્યાકરણને પૂછે છે, તેના ઉત્તર આપે છે અને અહિંથી અપાએલા ઉત્તરને ત્યાં રહેલા દેવો જાણે છે ને જૂએ છે. કારણ કે તે દેવોની અનંતી મનોદ્રવ્ય વર્ગણાઓ પ્રાપ્ત છે. એ અનુત્તર વિમાનના દેવો ઉપશાંત મોહવાળા છે. ઉદીર્ણ-મોહવાળા કે ક્ષીણ મોહવાળા નથી.

કેવલી ઈન્દ્રિયો દ્વારા જાણતા કે જોતા નથી. કારણ કે કેવલી મિત પણ જાણે છે ને અમિત પણ જાણે છે. કેવલીનું દર્શન એ આવરણ રહિત છે.

દેવનિકાયના દેવો પણ રાગ-દ્વેષવાલા હોવાના કારણે તેમની ભાષા પણ પ્રામાણિક હોતી નથી. કેમકે દેવતાઓના જ્ઞાનને પણ અવધિ હોય છે એટલે અધુરાપણું હોય છે માટે આવો અધુરો જ્ઞાની બ્રહ્માંડના બધાએ પદાર્થોને પ્રત્યક્ષ કરી શકે તેમ નથી. તેથી અરિહંત દેવોનું શ્રી મુખે પ્રકાશિત વચન જ સમ્યગૂજ્ઞાન છે. આગમનાં ત્રણ પ્રકારો છે.

૧ આત્માગમ. ૨ અનંતરાગમ. ૩ પરંપરાગમ. અર્થની અપેક્ષાએ તીર્થંકરોને આત્માગમ હોય છે. ગણધરોને અનન્તરાગમ હોય છે.

ગણધરના શિષ્યોને પરંપરાગમ હોય છે.

સૂત્રની અપેક્ષાએ ગણધરોને આત્માગમ હોય છે.

ગણધરના શિષ્યોને અનંતરાગમ હોય છે. અને તેમના શિષ્યોને પરંપરાગમ હોય છે.

હવે અનુમાન અને ઉપમાન પ્રમાણ પણ અનુયોગદ્વાર સૂત્રથી જાણી લેવું. (જે પૃષ્ઠ ૨૧૧ થી ૨૧૯ સુધી છે.)

કેવલીને વીર્યપ્રધાન યોગવાયું જીનદ્રવ્ય હોવાથી તેના હાથ–પગ વગેરે અંગો ચલ હોય છે અને તેથી ચાલુ સમયમાં જે આકાશ પ્રદેશોમાં હાથ વગેરેને અવગાહી રહે છે, એ જ આકાશ પ્રદેશોમાં ભવિષ્યત્ ક્ષયના સમયમાં હાથ–પગ વગેરેને અવગાહી રહે નહિ.

ચૌદપૂર્વને જાણનાર શ્રુતકેવલી એક ઘડામાંથી હજાર ઘડાને, એક પટમાંથી હજાર પટને, એક સાદડીમાંથી હજાર સાદડીઓને, એક રથમાંથી હજાર છત્રને, એક છત્રમાંથી હજાર છત્રને અને એક દંડમાથી હજાર દંડને કરી દેખાડવા સમર્થ છે, કારણ કે ચૌદપૂર્વીઓ ઉત્કરિકા ભેદવડે ભેદાતાં અનંત-દ્રવ્યો ગ્રહણ યોગ્ય કર્યાં છે, ગ્રહ્યાં છે, અને તે દ્રવ્યોને ઘટાદિરૂપે પરિણમાવવા પણ આરંભ્યા છે એટલા માટે તે પ્રમાણે કરી બતાવવા સમર્થ છે. 卐[૬૯]

卐 ૬૯ કેવળી ભગવાન ચરમ કર્મ અને ચરમ નિર્જરાને જાણે છે.

શૈલેશીના છેલ્લા સમયે અનુભવાય તે ચરમ કર્મ છે અને લગોલગના સમયે કર્મો આત્માથી છુટા પડે તે ચરમ નિર્જરા કહેવાય છે.

અનુત્તર વિમાનવાસીદેવો ઉપશાન્ત મોહવાલા હોય છે.

જેઓને વેદમોહનીયકર્મ ઉત્કટ હોય તે ક્ષીણ મોહવાલા કહેવાય છે. મોહકર્મક્ષીણ થયેલું હોય તે ક્ષીણમોહવાલા કહેવાય છે. અને મૈથુનની સદ્ભાવના જેમને મુદ્દલ નથી તે ઉપશાન્તમોહવાલા કહેવાય છે. આ દેવો ઉપશાન્ત મોહવાલા હોય છે પણ તેમને ઉપશમશ્રેણી નહી હોવાથી સર્વથા મોહ-કર્મની ઉપશાન્તતા નથી.

કર્મ, વેદના અને કુલકર

આ ઉદ્દેશકમાં કર્મ અને વેદના તેમજ કુલકરોની સંખ્યાનો વિષય છે. સારાંશ છે કે :—

કેટલાક લોકો એમ જ કહે છે કે—સર્વ પ્રાણ, ભૂત, જીવ સત્ત્વો—એમણે જેમ કર્મ બાંધ્યું છે, તે જ પ્રમાણે વેદનાને અનુભવે છે. તેને ભગવાન મહાવીર સ્વામી ઠીક નથી માનતા. તેઓ કહે છે કે—કેટલાક પ્રાણો, ભૂતો, જીવો, અને સત્ત્વો એવંભૂત—પોતાના કર્મ પ્રમાણે વેદનાને અનુભવે છે અને કેટલાક પ્રાણો, ભૂતો, જીવો, સત્ત્વો એવંભૂત જેમ કર્મ બાંધ્યું છે, તેથી જુદી વેદનાને અનુભવે છે.

ક્ષપકશ્રેણીવાલો જ ક્ષીણ મોહવાલો હોય છે દેવો તેવા નથી.

કેવળી ભગવંતોની ઇન્દ્રિયો અને મન યદ્યપિ સત્તામાં છે તો પણ કેવળજ્ઞાનના સદ્ભાવમાં અકિંચિત્કર જેવી હોય છે માટે કેવળજ્ઞાનીઓ પોતાના જ્ઞાનથી બધું જાણે છે.

ભેદ પાંચ પ્રકારે હોય છે.

૧. ખંડભેદ, ૨. પ્રતરભેદ, ૩. ચૂર્ણિકાભેદ, ૪. અનુતટિકાભેદ, ૫. ઉત્કરિકાભેદ.

૧. ખંડભેદ એટલે લોખંડ, તાંબુ, સીસુ, રૂપુ, અને સુવર્ણના ટુકડાઓના બે બે ભેદ તે ખંડભેદ છે.

૨. પ્રતરભેદ :— વાંસ, નળ, કેળના થળોનો તથા મેઘ પહલોનો પ્રતરે પ્રતરે ભેદ તે પ્રતરભેદ કહેવાય છે.

૩. ચૂર્ણિકાભેદ એટલે તેલ, મગ, અડદ, મરી, શૃંગબેરના ચૂર્ણોનો ભેદ તે ચૂર્ણિકાભેદ કહેવાય છે.

આવી જ રીતે નૈરયિકો પણ એવંભૂત અને અનેવંભૂત વેદનાને અનુભવે છે. 卐 ૭૦

જંબૂદ્વીપમાં આ ભારતવર્ષમાં અને અવસર્પિણી કાલમાં સાત કુલકરો થયા છે.

સમવયાંગ સૂત્રમાં આ કુલકર સંબંધી અને તીર્થંકરોની માતાઓ વગેરે સંબંધી વર્ણન છે.

કુલકરનાં નામ આ છે:– ૧ વિમલવાહન; ૨ ચક્ષુમાન,

---

૪. અનુતટિકા ભેદ :–કુવા, વાવ, તલાવ, પહાડી નદીની હારોનો જે ભેદ થાય તે અનુતટિકા ભેદ કહેવાય છે.

૫. ઉત્કરિકાભેદ :– અનાજની શિંગોનો ભેદ તે ઉત્કટિકા ભેદ છે.

卐 ૭૦ ચૌદપૂર્વી જ્ઞાનીઓની 'મહાનુભાવતા' શ્રેષ્ઠતમ જ છે, તો પણ તેઓ 'એકલા સંયમવડે મોક્ષ મેળવી શકે તેમ નથી.' માટે જેઓ કેવળજ્ઞાન મેળવશે, તે મોક્ષમાં જશે.

એવંભૂત આયુષ્ય કર્મ એટલે જે પ્રકારે બાંધ્યું છે તે જ પ્રમાણે ભોગવાય, તે એવંભૂત આયુષ્ય કહેવાય છે અને લાંબાકાળે અનુભવવા યોગ્ય બાંધેલું આયુષ્ય થોડા કાળે પણ ભોગવાય તે અનેવંભૂત આયુષ્ય કહેવાય છે. તે અપમૃત્યુના સમયે જાણવું, કેમકે કર્મોની સ્થિતિઘાત અને રસઘાત શાસ્ત્રને માન્ય છે.

મોટા યુદ્ધમાં એકીસાથે હજારો માણસો મરે છે, તે અનેવંભૂત આયુષ્યને લઈ મરે છે. અન્યથા બધા જીવો એકીસાથે શી રીતે મૃત્યુને પામી શકે?

૩ યશોમાન, ૪ અભિચંદ્ર, ૫ પ્રસેનજિત્, ૬ મરૂદેવ, ૭ નાભિ. 卐૭૧

卐૭૧. સાતે કુલકરોની સ્ત્રીઓના નામો અનુક્રમે આ પ્રમાણે છેઃ ચન્દ્રયશા, ચન્દ્રકાન્તા, પ્રતિરૂપા, ચક્ષુકાંતા, શ્રીકાંતા અને મરૂદેવી.

જમ્બુદ્વીપના ભારતમાં આ અવસર્પિણીમાં ૨૪ તીર્થંકરો થયા તેમના નામોઃ—ઋષભ, અજીત, સંભવનાથ, અભિનન્દન, સુમતિ, પદ્મપ્રભુ, સુપાર્શ્વ, ચન્દ્રપ્રભ, સુવિધિનાથ (પુષ્પદંત), શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનંત, ધર્મનાથ, શાન્તિનાથ, કુન્થુનાથ, અરનાથ, મલ્લિ, મુનિસુવ્રત, નમિનાથ, નેમિનાથ, પાર્શ્વનાથ અને વર્ધમાન(મહાવીરસ્વામી)

તીર્થંકરોની માતાઓના નામઃ મરુદેવી, વિજયા, સેના, સિદ્ધાર્થા, મંગળા, સુસીમા, પૃથ્વી, લક્ષ્મણા, રામા, નંદા, વિષ્ણુ, જયા, શ્યામા, સુયશા, સુવ્રતા, અચિરા, શ્રી, દેવી, પ્રભાવતી, પદ્મા, વપ્રા, શિવા, વામા, ત્રિશલાદેવી.

તેમના પિતાઓના નામ : નાભિરાજા, જિતશત્રુ, જિતારી, સંવર, મેઘ, ધર, પ્રતિષ્ટ, મહસેન, સુગ્રીવ, દૃઢરથ, વિષ્ણુ, વસુપૂજ્ય, કૃતવર્મા, સિંહસેન, ભાનું, વિશ્વસેન, સૂર, સુદર્શન કુંભ, સુમિત્ર, વિજય, સમુદ્રવિજય, અશ્વશેન, સિદ્ધાર્થરાજા.

એમની પ્રથમ શિષ્યાઓ : બ્રાહ્મી, ફલ્ગુ, શ્યામા, અજીતા, કાશ્યપી, રતિ, સોમા; સુમના, વારૂણી, સુલસા, ધારણી, ધરણી, ધરણિધરા, પ્રથમ શિવા, શુચી, ઋજુડા, રક્ષી, અંબુવતી, પુષ્પવતી, અમીલા, અધિકા, યક્ષિણી, પુષ્પચૂલા અને ચન્દનબાળા.

એમના પ્રથમ શિષ્યો : ઋષભસેન, ચારૂ, વજ્રનાભ, ચમર, સુવ્રત, વિદર્ભ, દત્ત, વરાહ, આનંદ, ગોસ્તુભ, સુધર્મ, મંદર, યશ, અરિષ્ઠ, ચકાભ, સ્વયંભૂ, કુંભ, ઈન્દ્ર, કુંભ, શુભ, વરદત્ત, દત્ત, ઈન્દ્રભુતિ (ગૌતમ સ્વામી).

જે ઝાડ નીચે કેવળજ્ઞાન થયું તેના નામો : જે ચૈત્યવૃક્ષ કહેવાય છે. વડ, સાદડ, શાલ, પ્રિયંગુ, પ્રિયંક, છત્રૌઘ, શિરીષ, નાગવૃક્ષ, માલી, પીપલો, તિંદુગ, પાટલ, જાંબુડો અશ્વત્થ, દધિપર્ણ, નંદીવૃક્ષ, તિલક, આમ્ર, અશોક, ચંપક, અકુલ, વેતસ, ધાતકી, અને શાલવૃક્ષ.

જમ્બૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં આવતી ચોવીસીના નામો : મહાપદ્મ, શૂરદેવ, સુપાર્શ્વ, સ્વયંપ્રભ, સર્વાનુભુતિ, દેવશ્રુત, ઉદય, પેઢાલ,, પોટ્ટિલ, શતકીર્તિ, મુનિસુવ્રત, સર્વભાવવિત્, અમમ, નિષ્કષાય, નિષ્પુલાક, નિર્મમ, ચિત્રગુપ્ત, સમાધિ, સંવર, અનિવૃતિ, વિજય, વિમલ, દેવોપપાત અને અનંત-વિજય.

થનારી ચૌવીસીના પૂર્વભવીયનામો : શ્રેણિક, સુપાર્શ્વ, ઉદય, પોટ્ટિલ, અનગાર, દઢાયુ, કાર્ત્તિક, શંખ, નંદ, સુનંદ શતક, દેવકી, સત્યકી, વાસુદેવ, બલદેવ, રોહિણી, સુલસા, રેવતી, શતાલી, ભયાલી, દ્વૈપાયન, નારદ, અંબડ, દારૂમડ, બુદ્ધ, અને સ્વાતિ.

જમ્બૂદ્વીપમાં થયેલા બાર ચક્રવર્તિઓના નામો : ભરત, સગર, મઘવા, સનત્કુમાર, શાન્તિ, કુન્થુ, અર, સુભૂમ, મહાપદ્મ, હરિષેણ, જયનરપતિ, બ્રહ્મદત્ત.

તેમની માતાઓના નામ : સુમંગલા, યશોમતી, ભદ્રા, સહદેવી, અચિરા, શ્રીદેવી, તારા, જ્વાલા, મેરા, વપ્રા. ચુલ્લણી.

તેમનાં બાર સ્ત્રી રત્નોના નામો : સુભદ્રા, ભદ્રા, સુનંદા, જયા, વિજયા, કૃષ્ણશ્રી, શૂરશ્રી, પદ્મશ્રી, વસુંધરા, દેવી, લક્ષ્મીવતી, કુરૂમતી.

બલદેવોના નામો : અચલ, વિજય, ભદ્ર, સુપ્રભ, સુદર્શન, આનન્દ, નંદન, પદ્મ (રામચન્દ્રજી) તથા રામ.

વાસુદેવોના નામો : ત્રિપૃષ્ઠ, દ્વિપૃષ્ઠ સ્વયંભૂ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષપુંડરિક, દત્ત, નારાયણ (લક્ષ્મણ) અને કૃષ્ણ.

વાસુદેવોની માતાઓ : મૃગાવતી, ઉમા, પૃથ્વી, સીતા, અમ્મયા, લક્ષ્મીવતી, શેષવતી, કૈકયી અને દેવકી.

વાસુદેવના પિતાઓ : પ્રજાપતિ, બ્રહ્મ, સોમ, રૂદ્ર, શિવ, મહાશિવ, અગ્નિશિખ, દશરથ અને વસુદેવ.

પ્રતિવાસુદેવોના નામો : અશ્વગ્રીવ, તારક, મેરક, મધુકૈટભ, નિશુંભ, બલિ, પ્રભુરાજ, રાવણ અને જરાસંધ.

આ ચૌવીસીમાં પ્રથમ ઋષભદેવને દીક્ષા લીધા પછી એક વર્ષે ભિક્ષા મલી હતી. બીજા બધા તીર્થંકર દેવોને દીક્ષાના બીજે દિવસે જ ભિક્ષા મળી હતી.

મહાવીરસ્વામીએ એકલા જ દીક્ષા લીધી હતી, જ્યારે પાર્શ્વનાથ અને મલ્લિનાથે ત્રણસો પુરુષો સાથે, વાસુપૂજ્ય ભગવાને છસો પુરુષો સાથે, ઋષભદેવ ભગવાને ચાર હજાર પુરુષો સાથે અને બાકીના બધાએ તીર્થંકર પરમાત્માઓએ એકએક હજાર પુરુષો સાથે દીક્ષા લીધી હતી.

કયા ચક્રવર્તી કયારે થયા છે ?

૧ ભરત ચક્રવર્તી :— ઋષભદેવના સમયે થયા છે અને મોક્ષે ગયા છે.

૨ સગર :– અજિતનાથના સમયે થયા છે અને મોક્ષે ગયા છે.

૩ મઘવા :– ધર્મનાથ ભગવાનના નિર્વાણ પછી થયાં અને ત્રીજા સ્વર્ગે ગયા છે.

૪ સનત્કુમાર :– શાન્તિનાથ ભગવાનના પહેલા થયા છે અને ત્રીજા સ્વર્ગે ગયા છે.

૫ શાન્તિનાથઃ–
૬ કુન્થુનાથ :–
૭ અરનાથ :– } આ ત્રણે તીર્થંકરો એજ ભવમાં પ્રથમ ચક્રવર્તી અને પછી તીર્થંકર થયા છે.

૮ સુભૂમ : ૧૮ અને ૧૯માં ભગવાનની વચ્ચે થયાં અને નરકે ગયા છે.

૯ મહાપદ્મ :– મુનિસુવ્રતસ્વામીના શાસનમાં થયા અને મોક્ષે ગયા છે.

૧૦ હરિષેણ :– નમિનાથના શાસનમાં થયા અને મોક્ષમાં ગયા છે.

૧૧ જયનામા :– ૨૧ અને ૨૨માં ભગવાનની વચ્ચે થયા અને મોક્ષે ગયા છે.

૧૨ બ્રહ્મદત્ત :– ૨૨ અને ૨૩ માં ભગવાનની વચ્ચે થયાં અને નરકે ગયાં છે.

હવે વાસુદેવો, પ્રતિવાસુદેવો કયારે થયા છે ?

૧ ત્રિપૃષ્ઠ વાસુદેવ :–શ્રેયાંસનાથ ભગવાનના સમયમાં થયા અને નરકે ગયા છે.

૨ દ્વિપૃષ્ઠ વાસુદેવ :–વાસુપૂજ્ય સ્વામીના શાસનમાં થયા અને નરકે ગયા છે.

૩ સ્વયંભૂ :– વિમલનાથ પ્રભુના સમયમાં થયા અને નરકે ગયા છે.

૪ પુરુષોત્તમ :– અનંતનાથ પ્રભુના સમયમાં થયા અને નરકે ગયા છે.

૫ પુરુષસિંહ : ધર્મનાથ પ્રભુના સમયમાં થયા અને નરકે ગયા છે.

૬ પુરુષ પુંડરિક :–૧૮ અને ૧૯માં ભગવાનની વચ્ચે થયા અને નરકે ગયા છે.

૭ દત્ત :– ૧૮ અને ૧૯માં ભગવાનની વચ્ચે થયા અને નરકે ગયા છે.

૮ લક્ષ્મણ :– ૨૦ અને ૨૧ મા ભગવાનની વચ્ચે થયા અને નરકે ગયા છે.

૯ કૃષ્ણ :– નેમિનાથ ભગવાનના શાસનમાં થયા છે. અને નરકે ગયા છે.

નવ પ્રતિવાસુદેવો વાસુદેવોના સમકાલીન હોય છે તથા પૂર્વભવના પરસ્પર હાડવૈરી હોય છે અને તેઓ પણ મરીને નરકે જ જાય છે.

નવ બલદેવો વાસુદેવોના ભાઈ હોવાથી તેમનો સમય પણ એજ છે.

આ પ્રમાણે ત્રિષષ્ટિશલાકા પુરુષોના પિતા ૫૧, માતા ૬૧, અને જીવ સંખ્યા ૫૯ની હોય છે તે આ પ્રમાણે :–

વાસુદેવ અને બલદેવના પિતા એક જ હોવાથી, તથા શાન્તિનાથ–કુન્થુનાથ અને અરનાથ આ ત્રણે ચક્રવર્તી અને તીર્થંકર હોવાથી ૯×૩×૧૨ આ પ્રમાણે ૬૩–૧૨=૫૧ પિતા રહ્યાં.

શાન્તિનાથ કુન્થુનાથ અને અરનાથ ભગવાન ચક્રવર્તી અને તીર્થંકર હોવાથી ત્રણ અને મહાવીરસ્વામીની દેવાનન્દા

તથા ત્રિશલા એમ બે માતા હોવાથી ૬૩–૩=૬૦×૧=૬૧ માતાઓ થઈ.

આ પ્રમાણે શાન્તિનાથ કુન્થુનાથ અને અરનાથ ત્રણે ચક્રવર્તી, તીર્થંકર હોવાથી ત્રણ અને ત્રિપૃષ્ઠ વાસુદેવનો તથા મહાવીર સ્વામીનો જીવ એક હોવાથી આમ ચાર જીવ થયાં. એટલે ૬૩–૪=૫૯ જીવો થયાં.

તીર્થંકરોના યક્ષો, (શાસનદેવો) અનુક્રમે :–

ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબુરૂ, કુસુમયક્ષ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મયક્ષ, મનુજેશ્વર, કુમારયક્ષ, ષણ્મુખયક્ષ, પાતાલયક્ષ, કિન્નરયક્ષ, ગરૂડ, ગંધર્વ, યક્ષેન્દ્ર, કુબેર, વરૂણ, ભકુટિ, ગોમેધ, પાર્શ્વયક્ષ અને માતંગયક્ષ છે.

તેમની યક્ષિણીઓ (શાસનદેવીઓ) અનુક્રમે :–

ચક્રેશ્વરી, અજિતા, દુરિતારિ, કાલિકા, મહાકાલી, અચ્યુતા, શાન્તા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા ચંડા (પ્રવરા), વિજયા, અંકુશ, પ્રજ્ઞપ્તિ, નિર્વાણી, અચ્યુતા, ધરણી, વૈરૂટયા, દત્તા, ગાંધારી, અંબિકા પદ્માવતી, અને સિદ્ધાયિકા.

હવે ચોવીસ તીર્થંકરોની રાશિ, તારા, નક્ષત્ર, નાડી, લાંછન, ગણ, યોનિ અને વર્ગ માટે વિચાર કરી લઈએ.

જે નીચેના કોષ્ઠકમાં વર્ણેલ છે.

તીર્થંકર	રાશિ	તારા	નાડી	નક્ષત્ર	લાંછન	ગણ	યોનિ	વર્ગ
૧ ઋષભદેવ	ધન	૩	૩	ઉ.અષાઢા	વૃષભ	મનુષ્ય	નકુલ	ગરૂડ
૨ અજિતનાથ	વૃષભ	૪	૩	રોહિણી	હાથી	,,	સર્પ	,,
૩ સંભવ	મિથુન	૫	૨	મૃગશીર્ષ	ઘોડો	દેવ	સર્પ	ઘેટો
૪ અભિનંદન	,,	૭	૧	પુનર્વસુ	વાનર	,,	બીલાડો	ગરૂડ

તીર્થંકર	રાશિ	તારા	નાડી	નક્ષત્ર	લાંછન	ગણ	યોનિ	વર્ગ
૫ સુમતિ	સિંહ	૧	૩	મઘા	ક્રૌંચ	રાક્ષસ	ઉંદર	ઘેટો
૬ પદ્મપ્રભુ	કન્યા	૫	૨	ચિત્રા	કમળ	,,	વ્યાઘ્ર	ઉંદર
૭ સુપાર્શ્વ	તુલા	૭	૩	વિશાખા	સ્વસ્તિક	,,	,,	ઘેટો
૮ ચન્દ્રપ્રભુ	વૃશ્ચિક	૮	૨	અનુરાધા	ચન્દ્ર	દેવ	હરણ	સિંહ
૯ સુવિધિ	ધન	૧	૧	મૂલ	મત્સ્ય	રાક્ષસ	શ્વાન	ઘેટો
૧૦ શીતલ	,,	૨	૨	પૂ.ષાઢા	શ્રીવત્સ	મનુષ્ય	વાનર	,,
૧૧ શ્રેયાંસ	મકર	૪	૩	શ્રવણ	ગેંડો	દેવ	વાનર	,,
૧૨ વાસુપૂજ્ય	કુંભ	૬	૧	શતતારા	પાડો	રાક્ષસ	અશ્વ	હરણ
૧૩ વિમલ	મીન	૮	૨	ઉ.ભાદ્રપદા	વરાહ	મનુષ્ય	ગૌ	,,
૧૪ અનંત	,,	૯	૩	રેવતી	બાજ	દેવ	હાથી	ગરૂડ
૧૫ ધર્મનાથ	કર્ક	૮	૨	પુષ્ય	વજ્ર	,,	બકરો	સર્પ
૧૬ શાંતિનાથ	મેષ	૨	૨	ભરણી×	હરણ	મનુષ્ય	હાથી	ઘેટો
૧૭ કુંથુનાથ	વૃષભ	૩	૩	કૃતિકા	બકરો	રાક્ષસ	બકરો	બીલાડો
૧૮ અરનાથ	મીન	૯	૩	રેવતી	નન્દ્યાવર્ત	દેવ	હાથી	ગરૂડ
૧૯ મલ્લિનાથ	મેષ	૧	૧	અશ્વિની	કળશ	,,	ઘોડો	ઉંદર
૨૦ મુનિસુવ્રત	મકર	૪	૩	શ્રવણ	કાચબો	,,	વાનર	,,
૨૧ નમિનાથ	મેષ	૧	૧	અશ્વિની	કમળ	,,	ઘોડો	સાપ
૨૨ નેમિનાથ	કન્યા	૫	૨	ચિત્રા	શંખ	રાક્ષસ	વ્યાઘ્ર	,,
૨૩ પાર્શ્વનાથ	તુલા	૭	૩	વિશાખા	સર્પ	રાક્ષસ	વ્યાઘ્ર	ઉંદર
૨૪ મહાવીર	કન્યા	૩	૧	ઉ.ફાલ્ગુની	સિંહ	મનુષ્ય	ગૌ	ઉંદર

જૈન શાસનની મહત્તા એટલા જ માટે પ્રશંસનીય છે કે તેને માનવીય પ્રશ્નોનો ઉકેલ માનવીય દૃષ્ટિએ જ કર્યો

× શાન્તિનાથ ભગવાનનું નક્ષત્ર ભરણી જ છે.

છે, તીર્થંકરોની ગેરહાજરીમાં 'સ્થાપના નિક્ષેપથી' તે ભગવંતોની પાષાણ, ધાતુ, ચન્દન, હીરા, સુવર્ણ આદિની મૂર્તિઓ પણ તીર્થંકર ભગવંતોના દર્શન, વન્દન જેટલો જ આનંદ આપે છે. માટે જૈન શાસનનો પ્રત્યેક મેમ્બર તીર્થંકરોની તસ્વીર મૂર્તિ વગેરે પોતાને ત્યાં અથવા મંદિરમાં રાખીને તેના દર્શન સ્પર્શન અને વન્દનથી પોતાની જાતને ધન્ય બનાવે છે.

અપૂર્વ તથા સાત્વિક ભક્તિ રસના માધ્યમથી આત્માને આનન્દ દેનારી વીત્તરાગ પરમાત્માની મૂર્ત્તિની સ્થાપનામાં પણ જૈનાચાર્યોએ સામાજિક દૃષ્ટિનો જ ઉપયોગ કર્યો હોવાથી મૂર્ત્તિ, વ્યક્તિ–કુટુંબ–ગામ સમાજ અને દેશને માટે પણ હિતકારિણી બને તે આશયથી મૂર્ત્તિ ભરાવનાર ગૃહસ્થ,સંઘ તથા ગામની રાશિ નાડી, વર્ગ, યોનિ, ગણ આદિ સાથે તે તે ભગવંતો અનુકુલ છે કે નહી ? તે જોવા માટે ખાસ આગ્રહ રાખ્યો છે તે અંગે આપણે સંક્ષેપથી પણ ખાસ મહત્વની વાતો જાણી લઈએ.

માણસ માત્રનો આ સ્વભાવ છે કે તે જ્યાંરે બીજા સાથે સંબંધ જોડે છે ત્યારે તેની સાથેની લેણદેણીનો ખ્યાલ અવશ્ય રાખે છે, પછી તે વિત્તરાગની મૂર્તિ હોય, મુનીમ હોય, પત્ની હોય, મિત્ર હોય અથવા વ્યાપાર હોય બધાની સાથે પોતાનું ભાગ્ય શી રીતે અને કેટલા પ્રમાણમાં મેળ ખાશે ? તે માટે જ જ્યોતિષનો સહારો લેવામાં આવે છે. હવે તે બધી વાતો જૈન જ્યોતિષ પ્રમાણે આપણે વિચારીએ.

(૧) યોનિ :–જુદા જુદા નક્ષત્રોની જુદી જુદી યોનિ હોય છે, તેમાં પરસ્પર વૈર વાલી યોનિ હોવી ન જોઈએ.

જેમકે એકનું નક્ષત્ર હાથી યોનીનું હોય અને બીજાનું સિંહ યોનીનું હોય તો પરસ્પર વિરુદ્ધ યોનિ હોવાથી તે નક્ષત્રોના માલિકોને પણ આપસમાં વૈર વિરોધ થયા વિના રહે તેમ નથી.

હાથી–સિંહ, ઘોડો–પાડો, વાંદરો–ઘેટો, કૂતરું–હરણ, સાપ–નોલીઓ, ગાય–વાઘ, બીલાડો–ઉંદર પરસ્પર જાતિ વૈર વાલા હોવાથી આપસમાં જેમ મેળ નથી હોતો, તેમ તે નક્ષત્રો વાલા જીવોને પણ પરસ્પર મેળ હોતો નથી. મૂર્તિ ભરાવનાર ગૃહસ્થનું નક્ષત્ર ઉંદર યોનિનું અને વિતરાગ ભગવાનનું નક્ષત્ર બીલાડા યોનિનું હોય તે સમજી લેવાનું કે મૂર્ત ભરાવનાર ભાગ્યશાલીને મૂર્તિથી કંઇ પણ લેણા-દેણી રહેવાની નથી.

નક્ષત્રોનિ યોનિ

ભરણી અને રેવતિ નક્ષત્રની યોનિ હાથી છે.
ધનિષ્ઠા પૂર્વાભાદ્રપદની યોનિ સિંહ છે.
અશ્વિનીની શતભિષાની યોનિ ઘોડો છે.
હસ્ત અને સ્વાતિની યોનિ પાડો છે.
પૂર્વાષાઢા શ્રવણની યોનિ વાંદરો
કૃતિકા અને પુષ્યની ,, ઘેટો
આર્દ્રા મૂલની ,, કૂતરો
અનુરાધા જ્યેષ્ઠાની ,, હરણ
રોહિણી મૃગશિરની ,, સર્પ
ઉત્તરાષાઢા અભિજિતની ,, નોળીઓ
ઉ. ફાલ્ગુની ઉ. ભાદ્રપદાની ,, બળદ
ચિત્રા વિશાખાની ,, વાઘ
પુનર્વસુ, આશ્લેષાની ,, બીલાડો
બધા પૂ. ફાલ્ગુનીની ,, ઉંદર

(૨) ગણ, નક્ષત્રો ત્રણ ગણમાં સમાપિત છે.

દેવગણ અશ્વિની, પુનર્વસુ, પુષ્ય, હસ્ત, સ્વાતિ, મૃગ-શિર, અનુરાધા, શ્રવણ, રેવતી.

મનુષ્યગણ ત્રણ પૂર્વા ત્રણ ઉત્તરા, રોહિણી, ભરણી, આર્દ્રા.

રાક્ષસગણા કૃતિકા, વિશાખા, ચિત્રા; ધનિષ્ઠા, શતભિષા, જ્યેષ્ઠા, મૂલ, આશ્લેષા અને મઘા નક્ષત્રો.

બંને વ્યક્તિ એટલે કે મૂર્તિ ભરાવનાર અને ભગવાન યદિ એક જ ગણના હોય તો શ્રેષ્ઠ છે, એકનો દેવગણ અને બીજાનો માનવગણ હોય તો સાધારણ સારું છે. પરન્તુ એકનો દેવગણ અને બીજાનો રાક્ષસ ગણ હોય તો કલેશ-કારી હોય છે એકનો માનવગણ અને બીજાનો રાક્ષસ ગણ હોય તો મૃત્યુકારી હોય છે. જેમ કે નેમિનાથ ભગવાન રાક્ષસ ગણના છે અને મૂર્તિ ભરાવનાર દેવ ગણ અથવા મનુષ્ય ગણનો હોય તો તે મૂર્ત્તિ તે ભાગ્યશાલીને નુકશાન કારક બનશે.

(૩) રાશિ : પરસ્પર રાશિનો મેળ પણ હોવો જોઈએ બંનેની રાશિમાં મિત્રતા હોય તો રાશિમેલાપક સારો રહેશે અન્યથા હાનિ.

અશુભ બીજું, બારમું, નવપંચક, ષડાષ્ટક સારા માટે નથી. શત્રુષડાષ્ટક આ પ્રમાણે છે :

વૃષ–ધન, કર્ક–કુંભ, કન્યા–મેષ, વૃશ્ચિક–મિથુન, મકર–સિંહ, મીન–તુલા.

અશુભ બીજું બારમું. વૃશ્ચિક–તુલા, મકર-ધન, મીન-કુંભ, વૃષ–મેષ, જ્યારે કર્ક, મિથુન અશુભતર છે.

મધ્યમ નવપંચમ : કુંભ–મિથુન, મીન–કર્ક, કર્ક–વૃશ્ચિક, કન્યા–મકર.

(૪) નાડિવેધ :—નાડીના ત્રણ પ્રકાર છે.

આદ્યનાડી અ આ પુન ઉ.ફા હ જ્યેષ્ઠા મૂ શ પૂ.ભા
મધ્યનાડી ભ મૃ પુષ્ય પૂ.ફા ચિ અનુ પૂ.ષા ધ ઉ.ભા
અન્ત્યનાડી કૃ. રો અશ્લેષા મ. સ્વાતિ વિ ઉ.ષા શ્ર રેવતી

નાડીવેધ એટલે આદ્યનાડીના નક્ષત્રોમાં વરવધૂ તથા મૂર્તિ ભરાવનાર અને જિનબિંબ ન હોવા જોઈએ. તે પ્રમાણે મધ્યનાડીમાં તથા અન્ત્યનાડીમાં પણ વેધનો ત્યાગ કરવો.

જેમકે ભરણી નક્ષત્રમાં જન્મેલ મૂર્તિ ભરાવનાર હોય. અને પુષ્ય નક્ષત્રમાં જન્મેલા ધર્મનાથ ભગવાન હોય તો બંનેની એક જ નાડી હોવાથી. નાડીવેધ નામનો દોષ લાગુ પડે છે. વરવધૂને પણ નાડીવેધ ટાળવો.

(૫) વર્ગ :–વર્ગનું તાત્પર્ય વર્ણમાલાના વર્ણ–વર્ગો સાથે છે જેના આઠ વર્ગો થાય છે. ૧ અવર્ગ (અ થી ઔ સુધી) ૨ કવર્ગ, ૩ ચવર્ગ, ૪ ટવર્ગ ૫ તવર્ગ, ૬ પવર્ગ, ૭ યવર્ગ (ય. વ. ર. લ.) ૮ શવર્ગ (શ. ષ. સ. હ.) છે.

આમાંથી કોઈપણ વર્ગને પાંચમાં વર્ગ સાથે શત્રુતા હોય છે. જેમકે અમથાલાલને તારાચંદ, થાનમલ, દાનમલ, ધનરાજ નરોતમ સાથે શત્રુભાવ હોય છે કેમકે અમથાલાલ ૧ વર્ગ છે અને ત્યાંથી તવર્ગ પાંચમો છે માટે જ ત્યાજ્ય છે.

(૬) લભ્ય–દેય એટલે લેણાદેણી કોણ કોનો લેણદાર છે ? અને દેવાદાર છે ? તે જાણવાની ઇચ્છા સૌને હોય છે,

વર–વધૂ , શેઠ–મુનીમ, ભાગીદારો, મૂર્ત્તિસ્થાપન કરનાર જિનબિંબ પાસેથી ફાયદામાં રહેશે ? કે હાનિમાં ? આ જોવા માટે જેમકે અમથાલાલ જાણવા માંગે છે કે શાન્તિલાલ સાથે મારે લેણાદેણી કેવી છે ? આમાં જે જાણવા માંગે છે તેનો વર્ગ અંક સામે વાલાના વર્ગ અંકની આગળ મૂકવો અને આઠની સંખ્યાથી ભાગ દેવો શેષને અડધા કરવા. જે આવે તે આગલા વર્ગવાળો પાછલના વર્ગવાલાનો દેવાદાર બને છે. ત્યારપછી જેની સાથે સંબંધ જોડવો છે તેની વર્ગ સંખ્યાને પહેલા મૂકવી અને પછી પોતાને મૂકીને આઠથી ભાગ દેવો. શેષના અડધા કરવા. આમાં સંબંધિત આદમી દેવાદાર બનશે. જેમ અમથાલાલ શાન્તિલાલની વર્ગ સંખ્યા ૧૮–૮ શેષ ૨ રહ્યા તેના અડધા ૧ વિશ્વા રહ્યો. એટલે અમથાલાલ, શાન્તિલાલનો ૧ વિશ્વા દેવાદાર છે. બીજી રીતે, શાન્તિલાલના વર્ગને પહેલા રાખતો ૮૧–૮–શેષ ૧ રહ્યો તેના અડધા કરતા ૦॥ વિશ્વા રહ્યો. એકમાંથી ૦॥ ને બાદ કરતા શાન્તિલાલનો અમથાલાલ ૦॥ વિશ્વા જ દેવાદાર છે. અર્થાત્ અમથાલાલનો શાન્તિલાલ સાથે દેવાદારીનો સંબંધ છે. જ્યારે શાન્તિલાલ અમથાલાલ પાસેથી ૦॥ વિશ્વા લેણદાર બને છે. આ જ પ્રમાણે અમથાલાલ શાન્તિનાથ ભગવાનનો પણ દેવાદાર હોવાથી આ ભગવાન અમથાલાલને માટે ફાયદાકારક નથી. અમથાલાલ શેઠ જો પોતાની દુકાનનું નામ ' શાન્તિ સ્ટોર્સ ' મકાનનું નામ ' શાંતિભવન ' રાખે તો પણ આ શેઠને નુકશાન જ ભોગવવાનું રહેશે. સુવર્ણ એટલે સોનાના વ્યાપારમાં પણ

શેઠને ફાયદો થાય તેમ નથી. જ્યારે એ જ અમથાલાલ શેઠને મહાવીર સ્વામીના જિનબિંબ સાથે, મોતીના વ્યાપાર સાથે અને પોતાની દુકાનનું નામ 'મહાવીર સ્ટોર્સ' હોય તો ફાયદાકારક છે.

હવે ઉપર કહેલી યોનિ, ગણ, રાશિ અને નાડીવેધ આ ચારે બાબતો પોતાના જન્મ નક્ષત્રથી જોવી જોઈએ અને વર્ગમેલ તથા લેણદેણીતો પોતાના પ્રસિદ્ધ નામે જ જોવાનો આગ્રહ રાખવો. જન્મ નક્ષત્રની માહિતી ન હોય તો જ બધી વાતો ચાલુ નામે જોવી. તીર્થંકર ભગવાનની નવી મૂર્તિ બનાવીને અંજનશલાકા પ્રતિષ્ઠા કરવામાં ઉપરની છએ વાતોનો વિચાર જરૂર કરવો જોઈએ. વ્યક્તિના નામે મૂર્તિ ભરાવવાની હોય તો તેના નામ સાથે જ છ વાતોની વિચારણા કરવાની અને જો તે મૂર્તિ સંઘ તરફથી ભરાવવાની હોય તો ગામના નામથી જોવી.

હવે છ એ વાતોમાં યોનિ, ગણ, રાશિ અને વર્ગમાં કંઈક અપવાદ પણ છે. તે પણ ધ્યાનમાં રાખવા જેવો છે.

(૧) યોનિવૈરમાં અપવાદ :– મૂર્તિ ભરાવનાર અને ભગવાન સાથે પરસ્પર યોનિવૈર હોવાં છતાં પણ, ભરાવનારની નક્ષત્ર યોનિથી સામે વાલાની નક્ષત્ર યોનિ કમજોર હોય. તો કોઈપણ જાતનો વાંધો નથી જેમકે કેવલચંદનું જન્મ નક્ષત્ર 'પુનર્વસુ' છે. તેની યોનિ બિલાડો છે. અને સુમિતનાથ ભગવાનની યોનિ ઉંદર છે. હવે આ બંનેમાં યદ્યપિ જાતવૈર છે. તો પણ ભગવાનની યોનિ કમજોર હોવાથી એટલે કેવળચંદની યોનિ ભગવાન કરતાં પણ સશક્ત છે માટે આ યોનિ વૈર હાનિકારક નથી જ.

સર્વત્ર દેવની યોનિથી ધનિક (મૂર્ત ભરાવનારની) ની યોનિ બલવાન હોવી જોઈએ, તો આ દોષનો અવકાશ નથી અથવા દેવ અને ધનિકમાં યોનિવૈર ન હોય તો એ આ દોષનો અવકાશ નથી. કેમકે યોનિવૈર, જાતિવૈર હોવાથી જ ત્યાજ્ય છે. અન્યથા નહીં.

(૨) ગણવૈર અપવાદ :– આમાં પણ ધનિકોનો ગણ બલવાન હોય તો વાંધો નથી. મૂર્ત્તિ ભરાવનાર રાક્ષસગણનો હોય અને, જિનબિંબનો દેવ ગણ હોય તો પણ આ ગણવૈર નડતો નથી.

(૩) રાશિવૈરમાં અપવાદ :– પરસ્પર રાશિઓના સ્વામી જો મિત્ર બનતા હોય તો રાશિકૂટ દૂષિત નથી. પણ ગ્રાહ્ય છે તે આપણે જોઈએ.

પ્રીતિષડષ્ટક :– મેષ–વૃશ્ચિક, મિથુન–મકર, સિંહ–મીન, તુલા–વૃષ, ધન–કર્ક, કુંભ–કન્યા.

શ્રેષ્ઠ બીજું બારમું :– મેષ–મીન, મિથુન–વૃષ, સિંહ–કર્ક, તુલા–કન્યા, ધન–વૃશ્ચિક, કુંભ–મકર.

શુભ નવપંચમ :– મેષ–સિંહ, વૃષ–કન્યા, મિથુન–તુલા, સિંહ–ધન, તુલા–કુંભ, વૃશ્ચિક–મીન, ધનુ–મેષ, મકર–વૃષ.

શુભ તૃતીયૈકાદશ :– મેષ–કુંભ, વૃષ–મીન, મિથુન–મેષ, કર્ક–વૃષ, સિંહ–મિથુન, કન્યા–કર્ક, તુલા–સિંહ, વૃશ્ચિક–કન્યા, ધન–તુલા, મકર–વૃશ્ચિક, કુંભ–ધન, મીન–મકર.

શ્રેષ્ઠતર દશમ ચતુર્થ :–વૃષ–કુંભ કર્ક–મેષ, વૃશ્ચિક–સિંહ, મકર–તુલા, કન્યા–મિથુન, મીન–ધન.

શ્રેષ્ઠ દશમ ચતુર્થ :—

મેષ-મકર, મિથુન-મીન, સિંહ-વૃષ, તુલા-કર્ક, ધન-કન્યા, કુંભ-વૃશ્ચિક ઉપર પ્રમાણે રાશિઓના સ્વામીને પરસ્પર મિત્રતા તથા એકતા હોવાના કારણે જ ગ્રાહ્ય છે.

(૪) વર્ગદોરમાં અપવાદ :— યદ્યપિ પરસ્પર પંચમ વર્ગ ત્યાજ્ય હોવા છતાં પણ યદિ ધનિક એટલે મૂર્ત્તિ ભરાવનારનો વર્ગ બલવાન હોય અને દેવોનો વર્ગ નિર્બલ હોય તો વર્ગ દોર પણ આપત્તિ જનક નથી.

જેમ કે ગોમતીપુરનો 'ગ' ક વર્ગમાં હોઈને બીલાડો વર્ગ છે. પાર્શ્વનાથ 'પ' વર્ગમાં હોઈને ઉંદર છે. ક વર્ગથી ૫ વર્ગ પાંચમો હોવા છતાં પણ અહીં ધનિકનો વર્ગ જે બીલાડો છે તે ઉંદર કરતાં પણ બલવાન હોવાથી ગ્રાહ્ય બનશે. વર્ગોના માલિકો આ પ્રમાણે છે.

અ વર્ગનો	માલિક	ગરૂડ
ક વર્ગનો	,,	બીલાડો
ત્ય વર્ગનો	,,	સિંહ
ટ વર્ગનો	માલિક	શ્વાન (કુતરૂં)
ત વર્ગનો	,,	સર્પ
૫ વર્ગનો	,,	ઉંદર
ય વર્ગનો	,,	હરણ
શ વર્ગનો	,,	ગેંડો

ઉપર પ્રમાણેના ત્યારે અપવાદો ધ્યાનમાં રાખીને પરસ્પર સુમેલની જમાવટ કરવી.

શુભ દિવસ, નક્ષત્ર, તારા, મૂહૂર્ત, લગ્ન નવમાંશ ચઢતે ઉત્સાહે વીતરાગ પ્રભુની પ્રતિષ્ઠા કરવી જોઈએ.

તે સમયે પ્રતિષ્ઠા કરનાર આચાર્ય, ઉપાધ્યાય તથા મુનિરાજને ચન્દ્રબળ હોવું અન્યન્ત આવશ્યક છે. તથા મૂર્ત્તિ સ્થાપન કરનાર ગૃહસ્થને ગોચરમાં સૂર્ય તથા ચન્દ્રની શુદ્ધિ, તારા બળ અને ગુરુની શુદ્ધિ તેવી નિતાન્ત આવશ્યક છે. ગમે તેવા સારા મુહૂર્તો અને યોગો પણ જો ગોચર પદ્ધતિને અનુકૂલ નહી હશે તો પ્રતિષ્ઠાપકને હાનિ થયા વિના નહી રહે. માટે ગમે તેવા સારા કાર્યોના મુહૂર્તો કઢાવતા પહેલા ગોચર શુદ્ધિનું — ધ્યાન અવશ્યમેવ રાખવું જોઈએ.

ગોચરમાં ગુરૂ અશુદ્ધ હોય તો ૧૨ મહિને રાશિ બદલ્યા પછી જ સારા કાર્યો કરવા તેમજ ચન્દ્રબળ કનિષ્ટ હશે ? તો ગમે તેવો રાજયોગ, રવિયોગ, અમૃત–સિદ્ધયોગ પણ ફળપ્રદ થશે નહી. તે રીતે સૂર્યની અશુદ્ધિ પણ નડયા વિના રહેશે નહી. માટે બધુ સારી રીતે જોવડાવીને પછી પ્રતિષ્ઠા કરવી જોઇએ. આ પ્રમાણે જિનેશ્વર દેવની પ્રતિષ્ઠા સૌને માટે કલ્યાણપ્રદ હોય છે. હવે કઈ રાશિવાલા ગૃહસ્થને કયા ભગવાન શુભ, અતિશુભ, મધ્યમ તથા અશુભ રહેશે. તે કોષ્ટક દ્વારા સમજીએ.

પ્રતિષ્ઠાપક તથા પ્રભુની રાશિનો કોઠો

સ્થાપક રાશિ	મે	વૃ	મિ	ક	સિં	ક	તુ	વૃ	ધ	મ	કું	મી
એક રાશિ	૧૬	૨	૩	૧૫	૫	૬	૭	૮	૧	૧૧	૧૨	૧૩
શુભ	૧૯	૧૭	૪			૨૨	૨૩		૯	૨૦		૧૪
	૨૧					૨૪			૧૦			૧૮
બીજું બારમું	૧૩	૩	૨	૫	૧૫	૭	૬	૧	૮	૧૨	૧૧	૧૬
મધ્યમ	૧૪	૪	૧૭			૨૩	૨૨	૯			૨૦	૧૯
૨+૨૨	૧૮						૨૪	૧૦				૨૧
બીજું બારમું	૨	૧૬	૧૫	૩	૬	૫	૮	૭	૧૧	૧	૧૩	૧૨
અશુભ	૧૭	૧૯		૪	૨૨			૨૩	૨૦	૯	૧૪	
૨+૧૨		૨૧			૨૪					૧૦	૧૮	
૩+૧૧શુભ	૩	૧૩	૫	૩	૩	૮	૧	૬	૭	૮	૧	૨
	૪	૧૪	૧૬	૬	૪	૧૫	૫	૧૧	૨	૧૩	૧૦	૧૧
	૧૨	૧૫	૧૯	૧૭	૭		૯	૨૦	૨૩	૧૬	૧૭	૧૭
		૧૮	૨૧	૨૨	૨૩		૧૦	૨૨		૧૮	૧૯	૨૦
				૨૪				૨૪		૨૧		
સામી પ્રીત	૧૧	૫	૬	૭	૨	૧	૧૧	૫	૬	૭	૨	૧
અતિશુભ	૧૫	૧૨	૧૩	૧૬	૮	૩	૧૫	૧૨	૧૩	૧૬	૮	૩
૪–૧૦	૨૦		૧૪	૧૯	૧૭	૪	૨૦		૧૪	૧૯	૧૭	૪
			૧૮	૨૩		૯			૧૮	૨૧		૯
			૨૨	૨૧		૧૦			૨૨	૨૩		૧૦
			૨૪						૨૪			

સ્થાપક રાશિ	મે	વૃ	મિ	ક	સિં	ક	તુ	વૃ	ધ	મ	કું	મી
નવ પંચમ	૧	૬	૭	૮	૧	૨	૩	૧૫	૫	૨	૭	૮
મધ્યમ	૫	૧૧	૨૩		૯	૧૭	૪		૧૬	૧૭	૨૩	
	૯	૨૦			૧૦		૧૨		૧૯			
૯+૫	૧૮	૨૨			૧૬				૨૧			
		૨૪			૧૯							
					૨૧							
નવ પંચમ		૧૨	૧૩		૧૧		૧૩		૬		૩	૧૫
અશુભ			૧૪		૨૦		૧૪		૨૨		૪	
			૧૮				૧૮		૨૪			
પ્રીતિષડષક	૮	૭	૧૧	૧	૧૩	૧૨	૨	૧૬	૧૫	૩	૬	૫
મધ્યમ		૨૩	૨૦	૯	૧૪		૧૭	૧૯		૪	૨૨	
૬+૨				૧૦	૧૮			૨૧			૨૪	
મૃત્યુષડષક	૬	૧	૮	૧૨	૧૧	૧૬	૧૩	૩	૨	૫	૧૫	૭
અશુભ	૨૨	૯			૨૦	૧૯	૧૪	૪	૧૭			૨૩
૬+૮	૨૪	૧૦				૨૧	૧૮					
સમ શુભ	૭	૮	૧	૧૧	૧૨	૧૩	૧૬	૨	૩	૧૫	૫	૧
૭+૭	૨૩		૯	૨૦		૧૪	૧૯	૧૭	૪			૨૨
			૧૦			૧૮	૨૧					૨૪

અલ્પ-લાંબા આયુષ્યનું કારણ

આ પ્રકરણમાં જીવોનું લાંબું-ટૂંકું આયુષ્ય, ક્રિયા-વિચાર, અગ્નિકાય, મનુષ્યવાળા પુરુષની ક્રિયા, નૈરયિકો આધાકર્માદિ આહાર, આચાર્ય-ઉપાધ્યાયનાં ભવગ્રહણો, મૃષાવાદીનું કર્મ-વગેરે બાબતો છે. સાર આ છે :-

જીવ ત્રણ કારણોથી થોડું જીવવાના કારણરૂપ કર્મ બાંધે છે. પ્રાણોને મારીને, ખોટું બોલીને અને તથારૂપ શ્રમણ બ્રાહ્મણને અપ્રાસુક અને અનેષણીય ખાન-પાન વગેરે આપીને. આથી ઊલટું પ્રાણોને નહિં મારીને, ખોટું નહિ બોલીને અને તથારૂપ શ્રમણ વા બ્રાહ્મણને પ્રાસુક અને એષણીય ખાન પાનાદિ પદાર્થો આપીને લાંબા કાળ સુધી જીવવાના કારણ-ભૂત કર્મને બાંધે છે. આમાં પણ ઉપરની ત્રણ અશુભ ક્રિયાઓ સાથે જો તથારૂપ શ્રમણ—બ્રાહ્મણની હીલણાં, નિંદા, ફજેતી, અપમાન વગેરે કરવામાં આવે તો અશુભ રીતે લાંબા કાળ જીવવાના કારણભૂત કર્મ બાંધે છે અને પ્રાણોને નહિં મારીને, ખોટું નહિં બોલીને તથારૂપ શ્રમણ-બ્રાહ્મણને પર્યુ-પાસી, મનોજ્ઞ, પ્રીતિકારક, અશન પાનાદિ આપવામાં આવે તો શુભ પ્રકારે લાંબુ આયુષ્ય ભોગવવાનું કર્મ બાંધે છે.卐[૧૨]

卐૭૨. જન્મેલો માણસ દુઃખી છે, તેમજ દુઃખોની રાશી પણ હજારો પ્રકારની છે; જ્યારે સુખ અને તેના સાધનો તો વિજલીના ચમકારા જેવાં ક્ષણભંગુર છે અમુક માણસ સુખના સાધનો હોવા છતાં પણ દુઃખી કેમ છે ? લક્ષાધિપતિના ઘરમા જન્મ્યો છેઃ ખાવા માટે શીરો છે, બદામ છે, પીસ્તા છે, કેશરીયા દૂધ છે, છતાં એ બે વર્ષનો, પાંચ, પચ્ચીશ વર્ષનો થઈને જ કેમ મરી ગયો ? ગર્ભમાં હતો ત્યારે જેની

માતાએ દૂધ મલાઈ, અને માલપુઆ ખાધા છે છતાં પણ ગર્ભસ્થ જીવ ગર્ભમાં જ કેમ મરી ગયો? માતાનું એક સંતાન બેરૂં, બોબડું, અને બુદ્ધુ શાથી થયું? માતા પિતાના ખોરાક ઘણા જ સારા હોવા છતાં પણ ફેમીલી ડોકટરની ઘણી જ કાળજી પૂર્વક સેવા પ્રાપ્ત થયેલી હોવા છતાં પણ જન્મ લેનારો બાળક લુલો, લંગડો કાળા રંગનો શી રીતે થયો? અને ભણતરમાં લોપો શાથી રહ્યો.

જ્યારે બીજો બાલક બધી રીતે હુશીયાર શી રીતે બન્યો? એક સરખી આકૃતિ અને જોડલાં રૂપે જન્મેલા બે બાળકોમાં ચારિત્ર, પરાક્રમ, વિજ્ઞાન, વૈરાગ્ય, આરોગ્ય અને સંપત્તિમાં આકાશ પાતાળ જેટલો ફરક શા માટે છે? માતા પિતા અને ભણવાના સાધનો એક સરખા હોવાં છતાં એક સંતાન દુરાચારી બને છે જ્યારે બીજો સદાચારી, એક માયકાંગલો બીજો બહાદુર, એક વૈરાગી બીજો લબાડ શા કારણે બને છે?

પ્રતાપ, ઉદ્યમ સાહસ એક સરખા હોવા છતાં પણ એકસફળતાના સોપન સર કરે છે. જ્યારે બીજો બાપની મુડી પણ નાશ કરી નાખે છે. સંસ્કૃત-પ્રાકૃત જેવી દેવી ભાષાને ભણેલો પણ દુરાચારી શા માટે? અને અંગ્રેજી ભાષાને જાણનારો સદાચારી શા માટે?

કાન, આંખ, નાક, મસ્તિષ્ક, હૃદય અને શરીરના સ્પેશ્યાલિસ્ટ ડોકટરો પણ બેરા, બોબડા, બેડોલ, ગાંડા, બરાબ હૃદય અને શરીરના શા કારણે થાય છે? દાંતના ડોકટરના પણ દાંતો અકાળે પડે છે, આંખના ડોકટરો પણ અંધ થાય છે. તેઓ પોતાના દાંત અને આંખના ડોકટરો પણ અંધ

થાય છે તેઓ પોતાના દાંત અને આંખ કેમ બચાવી શકતા નથી ?

પ્રત્યક્ષ રૂપે દેખાતી સંસારની આ વિચિત્રતાને હલ શી રીતે કરવી ? અને જ્યાં સુધી આ પ્રશ્નોનો નિર્ણય ન થાય ત્યાં સુધી સમ્યગ્જ્ઞાનમાં પણ અધુરાપણું રહેશે.

ઈશ્વર તો મહાદયાળુ છે. જીવ માત્રનો પરમ મિત્ર છે, અને સ્વતઃ નિરાકાર એટલે શરીર વિનાનો છે. તે શા માટે આવા ગોરખ ધંધા કરવામાં બદનામ થાય ? જીવોને બધી રીતે દુઃખી જોઇને ભગવાનને જો બાલકની જેમ મજા આવતી હોય તો તે પરમાત્માની મહાનુભાવતા કયાં રહી ? દયાલુ માણસ તો સર્વત્ર સુખ, શાંતિ અને સમાધિનું સર્જન કરનાર હોય છે. પણ સંસાર તેવો દેખાતો નથી, કેમકે જીવમાત્રને સુખ થોડુ જ છે અને દુઃખ અનંત છે. પછી પરમાત્માની દયા, અને દયાલુતા કયાં રહી ? "મૃત્યુ પામેલો જીવ ઈશ્વરના દરબારમાં હાજર થાય છે, ત્યાં ધર્મરાજ તે જીવના પુણ્ય તથા પાપના લેખા જોખા જૂએ છે. અને પછી ન્યાય કરીને તે જીવાત્માને સુખ દુઃખ આપે છે અને તે સ્થાનકોમાં પટકે છે." આવા સિદ્ધાન્તથી તો ઈશ્વરની સત્તા કરતાં પણ કર્મસત્તાની બલવત્તાનો નિર્ણય થાય છે. અર્થાત્ જીવાત્માએ જેવા કર્મો કર્યા હોય તેને અનુરૂપ જ ફળ ભોગવવા પડે છે. માટે જ કર્મસત્તા સર્વોપરી છે. અન્યથા રાવણ સીતાજીનું હરણ કરી જાય છે. આની ખબર ભગવાન જેવા ભગવાન રામચન્દ્રને પણ કેમ ન પડી ?

સંસારનું નિર્માણ કરનારા ભગવાને 'સોનાનું હરણ' તો બનાવ્યું નથી તો આ સુવર્ણ મૃગ કયાંથી આવ્યો ?

ભગવાન પણ ભૂલ્યા અને સુવર્ણમૃગને લેવા માટે પાછલ દોડયા, તે શી રીતે બન્યું ? રાવણ સાથે યુદ્ધ કરી લાખો કરોડો માણસોને મૃત્યુના ઘાટે ઉતાર્યા, જેને લઈને મરેલા માણસોની વિધવા બનેલી સ્ત્રીઓ, અને પુત્ર વિયોગમાં ઝૂરતી માતાઓને આખી જીન્દગી રોવું પડયું છે તો આવી બાળચેષ્ટા ભગવાને શા માટે કરી ?

કોઠાઓના યુદ્ધમાં અભિમન્યુને મૃત્યુ દર્શન કરાવીને નવી ઉગતી કલી જેવી 'ઉત્તરા'ને વિધવાપણું અપાવવા માટેનું નાટક ભગવાને શા માટે કર્યું ?

આ અને આના જેવી બીજી બધી વાતોને ધ્યાનમાં રાખ્યા પછીજ તુલસીદાસજીએ રામાયણમાં લક્ષ્મણજીના મુખે સાચુંજ કહેવરાવ્યું છે કે– "વિશ્વ પ્રધાન કર્મ કરી રાખા જો જસ કરહી વો તસ ફલ ચાખા" ।

कर्मणो हि प्रधानत्वं किं कुर्वन्ति शुभाग्रहाः ।
वसिष्ठदत्तलग्नोऽपि रामः प्रव्रजितो वने ॥

અને ભવ ભવાન્તરના યોગી ભતૃહરિએ તો तस्मै नमः कर्मणे' એમ કહી હાથ ઝાટકી નાખ્યા છે.

ઈત્યાદિક બાબતોને જોયા પછી જીવ માત્રને સુખ દુઃખ દેનાર તેના પોતાના કરેલા કર્મોજ છે, બીજો કોઇપણ નથી માયા વશ બનેલો આ મૂઢાત્મા ફરી ફરીથી કર્મો કર્યા કરે છે અને ફરી ફરીથી ભોગવે છે.

ભગવતીસૂત્રમાં પ્રશ્ન આવા પ્રકારનો છે.

જીવો એવા કયા કર્મો કરે છે જેનાથી આયુષ્યની મર્યાદા ટૂંકી થાય છે એટલે કે નાની ઉંમરમાં જ મૃત્યુના મહેમાન બને છે?

જવાબમાં અનન્ત જ્ઞાનના સ્વામી ભગવંતે ફરમાવ્યું કેઃ—

૧. જીવહિંસા કરવાથી.

૨. જૂઠું બોલવાથી.

૩. શ્રમણને અપ્રાસુક અને અનેષણીય; આહાર પાણી દેવાથી, ઉપરના ત્રણે કારણોને લઈને જીવાત્મા અલ્પાયુષી થાય છે.

જીવહિંસા :—હિંસ ધાતુ પરથી પરજીવને મારવાના અર્થમાં હિંસા, હિંસ્ર, અને હિંસક શબ્દો બને છે. એટલે કે પોતાથી અતિરિક્ત બીજા જીવને મારવું તે હિંસા, મારવા માટે પુરુષાર્થ કરવો તે હિંસ્ર કર્મ અને મારનાર હિંસક કહેવાય છે. આનો વિશાળ અર્થ આ પ્રમાણે છેઃ—

૧. દ્વેષવશ બીજાના પ્રાણોને હણનારા હિંસક છે.

૨. દ્વેષવશ બીજાની વૃત્તિઓને તોડનાર હિંસક છે.

૩. દ્વેષ તથા રાગ વશ સ્વસ્ત્રી સિવાય બીજી સ્ત્રીના શિયળ અર્થાત્ સતીત્વને ભ્રષ્ટ કરનાર હિંસક છે.

૪. ભોગાસક્ત બનીને ક્રુરતા પૂર્વક મૈથુનકર્મના રાગી હિંસક છે, મહાહિંસક છે.

૫. મૈથુન કર્માસક્ત બનીને ગર્ભગત જીવનો ખ્યાલ કર્યા વિના મૈથુન સેવવાનો ભાવ રાખવો તે ભયંકર હિંસા છે.

૬. બીજાઓની રોટી, બેટી, અને વ્યાપાર છીનવી લેવો, તે પણ હિંસા છે.

૭. બીજાઓના મર્મ ઉઘાડવા, બોટી સાક્ષી દેવી, અને બીજાની ચોરી કરવી તે હિંસા છે.

૮. બોટા વ્યાપાર, સેળભેળ, ૧૫ કર્માદાન રૂપ વ્યાપાર કરવા તે હિંસા છે.

૯. અને પરજીવને જે કારણથી આપણે પીડા કરીએ તે પણ હિંસા છે.

૧૦. આન્તર જીવનમાં કાષાયિક ભાવ પણ હિંસાને આમંત્રણ આપે છે.

કષાય તથા પ્રમાદ, વશ આપણે જે જીવની હિંસા કરીએ છીએ. તે મરનાર, દુઃખી બનનાર જીવો, શિયલ બંડિત સ્ત્રી, અને જાનવરો આપણને શ્રાપ દીધા સિવાય રહે તેમ નથી કેમકે મરનાર જીવ મારનારનો શત્રુજ બને છે. ગાલી દેનાર માણસ ગાલી બાનારનો શત્રુ બને છે, કીડી, મંકોડી, માંકડ, જૂ, આદિ ક્ષુદ્ર જીવોનો મારનાર પણ મરનારા તે જીવોનો શત્રુ બને છે. આ પ્રમાણે બીજા જીવોના શત્રુ બનવું એજ મહાદુઃખ છે.

શત્રુભાવનો ફળાદેશ પ્રાયઃ કરીને શ્રાપમાં પરિણમે છે.

ધર્મશાળા, પાણીની પરબ ઈત્યાદિક સ્થાનો બનાવતા પહેલા ત્યાં કોઈના શિયળ તો લુંટાશે નહીં ? કબૂતર, મોર, ચકલા વગેરે જાનવરો વિના મોતે બીલાડી, કૂતરાના હુમલાથી મરશે તો નહી ?' આવા બ્યાલો વિવેક પૂર્વક પહેલા કરવાં. જેથી આપણો પૈસો કોઈના પણ પાપ કર્મનું કારણ બનવા

પામે નહી. શિયળ ખંડિત સ્ત્રીને જ્યારે ધર્મનું ભાન થાય છે ત્યારે જે સ્થાનમાં શિયળ ખંડાયું છે તે સ્થાન, તેનો માલિક, અને શિયળ ખંડિત કરનાર પુરુષ, આ ત્રણે તેના દુશ્મન બનશે.

કેમકે તે સમયે તેના મુખમાંથી ઉદ્‌ગારો નિકળશે કે "ભાડમાં જાય તે ધર્મસ્થાન જ્યાં મારૂં શિયળ લુંટાણું." સત્યાનાશ જાઓ આ માણસનો જેના કારણે મારી આ દશા થઇ. "પરમાત્માએ તેમને મૂંગો રાખ્યો હોત તો સારૂ થાત જેથી મારે જેલમાં જવું ન પડત."

ઈત્યાદિક શ્રાપથી ભરેલા શબ્દોની અસર જ્યારે આપણા જીવનમાં સર્જન પામશે ત્યારે પૂર્વભવના હિંસક જીવનમાં લીધેલા શ્રાપો, દુઃખોના પહાડો રૂપે જ્યારે સામે આવશે. ત્યારે આપણને હેરાન હેરાન કરી મૂકશે. ઘણા શ્રાપોના ભારથી દબાઈ ગયેલા માનવો જ આપણા માટે ઉદાહરણરૂપે પ્રત્યક્ષ છે. માટે ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે 'હિંસક જીવન શાપ છે, અને અહિંસક જીવન આશીર્વાદ છે."

હિંસક માણસ આવતા ભવને માટે અલ્પાયુષ્યનો સ્વામી થશે. કેમકે શાપગ્રસ્ત માનવ સુખોને ભોગવી શકતો નથી.

૨. જૂઠું બોલનાર પણ અલ્પાયુષી થાય છે. કેમકે જૂઠ અને હિંસાને ઘનિષ્ઠ સંબંધ છે. હિંસક માણસ જૂઠ બોલનારો જ હોય છે અને જૂઠો માણસ હિંસક જ હોય છે.

હિંસક માણસની ભાવલેશ્યાઓ જેમ ખરાબ હોય છે, તેમ જૂઠ બોલનારની પણ લેશ્યાઓ ખરાબજ હોય છે, અને તેમ થતા કૃષ્ણ, નીલ અને કાપોત લેશ્યા જેના રંગો–

સ્વભાવો જેવા જ અધ્યવસાયો એ આત્મામાં થયા વિના રહેતા નથી. માટે આવો માણસ સમ્યક્ત્વને મેળવી શકવા સમર્થ નથી બનતો. સમ્યક્ત્વને પદ્મ, તેજો અને શુક્લ લેશ્યા સાથે સંબંધ છે અને જૂઠ વ્યવહારનો માલિક આ લેશ્યાઓમાં ટકી શકતો નથી.

માયાવી માણસ પણ હિંસક એટલા માટે છે કે માયા-પ્રપંચને જૂઠ સાથે સીધો સંબંધ હોય છે, માટે જ અનુભવીઓ કહી ગયા છે કે :

"સમકિતનું મૂળ જાણીએ રે, સત્ય વચન સાક્ષાત્;
સાચામાં સમકિત વસે રે, માયામાં મિથ્યાત્વ રે પ્રાણી."

અર્થાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિમાં મૂળ કારણ સત્ય વચન જ છે. આચારાંગ સૂત્રમાં ભગવાને ફરમાવ્યું છે કે 'सच्चं खलु भयव" સત્ય જ પરમાત્મા છે. કેમ કે જીવનના સત્યાચરણમાં ભગવાનનો વાસ છે. સત્ય ભાષા જ અહિંસક ભાષા છે, માટે સત્યને છોડીને બીજા ભગવાનની કલ્પના કરવી એ કોરી કલ્પના જ છે, જીવનની વૃત્તિમાત્ર તથા પ્રવૃત્તિમાત્રમાં સત્યતા એટલે કે અસત્યતા કે મૃષાવાદનો ત્યાગ આવ્યા સિવાય માણસ અરિહંત બની શકતો નથી.

અરિહંત પદમાં બાધક જાતિમદ, કુળમદ, જ્ઞાનમદ, સંપ્રદાયવાદ, ક્રિયાવાદ અને વિતંડાવાદ આદિ મુખ્ય છે. કેમ કે આમાં અસત્યતાનો અંશ આવ્યા વિના રહેતો નથી. એ મદનો અને વાદનો માલિક ગમે તેવો તપસ્વી અને ત્યાગી હોઈ શકે છે પણ આત્મશુદ્ધિનું લક્ષ્ય સિદ્ધ કરી શકે તેમ નથી.

આ જ વાતને ભગવંત શ્રી હેમચન્દ્રાચાર્યજીની સાક્ષી આપી દઇએ 'ज्ञानचारित्रयोर्मूलं सत्यमेव वदन्ति ये' એટલે કે જ્ઞાન અને ચારિત્રનું મૂલ જ સત્ય વચન છે અને ભગવાન્ ભાષ્યકારના વચનનો અનુવાદ કરીને કહીએ તો જ્ઞાન સાથે સમ્યગ્-દર્શનનું પણ ગ્રહણ સમજી લેવાનું છે. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન અને ચારિત્ર નથી, માટે ત્રણે રત્નોની પ્રાપ્તિનું મૂલ સત્ય વચન જ છે.

"ज्ञानक्रियाभ्यां मोक्षः" જ્ઞાનમાં દર્શન પણ લેવું અને ચારિત્ર (ક્રિયા) એટલે સત્ય ધર્મ લેવો.

સત્ય જીવન વિના ચારિત્રની આરાધના અધૂરી છે, સાવ અધુરી છે. કેમ કે અહિંસા ધર્મથી આરાધના માટે જ બીજા વ્રતોને પાળ (વાડ) તરીકે અનિવાર્ય રૂપે માન્યા છે એમાં પણ સત્યવ્રત જો તૂટી જાય તો બીજા વ્રતો શી રીતે ટકશે ?

"એક બાજુ સંસારભરના પાપ અને બીજી બાજુ અસત્ય ભાષણનું પાપ. એ બંનેની સમાનતા જો કરવી હોય તો અસત્યનું પાપ સૌથી વધારે અને પ્રતિકાર વિનાનું પાપ છે."

આ બધી વાતોનું ધ્યાન રાખીને દિવ્ય જ્ઞાનના સ્વામી ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે અસત્ય બોલનાર અલ્પાયુષી હોય છે. જીવનમાં 'આત્મધર્મ' ની પ્રાપ્તિ જો થઈ ગઈ હોય તો સંસારના કોઇ પણ પદાર્થને માટે તે ભાગ્યશાળીને જુઠ બોલવાનું રહેતું નથી.

આત્મધર્મી જીવ આડંબર વિનાનો જ હોય છે, કેમ કે આડંબર ભર્યા જીવનમાં જૂઠ, પ્રપંચ, માયામૃષાવાદ,

પરપરિવાદ, અભ્યાખ્યાન, રતિ–અરતિ, અને છેવટે પરિગ્રહ –ની માત્રા પ્રકારાન્તરે પણ વધતી જ જાય છે અને જેમ જેમ પરિગ્રહ વધે છે. તેમ તેમ શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શના ભોગોનું રાગપૂર્વક સેવન હોય છે. અને પ્રચ્છન્નપણે પણ શબ્દાદિ પ્રત્યેની ભોગ લાલસા ભાવ મૈથુન જ કહેવાય છે " सद्दा रुवा रसा गंधा, फासाणं पविचारणा मेहुणस्स...." અસત્યભાષી, અસત્યાચરણી, અસત્યવ્યાપારી અને વ્યવહારી માણસ પોતાના વ્યકિતત્વનો દુશ્મન હોય છે, અને જે પોતાનો દુશ્મન હોય છે તે પૂરા સંસારનો પણ દુશ્મન બને છે અને તેમ થતાં તેના પોતાના જીવનમાં વૈર–ઝેર, કલેશ–કંકાસના માધ્યમથી તે ભાગ્યશાલી ઘણા જીવોનો શત્રુ બનશે અને આવતાં ભવમાં અલ્પાયુષી જ થશે.

૩ અલ્પાયુષી થવામાં ત્રીજું કારણ ફરમાવતા ભગવાને કહ્યું કે : પંચ મહાવ્રતધારી મુનિરાજને જે કોઇ પણ 'અપ્રાસુક અને અનેષણીય આહાર–પાણી વગેરે પદાર્થો આપે છે તે પણ બીજા ભવોમાં અલ્પાયુષી થશે.

ગુણ અને ગુણીના સંબંધ અનાદિ નિધન હોય છે. સ્વાર્થવશ, લોભવશ, માયા અને દેવગતિના સુખો મેળવવાની ઘેલછાવશ માણસ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રાદિ ત્રણે ગુણોની અવહેલના કરે છે અને તે દ્વારા ગુણી પુરૂષોની પણ અવહેલનાનો ભાગીદાર થાય છે અથવા ત્રણે ગુણોના ધારણ કરનારા ગુણવંતોની નિંદા તિરસ્કાર કરીને ત્રણે રત્નોની અશાતના કરે છે.

સ્વાર્થવશ બનેલો આત્મા સમ્યગ્દર્શનાદિ ગુણોના વિકાસ પ્રત્યે બેદરકાર હોવાથી ગુણોના ધારક પ્રત્યે મોહન્ધ બને

છે અને મોહાન્ધ બનેલો માણસ ભક્તિમાં અતિરેક કર્યા વિના રહી શકે તેમ નથી, એક જ આચાર્ય તેમના સાધુ સાધ્વીઓ માટે રસોડા ખોલીને બીજા સંઘાડાના સાધુઓની માનસિક અવહેલનાને કર્મનિર્જરા સાથે સંબંધિત કરવી એ મોટામાં મોટી ઉત્સૂત્ર પ્રરૂપણા છે. પણ મોહાન્ધ માણસ સમ્યગ્જ્ઞાનથી હજારો કોશ દૂર હોય છે. તેથી તેની પરવા તે કરી શકે તેમ નથી.

લોભવશ બનેલો આત્મા મુનિરાજોની ભક્તિમાં પોતાને દ્રવ્યાદિકનો લાભ ઈચ્છનારો હોય છે, તેથી લોભાન્ધ બનેલો આત્મા તે તે મુનિરાજોના સમ્યગ્દર્શનાદિને પણ હાનિ પમાડે તેવી ભક્તિ કરવા માટે તૈયાર રહેશે.

માયાવશ બનેલો આત્મા મુનિરાજો તથા આચાર્ય ભગવંતોનું સાન્નિધ્ય અને સામીપ્ય એટલા માટે ઈચ્છે કે જેનાથી આચાર્ય ભગવંતોની કૃપાથી "હું ટ્રસ્ટી બની જાઉં, થોડા પૈસા વાપરીને પણ મોટો યશ મેળવી લઉં. સમાજની ઘણી સંસ્થાઓમાં મારૂં સ્થાન સ્થિર થઈ જાય." જેથી મારા વ્યવહારને વાંધો ન આવે. આ પ્રમાણેના માયાન્ધને સમ્યગ્દર્શનાદિ ગુણોના વિકાસ સાથે કંઈ પણ લેણાદેણી હોતી નથી અને સ્વર્ગાદિ સુખોને માટે કરાતી ભક્તિમાં વિવેક હોતો નથી. વિધિવિધાન સચવાય પણ આત્મા ગુણોની પ્રાપ્તિમાં અંધકાર હોવાથી સ્વર્ગ સિવાય બીજું કંઈ પણ મેળવી શકાતું નથી. આ પ્રમાણે ત્રણે ગુણોની વફાદારી વિનાનાં માનવ-ભક્તને ગુણોના સ્વામિઓને પણ આન્તર જીવનના વિકાસમા સહાયીભુત થઈ શકતો નથી પરિણામે આ ક્ષણે ગુણોને મલિન કરતો અને કરાવતો ભક્ત પોતાના અંગત સ્વાર્થ માં આવીને ત્યાગ કરવા યોગ્ય પદાર્થોનો ત્યાગ કરતો નથી

અને સ્વીકાર કરવા યોગ્ય તત્ત્વોથી હજારો કોશ દૂર રહે છે. પંચ વ્રતધારીના મહાવ્રતોમાં દોષ લગાડનાર શ્રીમંત, યુવા, સ્ત્રી, સ્વાર્થી આદિ ગમે તે હશે તે અશુભ કર્મોને જ ઉપાર્જન કરશે. અને આવતા ભવોમાં અલ્પાયુષ્યનો માલિક થશે. અથવા દીર્ઘાયુષ્યમાં પણ દીનતા, દરિદ્રતા, કલેશ અને વૈરમય વાતાવરણને ભોગવનારો બનશે.

અપ્રાસુક એટલે દેવાતો પદાર્થ સચેતન હોય અથવા લેનારની ચેતનાને વાંધો આવે તેવો હોય તે ભોજન, પાન, વસ્ત્ર, આદિ પદાર્થ અપ્રાસુક છે. અને અનેષણીય એટલે અકલ્પનીય છે. જે સાધુતાને, સંયમને, વીતરાગતાને, તથા મૈત્રીભાવને ન કલ્પે અર્થાત્ જેનાથી સ્વાધ્યાયપ્રેમી સાધુ સ્વાધ્યાયમાંથી સ્ખલિત થાય, વૈરાગ્યવાન્ આત્મામાં મોહની ચેષ્ટા ઉત્પન્ન થાય, ત્યાગીના આન્તર અને બાહ્યત્યાગમાં વાંધો આવે અને મૈત્રીભાવમાંથી નિકલીને, સાધકના આત્માને કલેશ થાય તેવા પદાર્થો અને વાતાવરણ પણ અનેષણીય છે.

સાધુઓના દ્રવ્ય અને ભાવ પ્રાણને જોખમ કરે તેવી ભક્તિ અનેષણીય છે. કડવી તુંબડીનું પ્રતિદાન કરવાવાલી બાઈનું ઉદાહરણ આપણી સામે છે.

અલ્પાયુષ્યતા એટલે ?

આંખના પલકારે મરનારા જીવની અલ્પાયુષ્યતા અહીં માન્ય નથી પણ અમુક અપેક્ષાએ આ માણસ થોડું જીવ્યો જેમકે ભરયુવાનીમાં મરનારને જોઈને આપણે કહીએ છીએ કે "આ માણસે પહેલાના ભવમાં હિંસા કરી હશે ? બીજું કંઈ પણ અશુભ કર્યું હશે ? અથવા વ્રતધારી મુનિઓને નહી ખપતી

વસ્તુનું દાન કર્યું હશે ? જેને લઇને આ ભોગી માણસ દૂંકુ આયુષ્ય ભોગવીને મર્યો.

આ સૂત્રના બીજા ટીકાકાર તો એમ કહે છે કે–મુનિરાજોના ગુણો તરફ પક્ષપાતી બનીને છકાયનો આરંભ–સમારંભ કરે તે પણ આવતા ભવે અલ્પાયુષ્યને મેળવશે. અહીં પક્ષપાતનો અર્થ આ છે કે એ ભાગ્યશાલીને ' મુનિપદ ' પ્રત્યે રાગ નથી. પણ અમુક જ આચાર્ય અને તેમના શિષ્યો પ્રત્યે જ રાગ હોય છે, તેમની ભક્તિ માટે રસોડા ખોલવા, તેમને માટે અમુક વસ્તુઓ બનાવવી અને વહોરાવવી તે આરંભ જ છે. પક્ષપાતીનું અધઃપતન નિશ્ચિત હોય છે, આકાશમાં ઉડનારા પંખીની પાંખ (પક્ષ)નો પાત થતા તે ઉડી શકતું નથી. તેવી જ રીતે મોક્ષના પ્રેમીને અઢી દ્વીપમાં રહેનારા આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય ભગવંતો અને મુનિરાજો પ્રત્યે અનહદ ભક્તિ જ હોવી જોઇતી હતી પણ મોહકર્મમાં અંધ બનેલાને તેમ થતું નથી, માટે જ એકના પ્રત્યે રાગ અને બીજાના પ્રત્યે હાડોહાડ વૈર તથા દ્વેષ હોય છે. તેથી તેવો સાધક અશુભકર્મોનો જ ઉપાર્જક હોય છે.

આ ચાલુ સૂત્રથી સર્વથા વિરુદ્ધ સૂત્ર આ પ્રમાણે છેઃ–

પ્રશ્ન :–હે ભગવન્ ! શ્રમણોપાસક શ્રાવક મુનિરાજોને અપ્રાસુક અનેષણીય દાન આપે તો તેને શું થાય ?

ઉત્તર :–" હે ગૌતમ ! તે ગૃહસ્થને ઘણી નિર્જરા થાય છે અને પાપકર્મ થોડું બાંધે છે દેખાતી રીતે બંને સૂત્રમાં વિરોધાભાસ છે, પણ અહીં તાત્પર્ય સમજવાનું છે કે ' જે મુનિ સર્વથા સંથારાવશ હોય, બીજી રીતે નિર્વાહન થતું

ન હોય તો તેવા આતુર મુનિને ધ્યાનમાં રાખીને જ આ વાત છે, પણ તન્દુરસ્ત, થોડા ઘણા પણ ચાલી શકે તેવા મુનિની અપેક્ષાએ આ વાત નથી. પ્રશ્નની સમાપ્તિમાં મુનિરાજોને અપેક્ષામાં રાખીને તૈયાર કરેલા આહારને લઈને ગૃહસ્થને પ્રાણાતિપાત અને મૃષાવાદ આ બંને પાપો લાગે છે. સૌથી પહેલા આરંભ કર્યો એટલે જીવહિંસા થઈ, પછી સાધુમહારાજ ગોચરી આવે અને ગૃહસ્થને પૂછે છે કે "આ કોના માટે બનાવ્યું છે ? ત્યારે પક્ષાંધ ગૃહસ્થ કહેશે કે આ તો અમારા માટે બનાવ્યું છે, માટે તમને ખપે છે. આપ વહોરી લો. આમ કહીને વહેરાવનાર જૂઠું પણ બોલે છે અને આવતા ભવને માટે અશુભ કર્મોને બાંધે છે.

જ્યારે શુભ ભાવનાથી, ગુણ ગ્રાહક બનીને જે ભાગ્યશાલી સાધક અહિંસા ધર્મ, સત્ય ધર્મ અને મુનિરાજોને નિર્દોષ તથા કલ્પનીય આહાર પાણી આપે છે તે આવતા ભવને માટે લાંબા આયુષ્યનું કર્મ બાંધીને દેવગતિના સુખોને ભોગવશે.

આ વિચિત્ર સંસારમાં દીર્ઘાયુષ્ય ભોગવનારા જીવો પણ ઘણી રીતે દુઃખી જોવાય છે તે શા કારણે ? જવાબમાં ભગવાને ફરમાવ્યું કે તથાવિધ મુનિરાજોને હીલનાદિ પૂર્વક દાન આપવાનું ફળ આ છે.

૧. હીલન એટલે ગોચરી માટે આવેલા મુનિરાજોની 'જાતિ, કુલ, ગુણ, અવગુણને ઉઘાડા કરીને તમે તો હલકી જાતિના છો' તમે તો આવા ધંધા કરો છો 'તમારી આબરૂ દાની સાડી નથી' આ પ્રમાણે લોક આપવો જોય છે અને મુનિરાજની હીલના કરતો જોય છે.

૨. નિંદન એટલે મુનિરાજોની મનથી નિંદા કરવી એટલે "તમે તો આવા છો અને તમે તેવા છો': 'શું કરીએ મહાવીર સ્વામીનો વેષ પહેર્યો છે એટલે તમને ગોચરી આપવી પડે છે. બાકી તો તમને આપવા જેવું નથી.

૩. ખિંસન એટલે કે ઓટલે બેસીને કે બીજે કયાંય બેસીને, ઉભા રહીને લોકોની સમક્ષ સાધુ મહારાજોની નિંદા કરવી તે ખિંસન છે.

માનવ એટલો બધો અજ્ઞાની હોય છે કે પૌષધ લઈને બેઠા પછી, માળા ગણતાં ગણતાં પણ બીજા પૌષધવાલાઓની સમક્ષ, બીજા સાધુ મહારાજોની તથા બીજા સંઘાડાઓની તથા બીજા ગચ્છના મુનિરાજોની અવહેલના કર્યા જ કરે છે અને પોતાનાં પૌષધ કલંકિત કરે છે. ૨૪ કલાકનું પૌષધ અને ૨ ઘડીનું સામાયિક કરનારા અજ્ઞાનીઓ જ પોતાનું પૌષધ અને સામાયિક ૩૨ દોષોથી બરડાઈ નાખે છે. જે ગૃહસ્થને માટે ભયંકર પાપ છે.

૪. ગર્હણ એટલે કે મુનિરાજોની સામે જ તેમની નિંદા કરવી ગર્હણા છે.

પોતાની જાતને જ જૈન ધર્મના રસિયા માનનારા કેટલાએ શ્રીમંતોને તમે સાંભળ્યા છે? તેઓ એમ કહે છે આ ફલાણા આચાર્ય જેવા તો મારા છપ્પન ઈંચના કોટના ગજવામાં કેટલાએ પડયા રહ્યા હોય છે "આવા તો આચાર્ય હોતા હશે? ઉપાધ્યાયો એના ઘરના રહ્યા?" અમને તો અમારા પોળના, પાડાનાં, ઉપાશ્રયના મુનિઓ જ ગમે છે. બીજાઓ પાસે પૌષધ, પ્રતિક્રમણ અને કરેમિ ભંતે ઉચ્ચરવામાં અમારા સમ્યક્ત્વને ભાંગો લાગે છે ધન્યવાદ છે આ

કરિયાણાના વેચનાર ગૃહસ્થનું કોઈ માણસ કરિયાણું ચોરી જાય, તો તે કરિયાણાનું ગવેષણ કરનારને આરંભિકી, પારિગ્રહિકી, માયા પ્રત્યાયિકી અને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા લાગે, પણ મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ લાગે અને કદાચ ન પણ લાગે. ગવેષણ કરતાં એ ચોરાયેલું કરિયાણું પાછું મળી જાય, ત્યાર પછી તે બધી ક્રિયાઓ પ્રતનુ થઇ જાય છે.

એક ગૃહસ્થે કરીયાણું ખરીદ્યું અને તેનું બહાનું આપ્યું, પણ તે ખરીદેલું કરીયાણું લઇ જવાયું નથી,

---

બિચારા ભાગ્યશાલીઓને જે પોતાની જાતને સમ્યક્ત્વી માનીને બીજાઓને મિથ્યાત્વી માની બેઠા છે. બસ ! આવા જીવો વસ્તુતઃ ભયંકરમાં ભયંકર કર્મો-પાપોને બાંધીને આવતા ભવને બગાડી મૂકે છે.

માટે જ ભગવતીસૂત્ર કહે છે કેઃ—

"માનવ ! ઓ માનવ ! તુ વ્યક્તિવિશેષનો રાગી બનવા કરતાં અરિહંતપદનો, સિદ્ધપદનો; આચાર્યપદનો, ઉપાધ્યાયપદનો અને સાધુપદનો રાગી બનજે, જેથી તારું એ કલ્યાણ થશે અને સમાજનો પણ અભ્યુદય થશે."

૫. અપમાન એટલે કે મુનિરાજો પ્રત્યે વિવેકપૂર્વક નહીં વર્તવું. આ પાંચ પ્રકારે જીવો અજ્ઞાન, માયા તથા મોહને વશ બનીને આવતા ભવને માટે પોતે જ પોતાના દુશ્મન બને છે. યદ્યપિ દાનના પ્રભાવથી લાંબું આયુષ્ય મેળવશે તો એ ગૃહાસ્થાશ્રમમાં ઘણા દુઃખ, આર્તધ્યાન, મારામારી, બોલાચાલીપૂર્વક રીબાતા રીબાતા મમ્મણ શેઠની જેમ જીવન પુરૂ કરશે.

આવી અવસ્થામાં તે વેચનાર ગૃહપતિને તે કરિયાણાથી આરંભિકીથી લઈને અપ્રત્યાખ્યાનિકી ક્રિયા સુધીની ક્રિયા લાગે અને મિથ્યાદર્શન પ્રત્યયિકી ક્રિયા કદાચ લાગે કે ન પણ લાગે. અને ખરીદ કરનારને તે બધી ક્રિયાઓ પ્રતનું હોય છે. અને જો તે કરિયાણું ખરીદ કરનારે પોતાને ત્યાં આણ્યું હોય તો મોટા પ્રમાણવાળી ચારે ક્રિયાઓ લાગે તેમાં પણ જો તે મિથ્યાદૃષ્ટિ હોય તો મિથ્યાદર્શનપ્રત્યયિકી ક્રિયા લાગે. મિથ્યાદૃષ્ટિ ન હોય તો તે ક્રિયા ન લાગે.卐૭૩

卐 ૭૩. બે વ્યક્તિઓમાંથી કોણ કેટલી ક્રિયાઓનો માલિક છે? તે માટેના આ પ્રશ્નોત્તર છે.

૧. જેને ત્યાંથી કંઈ પણ ચોરાઇ ગયું છે તે.

૨. ચોરનાર માણસ.

નાની–મોટી, મૂલ્ય–અમૂલ્ય કોઈ પણ વસ્તુ–પદાર્થ માટેનો રાગ તેના માલિકને હોય છે અને તે રાગને વશ થઈને તે વસ્તુ ચોરાઈ ન જાય તે માટે ૨૪ કલાક તેનો જીવ ત્યાં જ ચોંટેલો હોય તે સ્વાભાવિક છે કોઈ કારણે અમુક વસ્તુ પોતાના હાથે જ કયાંય મૂકાઈ જવાથી અથવા મશ્કરી તથા દ્વેષવશ થઈ બીજો કોઈ પણ માણસ તે વસ્તુને ઉપાડી જાય ત્યારે તે વસ્તુના માલિકના હૃદયમાં એટલો બધો આવેશ આવે છે કે, જેનાથી બધાય કામો છોડીને પણ તે વસ્તુને ગોતવા માટે આકાશપાતાળ એક કરી નાખે છે, આર્તધ્યાન પુષ્કળ વધી જાય છે. બેબાકળો થઈને આમ-તેમ ફેંદા ફેંદી કરી નાખે છે. તે સમયે તેનો જીવાત્મા:—

૧. આરંભિકી ક્રિયાને લઈને આમતેમ ગમનાગમન કરવાવાલો થાય છે. માટે આરંભિકી ક્રિયા લાગે છે.

૨. પારિગ્રહિકી એટલે ખોવાયેલી વસ્તુના પરિગ્રહ પ્રત્યે મમતાવાલો હોવાથી " 'હાય' મારી કલ્યાણી વસ્તુ ક્યાં ગઈ ? આવી લેશ્યા થવાથી આ ક્રિયા પણ લાગે છે.

૩. માયાપ્રત્યયિકી વસ્તુમાત્રની માયા એટલી બધી હોય છે કે જેનાથી આ ક્રિયા લાગે છે.

૪. અપ્રત્યાખ્યાનિકી–ખોવાયેલી વસ્તુ પ્રત્યે કોઈ પણ જાતનું પ્રત્યાખ્યાન ન હોવાથી તેના માલિકને પરિગ્રહસંજ્ઞાને લઈને આ ક્રિયા લાગે છે,

૫. મિથ્યાત્વદર્શન પ્રત્યયિકી–સમ્યક્ત્વ સ્પર્શેલો ન હોય તો આ ક્રિયા પણ લાગુ પડે છે. અન્યથા નહીં. આ પ્રમાણે એક વસ્તુ ચોરાઈ ગયા પછી, પાછી ન મલે ત્યાં સુધી આ જીવાત્મા ભારે આર્તધ્યાનમાં પડી જવાથી ઉપરની પાંચે ક્રિયાઓનો સંભવ હોય છે, અને તેજ સમયે ચોરનારનો ખ્યાલ આવી જાય તો કદાચ રૌદ્ર ધ્યાનમાં પણ પ્રવેશ કરતા વાર લાગતી નથી, તેથી ખોવાઈ ગયેલી વસ્તુ તેના માલિકને માટે સંકટ સાથે કદાચ મોતને માટે પણ થઈ શકે છે. અને દુર્ગતિનું પણ કારણ બની શકે છે. અને તપાસ કરતાં જ્યારે પણ તે વસ્તુ પાછી મલી જાય છે ત્યારે તેનો જીવ થાલે પડે છે, આર્તધ્યાન ઓછું થવા લાગે છે, પોતાની જ ભૂલ હોય તો અફસોસ, પશ્ચાત્તાપ થતાં જ બાંધેલા કર્મો પાછા ખસતાં પણ જાય છે.

હવે આપણે થોડું ચોરનાર માટે પણ વિચારીએ :—

(૧) વસ્તુના માલિકની મશ્કરી કરવાની ભાવનાથી પણ ચોરી કરાય છે.

(૨) દ્વેષવૃત્તિમાં આવીને પણ સામે વાળાની વસ્તુની ચોરી કરાય છે.

(૩) વસ્તુ લેવાની ભાવના ન પણ હોય તોએ પૂર્વ-ભવની આદતને લઈને બીજાની વસ્તુઓને એક સ્થાનેથી બીજા સ્થાને મૂકવાની ભાવનાથી પણ વસ્તુની હેરફેર થાય છે.

(૪) વસ્તુના માલિક ઉપર કંઇક દ્વેષ ભાવના હોવાથી પહેલા તો વસ્તુને એક સ્થાને સંતાડી દે છે અને ગોતી ગોતીને તેનો માલિક જ્યારે ખૂબ જ હેરાન થાય છે, ત્યારે તે વસ્તુને તે ભાગ્યશાળી યથાસ્થિત મૂકી દઈને તેના માલિકને જ ચોર તરીકે જાહેર કરવાની ભાવનાથી પણ વસ્તુની હેર ફેર થાય છે.

(૫) અને ચોરી કરવાની ભાવનાથી ચોરી કરાય છે. ઉપરના પાંચ કારણોને લઈને અદત્તાદાનના વિરમણ વિનાના માટે જ પૂર્વ ભવના કુસંસ્કાર, કુચેષ્ટા, તથા કુટેવને વશ થઈને માણસ બીજાની વસ્તુ માટે દાનત બગાડે છે.

પણ આવી આદતવાલા ભાગ્યશાલીને સમજવું જોઈએ કે આમ કરવાથી સામે વાળાને હાનિ થાય કે ન થાય પણ આપણા આત્માને તો ભયંકર હાનિ થયા વિના રહેતી નથી, આપણી કુટેવોના કારણે સામે વાળો જીવ ભયંકર કર્મોને ઉપાર્જન કરે, અને દુર્ગતિનો માલિક બને, એથી આપણને મોક્ષ શી રીતે મળશે ? અને મોક્ષની આરાધના સફળ શી રીતે બનશે ? જ્યારે ત્યારે ખોવાયેલી વસ્તુના માલિકને– છેવટે હાર્ટફેલ થવાના સમયે પણ ખ્યાલ આવશે, કે, મારી

ક્રિયા

તાજો સળગાવેલો અગ્નિકાય, મહાકર્મવાળો, મહાક્રિયા, વાળો, મહાઆશ્રવવાળો અને મહાવેદનાવાળો હોય છે. પરન્તુ

વસ્તુને અમુક ભાગ્યશાલીએ લીધી છે તો મરનાર સાથે ચોરનાર પણ કર્મોના બંધનથી બંધાયા વિના રહેવાનો નથી. પરિણામે ભવોભવને માટે તે જીવાત્મા સાથે બંધાયેલું વૈર ચોરી કરનારને તો માર્યા વિના, રોવડાવ્યા વિના, ભૂખે માર્યા વિના, દંતકલેશ કરાયા વિના અને છેવટે જાનથી માર્યા વિના કે મરાવ્યા વિના રહી શકે તેમ નથી. મશ્કરી કરનાર માણસની મશ્કરીનો ભોગ થયેલો માણસ જ્યારે વિના મોતે મરે છે ત્યારે મશ્કરી કરનારને ભાન થાય છે કે, "આ પાપથી હું કયારે છૂટીશ" વાસુદેવ લક્ષ્મણના મોતનું કારણ બનનાર દેવને કેટલો બધો પશ્ચાતાપ હતો !

આપણી મોજની ખાતર બીજાને હેરાન કરવાની ભાવના પણ માણસને હિંસક બનાવે છે. આ બધી વાતોનો ખ્યાલ આપવા માટે જ ભગવાન મહાવીર સ્વામીએ ફરમાવ્યું કે, ચોરી કરવી મહાપાપ છે, કરાવવી મહાપાપ છે, ચોરની પ્રશંસા કરવી મહાપાપ છે. ચીજોમાં ઘાલમેલ કરવો કનિષ્ઠ પાપ છે અને એ પાપને છોડયા વિના કોઈ પણ માણસ અહિંસક બની શકવાનો નથી.

આપણા નિમિત્તે કોઈ પણ જીવાત્મા કર્મ બંધન કરવા ન પામે તે માટે જ ભગવાન મહાવીર સ્વામીના ઉપદિષ્ટ બારે વ્રતો લેવા, પાલવા અને કાચબાની જેમ મન

તે ધીરે ધીરે ક્ષીણ થતાં બુઝાતો બુઝાતો છેલ્લે ક્ષણે અંગારરૂપ, મુર્મુરરૂપ થાય. ભસ્મરૂપ થાય. ત્યારબાદ તે અગ્નિ અલ્પકર્મવાળો અને અલ્પવેદનાવાળો થાય છે. 卐૭૪

તથા વચનને કંટ્રોલમાં રાખીને આત્મ સાધન કરવું એજ પવિત્ર માર્ગ છે. માનવ જીવનની સફળતા છે અને ભવોભવમાં જૈન ધર્મ મેળવવા માટેનું મૂળ કારણ છે કરિયાણા માટે અને ઉપચારથી વસ્તુ માત્રને ખરીદનાર તથા વેચનાર માટે પ્રશ્નોત્તરો સ્પષ્ટ છે, છતાં પણ આપણે જાણી શકીએ છીએ કે, ખરીદાતી અથવા વેચાતી વસ્તુ ઉપર જે ભાગ્યશાળીને વધારે પડતી મમતા હોય છે તેને પાંચે અથવા ચારે ક્રિયાઓ નિયત લાગે છે. અને સંસારની માયામાં લપટાઈને ક્રિયાઓનો માલિક કર્મોના બંધન કર્યા વિના રહેતો નથી.

સમ્યક્ત્વ પ્રાપ્ત થયાં પછી ક્રિયાઓનો ત્યાગ જો નથી થતો અથવા થતી ક્રિયાઓનું પ્રતિક્રમણ, પ્રાયશ્ચિત પશ્ચાતાપ નથી થતો તો તે જીવાત્મા કર્મ બંધનના માર્ગ તરફ જ પાછો જાય છે અને પરિણામે કર્મોના ભારથી ભારે બનીને સંસારનું પરિભ્રમણ કરે છે આ વાતને ધ્યાનમાં રાખીને જેમ બને તેમ પરિગ્રહની માયા છોડવી અને વ્રતો લઈને જીવનને સુન્દર રીતે ઘડવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે.

卐 ૭૪. અપ્રતિપાતી જ્ઞાનના સ્વામી ભગવાન મહાવીર સ્વામીએ કહ્યું કે 'અગ્નિકાય' પણ જીવાત્મા છે. જ્વાળા એ જ એનું શરીર છે. એ શરીરના અણુ અણુમાં પ્રવેશ કરીને રહેલા ઉષ્ણયોનિક અગ્નિકાયના જીવો છે.

જે વાયુકાયનું ભક્ષણ કરે છે. અગ્નિ ભક્ષક છે. અને જે ભક્ષક હોય તે જીવ જ હોય છે.

રાત્રે આગીઓ કીડો (ખદ્યોત)પોતાના શરીર પરિણામથી પ્રકાશ આપે છે. અને એ પ્રકાશ જીવ શક્તિનું પ્રત્યક્ષ ફળ છે અંગારામાં રહેલો પ્રકાશ પણ જીવ સંયોગી છે. તેમજ સૂર્યનો પ્રકાશ પણ જીવ સંયોગી છે. મનુષ્યના શરીરમાં તાવ આવે છે તે પણ જીવ સંયોગી છે.

આવા અગ્નિકાયને પ્રગટાવનાર તો છકાય જીવનો હિંસક બને છે, માટે જ પ્રતિક્રમણ સૂત્રમાં પણ બોલાય છે.

'छक्काय समारंभे पयणे अ पयावणे अ जे दोसा ।
अतट्ठा य परट्ठा उभयट्ठा चेव तं निंदे ।।'

અર્થાત્ પોતાના માટે પારકા માટે અને ઉભયને માટે પચન અને પાચનમાં થતી છકાય જીવોની વિરાધનાની હું નિંદા કરૂં છું.

હવે આપણે ભગવતી સૂત્રમાં ગૌતમસ્વામીજીનો પૂછવાનો આશય સમજીએ તે આ પ્રમાણે છે કેઃ—

"શું પ્રજ્વલિત કરેલો અગ્નિકાય પોતે મહાકર્મવાલો છે ? મહાક્રિયાવાલો છે. ? મહા–આશ્રવને કરનારો છે ? મહા-વેદવાલો છે ? અને ઠંડો પડતો અગ્નિ યાવત્ રાખ રૂપે બનતો અલ્પકર્મ, અલ્પક્રિયા અલ્પ–આશ્રવ, અને અલ્પ-વેદનાવાલો થાય ?

અગ્નિકાય જીવમાં દાહશક્તિ હોવાના કારણે તે બીજા જીવોને બાલ્યાવિના, બીજાના જીવનને સમાપ્ત કર્યા વિના

રહી શકતો નથી. યદ્યપિ અગ્નિને સળગાવનાર તેમાં લાકડાં કે કોલસા નાખનાર તો પોતાના આશય પ્રમાણે કર્મબંધન કરવાનો જ છે, પરન્તુ અગ્નિકાય પોતે પણ બીજાને બાળતો હોવાથી મહાક્રિયાવાન્ છે, બીજાના પ્રાણને સમાપ્ત કરનારો હોવાથી મહા—આશ્રવવાલો છે, બીજા જીવોને હણનાર હોવાથી મહાભયંકર જ્ઞાનાવરણીયાદિ કર્મોને બાંધનારો છે. સ્થાવર યોનિમાં પણ ભયંકર કર્મોને કરનારો અગ્નિકાય આવતા ભવને માટે મહાભયંકર વેદનાને ભોગવવાલો હોય છે. આમ કર્મ બાંધવાની પરંપરા અને પ્રક્રિયા પ્રત્યેક યોનિમાં, પ્રત્યેક સ્થાનમાં જીવાત્માઓને માટે નિર્ણીત છે. પોતાની મેળે બુઝાતા અગ્નિમાં દાહક શક્તિ ઓછી થતી જાય છે, અને યાવત્ રાખ રૂપે થયા પછી તો બાળવાની શક્તિ ન હોવાના કારણે અગ્નિકાય કર્મબંધન કરતો નથી.

ભાવ અગ્નિ

આ તો દ્રવ્ય—અગ્નિની વાત કરી પણ ઉપચારથી ભાવ અગ્નિ (ક્રોધ, રોષ, અસહિષ્ણુતા, અદેખાઈ) તો તેનાથી પણ ભયંકર છે. દ્રવ્ય—અગ્નિ તો પોતાની મર્યાદામાં રહેલા જીવોને જ સમાપ્ત કરે છે. જ્યારે કષાય—અગ્નિ તો પૂરા સંસારને વૈર—ઝેરની આગમાં ધકેલી દે છે. જેના કારણે સંસારની—અર્થાત્ જીવમાત્રની શાન્તિ—સમાધિ અને સમતા જ ખોટવાઈ જાય છે, ક્રોધની જ્વાળા જ્યારે પ્રગટે છે ત્યારે તેનીસાથે રહેલા-ઓની બુદ્ધિમાં પણ અકળામણ, મુંઝવણ, કિંકર્તવ્યતા, અને મૂઢતા જેવી સ્થિતિ થઇ જાય છે અને પછી તો "ભડકેલો ક્રોધરૂપી અગ્નિ બીજાને, અને એક દિવસે જાતિમાં, સમાજમાં, ધર્મમાં, સંપ્રદાયમાં પણ પ્રવેશ કરીને સૌની સદ્બુદ્ધિને દુર્બુદ્ધિમાં પરિવર્તિત કરી દે છે."

"ભાંગ, અફીણ, અને ગાંજાનો નશો તો માણસને ૨–૪ કલાકે થોડું ઘણું નુકશાન કરાવીને પણ ઉતરી જાય છે જ્યારે ક્રોધનો નશો તો તે–ક્રોધી માણસના બધાએ સત્કર્મ, સત્પુણ્ય, તપશ્ચર્યા, દાન, દયા, અને પ્રેમભાવને સમૂળ નાશ કરીને જ સમાપ્ત થાય છે." એક દિવસનો તાવ છ મહિનાની શક્તિને બર્બાદ કરે છે જ્યારે દ્વેષપૂર્ણ ક્રોધ તો કરોડો ભવની તપશ્ચર્યાને ભસ્મસાત્ કરી નાખે છે."

"સમાજના બે ભાગલા (ટૂકડા) ધર્મને લઈને નથી પડતાં પણ ક્રોધને લઈને પડે છે, બીજાને મિથ્યાત્વી કે નાસ્તિક કહેનારાના મનમાં સાંપ્રદાયિક મોહ હોય છે પણ જૈન ધર્મ નથી હોતો, બીજાના ક્રિયાકાંડોમાં અશુદ્ધતાની જાહેરાત કરનારના હૃદયમાં અસહિષ્ણુતા હોય છે પણ સમતા ધર્મ નથી હોતો, અને જગતના જીવો સાથે પ્રેમભાવને ત્યાગ કરનારાના જીવનમાં ધર્માન્ધતા હોય છે પણ ધાર્મિકતા નથી હોતી. ત્યારે જ સમાજના બે ભાગલા પડે છે અને પછી તો મેલેરિયાના કીટાણુંની જેમ વધતાં જાય છે કેમકે :–

વૈરથી વૈર વધે છે.
ક્રોધથી ક્રોધ ભડકે છે.
ઝેરથી ઝેર જ પ્રગટે છે.
ધર્માન્ધતાની સામે ધર્માન્ધતા જ પ્રગટે છે.
અરે ભૂલની સામે ભૂલ જ થાય છે.

અને પછી તો એક જ કષાયી માણસના પાપના કારણે ચાર, પાંચ, પચીસ, સો, હજાર અને લાખો માણસો પરસ્પર વૈરની ગાંઠમાં બંધાઈ જાય છે.

દ્રવ્ય–અગ્નિ તો હજી ઉપકારક પણ બની શકે છે, જ્યારે

પાંચે ક્રિયાને ફરસે

કોઈ પુરુષ મનુષ્યને ગ્રહણ કરે, પછી બાણને ગ્રહણ કરે; સ્થાન ઉપર બેસે, બાણ ફેંકવાનું આસન કરી બેસે, બાણને ફેંકે, તે બાણ આકાશમાં જે પ્રાણોને—ભૂતોને—જીવોને—સત્ત્વોને સામા આવતા હણે, તેમનું શરીર સંકોચી નાખે, તેમને ક્લિષ્ટ કરે, પરસ્પર સંહત કરે, થોડો સ્પર્શ કરે, ચારે તરફથી પીડા કરે, એક સ્થાનથી બીજા સ્થાને લઈ જાય અને જીવિતથી ચ્યુત કરે, તો તે પુરુષ કાયિકીથી લઈને યાવત્ પ્રાણાતિપાતિકી—એમ પાંચે ક્રિયાને ફરસે છે. જે

ભાવ અગ્નિના ભડકામાં તો રતિમાત્ર પણ ઉપકારવૃત્તિ હોતી નથી આ કારણે જ ભગવાને કહ્યું છે કે :—

માનવ ! ઓ માનવ !
સંસારના સ્ટેજ ઉપર આવતા પહેલા.
તારા હૈયાને ગમના પ્યાલા પીવડાવીને ઠંડું કરજે.
તારા મસ્તિષ્કને સમતાના લેપ દ્વારા શીતલ કરજે.
તારી વાણીને હિતકારિણી અને મિઠ્ઠી બનાવજે.
અને તારી પ્રવૃત્તિઓ જીવોના કલ્યાણને માટે બનાવજે !

આત્મિક જીવને માટે ઉપર પ્રમાણેની પ્રાથમિક ટ્રેનિંગ લીધા પછી જ બીજાઓને ઉપદેશ આપજે તો તેમાંથી સંસારને અમૃત મળશે. અને દેવની પરીઓ પણ તારા ગુણગાન કરશે.

બસ એનું જ નામ માનવતા છે, તે સિવાય માનવતાની કલ્પના વાંઝણી સ્ત્રીને પુત્રની પ્રાપ્તિ, તથા સસલાને શિંગડા લગાડવા જેવી સિદ્ધ થશે.

જે જીવોના શરીરો દ્વારા ધનુષ્ય બન્યું છે, તે જીવો પણ પાંચ ક્રિયાને ફરસે છે. એ પ્રમાણે મનુષ્યની પીઠ, દોરી, બાણ, શરપત્ર, ફલ અને ણ્હારુ પાંચ ક્રિયાને ફરસે છે.

હવે તે બાણ પોતાની ગુરૂતા વડે સ્વભાવથી નીચે પડતું હોય, તે વખતે ઉપર પ્રમાણે જીવોને તકલીફ પહોંચાડી યાવત્ જીવિતથી મુક્ત કરે, તે વખતે તે પુરુષ ચાર ક્રિયાને ફરસે છે. તેવી રીતે જેનું શરીર બનેલું છે તે જીવો, ધનુષ્યની પીઠ, દોરી અને ણ્હારુ એ ચાર ક્રિયાને, બાણ પાંચ ક્રિયાને અને શર-પત્ર, ફલ અને ણ્હારુ—એ પણ પાંચ ક્રિયાને ફરસે છે અને નીચે પડતાં બાણના અવગ્રહમાં જે જીવો આવે છે તે પણ પાંચ ક્રિયાને ફરસે છે. ૭૫

---

૭૫. તૈયાર કરેલા ધનુષ્ય ઉપર બાણ મૂકીને શિકાર કરવાના હેતુથી જ શિકારી વનમાં જાય છે, અને આકાશ તરફ સણસણાટ કરતું બાણ ફેંકે છે, તે બાણ પ્રાણોને, ભૂતોને, જીવોને, અને સત્ત્વોને :—

अभिहणइ :- પોતાની સામે આવતાં જીવોને હણે છે.

वत्तेइ :- પોતાના લક્ષ્યીભૂત જીવોના શરીરને સંકોચે છે.

लेसेइ :- જીવોને શ્લિષ્ટ કરે છે.

संघाएइ :- તેઓને પરસ્પર ગાત્રો વડે સંહત કરે છે.

संघट्टइ :- થોડો સ્પર્શ કરે છે.

परितावेइ :- ચારે બાજુથી તેમને પીડા કરે છે.

किलामेइ :- તે જીવોને મારણાન્તિક સમુદ્ઘાત પમાડે છે.

ठाणाओठाणं संकामेइ :- એક સ્થાનેથી બીજા સ્થાને લઈ જાય છે.

જીવિઆઓ વવરોવેઇ :– અને જીવિતથી સર્વથા મુક્ત કરે છે.

આ પ્રમાણે ફેંકેલા બાણવાલા શિકારીને :—

કાઇઆએ, અહિગરણિઆએ, પાઉસિઆએ, પારિતાવણિઆએ પાણાઇવાયકિરિઆએ.

અર્થાત્ કાયસંબંધી, અધિકરણ સંબંધી, દ્વેષસંબંધી, પરિતાપ સંબંધી, અને પ્રાણાતિપાત કરવાથી પાંચે ક્રિયા લાગે છે.

જેના જીવનમાં કોઈ પણ જાતનો સંયમભાવ નથી તેવા જીવોને જ પાંચ ક્રિયાઓ લાગે છે. એમ સમજવાની ઉતાવલ કરશો નહીં !

"સંયમી જીવનમાં આવ્યા પછી પણ સ્વાધ્યાય બળ વિનાનો ગમે તેવો સાધક પણ શુદ્ધ લેશ્યાઓને ટકાવી શકતો નથી, ત્યારે અશુદ્ધ લેશ્યાઓના દ્વાર ઉઘાડા જ હોવાથી તે સાધકનું શરીર સંયમિત રહેતું નથી, તેથી રોષમાં આવીને સંપૂર્ણ જીવરાશિને અભયદાન આપનાર રજોહરણ, ડંડાસન વગેરે ઉપકરણો જ 'અધિકરણ' એટલે બીજાઓને મારવા માટે ઉપયોગમાં આવી જતા વાર લાગતી નથી. આ કાયિકી ક્રિયા અધિકરણિકી ક્રિયા થઈ. દ્વેષભાવ હોવાથી પ્રાદ્વેષિકી ક્રિયા પણ થઈ બીજાને તાપ (દબાવી દેવાની ભાવના) કરાવવાની વૃત્તિ હોવાથી પારિતાપનિકી ક્રિયા થઈ. અને દ્રવ્ય તથા ભાવ પ્રાણોને ઉપઘાત થવાથી પ્રાણાતિપાતિકી ક્રિયા થઈ, આમ ગુરૂકુલવાસ વિનાનો સાધક પણ પાંચે ક્રિયાઓનો માલિક થતાં ઘણાં જ અશુભ–અસાતા-વેદનીય કર્મોને પ્રતિક્ષણે ઉપાર્જન કરે છે."

હવે આ પ્રશ્નોત્તરનું માર્મિક રહસ્ય જાણીએ :—

પ્રાણ હત્યા માટે તૈયાર થયેલો દ્વેષી માણસ તો ક્રિયાવાલો થાય જ પરન્તુ ભૂતકાળમાં જીવોના શેષ રહેલા પુદ્ગલોથી ધનુષ્ય, દોરી અને બાણ બનેલા છે, યદ્યપિ અત્યારે તો એ પદાર્થો અજીવ છે, પુદ્ગલો કોઇ પણ જીવનાં શરીર જ હતાં, ત્યારે તે જીવોએ પોતાનું વર્તમાન શરીર છોડીને ભવાંતર ભલે કર્યું હોય તો પણ તેમના શેષ રહેલા પુદ્ગલોથી યદિ જીવ હિંસા થતી હોય તો તે હત્યા જનક ક્રિયાઓ કોને લાગશે ? અજીવ તો ક્રિયા વિનાનો જ હોય છે. માટે તે ક્રિયાઓ તે પુદ્ગલના બનેલા ધનુષ્ય, બાણ આદિને તો લાગી શકે તેમ નથી છતાં એ ધનુષ્ય બાણથી પારકાના પ્રાણ તો જાય જ છે. આવી સ્થિતિમાં ભગવાન મહાવીર સ્વામી ફરમાવે છે કે, તે પુદ્ગલો જે જીવોનાં ભૂતપૂર્વ શરીર તરીકે રહ્યાં હતાં. તે સમયે જીવોમાં પાપનાં ત્યાગ રૂપ વિરતિના પરિણામ મુદ્દલ ન હોવાના કારણે તેમના શેષ રહેલા પુદ્ગલો પણ જે જીવ હત્યા કરે છે તેનું પાપ તે જીવાત્માઓને પણ લાગશે ૮૪ લાખ જીવ યોનિનો કોઇ પણ જીવાત્મા જ્યારે પોતાનું વર્તમાન શરીર છોડે છે. ત્યારે શેષ રહેલા શરીર અને પુદ્ગલો બીજાઓને જે કંઈ પીડા કરશે તેનું પાપ તે પુદ્ગલોના માલિકને લાગે છે, આ વાત અતીન્દ્રિય જ્ઞાની ભગવાન મહાવીર સ્વામીની છે, તેમણે કહ્યું કે, જે લાકડાથી કે વાંસથી ધનુષ્ય બન્યું છે તે વાંસના જીવને પણ પાંચે ક્રિયાઓ લાગે છે.

જે જાનવરના શરીર પુદ્ગલથી ચામડાની દોરી બની છે, તે જાનવરને પણ પાંચે ક્રિયા લાગે છે. અને બાણમાંથી

નીકળેલા લોખંડમાંથી જે બાણ બન્યું છે તે લોખંડના જીવોને પણ પાંચે ક્રિયાઓ લાગે છે. શંકા કરનાર કહે છે કે જીવોના શેષ રહેલા પુદ્ગલોથી થતી પરપીડાને લઈને પણ જો પાંચે ક્રિયાઓ લાગતી હોય તો (૧) સિદ્ધ ભગવંતોના શરીરના પુદ્ગલો જે સંસારમાં શેષ રહ્યા છે તે દ્વારા થતી પરપીડાને લઈને સિદ્ધ ભગવંતોને પણ ક્રિયાઓ લાગવી જોઈએ? શંકાના સમાધાનમાં આમ કહેવાયું છે કે સિદ્ધ ભગવાન સિદ્ધ શિલા પ્રાપ્ત કરતા પહેલા જ પોતાના આત્માથી અતિરિક્ત બીજી બધીએ વસ્તુઓને વોસરાવી દે છે. એટલે કે નિર્વાણના સમયે, પોતાના જીવન કાળમાં અથવા ગત-ભવોમાં જે કંઈ થયું હોય તેને જ્ઞાનપૂર્વક ત્યાગી દે છે, અર્થાત્ તે તે પૌદ્ગલિક ભાવોને અને તેની વાસનાને સંપૂર્ણ રીત્યા છોડી દે છે, આ પ્રમાણે પુદ્ગલો સાથેનો સંબંધ સર્વથા છૂટી ગયેલો હોવાથી તેમને ક્રિયાઓ લાગતી નથી. બીજી શંકા આ છે કે, જીવોના શેષ રહેલા પુદ્ગલોમાંથી બનેલા શસ્ત્રો વગેરેથી થનારી જીવ હત્યાનું પાપ જેમ તે તે જીવોને લાગે છે, તો પછી લાકડામાંથી બનેલા પાત્રા, તરપણી, ઉનમાંથી બનેલા–રજોહરણ, ચરવલા, કામલી વગેરે ધાર્મિક ઉપકરણોનો ઉપયોગ મુનિરાજો કરે છે અને મુનિરાજોની સંયમ સાધનામાં તે ઉપકરણો સહાયક થાય છે તો પછી આ પદાર્થોના મૂળભૂત જીવોને પુણ્ય બંધન પણ થતું હશે?

જવાબ આપતા ટીકાકાર કહે છે કે, તેમને પુણ્ય બંધન થતું નથી, કેમ કે તે જીવોને પોતાનું શરીર છોડતા પહેલા આવો સંકલ્પ હોતો નથી કે મારા શેષ રહેલા પુદ્ગલો સાધુ મહારાજાઓના સંયમ માટે ઉપકારક થાય! તે જીવો મિથ્યાત્વી હોવાના કારણે તેમને પુણ્ય બંધન કરવાની સંજ્ઞા

નથી, લેશ્યા નથી માટે પાત્ર, તરપણી આદિ આદિ પુદ્ગલોના મૂળ જીવોને પુણ્ય બંધન નથી થતું. જ્યારે મનુષ્ય પ્રાણ આદિના મૂળ જીવોને જીવ હિંસાનો વિરામ નથી તેના ત્યાગનો ભાવ નથી માટે પ્રતિક્ષણે જીવ હિંસાના દ્વાર ખુલ્લા હોવાથી થનારી જીવ હિંસાને રોકી શકાય તેમ નથી.

આનો સરળાર્થ આ છે કે : અનાદિ કાળથી આ જીવાત્મા ૧૮ પ્રકારના પાપોને કરતો આવ્યો છે અને ફરીથી પાપોના દ્વાર ઉઘાડાં છે અને જાણી બુઝીને રસ પૂર્વક કરે છે, કરાવે છે. અને બીજાઓને પણ પાપના રસ્તે દોરે છે. માટે હિંસક વૃત્તિ હોવાના કારણે જ તેમના શેષ રહેલા પુદ્ગલો પણ બીજાને દુઃખ દેવા માટે જ સર્જાયા હોય છે.

ઘણીવાર કષાયોમાં ભાન ભૂલેલો આત્મા : "હું તો મરીશ પણ તેને તો મર્યા પછી પણ નહી છોડું. મારૂ હાડકુ પણ તારૂં વૈર લીધા વિના નહી રહે. અરે ! છેવટે આવલનો કાંટો થઈને પણ તારી સાથે વૈર લઈશ."

આવી કલુષિત ભાવનાનો માલિક જીવ ત્યાં સુધી બીજાનો દુશ્મન બનીને રહે છે અને મર્યા પછી પણ તેના શેષ રહેલા પુદ્ગલો બીજાને નુકશાન કરતા રહે છે અને ફરી ફરીથી પાપ બંધનથી બંધાતા રહે છે. આવી પરિસ્થિતિમાં જે ભાગ્યશાલિઓને સમ્યગૂદર્શન, સમ્યગૂજ્ઞાન અને સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થઈ હોય છે. તેઓ આ ભવના, પરભવના અને ભવોભવના પાપોને, પાપવ્યાપારોને, તથા પોતાના પુદ્ગલો પણ કોઈ જાતની જીવવિરાધના ન કરવા પામે તે માટે સંપૂર્ણ જીવરાશિ સાથેના સંબંધોને વોસિરાવી દે છે, મિચ્છામિ દુક્કડં દઈ દે છે અને પોતાના આત્માને

કેટલાક લોકો કહે છે કે–જેમ આરાઓથી ભીડાએલી ચક્રની નાભી હોય, એવી રીતે ચારસોથી પાંચસો યોજન સુધી મનુષ્ય લોક મનુષ્યથી ખીચોખીચ ભરેલો છે, તે ઠીક નથી. એ પ્રમાણે ચારસોથી પાંચસો યોજન સુધી નિરયલોક નૈરયિકોથી ખીચોખીચ ભરેલો છે.

નૈરયિકો એકપણું પણ વિકુર્વી શકે છે. તે બહુપણું પણ વિકુર્વી શકે છે. આ સંબંધી જીવાભિગમમાં વિસ્તારથી વર્ણન છે. 卐૭૬

સર્વે પદાર્થોથી પૃથક કર્યા પછી મરે છે. ત્યારે જ મૃત્યુ સમયે તે ભાગ્યશાલિઓને સમાધિ ટકી રહે તે માટે "ભવો ભવમાં મને જૈન ધર્મ મલે, બધા જીવોને હું ખમાવું છું, મન, વચન અને કાયાથી થયેલા પાપો, અપરાધો, વૈરો, કલેશોને હું ખમાવું છું અને બધા જીવો પણ મને ખમે તથા અમુક પરિકૂવ અવસ્થા થતાં ભવોભવના પુદ્ગલોને વોસિરાવી દે છે.

卐૭૬. નરકગતિમાં રહેલા નારક જીવોની વિકુર્વણા માટેનો આ પ્રશ્નોત્તર છે : મનુષ્યગતિની જેમ ત્યાં કોઇ પણ સુતાર, લુહાર, ચમાર, શસ્ત્ર વગેરે પુદ્ગલો હોતા નથી. પણ પારસ્પરિક અત્યંત વૈર–ઝેર રૂપ પાપોને લઈને નારક જીવોને ચરમસીમાનો પાપોદય હોવાથી તે જીવ પોતાની મેળે વૈક્રિય લબ્ધિથી વિકુર્વણા કરે છે. અર્થાત્ સામે આવેલા નારક જીવોને જોઈને ગતભવમાં જેવા પ્રકારે વૈર–વિરોધ કર્યા હોય છે તેવી જ લેશ્યા તેમને થાય છે, અને તેમને મારવા માટે માનસિક કલ્પનાના માધ્યમથી તેવા તેવા પ્રકારના પોતાના શરીરથી સંબંધિત, સંખ્યેય પ્રમાણમાં શસ્ત્રોની વિકુર્વણા આ પ્રમાણે કરે છે :—

મુદ્ગર (મોગર) મુષઢિ (શસ્ત્રવિશેષ) કરપત્ર (કરવત) અસિ (તલવાર) શક્તિ (લોખંડનું બનેલું શસ્ત્ર) હળ, ગદા, મુશલ, ચક્ર, નારાચ (બાણ), કુન્ત (ભાલો), તોમર, શૂલ ભિંડમાલ (શસ્ત્રવિશેષ) ઇત્યાદિ શસ્ત્રોથી બીજા નારક જીવોના શરીરને ભેદે છે, કાપે છે, ટૂકડે ટૂકડા કરે છે, વેરે છે. અને પરસ્પર આ પ્રમાણે વૈરના બદલાને લેતા નારક જીવો ઘણીજ પીડાને ભોગવે છે તે વેદનાઓ આ પ્રમાણે છે:–

ઉજ્જવલા :—જે વેદનામાં સુખનો લેશ પણ ન મલે તેવા દુઃખોથી ભરપુર વેદના.

વિપુલા :—નારક જીવના સંપૂર્ણ શરીરને વ્યાપીને પીડા થાય તે.

પ્રગાઢા : જેમાં નારક જીવોના મર્મ પ્રદેશોને ઘણી જ વેદના થાય છે. જેમ લક્ષ્ય કરીને તીક્ષ્ણ પત્થર જેના કપાળ ઉપર મારીએ તો તે પત્થર કપાળનાં ખંડને તોડી નાખે છે. તેવી જ રીતે નારક બીજા નારકને મારે છે, જેનાથી તેના આત્મ પ્રદેશોને ભયંકર વેદના થાય છે. અથવા પિત્તપ્રકોપ વાલા માણસને અત્યન્ત કડવી દવાનું પાન કરાવતા જેમ અપ્રીતિ થાય છે તેમ આ વેદના પણ નારક જીવોને અપ્રીતિકર હોય છે.

પરુષા :—મનને કોઈ પણ રીતે ન ગમે તેવી વેદના.

નિષ્ઠુરા :—જેનો પ્રતિકાર સર્વથા અશક્ય હોય છે.

ચણ્ડા :—મારવાથી કે માર ખાવાથી પરસ્પર ઘણા જ રૌદ્ર અધ્યવસાયો થાય છે.

તીવ્રા :—ઘણી જ વેદના થાય છે.

આધાકર્માદિ

'આધાકર્મ' અનવદ્ય-નિષ્પાપ છે, એમ જે સમજતો હોય, તે જો આધાકર્મ સ્થાનક વિષયક આલોચન-પ્રતિક્રમણ કર્યા વિના કાળ કરે તો તેને આરાધના નથી. અને આલોચન -પ્રતિક્રમણ કરીને કાળ કરે તો તેને આરાધના છે. એવી જ રીતે :—

કીતકૃત—સાધુ માટે મૂલ્ય આપીને લાવેલું ભોજન.

સ્થાપિત—સાધુ માટે રાખી મૂકેલું ભોજન.

દુઃખા :—ઘણા જ દુઃખપૂર્વક વેદના ભોગવવી પડે છે.
દુર્ગા :—હરહાલતમાં દુર્લંઘ્ય હોય છે.

ઉપર પ્રમાણેની વેદનાઓ પાંચમી નરક ભૂમિ સુધી જ છે. જ્યારે છઠ્ઠી અને સાતમી, નરક ભૂમિમાં ઘણા-મોટા પ્રમાણવાલા છાણના કીડા જેવા, વજ્રના મુખવાલા, લાલ-કુન્થવા જેવા શરીર બનાવીને પરસ્પર એટલે એક ઘોડો જેમ બીજા ઘોડાની ઉપર ચઢે છે તેમ નારક જીવો તેવા શરીર વિકુર્વીને એક બીજાના શરીરમાં પ્રવેશ કરીને, પરસ્પર છેદી નાખે છે, અને ભયંકર વેદના ભોગવે છે.

મનુષ્ય અવતાર પામીને જે ભાગ્યશાલી સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્દર્શન મેળવવા માટે લાયક થતો નથી તે મિથ્યા-જ્ઞાન, અજ્ઞાન વિપરીતજ્ઞાન અને સંશયજ્ઞાનના માલિક બનીને પાપ સ્થાનકમાં આસકત બને છે અને ઘણા પાપો, મિથ્યાવચનો, ચૌર્યકર્મો, મૈથુનકર્મો અને પરિગ્રહની ભાવ-નાથી આરંભ-સમારંભોમાં મસ્ત બનીને ઘણા જીવો સાથે ઘોરાતિઘોર વૈર-વિરોધને વધારે છે. પરિણામે નરકગતિમાં

સચિત—સાધુ માટે લાડવા વગેરે રૂપે તૈયાર કરેલો ભૂકો વગેરે.

કાંતર ભક્ત—જંગલમાં સાધુના નિર્વાહ માટે તૈયાર કરેલો આહાર.

દુર્ભિક્ષ ભક્ત—દુષ્કાળ વખતે સાધુના નિર્વાહ માટે તૈયાર કરેલ.

વાર્દલિક ભક્ત—દુર્દિન–વરસાદ આવતો હોય, ત્યારે સાધુ માટે તૈયાર કરેલ.

આવી જ રીતે ગ્લાન માટે તૈયાર કરેલો આહાર.

શય્યાતર પિંડ, રાજપિંડ—આ બધી જાતના આહારો માટે જાણવું.

'આધાકર્મ' નિષ્પાપ છે એમ ઘણાઓની વચ્ચે બોલે ને પોતે આધાકર્મ ખાય, તો તેમ બોલનાર તથા ખાનારને, દેવરાવનારને, જણાવનારને બધાઓને ઉપર પ્રમાણે જ વિરાધના –આરાધના સમજવી. 卐૭૭

જન્મ ધારણ કરે છે. જ્યાં ઉપર પ્રમાણેની વેદનાઓ ભોગવવી પડે છે.

માટે ચાર દિવસની ચાંદની જેવા આ સંસારમાં સૌથી પહેલા સમ્યગ્જ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરવો જોઇએ જેનાથી સંસારના ઘણા પાપો તથા તેની ભાવનાઓથી વંચિત રહેવા માટેની યોગ્યતા પ્રાપ્ત થાય અને સંસાર સુખમય બનવા પામે. (જીવાભિગમ પાના નં ૧૧૭)

卐 ૭૭. મોક્ષને મેળવવા માટે મુનિવેષ સ્વીકાર કર્યા પછી પણ મુનિઓની પરિસ્થિતિ માનસિક કે શારીરિક દૃષ્ટિએ

પોતાના વિષયમાં શિષ્યોને ખેદરહિત પણે સ્વીકારતા, ખેદરહિત પણે સહાય કરતા આચાર્ય કે ઉપાધ્યાય કેટલાક તે જ ભવમાં સિદ્ધ થાય, કેટલાક બે ભવ કરી સિદ્ધ થાય, પણ ત્રીજા ભવગ્રહણને અતિક્રમે નહિ.

જે બીજાનું ખોટું બોલીને, અસદ્‌ભૂત બોલીને મોટા મોટા દોષ પ્રકાશીને દૂષિત કહે, તે તેવા જ પ્રકારનાં કર્મો બાંધે છે. અર્થાત્ મનુષ્ય વગેરે યોનિમાં ઉત્પન્ન થાય, ત્યાં

એક સરખી રહેવા પામતી નથી. ભૂખ સહન કરવી અત્યન્ત કઠીન છે, અને મુનિ ધર્મનો પણ ખ્યાલ છે, છતાં પણ પરિસ્થિતિ કયા સમયે કેવી બનશે ? તેની કલ્પના પણ થઈ શકતી નથી તેવા સમયે બાળમુનિ, ગ્લાનમુનિ, ભૂખથી પીડિતમુનિ, ભૂખને નહીં સહન કરનારો, ભણાવાવાલો, ભણાવનાર, તથા વૃદ્ધમુનિને પરિસ્થિતિ વશ આધાકર્મ આદિ આહારને લેવાની ફરજ પડે છે.

જે નિરવદ્ય નથી છતાં પણ તે મુનિ યદિ સ્થાનક વિષય આલોચન અને ગુરુ સમક્ષ પ્રતિક્રમણ કરી લે છે તો ભગવતી-સૂત્ર તેને આરાધના કહે છે. પણ જાણીબુઝીને, ધૃષ્ટતા, ગૃહસ્થ પ્રત્યેની માયા, ઇન્દ્રિય લોલુપતા, આદિ કારણોને લઇને આધાકર્માદિ આહાર કર્યા છતાં પણ યદિ માનસિક જીવનમાં તે માટેની આલોચના નથી. પ્રતિક્રમણ નથી તો તે મુનિને વિરાધના થાય છે.

સારાંશ એટલો જ છે કે જે મુનિ આલોચના, પ્રાયશ્ચિત, પશ્ચાતાપ, અને પ્રતિક્રમણ આદિ કરે છે, તે મુનિ આરાધક છે.

અભ્યાખ્યાન ફલ-કર્મને પ્રતિસંવેદે છે. 卐૭૮

卐 ૭૮. ગૃહસ્થાશ્રમ સાથે સંબંધ રાખનારા, માતા, પિતા, ભાઈ, બેાનાઈ તથા પુત્ર પરિવારનેા ઉત્કૃષ્ટ વૈરાગ્ય પૂર્વક ત્યાગ કરીને દીક્ષિત થયેલા મુનિરાજોના આત્મામાં સત્તામાં પડેલા કર્મોનેા ઉદયકાળ ગમે ત્યારે પણ આવી શકે છે, અને થેાડી જ વારને માટે પણ મુનિરાજોના મનમાં અધૈર્ય, ખેદ, ગૃહસ્થાશ્રમની સ્મૃતિ, ભેાગવેલા ભેાગેાની યાદ, તથા કષાય વગેરે ઔદયિકભાવ ઉપસ્થિત થતા જ ચિત્તની ચલાયમાન અવસ્થાની સંભાવના અવશ્યંભાવિની છે. તેવા સમયે અસ્થિર થયેલા મુનિઓને તથા સાધ્વીજી મહારાજોને

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન તથા ચારિત્રમાં સ્થિર રાખવા માટે સંઘ વ્યવસ્થામાં આચાર્ય ભગવંતેા અને ઉપાધ્યાય ભગવંતેા વિદ્યમાન હેાય છે.

મુનિધર્મની ઘણી જ સારી રીતે આરાધના કર્યા પછી તે પુણ્યવંતેા પેાતાની યેાગ્યતાના માધ્યમથી ઉપાધ્યાયપદ મેળવે છે.

ત્યાં તે પુણ્યવંતેાની ચારિત્રસ્થિરતા બધી રીતે વધતી જાય છે, કામ-ક્રેાધ-વૈર-ઝેર તથા પક્ષપાતની ભાવનાથી સર્વથા પર હેાય છે. ભાવદયાળુ હેાવાના કારણે સંઘીય બંધારણ પ્રમાણે તેમનું મુખ્ય કાર્ય એક જ હેાય છે, અને તે એ કેઃ-શિથિલ, અસ્થિર-આળસુ મુનિરાજોને પેાતાના પુત્રની માફક સમજીને તેમને ધર્મમાં સ્થિર કરે, આશ્વાસન આપીને જ્ઞાન-ધ્યાન પ્રત્યે જાગૃત કરે કેમકે-"જૈનધર્મના તથા જૈનતત્વના આચાર-વિચાર પ્રત્યે હેતુ-ઉદાહરણ બત-

લાવીને, તથા જે મુનિની જેવી શિથિલતા હોય તે પ્રમાણે તેમને આગમીય પાઠોથી સંસારની અસારતા દેખાડીને પાછા ભાનમાં લાવીને સ્થૈર્ય પ્રાપ્ત કરાવવા માટે જ આ પદ છે.” તે ઉપાધ્યાય ભગવંતોમાંથી કોઈક જ પુણ્યશાળી જીવ આચાર્યપદને દીપાવવા માટે સમર્થ હોય છે, જેમના આત્મીય ગુણોનો વિકાસ ચરમસીમાએ પહોંચેલો હોવાથી પૂરા ચતુર્વિધ સંઘના તેઓ માલિક હોય છે. સંઘના યોગક્ષેમ પ્રત્યે તેઓ પૂરેપૂરા વફાદાર હોય છે, ધર્મ, સંપ્રદાય તથા ક્રિયાકાંડોના નામે સંઘમાં કુસંપ ન વધે તેવા ખ્યાલાતવાલા હોવાથી તેઓ સંઘપૂજ્ય બને છે.

આચાર્ય પદ અત્યન્ત જવાબદારી ભર્યું હોવાથી, અને ભાવદયા ઉપર જ નિર્ભર હોવાથી “આ પદ કોને આપવું?” એનો નિર્ણય નિર્યુક્તિકાર શ્રી ભદ્રબાહુ સ્વામીજી આ પ્રમાણે આપે છે :–

આચાર્ય પદની યોગ્યતા

૧. આર્યદેશોત્પન્ન–આર્યદેશમાં ઉત્પન્ન થયેલો જીવાત્મા જ સુખપૂર્વક જ્ઞાન મેળવી શકે છે.

૨. વિશિષ્ટકુલોત્પન્ન–પોતાના પિતાની કુલ પરંપરા, સદાચાર ઉપર સ્થિત હોવી જોઈએ, જેથી સંઘનો ભાર ઉપાડી શકાય.

૩. વિશિષ્ટજાતિઃ–માતાના કુલની પરંપરા સારી અને નિર્દોષ હોવી જોઇએ, તો જ વિનયાદિ ગુણોની પ્રાપ્તિ સુલભ બને છે.

૪. રૂપવાન્–સારૂ રૂપ તથા શરીરનું સુડોળપણું હોવું જરૂરી છે જેથી તેમના વચનો શીઘ્રતાથી ગ્રાહ્ય બને છે.

૫. **સંહનનધૃતિયુક્ત**–જેથી વ્યાખ્યાન, તપ આદિ સદનુષ્ઠાનોમાં તેમને ખેદ ન આવે.

૬. **અનાશંસી**–શ્રોતાઓ પાસે કોઈપણ પદાર્થની આકાંક્ષા ન રાખે.

૭. **અવિકત્થન**–પોતાની બડાઇઓ હાકવામાં મૌન સેવનાર હોય.

૮. **અમાયી**–શિષ્યો તેમજ સંઘ સાથે શઠતાનો વ્યવહાર ન રાખે.

૯. **સ્થિરપરિપાટી**–એટલે આગમીય તત્ત્વને ભૂલનારા ન હોય.

૧૦. **ગૃહીતવાક્ય**–જેમનું વચન અપ્રતિહત હોય.

૧૧. **જિતપરિષત્**–પરવાદીઓથી ક્ષોભ ન પામે.

૧૨. **જિતનિદ્રઃ**–પોતે અપ્રમાદી હોય અને વ્યાખ્યાન દેવામાં પ્રેમવાળો હોય તો જ પોતાના નિદ્રાલુ શિષ્યોને અપ્રમત્ત બનાવી શકે છે.

૧૩. **મધ્યસ્થ**–વાદ, વિવાદ અને વિતંડાવાદથી સર્વથા દૂર રહીને સંવાદક બનવાનો ભાવ રાખે.

૧૪. **દેશકાલભાવજ્ઞ**–દેશ, કાળને, જોઈને, અપ્રતિબદ્ધ વિહાર કરનાર હોય અને ધર્મોપદેશ પણ દેશ, કાળને અનુકૂલ આપનાર હોય.

૧૫. **આસન્નલબ્ધપ્રતિભ**–સિદ્ધાન્ત, અવયવ, તર્ક, વાદ, જલ્પ, વિતંડાવાદ, હેત્વાભાસ, છલ, જાતિ અને નિગ્રહસ્થાનોને જાણીને સામેવાલા વાદીને નિરુત્તર કરનાર હોય.

૧૬. નાનાવિધદેશભાષાવિધિજ્ઞ–જેથી જૂદા જૂદા દેશના શિષ્યોને અને સંઘોને તે તે ભાષા વડે સમજાવી શકે તેવા હોય.

૧૭. પંચવિધાચારયુક્ત–પોતે પંચવિધ આચારને પાળવાવાળા હોવાથી તેમના વચનો શિષ્યોને માટે શ્રદ્ધેય બને છે.

૧૮. સૂત્રાર્થોભયજ્ઞ–સારી રીતે સૂત્રોમાં બતાવેલ ઉત્સર્ગ માર્ગ તથા અપવાદ માર્ગને જાણનાર હોય, સમયે સમયે શિષ્યોને ઉદાહરણ, નયવાદ તથા હેતુની સમજુતી દેનાર હોય સંઘને કેળવવામાં નિપુણ હોય, અને જે પ્રમાણે સંઘમાં સંપસંગઠન પ્રાપ્ત થાય અને વધે, તેવા જ ભાવોનું પ્રતિપાદન કરનાર હોય.

૧૯. ગ્રાહણાકુશલ–જૂદી જૂદી રીતે શિષ્યોને જ્ઞાન પ્રાપ્ત કરાવવા માટે સમર્થ હોય.

૨૦. સ્વપરસમયવિત્–સુખપૂર્વક પરમતનું ખંડન કરીને સ્વમતની સ્થાપના કરનાર હોય.

૨૧. ગમ્ભીર– પોતે રોષનો ત્યાગ કરનાર હોય.

૨૨. દીપ્તિમાન્–જેથી બીજાઓ ક્ષોભ પામે તેવા તેજસ્વી હોય.

૨૩. શિવ–સંઘમાં ઉત્પન્ન થયેલા મારી વગેરે રોગો તથા કલેશ અને કંકાસ વગેરે ભાવરોગોને નાશ પમાડનાર હોય.

૨૪. સૌમ્ય–શાંત દૃષ્ટિવાલા હોય તથા સર્વે જીવોને પ્રીતિ ઉત્પન્ન કરાવનાર હોય; (દશવૈકાલિક હરિભદ્રવૃત્તિ)

ઉપર પ્રમાણેના ગુણોને ધારણ કરનાર આચાર્ય ભગવંતો આખાએ સંઘ (સાધુ–સાધ્વી શ્રાવક–શ્રાવિકા)નું સુકાન સંભાલે છે, સંઘના યોગક્ષેમને વાંધો ન આવે આ વાતને ધ્યાનમાં રાખીને જ પોતાના શિષ્યોને સંભાલે છે.

ગૌતમ સ્વામીના પૂછેલા પ્રશ્નના ઉત્તરમાં ભગવાન મહાવીર સ્વામી ફરમાવે છે કે આવા આચાર્ય ભગવંતો અને ઉપાધ્યાય ભગવંતો જ આ ભવે કે બીજા ભવે મોક્ષને પામે છે, ત્રીજા ભવે તો ચોક્કસ મોક્ષે જાય છે. આ વાત ભગવતી સૂત્રની છે.

મૃષાવાદના પ્રકારો

મૃષાવાદ બોલનારાના સંબંધી પ્રશ્નના જવાબમાં ભગવાને ફરમાવ્યું કે મૃષાવાદથી બાંધેલા કર્મોવાલા જીવો જ્યાં જાય છે. એટલે કે જે ભવમાં જાય છે ત્યાં કર્મોને વેદે છે.

મૃષાવાદનું સ્વરૂપ આ પ્રમાણે છે.

૧. અલીક-ભૂતનિહ્નવ રૂપે એટલે કે બીજાના ગુણોના સદ્‌ભાવને પણ છુપાવીને દૂષિત કરે છે, જેમકે સામેવાલો જીવ બ્રહ્મચર્ય પાલે છે. છતાં પણ તેને ઉઘાડો કરવા માટે 'આ ભાઈ બ્રહ્મચર્ય પાલતા નથી. તપશ્ચર્યા કરતાં નથી. ક્રિયાકાંડ કરતા નથી.'' વગેરે બોલવું તે અલીક અસત્ય ભાષણ છે.

૨. અસદ્‌ભુત–એટલે 'જે ચોર નથી તેને ચોર કહેવો' ચૌર્યકર્મની વિદ્યમાનતા જેમનામાં નથી તો એ 'આ ચોર છે. આવું ઉદ્‌ભાવન કરવું તે અસદ્‌ભૂત અલીક છે.

આ બંને પ્રકારના મિથ્યાવચન બોલનારના મનમાં દુષ્ટતા, હિંસકતા, ઈર્ષ્યાલુતા, અસહિષ્ણુતા તથા વૈર વિરોધ આદિ વૈકારિક ભાવો હોય છે.

પરન્તુ જો બોલવાના ભાવ અહિંસક હોય, જેમકે સાધકની સામેથી હરણો જઈ રહ્યા છે અને પાછળથી આવનાર શિકારી તે સાધકને પૂછે છે કે 'હરણોને જતા જોયા છે? કઇ બાજુ ગયા છે? આમ પૂછવા છતાં પણ મહાવ્રતી-સાધક જવાબ આપે છે કે 'હરણને મેં જોયા નથી' આ ભાષણમાં યદ્યપિ અસત્યતા છે, પણ પરિણામોમાં દયાભાવ, અહિંસક ભાવ હોવાથી આ ભાષા અસત્ય ભાષા નથી.

જ્યારે અચોરને, બ્રહ્મચારીને, તપસ્વીને આસ્તિકને ગુણીયલને ચોર અબ્રહ્મચારી, બાઉધરો, નાસ્તિક, મિથ્યાત્વી કહેવો. આવા ભાષણમાં અભિપ્રાયની દુષ્ટતા, મનની મલિનતા અવશ્યમેવ રહેલી હોવાથી ભગવતી સૂત્ર આવી ભાષાને મૃષાવાદી ભાષા કહે છે.

૩. અભ્યાખ્યાન—બીજાની સામે કોઈના દોષ પ્રકાશવાં. જેમ કે આ સંઘાડામાં ક્રિયાકાંડ નથી, તપશ્ચર્યા નથી, જ્ઞાન નથી, આ આચાર્યોમાં આચાર્યપણું નથી, આવા ભાષણને ભગવતી સૂત્ર અભ્યાખ્યાન અસત્ય વચન કહે છે. અથવા સદ્‌ભાવ પ્રતિષેધ એટલે કે સામેવાળામાં બ્રહ્મચર્ય, ક્રિયાકાંડ, જ્ઞાન અને વૈરાગ્ય છે તો પણ તેની સાથેના વૈર—વિરોધ અથવા સંપ્રદાય કે સંઘાડાવાદને લઈને તેમના બધાએ ગુણોનો અપલાપ કરવો તે સદ્‌ભૂતનિન્હવ છે. અથવા અભૂતોદ્‌ભવન એટલે કે કલિયુગની હવા અને ભૌતિકવાદનો પ્રચાર સૌ જીવો પ્રત્યે એક સરખો હોવા છતાં પણ બીજા સંપ્રદાયોમાં

કે સંઘાડાઓમાં સારા તત્ત્વોનો અપલાપ કરીને પોતાના જ સંપ્રદાય કે સંઘાડાના સાધુ–સાધ્વીમાં જૈનશાસન જૈનતત્ત્વ રહેલું છે તેવી કલ્પનાનો પ્રચાર કરવો તે પણ અભૂતોદ્ભાવન અલીક વચન છે. તથા આત્મા નથી. પરલોક નથી, તે સદ્ભૂત નિન્હવ અને આત્મા ચૈતન્ય સ્વરૂપ, પરિણામી, કર્તા, સાક્ષાદ્ ભોક્તા સ્વદેહ પરિમાણ; પ્રતિશરીરભિન્ન અને પૌદ્ગલિક અદૃષ્ટ આદિ વિશેષણોથી યુક્ત હોવા છતાં પણ તેનો વિપરીત બુદ્ધિથી અપલાપ કરવો તે પણ સદ્ભૂત નિન્હવ નામનું મિથ્યાવચન છે. અને આત્મા જડ, કૂટસ્થ, નિત્ય, અકર્ત્તા, અભોક્તા, વ્યાપક અને એક જ આત્મા છે. એ પ્રમાણે બોલવું તે અભૂતોદ્ભાવન નામે અલીક વચન છે.

આત્માના સદ્ભૂત વિશેષણો.

હવે આત્માના સદ્ભૂતવિશેષણોને સંક્ષેપથી સયુક્તિક જાણીએ.

(૧) चैतन्य स्वरुप અર્થાત્ અનાદિ નિધન આત્મા ચૈતન્ય સ્વરૂપી છે. એટલે કે સ્વરૂપી આત્મા અને સ્વરૂપ ચૈતન્ય ગુણ છે તે બંને ભિન્ન પણ છે અને અભિન્ન પણ છે, પરન્તુ સર્વથા ભિન્ન નથી અને અભિન્ન પણ નથી, કેમ કે પદાર્થ માત્રનું સ્વરૂપ (ગુણ) પોતાના સ્વરૂપી (ગુણી) ને છોડીને રહી શકતો નથી માટે અભિન્ન છે, અને સ્વરૂપી એ દ્રવ્ય હોય છે જ્યારે સ્વરૂપ ગુણ હોય છે માટે ભિન્ન છે.

આત્માનું આ ચૈતન્ય સ્વરૂપ સમવાય સંબંધથી નથી પણ સ્વતઃ છે. જેઓ આત્માને જડ માને છે તેમને ત્યાં ચૈતન્ય સમવાય સંબંધથી આવ્યા પછી જ્ઞાનનો પ્રકાશ થાય છે.

આનો અર્થ એ થયો કે તેમને ત્યાં અનંત શક્તિનો માલિક આત્મા જડ છે. આ પ્રમાણેની તેમની માન્યતા એટલા માટે સાચી નથી કે, ઘટની માફક ચૈતન્ય ધર્મ રહિત પદાર્થ માત્ર જડ હોવાના કારણે પોતાની મેળે કંઈ પણ હલન, ચલન કરી શકતા નથી, આપણો આત્મા તેવો નથી; કેમ કે આ આત્મા પોતાની અનંતશક્તિઓના માધ્યમથી જ શરીર, ઈન્દ્રિયો તથા મનનું સંચાલન કરવા સમર્થ છે. આત્માના ઉપયોગ વિનાની ઈન્દ્રિયો તથા મન સર્વથા અકિંચિત્કર છે. માટે આત્મા ચૈતન્ય સ્વરૂપ વાલો છે તેમ દર્શનમય છે અને પ્રતિક્ષણે ઉપયોગવન્ત છે.

(૨) પરિંણામીનો અર્થ આ પ્રમાણે છે, આત્મા અનાદિ કાળથી કર્મોના સંબંધથી સંબંધિત છે અને પ્રતિ સમયે નવાં નવાં કર્મો બાંધતો રહે છે તેથી કરેલાં અને કરાતાં કર્મોને ભોગવવા માટે જ આત્મા "પરિણામ વર્તી છે" એટલે કે એક અવસ્થાને ત્યાગીને બીજી અવસ્થા સ્વીકારવી તેને પરિણામ કહેવાય છે.

જેઓ આત્માને કૂટસ્થ નિત્ય (કોઈ કાળે કંઈ પણ ફેરફાર જેમાં ન થાય તે કુટસ્થ નિત્ય કહેવાય છે) માને છે, અને ક્ષણકભંગુર માને છે. તેમને ત્યાં આત્મામાં પ્રત્યક્ષ દેખાતો–અનુભવાતો પરિણામ (ફેરફાર) ઘટી શકે તેમ નથી, આવી સ્થિતિમાં કરેલા કર્મોનો ભોગ આત્મા શી રીતે કરશે? અને સુખી આત્મા પાંચ ક્ષણ પછી દુઃખી શી રીતે બનશે?

આત્માને એકાન્તનિત્ય અને કૂટસ્થ નિત્ય માનતા સુખ–દુઃખ સંયોગ–વિયોગના પ્રત્યક્ષ અનુભવાતાં દ્વન્દ્વો બની શકે નહીં અને એકાન્તે ક્ષણિક માનતા પણ સુખ–દુઃખના અનુ-

ભવ થઈ શકે તેમ નથી, માટે જ આત્મા દ્રવ્યની અપેક્ષાએ નિત્ય છે અને પર્યાય (શરીર)ની અપેક્ષાએ અનિત્ય છે.

આ પ્રમાણે પદાર્થ માત્રમાં દ્રવ્ય અને પર્યાયનું સાહચર્ય વિદ્વન્માન્ય છે. કેમ કે પર્યાય વિનાનું દ્રવ્ય અને દ્રવ્ય વિનાના પર્યાયો કોઇ કાળે પણ હોઈ શકતા નથી. ઘટ પદાર્થમાં માટી દ્રવ્ય છે અને ઘટ પર્યાય છે, કંઠી કે બંગડીમાં સુવર્ણ દ્રવ્ય છે અને આકાર વિશેષ પર્યાયો છે.

'ઘડો ફૂટ્યો' એટલે માટી દ્રવ્ય કાયમ રહીને તેનો ઘટ પર્યાય નાશ પામે છે અને ઠીકરા તરીકે ઉત્પન્ન થાય છે.

તે જ રીતે જીવ દ્રવ્ય કાયમ રહે છે પણ કરેલાં કર્મોને ભોગવવા માટે એક શરીર નાશ પામે છે અને બીજા શરીરનું ઉત્પાદન થાય છે; જ્યાં સુધી આત્માના પ્રદેશો પર કર્મરાજાની સત્તા છે ત્યાં સુધી નવાં નવાં શરીરો ધારણ કર્યા વિના છુટકારો નથી "भोगायतनं शरीरम्" આ કારણોને લઈને આત્મા પરિણામધર્મી છે.

(૩) કર્ત્તા મિથ્યાત્વ, અવિરતિ, પ્રમાદ કષાયાદિના યોગે મન, વચન અને કાયાથી આત્મામાં કરાતાં કર્મોનું "કર્તૃત્વ ધર્મ પણ છે" અને જે કર્ત્તા હોય તે કર્મોનો ભોક્તા પણ હોય છે.

જો આત્મા પોતાના કરેલા પુણ્ય અને પાપના ફળો ભોગવી શકાતો હોય તો તેને કર્તૃત્વધર્મયુક્ત માનવામાં વાંધો કયાં આવે છે ? 'કર્મોને પ્રકૃતિ કરે છે અને સુખ–દુઃખના અનુભવો પુરૂષ કરે છે' આ બધી હાસ્યાસ્પદ વાતો સુજ્ઞ

માણસના મગજમાં કેવી રીતે ઊતરશે ? માટે 'જે કોલસો ખાશે તેનું મોઢું કાળું થશે ? આ ન્યાયે પુરુષ જ કર્મને કરનારો અને ભોગવનારો છે.

(૪) **સાક્ષાદ્‌ભોક્તા**—એટલે કે પોતાના જ કરેલા પુણ્ય તથા પાપના કર્મોને પુરૂષ સાક્ષાત ભોગવનારો છે.

"જે કરશે તે ભોગવશે" જો જસ કર હી વહ તસ ફલ ચાખા" ઈત્યાદિક મહાપુરુષોની ઉક્તિઓ એટલા માટે જ વ્યાજબી છે કે પુરુષ કર્તા અને ભોકતા છે.

પ્રકૃતિ સ્વતઃ જડ હોવાના કારણે ચૈતન્યમય આત્માના પ્રયત્ન વિના કંઈ પણ કાર્ય કરી શકે તેમ નથી. માટે આત્મામાં કર્તૃત્વની જેમ ભોક્તૃત્વ પણ છે.

(૫) **સ્વદેહપરિમાણ** :—આત્મા શું સર્વવ્યાપક છે ! અંગૂઠા જેટલો છે ? જૈનશાસન જવાબ આપે છે કે આત્મા શરીર વ્યાપી છે. આત્માના ગુણો શરીરમાંજ દેખાય છે, માટે શરીર વ્યાપી છે.

જે પદાર્થ જ્યાં રહ્યો હોય છે તેટલા પ્રદેશમાં તેના ગુણોની વિદ્યમાનતા હોય છે, ઘડો મારે ત્યાં હોય અને તેનો લાલ, કાળો રંગ બીજે રહે એવું બનતું નથી. તે પ્રમાણે આત્માના જ્ઞાનાદિ ગુણો, અને સુખ—દુઃખાદિ પર્યાયો શરીર પ્રમાણમાં જ દેખાય છે. આત્મા જો સર્વવ્યાપક હોય તો તેના ગુણો અને પર્યાયો પણ સર્વત્ર દેખાવા જોઈએ. પણ શરીરથી અતિરિક્ત આત્માના ગુણો કોઈએ જોયા નથી. જોવામાં આવતા નથી. માટે આત્મા સર્વવ્યાપક નથી.

આત્મા અનન્ત શક્તિનો માલિક હોવાથી પોતાના પ્રદેશોને સંકોચી અને વિસ્તારી શકે છે. ત્યારે જ હાથીના શરીરમાં અને કીડીના શરીરમાં અબાધરૂપે રહી શકે છે.

શરીરથી અન્યત્ર યદિ સર્વવ્યાપી આત્મા માનીએ તો ગંદા સ્થાનોમાં અને બીજાના દુઃખ સંવેદનમાં આપણા આત્માના પ્રદેશોનું ભ્રમણ થતા આપણું મગજ હમેશા દુર્ગન્ધનો અને દુઃખોનો અનુભવ કરનારો રહેશે પણ કોઈ કાળે પણ બીજાના દુઃખોનું સંવેદન આપણને થતું નથી, અને આપણા આત્માના પ્રદેશો ગંદા સ્થાને જતા નથી.

અંગૂઠા કે ચોખાના દાણા જેટલો આત્મા માનતા શરીરના કોઈ પણ સ્થાનમાં થતી વેદનાનો આત્મા શી રીતે અનુભવ કરશે ?

અને શરીરના કોઇ પણ ભાગમાં થતી વેદનાનો અનુભવ આત્માને થાય છે માટે આત્મા અંગૂઠા પ્રમાણનો નથી પણ શરીરના પૂર્ણ પ્રદેશો સાથે આત્માના અસંખ્યાત પ્રદેશો ઓતપ્રોત થઈને રહેલા છે.

(૬) પ્રતિશરીર ભિન્ન નો અર્થ આ પ્રમાણે છે કે પૂરા બ્રહ્માંડમાં આત્મા એક જ હોઈ શકે નહી, પણ જેટલાએ ચેતનાવંત શરીરો દેખાય છે તે સૌમાં આત્મા પણ ભિન્ન ભિન્ન છે.

સંસાર ભરમાં એક જ આત્માની માન્યતા કેવી રીતે શકય બનશે ? અને જો એક જ આત્મા માનીએ તો બધાના શરીર, સુખ, દુઃખ, જ્ઞાન, ઈચ્છા, રાગ, દ્વેષ અને મોહમાયા પણ એક સરખી હોવી જોઇએ, પણ આવો અનુભવ તો

પરમાણુ પુદ્ગલ

આ ઉદ્દેશકમાં પરમાણું પુદ્ગલ સંબંધી બહુ વિસ્તારથી વર્ણન છે અને તે ઉપરાંત નૈરયિકો અને એકેન્દ્રિયાદિના પરિગ્રહનો ખુલાસો છે. પરમાણું પુદ્ગલનું વર્ણન બહુ વિસ્તારવાળું છે. અહિં તો સંક્ષેપમાં સાર લેવાય છે. સાર આ છે :—

પરમાણુ પુદ્ગલ કદાચ કંપે, ને કદાચ ન પણ કંપે, તેમ પરિણમે, અને ન પણ પરિણમે.

બે પ્રદેશનો સ્કંધ કદાચ કંપે કદાચ ન કંપે, કદાચ પરિણમે કદાચ ન પરિણમે, કદાચ એક ભાગ કંપે, કદાચ એક ભાગ ન કંપે.

કયાંય થતો નથી, માટે પ્રત્યેક શરીરમાં આત્માને જુદો જુદો માનવાથી સંસારનો વ્યવહાર જે પ્રત્યક્ષ દેખાય છે તે સત્ય સ્વરૂપે અનુભવાશે.

(૭) પૌદગલિક અદૃષ્ટઃ–યદ્યપિ આત્મા અજર, અમર, અછેદ્ય, અભેદ્ય છે તો પણ કર્મોના આવરણોથી ઘેરાયેલો હોવાના કારણે જ અત્યારની પરિસ્થિતિમાં અજરત્વ, અમરત્વ, અછેદ્યત્વ, અને અભેદ્યત્વ વિશેષણો આત્માને ઘટી શકે તેમ નથી, કેમકે :–પૌદ્ગલિક અદૃષ્ટ (કર્મ, માયા, પ્રકૃતિ, વાસના) રૂપી માટીના ભારથી રૂપી તૂંબડું ઢંકાઈ ગયેલું છે માટે

"पुनरपि जनन पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनम्"

આ ન્યાયે આત્માને શરીરો ધારણ કરવા ભેદાવું પડે છે, મરવું પડે છે. રીબાવવું પડે છે, અને પ્રતિક્ષણે છેદાવું પડે છે, અને નવા નવા શરીરોમાં અનન્ત વેદનાઓને ભોગવવાં માટે

ત્રણ પ્રદેશવાળો સ્કંધ કદાચ કંપે, કદાચ ન કંપે, કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે, કદાચ એક ભાગ કંપે, બહુ દેશો ન કંપે, કદાચ બહુ ભાગો કંપે, એક ભાગ ન કંપે.

ચાર પ્રદેશવાળો સ્કંધ કદાચ કંપે, કદાચ ન કંપે, કદાચ એક ભાગ કંપે, એક ભાગ ન કંપે, એક ભાગ કંપે, બહુ ભાગ ન કંપે, બહુ ભાગ કંપે, એક ભાગ ન કંપે, ઘણો ભાગ કંપે, ઘણો ભાગ ન કંપે.

આવીજ રીતે પાંચ પ્રદેશવાળા સ્કંધથી લઈને યાવત્ અનંત પ્રદેશવાળા સ્કંધો સુધીના દરેક સ્કંધો માટે જાણવું.

પરમાણુ–પુદ્ગલ તરવાર કે અસ્ત્રાની ધારનો આશ્રય કરે, પરન્તુ તે છેદાય ભેદાય નહિં. આમ ઠેઠ અસંખ્ય પ્રદેશવાળા સ્કંધ સુધી જાણવું. પણ અનંત પ્રદેશવાળો સ્કંધ હોય, તો કોઈ એક છેદાય–ભેદાય અને કોઈ એક ન છેદાય–ભેદાય.

ભવભવાંતરમાં રખડવું પડે છે, જ્યાં ભૂખ, તરસ, ગરમી, ઠંડી, રોગ, શોક આધિ વ્યાધિ અને ઉપાધિઓ ભોગવવી પડે છે. આ બધા પૌદ્ગલિક અદૃષ્ટનો પ્રભાવ છે.

ઉપર પ્રમાણે આત્માનું યથાર્થ સ્વરૂપ જાણવું અને એ પ્રમાણે બોલવું તે સત્ય વચન છે, અને આનાથી વિપરીત બોલવું, અલીક વચન છે આવો અલીક ભાષી આત્મા કર્મોનું બંધન કરીને આવતાં ભવોમાં અવ્યક્ત ભાષા, મૂંગાપણું, જડબુદ્ધિ, શરીરમાં બોડબાપણ, વાણીહીન, જુગુપ્સિત ભાષાને બોલનારો અને દુર્ગન્ધ મુખને પ્રાપ્ત કરનારો થશે.

આમ પરમાણુ-પુદ્ગલથી લઈને અનંત પ્રદેશવાળા સ્કંધ સુધીના દરેક પુદ્ગલ માટે 'અગ્નિકાયની મધ્યમાં પ્રવેશ કરે' તો? 'પુષ્કર સંવર્ત' નામના મોટા મેઘની વચોવચ્ચ પ્રવેશ કરે' તો? 'ગંગા મહા નદીના પ્રવાહમાં હોય તો? ઉદકાવર્ત યા ઉદકબિંદુ પ્રત્યે પ્રવેશ કરે તો? એવા પ્રશ્નો કરી શકાય. માત્ર જ્યાં જેવું પરિણામ હોય ત્યાં તેવું, એટલે 'છેદાય ભેદાય'ના બદલે 'બળે?' 'ભીનો થાય?' 'નાશ પામે?' વગેરે કહી શકાય.

પરમાણુ પુદ્ગલ અનર્ધ (અર્ધ રહિત) અમધ્ય અને અપ્રદેશ છે. હા, બે પ્રદેશવાળો સ્કંધ સાર્ધ છે—સપ્રદેશ અને મધ્ય રહિત છે. ત્રણ પ્રદેશવાળો સ્કંધ અનર્ધ છે. સમધ્ય છે અને સપ્રદેશ છે.

સંક્ષેપમાં સમસંખ્યાવાળા, બેકીસંખ્યાવાળા સ્કંધો માટે બે પ્રદેશવાળા સ્કંધની માફક સાર્ધાદિ વિભાગ જાણવો અને વિષમ સ્કંધ એકી સંખ્યાવાળા સ્કંધોને માટે ત્રણ પ્રદેશવાળા સ્કંધની માફક જાણવું.

એથી આગળ વધીને સંખ્યેય પ્રદેશવાળો સ્કંધ કદાચ સાર્ધ હોય, અમધ્ય હોય અને સપ્રદેશ હોય અને કદાચ અનર્ધ હોય, સમધ્ય હોય, અને સપ્રદેશ પણ હોય.

આવી જ રીતે અસંખ્યેય પ્રદેશવાળા અને અનંત પ્રદેશવાળા સ્કંધ માટે પણ જાણી લેવું.

પરમાણુ પુદ્ગલના પરસ્પરના સ્પર્શના સંબંધી ૯ વિકલ્પ કહ્યા છે :—

૧ એક દેશથી એક દેશને ન સ્પર્શવું.
૨ એક દેશથી ઘણા દેશોને ન સ્પર્શવું.
૩ એક દેશથી સર્વને ન સ્પર્શવું.
૪ ઘણા દેશોથી એકને ન સ્પર્શવું.
૫ ઘણા દેશોથી ઘણા દેશોને ન સ્પર્શવું.
૬ ઘણા દેશોથી સર્વને ન સ્પર્શવું.
૭ સર્વથી એક દેશને ન સ્પર્શવું.
૮ સર્વથી ઘણા દેશોને ન સ્પર્શવું.
૯ સર્વથી સર્વને સ્પર્શવું.

આમાં પરમાણુ પુદ્ગલને સ્પર્શ કરતો પરમાણુ પુદ્ગલ સર્વથી સર્વને સ્પર્શે છે. (નવમો ભેદ)

બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો પરમાણુ પુદ્ગલ ૭માં ૮માં અને ૯મા વિકલ્પ વડે સ્પર્શે.

આ ત્રણ પ્રદેશવાળા સ્કંધની માફક ચાર પાંચ અને યાવત્ અનંતપ્રદેશવાળા સ્કંધની સાથે પરમાણું પુદ્ગલનો સ્પર્શ થાય.

હવે પરમાણુ પુદ્ગલને સ્પર્શતો બે પ્રદેશવાળો સ્કંધ ૩ જા અને ૯ મા વિકલ્પ વડે સ્પર્શે.

બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો બે પ્રદેશવાળો સ્કંધ ૧ લા, ૩ જા, ૭ મા અને ૯ મા વિકલ્પ વડે સ્પર્શે.

ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શતો બે પ્રદેશવાળો સ્કંધ પહેલા ત્રણ (૧–૨–૩) અને છેલ્લા ત્રણ (૭–૮–૯) વિકલ્પ વડે સ્પર્શે. અને વચલા ત્રણે વિકલ્પો વડે પ્રતિષેધ કરવો.

જેમ બે પ્રદેશવાળા સ્કંધને ત્રણ પ્રદેશવાળા સ્કંધની સ્પર્શતા કરાવી, એમ ચાર પ્રદેશવાળા, પાંચ પ્રદેશવાળા યાવત્ અનંત પ્રદેશવાળા સ્કંધની સ્પર્શતા કરાવવી.

હવે પરમાણું પુદ્ગલને સ્પર્શ કરતો ત્રણ પ્રદેશવાળો સ્કંધ ત્રીજા, છઠ્ઠા અને નવમા વિકલ્પ વડે સ્પર્શે. બે પ્રદેશવાળા સ્કંધને સ્પર્શ કરતો ત્રણ પ્રદેશવાળો સ્કંધ ૧–૩–૪–૬–૭ અને ૯ મા વિકલ્પ વડે સ્પર્શે.

ત્રણ પ્રદેશવાળા સ્કંધને સ્પર્શ કરતો ત્રણ પ્રદેશવાળો સ્કંધ સર્વ સ્થાનોમાં સ્પર્શે એટલે નવે વિકલ્પ વડે સ્પર્શે.

જેમ ત્રણ પ્રદેશવાળા સ્કંધને ત્રણ પ્રદેશવાળા સ્કંધનો સ્પર્શ કરાવ્યો, ત્રણ પ્રદેશવાળા સ્કંધને ચાર, પાંચ યાવત્ અનંત પ્રદેશવાળા સ્કંધ સાથે સંયોજવો, અને જેમ ત્રણ પ્રદેશવાળા સ્કંધ માટે કહ્યું, તેમ યાવત્ અનંત પ્રદેશવાળા સ્કંધ સુધીનું કહેવું.

પરમાણુ પુદ્ગલ ઓછામાં ઓછું એક સમય સુધી રહે અને વધારેમાં વધારે અસંખ્ય કાળ સુધી રહે એ પ્રમાણે યાવત્ અનંત પ્રદેશવાળા સ્કંધ માટે જાણવું.

એક આકાશ પ્રદેશમાં સ્થિત પુદ્ગલ જ્યાં હોય તે સ્થાને અથવા બીજે સ્થાને જઘન્યથી એક સમય સુધી અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્યેય ભાગ સુધી સકંપ રહે. એ પ્રમાણે યાવત્ આકાશના અસંખ્યેય પ્રદેશમાં સ્થિત પુદ્ગલ માટે પણ જાણવું.

એક આકાશ પ્રદેશમાં અવગાઢ પુદ્ગલ જઘન્યથી એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેય કાળ સુધી નિષ્કંપ

રહે. એ પ્રમાણે યાવત્ અસંખ્યેય પ્રદેશાવગાઢ પુદ્ગલ માટે પણ જાણવું.

પુદ્ગલ એકગણું કાળું, જઘન્યથી એક સમય સુધી અને વધારેમાં વધારે અસંખ્યેય કાળ સુધી રહે. એ પ્રમાણે યાવત્ અનંત ગુણ કાળા પુદ્ગલ માટે જાણવું.

એ પ્રમાણે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ યાવત્ અનંત ગુણ રૂક્ષ પુદ્ગલ માટે જાણવું. અને એ પ્રમાણે સૂક્ષ્મ પરિણત પુદ્ગલ માટે અને બાદર પરિણત પુદ્ગલ માટે પણ જાણવું.

શબ્દ પરણિત પુદ્ગલ ઓછામાં ઓછો એક સમય સુધી અને વધારેમાં વધારે આવલિકાના અસંખ્ય ભાગ સુધી રહે.

અશબ્દ પરિણત પુદ્ગલ, જેમ એક ગુણ કાળુ પુદ્ગલ કહ્યું, તેમ સમજવું.

પરમાણુરૂપ પુદ્ગલને પરમાણુપણું છોડી ફરીવાર પરમાણુપણું પ્રાપ્ત કરતાં ઓછામાં ઓછો એક સમય અને વધારેમાં વધારે અસંખ્યેય કાળ લાગે. આ અંતરમાં તે પરમાણુપણું છોડી સ્કંધાદિ રૂપ પરિણમે. અને પાછું તે પરમાણુપણું પ્રાપ્ત કરે. આમ કરવામાં આટલો સમય લાગે.

બે પ્રદેશવાળા સ્કંધને જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી અનંતકાળનું અંતર છે. એ પ્રમાણે યાવત્ અનંત પ્રાદેશિક સ્કંધ સુધી જાણવું.

એક પ્રદેશમાં સ્થિત સકંપ પુદ્ગલને, પોતાનું કંપન પડતું મેલી, ફરીથી કંપન કરતાં જઘન્યથી એક સમય અને

ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ સુધીનું અંતર હોય–એ પ્રમાણે યાવત્ અસંખ્ય પ્રદેશ સ્થિત સ્કંધો માટે પણ જાણી લેવું.

એક નિષ્કંપ પુદ્ગલ પોતાની નિષ્કંપતા છોડી દે, ને પછી ફરીથી તેને નિષ્કંપતા પ્રાપ્ત કરતાં જઘન્યથી એક સમય અને ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યેય ભાગ જેટલો સમય લાગે.

એ પ્રમાણે યાવત્ અસંખ્યેય પ્રદેશ સ્થિત સ્કંધો માટે પણ સમજવું.

વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સૂક્ષ્મ, પરિણત અને બાદર પરિણતોને માટે તેમનો જે સ્થિતિકાળ કહ્યો છે, તેજ અંતરકાળ છે.

શબ્દ પરિણત પુદ્ગલને જઘન્યથી એક સમય ને ઉત્કૃષ્ટથી અસંખ્યકાળ અંતર હોય. પુનઃ શબ્દરૂપે પરિણમવામાં આટલો કાળ લાગે.

અશબ્દ પરિણત પુદ્ગલને જઘન્યથી એક સમયને ઉત્કૃષ્ટથી આવલિકાનો અસંખ્યેય ભાગ અંતર હોય. અશબ્દ પરિણત સ્વભાવને છોડ્યા પછી પાછા તેજ સ્વભાવમાં આવતાં આટલો કાળ લાગે.

દ્રવ્યસ્થાનાયુ, ક્ષેત્રસ્થાનાયુ, અવગાહના સ્થાનાયુ અને ભાવસ્થાનાયુ, એ બધામાં સૌથી થોડું ક્ષેત્રસ્થાનાયુ છે. તે કરતાં અસંખ્યગુણ અવગાહનાસ્થાનાયુ છે. તે કરતાં અસંખ્યગુણ દ્રવ્યસ્થાનાયુ છે અને તે કરતાં ભાવસ્થાનાયુ અસંખ્યગુણ છે.

ક્ષેત્ર, અવગાહના, દ્રવ્ય અને ભાવસ્થાનાયુનું અલ્પ-બહુત્વમાં ક્ષેત્ર સ્થાનાયુ સર્વથી અલ્પ છે. અને બાકીનાં સ્થાનો અસંખ્યેયગુણ છે.×

જીવોનો આરંભ પરિગ્રહ

નૈરયિકો આરંભવાળા અને પરિગ્રહવાળા છે. કારણ કે નૈરયિકો પૃથ્વીકાયનો યાવત્ ત્રસકાયનો સમારંભ કરે છે. વળી તેમણે શરીરો પરિગૃહીત કર્યાં છે. કર્મો ગ્રહણ કર્યાં છે અને સચિત, અચિત તથા મિશ્ર દ્રવ્યો પણ ગ્રહણ કરેલાં છે, માટે તે પરિગ્રહવાળા પણ છે.—

આવી જ રીતે અસુરકુમારો પણ આરંભવાળા અને પરિગ્રહવાળા છે, કારણ કે તેઓ પણ પૃથ્વીકાયનો યાવત્ ત્રસકાયનો વધ કરે છે. વળી તેઓએ શરીર, કર્મ, ભવ વગેરેનું ગ્રહણ કરેલું છે. આસન, શયન અને ઉપકરણો ગ્રહણ કરેલાં છે. તેમ સચિત, અચિત અને મિશ્રદ્રવ્યો પણ ગ્રહણ કર્યા છે. માટે તેઓ સપરિગ્રહ છે.

એ જ પ્રમાણે સ્તનિતકુમારો માટે પણ જાણવું. અને નૈરયિકો માટે કહ્યું છે તેમ એકેન્દ્રિયો માટે જાણવું. એમજ બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને તિર્યંચ પંચેન્દ્રિય જીવો માટે પણ જાણવું. અને જેમ તિર્યંચ યોનિના જીવો માટે કહ્યું તેમ મનુષ્યો માટે પણ જાણવું.

× ભગવતીસૂત્રનો આ ચાલુ પ્રશ્નોત્તર અત્યન્ત સ્પષ્ટ રીતે અને કંઈક સમજુતિ સાથે 'આર્હત દર્શન દીપિકા'ના પત્ર ૬૯૩ થી ૭૦૧ સુધીમાં ચર્ચાયો છે. તે ત્યાંથી જોઈ લેવો.

વાણમંતરો, જ્યોતિષિઓ અને વૈમાનિકોને ભવનવાસી દેવોની જેમ જાણવા. 卐[૭૯]

પાંચ હેતુઓ

૧	૨
૧ હેતુને જાણે છે	૧ હેતુએ જાણે છે
૨ હેતુને જૂએ છે	૨ હેતુએ જૂએ છે
૩ હેતુને સારી રીતે શ્રધ્ધે છે	૩ હેતુએ સારી રીતે શ્રધ્ધે છે
૪ હેતુને સારી રીતે પ્રાપ્ત છે	૪ હેતુએ સારી રીતે પ્રાપ્ત છે
૫ હેતુવાળુ છદ્મસ્થ મરણ કરે છે	૫ હેતુએ છદ્મસ્થ મરણ કરેછે

પરિગ્રહનો ચમત્કાર

卐 ૭૯. માનવ અવતાર પામેલા માનવી પાસે તલવાર, ભાલા, બંદુક, છરી, કલમ, જીભ, લાકડી, વ્યાપાર લેણદેણ કોર્ટ, કચેરી, આદિ પરિગ્રહ અને સ્ત્રીની માયા હોવાના કારણે દુર્બુદ્ધિવશ પાપો કરે છે તે આપણે સૌ જાણીએ છીએ. પણ નરકગતિના નારકો, દેવગતિના દેવો, પશુઓ, પક્ષીઓ, તથા એકેન્દ્રિયાદિ જીવો નવા પાપો કરી શકે છે? તેઓ શાથી પાપ કરતા હશે? આ વાત જાણવા માટેજ આ પ્રશ્નોત્તર છે.

સંસારના પ્રાણિમાત્ર શરીરધારી છે. અને જ્યાંસુધી શરીર છે. ત્યાંસુધી પરિગ્રહ છે. અથવા શરીર જ મોટામાં મોટો પરિગ્રહ છે. કેમકે આ શરીરને લઈને જ સંસારભરનો પરિગ્રહ વધે છે, અને જ્યાં પરિગ્રહ છે ત્યાં આરંભ છે, અને જ્યાં આરંભ–સમારંભ છે. ત્યાં નવા પાપો બંધાયા વિના રહેતા નથી. શરીર માત્રનો પરિગ્રહ (મૂર્ચ્છા) પણ કેવળ-જ્ઞાનને મેળવવા માટે બાધક છે, તો પછી શરીરની મમતાને

૩	૪
૧ હેતુને ન જાણે	૧ હેતુએ ન જાણે
૨ હેતુને ન જૂએ	૨ હેતુએ ન જૂએ
૩ હેતુને સારી રીતે ન શ્રદ્ધે	૩ હેતુએ સારી રીતે ન શ્રદ્ધે
૪ હેતુને સારી રીતે ન પ્રાપ્ત કરે	૪ હેતુએ સારી રીતે ન પ્રાપ્ત કરે
૫ હેતુવાળુ અજ્ઞાન મરણ ન કરે	૫ હેતુએ અજ્ઞાન મરણ કરે

વશ બનીને બાહ્ય પરિગ્રહને વધારનાર કેવળજ્ઞાન શી રીતે મેળવી શકશે ? કેમકે બાહ્ય પરિગ્રહ, પ્રાયઃ કરીને આભ્યન્તર પરિગ્રહનું મૂળ કારણ છે, અને આ આભ્યન્તર પરિગ્રહનો ત્યાગ જ વસ્તુતઃ ત્યાગ છે. તે વિના આન્તર જીવનની શુદ્ધિ સર્વથા અશકય છે.

બાહ્ય પરિગ્રહનો સર્વથા ત્યાગ કર્યા પછી પણ જો તે પુણ્યવંતનું આન્તરમન સંપ્રદાય તથા સંઘાડાવાદના નશામાં ઘેરાતું હોય તો અને સર્વથા નગ્ન અવસ્થા સ્વીકાર્યા પછી પણ આન્તર જીવનમાં કલેશ, વૈર, હઠાગ્રહ અને પોતાના ટોળા પ્રત્યેની અસીમ મમતા અને પારકા મુનિઓની, આચાર્યોની નિંદાની પ્રવૃત્તિ ચાલુજ હોય તો આવી સ્થિતિમાં આભ્યન્તર પરિગ્રહી ભયંકર કર્મોને બાંધ્યા વિના રહી શકતો નથી. તેમજ બાહ્ય ત્યાગની ચરમસીમા પણ તે સાધકને સાધ્યની પ્રાપ્તિ કરાવી શકે તેમ નથી. કેમકે સાધ્યની પ્રાપ્તિને અમૂર્ચ્છાત્મક બાહ્ય પરિગ્રહ નડતો નથી પણ અલ્પાંશે રહેલો આભ્યન્તર પરિગ્રહ જ નડે છે. સંયમની શુદ્ધિ માટે સ્વીકારાતો બાહ્ય પરિગ્રહ પણ આભ્યન્તર પરિગ્રહના ત્યાગની લક્ષ્યભૂમિને સામે રાખીને જો સ્વીકારાશે તો જ તે પરિગ્રહ 'ધર્મોપકરણ' રૂપે સાધકને સહાયક બનશે, અન્યથા અધિપકરણ રૂપે બનતા વાર લાગશે નહી.

૫	૬
૧ અહેતુને જાણે	૧ અહેતુએ જાણે
૨ અહેતુને જૂએ	૨ અહેતુએ જૂએ
૩ અહેતુને સારી રીતે શ્રધ્ધે	૩ અહેતુએ સારી રીતે શ્રધ્ધે
૪ અહેતુને સારી રીતે પ્રાપ્તકરે	૪ અહેતુએસારી રીતેપ્રાપ્તકરે
૫ અહેતુવાળુ કેવલી મરણ કરે	૫ અહેતુએ કેવલી મરણ કરે

નરકગતિના જીવો શું આરંભવાલા છે ? પરિગ્રહવાલા છે ? ગૌતમ સ્વામીના આ પ્રશ્નમાં દિવ્યજ્ઞાની ભગવાન મહાવીર સ્વામી જે જીવમાત્રના મૂકેલા પુદ્ગલ પરિણામોની ક્રિયા-વિક્રિયાને જાણનારા છે કયા પુદ્ગલ કેવો નાશ સર્જશે. અથવા સર્જ રહ્યો છે. તેને પ્રત્યક્ષ કરનારા છે. તેમણે કહ્યું કે :-હે ગૌતમ ! નારક જીવો પરિગ્રહ અને આરંભવાલા છે, તેમને શરીર છે, કર્મો છે, તથા સચિત્ત, અચિત્ત અને મિશ્ર દ્રવ્યોનો પરિગ્રહ છે, માટે ત્રસકાય જીવોનો આરંભ કરવાવાલા હોવાથી નવા કર્મોને પણ બાંધનારા છે.

જે ગતિમાંથી નરકમાં જવાની યોગ્યતા વાલા જીવો નરકભૂમિમાં જાય છે, તેઓના અધ્યવસાયો ઘણા જ ખરાબ વૈરયુક્ત, પાપિષ્ઠ તથા કિલષ્ટ હોવાના કારણે નરકમાં ગયા પછી પણ તે અધ્યવસાયોના પરિણામે નારક જીવ હમેશા વૈર કરનારા, વૈરને વધારનારા, અને વૈરની વસુલાત કરવાવાલા હોવાથી આરંભના માલિક બને છે વૈર-ક્રોધ માન-માયા-લોભ આદિ આન્તર પરિગ્રહને લઈને સામેવાલા બીજા નારક જીવને જોતાં જ વૈરાદિની લેશ્યાઓથી તે નારક જીવો ઓતપ્રોત થાય છે, અને વૈક્રિય લબ્ધિ વડે ઘણા પ્રકારના હિંસક શસ્ત્રોનો પરિગ્રહ ઉપાર્જન કરીને પરસ્પર મારફાટ કરે છે. અને ભયંકર વેદનાઓ ભોગવે છે. જે ફરીથી કર્મ

૭	૮
૧ અહેતુને ન જાણે	૧ અહેતુએ ન જાણે
૨ અહેતુને ન જૂએ	૨ અહેતુએ ન જૂએ

બંધનનું કારણ બને છે, બીજી વાત એ છે કે:– મનુષ્ય અવતારને છોડીને નરકભૂમિમાં જતાં પહેલા તે માનવને નરકના સંસ્કારોની લેશ્યા ઉદયમાં આવી જવાથી તેના સંપૂર્ણ આત્મિક પ્રદેશો (આઠ રુચક પ્રદેશ વિના) પણ ક્રોધ અને વૈરમય બની જતાં થોડી ઘણી પણ મેળવેલી જ્ઞાન સંજ્ઞા દબાઈ જાય છે અને ભયંકર વૈર કર્મના સન્નિપાતમાં કોઈ પણ જીવ સાથે ક્ષમાપના, મિચ્છામિ દુક્કડં, ભવ આલોયણા પુદ્ગલોનો પરિત્યાગ, અને તેનાથી થયેલી તથા થનારી હિંસાનો ત્યાગ કર્યા વિના જ જીવ નરકમાં જાય છે. તેથી તેના મર્યા પછી પણ શેષ રહેલું, ધન, શસ્ત્ર, વસ્ત્ર, આદિ સામગ્રી પણ પરજીવોને ક્લેશ કરાવનારી હોવાથી તે બધાઓનું પાપ તે વસ્તુના મૂળ માલિકને પણ લાગે છે.

આ કારણે જ લોકોત્તર જૈન શાસન વારંવાર ફરમાવે છે કે, "તમે તમારી જીવનયાત્રાને અનાસક્ત, સમ્યક્ત્વ અને સમતા ભાવે પૂર્ણ કરશો અને પુનઃ પુનઃ મિચ્છામિ દુક્કડં દેવાની ભાવનાને જાગૃત રાખશો, જેથી આ ભવની કોઇ પણ વસ્તુ આપણા મર્યા પછી આપણને કે કોઈને પણ બાધક થવા પામે નહી."

અસુરકુમારો તથા સ્તનિતકુમાર દેવો પણ પરિગ્રહી હોવાના કારણે પૃથ્વીકાય તથા ત્રસકાય જીવોનો વધ કરે છે.

૩ અહેતુને સારી રીતે શ્રધ્ધે ૩ અહેતુએ સારી રીતે ન શ્રધ્ધે
૪ અહેતુને સારી પ્રાપ્ત કરે ૪ અહેતુએ સારી રીતે ન પ્રાપ્ત કરે

કેમકે તેઓને પણ શરીરો, કર્મો પરિગૃહીત છે, તેથી તેમને દેવોનો અને દેવીઓનો પરિગ્રહ છે, યાવત્ દેવગતિમાં આવતા પહેલા મનુષ્યો, મનુષ્ય સ્ત્રીઓ, તિર્યંચો અને તિર્યંચ સ્ત્રીઓએ આસન, શયન, માટીના વાસણો, કાંસાના ભાજનો કડાઇ, કડછી વગેરેનું ગ્રહણ કર્યું છે, માટે જ પરિગ્રહ અને આરંભવાલા છે એકેન્દ્રિય જીવો પણ કર્મવાલા હોવાથી પરિગ્રહી અને આરંભી છે. આ બેઈન્દ્રિય, તેઇંદ્રિય અને ચતુરિન્દ્રિય જીવોને માટે પણ સમજવું,

તિર્યંચ પંચેન્દ્રિય જીવોએ પણ કર્મોને ગ્રહણ કરેલા હોવાથી પર્વતો, શિખરો, શૈલી, શિખરવાલા, પહાડો, જલ સ્થળ, ગુફા, પાણીના ઝરણા, નિર્ઝરણા, જલના સ્થાનો, કુવા, તલાવ, નદી, વાવ, નીક વગેરે અસંખ્યાત સ્થાનોને પરિગૃહીત કર્યા હોવાથી પરિગ્રહી છે અને આરંભી છે. મનુષ્યો, વાણવંતરો, જ્યોતિષીઓ, વૈમાનિકોને માટે આમ જ સમજવું. આ પ્રમાણે પ્રતિસમયે જીવાત્મા કર્મો બાંધે છે.

સાર અટલો જ છે કે પચ્ચક્ખાણ, પ્રતિક્રમણ, આલોચના ગર્હણા, અને પાપભીરુતા વિનાના જીવને કયા સમયે કેવા સંસ્કારો, સ્વપ્નાઓ, લેશ્યાઓ ઉદયમાં આવશે તે કહી શકાય તેમ નથી, અને તેમ થતાં જીવનમાં ક્રોધ–માન–માયા અને લોભનો પ્રવેશ થતા જીવાત્માની દશા કર્મોના બંધન કરવા જેવી થતાં વાર લાગતી નથી.

૫ અહેતુવાળુ છદ્મસ્થ મરણ ૫ અહેતુએ છદ્મસ્થ મરણ કરે.
કરે ૮૦

---

૮૦ બહુશ્રુતગમ્ય આ હેતુ આદિના ૮ સૂત્રો ટીકાકારના ભાવ પ્રમાણે જ ઉપર ઉપરથી જાણવાનો પ્રયાસ કરીએ.

જીવોના ચાર પ્રકાર છે :

૧. સમ્યગ્દૃષ્ટિ. ૨. મિથ્યાદૃષ્ટિ ૩. કેવળજ્ઞાની અને ૪. અવધિજ્ઞાની. સમ્યગ્દૃષ્ટિ આત્મા સમ્યગ્જ્ઞાની હોવા છતાં પણ છદ્મસ્થ છે માટે હેતુઃ (हिनोति–गमयति जिज्ञासित धर्म-विशिष्टान् अर्थान् इति हेतुः) એટલે કે જિજ્ઞાસિત ધર્મના વિશિષ્ટ અર્થને જણાવે તે હેતુ–સાધન–લિંગ કહેવાય છે. જે "निश्चितान्यथानुपत्येक लक्षणो हेतुः" એટલે કે સાધ્ય વિના જેની ઉત્પત્તિ થઈ શકે જ નહી તે હેતુનું લક્ષણ છે. આવા હેતુના ઉપયોગથી જીવાત્મા અભિન્ન હોવાથી પુરુષ પણ હેતુ કહેવાય છે.

ક્રિયાની પૃથક્તાને લઇને હેતુ પાંચ પ્રકારનો છે, જીવમાં સમ્યગ્દૃષ્ટિપણું હોવાથી હેતુ પણ સમ્યગ્દૃષ્ટિ જાણવો. સાધ્યને સત્યસ્વરૂપે સિદ્ધ કરનાર અને સાધ્યના સદ્ભાવમાં સાથે રહેનાર હેતુને જાણે છે. સામાન્ય રૂપે હેતુને જુએ છે, હેતુને સારી રીતે સદ્દહે છે. સાધ્યની સિદ્ધિમાં વાપરવાથી હેતુને સારી રીતે પ્રાપ્ત કરે છે, અને મરણનાં કારણરૂપ અધ્યવસાય વગેરે, મરણનો હેતુ સાથે સંબંધ હોવાથી મરણ પણ હેતુ કહેવાય છે, માટે તે હેતુને એટલે હેતુવાલા છદ્મસ્થ

પુદ્ગલ

ભગવાન મહાવીર સ્વામીના શિષ્ય નારદપુત્ર નામના અનગાર અને બીજા શિષ્ય નિર્ગ્રંથી પુત્ર આ બેની પુદ્ગલો સંબંધી ચર્ચા છે. સાર આ છે :—

જ્યાં નારદપુત્ર અનગાર છે, ત્યાં નિર્ગ્રંથી પુત્ર અનગાર આવે છે. પ્રારંભમાં નિર્ગ્રંથીપુત્ર અનગાર નારદપુત્ર અનગારને પૂછે છે, અને એ બેની ચર્ચા થાય છે.

નારદપુત્ર અનગાર પોતાના મત પ્રમાણે બધા પુદ્ગલોને સઅર્થ, સમધ્ય અને સપ્રદેશ બતાવે છે. ત્યારે નિર્ગ્રંથી પુત્ર અનગાર પૂછે છે કે શું દ્રવ્યાદેશ વડે સર્વે પુદ્ગલો સઅર્થ,

---

મરણને કરે છે અહીં કેવળીમરણ લેવાનું નથી કેમ કે તે અહેતુક હોય છે, અને સજ્ઞાન હોવાથી અજ્ઞાન મરણ પણ લેવાનું નથી.

બીજા પ્રકારે પણ અનુમાનને ઉત્પન્ન કરનાર હેતુ વડે અનુમેય વસ્તુને સમ્યગ્દૃષ્ટિ હોવાથી સારી રીતે જાણે છે, જુએ છે, શ્રદ્ધે છે, સારી રીતે પ્રાપ્ત કરે છે, અને અકેવળી હોવાથી અધ્યવસાયરૂપ હેતુથી છદ્મસ્થ મરણ કરે છે.

આ બંને સૂત્રોમાં જીવાત્મા સમ્યગ્દૃષ્ટિ હોવાથી સાધ્યને સિદ્ધ કરવા માટે સાધન (હેતુ) પણ સમ્યક્ પ્રકારે સ્વીકારશે જેમ કે :—" उपयोगत्त्वं जीवस्य लक्षणम् " એટલે જીવરૂપ સાધ્યનું ઉપયોગ લક્ષણ જ ઠીક છે, સર્વાંગીણ શુદ્ધ છે, માટે સાચુ છે. કેમ કે :—जीवति प्राणान् धारयती ति जीवः અને ज्ञानाधिकरणं आत्मा ' અર્થાત્ દશ દ્રવ્ય પ્રાણોને ધારણ

સમધ્ય અને સપ્રદેશ છે ? અને અનર્ધ, અમધ્ય અને અપ્રદેશ નથી ? તેમ ક્ષેત્રાદેશ વડે પણ એમજ છે? અને તેજ પ્રમાણે કાલાદેશથી કે ભાવાદેશથી પણ છે ?

નારદપુત્ર અનગાર કહે છે કે–હા, એ જ પ્રમાણે છે. આ ચર્ચામાં નારદપુત્ર અનગારને નિર્ગ્રંથીપુત્ર અનગાર નિરુત્તર કરે છે પછી નિર્ગ્રંથીપુત્ર અનગાર પાસે જ જાણવાની ઇચ્છા નારદપુત્ર અનગાર પ્રકટ કરે છે. એટલે નિર્ગ્રંથીપુત્ર અનગાર આ પ્રમાણે સ્પષ્ટતાપૂર્વક સમજાવે છે.

દ્રવ્યાદેશ વડે પણ સર્વ પુદ્ગલો સપ્રદેશ પણ છે અને અપ્રદેશ પણ છે. તે અનંત છે. ક્ષેત્રાદેશ વડે પણ એમજ છે. કાલાદેશ અને ભાવાદેશ વડે પણ એમજ છે.

કરે તે જીવ છે અને જીવાત્મા જ્ઞાનસ્વરૂપે જ હોય છે, તે કારણે જીવનુ સાચું લક્ષણ ઉપયોગ જ હોઈ શકે છે.

હવે બે સૂત્રો ત્રીજા અને ચોથા નંબરના મિથ્યાદૃષ્ટિને માટે છે.

હેતુનો વ્યવહારી હોવાથી જીવ પણ હેતુ કહેવાય છે. જીવ મિથ્યાદૃષ્ટિ હોવાના કારણે હેતુને અસમ્યક્ પ્રકારે જાણે છે. જૂએ છે, શ્રદ્ધે છે. પ્રાપ્ત કરે છે, અને અસમ્યગ્જ્ઞાની હોવાથી અધ્યવસાયાદિ હેતુ સહિત અજ્ઞાન મરણ કરે છે. બીજી રીતે હેતુ એટલે નિશાન તે વડે સમ્યક્ પ્રકારે જાણતો નથી, જોતો નથી, શ્રદ્ધતો નથી, પ્રાપ્ત કરતો નથી, અને અજ્ઞાન મરણ કરે છે. આ બંને સૂત્રોમાં મિથ્યાદૃષ્ટિ પણાનું જોર હોવાથી મિથ્યાજ્ઞાનને લઈને હેતુ પણ બરાબર જાણી શકતા નથી જેમ કે 'परिणामी शब्दः चाक्षुषत्वात् 'अचेतनास्तरवः विज्ञानेन्द्रिडऽयुर्निरोध लक्षणमरणरहित्वात्" ઈત્યાદિ

જે પુદ્ગલ દ્રવ્યથી અપ્રદેશ છે. તે નિયમે ક્ષેત્રથી અપ્રદેશ હોય, કાલથી કદાચિત્ સપ્રદેશ અને કદાચિત અપ્રદેશ હોય, અને ભાવથી પણ કદાચિત્ સપ્રદેશ હોય ને કદાચિત્ અપ્રદેશ હોય.

જે ક્ષેત્રથી અપ્રદેશ હોય, તે દ્રવ્યથી કદાચ સપ્રદેશ હોય, અને કદાચ અપ્રદેશ હોય, કાલથી તથા ભાવથી પણ ભજના એ જાણવું. જેમ ક્ષેત્રથી કહ્યું, તેમ કાલથી અને ભાવથી કહેવું.

હેતુઓ અજ્ઞાનપૂર્ણ હોવાથી સાધ્યનું સત્ય સ્વરૂપ શી રીતે જાણી શકાશે ?

હવે બે સૂત્રો પાંચમા અને છઠ્ઠા નંબરના કેવળજ્ઞાનીને માટે છે તેમને સઘળું પ્રત્યક્ષ હોય છે. માટે તેવા પ્રત્યક્ષ જ્ઞાન ધરાવતા કેવળજ્ઞાનીઓને કંઈ પણ જોવા માટે કે જાણવા માટે કોઈ પણ જાતના હેતુ કે નિશાનની જરૂર રહેતી નથી, તેથી તેઓ હેતુની જરૂર વિનાના કહેવાય છે. અહેતુક કહેવાય છે એટલે કે પ્રત્યક્ષ જ્ઞાનીપણાને લીધે હેતુના વ્યવહારી ન હોવાથી કેવળજ્ઞાનીઓ અહેતુ કહેવાય છે. સર્વજ્ઞત્વને લઈને અનુમાનની જરૂર ન હોવાથી ધૂમાદિક પદાર્થોને અહેતુ સમજે છે. અગ્નિને જાણવા માટે તેઓ (ધૂમાદિને) હેતુ ભાવે જાણતા નથી. કેમ કે સર્વજ્ઞને અનુમાન કરવાપણું હોતું નથી. તેથી ધૂમાદિક હેતુની અપેક્ષા વિનાના સર્વજ્ઞ અહેતુક કહેવાય છે. અહેતુને જુએ છે, પ્રાપ્ત કરે છે તથા અનુપક્રમી હોવાથી એટલે કે કોઈ નિમિત્તથી પણ મર્યા ન મરે તેવા હોવાથી અહેતુક કેવળી મરણ કરે છે.

જે પુદ્ગલ દ્રવ્યથી સપ્રદેશ હોય, તે ક્ષેત્રથી કદાચ સપ્રદેશ હોય, અને કદાચ અપ્રદેશ હોય. એમ કાલથી અને ભાવથી પણ જાણવું.

જે પુદ્ગલ ક્ષેત્રથી સપ્રદેશ હોય, તે દ્રવ્યથી ચોક્કસ સપ્રદેશ હોય. અને કાળથી તથા ભાવથી ભજના વડે હોય. જેમ દ્રવ્યથી કહ્યું તેમ કાલથી અને ભાવથી પણ જાણવું.

ભાવાદેશ વડે અપ્રદેશ પુદ્ગલો સર્વથી થોડા છે. તે તે કરતાં કાલાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે, તે કરતાં ક્ષેત્રાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તે કરતાં ક્ષેત્રાદેશથી અપ્રદેશો અસંખ્યગુણ છે. તે કરતાં દ્રવ્યાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે. તે કરતાં કાલાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે અને તે કરતાં ભાવાદેશથી સપ્રદેશો વિશેષાધિક છે.

જીવોની વધ ઘટને અવસ્થિતતા

અહિં હવે શ્રી ગૌતમસ્વામી મહાવીર ભગવાનને પૂછે છે. મહાવીર સ્વામી ઉત્તર આપે છે.

જીવો વધતા નથી ઘટતા નથી પણ અવસ્થિત રહે છે. નૈરયિકો વધે છે, ઘટે છે ને અવસ્થિત પણ રહે છે. જેમ નૈરયિકો માટે કહ્યું, તેમ વૈમાનિક સુધીના જીવો માટે જાણવું.

જ્યારે છેલ્લાં બે સૂત્રો અવધિ વગેરે જ્ઞાનવાલાને માટે છે. જેઓ સંપૂર્ણ જ્ઞાની ન હોવાથી ધૂમાદિક પદાર્થો અનુમાનના પ્રાદુર્ભાવ જ છે. એવો એકાન્ત ન હોવાથી તેઓને સર્વથા અહેતુ ભાવે જાણતા નથી પણ કથંચિત્ જ જાણે છે.

અધ્યવસાય વગેરે ઉપક્રમ કારણ હોવાથી કેવલી મરણ નહી પણ છદ્મસ્થ મરણ કરે છે, અવધિજ્ઞાન હોવાથી આ મરણ અજ્ઞાનમરણ કહેવાતું નથી.

સિદ્ધો વધે છે, પણ ઘટતા નથી, અવસ્થિત રહે છે. જીવો સર્વકાળ સુધી અવસ્થિત રહે છે.

નૈરયિકો જઘન્યથી એક સમય સુધી અને ઉત્કૃષ્ટથી ચોવીસ મુહૂર્ત સુધી અવસ્થિત રહે છે. એ પ્રમાણે સાતે પૃથ્વીમાં પણ રત્નપ્રભામાં ૩૮ મુહૂર્ત, શર્કરાપ્રભા ૧૪ રાત્રિ દિવસ, વાલુકાપ્રભામાં એક માસ, પંકપ્રભામાં બે માસ, ધૂમપ્રભામાં ચાર માસ, તમઃપ્રભામાં ૮ માસ, અને તમસ્તમઃ પ્રભામાં બાર માસ અવસ્થાન કાળ છે.

જેમ નૈરયિકો માટે કહ્યું, તેમ અસુરકુમારો પણ વધે છે, ઘટે છે અને જઘન્યે એક સમય સુધી ને ઉત્કૃષ્ટે ૪૮ મુહૂર્ત્ત સુધી અવસ્થિત રહે છે. એ પ્રમાણે દશે પ્રકારના પણ ભવનપતિ કહેવા.

એકેન્દ્રિયો વધે છે, ઘટે છે ને અવસ્થિત પણ રહે છે. એનો આ અવસ્થિત કાળ જઘન્યે એક સમય ને ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ સમજવો.

બે ઈન્દ્રિયો, ત્રેઈન્દ્રિયો વધે છે, ઘટે છે અને તેમનું અવસ્થાન જઘન્ય એક સમય ને ઉત્કૃષ્ટે બે અન્તર્મુહૂર્ત જાણવું એ પ્રમાણે ચઉરિન્દ્રિયનું પણ જાણવું.

અવસ્થાનકાળમાં ભેદ હોય છે. જેમ—

સમૂર્ચ્છિમ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોનો અવસ્થાનકાળ બે અન્તર્મુહૂર્ત, ગર્ભજ પંચેન્દ્રિય તિર્યંચ યોનિકોનો ચોવીશ મુહૂર્ત, સમૂર્ચ્છિમ મનુષ્યોનો અડતાલીસ મુહૂર્ત, ગર્ભજ મનુષ્યોનો ચોવીશ મુહૂર્ત.

વાણવ્યન્તર, જ્યોતિષિક, સૌધર્મ અને ઈશાન દેવલોકમાં ૪૮મુહૂર્ત, સનત્કુમાર દેવલોકમાં અઢાર રાત્રિ દિવસ

અને ૪૦ મુહૂર્ત, માહેન્દ્ર દેવલોકમાં ચોવીશ રાત્રિ–દિવસને ૨૦ મુહૂર્ત. બ્રહ્મલોકમાં ૪૫ રાત્રિ–દિવસ, લાંતક દેવલોકમાં નેવું રાત્રિ–દિવસ. મહાશુક્ર દેવલોકમાં ૧૦૮ રાત્રિ–દિવસ. સહસ્રાર દેવલોકમાં બસો રાત્રિ–દિવસ. આનત અને પ્રાણત દેવલોકમાં સંખ્યેય માસો સુધી. આરણ અને અચ્યુત દેવલોકમા સંખ્યેય વર્ષોના, ગ્રૈવેયક દેવોનો, વિજય, વૈજયંત, જયંત અને અપરાજિત દેવોનો અસંખ્ય હજાર વર્ષો સુધીનો અવસ્થાન કાળ છે. સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમના અસંખ્ય હજાર વર્ષો સુધીનો અવસ્થાન કાળ છે. સર્વાર્થસિદ્ધમાં પલ્યોપમના સંખ્યેય ભાગ સુધી. અને એઓ જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે આવલિકાના અસંખ્ય ભાગ સુધી વધે છે અને ઘટે છે.

સિદ્ધો જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આઠ સમય સુધી વધે છે અને જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે છ માસ સુધી સિદ્ધો અવસ્થિત રહે છે.

જીવો નિરુપચય અને નિરપચય છે. પણ સોપચય નથી, સાપચય નથી, સોપચય–સાપચય નથી.

એકેન્દ્રિય જીવો ત્રીજા પદમાં છે. એટલે સોપચય ને સાપચય છે.

સિદ્ધો નિરુપચય છે ને નિરપચય છે. જીવો સર્વકાળ સુધી નિરુપચય છે.

નૈરયિકો જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટે આવલિકાના અસંખ્ય ભાગ સુધી સોપચય છે. આવી જ રીતે નૈરયિકો તેટલા જ કાળ સુધી સાપચય પણ છે. એટલા જ

જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આવલિકાનો અસંખ્ય ભાગ છે. અવસ્થિતોમાં વ્યકાંતિ કાળ કહેવો.

સિદ્ધો જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે આઠ સમય સુધી સોપચય છે.

સિદ્ધો જઘન્યે એક સમય અને ઉત્કૃષ્ટે છ માસ સુધી નિરૂપચય ને નિરપચય છે. 卐[૮૧]

કાળ સુધી સોપચય અને સાપચય પણ છે. અને નૈરયિકો જઘન્યે એક સમય સુધી અને ઉત્કૃષ્ટ બાર મુહુર્ત્ત સુધી નિરૂપચય ને નિરપચય છે.

બધા એકેન્દ્રિય જીવો સર્વકાળ સુધી સોપચય અને સાપચય છે.

બાકીના બધા જીવો સોપચય પણ છે અને સાપચય પણ છે. નિરૂપચય છે ને નિરપચય પણ છે.

卐 ૮૧. અનંત ધર્મો (પર્યાયો)થી યુક્ત ચેતન–જડાદિ અનંત પદાર્થોથી ભરેલા આ અનંત સંસારનું માપ સર્વજ્ઞ તીર્થંકર પરમાત્માઓ સિવાય બીજા કોઈ પણ કાઢી શકતા નથી.

મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની મર્યાદામાં રહેલો માણસ અપૂર્ણજ્ઞાની હોવાથી અનંત પદાર્થોને જોવા અને જાણવા અસમર્થ છે. કારણ કે આ બન્ને જ્ઞાનો ઈન્દ્રિયાધીન હોવાથી મર્યાદિત જ છે.

(૧) ઇન્દ્રિયોમાં વિષય જ્ઞાનની શક્તિનું ન્યૂનાધિકપણું હોવાથી મતિજ્ઞાની બધાએ પદાર્થો અને પર્યાયોને તારતમ્ય ભાવે જોશે, સંસારના દ્રવ્યોની એવી વિચિત્રતા છે કે–ઘણા

દ્રવ્યોને મતિજ્ઞાની સ્પર્શી પણ શકતો નથી. તેવી જ રીતે આપણો સ્વભાવ પણ મર્યાદિત છે, જેથી સંસારની ઘણી વસ્તુઓને જાણવાની ઉત્કંઠા પણ થતી નથી. આમાં આ જ્ઞાનની દુર્બલતા સ્પષ્ટ દેખાય છે જેથી દૃશ્યમાન પદાર્થોને પણ પૂરા જાણી શકતા નથી, પછી અદૃશ્યમાન પદાર્થોને જાણવાની તો વાત જ કયાં રહી ?

(૨) ઘણા પદાર્થો એવા છે કે જે આગમગમ્ય જ છે. અને આગમવાદે વર્તમાનમાં ગુરુગમ પણ નથી. આગમગમ્ય પદાર્થો હંમેશ માટે આગમગમ્ય (શ્રદ્ધાગમ્ય) જ હોય છે.

(૩) જ્ઞેયતત્ત્વની ગહનતાને લીધે પણ આપણું મતિજ્ઞાન તેમાં ઊંડે સુધી પ્રવેશ પામી શકતું નથી.

(૪) જ્ઞાનાવરણીય કર્મનો ઉદયકાળ પણ તીવ્ર છે. જેથી ઘણા પદાર્થો આપણી સમજણમાં આવતા નથી. કેમકે મતિજ્ઞાનના ક્ષયોપશમ કરતાં મતિજ્ઞાનાવરણીય કર્મ અનંતગણું વધારે છે.

(૫) હેતુ અને ઉદાહરણના અભાવમાં પણ પદાર્થો સ્પષ્ટ જણાતા નથી.

(૬) શ્રુતજ્ઞાની પણ અનંતપદાર્થોને તથા પ્રત્યેક પદાર્થના અનંત પર્યાયોને જાણી શકતો નથી. કેમકે કેવળજ્ઞાની જેટલા પદાર્થોને જાણે છે, તેટલા ઉપદેશી શકતા નથી. અને જેટલા ઉપદેશે છે, તેમાંથી અનંતમાં ભાગેજ શાસ્ત્રોમાં ગૂંથાયા છે. આથી શ્રુતજ્ઞાન પણ બધા જ્ઞેય પદાર્થોને સ્પર્શી શકતું નથી.

સમ્યગ્ દર્શનના અભાવમાં મતિ–અજ્ઞાની, શ્રુતઅજ્ઞાની અને વિભંગજ્ઞાની પણ પદાર્થને વિપરિત અને સંશયસીલ થઇને જોશે. માટે મિથ્યાજ્ઞાન પ્રમાણિત હોતું નથી તેમના જોયેલા, જાણેલા અને પ્રરૂપેલા તત્ત્વો યથાર્થ ન હોવાના કારણે પ્રમાણભૂત બની શકતા નથી.

ઈન્દ્રિયોને આશ્રયીને ઉત્પન્ન થનારા જ્ઞાનમાં અપૂર્ણતા એટલા માટે છે કે બાહ્ય ઇન્દ્રિયોને વિષય ગ્રહણ કરવાની શક્તિ જેમ મર્યાદિત છે તેવી જ રીતે ભાવેન્દ્રિયોને પણ વિશિષ્ટ પ્રકારની ક્ષાયિકી લબ્ધિ નહી મળેલી હોવાથી અનંત સંસારને જાણી શકવા માટે સમર્થ નથી.

ક્ષાયોપશમિક જ્ઞાન ચાર પ્રકારે છે.

૧. મતિજ્ઞાન, ૨. શ્રુતજ્ઞાન, ૩. અવધિજ્ઞાન, ૪. મનઃપર્યવજ્ઞાન. આમાં પહેલાના બે જ્ઞાનોને પૌદ્ગલિક ઇન્દ્રિયોની અને મનની આવશ્યકતા અનિવાર્ય છે. જ્યારે છેલ્લા બે જ્ઞાન યદ્યપિ આત્મિક હોય છે, તો પણ જ્ઞાનાવરણીય કર્મોનો સમૂહ સમૂળ નાશ પામેલો ન હોવાથી આ બંને જ્ઞાનો છાદ્મસ્થિક કહેવાય છે. માટે જ અવધિજ્ઞાની અને મનઃપર્યવ જ્ઞાની પણ પૂર્ણજ્ઞાની નથી કેમકે અવધિજ્ઞાની ભાવથી અનંત પર્યાયો જાણે છે તો પણ પ્રત્યેક દ્રવ્યના અનંત પર્યાયો જાણી શકતા નથી, આ જ્ઞાન ગૃહસ્થને પણ થઈ શકે છે. પરંતુ તે ગૃહસ્થ શુદ્ધ અને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર; તથા તપનો આરાધક હોય તો તેમને પ્રાપ્ત થયેલું આ જ્ઞાન પણ સ્વચ્છ; વિશાળ અને ઘણા લાંબા ભૂત કાળને પણ જોઈ શકે છે.

મનઃપર્યવજ્ઞાની પણ મનરૂપે પરિણિત થયેલા જ રૂપી પદાર્થોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે. પણ અધ્યવસાયરૂપ ભાવ મનને તો મનઃપર્યવજ્ઞાની પણ જાણી શકતો નથી.

યદ્યપિ આ જ્ઞાનીની તુલનામાં સંસાર ભરનો બીજો કોઈ પણ યોગી આવી શકતો નથી. પછી ચાહે તે નગ્ન રહે, ધુણી તપે, શુષ્કપત્રાહાર કરે, જંગલની ભયંકર બીણમાં રહે, માસોપવાસી બને, ઉંધે માથે લટકે, ગમે તેટલી જટા તથા નખ વધારે, સિદ્ધિઓ પ્રાપ્ત કરે, ગમે તેવા અને ગમે તેટલા ચમત્કારો બતાવે, દેવતાઓના આસન ડોલાવે, કે દેવીઓને સ્વાધીન કરે, લોહી અને માંસ સુકાવી મારે તેવી તપશ્ચર્યા કરે, અથવા સર્વથા મૌન ધારે, હજારો, લાખો અને કરોડોની સંખ્યામાં શ્લોકો કંઠસ્થ કરે તથા ઢગલા બંધ નવા શ્લોકો રચે તો પણ મનઃપર્યવજ્ઞાનીની હોડ કરી શકે તેમ નથી. કેમકે આ જ્ઞાન સાથે અપ્રમત્તભાવ અને સંયમની શુદ્ધિની નિતાન્ત આવશ્યકતા છે.

આ પ્રમાણેના ચારે જ્ઞાનના માલિકો ભલે ૧૧ મું ગુણઠાણું મેળવી લે તો પણ તીર્થંકર દેવના ક્ષાયિક જ્ઞાન સાથેની તુલના કરવા માટે સમર્થ નથી કેમ કે બાહ્ય અને અંતરંગ સંખ્યાતા, અસંખ્યાતા અને અનંત અતિશયોથી પરિપૂર્ણ ભગવાન મહાવીર સ્વામી કેવળજ્ઞાનના માલિક છે. જેઓ ૧ અનંતવિજ્ઞાન ૨ અતીત દોષ, ૩ અબાધ્ય સિદ્ધાંત ૪ અમર્ત્ય પૂજ્ય, આદિ અદ્વિતીય વિશેષણોથી યુક્ત છે. અને કેવળજ્ઞાની તીર્થંકર સિવાય આ ચારે વિશેષણો બીજે કયાંય હોતા નથી.

અનંતવિજ્ઞાન–એટલે અપ્રતિપાતિ, જે કોઈ કાળે પણ

પોતાની સત્તાથી ખસે નહી. 'વિ' એટલે વિશિષ્ટ–સંસાર–ભરના સંપૂર્ણ દ્રવ્યો અને તેના અનંત પર્યાયોને સાક્ષાત કરનારા કેવળજ્ઞાનીને અનંત વિજ્ઞાન કહેવામાં આવે છે.

અતીતદોષ–સત્તામાંથી સર્વથા ખસી ગયેલા છે રાગ–દ્વેષ–મોહ આદિ દોષો જેમનાં તે અતીતદોષ કહેવાય છે.

અબાધ્ય સિદ્ધાન્ત–સ્યાદ્વાદ મુદ્રાથી મુદ્રિત જેમના સિદ્ધાંતને કોઈ પણ વાદી–પ્રતિવાદી–વિતંડાવાદી બાધા પમાડી શકે તેમ નથી. અમર્ત્ય પૂજ્ય–સામાન્ય દેવતાઓના પણ પૂજ્ય છે.

અનંત વિજ્ઞાનની સાથે અતીતદોષ વિશેષણ એટલા માટે સાર્થક છે કે, 'અનંતવિજ્ઞાન' એટલે કેવળજ્ઞાન જે મહાપુરુષોને હોય તેમનો 'મોક્ષ' સર્વથા અવ્યાબાધ છે, "છતાં પણ જેઓ પોતાના મતના તિરસ્કાર તથા બાધા જોઈને ફરીથી જન્મ ધારે છે તેઓ દોષાતીત હોઇ શકે નહિ કારણકે ફરીથી જન્મ લેવાનો અર્થ જ આ છે કે પોતાના સ્થાપેલ મત ઉપર રાગ અને પોતાના મતનો તિરસ્કાર કરનારને દંડ દેવો તે દ્વેષ છે અ બંને મોહરાજાના પુત્રો જેવા રાગ અને દ્વેષ જેમના જીવનમાં હોય ત્યાં સંસારનું કોઈપણ દૂષણ શેષ રહેતું નથી. માટે દોષોની સદ્ભાવનામાં જ અવતાર લેવાનો હોય છે. કેવળી ભગવંતના બધાએ દોષો સમૂળ નાશ થયેલા હોવાથી તેમને જન્મ લેવાનો છે જ નહી. કદાચ કોઈ કહે કે 'અતીતદોષ' વિશેષણ ભલે રહ્યું કેમ કે જે અતીત દોષ હશે તે અનંત વિજ્ઞાન પણ હોય જ છે. આના જવાબમાં જાણવાનું કે "કોઈ વાદીએ

પોતાના માનેલા હોવા છતાં પણ અનંતજ્ઞાનની આવશ્યકતા માની નથી જેમકે ' ભગવાન કેવળ ઈષ્ટ તત્વને જાણે તે જરૂરી છે પણ સંસારના બધા પદાર્થોનું જ્ઞાન શા કામનું ? કીડા કેટલા ? નારકના જીવો શી રીતે રહે છે ? ઈત્યાદિ અનાવશ્યક પદાર્થોના જ્ઞાનની આવશ્યકતા શા કામની ?

આ પ્રમાણે માનનારાઓને સમજણ આપતાં જૈનાચાર્યો એ કહ્યું કે 'સર્વજ્ઞ' તે જ હોઈ શકે છે, જે સંસારના અનંત પદાર્થો અને એક એક પદાર્થના અનંત પર્યાયોને જાણી શકવા માટે સમર્થ હોય.

જે ભગવાનને સંસારના પદાર્થોનું યથાર્થ જ્ઞાન ન જ હોય તો તેમનું 'ભગવંતતત્વ' શા કામનું ?

પદાર્થ માત્રમાં અનંત પર્યાયો અસ્તિત્વ અને નાસ્તિત્વઆદિના સંબંધની અપેક્ષાએ વિદ્યમાન હોવાના કારણે દ્રવ્ય માત્ર અનંતપર્યાયાત્મક જ હોય છે. એવી સ્થિતિમાં જે ભગવાન પદાર્થના એક પર્યાયને પણ સમ્યક્ પ્રકારે જાણી ન શકે તે બધાએ પર્યાયોને શી રીતે જાણી શકશે ?

આ સ્થિતિમાં 'અનંતવિજ્ઞાન' વિશેષણને સાર્થક નહી કરનાર વ્યક્તિ 'સર્વજ્ઞ' બની શકે તેમ નથી.

દ્રવ્યમાં રહેલા અનંત પર્યાયો

હવે સંક્ષેપથી આપણને અનંતધર્મોનો ખ્યાલ આવે, તે જોઈએ, અનંત એટલે જેનો અંત નથી-ગણત્રી નથી, તે અનંત દ્રવ્યો અને સહભાવી તથા ક્રમભાવી પર્યાય-સ્વરૂપને ધર્મ કહેવાય છે.

ધર્મ અને ધર્મી, ગુણ અને ગુણી, તથા સ્વરૂપ અને સ્વરૂપી તાદાત્મય સંબંધે સહભાવી જ છે. આમાં ધર્મ, ગુણ તથા સ્વરૂપને જ પર્યાય કહેવાય છે અને ધર્મી ગુણી તથા સ્વરૂપી દ્રવ્ય છે.

સૂર્યથી કિરણો અને દ્રવ્યરૂપ કિરણોથી પ્રકાશ ગુણ જેમ કોઈ કાળે અને કોઈના પ્રયત્ન વિશેષથી પણ જુદા પડી શકતા નથી તેવી જ રીતે દ્રવ્ય અને તેના પર્યાયો જૂદા પડી શકે તેમ નથી.

પદાર્થ માત્રમાં રહેલા અનંત ધર્મોની વિદ્યમાનતા અસ્તિત્વરૂપે (હોવારૂપે) અથવા નાસ્તિત્વરૂપે (ન હોવાપણે) તર્ક સંગત અને આગમ સંગત છે. સંસારભરમાં આકાશ-કુસુમ, ગધેડાનું શીંગ અને વાંઝણીનો છોકરો નામના કોઈ દ્રવ્યની વિદ્યમાનતા છે જ નહિ માટે તેના અનંતધર્મોની વિચારણા પણ હોઇ શકે નહી પરન્તુ ઘટ–પટ જીવ શરીર વગેરે દ્રવ્યોની વિદ્યમાનતા પ્રત્યક્ષ છે, માટે તેના અનંત ધર્મો પણ વિદ્યમાન છે. કેમકે દ્રવ્ય વિના પર્યાયો અને પર્યાયો વિનાનું દ્રવ્ય કોઇએ કયારે પણ જોયું નથી, જોવાતું નથી અને ભવિષ્યમાં પણ જોવાશે નહી.

ઉદાહરણ રૂપે સુવર્ણના ઘડાને જ લઈએ, જે પોતાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ અસ્તિત્વ ધર્મથી અને બીજાના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની અપેક્ષાએ નાસ્તિત્વ ધર્મથી સંબંધિત છે.

સત્ત્વ, જ્ઞેયત્વ અને પ્રમેયત્વાદિ ધર્મોની અપેક્ષાએ આ આ ઘડાનો વિચાર કરતાં સત્ત્વ વગેરે તે ઘડાના સ્વપર્યાય છે. કેમકે પદાર્થ માત્રમાં સત્ત્વાદિ ધર્મો હોવાથી એ ધર્મોની

અપેક્ષાએ પ્રત્યેક વસ્તુ પરસ્પર સમાન છે, સજાતીય છે, વિજાતીય પર્યાયો માટે તેમાં અવકાશ નથી.

ઘડો પુદ્ગલના પરમાણુઓથી બનેલો છે, માટે પૌદ્ગલિક દ્રવ્યરૂપે સત્ છે, પરંતુ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, અને કાળ દ્રવ્ય રૂપે તો તે અસત્ છે, અહીં પૌદ્ગિલકત્વ ઘડાનો સ્વપર્યાય છે. અને બીજા દ્રવ્યોના અનંતપર્યાયો પરપર્યાય છે.

પૃથ્વીનો બનેલો હોવાથી પાર્થિવરૂપે સત્ છે અને જલાદિકથી નહી બનેલો હોવાથી તે રૂપે અસત્ છે અહીં પાર્થિવરૂપે ઘડાનો સ્વપર્યાય એક જ છે જ્યારે જલાદિના પરપર્યાયોની સંખ્યા અનંત છે. પાર્થિવમાં પણ ધાતુરૂપે સત્ છે. જ્યારે અસંખ્યાતા માટી વગેરે દ્રવ્યોની અપેક્ષાએ અસત્ છે ધાતુમાં પણ સુવર્ણરૂપે સત્ છે જ્યારે તાંબુ–પીત્તલ આદિ ધાતુઓથી નહી બનેલો હોવાથી તે રૂપે અસત્ છે. અમુક ગામના અમુક બજારના મોતીરામ સોનીનો ઘડેલો હોવાથી તે રૂપે સત્ છે, અને બીજા નરોત્તમ વગેરે સોનારના હાથે નહી ઘડેલો હોવાથી તે રૂપે અસત્ છે. મોટા પેટવાલો ટૂંકી ગરદનવાલો હોવાથી તે રૂપે સત્ છે, પણ નાનું પેટ, મોટી ગરદન આદિ અસંખ્યાત આકાર વિશેષથી અસત્ છે. ગોળાકાર સત્ છે. આ પ્રમાણે આ સોનાના ઘડામાં સ્વપર્યાયોનું અસ્તિત્વ છે. જ્યારે પરપર્યાયોનું નાસ્તિત્વ પણ સ્વતસિદ્ધ છે. ક્ષેત્રની અપેક્ષાએ જમ્બૂદ્વીપ, ભરત ક્ષેત્ર, મુંબઇ–કુંભાર–વાડાના ક્ષેત્રને લઈને સત્ છે, જ્યારે બીજા અસંખ્યાતક્ષેત્ર, અસંખ્યાત ગામ આદિની અપેક્ષાએ અસત્ અમુક ઉપાશ્રયના ક્ષેત્રને લઇને સત્ છે જ્યારે બીજા અનંત

ક્ષેત્રાદિ લઈને અસત્ છે. અમુક આકાશ પ્રદેશના ક્ષેત્રને લઈને સત્ છે. જ્યારે બીજા આકાશ પ્રદેશને લઇને અસત્ છે. કાળની દૃષ્ટિએ અમુક વર્ષના, હેમન્તઋતુના, પોષ મહિનાના, શુકલ પક્ષમાં, આઠમના દિવસમાં બપોરના ત્રણ વાગ્યે ઘડાયેલો હોવાની અપેક્ષાએ સત્ છે. જ્યારે બીજા વર્ષ, બીજી ઋતુ, બીજા મહીનાના અનંતકાળની અપેક્ષાએ અસત્ છે.

ભાવની અપેક્ષાએ, અમુક રંગની અપેક્ષાએ સત્ છે, જ્યારે બીજા રંગોની અપેક્ષાએ અને તારતમ્યે ઓછાવત્તા રંગોની અપેક્ષાએ અસત્ છે. શબ્દની અપેક્ષાએ જુદા જુદા દેશોમાં ઘટ અર્થ જણાવવા માટે જુદા શબ્દોનો વ્યવહાર થાય છે જેમકે ઘડો, માટલું, બેડીઓ, મટકો, પોટ (POT) વગેરે શબ્દોની અપેક્ષાએ સત્ છે પરન્તુ બીજા અનંત દ્રવ્યોના વાચક શબ્દોની અપેક્ષાએ અસત્ છે.

સંખ્યાની દૃષ્ટિએ ઘડાની પંક્તિમાં આ ઘડો પાંચમો હોવાથી તે અપેક્ષાએ સત્ છે. જ્યારે પહેલાના અને પછીના અનંત ઘડાઓની અપેક્ષાએ અસત્ છે.

સંયોગ–વિયોગની અપેક્ષાએ અનંતકાળથી આ ઘડાના પર્યાયો સાથે સંયોગ તથા વિયોગ થયા, તો તે દૃષ્ટિએ સત્ છે અને બીજા પદાર્થો સાથે સંયોગ વિયોગ થયો નથી તે અપેક્ષાએ અસત્ છે.

પરિમાણની અપેક્ષાએ અત્યારે આ ઘડો જે પ્રમાણ (માપ)માં છે તે માપની અપેક્ષાએ સત્ છે. અને બીજા નાના–મોટા માપની દૃષ્ટિએ અસત્ છે.

આ પ્રમાણે એક જ પદાર્થમાં અનંત ધર્મોની વિદ્યમાનતા તર્ક સંગત છે. "ધન વિનાનો ગરીબ માણસ જેમ ધનવાન

કહેવાતો નથી, તેવી રીતે જે પર્યાયો ઘડાના નથી તેમને ઘડા સાથે નાસ્તિત્વ સંબંધ પણ શા માટે જોડી દેવા ?" આના ઉત્તરમાં એટલું જ જાણવાનું કે ધન અને ગરીબ બંને પદાર્થો અનંત સંસારમાં વિદ્યમાન તો છે. માત્ર અત્યારની ક્ષણે બંનેનો અસ્તિત્વ સંબંધ તો છે જ. તેથી આમ ભાષા વ્યવહાર થાય છે કે–' આ માણસ ધન વિનાનો છે' અને સંસાર ભરનો કોઈ માણસ આનો અર્થ બરાબર સમજી જાય છે કે આ માણસ પાસે અત્યારે ધન નથી. તેવી જ રીતે ઘડામાં અત્યારના સમયે જે સ્વપર્યાયો છે તે અસ્તિત્વ સંબંધને આભારી છે, અને જે પર્યાયો અત્યારે નથી તે નાસ્તિત્વ સંબંધને આભારી છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવતાં આ અસ્તિત્વ અને નાસ્તિત્વ, સંબંધમાં વિતંડાવાદની આવશ્યકતા નથી.

માટે પ્રત્યક્ષથી કે આગમથી દેખાતા અનંતધર્મોથી પરિપૂર્ણ પદાર્થ માત્રને જોવા માટે અનંતવિજ્ઞાન (કેવળ–જ્ઞાન)ની આવશ્યકતા અનિવાર્ય છે.

આ પ્રમાણે ભગવાન મહાવીર સ્વામીના તીર્થંકરત્વને સિદ્ધ કરવા માટે અનંત વિજ્ઞાન તથા અતીત દોષની સાર્થકતા જોયા પછી 'અબાધ્યસિદ્ધાન્ત' વિશેષણની યથાર્થતા પણ જાણી લઇએ.

ઘાતી કર્મોનો સમૂળ નાશ થયા પછી જે સર્વથા નિર્દોષ હોય તેમનો સિદ્ધાન્ત જ અબાધ્ય હોય છે. અરિહંત તીર્થંકર પરમાત્મા જ સર્વથા નિર્દોષ છે. અને સયોગી–સશરીર હોવાના કારણે જ સમવસરણમાં વિરાજમાન થઈ

દેવ–અસુર, માનવ અને તેમના અધિપતિઓની પર્ષદામાં વ્યાખ્યાન આપે છે.

સિદ્ધાન્તોની રચના પૌરુષેય જ હોય છે. કોઈ કાળે પણ અપૌરુષેય વચન સંભવી શકેજ નહી. કેમકે શરીરધારીનેજ મુખ, કંઠ, હોઠ દાંત આદિ અવયવો હોય છે, જે શબ્દોની ઉત્પત્તિના મૂળ કારણ છે, તે વિના શબ્દોની સ્પષ્ટ ઉચ્ચારણ સર્વથા અસંભવ છે.

તે શરીરધારી પણ કેવળજ્ઞાની હોય, તીર્થંકર હોય તેમના જ વચનો પ્રમાણ હોય છે. અબાધ્ય હોય છે, કારણ -કે તીર્થંકરોના જીવનમાં શારીરિક, વાચિક, અને આત્મિક દોષોનો સર્વથા અભાવજ હોય છે. અને જેઓ કેવળજ્ઞાનને મેળવી શકયા નથી તેમના વચનોમાંજ શારીરિક દોષ, કામ ક્રોધના સંસ્કાર વાચિક અને આત્મિક દોષોની ભરમાર અવશ્યમેવ હોવાના કારણેજ તેમના વચનો પરસ્પર અપ્રમાણિત હોય છે. જેમ કે–

છાન્દોગ્ય ઉપનિષદ્દમાં 'न हिंस्यात् सर्वभूतानि' આ પ્રમાણે કહી લીધા પછી પાછું આમ કહેલું છે "અશ્વમેધ નામનાં યજ્ઞની મધ્યમાં ૫૯૭ પશુઓનો વધ કરવો જોઈએ." એતરેય ઉપનિષદ્દમાં "અગ્નીષોમ યજ્ઞનાં સમયમાં પશુઓનો વધ કરવો જોઈએ" અને તૈત્તરીય સંહિતામાં "૧૭ પ્રજાપતિ સંબંધી પશુઓને મારવા જોઈએ" ઈત્યાદિ ગ્રન્થોથી જણાય છે કે આવા ગ્રન્થોનો કર્તા સર્વજ્ઞ હોઈ શકે નહી. અન્યથા પરસ્પર વિરોધી વાતો ઉપનિષદોમાં શા માટે આવે ?

" नानृतं वूयात् "જૂઠ ન બોલવું" આ પ્રમાણે પ્રતિપાદન કર્યા પછી પણ આપસ્તંભ સૂત્રમાં " ब्राह्मणार्थेऽनृतं वूयात् "એટલે કે બ્રાહ્મણને જૂઠું બોલવામાં પાપ લાગતું નથી, વસિષ્ઠ ધર્મ સૂત્રમાં તો આ પ્રમાણે કહેવાયું છે કે કે હાસ્યમાં, સ્ત્રી સહવાસમાં, વિવાહ પ્રસંગે, પ્રાણ નાશના સમયે, અને ધનના અપહરણ સમયે; કોઇ પણ બ્રાહ્મણ જૂઠું બોલે તો પણ પાપ લાગતું નથી" " परद्रव्याणि लोष्ठवत् " બીજાનું ધન માટી જેવું છે, આ પ્રમાણે કહ્યા પછી પણ "બ્રાહ્મણ યદિ કોઈનું પણ ધન હઠાગ્રહમાં આવીને છલનાપૂર્વક પણ ચોરી લે તો એ બ્રાહ્મણને પાપ નથી.

આ જ પ્રમાણે દેવી ભાગવતમાં 'अपुत्रस्य गतिर्नास्ति' અર્થાત્ પુત્ર વિનાના માનવની સદ્ગતિ નથી આ પ્રમાણે કહ્યા પછી પણ આપસ્તંભસૂત્રમાં ' ઘણા કુમારો બ્રહ્મચર્ય ધર્મની ઉપાસનાથી પુત્ર વિના જ સ્વર્ગમાં ગયા છે. ઉપર પ્રમાણના વચનોથી જ માલુમ પડે છે કે તેમના જ સૂત્રોમાં પરસ્પર બાધિત વચનો છે; માટે જ સર્વજ્ઞ ભગવાન મહાવીર સ્વામીનું અબાધ્ય સિદ્ધાન્ત વિશેષણ સાર્થક છે.

અમર્ત્યપૂજ્યથી એટલું જાણી શકાય છે કે સામાન્ય અને વિશેષ માનવોને જે લૌકિક દેવો માન્ય છે, તેવા દેવો–ઇન્દ્રો–અસુરો નાગ કુમારો, લોકપાલો, બ્રહ્મદેવલોકો પણ તીર્થંકર દેવના જન્મ સમયે, દીક્ષા સમયે, કેવળજ્ઞાન સમયે, અને નિર્વાણ સમયે "कोडिसयसं थुअं..." ઈત્યાદિ વચનથી ઉલે પગે કરોડ કરોડ દેવતાઓ સદૈવ હાજર જ હોય છે. આ પ્રમાણે ચારે વિશેષણોથી યુક્ત તીર્થંકર દેવોનું જ્ઞાન

સંસારના પદાર્થ માત્રને યથાર્થરૂપે જાણે છે અને પ્રરૂપે છે ત્યારે જ તો 'સંસારમાં જીવરાશિ પરિમિત છે? અપરિમિત છે. જીવો ઘટે છે? વધે છે? સિદ્ધમાં ગયેલા જીવોની સંખ્યા વધે છે? અથવા ઘટે છે? નારક જીવો વધે છે? ઘટે છે? વધવાનો કે ઘટવાનો ઉત્કૃષ્ટ અને જઘન્ય સમય કેટલો? ઈત્યાદિક સૌને માટે સર્વથા અભૂતપૂર્વ પ્રશ્નો અને ઉત્તરો જૈન શાસનના આગમસૂત્રો સિવાય બીજે કયાંય પણ જોવા મલી શકે તેમ નથી. કેમકે આવા પ્રશ્નોનાં ઉત્તરો અનંત-જ્ઞાનને જ આધીન છે. જિજ્ઞાસુ બનીને ચાર જ્ઞાનના માલિક ગૌતમસ્વામીએ પ્રશ્નો પૂછયા છે અને ચરાચર સંસારને પ્રત્યક્ષ કરનારા ભગવાન મહાવીરસ્વામીએ જવાબ આપ્યો છે. 'इदं न प्रष्टव्यं, न ज्ञातव्यं, न व्याकरणम्" ઈત્યાદિ પ્રસંગો કેવળી ભગવાન પાસે હોય શકે જ નહી.

જે વાદિઓ સંસારને તથા જીવોને પરિમિત માને છે– જેમકે વૈદિક મતમાં જમ્બૂદ્વીપ, પ્લક્ષદ્વીપ, શાલ્મલિદ્વીપ, કુશદ્વીપ, ક્રૌંચદ્વીપ, શાકદ્વીપ તથા પુષ્કરદ્વીપ અને લવણ, ઈક્ષુ, સુરા, ઘૃત, દધિ, દુગ્ધ અને જલ આ પ્રમાણે સાત-દ્વીપ અને સાત સમુદ્ર જ માનીને બેઠા છે તથા બૌદ્ધો જમ્બૂ-દ્વીપ પૂર્વવિદેહ, અવરગોદાનીય અને ઉત્તર કુરૂ નામે ચારદ્વીપ તથા સીતા નામે સાત નદીઓ માનીને બેઠા છે. તેમને ત્યાં જ આવા પ્રશ્નો ઉદ્ભવી શકે છે.

પરન્તુ ત્રણે લોક, ત્રણે કાળના જીવ પુદ્ગલોની ગતિ-આગતિને પ્રત્યક્ષ કરનાર માટે કેવળી ભગવાન ભાષિત જૈન શાસનની માન્યતા પ્રમાણે અસંખ્યાતાદ્વીપ અને સમુદ્રથી

ભરેલો આ સંસાર જીવ વિનાનો થવાનો નથી. અને મુક્ત જીવો પણ સંસારમાં ફરીથી આવવાના નથી. બીજ–તત્ત્વ દગ્ધ થયા પછી જેમ અંકુરોત્પત્તિની શક્યતા નથી તેવી રીતે કર્મબીજ સર્વથા દગ્ધ થયા પછી સંસારભ્રમણ માટે જન્મ (અવતાર) લેવાની શક્યતા હોઈ શકે જ નહી.

'सति मूले तद्विपाको जात्यायुर्भोगाः' આ પાતંજલ યોગસૂત્ર ઉપર વ્યાસ ભાષ્યમાં આ પ્રમાણે અર્થ કરાયો છે, જ્યાંસુધી અવિદ્યા, અસ્મિતા, રાગ, દ્વેષ અને અભિનિવેશ (હઠાગ્રહ–કદાગ્રહ) નામે પાંચે કલેશોની સત્તા આત્મામાં વિદ્યમાન હોય છે, ત્યાંસુધી કર્મોની શક્તિ ફળપ્રદા હોય છે, પરન્તુ કલેશોનો ઉચ્છેદ થયા પછી કર્મો ફળ આપી શકતા નથી વારંવાર જન્મવું, આયુષ્ય ભોગવવું, અને શારીરિકાદિ ભોગો કૃત કર્મ અને ક્રિયમાણ કર્મોના ફળો છે, માટે જેમના કર્મકલેશો નાશ થયા હોય તેમને જન્મ નથી, મરણ નથી, સારાંશ કે કર્મોનો સમૂળ નાશ થાય પછી મુક્ત થયેલા જીવો સંસારમાં પાછા આવી શકતા નથી. ”

બધા એ જીવો મુક્ત થયા પછી સંસાર ખાલી થઈ જશે આવી શંકા પણ રાખવાની જરૂરત નથી. કેમકે પૃથ્વી-કાય, અપકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય, બેઈ–ન્દ્રિય, તેઈન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચેન્દ્રિય જે ષટ્કાયના નામે ઓલખાય છે. તે જીવોથી ભરેલો આ સંસાર છે, જેમાં ત્રસકાય એટલે બેઇન્દ્રિય, ત્રેઇન્દ્રિય. ચતુરિન્દ્રિય અને પંચે-ન્દ્રિય તથાપંચેન્દ્રિયમાં નારક, દેવ, જરાયુજ, અંડજ તથા પોતજ જીવો તથા તિર્યંચ જીવોની સંખ્યા ચરાચર સંસારમાં સૌથી થોડી છે.

આનાથી તેજસ્કાય (અગ્નિકાય જીવો) અસંખ્યાત ગુણા વધારે છે, અગ્નિકાયથી પૃથ્વીકાય જીવો વિશેષ અધિક છે. આનાછી પણ જલકાયના જીવો વિશેષ અધિક છે. અને વાયુકાયિક જીવો જલકાય જીવો કરતાં વિશેષ અધિક છે. અને વાયુકાય જીવો કરતાં પણ વનસ્પતિકાયના જીવો અનંતગુણા વધારે છે.

નિગોદ કાય

વનસ્પતિકાયના જીવો વ્યવહારિક અને અવ્યહારિક, વનસ્પતિકાય નિગોદ કહેવાય છે. જે આખા બ્રહ્માંડમા વ્યાપ્ત છે. નિગોદના જીવો જ્યારે પૃથ્વીકાયિકાદિ અવસ્થાને પામે છે ત્યારે વ્યવહારિક સંજ્ઞાથી સંબોધાય છે અને કર્મવશાત: કદાચ પાછા નિગોદમાં આવે તો એ વ્યવહારરાશિના જ મનાશે, કેમકે એકાદવારને માટે પણ વ્યવહારમાં આવી ગયા છે. અને અનાદિકાળથી અત્યાર સુધીમાં જે જીવો નિગોદ અવસ્થાને છોડી શકવા માટે ભાગ્યશાલી થયા નથી, તે અવ્યવહારિક તરીકે સંબોધાય છે.

નિગોદ અવસ્થામાં રહેલા જીવો કયાં રહેતાં હશે? જવાબ આપતા ભગવાને ફરમાવ્યું કે સંસારભરમાં અસંખ્યેય ગોલકો છે, એક એક ગોલકમાં અસંખ્યેય નિગોદસ્થાનો છે, અને એક એક નિગોદસ્થાનમાં અનંતાનંત નિગોદ જીવો રહેલા છે.

હવે આપણે માની શકીએ છીએ કે અનંતાનંત નિગોદ જીવોને હજુ સુધી પણ વ્યવહાર રાશિમાં આવવાનો ચાન્સ મલ્યો નથી. આ કારણથી જ મનુષ્ય અવતાર દુર્લભતમ છે.

અનંતાનંત જીવો એક નિગોદ સ્થાનમાં રહે છે, આ સ્થાનો પણ અસંખ્યેય છે. જે એક ગોલકમાં રહે છે અને આવા ગોલકો પણ અસંખ્યાત છે. આ નિગોદ જીવો જ્યારે પોતાની ભવિતવ્યતાનો પાક થાય ત્યારે અવ્યવહાર રાશિમાંથી બહાર આવે છે અને વ્યવહાર રાશિ તરીકે પ્રસિદ્ધિને પામે છે.

આંખે પ્રત્યક્ષ દેખાતી પ્રત્યેક વનસ્પતિ જે સંસાર-ભરમાં દેખાય છે. જેના મૂળમાં, શાખામાં, થડમાં, નાની ડાલીઓમાં, એક એક પાંદડામાં, પુષ્પમાં, ફળમાં અને ફળના એક એક બીજમાં પૃથક્ પૃથક્ જીવો રહેલા છે, અર્થાત્ ઝાડના મૂળનો જીવ જૂદો, મોટી શાખાનો જૂદો, નાની શાખાનો જૂદો. આ પ્રમાણે એક પાંદડે એક એક જીવ રહેલો છે. જે વાત આજના વૈજ્ઞાનિકોને પણ સમ્મત છે.

જે ગામમાં આપણે રહેતા હોઇએ તેની ભાગોલમાં પણ કેટલીક વનસ્પતિઓ હોય છે. ઝાડો વગેરે તેને પણ આપણે ગણી શકતા નથી તો એકજ લીંબડામાં, આંબામાં, આંબલીમાં, વડ કે પીપળામાં કેટલા પાંદડા છે તેને કોણ ગણી શકશે ? તો પછી સંસારભરની વનસ્પતિ શી રીતે ગણાશે ? જ્યારે ઝાડોની સંખ્યાજ ગણી શકાતી નથી તો તેના પાંદડાઓને ૩૩ કરોડ દેવી દેવતા ભેગા થઇને પણ ગણી શકવાના નથી. માટેજ વનસ્પતિમાં અનંતાનંત જીવો કેવળી ભગવાને કહ્યા છે, તે આ પ્રમાણે વ્યાજબી લાગે છે. વનસ્પતિનો બીજો ભેદ સાધારણ વનસ્પતિરૂપે જૈન શાસનમાં પ્રસિદ્ધ છે. જ્યાં એકજ શરીરમાં અનંત જીવોનો વાસ છે.

અસંખ્યાત મોટા મોટા સમુદ્રો, નદીઓ, મહાનદીઓ, તલાવો, દ્રહો, ખાડીઓ અને નાલાઓમાં રહેલાં અગાધ

પાણીના જીવોની સંખ્યા-કોણ ગણી શકવાનું છે. જ્યાં આજના વૈજ્ઞાનિકો પણ પાણીના એક બુંદમાં ૩૬૪૫૦ જીવોની સંખ્યાને જોઈ શકયા છે. એક પાણીના કળશામાં કેટલા બુંદ થાય છે? આની ગણત્રીમાં પણ આપણે કદાચ ભૂલ ખાઈ શકીએ છીએ તો સંસારભરના સમુદ્રોના પાણીને કોણ માપી શકશે? માટે પાણી કાયમાં ઉત્પન્ન થનારા જીવો પણ અનંતાનંત છે.

આજ પ્રમાણે પૃથ્વીકાય, અગ્નિકાય અને વાયુકાય માટે પણ સમજવાનું છે. જે ઘરમાં આપણે રહીએ છીએ તે ઘર પૂરતાજ બેઈન્દ્રિય અને તેઈન્દ્રિય જીવોને ગણવા માટે આપણે સૌ અસમર્થ છીએ તો સંસારભરના કીડા, કીડી, મંકોડા, માંકડ, જૂ અળસીઆ, ભમરા, માખીઓ વગેરે જીવોની ગણત્રી આપણે માટે શી રીતે શકય બનશે. જે સૌ કરતાં બહુજ થોડા જીવો છે. માટે આ પ્રમાણેના અત્યન્ત સંક્ષિપ્ત વિવેચનથી આપણે સત્યસ્વરૂપ સમજી શકીએ છીએ કે અનંતાનંત જીવોથી ભરેલો આ સંસાર કોઈ કાળે પણ ખાલી થઈ શકે તેમ નથી. આજ વાતને વાર્તિકકાર પણ પુષ્ટિ આપતા કહે છે કે "ગમે તેટલા જીવો ગમે ત્યારે મોક્ષમાં જાય તો પણ બ્રહ્માંડમાં રહેલા જીવોની સંખ્યા અનંત હોવાથી કોઈ કાળે પણ સંસાર ખાલી થવાનો નથી" 'જે વસ્તુ પરિમિત હોય તેનો અંત કદાચ હોઈ શકે છે. પરન્તુ અપરિમિત અનંત વસ્તુનો અંત હોઈ શકે નહી." "જેટલા જીવો વ્યવહાર રાશિથી મોક્ષમાં જાય છે તેટલી જ સંખ્યાના જીવો અનાદિ નિગોદ સ્થાનથી બહાર આવે છે." અનાદિકાળના આ સંસારથી જેટલા જીવો મોક્ષમાં ગયા છે અને અત્યારે પણ જઇ રહ્યા છે અને અનંતકાળ સુધી જશે

ઉદ્યોત ને અંધકાર

આ પ્રકરણમાં રાજગૃહ એ શું ? દિવસે ઉદ્યોત ને રાત્રે અંધકાર કેમ ? સમયની સમજણ કયા જીવોને હોય ? શ્રી પાર્શ્વનાથના શિષ્યોના પ્રશ્નો. વગેરે બાબતો છે. સાર આ છેઃ–

રાજગૃહ એ પૃથ્વી, જલ યાવત્ વનસ્પતિએ કહેવાય. રાજગૃહ ફૂટ અને શૈલશ કહેવાય. રાજગૃહ એ સચિત, અચિત અને મિશ્રિત દ્રવ્યો પણ કહેવાય.

તે બધા મુક્ત જીવોની સંખ્યા નિગોદ જીવોની સંખ્યાં કરતા પણ અનંત ભાગે ઓછી છે. આ કારણેજ જૈન મતમાં મુક્ત જીવોને ફરીથી સંસારમાં આવવાની આવશ્યકતા નથી, અને સંસાર અનંતકાળ સુધી અનંતાનંત જીવોથી પરિપૂર્ણ જ રહેવાનો છે.

જઘન્યથી એક સમયને અંતરે અને ઉત્કૃષ્ટથી છ મહિનાના આંતરે કોઇને, કોઇ જીવ મોક્ષમાં જનારો હોય છે. તેમજ એક સમયમાં જઘન્યથી એક જીવ અને ઉત્કૃષ્ટથી ૧૦૮ની સંખ્યામાં જીવો મોક્ષમાં જાય છે. આવી રીતે મોક્ષમાર્ગ સદૈવ ચાલુ છે, છતાં પણ સિદ્ધના જીવો નિગોદ જીવોની અપેક્ષાએ અનંત ભાગે ઓછા છે,

નિ–નિયતાં ગાં–ભૂમિ ક્ષેત્રં–નિવાસ અનંતાનંતજીવાનાં દદાતિ ઇતિ નિગોદઃ

નિગોદના જીવોનો આહાર અને શ્વાસોશ્વાસ એક સાથે જ હોય છે, જન્મ અને મરણ પણ સાથે જ હોય છે, તથા અતિ કઠોર–અસ્પષ્ટ વેદનાને ભોગવનારા હોય છે.

ઘણે ભાગે શ્રી ગૌતમસ્વામીના પ્રશ્નો અને ભગવાનના ઉત્તરો રાજગૃહનગરીની અંદર થયા છે. એટલે રાજગૃહનું નામ લઈને પૂછેલા પ્રશ્નના આ ઉત્તર છે. આ પ્રમાણેનું કથન અપેક્ષિત છે. કારણ કે પૃથ્વી એ જીવો છે–અજીવો છે. માટે રાજગૃહ નગરએ કહેવાય. યાવત્ સચિત અચિત અને મિશ્ર દ્રવ્યો પણ જીવો છે, અજીવો છે માટે રાજગૃહ નગર કહેવાય, અર્થાત્ પૃથ્વી વગેરેનો સમુદાય એ રાજગૃહ નગર છે. કારણ કે પૃથ્વી આદિના સમુદાય વિના રાજગૃહ શબ્દની પ્રવૃત્તિ થતી નથી. રાજગૃહ નગર જીવાજીવ સ્વભાવવાળું છે. એ પ્રતીત છે.

દિવસે ઉદ્યોત–પ્રકાશ અને રાત્રે અંધકાર હોવાનું કારણ એ છે કે–દિવસે સારા પુદ્ગલો ને સારો પુદ્ગલ પરિણામ હોય છે. રાત્રે અશુભ પુદ્ગલો ને અશુભ પદ્ગલ–પરિણામ હોય છે.

નૈરયિકોને પ્રકાશ નહિ પણ અંધકાર હોય છે. કારણ કે નૈરયિકોને અશુભ પુદ્ગલ ને અશુભ પુદ્ગલ પરિણામ હોય છે.

અસુરકુમારોને પ્રકાશ હોય છે, કારણ કે તેમને શુભ પુદ્ગલોને શુભ પુદ્ગલ પરિણામ હોય છે. એ પ્રમાણે સ્તનિત કુમારો સુધી જાણવું.

નૈરયિકોની માફક પૃથ્વીકાયથી માંડી યાવત્ તેઇન્દ્રિય જીવો સુધી અંધકાર જાણવો.

એનું કારણ એ છે કે–પૃથ્વીકાયાદિથી તેઇન્દ્રિય સુધીના જીવોને આંખ ઈન્દ્રિય ન હોવાના લીધે દેખવા યોગ્ય વસ્તુ

દેખાતી નથી. માટે તેમના તરફ શુભ પુદ્ગલનું કાર્ય ન થતું હોવાથી અંધકાર કહેવામાં આવે છે.

ચઉરિન્દ્રિય જીવોને શુભ-અશુભ પુદ્ગલને શુભ-અશુભ પુદ્ગલ પરિણામ હોય છે. માટે તેમને પ્રકાશ પણ છે ને અંધકાર પણ છે.

અસુરકુમારોની માફક વાણવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક માટે જાણવું.

સમયાદિનું જ્ઞાન તેમજ રાત્રિ દિવસ અનંત કે નિયત પરિમાણ.

નૈરયિકો, સમય, આવલિકા, ઉત્સર્પિણી, અવસર્પિણીને જાણતા નથી. કારણ કે સમયાદિનું માન તો અહિં મનુષ્ય લોકમાં છે.

એ પ્રમાણે પંચેન્દ્રિય તિર્યંચ યોનિકો માટે પણ સમજવું. સમયાદિનું માન અને પ્રમાણ આ મનુષ્ય લોકમાં હોવાથી મનુષ્યોને એ જ્ઞાન છે.

જેમ નૈરયિકો માટે કહ્યું, તેમ વાણવ્યંતર, જ્યોતિષિક અને વૈમાનિક માટે પણ જાણવું.

એક વખત ભગવાન મહાવીર સ્વામીને ભગવાન પાર્શ્વનાથના સ્થવિર મળે છે. બહુ દૂર નહિં. તેમ બહુ નજીક નહિં એવી રીતે બેસી વિચારે છે કે—

અસંખ્ય લોકમાં અનંત રાત્રિ દિવસ ઉત્પન્ન થયાં ? ઉત્પન્ન થાય છે ? ઉત્પન્ન થશે ? નષ્ટ થયાં, નષ્ટ થાય છે

કે નષ્ટ થશે ? કે નિયત પરિણામવાળા રાત્રિ દિવસો ઉત્પન્ન અને નષ્ટ થયાં, થાય છે ને થશે ?

આ પ્રમાણેનો પ્રશ્ન પૂછયો છે એના જવાબમાં ભગવાને કહ્યું છે કે—

અનંત રાત્રિ દિવસો ઉત્પન્ન અને નાશ થયાં, થાય છે ને થશે.

આનું કારણ બતાવતાં ભગવાને કહ્યું છે કે—પુરુષદાનીય પાર્શ્વનાથ અર્હંતે લોકને શાશ્વત કહ્યો છે, તેમ અનાદિ કહ્યો છે.

અહિં લોકનું સ્વરૂપ આમ બતાવ્યું છે.

અનંત, પરિમિત, અલોકવડે પરિવૃત, નીચે વિસ્તીર્ણ, વચ્ચે સાંકડો, ઉપર વિશાળ, નીચે પલ્યંકના આકારનો વચ્ચે ઉત્તમ વજ્રના આકારવાળો, અને ઉપર ઊંચા, ઉભા મૃદંગના આકાર જેવો લોક કહ્યો છે. તેવા પ્રકારના લોકમાં અનંતા જીવઘનો ઉપજી ઉપજીને નાશ પામે છે. તે લોક જીવો દ્વારા લોકાય—જણાય છે. નિશ્ચિત થાય છે. જે પ્રમાણથી લોકાય જણાય તે લોક કહેવાય.

પાર્શ્વનાથ ભગવાનના સ્થવિરો મહાવીર સ્વામીના અનુયાયીઓ બન્યા. તેથી તેમણે પ્રતિક્રમણ સહિત પાંચ મહાવ્રતોને સ્વીકાર્યાં.

ચાર પ્રકારના દેવલોક કહેવામાં આવ્યા છે :—

૧. ભવનપતિ, ૨. વાણવ્યંતર, ૩. જ્યોતિષિક અને ૪. વૈમાનિક.

તેમાં ભવનવાસી ૧૦ પ્રકારના કહ્યા છે.

વાણવ્યંતરો ૮ પ્રકારના કહ્યા છે.

જ્યોતિષિકો ૫ પ્રકારના કહ્યા છે.

વૈમાનિકો ૨ પ્રકારના કહ્યા છે.

આ ઉદ્દેશકમા કંઈ પણ વર્ણન કે પ્રશ્નોત્તર નથી. માત્ર ૧ લા ઉદ્દેશકમાં જેમ સૂર્યનું વર્ણન કહ્યું. તેમ આ ઉદ્દેશકમાં ચંદ્રનું વર્ણન સમજવાનું જણાવ્યું છે ને તે ચંપાનગરીના વર્ણનમાં છે.

આ પ્રમાણે દેવાધિદેવ ભગવાન મહાવીરસ્વામીની દેશના સાંભળીને પર્ષદા રાજી થઈ અને વારંવાર વન્દન કરી, નમન કરી પ્રભુના ગુણોનું વર્ણન કરતી. જનતા આ પ્રમાણે બોલીકે–

(૧) આધિ–વ્યાધિ અને ઉપાધિ રૂપ દાવાનલથી દગ્ધ થયેલા સંસારના પ્રાણિઓને માટે મેઘના નીર જેવા ભગવાન મહાવીર સ્વામીને અમારા વન્દન હોજો.

(૨) સંસારની માયાને સેવનારા, જીવાત્માની ચારે બાજુ ઉત્પન્ન થયેલી મોહકર્મ રૂપી ધૂલને નાશ કરવામાં પવનની જેવા દેવાધિદેવને અમે મન વચન અને કાયાથી નમીએ છીએ.

(૩) જગતની માયા રૂપી પૃથ્વીના પેટાલને ફોડવા માટે હળની જેવા પતિત પાવન ભગવાનને અમે વારંવાર સ્તવીએ છીએ.

(૫) કલ્પાંત કાળના વાવાઝોડાથી પણ ચલાયમાન નહીં થનારા માટે મેરૂ પર્વતની જેવા ભગવાન મહાવીરસ્વામીને અમે ત્રિકાલ પ્રણમીએ છીએ.

(૫) સર્વશ્રેષ્ઠ ધ્યાનની પ્રક્રિયા રૂપી તાપ વડે સૂર્યની જેમ અનંતકાળથી ઉપાર્જન કરેલા કર્મના વિપાક રૂપી કાદવને જે વર્ધમાનસ્વામીએ સૂકવી દીધા છે, તે ભગવાન મહાવીર સ્વામી સૌ જીવોને હર્ષ દેવાવાલા થાઓ.

(૬) પોતાના શરણે આવેલા જીવોના શુભ કાર્યોને કરવા વાલા માટે જ બ્રહ્મા જેવા અને જન્મ, મૃત્યુના ચક્રાવામાંથી સૌને બચાવવામાં વિષ્ણુ જેવા, તથા પાપીઓના પાપને ખંખેરી નાખવામાં શંકર જેવા હે પ્રભુ! તમે અમને મોક્ષનો માર્ગ દેખાડવાવાલા થાઓ.

(૭) જન્મ–જરા–મૃત્યુથી ભયગ્રસ્ત બનેલા સંસારના પ્રાણી માત્રને દુઃખી જોઈને, હે કરૂણાસાગર! તમે રાજપાટનો ત્યાગ કર્યો અને જીવમાત્રને સુખી બનાવવા માટે પરિષહો સહન કર્યા પછી કેવળજ્ઞાન મેળવ્યું છે. એવા હે પરમ દયાલું ભગવાન! અમે તમારી પાસે દયાની યાચના કરીએ છીએ.

(૮) નિષ્કારણ વૈરી બનેલો સંગમદેવ જ્યારે આપશ્રીને ભયંકર ઉપસર્ગો કરી રહ્યો હતો તે સમયે તમારા આત્માના પ્રદેશોમાંથી અનાદિકાળથી જ સત્તા સ્થાનને જમાવી બેઠેલો 'ક્રોધ' પોતામાં જ ધમધમી રહ્યો હતો. અને કહેતો હતો કે અનાદિકાળનાં મારા માલિક આ વર્ધમાનસ્વામી મને થોડોક ઈસારો કરે તો આંખના પલકારે આ સંગમદેવના હાડકે હાડકા ખોખરા કરી નાખું? પણ સંસારના અદ્વિતીય યોદ્ધા એવા હે મહાવીર! તમે જીવલેણ હુમલા કરનાર સંગમદેવ પ્રત્યે દયાભાવ દાખવ્યો અને અન્તરંગ શત્રુ જેવા પોતાના ક્રોધને જ મારી મારીને સમૂળ નાશ કર્યો એવા હે દયાળુ મહાવીરસ્વામી! મારા ભવોભવને માટે સાર્થવાહક જેવા બનીને મને પણ તેવી શક્તિ આપો એજ મારી પ્રાર્થના છે.

(૯) ક્ષાત્ર તેજે ઝલહલતા, ત્રિશલા રાણીના પુત્ર, સિદ્ધાર્થ રાજાના નન્દન, જ્ઞાતવંશ જેવા ઉત્તમ ખાનદાનને શોભાવનાર, સુવર્ણ સમાન કંચન કાયથી દીપતા, ઋષભ–

નારાચસંઘયણને ધરનારા, સમચતુરસ્ર સંસ્થાનથી દેદી–પ્યમાન, શરીરથી કોમળ અને આત્માથી વજ્ર જેવા મારા મહાવીરસ્વામી મને શ્વાસોશ્વાસે સ્મરણમાં આવો.

(૧૦) લોભીઓને લોભરૂપી રાક્ષસથી મુકાવનારા, કામીઓને કામરૂપી ગુંડાથી બચાવનારા, ક્રોધીઓને ક્રોધરૂપી ચંડાલથી રક્ષણ આપનારા, માયારૂપ નાગણના ઝેરથી નાશ પામનારા, માનવીઓને દેશનારૂપી અમૃત પાનારા, સંસારના તાપથી તપ્ત થયેલાને પાણી જેવા.

હે જગ ઉદ્ધારક ! દયાના સાગર ભગવાન મહાવીરસ્વામી મારા કષાયોને પણ નાશ કરનારા થાઓ.

(૧૧) હે ! યથાર્થવાદી ભગવાન અમે તમારા યથાર્થ-વાદને સત્કારીએ છે, અને શ્રદ્ધાપૂર્વક સ્વીકારીએ છીએ તોએ એટલું તો કહેવું જ પડશે કે, તમારા આ યથાર્થ-વાદને સમજવા માટે માયાવાદ, શૂન્યવાદ, પ્રકૃતિ–પુરુષવાદ, જૈમિનીનો વૈદિક હિંસાવાદ, ચાર્વાકનો નાસ્તિકવાદ તથા અનીશ્વરવાદીનો ઈશ્વર નિરાકરણવાદ આદિ વાદોની પરંપરાને જાણ્યા પછી તમારા યથાર્થવાદનું અમે દર્શન કરી શકયા છીએ.



પાંચમા શતકનું સમાપ્તિ વચન

નવયુગ પ્રવર્તક, દીર્ઘદ્રષ્ટા, અનેક સંસ્થાઓના સંસ્થાપક, તીર્થોદ્ધારક, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્યરત્ન શાસનદીપક, પ્રખર વક્તા, અહિંસા અને સમ્યક્‌જ્ઞાનના મહાન્ પ્રચારક પૂજ્યપાદ ૧૦૮ શ્રી વિદ્યાવિજયજી મહારાજ સાહેબે પોતાના સ્વાધ્યાય માટે ભગવતીસૂત્ર જેવા ગહન વિષય ઉપર સંક્ષેપમાં જે વિવરણ લખ્યું હતું. તેના ઉપર વિસ્તૃત ટિપ્પણ લખીને તેમના સુશિષ્ય ન્યાય–વ્યાકરણ કાવ્યતીર્થ પં. શ્રી પૂર્ણાનંદવિજયજી (કુમારશ્રમણ) મહારાજે પોતાની અલ્પમતિથી સંશોધન કર્યું છે.

ભદ્રં ભૂયાત્ ભૂતાનામ્ ॥

પાંચમું શતક સમાપ્ત

પંન્યાસ શ્રી પૂર્ણાનંદવિજયજીના

અન્ય પુસ્તકો

ભગવતી સૂત્ર સાર સંગ્રહ ગુજરાતી ભાગ ૧-૨-૩-૪	૧૫-૦૦
ભગવતી સૂત્ર સારસંગ્રહ હિન્દી ભાગ ૧-૨-૩-૪	૧૫-૦૦
પ્રશ્ન વ્યાકરણ ગુજરાતી ૭૦૦ પાનાનો દલદાર ગ્રંથ	૧૫-૦૦
બારવ્રત ગુજરાતી પાંચમી આવૃત્તિ	૩-૦૦
ભગવાન મહાવીર સ્વામીનું દિવ્ય જીવન ગુજરાતી	૩-૦૦
જીવન સુખી કેમ બને! ગુજરાતી ભાગ ૧-૨	૨-૫૦
જીવન સુખી કેવી રીતે બને? ભાગ ૧-૨	૨-૫૦

પ્રાપ્તિસ્થાન :

(૧) **સંઘવી જગજીવનદાસ કસ્તુરચંદ શાહ**
P.O. **સાઠંબા** સાબરકાંઠા વાયા ધનસુરા
એ, પી. રેલ્વે ૩૮૩ ૩૪૦

(૨) **કાંતિલાલ કેશવલાલ શાહ**
લાલભવન, પાદશાહની પોળના નાકે, રિલીફરોડ,
અમદાવાદ-૩૮૦ ૦૦૧.

(૩) **બી. એન. શાહની કંપની**
તારદેવ એરકન્ડીશન માર્કેટ, ૪થે માળે,
રૂમ નં. ૪૮, **મુંબઈ-૪૦૦ ૦૩૪.**

તા.ક. : પૂ. સાધુ સાધ્વીઓને ભેટ મળશે. * સ્ટોકમાં હશે તે પ્રમાણે મોકલાવાશે.